આ પુસ્તક ~~વહેલું, પંદર~~, ત્રીસ દિવસ સાચવી શકાશે.

22 MAR 2023

પુસ્ત 23113 ાગારો

શિક્ષણ પત્રિકા વર્ષ-૩૪ અંક-૧૦

22 MAR 2023

ાછળ)

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
050
SHI-3
23113

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

23_13
23113

શિક્ષણ પત્રિકા

(મૉંટેસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૧ લો
ફાલ્ગુન

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

સાચો ગુરુ તે જ છે કે જે પોતે જાણતો જ નથી કે હું ગુરુ છું. તે સત્ય શિષ્ય ભાવે પોતાને ભાળે છે. જ્યાં વિદ્યા છે ત્યાંથી તે નમ્ર થઇને લે છે. જ્યાં અવિદ્યા છે ત્યાં તેનો પ્રતાપ સ્વતઃ જ અવિદ્યાને હાંકી કાઢે છે. જે કહે છેઃ "મને આવડે છે, તમને શી ખબર પડે" તેને જ શીખવાનું છે. સાચા ગુરુને સાચો શિષ્ય જ પારખે છે. સાચો ગુરુ સાચા શિષ્યને તાવે છે. સાચો શિષ્ય તેમાં આનંદ લે છે. ખોટો ગુરુ શિષ્યને આંજે છે; દંભનો ઓપ આપે છે.

ગુરુ શ્રોત્રીય, બ્રહ્મનિષ્ઠ અને દયાળુ હોય એવું શાસ્ત્રોમાં છે.

શ્રોત્રીય થવું સહેલું છે. શાસ્ત્રોને પોપટ જેમ જાણવાં તે ભાર રૂપ છે. બ્રહ્મનિષ્ઠ પણ થઇ શકાય. તત્ત્વદર્શનવાળામાં પણ અભિમાન હોય છે. કોઈ વિરલ ગુરુમાં દયાલુતા હોય છે.

તેવો ગુરુ શિષ્યના અજ્ઞાનથી પીડાય છે. તેને કેડવા જતે જ દુઃખ સહન કરે છે. જ્યાં સુધી શિષ્યનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી શિષ્યને કષ્ટ આપી પોતે કષ્ટ સહે છે. તે શિષ્યને જાણુ થવા દીધા વિના શિષ્યને મોટો કરી. પોતે નાનો રહી તેનું હિત સાધે છે.

આવો સદ્‌ગુરુ જેને મળે છે તે શિષ્ય ધન્ય છે !

અમે પૂછીએ

બે વર્ષને અંતે અમે આપને પૂછીએ કે આપની પત્રિકાએ આપને સંતોષ આપ્યો છે?

પત્રિકાનાં મુખપૃષ્ઠો આપને ઉત્સાહી અને વિચારી થવામાં સહાય કરી શકયાં છે?

પત્રિકાના તાત્ત્વિક લેખોનું તત્ત્વરહસ્ય આપનામાં વિચારજાગૃતિ આણવા યત્કિંચિત પણ કરી શકયું છે?

પત્રિકાના ટુચકાઓ આપને બાળશિક્ષણમ નાની નાની પ્રેરણા આપી શકયા છે?

પત્રિકાના મોન્ટીસોરી પદ્ધતિના લેખો આપને થોડો પણ એ પદ્ધતિનો પરિચય આપવાને માર્ગે છે?

પ્રાથમિક અને ગ્રામશિક્ષણના લેખો શિક્ષકભાઈઓના કાર્યમાં કંઈક ઉપયોગી થયા છે

લેટ અંકો આપનાં બાળકોને ગમ્યા છે

આપને વળી પૂછીએ

આપને પત્રિકાની ભાષા કદાચ અને કિંચિત તો નથી લાગી?

આપને પત્રિકાનું લખાણ અસ્પષ્ટ તો નથી લાગ્યું?

આપને પત્રિકાની ભાષા કદાચ અને કિંચિત તો નથી લાગી?

આપને પત્રિકાના લેખોમાં વિવિધતાની ખામી તો નથી લાગી?

આપને પૂછીએ

પત્રિકામાં આપ વધારે અને નવું શું માગો છો?

એમાં કયા કયા વિષયો પર લખવાનું હજુ રહી જાય છે?

અમે એને કેવી રીતે આપને સૌને ઉપયોગી થાય એવી કરી શકીએ?

ને છેલ્લે પૂછીએ

આપ પત્રિકાની ઊણપો કેમ પૂરી દેવી તેની સૂચનાઓ કરી મોકલશો?

ગ્રાહકોને

આપણું ત્રીજું વર્ષ

આ ત્રીજા વર્ષની શરૂઆતમાં આપણે પરમ કૃપાળુ પરમેશ્વરની દયા માગીએ. સૌ સંઘીઓની સહાનુભૂતિ અને સહકાર માગીએ.

સૌ કાર્યવાહકોનું આરોગ્ય માગીએ. પત્રિકાને માટે તેજ અને પ્રાણ માગીએ. ત્રીજું વર્ષ ખૂબ પ્રગતિવાળું, બળવાન અને યશસ્વી નીવડો.

પહેલેથી જ

પહેલેથી જ આપણે પત્રિકાના ગ્રાહકો વધારીએ: જેમ ગ્રાહકો વધે તેમ પત્રિકા વધારે વંચાય; તેમ સામાન્ય જ્ઞાન વધે; તેમ આપણી કેળવણી વધે; તેમ આપણે આજે છીએ ત્યાંથી એક ડગલું આગળ જઈએ. આપણે સૌ પત્રિકાને હાથ દઈએ. પંચકી લકડી એકકો બોજ.

આપ સૌ ભાઇઓ આપના મિત્રો વગેરેના હાથમાં પત્રિકા મૂકયા જ કરશો. પત્રિકાનાં ગ્રાહકોની સંખ્યા હજારોની થાય એમાં આપણે જ સધીએ છીએ. એમાં આપણી જ યોગ્યતા ને મોટાઈ છે. એમાં આપણી જ કુશળતા છે. પત્રિકા તો આપણી સૌની છે ને સૌની એમાં શોભા છે.

કેમ બોલતા નથી ?

આપ પત્રિકા પ્રેમપૂર્વક વાંચો છો, પણ આપ કેમ કાંઈ બોલતા નથી ? કોઇ વાર બાળકોના ઉછેરની બાબતમાં કેમ કાંઈ પૂછતા નથી ? શિક્ષણની બાબતમાં પૂછી શકો. પોતાના બાળકોએ શું વાંચવું તે માગી શકો. શિક્ષણ ને બાળકોના જીવનના અનુભવો લખી શકાય. પત્રિકા તેથી સમૃદ્ધ થાય. અનુભવો થી આપણે પણ થાય.

પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખો

ભેટ અંક

રાજકોટના ભાઇ પોપટલાલ અનડાએ ભેટ અંક ઉપરની અમારી વિનતિ અમલમાં મૂકી તે માટે અમે બહુ ખુશી થઇએ છીએ. તેઓ લખે છે: "ભેટના અંક ઉપરની પીળા કાગળની વિજ્ઞપ્તિ મેં મારા બાળક પાસે વંચાવી. વાંચતાં જ તેણે કહ્યું 'મારે ગિજુભાઇને કાગળ લખવો છે કે મને ભેટ ગમી છે.' તેનો ઉત્સાહ ભરો છે કે કેમ તે જોવા બે દિવસ કાંઈક બહાનાં બતાવ્યાં, પણ અંતે મને જણાયું કે તે ખરેખર કાગળ લખવા માગે છે. એટલે કાગળ ને પેન્સિલ આપી...."

એ ભાઇએ ચિ. ચંદુલાલનું પોતાનું જ લખાણ સુધાર્યા કરવ્યા વગર અહીં મોકલ્યું છે તે જોઇ આનંદ થાય છે. એક તો એ કે બાર મહીને બાર વાર બાબાપોને મળીએ છીએ પણ બાળકોને તો એક જ વાર મળવાનું થાય છે. ને મનમાં શંકા રહે છે કે અમારી ભેટ બાળકોના હાથમાં જતી હશે ? આ ને આવા બીજા કાગળો પરથી બાળકોને 'ભેટ' મળ્યાના સમાચાર આનંદ આપે છે. બીજું ભાઇ પોપટલાલે ચંદુલાલ આગળ કાગળ લખાવ્યો નથી, તેમજ તેની ભાષા કે શુદ્ધલેખન સુધાર્યું નથી તેમજ બાળકના પ્રયત્નની તેઓ કિંમત સમજી શકયા તે જોઇ વધુ આનંદ થાય છે. આજે બાળકો, બાળકોનું જીવન કે તેમની પ્રવૃત્તિ પ્રત્યે આપણામાં સાચી દૃષ્ટિ નથી; તેમના પ્રયત્નોનું મહત્ત્વ આપણે સમજી શકતાં નથી. બાળકના કાલાઘેલા બોલો કે વાંકાચૂકા અક્ષરોની પાછળ રહેલી તેમની વ્યક્ત થવા માગની ઉછળતી ભાવના છે તે સમજનાર બાબાપો કવચિત જ દેખાય છે; એટલે એવાં બાબાપો મળે ત્યારે આનંદ જ થાય.

બીજા એક નાના મિત્રે સૂચવ્યું છે કે 'ભેટ'ની સાઇઝ બરાબર નથી. વાત સાચી છે. પરંતુ પત્રિકાના બાર અંકની સાથે બંધબેસતી ઠીક પડે માટે આ સાઇઝ રાખી છે. છતાં આવતે વરસે સૂચના ધ્યાનમાં રાખશું ને ફેરફાર થઇ શકે એમ હશે તો જરૂર કરશું. તા.

ઘરમાં બાળકે શું કરવું

(લેખક : ગિજુભાઇ)

આ નામનું માબાપોને ઉપયોગી નાનું એવું પેમ્ફલેટ તૈયાર છે. પોસ્ટેજ સાથે બે આનામાં મળશે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

સ્વભાવના પ્રકારો

સાધારણતઃ મનુષ્યસ્વભાવના બે પ્રકારો હોય છે; એક બહિર્મુખ (extrovert) ને બીજો અંતર્મુખ (introvert). પહેલા પ્રકારનો મનુષ્ય સમૂહ એટલે સમાજ સાથે એકરૂપ હોય છે; તે સમૂહનું જીવન જીવે છે. લોકપ્રિય લોકનેતાઓ, લેખકો ને નવલકથાકારો આ પ્રકારના માણસો છે. તેમને સ્વભાવતઃ બહાર પડે છે કે લોકો કેમ વિચારે છે. તેઓ સ્વાભાવિક રીતે જ લોકોને ગમે એવું બોલે છે ને વર્તે છે.

બીજા પ્રકારનો મનુષ્ય અંતરમાં વળેલો છે. તે સમૂહ સાથે એકરૂપ થતો નથી. લોકો શું માગે છે તેની સાથે તેને લેવાદેવા નથી હોતું. આવો મનુષ્ય લોકોએ જે માગવું જોઇએ તે તેમને આપવા જાય છે. આ પ્રકારમાં વિચારકો આવે છે. તેઓ હંમેશ તેમના જમાનાથી આગળ હોય છે.

અંતર્મુખ મનુષ્ય કદિ લોકપ્રિય થતો નથી કારણ કે લોકો તેને સમજી શકતા નથી. તે પોતાથી દૂર જઇ શકતો નથી. તે બધા બનાવોની કિંમત પોતાની રીતે આંકે છે. છતાં તેના આંતરમનને લોકમતની પરવા હોય છે.

બહિર્મુખ મનુષ્યનો વિનોદ યશસ્વી નીવડે છે કેમકે તેને જેમાં ગમ્મત પડે છે તેમાં જ લોકોને ગમ્મત પડે છે.

પરંતુ અંતર્મુખ મનુષ્ય એકલો એકલો જ હસે છે. કેટલીક વાર તેને એમ લાગે છે કે લોકોને વિનોદબુદ્ધિ જ નથી અને તે cynic બને છે.

બાળકોમાં પણ આ બે પ્રકારો જોવામાં આવે છે. માટે શિક્ષકે આ બે પ્રકારનાં બાળકોને ઓળખવાં જોઇએ. બહિર્મુખ છોકરો લોકપ્રિય હોય છે. તે ટોળીનો ઉપરી હોય છે. તેને કોઇ દિવસ શંકા કે ભય હોતાં જ નથી. તેને માટે જીવન સુખમય હોય છે. તે હસતો હસતો જ જીવન ગુજારે છે.

પણ અંતર્મુખ છોકરો ક્રીડાંગણમાં દૂર અને ખુણામાં ઉભો હોય છે. એ કાંઇક બ્રહ્મીકણ હોય છે. તે ટોળીની રમતોની ધમાધમીથી ને અણઘડ ખેંચતાણથી બ્રહીએ છે. સમૂહ આગળ તે પોતાની નજરે હલકો લાગે છે એટલે અંદર વળે છે ને દિવાસ્વપ્નમાં શ્રેષ્ઠતા અનુભવે છે; જેમકે તે પોતાને કોઇ વાર્તામાંના છોકરા સાથે સરખાવે છે.

મને લાગે છે કે શિક્ષકનું કર્તવ્ય દરેક પ્રકારના છોકરાને મદદ કરી તેને બહિર્મુખતા ને અંતર્મુખતાની વચ્ચે લાવવાનું હોય. સમૂહમાં જીવનાર છોકરાને પોતાની અંદર જોવાનો રસ લગાડવા તરફ લઇ જવાય અને અંતર્મુખ છોકરાને બહિર્જગતમાં સમૂહમાં રસ લેતો

કરાય તો સારૂં. કેવળ એકદેશીપણું એ સારૂ નથી. બાળકોને એવી જુદી જુદી પ્રવૃત્તિઓ અને જુદી જુદી પરિસ્થિતઓ આપી એકદેશી સ્વભાવમાંથી સમતોલ સ્વભાવમાં આણવાનું કામ કેળવણીનું છે.

તા.

ચિત્રો જોવાં

બાળકને મનગમતી પ્રવૃત્તિ ચિત્રો જોવાં એ છે. કંઈ રંગીન કે નહિ રંગીન ચિત્ર તરફ બાળક સહજ આકર્ષાય છે. તેમાં શું છે તે જુએ છે ને આ છે આ છે, તેમ કહી રાજી થાય છે. જેમ પોતાની આસપાસની રંગની અને રૂપની દુનિયા જોવામાં તેને એક પ્રકારનો આનંદ છે, તેમજ અહીં તે જ દુનિયાને બીજી રીતે બતાવેલી છે તે જોવાનો તેને બીજા પ્રકારનો આનંદ થાય છે. ઓળખી કાઢવામાં જે મજા રહેલી છે તે પણ તેને અહીં મળે છે. તે ચિત્ર જોઈ કહે છે: "આ ગધેડા જેવું; આ આકાશ લાગે છે; આ પાણી જેવું છે" વગેરે. બાળક ચિત્ર જોઈ રાજી થાય છે. તેનો જીવ પ્રસન્ન થતાં તેમાં તે એકાગ્ર થાય છે. અને પ્રસન્નતાથી એકાગ્ર થએલું બાળક સુખના અને તંદુરસ્તીના શ્વાસોચ્છ્વાસ લે છે. તે અન્યને ગડબડ કરતું નથી. તે એટલું શાન્ત અને એકાન્ત થઇ જાય છે કે આપણને થાય છે કે અરે તે ક્યાં ગયું! પણ ત્યાં તો તે એકાદ ટેબલ પાસે ચિત્રો જોતું બેઠેલું દેખાશે.

બાળક જ્યારે ચિત્રો જુએ છે ત્યારે તે પ્રસન્ન થાય છે અને વિકાસ સાધે છે, એ જ ખરી મુલ્યવાન વસ્તુ છે. તેની સાથે જ આપણે બીજા લાભો પણ જોઇ શકીએ છીએ.

ચિત્રો જોતાં બાળકો બધી જાતનાં ચિત્રો તરફ આકર્ષાશે નહિ. કોઇને રંગીન ચિત્રનો વધારે પક્ષપાત હશે તો કોઇને અરંગી ચિત્રો વધારે ગમશે. કોઇને પશુ પક્ષીઓનાં ચિત્રો, કોઇને જીવજંતુઓનાં ચિત્રો, કોઇને મનુષ્ય પ્રાણીઓનાં ચિત્રો, કોઇને ભૌમિતિક રચનાનાં ચિત્રો, તો કોઇને નિસર્ગનાં ચિત્રો ખાસ ગમશે. આમાં એક કારણ પરિસ્થિતિના પરિચયનું અને બીજું કારણ આંતર વલણનું હોઇ શકે છે. પોતાની આસપાસમાં જે જે વસ્તુઓ વધારે જોવામાં આવી હશે તે તે વસ્તુઓ તેઓ તુરંત ઓળખી કાઢશે ને તેથી તેને જોવાનો રસ તેઓ વધારે લેશે. ઉલટી રીતે ઘણી વાર એમ પણ બનશે કે જે બધું પરિસ્થિતિમાં નહિ જ હોય તે કૌતુકના કારણે ખાસ કરીને બાળકો જોશે. આમ પરિસ્થિતિ બાળકોને ચિત્ર જોતાં બે રીતે સ્પર્શે છે. પક્ષપાતનું બીજું કારણ આંતર વલણ છે કોઈ બાળકો રૂપ-માનસ તો કોઇ રંગ-માનસ હોય છે; અર્થાત કોઇ રૂપ દ્વારા સૌંદર્યને સમજે છે ને તેનો આનંદ લે છે તો કોઇ રંગ દ્વારા તેમ કરે છે. આ ભેદ ચિત્રદર્શન વખતે દેખાય છે. બાળકોની પસંદગી આન્તર જરૂરીઆત ઉપર હોય છે. ભૂખ લાગે છે છતાં અમુક ખોરાક તે વધારે પસંદ કરશે ને અમુક તેને જરૂરનો નહિ લાગતો હશે તો તે છોડી દેશે; તેમજ ચિત્રમાં પણ તેની તે વખતની વિકાસની કક્ષાએ અગર તો તેના સૌંદર્ય સ્વભાવને અનુસરતાં કોઇ બાળક પશુપક્ષી ઉપર વધારે મોહિત થશે તો કોઇને પતંગિયાં જ વધારે ગમશે. આ ગમવાની પાછળ તેની આખી કલાદૃષ્ટિ તેમજ તેનો આગળ ઉપર કલા દ્વારા વિશેષપણે પ્રગટ થવાનો માર્ગ ઉભેલાં છે; એટલે કે ચિત્રમાં પશુપક્ષી ઉપર પ્રીતિ રાખનાર માણસ વખતે સારો પશુપાલક થાય અગર તો તે વિષયનો ચિત્રકાર થાય અગર હરકોઇ રીતે તેની સાથે સંબંધ ધરાવતા વિષય પરત્વે આકર્ષાય. ચિત્રો જોતા બાળકને જોઈ આપણે તેને વિષે ઘણું જાણી શકીશું.

બાળકની આસપાસ ચિત્રોનું વાતાવરણ જોઇએ. વાતાવરણ ખાતર અને પાણી-રૂપ છે. તેમાંથી બાળક પોતાને જોઇતું ચૂસે છે. શરીર અને મનના પોષણ માટેનું વાતાવરણ પૂરૂ પાડવામાં કેળવણીનું ઘણું કામ થઈ જાય છે. હરેક ઘરમાં થોડાંએક ચિત્રો તો વસાવવાં જ જોઇએ. આ ચિત્રો કેવાં જોઇએ તે વિચાર પછીનો છે. એક વાર ચિત્રો તો જોઇએ જ એ વિચાર સ્વીકારીએ ને તેને આજે અમલમાં મૂકીએ. દીવાલો પર બાળકો જોઈ શકે તેટલી ઉંચાઇએ ચિત્રો ટાંગીએ. એ કેવી ગોઠવણથી ને કેમ ટાંગવાં વગેરે પછીની વાત, પણ એક વાર ચિત્રોને લાવીને ટાંગીએ. આ પહેલું અને અગત્યનું પગલું થશે. એમ જ બાળકને માટે જાતજાતનાં ચિત્રોની એક પેટી રાખીએ. આમાં પણ એક વાર તો પેટી રાખીએ ને તેમાં ચિત્રો મૂકીએ એટલું તો કરવા જ માંડીએ.

આટલું કર્યા પછી કેવાં ચિત્રો જોઇએ ને જોઈએ તેનો વિચાર કરીએ. એવાં ચિત્રો ન જોઇએ કે જેને આપણે નાગાં કે દુષ્ટ કહીએ છીએ. ખાસ બાળકને માટે જ ચિત્રો વસાવીએ ત્યાં તે એવાં પણ ન જોઇએ કે જેને આપણે મોટાંઓ જ વધારે રસથી અને લાભથી જોઇ શકીએ. એવાં ચિત્રો પણ ન જોઇએ કે જે ચિત્રકલાની દૃષ્ટિથી છેક નમાલાં હોય. બાળકને માટેનાં ચિત્રો એને કહીએ કે જેમાં વિષય બાળકને ગમે તેવો હોય. દાખલા તરીકે હરકોઇ પ્રાણી—જેમકે દેડકાનું, ગાયનું, ઘોડાનું, બગલાનું હરણનું કે સિંહનું ચિત્ર અથવા ફુલો કે ફળોનું ચિત્ર. આસપાસ જોતા બનાવોનું સ્પષ્ટ ચિત્ર બાળકને ગમે છે. ગાડું જતું હોય, તે ઉપર ઘાસ ભર્યું હોય, અગર ભારવાળી બાર વેચતી હોય, અગર ભરવાડ ગાય દોતો હોય એવાં ચિત્રો બાળકોને ગમે. આકાશ, સૂર્ય, ચંદ્ર, દરિયો વગેરે કુદરતનાં દૃશ્યોનાં ચિત્રો ચોકખાઇથી ચિતર્યાં હોય છે તો તે બાળકને ગમે છે. જોકે ચિત્રો તેના વિષયમાં સાદાં જોઇએ છતાં તેની કારીગરી અને કલાકૃતિમાં તો પૂર્ણ જ જોઇએ. બાળકો વાસ્તવિક દુનિયામાં જેવો મજબૂત ને સુંદર ઘોડો જોઇ જોયાનો આનંદ લે છે તેમજ તે સંપૂર્ણ ચિત્ર જોવા માગે છે. સંપૂર્ણ ચિત્રમાં તે સમજી શકે છે. બાળકો જેવાં કાચાં ને અધુરાં ચિત્રો કાઢી શકે છે તેવાં ચિત્રો કાઢીને તેમની આગળ મૂકાશું તો તેમને વધારે ગમશે કારણ કે તેવાં ચિત્રો બાલ દુનિયાનાં છે, એ વિચાર ખોટો છે. બાળકના હાથમાં અને કામમાં અપૂર્ણતા છે ખરી; પણ તેની આંખને સંપૂર્ણ જોતાં આવડે છે. તેને બેડોળ જોવું નથી ગમતું. તેને રાંધતાં બરાબર ન આવડે ને કાચું રાખે માટે તેને કાચી વાની ન પીરસાય: તેમજ બાળકોને જોવાનાં ચિત્રો સુંદર અને સંપૂર્ણ

બાળકોને આવો વેશ આપો

માથે ટોપી નહિ. ઉનાળામાં માથે બાંધવા રૂમાલ. શરીરે ચડ્ડી ને પેરણ, અથવા ધાબરી ને પોલકું.

ચડ્ડી ગોઠણ સુધીની. પેરણ સાદી બાંયનું ને ટુંકી બાંયનું.

ધાબરી ચેર વિનાની. પોલકું સાદું; ઘણા ઘણા નકામા પ્લેટો અને ફુંમકાં તુમકાં વિનાનું.

લાંબી ચોરણી, પાટલૂન, કોટ, જાકીટ, એવાં કપડા બાળકોને કાવતાં નથી. કામમાં આડાં આવે છે, મેલાં થઇ જાય છે ને ભારરૂપ છે.

ઠંડીની મોસમમાં પણ થોડાં, જાડાં ને બને તો ગરમ કપડાં પહેરાવવાં. ઘણાં કપડાં બોજો છે.

કપડાંનો કટ સાદો રાખવો. વિદુષકો કે નાટકીયાને જોઇને થએલ કટો નાપસંદ કરવા.

–perfectly finished–જોઇએ.

બાળકોનાં ચિત્રો માટે ઉક્ત કથન પ્રાથમિક વિચાર રૂપ છે. હજી તો આપણે બાળકોને ચિત્રો વચ્ચે મૂકીને જોવાનું છે કે તેમની પસંદગીના વિષયો, રંગો, રચનાઓ વગેરે શાં શાં છે. તે ઉપરથી આપણે વધારે ઉપકારક ચિત્રવાતાવરણ રચી શકીશું. આટલા માટે બાળકો માટે ચિત્રો મૂક્યા પછીથી આપણે તેમને જોતા રહી ચિત્રોની પસંદગી અને ક્રમને નોંધવાનાં છે અને પ્રયોગ પછી જેમ પુસ્તકાલય રચવાના અમુક નિયમો તારવી કાઢીએ છીએ તેમ ચિત્રસંગ્રહ રચવાના નિયમો તારવી કાઢીએ.

બાળકને માટે આપણે ચિત્રો વસાવીએ જ. પણ તેની પાસે તો જોઇતાં જ મૂકીએ. આપણી પાસે ઘણાં બધાં ચિત્રો હોય તો તેનો એક મોટો ઢગલો તેની સામે કરી દેવાથી બાળક મુંઝાશે અને કંઇ જોવાને બદલે જોવાથી કંટાળશે. તેની સ્થિતિ આ જોઉં કે તે જોઉં જેવી અસ્થિરતાવાળી થશે ને વ્યગ્રતાને લીધે તેને થાક લાગશે ને તે કંટાળશે. માટે ખરીદેલાં ચિત્રોમાંથી ઓરડામાં શોભાથી ટાંગી શકાય તેટલાં ચિત્રો ટાંગવાં અને એકાદ નાનાં એવા ટેબલ પર થોડાંએક ચિત્રો જોવા માટે કાઢીને મૂકવાં. બાળકને તે જોવા માટે ખુલ્લાં જ હોય. વખતે બાળકની ચિત્ર પેટી એમ કરીને પણ એકાદ નાની પેટીમાં તેને ચિત્ર આપવાં. બાળક તે વારંવાર જોઇ જોવાનું છોડી દે અગર નવાં ચિત્રો માગે ત્યારે બીજાં કાઢી આપવાં ને જૂનાંને સાચવીને મૂકી દેવાં. એમ જ વખતો વખત દીવાલ પરનાં ચિત્રો ફેરવતા જવાં. આપણે ત્યાં તો એક વાર દીવાલ પર ચિત્રો ટાંગ્યાં તે ટાંગ્યાં ! એમ ન થવું જોઇએ.

બરી રીતે તો બાળકે પોતે જ ચિત્રો જોવાનાં છે. તેણે પોતે જ તેનો આનંદ લેવાનો છે. તેની જ આંખ અને મન તેણે વાપરવાનાં છે, તો આપણે કરીએ તેના વર્ણનથી ચિત્ર નથી જોવાતું પણ આંખ અને જોવાની વૃત્તિથી ચિત્ર જોવાય છે, માટે બાળકને ચિત્રો દેખાડવા માટે આપણે બેસવું નહિ. એમ કરવાથી એક તો તે આપણા પર અવલંબિત થાય છે; જોવાનું પોતાનું હોવા છતાં તે આપણે જોવાડીએ ત્યારે જ જુએ છે, અગર જ્યારે જ્યારે જોવું હોય છે ત્યારે ત્યારે આપણે જોવાડવું પડે છે; જેમ આપણે વારે વારે બોલાવવું પડે તેમ. આથી આપણે નકામા રોકાઇએ છીએ ને તેને કંઇ વિશેષ ફાયદાઓ કરી આપતા નથી. બેશક બાળક જ્યારે ચિત્ર વિષે આપણને પૂછવા આવે ત્યારે આપણે તેને તે બાબતમાં ઘટતું કહેવાની જરૂર છે જ. બાળકની જીજ્ઞાસા આપણે પોષવી કે તૃપ્ત કરવી જોઈશે. પરંતુ આપણે મર્યાદા રાખવી જ પડે. તેના પ્રશ્નના જ ઉત્તર આપીએ, અગર તેને સંમતિ આપીએ કે તેની પાસેથી જ તેના પ્રશ્નનો ઉત્તર કઢાવીએ. પરંતુ ચિત્ર વિષે જે સઘળું વાર્તા રૂપે કે અન્યથા કહેવા જેવું, રસિક કે ઉપયોગી હોય તે બાળકને કહેવા મંડી ન જઇએ. ને છતાં રામાયણનાં ચિત્રો જોનાર બાળક રામની વાર્તા ચિત્ર પ્રમાણે માગે તો જરૂર કહેતા પણ જઇએ. આ બાબતમાં એટલો વિચાર રહે કે બાળકો મૂળે ચિત્ર જોવામાં છે. ચિત્ર જોવામાં રસ અને દૃષ્ટિ વચ્ચે તેટલું તેઓ ભલે જાણે. તેટલું તેમને અવશ્ય કહીએ. ચિત્ર સાથે વાર્તા કહેવી એ વાત ચિત્રો સમજવા પૂરતી વાર્તા કહેવી તેથી જૂદી છે.

વળી ચિત્ર વિષે આપણે કહીએ ત્યારે પણ આપણે તે શું છે તે જ કહીએ. તેના ગુણદોષ વિષે નહિ જ બોલીએ. "આ ચિત્ર સુંદર છે, સુરેખ છે, કલાધરની પીંછી આબાદ છે; અગર આ ઢંગધડા વિનાનું છે, રંગ ઉઠયા નથી." વગેરે આપણા સારા કે નરસા માટેના અભિપ્રાયોથી આપણે બાળકને બચાવીએ. ઉલટું આપણે બાળકને ચિત્રો આપ્યા પછી જોઇએ કે તેઓને શું ગમે છે, તેઓને કેવા રંગો ગમે છે, તેઓનો કયો

કલાદ્વાર પ્રિય છે. તાન્દુળીની સાથે આપણને ખબર પડશે કે બાળકોની અને આપણી રુચિઓમાં ઘણો વિચિત્ર ભેદ છે; ને કેવી રીતે આપણી રુચિ રૂઢિથી બંધાએલી હોઇ બરાબર સાચી નથી એટલે કે વિકૃત છે, અને તેમની સ્વતંત્ર હોઇ અવિકૃત છે તેની પણ આપણને ખબર થશે.

આપણે પણ બાળકો સાથે ચિત્રો જોઇ શકાએ; પણ તેઓ આપણા વિના ચિત્રો જુએ નહિ એવી કુટેવ તેમનામાં ન આવે તેટલું હમેશ સંભાળી લેવું. બાળકો પોતાની મતે ચિત્રો જોશે જ. લાંબો સમય જોશે; તેનો રસ પણ લેશે. પણ તે માટે સમયપત્રક, અભ્યાસક્રમ કે પરિણામ ન જોઇએ. સૂર્ય, ચંદ્ર, કુદરત વગેરે જોવાય છે ને તેના પ્રાણથી પ્રાણ ભરવાનો છે તેમજ ચિત્રોમાંથી કલાસ્વાદ અને સૌંદર્યદૃષ્ટિ મેળવવાનાં છે. બાળક તે મેળવ્યે જ જશે. તે કેમ લે છે તે દૂરથી જોવા માટે આપણી આંખ કેળવીએ. વળી તેઓ ન જુએ તો તે માટે આગ્રહ ન જોઇએ. વારંવાર તે તરફ ધ્યાન ખેંચીશું તો ઉલટું તે માટે તેમને કંટાળો આવશે. ઠગલાબંધ ચિત્રો ફેંકવાથી ને વિનવવાથી અજ્ઞાન અને બાદી થાય છે, માટે તેમ ન થાય.

બાળકોને ચિત્રો કેમ જોવાં તે પ્રથમથી દેખાડી દેવું. તેઓએ પ્રથમ હાથ ધોવા, લુવા ને પછી આમ ચિત્ર લઇ જોઇને આવી રીતે પાછું મૂકી દેવું, તેનો રીતસરનો, તેમને આપણે જાતે કરી બતાવીને, ચોકખો ખ્યાલ આપવો. પછી તેમના હાથમાં કિંમતીમાં કિંમતી ચિત્રો પણ મૂકી શકાશે. પરંતુ આવી રીતે ખ્યાલ આપ્યા વિના તેને ચિત્ર બગાડવા માટે વઢવું કે "જો હવે નહિ બગાડતો, ને બગાડીશ તો આપીશ નહિ" એમ કહીને આપવું એ ખોટું છે. બાળકને ચિત્ર જોવાની આવડત આપવી સૌથી સારું છે. વઢવાથી આ આવડત નથી આવતી પણ કરી બતાવવાથી આવે છે; આ આવડત વારંવાર કરી બતાવવાથી, નહિ કે કહી બતાવવાથી, આવે છે.

છેવટે જેમ ઘરમાં આપણે બાળકને ચિત્રો આપીએ તેમજ તેને બહારનાં ચિત્રોનો લાભ પણ આપીએ. તેમને મિત્રોને ત્યાં લઇ જઇએ કે ચિત્રસંગ્રહો ને આર્ટગેલેરીઓમાં લઈ જઇએ ને ચિત્રો જોવાની તક આપીએ.

આટલું કરીશું તો પણ બાળકની કલાદૃષ્ટિની ખીલવટ અને સૌંદર્યરસિકતા માટે આપણે ઠીક કર્યું કહેવાશે. ગિ.

ખોઇ નાખીશ

નાની મંડળીનાં જયાબેન મિનારાનો સૌથી નાનો ધન લઇને મારી પાસે આવ્યાં ને કહેઃ

"આ અમે ઘેર લઇ જઇએ?"

"આનાથી રમો ને પછી મૂકી દો."

"ના, ના, અમારે ઘેર લઇ જવો છે."

"પણ ઘેર લઇ જઓ ને ખોવાઇ જાય તો?"

"હા, હા, ઘેર લઈ જઇશું ને ખોઇ નાખશું."

"ખોઇ નાખશો?"

"હા, હા, ખોઇ નાખીશ."

"કેમ ખોઇ નાખશો?"

"એ તો રસ્તા પરથી જતાં જતાં હાથમાંથી પાડી નાખશું."

"શું કામ ખોઇ નાખશો?"

"એ અમે ખોઇ નાખશું. આ અમને પાઇ પૈસો આપે છે તે હું ખોઇ નાખું છું."

"તમારી આ વઢતાં નથી?"

"ના, ના."

"પણ તમે ખોઇ નાખો તો મિનારામાં પૂરે ને? કાલે પછી તમે ગોઠવશો ત્યારે સૌથી ઉપર શું મૂકશો? અંદર મૂકી દો."

જયાબેન અંદર ગયાં ને પાછાં આવીને કહે: "મેં ત્યાં બોઇ નાખ્યો."

બધો સામાન ઉપાડ્યો ત્યારે સાચે જ ઘન ખૂટતો હતો. ફરીથી એમને પૂછ્યું ત્યારે કહે: "એ તો મેં બોઇ નાખ્યો." ત્યાં તે જડ્યો.

આખા સંવાદમાં બોઇ નાખશું એ વાત તેઓ બહુ હર્ષથી કહેતાં હતાં.

વસ્તુ બોવાઈ જાય એમાં શું ગમ્મત છે એ મોટાંઓએ તો કદિ નહિ જ અનુભવ્યું હોય, પણ બાળકોમાંથી પણ બહુ જ કવચિત કોઇએ અનુભવ કર્યો હશે.

વસ્તુ નીચે પડે જે ઘડીક તો સાવ ગૂમ થઇ જાય, ને ઘણું શોધીએ ત્યારે એકદમ જડી જાય, એમાં બાળકોને મજા આવે એવી અદ્‌ભૂત રમ્યતા છે ખરી. પરંતુ હજી વસ્તુ બાળકના હાથમાં આવે તે પહેલાં તો "જે પાડી નાખીશ." "જે બોઈ નાખી છે તો!" "ના ના. તારા હાથમાં નહિ. તું બોઇ નાખીશ."

વગેરે જાતની વસ્તુ બોવાઇ જાય તેની બીક જ બાળક આગળ આવે છે. તેથી બોવાવાની આ જાતની ગમ્મત તો બાળક ક્યાંથી જ લઇ શકે?

કહેવાનો અર્થ એમ નથી કે બાળકને બોઇ નાખવાની ગમ્મત લેવા ખાતર તે રસ્તે ચડાવવું, કે વસ્તુ બોવાઇ જાય તો કેટલી અડચણ થાય છે તે તરફ ધ્યાન ન બેંચવું અથવા, ઉપર કહે છે તેમ પાઈ પૈસા બોઈ નાખવા દેવા. વાત એટલી જ કે "કેમ બોઇ નાખી" અથવા "તું બોઇ નાખીશ" કહીને બાળકને વઢીએ કે અવિશ્વાસયુક્ત ચેતવણી આપીએ તે પહેલાં બાળકને સમજીએ. બાળક કેમ બુત્રે છે; શું તેનામાં સાચવવાની શક્તિ બોછી છે, કે ભૂલી જાય છે, કે ઉપરની છોકરી જેમ તેમાં ગમ્મત લે છે વગેરે જોઇને ગમ્મત ખાતર બોવાવાની રમત દાખલ કરી શકીએ ને કામની વસ્તુ બોવાય તો તેથી પડતી મુશ્કેલી પણ બંતાવીએ.

તા.

એકસત્તા

જ્યારે ઘરનાં બધાં બાળકો બધી બાબતમાં બાને જ પૂછ પૂછ કરે છે ને બધી બાબતમાં બાને જ જવાબ આપવો પડે છે ત્યારે બા ખરેખર અકળાઇ જાય છે. તેને જવાબો આપતાં કંટાળો આવે છે. પોતે કામમાં હોય છે ને જવાબ તો આપવા જ પડે છે એટલે વિચારીને જવાબ અપાતા નથી. ઘણી વાર ઉતાવળમાં જવાબ આપી દેવા પડે છે. ઘણી વાર બાળક બાને કામમાં પરોવી જોઇને મનમાનતો જવાબ કહાવી જાય છે. આવું ઘણે સ્થળે જોવામાં આવે છે.

પણ આનું કારણ બા પોતે જ હોય છે. જે ઘરનો બધો દોર પોતાના જ હાથમાં રાખવા માગતી હોય છે તેને માથે આવો બોજો આવી પડે છે. સમાજમાં કે રાજકારણમાં જ્યાં માણસ બધી સત્તા એકહથ્થુ કરવા માગે છે ત્યાં આવી જ પંચાત ઉભી થાય છે.

આનું એક પરિણામ ઉપર કહ્યું તેમ એ આવે છે કે આખરે બા કંટાળે છે, પણ સત્તાનો લોભ જતો નથી ને કંટાળામાંથી મુક્ત થવાતું નથી એટલે તે બીજાળ થાય છે. તે પોતાના મન પરનો કાબુ ખુવે છે. તેની કાર્યક્ષમતા (efficiency) ઘટે છે ને આખરે જવાબો આપવામાં ભૂલો થવા માંડે છે. પરિણામે તંત્ર ગોટાળે ચડે છે. એક જ સખ્ત સત્તાધારી વ્યક્તિના ઘરમાં કામમાં એક જ સખ્ત

સત્તાધારી રાજમાં આખરે આ સ્થિતિ આવીને ઉભી રહે છે.

જેમ બાની સ્થિતિ અકાર્યક્ષમ અને નબળી થઇ જાય છે તેમજ બાળકોની સ્થિતિ અપંગ થાય છે. બાળકોને વારંવાર બાને જ પૂછવાનું હોય છે તેથી તેઓ કેવળ પરાધીન છે. બાના મોઢામાંથી નીકળે તેના ઉપર તેમનો આધાર છે. હુકમ બાનો મળશે, તેને અમલમાં કેમ મૂકવો તે પણ બા કહેશે, તેની વિગતો પણ બા કહેવાની છે, એટલે બાળકોને તો કેવળ યંત્ર જેમ પારકા વિચારે ચાલવાનું બને છે. તેમની પોતાની સ્વયં વિચારશક્તિ ખીલવાને તો અવકાશ જ નથી, તેથી પરિણામે તેમની કુદરતી વિચારશક્તિ અને ક્રિયાશક્તિ ઘસાતી જાય છે ને આખરે છેક બુઠ્ઠી થઇ જાય છે.

બાળકો પોતે પોતાની શક્તિનો બરો ઉપયોગ ગુમાવી બેસે છે એટલે તે સ્વયંવિકાસ કરતાં અટકે છે. તેઓ વિકાસનું બળ અને આનંદ બંને ગુમાવે છે. તેઓ પ્રગતિની સ્ફુર્તિ પણ ગુમાવે છે. પરિણામ એ આવે છે કે બાળકો ઘરમાં બેઠાં છે, છતાં દરવાજે બેઠેલા સિપાઇઓ જેવાં છે. તેમને હુકમ મળે એટલે તેઓ જીવે છે; ત્યાં સુધી મરેલાં છે.

અને જ્યારે બીજાના હુકમ માત્રને અમલમાં મૂકવાનું જ એક કાર્ય બાળક માટે રહે છે ત્યારે તેઓ નિષ્પ્રાણ થાય છે. તેઓ પોતાને કંટાળા રૂપ લાગે છે, અને આખરે બાને પણ કંટાળા રૂપ જ લાગે છે.

પરિણામ એ આવે છે કે આવું ઘર કે જેનાં બાળકો કેવળ પરાવલંબી છે, તે શક્તિઓના સમૂહનું મટીને ગુલામીની નિર્બળતાનું બને છે; ત્યાં સહકાર હોવાને બદલે અધીનતા હોઇ ઉત્સાહ નથી, આનંદ નથી પણ નિરાશા અને નિરુત્સાહ આવે છે.

રાજસત્તા પણ જ્યારે એક રાજ્ય સિવાય બધાને કેવળ સિપાઇ બનાવી દે છે ને તેમની શક્તિને જ્યારે વાપરવાની ના પાડે છે, ત્યારે તે પોતાની કબર હાથે કરીને જ ખોદે છે.

ઘરમાં આનો ઉપાય છે અને તે થવો જોઇએ. બા કે બાપાની એકસત્તામાં બાપાએ કે બાએ ભાગ પડાવવો. અમુક કાર્યક્ષેત્રો બાપાનાં અને અમુક બાનાં એમ નિશ્ચિત કરવાં. એમ સત્તાવિભાગ કરવા એ પ્રથમ પગલું. બાએ અને બાપાએ પ્રજાસત્તાક રાજ ચલાવવું. પોતાનાં બાળકોને પણ રાજ્યઅંગ ગણી તેમને સત્તાધિકાર આપવો. અને બધું પૂછ પૂછ કર્યા કરે તેને બદલે તેઓ જાતે પોતાની અક્કલ વાપરી–સત્તા વાપરી ગૃહતંત્રના વિકાસમાં અને સુખમાં ફાળો આપે એમ કરવું.

બાળકોને ઉભાંદ જવા દેવાનાં ન હોય તોપણ બાળકોને 'જી લહ્યે' તો નથી કરવાનાં. તેમને ઉલટા પ્રજાસત્તાકમાં અને સ્વસત્તાકમાં આપણે તૈયાર કરવાં છે, માટે બા કે બાપા એકતંત્ર તો છોડી જ દે. **ગિ.**

બાળક શા માટે રડે છે

૧

એક ઘરમાં છોકરાં હંમેશ સાંજ ટાણે રડે. તેથી મા એને મારે ને પછી વધારે રોતાં રોતાં તેઓ સૂઇ જાય.

રડવાનું કારણ શું હશે ?

કારણ ભૂખનું દુઃખ હતું. બાની એવી ટેવ કે તે વહેલું રાંધે જ નહિ. બાળકોને રમવા કરવામાં જગ્યાની છૂટ હતી. રમવામાં પણ કોઇ આડે આવતું નહિ, એટલે તેઓ આખો દિવસ ખૂબખૂબા દોડે, ધુબકા ખાય, ઝાડે ચડે ને બીજું કેટલુંય રમતાં રમતાં સાંજ પડચે થાકી પણ જાય. પછી તરત ઊંઘ આવે. ભૂખ ખૂબ લાગેલી હોય ને જમવાનું તૈયાર ન હોય એટલે બાળકો રડે ને રોટલીને બદલે માર બાપને સૂઇ જાય.

ઘણી વાર બાળકો બીજું ત્રીજું બોલી શકતાં હોય તોપણ "ભૂખ લાગી છે" "તરસ લાગી છે" "થાક લાગ્યો છે" "ઊંઘ આવે છે" "ગરમી થાય છે" વગેરે શરીરધર્મો અનુભવ ઓળખીને કહી શકતાં નથી. સાત સાત આઠ આઠ વરસની ઉંમર થાય તોપણ ઘણી વાર એમ બને છે. વળી બાળક ઘણી વાર કહે તોપણ મોટાંઓ પોતાની ધાંધલમાં પડ્યાં હોવાથી પૂરું ધ્યાન આપતાં નથી. પછી તો બાળકને ભૂખના દુઃખે રડવાનું જ રહ્યું.

૨

એક બાળક વારંવાર રડ્યા કરે. મા એને હેરવે ફેરવે, સૌ એને રમાડે કરવે, બા એને વારેવારે ધવરાવે પણ તે રડે. એનું રડવાનું કારણ શું હશે?

કારણ બાનું અજ્ઞાન હતું. બાળક છ માસનું હતું. બાં હજી બાળક જેવી જ હતી. બિચારી નાની ઉંમરની ને અભણ. ઘરનાં મોટાંઓ કહે તેમ કરે એવી. બાળક રડે કે, જે તે કહે: "લેને એને ધવરાવને? તેનું ગળું સૂકાઈ જશે." બિચારી એ નિયમ શીખી કે છોકરું રડે એટલે તેને ધવરાવવું!

પણ બાળકના પેટમાં ચુંક આવતી હોય ને રડતું હોય તો? માંદું કે મચ્છર કરડતા હોય ને તે રડતું હોય તો? મકોડા ને કીડીઓ ચટકા ભરતાં હોય ને તે રડતું હોય તો? પણ આ બિચારીને એની શું ખબર પડે?

બા ધવરાવે એટલે બાળકને જરા ઠીક લાગે. પણ મૂળ કારણ દૂર ન થાય ત્યાં સુધી રડવું કેમ બંધ થાય? ને ભૂખ ન હોય ત્યારે પણ ધાવી ધાવીને પેટ બગડે અથવા મૂળ બગડેલા પેટ ઉપર ધાવીને બગાડ વધે. અંતે બાળકને માતાના અજ્ઞાનને કારણે વધારે ને વધારે રડવું જ પડે.

૩

એક અઢી વરસનું બાળક છે. દેખાવમાં સવા કે દોઢ વરસનું દેખાય છે. પેટ મોટું છે; હાથ ને પગ સૂકાઈ ગયેલી લાકડીઓ છે. મોઢા ઉપર જરાયે તેજ નથી, પ્રફુલ્લતા નથી. રડી રડીને પોતાનો ને બધાનો જીવ કાઢે છે. બધાઓએ તેનું નામ રોતલ પાડ્યું છે. માને પોતાનું કામકાજ કરવું હોય; જરા આરામ પણ લેવો હોય. શું કરે બિચારી? રાત્રિ પછી રાત્રિ ઉજાગરાયે કેટલા કરી શકે? બાળકના હાથમાં કાંઈક આવ્યું મૂકીને તેને શાંત પાડે છે. કાં તો એના મોઢામાં ચૂસણી આપીને શાંત પાડે છે. બહુ બહુ તો બા એને વારેવારે ધવરાવે છે અથવા ઘરનાં બીજાં એને હેરવે ફેરવે છે. કાં તો તેની આગળ બે ચાર રમકડાં મૂકે છે. પણ બાળક તો રડે છે. કારણ?

કારણ બાળકની શારીરિક નબળાઈ છે, તેની શારીરિક અવ્યવસ્થા છે. વળી છાનું રાખવા તેને બધો વખત કંઈ ને કંઈ આવ્યું મળે છે તેથી અસ્વસ્થતા આવે છે; તેથી પેટમાં ચુંક આવે છે ને તેથી ઊંઘ પણ નથી આવતી. શારીરિક પીડાને લીધે રમત ગમત સૂઝતી નથી. કયાંય મન ચોટતું નથી ને પછી આસપાસનાં માણસો કંટાળે છે. વખતે તેને મારે પણ ખરાં! રોતલ ને એવાં એવાં વિશેષણો આપે તેનું કારણ આ બાળકની આવી સ્થિતિ છે.

માબાપ એની દવા કરે, એને કસરત આપે, નિયમિત ખોરાક આપે તો રડવાનું બંધ થાય

ને બાળક સુખી થાય.

૪

એક બીજું બાળક છે. બાળકનું શરીર પુષ્ટ થવાને બદલે સૂકાતું જાય છે. ઘરમાં ઘણું બાવાનું છે. તેને જે જોઇએ તે બાવા હાજર જ છે. શેરો, બરફી, પેંડા એવું એવું માબાપ બવરાવે છે. તોયે તે બચ્ચો વખત રડે છે. પોતે મુંઝાય છે ને માબાપ પણ મુંઝાય છે. એને કોઇ વઢતું નથી, મારતું નથી. એ જે માગે તે રમકડાં એને મળે છે; જે માગે તે વસ્તુ એની પાસે હાજર થાય છે. છતાં દિવસનો મોટો ભાગ એનો રડવામાં ને કજીયામાં જાય છે. રાત્રિનો મોટો ભાગ પણ તે જ રીતે. માબાપ બવરાવી પીવરાવીને રાજી રાખવા તથા રૂષ્ટ પુષ્ટ કરવા ઘણું કરે છે પણ નકામું જાય છે. આનું કારણ ?

કારણ એ છે કે અહી માબાપ વધારા પડતી ને ખોટી કાળજી લઇ બેઠાં છે. બાળકને રૂષ્ટ પુષ્ટ બનાવવા સાચા ઉપાયો માબાપે ડૉક્ટર પાસેથી જાણી લેવા જોઇએ. બાવામાં તેને જે માગે તે આપીને રાજી કરવાથી બાળક રૂષ્ટ પુષ્ટ થવાને બદલે ખોટું ભૂખાળ, બાંધેડું અને અપંતોષી થાય છે, ને તેથી શરીર પણ બગડે છે. પંજી તો આ જ કારણો રડવાનાં કારણો બને છે. તા.

બાળકના અંગની સ્વચ્છતા

તમારા બાળકનું અંગ બરાબર સ્વચ્છ રાખો એટલે કે—

માથું વારંવાર સાબુથી ઘસીને ધુઓ.

ચીકણાં તેલો માથામાં ઘાલો નહિ.

જેના તેના દાંતીયાથી માથું ન ઓળો.

ઉડી ઉડીને ધૂળ ભરાય તેવી રમતમાંથી રોકજો; અથવા એવી યોગ્ય રમત કે એવું યોગ્ય કામ કરે તે વખતે માથે કપડાનો કટકો બાંધજો.

નખ વારંવાર ઉતરાવો. નખમાં મેલ ભરાય છે તે ખોરાક સાથે પેટમાં જાય છે.

આંખમાં ચીપડા આવે તો ડૉક્ટરની દવા નખાવો.

ન્હવરાવતી વખતે આંખોમાંથી ચીપડા કાઢો.

ચીપડા આવે ત્યારે લુછી નાખવા રૂમાલ આપો.

આંખ આવે ત્યારે શાળામાં મોકલો નહિ.

બીજાં બાળકો જોડે રમવા દો નહિ.

બાળકને આખ આવેલ બાળક સાથે રમવા મોકલો નહિ.

કાનની અંદર મેલ ન ભરાય માટે તેને અંદરથી ભીના કપડાથી સાફ કરો.

બાળકને લીવે બહારનો કાન પણ મેલો રહે છે. સાબુથી ધોતા રહેવું.

કાનનો ઉડાણમાં રહેલો મેલ પલળીને બહાર આવે માટે વખતો વખત કાનમાં તેલનું ટીપું નાખો.

નાકમાંથી શેડા કાઢવા રૂમાલ આપો. શેડા નીકળ્યા જ કરતા હોય તો ડૉક્ટરને બતાવો. બગડ્યું નાક ધોતાં શીખવો.

પગ અને હાથ પર મેલ ચડવા ન દો.

હાથ પગ ઘસીને ધોતાં બતાવો; ધોયા પછી લુતાં બતાવો.

ભીને પગે ધૂળમાં જવાથી મેલ વધારે ચડે છે. પગને ધોવરાવવાની ટેવ પાડો.

સમજુનો નિશ્ચય

૧

ઘરમાં બધાં તોછડાઈથી બોલે છે. હું ઘરમાં બધાં ચોંધાટ કરી બોલે છે. હું તો તેમ ન જ કરું.

ઘરમાં બધાં જ્યાં ત્યાં કચરો ફેંકે છે. હું તો તેમ ન જ કરું.

ઘરમાં બધાં ધમ પછાડ કરતાં કરતાં કામ-કાજ કરે છે. હું તો તેમ ન જ કરું.

ઘરમાં બધાં ખીલી છોડી જ્યાં ત્યાં કપડાં મૂકે છે. હું તો તેમ ન જ કરું.

૨

ઘરમાં બધાં પૂછ્યા વિના જેનું તેનું લે છે. હું તો તેમ ન જ કરું.

ઘરમાં બધાં જેની તેની કુથલી કરે છે. હું તો તેમ ન જ કરું.

ભલે મારું કોઈ માને નહિ; ભલે મારું કોઈ સાંભળે નહિ. પણ હું સૌની જેમ તો ન જ કરું.

યોગ્ય કર્યું

ઘણા દિવસથી બાળકો પૂર્વતૈયારી કરી રહ્યાં હતાં. પ્રમોદ ને લલિતા, રેવતી ને શ્યામલાનો ઉત્સાહ માતો ન હતો. લલિતાએ બુદ્ધનો પાઠ લીધો હતો. શ્યામલા નૃત્યમાં ઊતરવાની હતી. પ્રમોદ શ્રીકૃષ્ણ થઈ નાચવાનો હતો. રેવતીએ નાગકન્યાનો પાઠ તૈયાર કર્યો હતો.

આજે રંગભૂમિ પર બાળકોનાં નાટકો અને નૃત્ય થવાનાં હતાં. આજની રંગભૂમિ પર કલા-રસિકો, શ્રીમંતો અને વિદ્વાનો હાજર રહેવાના હતા. આજનું નાટક જોવા, તેના નૃત્યકારોને જોવા, તેમને વધાવવા ને તેમની કદર કરવા સૌ ઉત્સુક હતાં.

સાંજનો વખત થવા આવ્યો. પ્રમોદ ઢીલો જણાતો હતો. બાપાએ પૂછ્યું: "કેમ દીકરા, નાચ માટે તૈયાર છે કે? નાચીશ કે?" દીકરો ઉત્તર આપ્યા વિના ચાલ્યો ગયો. જમવાનો વખત થયો. દીકરો આવ્યો ને કહ્યું: "બા, મારું માથું દુખે છે. હું નાચી શકીશ નહિ."

બાપા કહે: "અરે જુઓ તો, એસ્પીરીન છે કે?"

બા કહે: "કેમ કંઈ બાવું છે કે માત્ર ચહા લઈશ?"

પ્રમોદ કહે: "હું માત્ર ચહા લઈશ."

નાટકમાં જવાનો વખત થયો. પ્રમોદ ઊભો હતો, વિચારમાં હતો.

બાપા કહે: "કેમ બેટા, નાટકશાળામાં આવીશ કે?"

પ્રમોદ કહે: "આવીશ તો ખરો પણ નાચી નાહ શકું."

બા કહે: "કશી ફિકર નહિ. ચાલતો, તને બીજાં નાટકો જોવાની મજા પડશે."

બાને એમ ન થયું કે પ્રમોદે આટલી બધી તૈયારી કરી છે ને અણીને વખતે તે ધૂળધાણી થાય છે.

બાપા જરા પણ ચીડાઈ ન ગયા. તેને ન થયું કે પ્રમોદને વાહવાહ નહિ મળે. અરે, બધી મહેનત એળે ગઈ!

બાએ એને હેતથી મોટરમાં બેસાર્યો. બાપાએ એને ઓવર કોટ ઓઢાડ્યો.

નાટક જોવાઈ ગયાં. બીજાં નાચનારાઓએ નાચ્યું. પ્રમોદ રહી ગયો, પણ કોઇએ તે વિષે પછીથી કંઇ ઉચ્ચાર જ ન કર્યો.

પ્રમોદે ખુશી ખુશી થતાં નાટક જોયું તે તો તાળીઓના ગડગડાટમાં પોતાની તાળી પણ પાડતો હતો. તેની બેનની તારીફ થતી હતી તે જોઇ ખુશી ખુશી થતો હતો.

ગિ.

મોન્ટીસોરી પદ્ધતિમાં શાન્તિની રમત

મોન્ટીસોરી શાળામાં શાન્તિની રમત મહત્ત્વની બાબત છે. શાન્તિની રમત જૂદી જૂદી રીતે રમવામાં આવે છે. કોઇ વાર ચાલતે કામે એકાએક બારી બારણાં બંધ થાય છે ને વર્ગમાં ઝાંખું અજવાળું એટલે કે ઘેરૂં અંધારૂં થઇ જાય છે. જેમ જેમ બારણાં બંધ થતાં જાય છે તેમ તેમ બાળકો પોત પોતાનું કામ બંધ કરતાં જાય છે ને પોતાના ટેબલ પાસે શરીરને સ્થિર કરી રમતને માટે હલ્યા ચલ્યા વિના બેસવા લાગે છે. થોડા વખતમાં આખો વર્ગ કામ કરતો બંધ થઇ જાય છે. એક પણ બાળક હલતું ચલતું નથી. કશું ખખડતું નથી, કંઇ અવાજ આવતો નથી. પૂર્વે જે વર્ગમાં પચીશથી ત્રીશ બાળકો હતાં તેમાં જાણે હમણાં કાંઇ જ નથી એવું દેખાય છે.

એટલામાં રમત રમાડનાર વ્યક્તિ મધુર ધીમા કંઠે બાળકોનાં નામો એક પછી એક બોલે છે, ને જે બાળકનું નામ આવ્યું હોય છે તે પંગના કણા પર ચાલી બોલાવનાર પાસે જાય છે, તેને અડે છે ને ત્યાં બેસી જાય છે. પ્રત્યેક બાળક પોતાના નામની રાહ જુએ છે. બધાં બાળકોનાં નામ આવી જાય છે ત્યાં સુધી બાળકો ચૂપકીદીથી બેસે છે. પછી રમત પૂરી થતાં બારી બારણાં ઉઘડી જાય છે ને બાળકો પાછાં કામે લાગે છે.

કોઇ વખત શિક્ષિકા ઓરડામાં આવે છે. ઓરડામાં એક ખૂણે પડેલ કાળા પાટીયા ઉપર 'શાન્તિ' એટલું લખી તેની પાસે ઉભી રહે છે. બાળકો એક પછી એક કામ કરે મૂકી શાન્ત અને સ્થિર બને છે ને પછી બારી બારણાં બંધ થતાં રમત ચાલે છે

આવે વખતે શિક્ષિકા બાળકોને આસપાસ થતા સુરિલા બેસુર, નાના મોટા, ગમતા અણગમતા, દૂરના નજીકના વગેરે અવાજો તરફ ધ્યાન ખેંચે છે ને એમ કરીને ઘોંઘાટ અને શાન્તિમાં શો તફાવત છે તેનું પ્રત્યક્ષ ભાન કરાવે છે. તે ઉપદેશ નથી કરતી પણ માત્ર કાન ઉપર–અનુભવમાં મૂકે છે.

શાન્તિની રમતમાં શાન્તિ, સ્થિરતા, કર્ણેન્દ્રિયનો વિકાસ, આ બધું ધીરે ધીરે સિદ્ધ થાય છે. બાળક જ્યારે પ્રબોધક સાહિત્યો વગેરે કામમાં રસ લેવા માંડે છે ને તે ઉપર એકાગ્ર થઈ પુનરાવર્તન કરે છે ત્યારે તે સ્થિર અને શાન્ત થાય છે. તેવી રીતે જેનામાં અવ્યક્ત રીતે સ્થિરતા અને શાન્તિ પેદા થવા લાગી છે તે બાળક આ રમતમાં તુરત જોડાય છે. તેની વધતી જતી શક્તિને આ રમત મદદ રૂપ થાય છે. વળી જ્યારે બાળકો આ રમત રમે છે ત્યારે તેના પરિણામે બાળકોમાં વર્ગમાં વધારે શાન્તિ અને સ્થિરતા આવે છે તેઓને શાન્તિનો અનુભવ મીઠો લાગવાથી તેઓ વર્ગમાં શાન્તિપ્રિય થાય છે. તેમને પછીથી ઘોંઘાટ વગેરે તરફ ધીમે ધીમે અરુચિ થવા લાગે છે; ધડબડાટ તરફ તેમનું લક્ષ એકદમ ખેંચાય છે.

વળી શાન્તિની રમતમાં બાળક પોતાની જાત તરફ વળે છે. સાધનો વાપરતાં તે બેશક તલ્લીન થાય છે ને તેથી તે શાન્ત થાય છે; પણ ત્યાં તેની પોતાની શાન્તિ તરફ તેનું ધ્યાન ખેંચાતું નથી. તેનો

મનોવ્યાપાર સાધનોમાં હોય છે. પરંતુ અહીં શાન્તિ એ જ સાધન હોઇ તેમાં જ સૌનો મનોવ્યાપાર હોય છે. તે તરફ ધ્યાન ખેંચાય છે. પોતાની જાત તરફ ધ્યાન ખેંચાતાં પોતાના શરીર ઉપરના કાપુ અકાપુ તરફ ધ્યાન જાય છે. પોતાના નાકમાં રહેલા શેરા સર-સર થતા હોય તો એ તરફ પણ ધ્યાન જાય છે. આ રીતે તે સ્વલક્ષી થાય છે. એમ જ આસપા:-સની પરિસ્થિતિ કેવી વિક્ષેપક લાગે છે તે પોતે તુરત સમજી શકે છે, અને તેને તેમાં થતા અત્રાજ્ઞે વગેરે ન ગમતા હોવાથી પોતાનાથી તેમ ન થઇ જાય તે માટે કાળજી રાખે છે.

આ બધું તેને કહીને સમજાવવામાં નથી આવતું. તેઓ પણ આ બધું પટપટ બોલીને કહેતાં નથી કે અમે આમ સમજીએ છીએ ને કરીએ છીએ. તેઓને એક પ્રકારના અનુભવમાં મૂકવામાં આવે છે, ને તેઓને તે પ્રિય લાગે છે તેથી તે અનુભવ વારંવાર લેવા તેઓ ખુશી હોય છે. તેમાં આવતી નડતરો પોતે ઉત્પન્ન કરતાં નથી અગર બહારથી આવે તો તે સાંખી શકતાં નથી.

શાન્તિની રમત જોનારને પણ આનંદ આવે છે. પરંતુ બાળકોમાં તે સિદ્ધ કરવા શ્રમ ઉઠાવવો પડે છે ને યોગ્ય વાતાવરણ રચવું પડે છે.

પ્રથમ બાળકોને તેમને યોગ્ય એવાં પ્રબોધક અને સામાજીક સાહિત્યોમાં મૂકવાનાં છે. બીજું તેમનામાં શરીરનો સામાન્ય કાબુ આવે તે માટે શરીરસમતોલન માટે જે લાકડા પર કે લીંટા પર ચાલવાની રમતો છે તેમાંથી તેને પસાર કરવાનું છે. વસ્તુઓ લેવી મૂકવી વગેરે વ્યાવહારિક તાલીમ-માંથી તે પસાર થતું હોવું જોઇએ. તે કર્ણેન્દ્રિય સુધીની કેળવણી સુધી આવી લાગ્યું હોવું જોઇશે. તેને શિક્ષિકાનો પરિચય વધ્યો હોવો જોઇશે. ઉપરાંત શિક્ષિકાના તેની તરફના પ્રેમને લીધે તેનો બોલ–અવાજ સાંભળવામાં તેને આનંદ આવે તેવી અભિમુખતા આવી હોવી જોઇશે. ગમે તે બાળકને ઓરડામાં બેસારી અંધારું કરવાથી શાન્તિની રમત ન થઇ શકે. અમુક હુકમોનો તો અમલ થઇ જાય ને બાળકો અદબપલોંઠી વાળી ક્ષણવાર બેસે ને ચૂપ ચૂપ લાગે તે શાંતિની રમત નથી. શાન્તિની રમત બીજી રમતો જેમ અંદરની પ્રીતિથી રમાવી જોઇએ. બાળકો તે વાર-વાર માગે તેવી સ્થિતિ જોઇએ બાળકો તે વખતે સ્વસ્થ થવામાં–શાન્ત રહેવામાં આનંદ લે તેમ દેખાવું જોઇએ. બાળકો તેને પરિણામે વધારે શાન્તિપ્રિય બનવાં જોઇએ.

પરંતુ શાળાનું એકંદર કામ બરાબર ચાલતું હશે તો શાન્તિની રમત સહેલથી ચાલી શકશે.

વાતાવરણ બૂબ અનુકૂળ જોઇએ શાન્તિની રમ-તમાં વિક્ષેપ નાખનાર નવાં બાળકો પહેલેથી નીકળી જાય. જેઓને કહાય તેમાં તે દિવસે ન જોડાવું હોય તેવાંઓ પણ નીકળી જાય. ઓરડો નકામી ગડબડ ઉભી કરે તેવો ન જોઇએ. આસપાસ મોટો ઘોંઘાટ કે ઉપાધિરૂપ થાય તેવી ગડબડો ન જોઇએ. શિક્ષક પોતે તે વખતે તો પૂર્ણ અન્તર બહાર શાંતિથી ભરેલો જોઇએ. ઉપરાંત એવે વખતે ધૂપ હોય, ફુલવાસ હોય, દીપ હોય અને સંગીતનું ગાન હોય તો શાન્તિની રમતનું સ્થળ ઉત્તમ પ્રકા-રનું દેવસ્થાન થઈ રહે–ધ્યાનસ્થાન થઇ રહે. નાનાં બાળકો આવા વાતાવરણ વચ્ચે ઘોડોઘેક વખત પણ અંતઃશાંતિથી બેસે તો તે કાંઇ ઓછી મહત્વની જીવનશક્તિઆત નથી. મોન્ટીસોરી શાળામાં શાન્તિની રમતનું સ્થાન મહત્વનું છે, ને શિક્ષકે તે દૃષ્ટિ પણ ભૂલવું નહિ જ જોઇએ. ગિ.

મોન્ટીસોરી બાલમંદિર કાઢવું હોય તો?

કોઇ પૂછે કે અમારે મોન્ટીસોરી બાલમંદિર કાઢવું છે તો અમારે શું કરવું?

જવાબ આવો છે. પ્રથમ તો તેવા મંદિર માટે મોન્ટીસોરી શિક્ષક જોઇશે. જે શિક્ષકે મોન્ટીસોરી

પદ્ધતિનો કોઈ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં ઓછામાં ઓછું એક વર્ષ રહી અભ્યાસ કર્યો હોય તેને મોન્ટીસોરી શિક્ષક કહેવાની કંઈક હિંમત ધરી શકાય. મોન્ટીસોરી પદ્ધતિ એ એક બાળશિક્ષણની પદ્ધતિ છે. એ પદ્ધતિ સહેલથી બાળકોને કક્કા બારખડી કે એકડા બગડા શીખવવાની નથી. એ પદ્ધતિ બાળકોને રાજી કરી રમાડવાની પણ નથી. એ તો બાળજીવનને સ્વાભાવિક વિકાસ આપવાની છે. બાળક પોતાના ગુણધર્મ પ્રમાણે સ્વતંત્ર અને સુંદર વાતાવરણમાં સ્વતઃ વિકસે તેનું એ શાસ્ત્ર છે. તે જેમ બીજા વિજ્ઞાનના ચોક્કસ શાસ્ત્રો છે તેવું શાસ્ત્ર છે. વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર કે વૈદક, વકીલાત વગેરેના જ્ઞાન વિના જેમ માણસ તે તે ધંધા માટે લાયક થઇ શકતો નથી તેમજ આ પદ્ધતિના ખાસ જ્ઞાન વિના માણસ તે પદ્ધતિથી કામ કરવા યોગ્ય થતો નથી. સરંજામનાં સાધનો ઘરમાં રાખવાથી કોઇ સરંજામ ન થઇ શકે, વકીલાતનાં પુસ્તકો ઘરમાં ભરવાથી વકીલ ન બની શકે, તેમ મોન્ટીસોરીનાં પુસ્તકો વાંચવાથી ને દફ્તાની પેટીઓ વસાવવાથી મોન્ટીસોરી શાળા નથી બનાવી શકાતી રાંધતાં પણ માણસને શીખવું પડે છે તો બાળશિક્ષણ જેવું કામ કેમ કરવુ તે તો શીખવું જ પડે. માટે જેઓ બાલમંદિર કાઢવા માગતા હોય તેમણે પહેલી વાત એ ધ્યાન પર લેવી કે તેઓએ યોગ્ય શિક્ષક મેળવી લેવો. જે શિક્ષક એમ કહે કે "હું ભણું છું, મેં તેનાં પુસ્તકો વાંચ્યાં છે, તેવી શાળા જોઇ છે, ત્યાં બે પાંચ દિવસ રહ્યો છું." તે શિક્ષકના હાથમાં બાલમંદિર ન સોંપાય. જેઓ કહે કે "અમે કિંડરગાર્ટન ભણીએ છીએ; મોન્ટીસોરી પણ એમજ છે. અમે પણ કેમ ન કરીએ ? એ બધું સરખું જ છે." તેવા શિક્ષકો ભયરૂપ છે. જેઓ બાળશિક્ષણ એટલે બાળકોને માત્ર કુદાવવાં, રમાડવાં, ટ્રિલો કરાવવી એવું જ સમજે છે તેઓ સારા બાલ સરકસ માસ્તરો હોઇ શકે પરંતુ મોન્ટીસોરી શિક્ષક તો નહિ જ. માટે જ જેઓ બાલમંદિરો કાઢવા માગતા હોય તેઓ શિક્ષકની પ્રથમ ખાત્રી કરે. સાધનો ખરીદી શકાશે; મકાન મેળવી શકાશે; બાળકો આવવાનાં છે પરંતુ શિક્ષક બરાબર નહિ હોય તો સાચા રસોયા વિના ઘી ગોળ ધૂળધાણી મળે તેમ બધું નકામું જશે. અને આપણે પોતે મોન્ટીસોરી પદ્ધતિ એ શું છે તે બરાબર જ્યારે ન સમજતા હોઇએ ત્યારે તો ખૂબ વધારે ચેતીને ચાલીએ. જો શિક્ષક બરાબર હશે તો ખોટાં સાધનો ભેગાં નહિ કરે; જેમ કહેશો તેમ કરી આપવા તૈયાર નહિ થાય; વીશ કે પચ્ચીશ બાળકોની જવાબદારી લેવાને બદલે ૫૦ થી ૧૦૦ બાળકોને લેશે નહિ; બાળકોને ઉત્તેજનથી રમાડવાને બદલે શાંતિથી પોતપોતાનું કામ કરવા દેશે; શાળા લોકપ્રદર્શનની જગા બનાવવાને બદલે એકાંત વિકાસસ્થાન બનાવવા મથશે; બાળકોને ફોસલાવીને અગર સમજાવીને કામ લેવાને બદલે બાળકો અંદરથી પ્રેરાઇને કામ પર મંડી પડે તેમ કરશે. ટુંકમાં સાચી મોન્ટીસોરી શાળા કરશે. કોઇએ બાલમંદિર કાઢવું હોય તો તેણે પ્રથમ સાચો શિક્ષક મેળવવો. સાચો શિક્ષક મળે એટલે તેની સૂચના પ્રમાણે બીજું કામ ઉઠાવવામાં આવશે શિક્ષકના હાથમાં બાલમંદિર ન સોંપાય. જેઓ એટલે બીજું બધું થઇ રહેશે. ગિ.

જૂનાં ગ્રાહકો લવાજમ મોકલતી વખતે પોતાનો નંબર લખે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૨ જો
ચૈત્ર

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

આપણા મનને એકાદ પ્રસંગ સુખી કે દુઃખી કરવા બરી રીતે અસમર્થ છે. પરિસ્થિતિમાં આપણા મનની શાંતિને ડોલાવવાની શક્તિ છે જ નહિ. અંદરથી હલેલને જ પરિસ્થિતિ હલાવી શકે છે. હલી જવામાં પરિસ્થિતિ નહિ પણ આપણે જ જવાબદાર છીએ.

પ્રસંગો બાહ્ય જગતની વાત છે; સુખ અને આનંદ એ અંદરની વાત છે. આપણે ઇચ્છીએ નહિ, આજ્ઞા આપીએ નહિ ત્યાં સુધી બાહ્ય જગત આપણને કેમ સ્પર્શી શકે ?

બાહ્ય જગતની સપાટી ઉપર સબમરીનની પેઠે કામ પૂરતા આવી જઈએ, પણ પછી તો પાછા અંતર્મુખ થઈએ. સાચી વાત અંતર્મુખ થવું એ છે.

મોન્ટીસોરી શિક્ષણસંઘ

: પ્રમુખ :
શ્રીમતી સરલાદેવી

સ્થાપના
નવેમ્બર ૧૯૨૫

: મંત્રીઓ :
ગિજુભાઈ અને તારાબેન

આમુખ

મોન્ટીસોરી સંમેલનના પ્રત્યક્ષ પરિણામ રૂપે એક મોન્ટીસોરી શિક્ષણસંઘની સ્થાપના કરવામાં આવી છે.

ઉદ્દેશ

આ સંઘનો ઉદ્દેશ મોન્ટીસોરી સિદ્ધાંતનો આપણા પ્રાંતમાં અભ્યાસ, સંશોધન અને પ્રચાર કરવાનો છે.

સભાસદ

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે, અને જેઓ એકી સાથે રૂા. ૫૦) કે તેથી વધુ મદદ સંઘને આપશે તેઓ સંઘના આજીવનસભ્ય ગણાશે.

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે અને જેઓ આ સંઘને વાર્ષિક રૂા. ૧–૦–૦ આપશે તેઓ સંઘના સભ્યો ગણાશે.

સંઘના બધા સભ્યોને "શિક્ષણ પત્રિકા" વિના મૂલ્યે મળશે.

કાર્યપ્રદેશ

૧. આપણી ભાષામાં મોન્ટીસોરી પદ્ધતિનું સાહિત્ય નથી, માટે અંગ્રેજી કે ઇટાલિયન ભાષામાંથી તે ગુજરાતીમાં ઉતારવું કે ઉતરાવવું.

૨. મોન્ટીસોરી પદ્ધતિમાં જેમણે કામ કર્યું છે અને જેઓ કામ કરે છે તેમની પાસે એ પદ્ધતિ ઉપર તેમના અનુભવ અને અભ્યાસને આધારે પુસ્તકો રચાવવાં.

૩. મોન્ટીસોરી સાહિત્યને બને તેટલું સસ્તું રચાવવું અને તેને તેથીયે ઓછી કિંમતે લોકોમાં ફેલાવવું.

૪. બાળકો મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતો સરલતાથી સમજી શકે તે માટે સાદી ભાષામાં નાનાં નાનાં ચોપાનિયાં તૈયાર કરાવવાં, અને તે મફત અથવા થોડી કિંમતે વહેંચવાં કે વેચવાં.

૫. લોકો સમજી શકે તેવાં વ્યાખ્યાનો આપવાં કે અપાવવાં.

૬. મોન્ટીસોરી પદ્ધતિમાં જે જે નવું જાણવાનું મળે તે, તથા જે જે નવા અનુભવો થાય તે, પદ્ધતિમાં રસ લેનાર શિક્ષકો તથા અન્ય જનોને નિયમિત રીતે મળ્યા કરે તે માટે એકાદ પત્ર (માસિક) ચલાવવું.

૭. નવી મોન્ટીસોરી શાળા કાઢનારાઓને મોન્ટીસોરી શિક્ષકો પૂરા પાડવા માટે મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિનું શિક્ષણ આપનાર અધ્યાપનમંદિર કાઢવું, અથવા તેવા અધ્યાપનમંદિરને બને તેટલી મદદ આપવી.

૮. પરદેશમાં તેમજ આપણા દેશમાં મોન્ટીસોરી પદ્ધતિને લગતી જાત જાતની પ્રવૃત્તિઓ, તેને લગતાં પુસ્તકો, તેમાં વપરાતાં સાધનો વગેરે સંબંધી માહિતી મેળવી પૂરું પાડનારું એક કેન્દ્ર સ્થાપવું.

૯. આપણા દેશમાં મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો તૈયાર કરાવી લેવાની વ્યવહારૂ પ્રવૃત્તિ કરવી, અને તેવાં તૈયાર થયેલાં સાધનો જેને જોઇએ તેને પૂરાં પાડવાની ગોઠવણ કરવી.

૧૦. અત્યારે ચાલતી અને ભવિષ્યમાં નીકળનારી મોન્ટીસોરી શાળાઓ બરાબર કામ ચલાવી શકે તે માટે અવાર નવાર સૂચના આપે અને મદદ કરી શકે તેટલા માટે નિરીક્ષણમંડળ રાખવું

૧૧. અત્યારે ચાલતી પદ્ધતિમાં પ્રાથમિક શાળાના શિક્ષકો મોન્ટીસોરી પદ્ધતિનો લાભ કેવી રીતે લઇ શકે તેનો વ્યવહારૂ રસ્તો બતાવવાની યોજના કરી તેને અમલમાં મૂકવા પગલાં લેવાં.

૧૨. સંઘમાંના યોગ્ય માણસોને પદ્ધતિનો પરિચય અને અભ્યાસ કરવાની દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપવી.

૧૩ મોન્ટીસોરી પદ્ધતિનાં અને બીજાં બાલ-શિક્ષણ સાહિત્યનાં અંગ્રેજી તથા દેશી ભાષાઓનાં ઉપયોગી પુસ્તકો એક સ્થળે એકઠાં કરી ત્યાંથી ફરતા પુસ્તકાલયની વ્યવસ્થા કરવી.

૧૪. દશ વર્ષની અંદરનાં બાળકો ઉપર તેમના માનસના જ્ઞાન માટે વિશેષ અખતરાઓ કરવા તથા અગિયાર વર્ષ પછીની ઉંમરનાં બાળકો ઉપર મોન્ટી-સોરી પદ્ધતિએ આગળ અખતરા કરવા માટે એક કાયમી પ્રયોગમંદિર સ્થાપવું, અથવા તેવા કોઈ ચાલતા પ્રયોગમંદિરને બનતી મદદ કરવી.

૧૫. આવી જાતનાં સંમેલનોની કાર્યપદ્ધતિ વખતો વખત સુધારતા જવી અને તેની ઉપયોગિતા વધારે થાય તેવી યોજના વિચારતા જવી.

બાળકો શા માટે રડે છે?

રોમે રોલાંની સુપ્રસિદ્ધ નવલકથામાં કથાનો નાયક બાલ્યાવસ્થામાં પારણામાં પડ્યો પડ્યો વારંવાર રડતો હતો તે વિષે કથાકારે લખ્યું છે: "જાણે કે તેની આગળ આવનાર તેના આખા દુઃખમય જીવનનું તેને પૂર્વજ્ઞાન ન થતું હોય, ને તેથી જ તે ન રડતો હોય!"

મારો મત જૂદો છે. કોઇ પણ સુદ્ધ બાળક દિવસમાં થોડું કે તો રડે જ છે. બાળકનું રડવું તેને માટે સર્વોપરી ગ્રાહ્ય એવી કસરત છે, કારણકે તેથી તેનાં ફેફસાં વિસ્તૃત થાય છે. પરંતુ બાળક વારંવાર રડે અથવા લાંબા વખત સુધી રડે એ વાત જૂદી છે. તેની પાછળ કંઈક જૂદું જ કારણ હોઇ શકે. કદાચ બાળક હઠીલું બની ગયું હોય કે બાળકની વધારે પડતી ચિંતા કરનાર મા તેને રડે કે તરત તેડી લેતી હોય તો બાળક સ્વાભાવિક રીતે રડીને પોતાનું ધાર્યું કરાવવાની રીત ચાલુ રાખે છે. આ રીતે પાંચ દિવસનું બાળક પણ હઠીલું થઇ જાય છે. બાળકની કેળવણી તો બાળક જન્મે તે દિવસથી જ શરૂ થવી જોઇએ ને તેમાં જ બાળકનું અને માતાનું હિત છે. ધવરાવવાનો વખત થાય ત્યાં સુધી બાળકે બિછાનામાં સુઇ રહેવું જોઇએ એવી ટેવ પહેલા દિવસથી પાડીએ તો પડે છે. ને તેથી બાળક ને માતા બંનેમાં હેરાન થતાં અટકે છે.

બાળકનું રડવાનું બીજું કારણ તે ભૂખ્યું કે તરસ્યું થાય તે છે, અથવા વધારે પડતું ઓઢાડવાથી ગરમી થતી હોય કે ન ઓઢાડવાથી ટાઢ લાગતી હોય તે છે.

ભૂખની બાબતમાં એક નિયમ ધ્યાનમાં રાખવો. બાળક જન્મ્યા પછી યોગ્ય વખતે તેને ધવરાવવું ને ત્યારથી ચાર ચાર કલાકે ધવરા-વવાનો નિયમ શરૂ કરી દેવો. એને માટે સામા-ન્યતઃ સવારથી ૬–૧૦–૨–૬ ને રાત્રે ૧૦ એ ટાઇમટેબલ ઠીક પડે છે.

રડવાનું બીજું કારણ દૂર કરવા માટે વચ્ચે વચ્ચે બાળકને ઉકાળેલું સ્વચ્છ પાણી રોજ એક બે વાર પીવરાવવું. ઘણી માતાઓ આ બાબતમાં બેદરકાર હોય છે. બાળકોને તેઓ પાણી પાતાં જ નથી ને તેને લીધે બાળક ઘણું

જ હેરાન થાય છે.

બાળકને ઠંડી ન લાગે માટે ઘણીવાર માતાઓ એટલું બધું પહેરાવે છે ને ઓઢાડે છે કે બાળક મુંઝાય છે ને રડે છે. એક વાર એક જગ્યાએ સારું વ્યાખ્યાન હતું. દિવસ ગરમીનો હતો. વ્યાખ્યાન પછી એક માતાએ પોતાનું બાળક શાં માટે રડે છે એમ મને પૂછ્યું. મેં બાળક ઉપર ઓઢાડેલા સાતધાબળા ગણી બતાવ્યા અને બાઈને પૂછ્યું કે આ ગરમીમાં તેને પોતાને સાત ધાબળા ઓઢાડ્યા હોય તો કેવું થાય? બાઈ કહે: "પણ બાળકને તો ઝટ ઠંડી થઈ જાય ને?" બરી રીતે તો બાળકને જલ્દી ઠંડી લગાડવી હોય તો તેનો ઉત્તમ ઉપાય તેને હમેશ ગરમ ફ્લૅનેલમાં લપેટી રાખવું એ જ છે!

બાળકો ઘણી વાર માત્ર થાકને લીધે રડે છે. થાકનાં કારણો કાં તો પૂરતી ઊંઘ ન મળી હોય ને કાં તો વધારે પડતું તેડવામાં ને રમાડવામાં આવ્યું હોય તે હોય. આરંભના મહિનામાં બાળકે બરી રીતે ૨૦ કલાક ઊંઘવું જોઈએ. ને આ ટેવ પડે માટે પ્રયત્ન થવો જોઈએ. એમ નથી કે ઘરમાં અસામાન્ય શાંતિ રખાવવી કે ઘરનાં બીજાં બચ્ચાં પોતાનો સામાન્ય વ્યવહાર પણ ન ચલાવી શકે ને હેરાન થાય. બાળકને નિરાંતે ઊંઘવા દેવું જોઈએ, ને એની આસપાસ વધારે પડતી ગડબડ ન થવી જોઈએ. બાળકને બરાબર બહાર પડવી જોઈએ કે તેનું કામ એક ઊંઘવું ને બાવું એટલું જ છે. એમાં બીજા કોઠને વચ્ચે પડવા દેવું નહિ. મારા તાબામાં એક નાનું બાળક હતું. એના બાપને આખો દિવસ કામ ઉપર રહેવું પડતું. રાત્રે અગિયાર વાગે તે નવરો થાય ને ઘેર આવે ને તે વખતે બાળકને રમાડે. બાળકની મા ઘણી ના પાડે પણ તે રમાડ્યા વગર રહે જ નહિ.

બાળકો કાંઈ આપણાં રમકડાં નથી. બાળકો એટલે તો આપણને સોંપવામાં આવેલી ભવિષ્યની બાપણ છે. આપણે અત્યારે જે દુનિયામાં જીવીએ છીએ તેના કરતાં સારી દુનિયાનો તેઓ પાયો નાખે એમ આપણી આકાંક્ષા હોવી જોઈએ. તેઓ આપણી આકાંક્ષા ફળીભૂત કરવા સમર્થ ત્યારે જ થાય જો તેમના જ્ઞાનતંતુઓ (નર્વ્સ સિસ્ટિમ) આપણા કરતાં મજબુત હોય જ્ઞાનતંતુઓ મજબુત થવા માટે તો તેમને શાંતિથી પોતાનું મગજ કુદરતી રીતે વિકસાવવા છૂટાં રહેવા દેવાં જોઈએ. એનો અર્થ એમ નથી કે બાળકો બાય જ નહિ કે તેમની ને આપણી વચ્ચે સ્નેહ સંબંધ બંધાય જ નહિ. આનો અર્થ સાથે વાતચીત આપણી વચ્ચે સ્નેહ સંબંધ ઉલટું તેમની ને આપણી વચ્ચેની યોગ્ય આપલેથી જ તેમનું જીવન વધારે પ્રકાશિત ને આનંદિત થાય છે. પરંતુ આપણા આલિંગન ચુંબનોથી, ગદગદીયાં ને બીજી રમ-

ગ્રાહક બંધુઓને

હું પણ તમારા જેવો જ પત્રિકાનો એક ગ્રાહક છું. પત્રિકાના સંબંધે હું તમારો મિત્ર છું. હું એમ માનનારો છું કે પત્રિકા ગૂજરાતના ઘરે ઘરમાં જવી જોઈએ. આપણે આમાં સહાય કરી શકીએ છીએ. આપણે દરેક માત્ર એક જ ગ્રાહક કરી આપીએ તો પાંચ જ વર્ષમાં પત્રિકાના ગ્રાહકોની એક જબરી સંખ્યા થઈ રહે. હું વેપારી હોવાથી મને આવી યોજના સૂઝે છે. આપ સૌ ભાઈઓ આ યોજનાને વધાવી લેશો.

લે. પ્રભુદાસ શાહ
ગ્રાહક નં. ૩૬૫

તોથી આપણે બાળકોને વધારે પડતાં ઉત્તેજિત ન કરવાં જોઇએ. આવી ઉશ્કેરણીથી જ તેમના જ્ઞાનતંતુઓ નબળા પડે છે; ને જ્ઞાનતંતુ થાકી જાય ત્યારે બાળક કંજીયે ચડે છે.

ઉપર વર્ણવ્યું તે જાતનું રડવું તો બીજી રીતે તંદુરસ્ત બાળકમાં પણ દેખાય. માંદા બાળકને રડવાના અવાજથી જ અડધે ભાગે તેની પીડા જણાઇ આવે છે. પેટમાં ચૂંક આવતી હોય તો બાળક ચીસો નાખીને રડે છે; ગોઠણ ઉંચા કરીને પેટ પાસે લઇ જાય છે ને વળી સીધા કરે છે ને વળી ચીસ નાખે છે. એનું કારણ પેટમાં વાયુ થાય છે તે છે. બરાબર ચાર ચાર કલાકે જો એને ધવરાવવામાં આવે તો આ જાતની માંદગી બહુ ઓછી આવે. તેમજ અફીણ કે દારૂ જેવા ઉત્તેજકો કે માદક પદાર્થો કદિ પણ વાપરવા ન જોઇએ. આવી ચૂક સનમ પાણીની બસ્તી (એનિમા)થી એકદમ મટી જાય છે. એનિમાનાં સાધનો ન હોય તો નરમ અને સાબુ સાબુની આંગળી જેવી લાકડી કરીને જરા પાણી લગાડીને બાળકની પુંઠે મુકવાથી પણ તરત ઝાડો આવી જાય છે ને ચૂંક રહી જાય છે. આ તો તરતના ઉપાયો થયા. કાયમને માટે વાયુ થતો અટકાવવાનો તો એક જ ઉપાય; ને તે બાળકને ધવરાવવાની બાબતની નિયમિતતા. તે સિવાય બાળકને દૂધ કેટલું ને કેવું આપવું, પાણી કેટલું આપવું વગેરે તેમજ તે સંબંધેની સ્વચ્છતા વગેરે બાબતમાં ડૉક્ટરની સલાહ લઇ તે પ્રમાણે કરવું જોઇએ.

હાડકાંની નબળાઇને (rickets) લીધે પણ બાળક રડે છે. આ રોગના રડવાનું ખાસ ચિન્હ એ કે બાળકને તેડવા જતાં કે ઉપાડતી વખતે તે રડે છે. આમ બને ત્યારે ત્વરિત ડૉક્ટરની સલાહ ને મદદ લેવી ઘટે.

બાળક રડવા ની સાથે ઉધરસ આતું હોય તો છાતીમાં દુખાવો છે એમ સમજવું. ને તેનું કારણ શોધી કાઢી યોગ્ય ઇલાજ તરત જ કરવા જોઇએ.

કાનના દુખાવાથી પણ બાળક ચીસ નાખીને રડે છે. સાથે સાથે તે માથા ઉપર હાથ પછાડે છે.

વળી બાળકના રડવાનું અવલોકન કરી તે કાનનું છે કે પેટનું છે તે નક્કી કરવા બેસતા પહેલાં માતાએ એ તો જોવું જ જોઇએ કે કયાંક ટાંકણી કે કાંટો કે એવું કાંઇ તેને વાગતું તો નથી? સારા સારા ઘરોમાં પણ એવું ઘણીવાર બની જાય છે.

બાળકની પહેલા ૧૫-૧૮ મહિનાની ભાષા આવી છે. તે પછી બાળક શરીરે ને મને તંદુરસ્ત હોય તો આસ્તે આસ્તે ભાષા બોલતાં શીખે છે.

માતાના મનમાં તંદુરસ્ત બાળકની ચોકખી કલ્પના હોવી જોઇએ; તંદુરસ્ત બાળક એટલે તો હસતું ને પ્રસન્ન બાળક. છતાં બાળક હસતું મટીને રડવા લાગે ત્યારે તે શું કહેવા માગે છે તે તરત ઓળખતાં પણ તેણે શીખવું જોઇએ. તેણે જાણવું જોઇએ કે બાળકનું રુદન તેના ઉપર આવી પડનાર દુઃખમય જીવનની આગાહી કરનાર નથી. પણ રુદનની ભાષા જો સમજતાં આવડે તો બાળકને તરત તંદુરસ્તીને માર્ગે ચડાવી શકાય છે.* તા.

*બેબીહૂડ ઉપરથી.

ઘરમાં નોંધ

બાળક નાનેથી મોટું થાય છે. પહતું આખડતું વધે છે. માંદુ થાય છે, સાજું થાય છે; વધે છે ઘટે છે. વળી બાળક મૂંગું મટી બોલતું થાય છે. તોતડું મટી શુદ્ધ થાય છે. વળી બાળકને એક વખતે કંઈક રમકડાં ગમે છે બીજે વખતે કંઈક રમકડાં ગમે છે. આમ બાળક આપણી જ આંખ આગળ જન્મથી સાત વર્ષ સુધીમાં કેટલાયે ફેરફારો પામતું પામતું વધે છે ને જીવે છે. આ જીવન-વિકાસની આપણે નોધ રાખીએ તો જીવનના નિયમોનો અને જીવનમાં આવતી અડચણોનો આપણને ખ્યાલ આવશે. ને એ ખ્યાલને આધારે આપણે તેમનું જીવન–વર્ધનકાર્ય પણ સુગમ કરી શકશું. આ નોંધ આપણે શરૂઆતમાં બે પ્રકારની રાખીએ. એક શરીરવિકાસને લગતી ને બીજી મનના વિકાસને લગતી શારીરિક નોંધોની થોડીએક વિગતો અહીં આપી છે. આ વિગતોમાં આ જ ધોરણે બીજી વિગતો વધારી શકાશે. આ નોધો એકઠી કરીએ ને તે ઉપરથી સામાન્ય જણાતા એવા ઘણા નિયમો તારવી કાઢીએ તે ઉપરથી આપણાં બાળકોના શરીરની સ્થિતિ કેવી છે તે જાણીએ તો આપણને સૌને ઘણો લાભ થાય. 'પત્રિકા' તરફ આવી નોધો અવાર નવાર આવ્યા કરશે તો તેને યોગ્ય જગા પણ મળશે.

શરીરની બાબતમાં આવી નોંધ લેવાય:—

૧ બાળકની જૂદી જૂદી ઉંમરે વજન અને ઉચાઇ.

૨ વર્ષમાં બાળકને જૂદા જૂદા પ્રકારની માંદગી કેટલી વાર આવે છે ને કેટલો વખત ચાલે છે.

૩ જૂદી જૂદી ઉંમરે બાળકના ખોરાકનું પ્રમાણ અને ગમતી અણગમતી ચીજો.

૪ બાળકની જૂદી જૂદી ઉંમરે ઊંઘનું પ્રમાણ.

૫ બાળક ક્યારે ઉંધું પડે છે, ક્યારે ભાંખડ ભર થાય છે, ક્યારે ઉભું થાય છે ને ક્યારે ચાલતાં શીખે છે.

૬ બાળકની નજર ક્યારે મંડાય છે.

૭ કયા કયા રંગો બાળકને શરૂઆતમાં ગમે છે ને કયા રંગો તરફ તેનું ધ્યાન પાછળથી જાય છે.

૮ કેવા પદાર્થો તરફ બાળકનું શરૂઆતમાં ધ્યાન જાય છે

૯ બાળક બોલતાં કઇ ઉંમરે શીખે છે. વહેલામાં વહેલું કયે મહીનેથી ધુધવાટ શરૂ કરે છે. આ આ ક્યારથી બોલે છે ને બા, કાકા, વગેરે શબ્દો ક્યારથી શરૂ કરે છે. ગ.

આ દાઢમ આપને

!! "આ દાઢમ આપને ?"

"ન અપાય. તને તાવ આવ્યો છે. આપું તો શરદી થાય."

"એં એં એં. અમને દાઢમ આપ. દાઢમ, દાઢમ !"

"દાઢમ ન અપાય. તારે રોવું હોય તો રો ને ન રોવું હોય તો ન રો."

"એં એં એં."

"જો રોવું હોય તો બહાર જા. એક તો તાવ આવે ને દાઢમ માગવું ને ઉપર જતાં બે કડો તાણવો?"

છોકરું બહાર જઈ રડવા લાગ્યો.

માને દયા આવી.

"અહીં આવ તો છોકરું ?"

"મને દાઢમ આપ. એં એં એં."

"આવ તો ખરો. જો એ દાણા આપીશ."

"એં એં એં. અમને આખું આપ."

"આખું ન અપાય. માંદા પડાય. લે બે દાણા ખા."

"એં એં એં. થોડાક વધારે આપ."

"લે, હવે વધારે નહિ આપું."

"ખા, હવે થોડાક વધારે આપ. પછી નહિ માગું."

"લે ભાઇ હવે છે કાંઇ? હવે એક દાણો વધારે નહિ."

છોકરું દાડમ ખાઈ રહ્યો.

"એં એં એં! અમને એક આખી ચીર આપ. લખુને કેટલું બધું આપ્યું?"

"પણ એ તો સાજો છે. તું માંદો છું, તને નહિ મળે."

"એં એં એં. અમને ન આપે ને લખુને આપે."

"જા, મારા રોયા! એટલું બધું ખાઇ ગયો ને હજી પાકો અટારા કરે છે! જા હવે તો એકે દાણો નહિ આપું."

"એં એં એં....."

"હવે તું તારે બહાર જઇને રડ. હવે બોલાવવાની જ નથી."

છોકરું રડવા લાગ્યો.

માને ફરી દયા આવી.

"આ લે છોકરું, આ આટલું રહ્યું છે. હવે બધું આપી દઉં છું. ખાઇ જા."

છોકરું ખાઈ જઇને કહેઃ "એ પણે થોડુંક પાણીમારે રાખ્યું છે, ને કહે છે કે બધું આપ્યું! અમને બધું આપી દે."

"જા, રોયા, ચામડા! હવે તો એક દાણો નહિ આપું, તું તારે રો."

આટલું દાડમ બધું તોયે પાછું છોકરુંને રડવાનું તો રહ્યું જ. કારણ?

એની બાની નબળાઇ.

આવે વખતે છોકરુંને આપવું કે ન આપવું તેનો વિચાર પહેલેથી જ કરવો. પછી આપવું હોય તેટલું જ આપવું. છતાં બાળક રડે તો ગણકારવું નહિ, પીગળી જવું નહિ. બાળકને બાત્રી થવા દેવી કે માગણી ચાલશે નહિ. માંદા બાળકને દુઃખ દેવાનો હેતુ ન હોય; તેને પ્રસન્ન રાખવું ઘટે છે, પણ તેને માંદુ પડે તેવું આપીને તો નહિ જ. તેને બીજી પ્રવૃત્તિ આપી રડવામાંથી બચાવી લઇ શકીએ તો વધારે સારું. ગિ.

ડૉક્ટરને મળો

માથે મારી મૂકો નહિ પણ ડૉક્ટરને મળો જ મળો—

જ્યારે બાળક વારંવાર રડે ત્યારે.

જ્યારે બાળકને પડી રહેવાનું જ ગમે ત્યારે.

જ્યારે બાળકને કળજિયા કરવાનું શોધવું પડે ત્યારે.

જ્યારે બાળકનો કાન વહે ત્યારે.

જ્યારે બાળકની આંખ દુખે ત્યારે.

જ્યારે બાળકને જરાપણ ઉધરસની શરૂઆત થાય ત્યારે.

જ્યારે બાળકને ઊંઘ ન આવે ત્યારે.

જ્યારે બાળકને વારેવારે ઝાડા થાય ત્યારે.

જ્યારે બાળકને વારેવારે સળેખમ થાય ત્યારે.

જ્યારે બાળકને વારેવારે તાવ આવી જાય ત્યારે.

જ્યારે બાળકને વારેવારે શેડા આવ્યા કરે ત્યારે

આ દરેક વખતે ડૉક્ટરને જરૂર મળો. ગિ.

મોન્ટીસોરી બાલમંદિર

બાળકોને શાળામાં ભેગા કરવાથી અને મોન્ટીસોરી સાધનો વચ્ચે તેમને છોડી મૂકવાથી મોન્ટીસોરી બાલમંદિર બની શકે નહિ

મોન્ટીસોરી બાલમંદિર બીજી બધી શાળાઓથી જૂદું પડે છે. તેનાં કેટલાંએક વિશિષ્ટ લક્ષણો જ્યાં નથી, ત્યાં મોન્ટીસોરી બાલમંદિર નથી જ. આ લક્ષણો પ્રવર્તે છે કે નહિ તેની ખાતરી મંદિર નજરે જોઇને જ કરી શકાય.

મોન્ટીસોરી શાળા પ્રાથમિક અને આગળનો એવા બે વિભાગમાં વહેંચી શકીએ અહીં મોન્ટીસોરી પ્રાથમિક વિભાગનો વિચાર આપ્યો છે. આગળની શાળા યુરોપના દેશોમાં પણ હજી સુધી સંપૂર્ણપણે વિકસી જણાતી નથી, તેમજ મોન્ટીસોરી શાળા મુખ્યતઃ પ્રાથમિક વિભાગમાં જ સમાય છે. અને પ્રાથમિક વિભાગની ખરી સફળતા ઉપર એ પદ્ધતિની મદાર છે

મોન્ટીસોરી શાળાને કિન્ડરગાર્ટન અગર બીજી કોઇ પણ વ્યક્તિગત બાલશિક્ષણની પદ્ધતિ સાથે લેવા દેવા નથી આ પદ્ધતિ વિશેષ સિદ્ધાંતો ઉપર રચાએલી હોવાથી તે બીજાથી જૂની પડે છે, અને તેથી અન્ય પદ્ધતિઓ સાથે તેનાં જે મિશ્રણો કરવામાં આવે છે તે ભૂલ ભરેલાં અને નુકશાનકારક છે માટે જ્યાં જ્યાં કિન્ડરગાર્ટન મોન્ટીસોરી શાળા અગર સુધારેલી મોન્ટીસોરી શાળા અથવા અમારા શિક્ષક રચે તેવી મોન્ટીસોરી શાળા અગર અમે કહીએ તેવી મોન્ટીસોરી શાળા હોય ત્યાં એ ભ્રમ છે મોન્ટીસોરી શાળા એટલે જ મોન્ટીસોરી શાળા. કાગડો એટલે કાગડો જ અને કુતરૂં એટલે કુતરૂં જ મોન્ટીસોરી શાળામાં જતાં વેંત આપણે અત્યંત ચોકખું, જોઇએ તેટલું વિશાળ અને હવા પ્રકાશવાળું મકાન જોઇશું એ મકાન કદાચના થોડા છતાં પસંદ કરેલા ક્ષારા નમુનાઓથી વ્યવસ્થિત રીતે શણગારેલું જણાશે. પ્રકૃતિના સાવનો વખતો વખતે જોઇએ તેમ બહાર રચાએલાં અને બીજા કબાટ અગર પેટીમાં મૂકાએલા હશે. આખો ઓરડો સાધનોથી અને શણગારથી ગુંગળાઇ ગએલો કદિ હશે જ નહિ. બાલમંદિર એટલે બાળકોને જીવતાં જઇ આગળ વધવાની જગ્યા. ત્યા સામાજીક જીવનની તૈયારી માટેની પણ સગવડ જોઇશું. સૂપડી, સાવરણી, કચરાની ટોપલી, પાણી પીવાનું નિયત સ્થળ અને સાધનો, તે પ્રમાણે જ ખોચ માટે સ્થળ સાધન, તેમજ કાચ, દાંતીઓ, રૂવાલ વગેરે જોવા મળશે. બાળકને આરામ લેવાની અને ઊંઘ આવે તો સૂઇ જવાની ગોઠવણ પણ ત્યાં જણાશે.

આ થઈ ઓછામા ઓછી પણ અતિ આવશ્યક એવી બાલમંદિરની સગવડ.

આ બધી સગવડ નાનાં બાળકોને ઉપયોગ કરવામાં સહેલથી ફાવે અને ઉપયોગથી તેમની શક્તિ ખીલે તેવી ઢબે મૂકેલી હશે. દુઃખમાં કોઇ દવાખાનાનાં સર્જરીના ઓરડામાં ઓપરેશનનાં સઘળાં સાધનો જેટલી ચોકસાઈ અને ચોકખાઇથી મૂકેલાં હશે તેવી આ સગવડ હશે.

ઉપરાંત ઓરડામાં અગર નજીકમાં આજુબાજુમાં રંગતગમતની, શારીરિક કસરતોની, પ્રાણી અને વનસ્પતિ ઉછેરની, વગેરે મોન્ટીસોરી પદ્ધતિમાં જે પરિસ્થિતિની આવશ્યકતા છે, તેની વ્યવસ્થા અને સામગ્રી જોવામાં આવશે.

ઓરડામાં પેસતાં અઢીથી માંડીને પાંચ વર્ષ સુધીનાં બાળકો નજરે પડશે. તેથી ઉપરની ઉંમરનાં બાળકોની શાળા મોન્ટીસોરી પ્રાથમિક શાળા નથી. તેમને માટે મોન્ટીસોરીનાં સાધનો નથી. પાંચ પછીની ઉંમરનાં બાળકો માટે જે શાળામાં મોન્ટીસોરીનાં સાધનો છે ત્યાં સાધનોનો નિરર્થક ઉકરડો છે, અને બીજી રીતે તે સ્થળ બાળકોને નિરર્થક

સડવાનું ઠેકાણું છે.

મોન્ટીસોરી શાળાનો પ્રથમ પ્રદેશ નાની ઉંમરનાં બાળકોનો છે, અને પ્રબોધક સાહિત્યો કેવળ તેમને માટે જ છે. આ પ્રબોધક સાહિત્યો ઉપર લખી યોગ્ય ઉંમરનાં બાળકોનાં હાથમાં યોગ્ય શિક્ષક યોગ્ય વખતે મૂકી શકવાની આવડત ધરાવતો હશે. તે શાળામાં આપણે સાધનો ઉપરની વિધવિધ પ્રવૃત્તિઓ જોઈશું. ત્યાં બધાં બાળકો શિક્ષકથી ભણાવાતાં નહિ દેખાય. તેઓ સૌ વ્યક્તિગત છૂટાં હશે. તેઓ મનપસંદ સાધન શક્તિઅનુસાર ઉપાડી ઠીક લાગે ત્યારે ને રસ રહે ત્યાં સુધી વાપરતાં જણાશે. સાધનના વપરાશની અંદર તલ્લીન થઈ ગયેલ હોવાથી એકંદરે ઓરડામાં શાંતિ અને વ્યવસ્થા જણાશે. પ્રત્યેક બાળક કાંઈ પણ બુદ્ધિપૂર્વકની હેતુ પુરઃસર હિલચાલ કરતું નજરે પડશે, તેમજ તેના ચહેરા પર કામ કરવાનો આનંદ હશે.

આ વખતે મોન્ટીસોરી શિક્ષક શાંતિથી દરેક બાળકની પાછળ ઉભો રહી તેનું કામ જોતો હશે. તેની નોંધ લેતો હશે; જ્યાં જરૂર પડતી હશે ત્યાં બાળકને આ બાબતમાં હવે કેમ થાય તે બતાવી દઈ પાછો તેને તે જાતે કરવા દેવા છોડી મૂકતો દેખાશે. તેની સાથે ૨૦ થી ૨૫ બાળકો હશે. ૫૦–૧૦૦ બાળકોના ધાડીયા ઉપર હૂકમો છોડીને અગર વાર્તાઓ કહેવાની કે ગીતો સંભળાવવાની કે રમતો રમાડવાની કે ઇધરતીધર નવી પ્રવૃત્તિમાં તેમને મૂકવાની માથાકૂટ કરવાનું નહિ કરતો હોય. વળી તેની સામે ઉંમર બહારનાં અગર અલ્પધારણ (sub-normal) કે મૂઢ બાળકોના પ્રશ્નો મુખ્યત્વે કરીને નહિ હોય. મોન્ટીસોરી શિક્ષક સમધારણ બાળકોને રસ્તે મૂકવાની વિદ્યા જાણે છે; પદ્ધતિનો ત્યાં મુખ્ય પ્રદેશ છે. તેથી બહારના પ્રદેશનાં બાળકોને તેમના યોગ્ય પ્રદેશની શાળામાં અથવા અન્ય કોઈ લાયક શિક્ષક પાસે મોકલી દેશે. મોન્ટીસોરી શિક્ષક સમધારણ બાળકોનો અભ્યાસ કરશે. તેમાં તેવાં બાળકોને પડતી મુશ્કેલી અથવા ઉણપનો વિચાર કરી રસ્તો કહાડશે. અને પોતાની પદ્ધતિ પર અચલ આસ્થાવાળો અને બીજી પદ્ધતિઓનું જ્ઞાન ધરાવતા છતાં પોતાની પદ્ધતિથી સફળતા મળશે એવી અનુભવની ખાત્રીવાળો શિક્ષક જ્યાં હશે, ત્યાં મોન્ટીસોરી શાળાની સફળતા વિષે કોઇને બીજું કશું કહેવાનું રહેશે નહિ.

મોન્ટીસોરી શાળામાં આપણે જોઇશું તો બાળકને ત્યાં રાખવામાં આવેલી પ્રવૃત્તિઓમાંથી મનગમતી પ્રવૃત્તિ પસંદ કરવાની અને તે યથાર્થ રીતે કરવાની સ્વતંત્રતા જોવામાં આવશે. બાળક ગમશે તો દફ્તા લેશે, નહિ ગમે તો તે ન લેતાં બીજું ગમતું કામ–વાળવું ચોળવું વગેરે કરશે. પરંતુ દફ્તાને પછાડવા દેવાનું કે ઉંચા ઘોસવાનું કે બારણાં ભટકાવવાનું શિક્ષક કરવા દેશે નહિ. શાંતિથી તેની સામે બીજું કામ મૂકશે અગર જરૂર પડયે તેની શારીરિક કે માનસિક અવ્યવસ્થા શોધી કાઢી તેને વ્યવસ્થિત કરવાનો માર્ગ લેશે. શારીરિક દરદથી પીડાતા બાળકને ડૉક્ટરને સોંપશે અને માનસિક વિકૃતિથી પીડાતા બાળકને અગર તેવાં બાળકોને યોગ્ય વૈદ્ય પાસે પહોંચાડી પોતાનું કામ ચાલુ રાખશે. મુશ્કેલ બાળકનો પ્રશ્ન માબાપનો સહકાર સાધીને પણ ઉકેલવાનું કરતો જોવામાં આવશે. પરંતુ તેની મુખ્ય નજર તો પદ્ધતિના સિદ્ધાંત અનુસાર સાધનોના યથાર્થ ઉપયોગ તરફ રહેશે. મોન્ટીસોરી પદ્ધતિનું આખું વાતાવરણ બાળકને પ્રવૃત્તિમય રાખી તેને વિકાસ તરફ પ્રત્યેક ક્ષણે આગળ ધકેલી, તેની નિર્બળતાઓ અને ન્યૂનતાઓ નવા મળતા બળથી જ પૂરાઇ જશે એમ માની, બાળકને પ્રવૃત્તિમાં મૂકશે.

મોન્ટીસોરી પદ્ધતિની જૂદી જૂદી શાળાઓમાં શિક્ષક પોતાની અંગત વિશેષ આવડતનો લાભ આપી તે શાળામાંની પ્રવૃત્તિમાં અધિક ફાળો આપી શકે. વાર્તાકુશળ શિક્ષક વાર્તા કહેતો દેખાશે. લોક-

ગીત રસિક શિક્ષક લોકગીતો ગાઇ સંભળાવશે. એમ બીજી ઘણી પ્રવૃત્તિઓને બાળકો આગળ આવવાનું બનશે. પણ મોન્ટીસોરી શિક્ષક આ બધી ઇતર પ્રવૃત્તિઓથી જ શાળાને ભરી દેશે અને પ્રમોધક સાહિત્યોનો વ્યક્તિગત વપરાશ ને તેનાથી થતો ઇંદ્રિયવિકાસ, બુદ્ધિવિકાસ વગેરેને મોટે જગા નહિ રહેવા દે, તો તે શાળા મોન્ટીસોરી શાળા મટી ગએલી છે એમ દેખાશે. ગિ.

શિક્ષકની કબુલાત

હું એક શિક્ષક છું. મેં "શિક્ષકનાં કન્ફેશન્સ" એવા લેખનું એક ઠેકાણે મથાળું વાંચ્યું અને મને થયું કે હું તો મારાં કન્ફેશન્સ કરું!

વર્ષોથી હું શિક્ષણના ધંધામાં છું. શિક્ષક તરીકેની યોગ્યતા મેળવતાં શિક્ષણશાસ્ત્ર અને પદ્ધતિનું મેં જે જ્ઞાન એક વખત મેળવી લીધું તેમાં મેં ઘણો જ થોડો વધારો કર્યો છે.

જાહેર વાચનાલયમાં હું જાઉં છું, પણ શિક્ષણ વિષયક પત્રોને હું ભાગ્યેજ અડું છું. લાયબ્રેરીમાંની ઇશ્યુ બુક જોઉં છું તો મારા નામ સામે બીજા ઘણા ગ્રંથો દેખાય છે પણ શિક્ષણ વિષયક એકે ગ્રંથ મારા નામે જણાતો નથી.

વાંચવાની ટેવ મારામાં છે ખરી. શરૂઆતનાં વર્ષોમાં પાઠયપુસ્તકો અને તે ઉપરની નોંધો વાંચવામાં હું રોકાતો. હવે તો માત્ર કોઈ વાર પાઠયપુસ્તક બદલાય છે ત્યારે તે જોઇ જવાનું રહે છે. મારો વાચનપ્રદેશ દૈનિકો, માસિક છાપાંઓ અગર ઇધરતીધરની નવરકથાઓ છે.

શાળા પછીના સમયમાં શિક્ષણ વિષયક વાતો કવચિત જ કરું છું. કોઇને ડિસમીસ કર્યાની, કોઇને પ્રમોશનની, ફોર્મ આપ્યાની, પરીક્ષાની, ઉપરી અધિકારીઓની અગર સ્ટાફની, બુકસેલરોની એવી એવી જાતની વાતો મારી વાતનો મુખ્ય વિષય છે.

અમે બધા શિક્ષક ભાઇઓ રિસેસમાં યા પાણી માટે એક બીજાને ત્યાં મળીએ છીએ ત્યારે ઘણી વાતો કરીએ છીએ, પણ શીખવવું કેમ, શિક્ષણનાં સાધનો, વિદ્યાર્થીઓ વગેરે સંબંધે વાતો નથી થતી. અને વાત કરવાનું કંઇ કારણ પણ નથી રહેતું. શાળાનો સમય નિશ્ચિત છે, અભ્યાસક્રમ સ્થિર છે ઘંટથી સમય બદલાય છે ને પરીક્ષાને માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. પદ્ધતિના ઢાળા ઢળેલા છે. નિશાળમાં જઉં છું, હંમેશના પાઠો લઉં છું ને દઉં છું; કાંઇક યુક્તિથી, કાંઇક શક્તિથી, કાંઇક પ્રતિભાથી અને મુખ્યતઃ શાળાના ડિસિપ્લીનના નિયમોથી વ્યવસ્થા જળવું છું અને કામ કર્યે જાઉં છું.

હું વિષયો ઉંડા ઉતરીને શીખવતો જ નથી. કારણ પરીક્ષામાં જેટલું શીખવવું જરૂરનું છે તેથી વધારે શીખવવા જતાં વખત ઓછો પડે, વિદ્યાર્થીને નકામી વાર લાગે અને ઉપરીને નકામો પડારો લાગે.

વિદ્યાર્થીઓને હું નામથી અને તેમને પાઠ આવડે છે કે નથી આવડતા તે રીતથી જ માત્ર જાણું છું. તેમનાં કુલશીલ કેવાં છે, મૈત્રી કેવી છે, મનોવિહાર કેવો છે વગેરેમાં હું કશું જાણતો જ નથી. તેઓ અને મારે નજીકનો સંબંધ છે જ નહિ. તેઓની બુદ્ધિનો કાંઇક ખ્યાલ મને છે, પરંતુ તેમના હૃદય વિષે તો હું કેવળ અજ્ઞાત છું.

પહેલો કોણ અને છેલ્લો કોણ તે હું દેખું છું, પરંતુ તેમની શારીરિક શક્તિ અશક્તિની મને ખબર નથી પાઠ કરી લાવે છે તે હુશિયાર છે, અને તેઓ મને ગમે છે; બાકીના ઠોઠ અને અણગમતા છે. તેમનો મારા ઉપર કે મારો તેમના ઉપર ખાસ પ્રેમ કે રાગ નથી. અમે પરસ્પરનો વિશ્વાસ તો કયાંથી જ ભોગવતા હોઇએ? તેઓ મારાથી ડરે છે તો હું તેમના ઉપર અધિકાર ભોગવું છું.

નિશાળ છોડ્યા પછી કોઇ અપમાન કરનાર વિદ્યાર્થી સિવાય બીજા વિદ્યાર્થીઓ ભાગ્યે જ સાંભરે છે. તેઓ તેમને ત્યાં ને હું મારે ત્યાં. પડ્યા પડ્યા પરીક્ષા આવી છે માટે હવે દૃઢ પુનરાવર્તન કરાવી નાખીએ, રિસેસમાં પણ કામ કરીએ આવો વિચાર તેમને વિષે આવે છે.

તેઓનાં ઘરે મેં તો નથી જોયાં, પણ મારૂં ઘર પણ મેં તેમને દેખાડ્યું નથી. એવો સંબંધ રાખ્યો જ નથી.

મારૂં સ્વપ્નું પ્રમોશન મેળવતાં મેળવતાં આચાર્ય થવાનું અને વર્ષો પૂરાં કરી રિટાયર્ડ થઇ પેન્શન મેળવવાનું છે. મારી ઈચ્છા અવસ્થા પાકે તે પહેલાં પાંચ પૈસા બચાવી કોરે મૂકવાની છે. એટલા માટે તો હું વધતા વખતમાં ટ્યૂશન પણ કરૂં છું.

મારી ઇચ્છા નાત જતમાં ઠીક ઠીક રહી છોકરાં છૈયાં સારી રીતે ઠેકાણાસર કામે લગાડી પરણાવી પહટાવી જંદગીનો આરામ મેળવવાની છે.

આ બધાં માટે પ્રવૃત્તિ કરવાની મારી વૃત્તિ છે. આજે શિક્ષણનો ધંધો પણ મારે મન એક પ્રવૃત્તિ છે. આવું છે ત્યાં શિક્ષણનો આદર્શ, શિક્ષણની સુધરેલી પદ્ધતિથી શીખવવાનો આગ્રહ, શિક્ષણમાં નવા પ્રયોગો કરવાની ધગશ, એવું બધું મારામાં છેય નહિ ને આવવાનું પણ નથી. આજે જે મારી સ્થિતિ છે તે મારે ચોકખે ચોકખી જણાવી દેવી જોઈએ. મારી પોતાની તો આવી સ્થિતિ છે. બીજા ભાઇઓની હોય તેવી ખરી.

ઇતિહાસનું શિક્ષણ

પ્રશ્નઃ–ઇતિહાસશિક્ષણમાં વપરાતી હાલની શિક્ષણપદ્ધતિમાં શા શા ફેરફારો થવા જોઇએ?

ઉત્તરઃ પ્રાથમિક શાળામાં એટલે ચાર ધોરણ સુધી તો ઇતિહાસનું શિક્ષણ ન આપવું જોઇએ એવો મારો મત છે. છતાં ઇતિહાસ શીખવવો જ હોય તો વાર્તા પદ્ધતિમાં કેટલાક ફેરફારો કરીએ તો ઓછું નુકશાન થાય.

પ્ર૦–અત્યારનાં પ્રાથમિક શાળાનાં ઇતિહાસશિક્ષણ માટેનાં પાઠ્યપુસ્તકો સંતોષકારક છે?

ઉ૦–હું પ્રાથમિક શાળામાં ઇતિહાસશિક્ષણને અવકાશ આપતો નથી. ઇતિહાસશિક્ષણને પ્રાથમિક શાળામાં સ્થાનજ તો પણ પાઠ્યપુસ્તકો વિના હું ચલાવું. એમ છતાં પણ પાઠ્યપુસ્તકોથી જ કામ લેવાનું માથે આવે તો અત્યારનાં પાઠ્યપુસ્તકોને પસંદ કરૂં જ નહિ કારણ કે આજનાં ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો મારા મતે ઘણાં જ અસંતોષકારક છે.

પ્ર૦–આજનાં પાઠ્યપુસ્તકોમાં શી શી ખામીઓ જણાય છે?

ઉ૦–એક તો ઇતિહાસનાં પાઠ્યપુસ્તકોમાં હકીકતની જે ચોકસાઇ જોઇએ તે જોવામાં આવતી નથી ને કેટલીક વાર દેશકાળને અનુસરીને લખાએલાં પુસ્તકોમાં ગંભીર હકીકત ફેર હોય છે. બીજું ઇતિહાસનાં પાઠ્યપુસ્તકોની ભાષા ક્રમિક નથી તેમજ સમજાય તેવી સરલ અને રસિક પણ નથી. વળી પાઠ્યપુસ્તકમાં ભાષા વસ્તુને અનુકૂળ જેટલી જોઇએ તેટલી જ તે વિદ્યાર્થીના વિકાસની કક્ષાને પહોંચતી જોઇએ. ઇતિહાસ ભલે હકીકતોની નોંધ છે, છતાં હકીકત માત્ર રસિક વાર્તા રૂપે નોંધવાથી અભ્યાસમાં રસ પડવાની જે સહજ શક્યતા છે, તે આજનાં પુસ્તકોમાં નથી. કેટલાંએક ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો વાર્તા રૂપે લખેલાં કહેવામાં આવે છે. ત્યાં લેખકોની વાર્તાની લેખનકળાનો ખ્યાલ પૂરેપૂરો સમજણ

ભરેલો જણાતો નથી. લખાણને વાર્તા કહેવાથી તે વાર્તા બની શકતી નથી. કોઈ પુસ્તકો વાર્તા રૂપે કલાધર લેખકો લખવાનો પ્રયત્ન કરે છે ત્યારે ભાષા અને લેખનકળાની ઉત્કૃષ્ટતાને લીધે જ ઇતિહાસનું પુસ્તક વિદ્યાર્થીનું પાઠ્ય-પુસ્તક મટી મોટાઓનું રસિક વાચન બનો છે આવાં કારણોને લીધે આજનું ઇતિહાસનુ પાઠ્યપુસ્તક સંતોષકારક જણાતું નથી.

પ્ર૦–પાઠ્યપુસ્તકને સંતોષકારક બનાવવા માટે શા શા સુધારા જોઇએ ?

ઉ૦–મારા મતે ઇતિહાસનાં પુસ્તકો પાઠ્ય-પુસ્તક રૂપે એટલે કે ભણાવવા રૂપે નહિ પરતુ જ્ઞાનદાયક વાચન રૂપે ઉપયોગી થાય તેવાં રચાવાં જોઈએ. વાચનમાળા લખવા માટે જેમ વિષયના વિદ્વાનોની સમિતિએ એ કામ ઉઠાવવું પડે છે તેમજ ઇતિહાસ નિષ્ણાત પુરુષોની સમિતિના હાથમાં આ જાતનાં પુસ્તકો લખવાનું કામ કોઇ પણ જાનગી સંસ્થા કે જાહેર સરકાર મૂકી શકે. આ સમિતિના સભ્યો વિદ્યાર્થીની ભાષા અને શિક્ષણશાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતથી પરિચિત હોવા જોઇએ. તેઓ બાળ ભાષાથી માંડીને પ્રૌઢ ભાષા સુધીમાં સરલ વસ્તુથી માંડીને કઠિન વસ્તુ સુધીનું લખવાની કળા જાણતા હોવા જોઇએ. ઇતિહાસના એક મહાન ગ્રંથના આ સંપૂર્ણ વસ્તુને સંકલિત કરીને ઇતિહાસની બાળ-પોથીથી તે સાતમી ચોપડી સુધીનાં પુસ્તકો યથા-ક્રમ સંપાદન કરવાની આ સમિતિને-શક્તિ જોઇએ. આવાં પુસ્તકો લખવામાં બે પદ્ધતિ વાપરી શકાય; એક કાલક્રમાનુસારી અને બીજી કેંદ્રાનુસારી. અને તો આ બંને લેખનપદ્ધતિ પર પુસ્તકો રચાય તે ઇષ્ટ છે. આ જાતનાં પુસ્તકો સંતોષ આપશે.

પ્ર૦–આવાં પુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો ?

ઉ૦ ઇતિહાસ ભણાવાય તો નહિ, એટલે તેનો પરિચય કરાવાય. શાળામાં વાચનાલય તો જોઇએ જ. એમાં એક ઇતિહાસ વિભાગ મૂકાય, અને પહેલી ચોપડીમાં ભણનાર પણ રસથી વાંચી શકે તેવી ઇતિહાસની નાનકડી બાળપોથી જેવી ચોપડી ત્યાં હોય તેની માથે જ સાતમા ધોરણનો વિદ્યાર્થી વાચે ને લાભ ઉઠાવે તેવું ઇતિહાસનું પુસ્તક પણ તે જ વિભાગમાં હોય. ઉપર કહ્યા પ્રમાણે રસિક પુસ્તકો, વિદ્યાર્થી સમજી શકે એવી શૈલીમાં, સારા કાગળ છપાઈ અને બાંધણી વગેરેવાળાં હશે તો વિદ્યાર્થીઓ તેને વાર્તાનાં પુસ્તકો જેમ હોંશે હોંશે વાંચશે. વર્ગશિક્ષક અગર ઇતિહાસનો શિક્ષક આ પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓને લઈ જઈ ઇતિ-હાસનાં પાઠ્યપુસ્તકો બનાવે. તેમાંથી થોડું થોડું તેમને વાંચી સંભળાવી તેમને વિષયાભિમુખ કરે. અને પછી તેમને સમયપત્રક પ્રથા હોય તો ઇતિહાસના સમયમાં અથવા અસમયપત્રક પ્રથા હોય તો ગમે ત્યારે અથવા ઘેર લઈ જઇને વાંચવા દેવાની છૂટ આપે. સારાં પુસ્તકોનુ રસથી કરેલુ વાચન વિદ્યાર્થીઓનું સાચું ઇતિહાસનું શિક્ષણ થશે જ.

પ્ર૦–ઐતિહાસિક વાર્તા અને અન્ય વાર્તામાં કાંઇ પણ તફાવત હોવો જોઇએ ?

ઉ૦–ઇતિહાસની વાતો પરીઓની વાતો તો નથી જ. ઇતિહાસ એટલે બનેલી હકીકતોની નોંધ. એના વાતો રૂપ કથનમાં ગપ્પાં ભેળવી ન શકાય; ન બનેલુ ન કહી શકાય. પણ જૂની હકીકતો બની તે વખતે સાથે સાથે જ જે સહેજે બન્યું હોવું જોઇએ તેવું ઇતિહાસના ગ્રંથોમાં ન લખેલું હોય છતાં સહજ કલ્પનાથી ભેળવીને ન

કહીએ તો ઇતિહાસ વાર્તા રૂપે કહી શકાય જ નહિ. લડાઇનું વર્ણન—બે રાજાઓ વચ્ચે લડાઇ થયાની હકીકત ઇતિહાસમાંથી મળે; પણ પછી હાથીઓ, ઘોડા વગેરેનાં દળનાં વર્ણનો, શસ્ત્રોના ચળકાટની અને ખડખડાટની વાતો ને મારામારી કાપાકાપીનાં લોહીભર્યાં વર્ણનો તો દરેક યુદ્ધમાં સામાન્ય ગણીને તે કહેવામાં ઐતિહાસિક અસત્ય થતું નથી, અને વાર્તાનો રસ જન્મે છે. ઇતિહાસની વાર્તામાં આમ ઘટતા રંગો પૂરવાની છૂટ છે. બાકીમાં હકીકત જોઇએ. આથી ઉલટું વાર્તા એટલે વાર્તા, કેવળ ગાઢપુરાણ પણ બની શકે ઐતિહાસિક અને બીજી વાર્તાઓનો આટલો તફાવત.

પ્ર.૦–ઇતિહાસના પુસ્તકોમાં ભૌગોલિક શિક્ષણનો સંબંધ શી રીતે જોડવો?

ઉ૦–ઇતિહાસનાં પુસ્તકો સાથે તો સ્થળ-નિર્દેશ માટેના સમય સમયના નકશાઓ મૂકાય તેટલું બસ છે. ભૂગોળનું શિક્ષણ અથવા જ્ઞાન આપવાની વ્યવસ્થા ઇતિહાસનાં પુસ્તકો જેવાં જ ભૂગોળનાં પુસ્તકો અને અન્ય સાધનોથી શક્ય કરવું જોઇએ. ઐતિહાસિક વાતો વધારે રસિક થાય તે માટે નકશાઓ ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ ભૂગોળ પર્યટન અને સંગ્રહાલયોનું દર્શન પણ અતિ મહત્ત્વનું છે. ગિ.

કહેવતો

કહેવતો એ અનુભવથી થએલા જ્ઞાનનાં સૂત્રો છે.' આ વચનમાં ઘણું સત્ય છે. જૂના વખતમાં જ્યારે લેખન વાચનનાં સાધનો ન હતાં ત્યારે માણસો પોતાને થતા અનુભવો, કાવ્યો, કહેવતો વગેરે એક મુખેથી બીજે મુખે જઇ શકે તેવાં સાધનોમાં સંગ્રહતા. એવા સંગ્રહો આજે પણ પરંપરાથી ઉતરી આવેલા છે. અક્ષરજ્ઞાન ખૂબ ફેલાયું છે ત્યાં પણ આ સંગ્રહો પ્રચલિત છે. આપણે ત્યાં તો લોકોને કંઠે આ સાહિત્ય હજી સાવ જ લીલું અને ભરપૂર છે. આજે આપણે લોકો વચ્ચે ઉભા રહીશું તો થોડી જ વારમાં એક બે કહેવતો સાંભળીશું. આ કહેવતો બરાબર પ્રસંગોચિત હશે, માર્મિક હશે, જ્ઞાન દેનારી હશે. ઘણી વાર જગાડનારી પણ હશે. ભાષાના જ્ઞાનને વધારનારી ને કલ્પનાને રસનારી હશે. ટૂંકી છતાં ઘણું કહેનારી હશે.

આ કારણે અક્ષરજ્ઞાન વધે, સાહિત્યનાં પુસ્તકો વધે તોપણ કહેવતોનો ઉપયોગ છે. કહેવતનું જ્ઞાન વધે તેની જરૂર છે. માટે કહેવતને ઘરમાં અને શાળામાં સ્થાન છે. નવાં ઘરોમાં કહેવતો ઓછી વપરાય છે કારણ કે ઘણાઓ તેની સૂગ રાખે છે. ઘણાઓને તેમાં અસભ્યતા કે જૂનાપણું લાગે છે. શાળામાં તેનો અભ્યાસ તો છે જ નહિ. આપણે ઘર અને શાળા બન્નેમાં કહેવતોને દાખલ કરી શકીએ. ઘરમાં કહેવતોની અંતકડી રમવાથી કહેવતોનું જ્ઞાન અને તેના વપરાશની કળ મળે છે. ઘરમાં પ્રસંગોચિત કહેવત વાપરતા રહીએ તો તેનો સૌને લાભ મળે છે. જેમ બીજી અંતકડીઓ રમાય તેમજ કહેવતની અંતકડી રમી શકાય. એક કહેવતને છેડે જે અક્ષર હોય તે ઉપરથી નવી કહેવત બોલવી ને તેના અંત્યાક્ષર ઉપરથી બીજી કહેવત આપવી. ઘરમાં સંસ્કારી અને સાહિત્યરસિક માબાપ કહેવતોની વાર્તાઓ જન્મ્યા પછી કે

પ્રસંગે કહી શકે.

શાળામાં નીચલા ધોરણથી જ કહેવતોની પોથીઓ વંચાતી થાય. પાઠ્યપુસ્તકો ચાલે ત્યાં પાઠ્યપુસ્તકોમાં કહેવતો જોઈએ. તેમ ન હોય ને વાચનાલયથી જ શિક્ષણ ચાલતું હોય ત્યાં કહેવતોની નાની નાની ચોપડીઓ વાચનાલયમાં મૂકાવી જોઈએ. શિક્ષક પ્રસંગોપાત કહેવતો ઉપરની વાર્તાઓ કહીને બાળકોમાં કહેવતનો રસ જગાડે. ઘર પેઠે શાળામાં પણ કહેવતોની અંતકડી રમાડી શકાય.

કહેવતોની બાબતમાં એક ખાસ બાબત ઘરમાં કે શાળામાં ધ્યાનમાં રાખવામાં આવે. બધી કહેવતો આજે ઉપયોગમાં આવે તેવી નથી. કેટલીએક આજે ખોટી એટલે આજના અનુભવ વિરુદ્ધની છે. કેટલીએક આજના આદર્શ વિરુદ્ધ છે. કેટલીએક સાવ દુઃખ ભગજવી અને કૂપમંડુક અનુભવની છે. કેટલીએક પ્રાથમિક દશાની હોઈ ત્યાગ કરવા જેવી છે. કેટલીક શરૂ-ગુણોને વધારનારી હોય તેને બદલે ઘટાડનારી છે. તે બધીને બાદ કરવી જ જોઈએ. એક દાખલો બસ થશે.

બુંધે જર પાંશરી,
બુંધે નાર પાંશરી,
બુંધે કોરૂં છાનાં રહે."

આ કહેવત કહે છે કે જર (જુવાર), નાર-સ્ત્રી અને કોરૂ બુંધે એટલે બોકાથી પાંશરાં કરવાં.

જૂના લોકોને આથી વધારે સૂઝતું નહિ. તેઓ અડી જ બટકેના પણ આપણે આજે સ્ત્રીની પદવી સમજી શક્યા છીએ તેનું જીવનમાં સ્થાન સ્વીકારી ચૂક્યા છીએ. તેને પશુ જેમ ગણતાં શરમાઈએ છીએ. ત્યાં આ કહેવત ન ચાલે ત્યાં આવી દુષ્ટ કહેવતને ધક્કા મળે. વળી આપણે બાળ-માનસને જાણીએ છીએ તેથી કહી શકીએ છીએ કે મારવાથી બાળક છાનું રહે તેનો કશો અર્થ નથી એ તો ઉપરથી છાનું રહે; અંત-રથી તો તેનું રડવાનું કારણ ત્યાં જ રહે. માટે બાળક માટે આ કહેવતને સૂત્ર-પ્રમાણ ગણીએ તો બાળકનો આપણે વિનાશ કરીએ. કહેવતોનો ઉપયોગ કરતાં આટલું આપણા ધ્યાનમાં હશે તો કહેવતો આપણાં બાળકોને સારો એવો લાભ આપશે. ઘરમાં અને શાળામાં કહેવતોનો સારો એવો પ્રચાર થાય એમ ઇચ્છીએ. ગિ.

પરદેશમાં વસતા ગ્રાહકોને જણાવવાનું કે આપને અત્યાર સુધીમાં આ પત્રિકાના જે જે અંકો ન મળ્યા હોય તે મંગાવી લેવા વિનતિ છે. ખૂટતા અંકો વિના મૂલ્યે આપીશું

પ્રત્યેક હિંદુ માસની શુક્લ એકમે પત્રિકા બહાર પડે છે તે ધ્યાનમાં રાખી પત્રિકા જ્યારે જ્યારે ન મળે ત્યારે તુરત જ તે જણાવશો પરદેશ માટે પત્રિકાનું લવાજમ ૧ ૮-૦ અથવા બે શિલિંગ છે માટે તે પ્રમાણે મોકલશો. પાંચ દસ ભાઈઓ ભેગા મળી લવાજમ મોકલશે તો સગવડ થશે.

આપને સાંના તમામ ભાઇઓ પત્રિકાના ગ્રાહક થાય એવી આપ તસ્દી લેશો તો આપે શિક્ષણના કાર્યમાં વિશેષ મદદ કરી કહેવાશે.



પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વ્યક્તિત્ર

એક ભાઇ પૂછે છે:—

મોટે ભાગે આજકાલ સ્ત્રી અને પુરુષ સરખાં કેળવાએલાં નથી. જ્યાં માતા અજ્ઞાન હોય અને પિતા શિક્ષણમાં સમજદાર અને ઉચ્ચાદર્શી હોય ત્યાં બંને વચ્ચે વિસંવાદ હોય ત્યાં શું કરવું? ઘણી વાર પુરુષને એવું પણ સાંભળવું પડે કે "ભાઇયો તમારો ગિન્નુભાઇ; બળી તમારી વાતો; મારે કાંઇ એમ પાલવે એમ નથી. ધમ દઇને ઢીંકો માર્યો કે ચપ દઇને સીધો થાય." ઉપરની મુશ્કેલી તમારા ખ્યાલમાં છે? જો હોય તો એવે સ્થળે તમે પોતે શું કરો?

ભાઇનો પ્રશ્ન સ્વાભાવિક અને વાસ્તવિક છે. ભાઇએ લખેલી મુશ્કેલી દરેક વિચારી મા કે બાપના ખ્યાલમાં આવતી જ હોય છે. "લે તારી મોન્ટી-સોરી" એમ કહીને ઢીંકો માર્યાનું પણ દૃષ્ટાન્ત છે. એવા ઘણા અનુભવો થાય જ છે. આવી પરિસ્થિતિમાં ઉતાવળા થવાની જરૂર નથી. માબાપ સામસામા લડી તો ન જ પડે. પરસ્પર મા કે બાપની ભૂલ માટે એક બીજા સામે થઈ ન જાય. તેઓ અંદરથી એક બીજાની સામે થઇને ઉભાં ન રહે. બાળકો તેમનાં બનેનાં છે. તેમનું હિત અવશ્ય તેમને જ શિર છે. આ બાબતમાં શિક્ષણ વિષયક અજ્ઞાન દૂર કરવાનો પ્રયત્ન બનરી રાખવો જોઇએ. બાળકો કારણે માબાપો સાચે જ દુશ્મન થઇ બેસે તો તો ઘર ઘર મટી જઈ યુદ્ધક્ષેત્ર થાય. ત્યાં બાળકોનું શિક્ષણ ઉલટું બગડવાનું જ. જેમાંથી એક જે વિચાર કરી શકતું હોય તે બીજાને ધીરજથી સમજાવવા પ્રયત્ન કરે. શાન્તિથી પોતાના યોગ્ય વર્તનની છાપ પાડે. ક્રોધ અભિમાનથી અજ્ઞાન દૂર કરવા ન નીકળે. અજ્ઞાનીનો ગુરુ પણ વધારે વિનયી અને સરલ બનેશે. બુદ્ધિબળથી અજ્ઞાન હલી જાય છે, ત્રાસે છે. પણ પ્રેમથી અજ્ઞાન રસ્તો જ લે છે. બુદ્ધિબળથી સત્યની સ્પષ્ટતા થાય છે પણ પ્રેમબળથી તેનો સ્વીકાર કરાવી શકાય છે. માટે બાળકોનું હિત કરવા માટે જે વધારે સમજુ છે તે શાન્તિથી અને પ્રેમથી અન્યને સમજાવે. છતાં અજ્ઞાન એકદમ સમજી જાય એવું ન પણ બને. એટલા માટે ખૂબ અંદર બહારથી સહન કરવું પડે. એ સહેવું હર્ષથી હોય ને સાથે સહન કરાવનાર તરફ આદર હોય તો જ આખરે સત્ય જીતશે. સામા પ્રત્યે આપણે જેટલો દ્વેષ રાખીએ, તિરસ્કાર રાખીએ, તેટલા આપણે સત્યની સેવા માટે ઓછા લાયક છીએ. માટે સ્ત્રી કે પુરુષ એક બીજાથી વિમુખ થઇને નહિ પણ સંપીને, એક બીજાનો હેતુ તો શુભ જ છે એમ સમજી, એક બીજાના હેતુમાં તો કશું કહેવા જેવું છે જ નહિ એવો અનુભવ કરતા જઇને એક બીજાને મીઠી રીતે સુધારે.

અન્યને એકદમ હલકું ગણવામાં હલકું માણસ પણ વધારે હલકું થાય છે. શ્રેષ્ઠતાનું અભિમાન જ માણસ શ્રેષ્ઠ નથી તેની સાક્ષી આપે છે. માટે જેનામાં વધારે જ્ઞાન હોય તે તેનાથી જ પોતાનો ઘાત ન કરે. હું સુધારનારો છું એમ માનીને કે કહીને કોઇને સુધારી નહિ શકાય. પોતાની સ્ત્રી સામે પણ શિક્ષણના ઉચ્ચ સિદ્ધાન્તોને અનુસરીને જ જેમ બાળકો સાથે કામ કરી લઇએ છીએ તેમજ જરૂર પડે ત્યારે કામ કરવું.

જ્યારે જ્યારે મનને અત્યન્ત પરિતાપ થઇ જાય ત્યારે ત્યારે (અને એવો પરિતાપ એટલો બધો સ્વાભાવિક છે ત્યારે) બીજા પર ધુરકવા કરતાં અત્યંત દુઃખ અનુભવવું. ક્રોધના આવેશમાં માત્ર પોતાને જ દંડ દેવો, સજા કરવી. સામાને તેવા આવેશનું દિગ્દર્શન કરાવી વશ કરવાની ઇચ્છા ન જ રાખવી. સામાને તેથી ઉલટું દુઃખ થશે પણ તે વધારે નિષ્ઠુર પણ બને. મનમાં સહેવું અને ઉપરથી હસવું અને

છતાં શાન્તિથી પ્રસંગે પ્રસંગે સાચું શું તે દૃઢતાથી, વર્તનથી અને સલાહથી કહેવું.

"બાળકો પીડાય છે!" "આના હાથમા કયાં પડ્યાં?" "બસ આ પરિસ્થિતિ અત્યન્ત હીન છે!" એવા વિચાર આવે ત્યારે પણ ધીરજ રાખવી. ખરેખર અનીતિમય પરિસ્થિતિ માતા કે પિતાની હોય તો જરૂર એક બીજાનો બાળકો ખાતર ત્યાગ પણ કરી શકે. પરંતુ અજ્ઞાનના દોષો ખાતર કોઇ કોઇને છોડે નહિ. અણઆવડત અથવા મૂર્ખાઇને પણ નિભાવી લેવી ઘટે. બા કે બાપાનું શિક્ષણ દૃષ્ટિએ થતું અયોગ્ય વર્તન પણ ઘરમાં એક અનિવાર્ય આપત્તિ છે; તે માટે મા કે બાપ ઘર ન ભાંગે તે માટે મોભાપ અંદરથી દુઃખ પામી નીકાલ કાઢે. અને જ્યારે નીકાલ કાઢવાનું બહુ મુશ્કેલ પડે, એકને સાંધતાં તેર તુટે, કોઇ રીતે મનનું સમાધાન ન થાય ત્યારે શક્ય તેટલી વ્યવસ્થા કરી બાળકોને સારી શાળા અને તેથી આગળ વધી સારા છાત્રાલયમાં મૂકવાં. બાળકો હોવાં એ સ્વાભાવિક કાનૂનને સ્વીકારી તેમની કેળવણીનો પ્રબંધ કરવા પ્રયત્ન કર્યા કરવો.

આટલું કર્યા છતાં આજે જે જે બધું સારૂ છે તે બધું બની નથી જવાનું. દરેક વસ્તુનો વિકાસ સમય માગે છે. આપણે આજે વિચારી શકીએ કે કહી શકીએ તે બીજાં અત્યારે જ કેમ કરે નહિ તે પૂછવું એ આપણી વિકાસ વિષયક સાચી કલ્પનાની ખામી બતાવે છે, મનુષ્યસ્વભાવનું ઓછું અવલોકન બતાવે છે. આપણી અન્ય ન્યૂનતાઓ માટે જેમ આપણે જ ધીમે ધીમે પ્રયત્ન કરી આગળ વધવાનું રહે છે તેમજ સ્ત્રી યા પુરુષની બાબતમાં એક બીજાએ આ લક્ષમાં રાખી પરસ્પરને સમજીને ચલાવી લેવાં જોઇએ ને તે સમય લાવવા મહેનત કરવી જોઇએ. બાળકો સુંદર થવાં જોઇએ માટે એકાએક સ્ત્રીએ કે પુરુષે બદલી જવું જોઈએ એ વિચાર સ્વમતાગ્રહનો છે. એવો આગ્રહ રાખનાર બાળકના હિતનો વિચાર કરવા અધિકારી નથી. બાળકના હિતનો વિચાર જે બરાબર કરી શકતો હશે તે સ્ત્રી કે પુરુષની કેળવણીનો માર્ગ યોજી લા સમાધાન માની રાહ જોશે તેની સામે તો આબાલવૃદ્ધ સૌની કેળવણીના સનાતન સિદ્ધાન્તો જ સદૈવ રહેશે.

આ ઉપરાંત એક બીજાને અને આખરનો આધાર છે ને તે પ્રભુને શરણે જવાનો. આપણને આ બધું આ જ રીતે પ્રાપ્ત થયું છે આ આપણી સ્ત્રી કે પુરુષ, આવો આપણો સમાજ, આવું આપણું શિક્ષણ, આ આપણો વારસો, આવી આપણી શાળાઓ, આ બધું આવું આવું ને વચ્ચે આપણે એ પણ એક મુંઝવે તેવી વાત છે અને છતાં તે છે; કુદકા મારવા છતાં પણ છે, નિરુપાયપણે પણ છે. ત્યાં આપણે ઇશ્વરને કે એવા કશાને માનતા હોઇએ તો તેને શરણે જઇ જે એની ઇચ્છા હશે તે થશે; મારી શક્તિ મતિ પ્રમાણેનું હું કરું જ છું ને કરવાનું છું. આવો વિચાર પ્રયત્નશીલને પ્રાણવાન મનુષ્યને શાંતિ આપશે, અને આળસુ અને મૂરખ માણસને માટે તો એ પ્રગતિને હઠાવનાર અને નાસ્તિકતા ભર્યો જ છે.

પૂછનાર ભાઇને છેલ્લે કહેવાનું કે આવી પરિસ્થિતિમાંથી પસાર થતાં થતાં મને જે અનુભવો થયા છે તે, ને મારું પોતાનું જે ઉપરથી કહેવું છે તે કહેલું છે. હું પોતે તો જૂદી જૂદી રીતે આ પ્રમાણે કરી રહ્યો છું. ગિ.

ઘરમાં બાળકે શું કરવું લેખક : ગિજુભાઇ. પોસ્ટેજ સાથે બે આના.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(માઁટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૩ જો
વૈશાખ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

પેલી સાત માળની હવેલી એક દિવસે નહોતી થઇ. કડીયાએ એક પછી બીજી ને બીજી ઉપર ત્રીજી એમ કેટલીયે ઇંટો કેટલોયે કાળ મૂકી ત્યારે એ હવેલી ચણાઇ હતી.

પેલો વોરા બન્દરનો રાન્ત સુલેમાન એક દિવસે મોટો શેઠીયો નહોતો થયો. એક દિવસ એ પાઇ પાઇની ટીકડીની ફેરી કરતો. એમ નાનો વેપાર કરતાં મોટો વેપારી થયો ને એમ કરતાં કરતાં કેટલાયે વર્ષે તે એક મોટો શેઠીયો થયો.

પેલો મહાન ચિત્રકાર એક દિવસે નહોતો થયો. કેટલીયે પેન્સિલો ને કેટલાયે કાગળો ને કેટલાયે રંગો ને કેટલીયે પીંછીઓ વાપરી વાપરીને હાથ ધરાઇ ગયા ને દિવસ પછી દિવસ ને વરસ પછી વરસ વીતી ગયાં ત્યારે તે ચિત્રકાર થયો.

પેલો સમર્થ પંડિત કાંઇ એક દિવસે નહોતો થયો. કક્કાથી ભણતાં ભણતાં કેટલાંયે પુસ્તકો ભણ્યો, કેટલોયે કાળ ગુરુસેવા કરી, કેટલાયે કાળ સુધી સરસ્વતીઉપાસના કરી ને અરધીથી વધારે જીંદગી કાઢી નાખી ત્યારે તે પંડિત થયો.

કશું કાંઈ એક જ દિવસે નથી થતું.

બાળકમાં ઈર્ષા

એક ભાઇએ એક વાર નીચેનો પ્રશ્ન પૂછ્યો: "અમારા નાના બાળકને ખોળામાં બેસાર્યું હોય તો તેને મૂકીને મને ખોળામાં બેસારો એમ અમારો મોટો દીકરો હઠ લે છે ને અદેખાઇ કરે છે. આ અદેખાપણું શી રીતે મટે?"

પ્રશ્નમાં વર્ણવેલો અનુભવ બાળ અનુભવીઓને સર્વસાધારણ છે. પોતાના જ નાના ભાઇબેનને કે બીજાના છોકરાને બા તેડે તો છોકરાંઓ તેને મૂકાવીને પોતાને તેડવાનું કહે છે. ઘણી વાર બાળકો એમ પણ કહે છે કે "આ નાનાને કોઇ લઇ જાવ એટલે હું મારી બાની પાસે સુઇશ ને બાના ખોળામાં બેસીશ."

વાત હમેશાં બનતી ને લગભગ બધાના અનુભવની છે માટે ઓછી વિચારણીય છે એમ નથી. કારણ આવે પ્રસંગે મોટાંઓનું યોગ્ય વર્તન ન થાય તો બાળકના મન ઉપર ઘણી જ માઠી અસર થવાનો સંભવ છે. આવી બાબતને નાની માટે નજીવી તરીકે ધ્યાન બહાર તો ન જ કઢાય.

પ્રથમ તો ઘણી વાર સ્ત્રાઓ આવું બને તેને એક વિનોદનું સાધન કરીને એક મજાનો વિષય કરી દે છે તે બંધ થવું જોઇએ. છોકરું અદેખાઇ કરતું દેખાય તો ખાસ એની દેખતાં બીજા છોકરાને તેડીને પેલાને કહેવામાં આવે છે: "જો તારી બાએ તો પેલાને ખોળામાં લીધું. હવે તે તારી મટી ગઈ." એવું એવું કીધા પછી છોકરું મુંઝાવા લાગે, રડવા લાગે કે 'તેને મૂકી દઇને મને તેડ' ની હઠ લે એટલે બધાં હસી પડે છે. આવી રીતે બાળકને ઇર્ષાયુક્ત બનાવી તેમાંથી મજા લૂંટવાનું કોઇ કાળે ઇષ્ટ ન જ ગણાય.

હઠ ને ઇર્ષા વધારવાનો બીજો પણ એક સજ્જડ ઉપાય સ્ત્રીઓ લે છે, તે એ કે વારંવાર "આ તો મને કોઈ છોકરાને તેડવા દેતો નથી; એ તો અદેખો છે." વગેરે વચનો બાળક દેખતાં કાઢીને બાળકના મનમાં અસ્પષ્ટ રીતે ઉદ્‌ભૂત થએલી વૃત્તિને નામ ઠામ આપીને તેમજ બાળકની વિશેષતા તરીકે જાહેર કરીને વધારે પાકી કરવામાં આવે છે. આ માર્ગ પણ ઉપરના જેટલો જ નુકશાનકારક છે.

બાળકમાં ઉદ્‌ભવ પામતી ઇર્ષાને શમાવવા આપણે બે બાબતો કરવી ઘટે. પ્રથમ તો નવું બાળક આવે ત્યારે માબાપો કે મોટાંઓનું વિશેષ ધ્યાન તેની તરફ હોય એ સ્વાભાવિક છે; પરંતુ તે ધ્યાન એટલા પ્રમાણમાં ન જવું જોઇએ કે પ્રથમનાં બાળકો તરફ દુર્લક્ષ થાય. તેમની માગણીઓ કે જરૂરીઆતો કે મુશ્કેલીઓ તરફ ધ્યાન દેનારૂં ઘરમાં કોઇ જ નથી એમ ન બનવું જોઇએ. અથવા બનતું ન હોય તો પણ બાળકને એમ લાગવું પણ ન જોઇએ.

નવું જન્મેલું બાળક નાનું માટે કાંઇ ત્રણ વર્ષ પહેલાં જન્મેલું બાળક એકદમ મોટું થઇ જતું નથી; તે પણ હજી નાનું જ હોય છે. એટલું જ નહિ પણ નાનું બાળક તો માત્ર ખોરાક ને ઊંઘ માગતું હોય છે–મોટે ભાગે માત્ર શારીરિક સારવાર માગતું હોય છે, જ્યારે ૨॥/૩ વર્ષનું બાળક માનસિક ખોરાક માગવા લાગે છે. તેના તરફ વધારે સંભાળથી ધ્યાન દેવાની જરૂર હોય છે. તે તરફ જરાએ દુર્લક્ષ ન જ કરી શકાય. જેમ નવું બાળક આવ્યું માટે પહેલાને ભૂખે ન જ મરાય તેમજ તેનો વિકસતો પ્રાણ પણ ગુંગળાઇ ન જાય એની સંભાળ લેવી જ જોઇએ.

બીજું એ પણ છે કે બાળકને જાણે પોતે સ્થાનભ્રષ્ટ થઇ ગયું હોય એમ ન લાગવું જોઇએ. પહેલાં જાણે કે આપણે રાજા હતા, બધું જગત આપણી આસપાસ ફરતું હતું તે હવે આપણે પદભ્રષ્ટ

થયા છીએ, ને આ નવું આવેલું બાળક રાજ્યાસન ઉપર છે અને પોતાનું મહત્ત્વ ઓછું થઇ ગયું છે એમ તેને ન લાગવું જોઇએ. મૂળે જરૂર કરતાં વધારે પડતા માનમરતબાથી બાળકને રાખ્યું હોય ને તે જ માનપાન પછી નાના ઉપર ઢોળાતું દેખાય તો વધારે પદભ્રષ્ટતા લાગે. બાળકને પહેલેથી જ યોગ્ય સન્માનથી રાખ્યું હોય તો બાળકને પાછળથી દુઃખી થવું પડતું નથી.

એટલે કે બીજું નાનું બાળક ઘરમાં ન હોય ત્યાં સુધી સૌથી નાનું હોય તે નાનું હોવાને લીધે વિશેષ હક્કો ભોગવે, વિશેષ ધ્યાનને પાત્ર બને, વિશેષ લાડનો વિષય બને એ તેના વિકાસ માટે રોધક છે. બાળક જેમ જેમ વધતું જાય તેમ તેમ તેને વિકાસપોષક વાતાવરણ આપતા જ રહેવું જોઇએ. આપણા ઉપરનો આધાર આસ્તે આસ્તે ઓછો થવો જ જોઇએ. પછી બાળક એકનું એક હોય કે સૌથી નાનું હોય કે સૌથી મોટું હોય કે ઘણાં છોકરાંઓ વચ્ચેનું એક હોય.

ત્રીજી એક વાત ધ્યાનમાં રાખવાની. આપણી સ્પર્ધાયુક્ત વાણી કે એકને ચડાવનાર ને બીજાને ઉતારી પાડનાર તુલના વગેરેથી પણ ઇર્ષાને કાંટા ફૂટે છે. જેમકે નવું બાળક આવે ત્યારે આ વધારે રૂપાળું છે, આ તો રોતલ હતું, આ ડાહ્યું છે, વગેરે ઘણાં અર્થ વગરનાં વાક્યો બોલીને બાળકનું કુમળું મન દુભાવીએ છીએ. રૂપાળા થવું કે કાળા હોવું કે ધોળા હોવું એ બાળકના હાથની વાત નથી. તેમાં તેને ઠપકા રૂપ લાગે કે ઉતારી પાડનારું લાગે એ રીતે બોલવાની જરૂર નથી. તેમજ રોતલ હોય તો તેની તુંડુરસ્તી બગાડી દેવા માટે માબાપોને જ ઠપકો ઘટે ને બાળક ન રડતું હોય તો તેને ડાહ્યું કહેવાની જરૂર નથી. તંદુરસ્ત હોય તો બાળક ન રડે ને ન હોય તો રડે; એમાં બાળકનું ડહાપણે નથી કે ગાંડપણે નથી. મોટા બાળકને ઉતારી પાડ્યા વગર અથવા તેનામાં સ્પર્ધા જાગ્રત કર્યા વગર હકીકત તરીકે ગમે તે વસ્તુ આપણે કહી શકીએ; તેમાં બાળકને નુકશાન નથી. ઉલટું બાળક પણ પોતાની બાલ્યાવસ્થાની હકીકત જાણી લઇ ખુશી થાય છે.

આમ માબાપો તેના પોતાના સ્થાન પરત્વે એક બાબત ધ્યાનમાં લે તો બાળકને અદેખાઇ કરવાનું કારણ સ્વાભાવિકપણે રહે નહિ. તેને જોઇતું ધ્યાન અપાતું હોય, તેની શારીરિક ને માનસિક જરૂરીઆતો તરફ દુર્લક્ષ ન થતું હોય તેમજ પહેલેથી તેને વધારે પડતું માનનું સ્થાન આપવામાં ન આવ્યું હોય તો ઇર્ષા ઉત્પન્ન થવાનું કારણ રહેતું નથી.

છતાં ધારો કે કોઇ પણ કારણથી ઇર્ષા ઉત્પન્ન થઈ તો તેને વખોડવાથી, નિંદવાથી કે વઢવાથી તે જતી નથી. બાળકમાં પ્રાથમિક મનુષ્યની ઘણી ખરી લાગણીઓનું ઓછા વધતા પ્રમાણમાં દર્શન થાય છે, તેમ ઇર્ષાનું દર્શન થાય તો તેને એક પ્રેમથી જ નાણુદ કરી શકાય. મોટા બાળકના પોતાના જ ખોળામાં નાના બાળકને દઇએ; નાનાને સંભાળવાનું તેને સોંપીએ; નાનાને રમાડવામાં, તેની હીલચાલો, તેના નાના નાના હાથ પગ વગેરે જોઇને ખુશી થવામાં વગેરેમાં જો આપણે મોટા બાળકને ભાગીદાર બનાવીએ તો ઇર્ષાને સ્થાને પ્રેમ આવી જાય છે. પછી બાળક તેની તરફ પોતાના હક્કોમાં ભાગ પડાવનાર પ્રતિસ્પર્ધી નહિ પણ પોતાનો નાનો ભાઇ કે નાની બેન કે જેની સંભાળ લેવી જોઇએ એ તરીકે જોતાં શીખે એટલે વાત્સલ્યથી બાળકને રાખે છે; તેને બધું આપી દેવા તૈયાર થાય છે ને કોઇ તેને લઇ જાય કે દુઃખ દે એ તેને ગમતું નથી.

એક સાચો બનેલો દાખલો છે. એક ભાઇને એક જ દીકરી. તે આઠ વર્ષની થઇ ત્યારે તેમને ત્યાં ભાઈની બેનનો ચાર વર્ષનો દીકરો થોડા દિવસ રહેવા આવ્યો. પ્રથમ દીકરીના ઘણા હક્કો ઓછા થતા દેખાયા એટલે બેનને ઇર્ષા આવવા લાગી. 'મારી મા પારકે હું જ સુધરું; મા તો પહેલાં મને

જ આપે; હું કહું તેમજ થાય' વગેરેને બદલે હવે આ શું? એમ કાંઇક તેને થયું. બાઇએ બેનને જ ભાઇને સોંપી દીધોઃ "ને તારો નાનો ભાઇ આવ્યો છે ને? તેની મા અહીં નથી માટે તારે તેને સાચવવો. તારી પાસે સુવરાવજે. તારી સાથે રમવા લઇ જજે ને ત્યાં તેને સાચવજે, હો." બેનની દૃષ્ટિ આસ્તે આસ્તે ફરી ગઇ. ભાઇને નવરાવવામાં, તેને દિશાએ લઇ જવામાં વગેરેમાં તેને આનંદ પડવા લાગ્યો; બધી બાબતમાં ભાઇને સાચવવો તેને અઘરું પડવા લાગ્યું એટલે તે જ બાની મદદ લેવા લાગી. "બા હું રમવા નઉં છું તો તું એને રાખજે હોા. તારી પાસે સુવરાવજે." વગેરે. પહેલાંની ને હવેની દૃષ્ટિમાં ફેર પડી ગયો. ઇર્ષાની જગ્યાએ વાત્સલ્ય આવ્યું. બેનના હક્કો તો સાબુદ જ હતા, પણ પહેલાં પહેલાં એને લાગતું કે બા તો ભાઇ તરફ જ ધ્યાન આપે છે. તે ભાઇ પોતાનો નાનો ભાઇ થયા બાદ બાનું ધ્યાન આપવું બેનને ઉલટું સારું લાગવા લાગ્યું.

આમ ઇર્ષાનો ઉદ્ભવ થતાંવેત તેને ધ્યાનથી ને સંભાળથી પ્રેમમાં ફેરવી નાખવું જોઇએ, નહિ તો નાનપણના આવા નાના એવા અસમાધાન વગેરેને લીધે ઘણા માણસોની જીંદગી બગડે છે. ઇર્ષાને એક માનસિક વિકૃતિ કે રોગ ગણી તેને સારૂ યોગ્ય કાળે યોગ્ય ઉપાયો કરી જ છૂટવું જોઇએ. **તા.**

ગલીયારા ઇનામ

સંધીઓ જાણીને ખુશી થશે કે આપણા આ પ્રયત્નને ભાઇ ગલીયારાએ રૂ. ૫૦૦) ની ભેટ આપી છે. તે માટે એ ભાઇનો અહીં જાહેર રીતે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

નામ અમારાં છતાં ઇનામ તો પત્રિકાને મળ્યું ગણાય એટલે તે પત્રિકાને ચરણે જ ધરીએ છીએ. આ દ્રવ્ય ચાલે ત્યાં સુધી પ્રતિ વર્ષ બાળકો માટેનો પત્રિકાનો ભેટ અંક કાઢવામાં વાપરી નાખશું.

ભાઇ ગલીયારાની જેમ આપ સૌનો અમે સહકાર ઇચ્છીએ છીએ. આપણા એક સંધી કહે છે તેમ પત્રિકાને સધન સંધીઓ દ્રવ્ય આપે ને તે ઘેર ઘેર જાય એમ તો અમે પણ ઇચ્છીએ. સાચે જ એવાં ઘરો, પુસ્તકાલયો ને શાળાઓ આપણા દેશમાં જથ્થાબંધ છે કે જેઓ બાળકની બાબતમાં વાંચવા વિચારવા ઈચ્છે છે, પોતાથી બનતું કરવા ચાહે છે, પરંતુ તેને લગતું સાહિત્ય લેવા જેટલું ધન તેમની પાસે નથી. પત્રિકાના લવાજમ જેવી નજીવી રકમ પણ તેઓ કાઢી શકતા નથી. અમે તો આવે સ્થળે પત્રિકા વિના મુલ્યે મોકલવાં ઇચ્છીએ, પણ...પણ પત્રિકાની આજની સ્થિતિએ તે શક્ય નથી એમ અત્યંત દુઃખથી કહેવું પડે છે.

બીજું પત્રિકા કાઢવી ને ફેલાવવી એ તો ધારેલા કાર્યમાંનો એક તદ્દન નાનો ભાગ થયો. સધે વિચારેલાં મોટાં કાર્યો તો સંધનાં કાગળીયાંમાં ને યોજકોના મગજમાં જ પડ્યાં છે.

મોન્ટીસોરી સંમેલન ભરાયાને ત્રણ વર્ષ થવા આવ્યાં. બીજા સંમેલનનું શું?

મોન્ટીસોરી પદ્ધતિ ઉપર પ્રમાણભૂત ગ્રંથોનાં ભાષાંતરો તેમજ સ્વતંત્ર લખાણનું શું?

પદ્ધતિના વિશેષ અભ્યાસ માટે લાયક અભ્યાસકોને પરદેશ મોકલવાનું શું?

શહેરે શહેરે ને ગામે ગામે પ્રચારકો મોકલીને જનતાને કેળવવા બાબતમાં શું? ઠેકઠેકાણે બાલમંદિરો ઉઘાડી બધાં બાળકોને ઉત્તમ શિક્ષણનો લાભ લેતાં કરવાનું શું?

ઘણાં કાર્યો દૃષ્ટિએ દેખાય છે; મનમાં ફૂદાફૂદ કરે છે. પરંતુ વ્યવહારમાં આજે તો એક જ શક્ય બનવું છે ને આજે તો એકનિષ્ઠોને અનન્ય ભાવે

તેની જ સેવા કરીએ છીએ.

અર્થાત્ આશા તો રાખીએ જ છીએ કે આમાંથી જ આશ્રયદાતાઓને સ્ફુર્તિ મળશે, ને બીજું કાર્યો પણ ઈશ્વરેચ્છા હશે તો થશે. મોન્ટીસોરી પદ્ધતિ સ્વયંસ્ફુરિત કામની જ કિંમત માને છે. તેમ મોન્ટીસોરી સંઘ પણ સ્વયંસ્ફુરિત દાન જ માગે છે. દાતાઓને સ્વયંપ્રેરણા થાય ત્યાં સુધી ધીરજથી પોતાનું કામ કર્યે જવું એ તો મોન્ટીસોરી કાર્યકર્તાઓનો ખાસ ધર્મ છે.

ભાઈ ગલીયારાના ફરીથી આભાર માનીએ. તેમને વર્ષે વર્ષે બાળકોના આશીર્વાદ મળશે.

તંત્રીઓ.

અરધો દિવસ બગડ્યો

કંઈક તહેવારનો દિવસ હતો. અત્યારે બરાબર યાદ નથી.

આગલી રાત્રે મણિલાલના ઘરમાં ખૂબ ઉત્સાહ હતો. છોકરાં કૂદતાં હતાં ને કહેતાં હતાં: "હૈ યાં, કાલે મજા પડશે!" મણિલાલ અને રેવાબેન બધીગોઠવણ વિચારતાં હતાં.

મણિલાલ મારા પાડોશી ને એક રીતે મિત્ર.

સવાર પડ્યું ને મણિલાલ ગામમાં શાક લેવા ગયા. રેવાબેન ઉઠ્યાં ને છોકરાંને સટસટ નવરાવવા ધોવરાવવા મંડ્યાં. રેવાબેનને ઘણુંયે કામ કરવાનું હતું.

પાડોશણ આવીને કહે: "રેવાબેન જરાક આવો તો, આ મારા ભાણાને પેટમાં દુઃખે છે તે?"

સાપે છછુંદર ગળ્યા જેવું થયું. જાય તો વખત જાય ને ન જાય તો માઠું લાગે.

ફીકાને નવરાવી રેવાબેન ભાણાને જોઈ આવ્યાં. પાછાં વળતાં બબડ્યાં: "એમાં બતાવવું'તું શું? જરાક કંઈક થયું કે આમને બોલાવી જ છે? અમારે તે કાંઈ કામબામ હશે કે? જાય નહિ વૈદ પાસે!"

રેવાબેન જરા મનમાં બોંસાયાં. ઘરમાં નવરાવેલો ફીકો કપડાં હાથે કાદી પહેરતો હતો. ફીકાએ કપડાની ટ્રંક આખી ફેંદી નાખેલી!

રેવાબેને જીવી દીકરી પર જરાક ઉતર્યાં: "જોતી નથી એલી જીવલી, આ ફીકાએ બધું ફેંદી નાખ્યું તે! કર ફીકાને કોરે ને મૂકી દે બધાં કપડાં!"

ફીકો રડવા લાગ્યો, જીવીનું મ્હોં ચડ્યું. તે કહે: "એમાં હું શું કરું? ફીકો એવો છે એમાં?"

રેવાબેન કહે: "ત્યારે કપડાં રબડવા દે. જો આજે ગડબડ કરવી છે! તારા ભાઈ હમણાં આવશે ને કહેશે આ ગડબડ શી છે?"

જીવી નીચું મ્હોં ઘાલી બોંસાતી બોંસાતી કામ કરવા લાગી. રેવાબેન પપડતાં હતાં.

રેવાબેને જમુને નહાવા બોલાવ્યો. જમુ પાટીમાં એકડા લખતો હતો. જમુ કહે: "આવું છું બા, હમણાં આવ્યો."

રેવાબેન કહે: "મારે બોટી ક્યાં સુધી થવું? હજી તો લાડવા કરવા છે ને શાક તો હજી આવ્યુંયે નથી. જો બાઈ પીને સૌને બાગમાં જવું છે."

જમુ કહે: "એ આવ્યો."

રેવાબેન આવ્યાં ને પાટી નાખી દીધી. પાટીના કટકા થયા ને જમુ રડવા લાગ્યો. "બાલ રડે છે શું? કયારની કહું છું તે સાંભરતો નથી!"

ત્યાં મોટો દીકરો ચંપક આવ્યો. રેવાબેન કહે: "અલ્યા અત્યારમાં ક્યાં ગયો હતો?"

ચંપક કહેઃ "રામજીને કહેવા ગયેા હતેા કે સાંજે ઘેર આવીને જાદુના ખેલ કરે."

રેવાબેન તાડુકયાંઃ "તે અત્યારમાંથી શું કહેવુ'તું? બપેાર આખી નેા'તી પડી?"

ચંપકઃ "પણ બા....."

"જા, જા, ઘરમાં પગ જ ટકતેા નથી!"

ચંપક કહેઃ "પણ બા...."

બા કહેઃ "લે હવે ઝટઝટ પેલાં કપડાં સંકેલી નાખ. જો પણે બધું. એવું ને એવું પડયું! ને આ તારેા ઢંગ તેા જો, હજી ન્હાયેા પણ નથી!"

ચંપકનું મેાં ચડયું. તે કામ કરવા લાગ્યેા. કીકેા રડતેા હતેા. જીવી મેાં મચકેાડીને ચેાખા વીણતી હતી. ચંપકનું દીયકું ચડેલું હતું. રેવાબેનનું માથું ગરમ થઇ ગયું હતું.

ઘડીયાળમાં સાડા દશનેા ટકેારેા થયેા.

હજી મણિલાલ આવ્યા ન હતા. રેવાબેન તલપાપડ થતાં હતાં, પપડતાં હતાંઃ "કયારે શાક આવશે, કયારે રવેા આવશે ને કયારે બધું થશે? બે વાગે તેા રૂખમણી બેનને ત્યાં જવું છે! એમની ટેવ તેા એની એ રહી! મળ્યેા હશે કેાઇ ભાઇબંધ એટલે બેઠા હશે વાતેા હાંકવા!"

ત્યાં જોડેા ખખડ્યેા ને મણિલાલે હસતા અવાજે કહ્યું: "કાં કીકા, જીવી, ચંપક તૈયાર થવા માંડ્યાં છેા ને? કાં, રસેાઇ કેટલે પહેાંચી?"

રેવાબેનનાં ભવાં ચડ્યાં. ચીડાઇને તાડુકયાંઃ "તૈયાર તે બધાં કયાંથી થતાં હતાં? આ જમુડેા ને તમારેા કીકેા ને જીવી ને ચંપક—એકેમાં વેતા કયાં બળ્યા છે? ને તમારે તેા હજીયે મેાડા આવવું'તું ને? રવા વિના શેરેા કયાંથી કરવાની હતી? ને શાકને તે કયાંઇ અગિયાર વાગતા હશે?"

મણિલાલ કહેઃ "અમે આજે પેલેા..."

"એ, મારે એ બધું નથી સાંભળવું. ઝટ શાક સુધારેા કે ચૂલા ભેગું કરું."

મણિલાલ હાવકું મેાં રાખી શાક સુધારવા બેઠા. ત્યાં કીકેા આવ્યેા ને કહેઃ "બા અમને આમ કરતી હતી." જીવી કહેઃ "બાપુ, બાએ ધા કરીને પાટી તેાડી નાખી."

મણિલાલ કહેઃ "હશે, આજે કેાઇએ રેવાય નહિ. આજે મેાઢુયે ન ચડાવાય. આજે તેા આપણે ત્યાં ઉત્સવ છે ને? ચાલેા જોઇએ, હું બતાવું ઈ કરવા માંડેા જોઇએ."

રેવાબેન તાડુકયાંઃ "હવે ડાહી ડાહી વાતેા કરશે. અત્યાર સુધી થઇ'તી ઇ જોવા તેા આવવું'તું? જોને કીકેા જઇને ફરીયાદ કરે છે, બા આમ કરતી'તી ને તેમ કરતી'તી! ને ઇ જીવલી તેા જીવલી છે. ભૂડું નવરેાગું મેાં!"

છેાકરાં પાછાં હેમતાઇ ગયાં.

મણિલાલે શાક સુધારી દીધું ને રેવાબેને ધબ્બધબ્બ હામ પછાડતાં પછાડતાં વઘારી દીધું.

રેવાબેનનેા મીજાજ ઠેકાણે ન હતેા.

રેવાબેન કહેઃ "આવશેા મા કેાઇ રસેાડામાં. હું મારે એકલી બધું કરી નાખીશ. મારે તમારું (મણિલાલનું) યે કામ નથી."

રૂમેા ઘરમાં ચૂપાચૂપ બેસી રહ્યાં

બાર ઉપર એક વાગે બાવાનું થયું. રેવાબેને બધું તૈયાર કર્યું ને સૌને જમવા બેાલાવ્યાં.

કીકેા, જીવી, ચંપક નીચાં મેાં લઇને જમવા આવ્યાં. મણિલાલ પણ અબેાલ આવીને બેઠા. રેવાબેન પણ કેાની સાથે બેાલે ને કેાને બેાલાવે?

બધાં મુંગાં મુંગાં જેવું તેવું જમ્યાં. કેાઇનાં

મન હરખમાં ન હતાં. મણિલાલનો જીવ તો બળી બળીને ખાખ થઇ ગયો.

જમી ઉઠ્યાં. સૌએ ગળ્યું ખાવાનું ખાધું પણ કાલે વાતો કરી હતી એટલેાયે સ્વાદ ન આવ્યેા. બધાંએ પાનબાન પણ ખાધાં પણ કંઇક રીસમાં કંઇક અણઉમંગમાં.

મણિલાલને થયું કે હવે કાંઇક સુધારૂં તો ઠીક. પણ રેવાબેનની નાડ હજી જોરથી વહેતી હતી. તેણેય કંઇક ખાધું બરૂં પણ એવું-સરખું.

આમ સૌનો અરધેા દિવસ બગડ્યો. **ગિ.**

તમારી મદદ નો'તી જો'તી

(૧)

નાની ચાર વર્ષની વિજુ મારી પાસે બેસીને જમતી હતી. ભાણામાં ખીચડી હતી ને ખીચડીમાં ઘી હતું. વીજુએ ખીચડી સામે જોયું. હાથ લંબાવી ખીચડી કસણવા લાગી. ઘી આમથી તેમ જવા લાગ્યું. વળી વીજુએ હાથ એક બે વખત ઉપાડી લીધેા.

મને થયું કે આવડતું નથી તેથી દાઝે છે. મેં ઝટ કરીને હાથ લંબાવ્યેા ને ખીચડી કસણી આપી. ખીચડી દઝાય તેવી ન હતી.

વીજુનું મ્હોં પડી ગયું. તે કહેતી હોય એમ લાગ્યું કે "એ તેા મારે કરવું હતું ને તમે કયાં કર્યું? મને તેા આવડતું હતું. તમારી મદદ નો'તી જો'તી."

(૨)

રાતે અમે સૌ ગાદલાં ગોદડાં પાથરતાં હતાં. મોટા મોટા ખાટલા મેં ઢાળ્યા. ગાદલાં હું નાખતેા હતેા. સુબજી પેાતાની નાની ગોદડી ઉપાડીને ચાલી. ગોદડી એણે જેમ તેમ કરી માથે મૂકી હતી.

મને થયું કે તેનાથી નહિ ઉપડે ને ડોક વળી જશે. મેં ગોદડી લઇ લીધી ને મનને સારૂં લાગ્યું. મને થયું કે નાના બાળકથી આવું ન થઈ શકે.

સુબજી થંભી ગઇ. વીલે મ્હોંએ બા પાસે જઇને બેસી ગઈ. એ મુંગી મુંગી બોલતી હોય એમ લાગ્યું કે "મારાથી તે ઉપડતું હતું. મારે તે ઉપાડવું હતું. મારે તમારી મદદ નો'તી જો'તી."

(૩)

બે વરસનેા ભૂલુ ઘુંટણભર ચાલતેા થયેા હતેા. દિવસ બધેા ચાલ ચાલ ને ચાલ જ કર્યા કરે. આખું ઘર કેટલીયે વાર ફરી વળે.

એક વાર તે ખુરશી પાસે આવ્યેા. લંબાઇને તે તેનેા ટેકેા લેવા મંડ્યો. એક વાર ખુરશીને ન અંબાયું ને જરાક બસી પડ્યો. પાછેા ઉભેા થઇને ખુરશી પકડવા ગયેા. ફરી બસી પડ્યો. કાંઇ વાગ્યું ન હતું. પાછેા ઉભેા થયેા ને ખુરશી પકડવા ગયેા.

મને થયું કે તેને ખુરશી પર ચડવું છે. કયારનેા ઉતાવળેા થયેા છે. ચાલને ઉપાડી બેસારી જ દઉં? મેં તેને ઉપાડીને ખુરશી પર બેસાડ્યેા.

ભૂલુએ મ્હોં ચડાવ્યું. ખુરશી પરથી લપસી તે નીચે આવ્યેા ને પેાતે ચડતેા હતેા તેમ પાછેા ચડવા લાગ્યેા ને આ વખતે તેા જાતે જ ચડીને ઉપર ગયેા. તેણે વગર બેાલ્યે મને કહી દીધું કે "મારે પેાતે જ ચડવું હતું. શું કામ મને ચડાવ્યેા? મારે તમારી મદદ નો'તી જો'તી."

(૪)

અમે બધાં સાંજે ફરવા નીકળેલાં; મોટાંઓ

હતાં ને બાળકો પણ હતાં: નાની અઢી ત્રણ વર્ષની બાલુ પણ હતી. બધાં ચાલ્યાં જતાં હતાં. બાલુ પણ સૌની સાથે ચાલતી હતી.

થોડેક ગયાં એટલે એની બાએ કહ્યું: "બાલુને તેડી લ્યોને? થાકી ગઇ હશે." મેં એને તેડી લીધી. તેડી તો ખરી પણ એ તો પગ તરફડાવવા માંડી. રડવા જેવી થઇ ગઇ. હાથેથી લપસવા લાગી ને ભારે ખમ થઇ ગઇ.

સૌ કહે: "ત્યારે ચાલવું હોય તો ચાલવા દ્યોને? થાકશે ત્યારે એની મેળાએ અટકશે."

બાલુ નીચે ઉતરી દોડવા લાગી. પણ પાછું વાળીને જાણે કહેતી જતી હતી કે "હજી હું થાકી ન હતી. મારે હજી ચાલવું હતું. મારે તમારી મદદ નો'તી જો'તી."

(૫)

લખુ છ સાત વરસનો. પાટી અને કાંકરો કામ નહોતું. લઇ લખવા બેઠો હતો. વારે વારે કંઇક કાઢતો હતો ને ભૂંસતો હતો.

મને થયું આ તે શું કરે છે? મેં જઇને જોયું તો કાંઇક કાઢવા તો મથતો હતો. મેં કહ્યું: "અલ્યા શું લખે છે?"

લખુ કહે: "ઈ કાઢું છું."

મેં કહ્યું: "એમાં વાર શી છે?"

એમ કહીને હાથ પકડી કાંકરો ફેરવાવી પાટી ઉપર ઇ કાઢી દેવરાવ્યો. "જો આમ ઇ થાય. આવી રીતે કર."

લખુ મારી સામે જોઈ રહ્યો. પછી બોલ્યો: "મને આવો ઈ કાઢતાં તો ક્યદિ'નો આવડે છે. પણ અમારી નિશાળના પૂંઠા પર કાઢેલો છે તેવો સરસ મજાનો ઇ કાઢતાં હું શીખતો હતો. ઇ કાઢતાં તો મારી મેળે આવડત. મારે તમારૂં કામ નહોતું." જિ.

શિક્ષક ભણાવવા બેઠો.

છોકરે પાટી પેન અને પુસ્તક કાઢ્યાં.

શિક્ષકે ઇતિહાસ ભણાવ્યો.

છોકરો ભણ્યો: અકબરનો બાપ હુમાયુ હતો; ઔરંગઝેબ ઈ.સ. ૧૭૦૭માં ગૂજરી ગયો.

શિક્ષકે ભૂગોળ ભણાવી.

છોકરો ભણ્યો: ભાવનગરથી મુંબઈ પાંચસો માઇલ દૂર છે. સાબરમતીને કાંઠે અમદાવાદ શહેર છે.

શિક્ષકે ગણિત ભણાવ્યું.

છોકરો ભણ્યો: છ માણસ ગાડીમાં બેઠા છે. દરેક માણસની પાસે ૩૪૫ રૂપીઆ છે. તો બધા માણસ પાસે કેટલા રૂપીઆ થયા?

શિક્ષકે કવિતા ભણાવી.

છોકરો બોલી ગયો:

"ઓ ઇશ્વર તું એક છો;
સરજ્યો તેં સંસાર."

ભણવાનો વખત પૂરો.

શાળામાં રજા પડી. છોકરો ઘેર ગયો. શિક્ષક ઘેર ગયા.

વાળુ કરી સૌ પરવાર્યાં.

બાપાએ વાતો કરવા માંડી.

છોકરો કાન દઇ ધ્યાન દઈ સાંભળવા બેઠો.

બાપાએ મહાભારતની વાતો કહી. બાપાએ વડા દાદાનાં પરાક્રમો કીધાં. બાપાએ ઇતિહાસ કીધો.

છોકરાને થયું: "અહો, આપણા બાપદાદાઓ

આવા હતા ? અહો, અજુન તો બહાદૂર !”

પછી બાપાએ પોતે વડોદરામાં શું જોયું તે કીધું. બાપા એક વાર નર્મદા નદીને કાંઠે ફરેલા તે પણ કીધું. બાપાએ ભૂગોળ વર્ણવી.

છોકરાને થયું: “માળું, વડોદરા જોવા જેવું તો બરું !”

છોકરાએ વિચાર કર્યો:“આપણેય મોટા થશું ત્યારે નદી અને ડુંગરામાં ભટકશું. ત્યાં જોવાનું ઘણું ઘણું છે.”

પછી બાપાએ પારા કાઢયા; કહે કે “ચાલો આપણે માળા બનાવીએ; દરે માળામાં ૧૦૮ પારા જોઇએ.”

ત્રણ જણા બેઠા હતાં. દરેક જણે ૧૦૮ પારા ગણી નાખ્યા. ગણી કરીને દોરે પરોવ્યા. બાપાએ ગણિતનો રસ પણ આપ્યો.

છોકરો કહે: “બાપા, કાલે ફુલોની માળા બનાવવી છે. પાંચસો પાંચસો ફુલોની કરીશું.”

ત્યાં તો આકાશમાં ચાંદો તરતો હતો. જમીન ઉપર ચાંદની પથરાઇ હતી. ઝાડો ઢૂવે જ નહોતાં હતાં.

બાપા કહે: “જુઓ તો આ કેટલું સુંદર છે ! આ બધું કેટલું ભવ્ય છે ! આ બધું કેટલું મહાન છે !”

બાપાએ કાવ્ય પાયું.

છોકરો કહે: “બાપુ આ જોવું બહુ ગમે છે. અહીં જ પડ્યા રહેવું જોઇએ. આનું ચિત્ર કાઢે તો કેવું લાગે? આ બધાંને કોણ કરતો હશે ?”

ગિ.

ભાઇશા'બ નથી આવડતું !

વિઠલો સુતાર હતો. હજુ નાનો હતો છતાં ચોડાં ફાડતાં ને રોંદતાં આવડતું. પણ વિઠલાને ઇતિહાસ ભૂગોળ કેમે કરીને યાદ ન રહે. બિચારો ઘણું ગોખે.

માસ્તર તો લેસનં ન આવડે એને કાં તો ગાળો દે ને કાં તો મારે.

વિઠલાને તો ગાળોયે દે ને ઉપરથી વળી મારે. વિઠલાને અંકુહા પકડાવે. પછી ઉપરથી ધમ કરીને ધુંસતો લગાવે.

બિચારો વિઠલો ઉં કરી જાય ને બોલે: “ભાઇશા'બ નથી આવડતું !”

વિઠલાને ઇતિહાસ આવડ્યો જ નહિ. વિઠલાને સુતારકામ આવડ્યું. આજે એ એક સારો સુતાર મિસ્ત્રી છે:

બાપા કામ કરવા દેતા હતા; માસ્તર ભણાવતા હતા ને મારતા હતા.

ગિ.

મારી શાળામાં નહિ ચાલે

મારી શાળામાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકોનું મોટું પુસ્તકાલય નહિ હોય તો ચાલશે, પરંતુ માગી ભીખીને પણ જો શિક્ષણનાં પુસ્તકોમાંથી કંઇ ને કંઇ ન વાંચ્યું તો એ નહિ ચાલે.

મારી શાળાનું મકાન આલેશાન અને પથ્થરોથી ચણેલું ને લાદી જડેલું નહિ હોય તો ચાલશે, પરંતુ તેની જમીનમાં ખાડા પડ્યા હશે અગર ગારગોરમટી વિનાનું હશે તે તો નહિ ચાલે.

મારી શાળાની દીવાલો રંગ છાંટેલી ને તેથી સુંદર નહિ હોય તો ચાલશે, પરંતુ તેના ઉપર એક પણ બાવું હશે કે કરોળિયાનાં જાળાં

ને ધૂળ હશે તે તો નહિ જ ચાલે.

મારી શાળામાં સારી શેતરંજીઓ ને ગાલીચા પાથર્યા નહિ હોય તો ચાલશે, પરંતુ કયાંઇ પણ કયરો કે ધૂળ હશે ને તે પગે આવતી હશે તો તે તો નહિ જ ચાલે.

મારી શાળામાં થોકબંધ શિક્ષણનાં સાહિત્યો ભર્યાં નહિ હોય તો ચાલશે, પરંતુ મારી શાળામાં જે થોડાં સાહિત્યો હશે તે બરોબર ઉપયોગી નહિ હોય તો તો નહિ જ ચાલે.

મારી શાળામાં મોટું એવું બાલપુસ્તકાલય નહિ હોય તો ચાલશે, પરંતુ છેવટે હાથે લખેલી ને બાળકો હોંશે હોંશે વાંચે એવી ચોપડીઓ નહિ હોય તો તે તો નહિ જ ચાલે.

મારી શાળામાં હું બહુ મોટો ભણેલો પંડિત નહિ હોઉં તો ચાલશે, પરંતુ હું બાળકો તરફ સન્માન રાખવાવાળો, તેમના વિકાસનો અર્થ સમજી તેમને વાતાવરણ આપનાર નહિ હોઉં તો નહિ ચાલે.

મારી શાળામાં હું ભણાવવા ને પળે પળે બાળકોને ડાહ્યાં કરી દેવા દોડતો નહિ હોઉં તો તે ચાલશે જ, પરંતુ હું તેમના કામની વચ્ચે પડતો હોઇશ, તેમને વારંવાર ધોંશપરોણો કરી શીખવવા બેસતો હોઈશ તો તે નહિ જ ચાલે.

મારી શાળામાં બાળકો એ ઘડી ભણશે તે એ ઘડી રમશે તે ચાલશે, પરંતુ બાળકો કારખાનાના મજુરો જેમ દિવસ બધો કામ કર્યા જ કરે ને હું તે ઉપર કડક નજર રાખ્યા જ કરું તે તો નહિ જ ચાલે.

મારી શાળાનાં બાળકો મારે ગળે વળગી નહિ પડનાં હોય ને દોસ્તો થઇ મારા આગળ નહિ ચાલતાં હોય તો તે ચાલશે, પરંતુ તેઓ મારાથી દૂર દૂર નાસતાં હશે ને મને દેખી ડરતાં હશે તે તો નહિ જ ચાલે.

મારી શાળામાં બાળકો ઓછું ભણતાં હશે તે ચાલશે, ધીમે ભણતાં હશે તે ચાલશે, પરંતુ તેઓ તણાઇ તણાઇને ભણતાં ભણતાં કંટાળી જતાં હશે ને નિસ્તેજ થતાં હશે તે તો નહિ ચાલે.

મારી શાળાનાં બાળકો મરજી પડે તો બેસે ને મરજી પડે તો વાંચે ને મરજી પડે તો ચીતરે તે ચાલશે, પણ કોઇક આવે ત્યારે તેને બતાવવા માટે જ લખશે કે ગાશે કે ચીતરશે તે તો નહિ જ ચાલે.

મારી શાળાનાં બાળકો વખતે નહિ બની શકે તો કોઇ કામ કરવાની શાન્તિથી મને ના પાડશે અગર ધીમેથી કરશે તે ચાલશે, પરંતુ રખેને હું મારીશ કે વઢીશ એટલા માટે દોડીને કામ કરી દેશે તે તો નહિ જ ચાલે. ગિ.

બાળપ્રવાસો

એક એક વસ્તુનો એક એક કાળ આવે છે. હમણાં શાળાઓની દુનિયામાં પ્રવાસોનું ભૂત આવ્યું છે. વિદ્યાર્થીઓએ મુસાફરીઓ કરવી જોઇએ; કૉલેજના વિદ્યાર્થીઓ મુસાફરી કરે, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ મુસાફરી કરે, ટ્રેનિંગ કૉલેજોના કરે એટલું જ નહિ પણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ મુસાફરી કરે છે; ને હવેના નવા શિક્ષકો તો પાંચ પાંચ ને સાત સાત વર્ષનાં નાનાં બાળકોને પણ પ્રવાસે લઇ જાય છે. એમ હમણાં આપણા દેશમાં પ્રવાસ પ્રત્યે કાંઈક જાગૃતિ આવવા લાગી છે. ને સાચી જાગૃતિ થાય તો તો શિક્ષણમાં એક અત્યંત અગત્યની દિશા ઉઘડી કહેવાશે પણ માત્ર એક નવા ભૂત તરીકે, એક

ફૅશન તરીકે, એક સારા શિક્ષણનું અંગ મનાય છે માટે સ્વીકારાએલું હશે તો તો સાચે જ તે એક વૃત જ થઇ બેસશે–કેવળ નિરુપયોગી ને નાશપાત્ર.

અહીં આપણે નાનાં બાળકોના પ્રવાસનો વિચાર કરીએ.

હરકોઇ શાળા બાળકોને પ્રવાસે લઇ જાય તેની પાછળ ચોક્કસ વિચારો હોવા જોઇએ.

બાળકો માબાપો સાથે ઘણી વાર પ્રવાસે જાય છે છતાં શાળાએ આ જોખમ ને ખર્ચ વહોરી લેવાની ખાસ જરૂરીઆત શી છે?

શિક્ષણની દૃષ્ટિએ એના ખાસ લાભો હોય તો જ શાળા એ કામ હાથમાં લે, નહિ તો માબાપને એ કામ સોંપી દે. બહુ બહુ તો જૂદે જૂદે સ્થળે બાળકોને લઇ જવાની ભલામણ કરે.

પરંતુ શાળા જો એમ કહી શકતી હોય કે બાળકો માબાપો સાથે શેત્રુંજે કે ગિરનાર કે દ્વારકા જઈ આવે એ જૂદું ને અમારી શાળાના પ્રવાસમાં આવે એ જૂદું; અગાઉ સાથેના લાભો કુટુંબગત પ્રવાસમાં ન જ આવી શકે. તો જ શાળાના પ્રવાસોનું સ્થાન સ્વીકારાય. માબાપો બાળકોને પ્રવાસે લઈ જતાં નથી માટે તેમનું કામ કરી આપવા ખાતર જો શાળા એ કામ કરતી હોય તો આસ્તે આસ્તે શાળાએ એ કામ માબાપોને સોંપી દઇ પોતાના ખાસ પ્રદેશ તરફ વળવું ઘટે. એટલે કે શાળાના પ્રવાસો ઉત્તેજવાને બદલે કૌટુંબિક પ્રવાસો ઉત્તેજવા જોઇએ.

અનુભવથી અને વિચારથી એમ લાગે છે કે માબાપો સાથે બાળક ગમે તેટલા પ્રવાસો કરે તો પણ શિક્ષક અને સહાધ્યાયીઓ સાથેના પ્રવાસની જરૂર ઉભી જ રહે છે. માબાપો ધારો કે શિક્ષણમાં ખૂબ સમજતાં હોય, યોગ્ય રીતે ને યોગ્ય સ્થળે પ્રવાસ કરાવતાં હોય, તોપણ માબાપો ને કુટુંબ એ બાળકના જીવનનું એક આધારતત્ત્વ છે. બાળક સ્વાધીન દેખાતું હોય, પોતાનું પોટકું ઉપાડીને પોતે જતું હોય, બધું કરતું હોય તો પણ માબાપ, કાકા, મામા, ભાઇ, બેન વગેરે વચ્ચે તેનું મન એક જાતની સુરક્ષિતતા ને નિર્ભયતા અનુભવે છે. આ સુરક્ષિતતાના અનુભવનું મૂળ તેના મનના આધારતત્ત્વમાં રહેલું છે. માબાપો જેટલી સુરક્ષિતતા શિક્ષકો પણ આપી શકે; અને ઉલટ પક્ષે માબાપોની હાજરીમાં પણ મુશ્કેલીઓ કે અકસ્માત બની શકે. પરંતુ બાળક માબાપો સાથે ગમે તે મુશ્કેલીવાળા પ્રવાસો કરે એ જૂદું છે ને શાળા સાથે સાદા પણ પ્રવાસો કરે એ જૂદું છે. બાળક શાળા સાથે પ્રવાસે જાય છે ત્યારે તે ચીજ વસ્તુની જ નહિ પણ પોતાની જાતની પણ જવાબદારી જાણે કે તે સમજવા લાગે છે.

કુટુંબ દેખીતી રીતે સ્વાધીનતાની સ્થિતિ હોય તો પણ જરી રીતે–સુક્ષ્મ રીતે પણ આધારની સ્થિતિ હોય છે; તેમાંથી મુક્ત થવા માટે શાળા સાથેના પ્રવાસો જરૂરના છે. ઓળખીતા શિક્ષક અને સહાધ્યાયીઓ સાથે જવું એ એકાએક નિરાધાર થઇ વિશાળ જગતમાં નીકળી પડવું અથવા તદ્દન આધારશીલ થઇ કૌટુંબિક વાતાવરણમાં રહેવું એ બેની વચ્ચે આવે છે માટે જ બાળકને તે વધારે લાભકારક હોય છે.

બીજી દૃષ્ટિએ જોઇએ તો સહાધ્યાયીઓ સાથે નીકળી પડવું એ બાળકને એક બીજી વસ્તુ આપે છે. ઘરમાં માબાપ વ્યક્તિગત ધ્યાન આપી શકે છે તેથી અમુક ફાયદાઓ મળે છે, જ્યારે આવા સમૂહમાં શિક્ષકો સમૂહગત પ્રબંધો જ કરી શકે છે જેમાં બાળકને આવી પડેલ પરિસ્થિતિમાં ચલવી લેવાની અને પરિસ્થિતિને અનુકૂળ થઇ જવાની સુંદર તક મળે છે. બાળક સમૂહગત જીવનના નિયમો આવે વખતે શીખે; સમૂહગત જીવનની વ્યવસ્થાનું તેને ભાન થાય; સમૂહમાં એકરૂપ થઇ પોતાના વ્યક્તિગત ભાવાભાવ, સગવડ અગવડ, વગેરે ભૂલી જઇ સમૂહ તરીકે કામ ચલાવવાની તકો આવા પ્રસંગોમાં તેને મળે.

એકંદરે નાનાં બાળકો માટે છાત્રાલય જીવન

અને કૌટુંબિક જીવન વચ્ચેના એક પગથિયા તરીકે શિક્ષકો ને સહાધ્યાયી બાળકો સાથેના પ્રવાસો ગણી શકાય. શિક્ષકો આટલા ખાતર જ બાળકોને કયાંઈ પડોશના ગામડામાં લઇ જઇ બે દિવસ ગાળતા હોય તો પણ તે લાભકારક છે. કુટુંબ કરતાં જૂદો અનુભવ લેવા નીકળેલ બાળકને શિક્ષકે જેમ માબાપના અભાવનો લાભ આપવાનો છે તેમ પોતે તદ્દન પારકો નથી, કોઇ વીશીવાળો કે નાત જમાડનારો નથી પણ શિક્ષક છે એટલું આધારતત્ત્વ કહો કે કૌટુંબિક ભાવના કહો, તેણે રાખવાની જ છે. કોઇ બાળક એકદમ સ્વાધીન થઇને ફરી શકતું હોય તો કોઇને થોડા આધારની જરૂર હોય; તે બધું જોઈ વ્યક્તિગત લાભાલાભનો વિચાર પણ અમુક હદ સુધી રાખવાનો જ છે. ઉંમર, સ્વભાવ, શારીરિક તંદુરસ્તી, પહેલી વારનો પ્રવાસ વગેરે બધી બાબતો ધ્યાનમાં લઇ યોગ્ય વિવેકથી જ શિક્ષકે વર્તવાનું છે. સમૂહગત જીવનનો પ્રબંધ ગોઠવતાં તે બાળકને સમૂહગત જીવનનો લાભ મળે જ મળે એવો વ્યક્તિગત વિચાર શિક્ષક આગળ તો હોવો જ જોઇએ.

શિક્ષક કૌટુંબિક જીવનમાંથી સમૂહગત જીવનમાં જ્યારે બાળકને લઇ જાય છે ત્યારે તેની આગળ બે વાતનો વિચાર ચોકખો હોવો જોઇએ. મૂળ તો તેને પોતાને સમૂહગત જીવન એટલે સામાજીક જીવનના નિયમોની બરાબર ખબર હોવી જોઇએ. દિશા, દાતણ, ખાવુંપીવું, ઉઠવુંબેસવું ને સુઇ જવું એ જીવનની દૈનિક ક્રિયાઓ પણ જ્યારે સમૂહમાં કરવાની હોય ત્યારે ઘર કરતાં કાંઇક જૂદી પડે. ઘેર થોડા માણસોનો વિચાર હોવાથી દરેકની ખાસ સગવડ અથવા વિચિત્રતા કે વિશિષ્ટતા સાચવી શકાય. સમાજમાં જઇએ ત્યારે આખા સમૂહની સગવડ ખાતર પોતાની સગવડ અગવડનો વિચાર છોડી દઇ સામાન્ય નિયમોને પૂર્ણ સંતોષથી વશ થવાનો પાઠ બાળકને પ્રથમ મળવો જોઇએ. સમૂહનું સન્માન એ બીજું તત્ત્વ પણ અંદર આવવું જોઇએ. બહુમતીના મતને વશ થવું જ જોઇએ એ સમૂહમાં રહેવાનો નિયમ છે. એના ઉપર વધારે વિસ્તારથી લખવાનું આ સ્થળ નથી. શિક્ષક સમૂહમાનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે જાણતો જ હોવો જોઇએ. ને ન જાણતો હોય તો પ્રથમ તે શીખીને તેના નિયમો જીવનમાં ઉતારીને પછી જ એવા પ્રવાસો ઉપાડે.

બીજી વાત શિક્ષકે ધ્યાનમાં રાખવાની છે તે આજના આપણા સમાજ કે કુટુંબ જીવનની બદીઓ; આપણી જ્યાં ત્યાં દિશાએ જવાની કે પેશાબ પાણી કરવાની ટેવો કે આપણી ઘોંઘાટ ગડબડ ને અવ્યવસ્થામાં જ ખાવાપીવાની ટેવો કે કુટેવો; માત્ર હાથ ધોવા હોય તો ઉપરા ઉપર પડવું કે બે માણસને વાત કરવી હોય તો પચાસ માણસ સાંભળે તેમ બોલવું; પીરસાવા આવ્યું હોય તે 'મને મને મને' કરીને ઉતાવળે ઉતાવળે પહેલાં પોતાના ભાણામાં પીરસાવવું ને પાસે પાસે બેઠાં હોય તો પણ પાસેનાને મળ્યું છે કે નહિ એની તપાસ કે ચિંતા નહિ પણ પોતાને ને પોતાના સગાસંબંધીને મેળવી લેવાની પડાપડી; વગેરે એક નહિ પણ અનેક કુટેવો, અણઘડપણું, જંગલીપણું, સંકુચિત ને સ્વાર્થી રીતભાતો જે સમાજમાં ઉંડે પેસી ગઇ છે તેને નાબૂદ કરી સંસ્કારી, સુઘડ, પરસ્પર સન્માનવાળું, પરસ્પર લાગણીવાળું, આરોગ્યવર્ધક જીવન સ્થાપવાનો ચોકખો પ્રબંધ શિક્ષકે કરવાનો છે.

શિક્ષક પ્રવાસે લઈ જઇને બાળકને ફેરવે નહિ, ખાસ જોવાનાં સ્થળો બતાવે નહિ તોયે ચાલે; પણ આ તો કરવું જ જોઇએ. ને આ ન કરી શકે તે શિક્ષક બાળકોને પ્રવાસે લઇ જ ન જાય. પ્રવાસે લઇ જઇ સામાજીક કે કૌટુંબિક કુટેવો પાકી કરવાનું પાતક તો શિક્ષક ન વહોરે. આથી વિરુદ્ધ શિક્ષક માત્ર એટલું કરે, એક સુંદર સંસ્કારી કુટુંબ

કે સમૂહનું જીવન જીવાડે ને બાળકોને બે દિવસમાં પાછાં લાવે તો પણ પ્રવાસ પૂર્ણ સાર્થ છે એમ કહી શકાય.

પ્રવાસે જવું એટલે કાંઇક જોવા-જવું. બાળકોને શેત્રુંજ્ય કે ગિરનાર કે કાંઇક બતાવીને લાવવાં એ તો બાળપ્રવાસનો ગૌણ હેતુ છે. પણ સામાન્યતઃ એ જ પ્રધાનપદ ભોગવે છે ને ઉપર લખી સમૂહગત જીવનની કે જીવનની સંસ્કારિતાની વાતો ધ્યાન બહાર જાય છે એમ બને છે. એનું કારણ શિક્ષકોનું પોતાનું જ ધ્યાન એ બાજુએ ગએલું હોતું નથી. પોતે જ કુટેવોમાં ટેવાએલા હોવાથી જ્યાં ત્યાં થૂંકે છે કે પેશાબ કરે છે ને બાળકો પાણી પીવા માટે કે હાથ ધોવા માટે ઉપરા ઉપર પડે તે તેમને ખૂંચતું નથી. આવા પ્રવાસો નિરર્થક છે. એ ન જ થાય તો સારું.

હવે જોવા લઇ જવાની બાબતનો વિચાર કરીએ. જોવા લઇ જવું કે શું કરવું તે ખરી રીતે દિવસના ચોવીશ કલાક કેમ કાઢવા તેનું પત્રક તૈયાર કરતી વખતે વચ્ચે આવનારી વિગતોનો પ્રશ્ન છે. ચોવીશ કલાક બાળકો શું કરે? દિશા, દાતણ, નહાવું ધોવું, ખાવું પીવું, સુવું વગેરેની વચ્ચેના વખતમાં ઘણી વાતો ગોઠવી શકાય તેમાંની ફરવા જવું એ એક છે. એમ તો સંગીત, ચિત્રકામ કે લેખનવાચન આવી શકે, વાર્તા કે વાર્તાલાપ આવી શકે, રમતરાસડા આવી શકે, ભજનકીર્તન આવી શકે, નાટકો આવી શકે નેં ફરવા જવાનું પણ આવી શકે. બીજી પ્રવૃત્તિ વિષે અહીં ખાસ લખવાની જરૂર નથી. શિક્ષકે પોતાની બુદ્ધિએ સ્થળ, કાળ, પ્રસંગ ને બાળકોની ઇચ્છા વગેરેનો વિચાર કરીને ગોઠવવાનું છે.

જોવા લઇ જવાની બાબતમાં બે વાત લખવાનું મન થાય છે.

પ્રથમ તો એ કે બાળકોને જોવા જેવું શું છે એની પસંદગીમાં આપણે ઘણી વાર સમજતાં નથી. આપણી દૃષ્ટિએ આપણે ઇતિહાસપ્રસિદ્ધ કે મોટાં ગણાતાં સ્થળો જોવા જેવાં ગણીએ છીએ. પરંતુ બાળકો દુનિયામાં નવો પ્રવેશ કરતા જીવો હોવાથી એમને મન ઘણું ઘણું નવું ને જાણવા જેવું જ હોય છે. અહીંનાં બાળકોને હમેશ સામાન્ય પદ્ધતિએ તળાવે ને બગીચામાં ને એમ ફરવા લઇ જવામાં આવતાં. અર્થાત્ બાળકો આનંદ તો લેતાં જ. પણ એક વાર કુંભારવાડે લઇ જવામાં આવ્યાં ત્યારે તેમનો આનંદ ને ઉત્સાહ જોઇ નવાઇ પામી ગયાં. શહેરી બાળકોને આવાં ઉદ્યોગધંધાનાં સ્થળો, શેરડીનો વાઢ વગેરે ખેતરનું કે બીજું ગ્રામજીવન—બધું જ અદ્‌ભુત ને રમ્ય જ હોય છે; ને શહેરીઓ ગ્રામજીવનથી પરિચિત થાય એ જરૂરનું પણ છે. ઘાણી કેમ પીલાય ને ગોળો કેમ ઘડાય ને વાવણી કેમ થાય તે બધું તેમને મન બહુ જ રસિક વાતો છે એ આપણે ભૂલવું ન જોઇએ.

આનો અર્થ એમ નથી જ કે કહેવાતાં મોટાં ને સુંદર સ્થળોએ તેમને ન જ લઇ જવાય. પણ ઘણી વાર શિક્ષકોના મોઢામાંથી સાંભળીએ છીએ કે અહીં શું જોવા જેવું છે કે બાળકોને લઇ જઇએ? તે માટે આ બાબતો તરફ ધ્યાન ખેંચીએ છીએ. અહીંનાં બાળકોને પારેના ગામડામાં માત્ર નદીમાં કે કોસ ચાલતો હોય એવે કુવે નહાવા માટે જ લઇ જવામાં આવે છે; ને બાળકો નહાવાનો ને પછી ખીચડી રોટલા ખાઇને ઘેર આવવાનો આનંદ ખૂબ-ખૂબા માણે છે એવો અનુભવ છે. માટે પ્રવાસ એટલે ખર્ચાળ ને દૂર દૂરનાં સ્થળોનો જ એવો ખોટો ખ્યાલ કોઇનો હોય તો તે દૂર કરવો ઘટે.

બીજી વાત બાળકોને જ્યારે દેખાડવા લઈ જઇએ છીએ ત્યારે ચારે કોર ફેરવીને લાવવામાં અર્થ હોતો નથી. બનાબર એક કે બે વાતો એક વખતે લેવી ને ત્યાં તેમને પૂરતો વખત આપવો. ઝાંખું થાય ત્યારે અસ્પષ્ટ (diffused) અસર ઘણી વાતોની રહે છે તેના કરતાં એક જ ચોક્કસ (pointed) અસર લે એ જરૂરનું છે.

માટે એક જ સ્થળે બે ચાર વાર જવાય ને જૂદે જૂદે વખતે જૂદાં જૂદાં સ્થળો જોવાય એમ બનવું જોઇએ. અમેરિકન મુસાફરોને માટે કહેવાય છે તેમ કલાકમાં પાંચ સ્થળો જોવાં નહિ પણ પાંચ કલાક એક સ્થળે નિરાંતે કાઢવા બાળકોની દૃષ્ટિએ વધારે લાભદાયક નીવડે.

બાળપ્રવાસો કરાવનાર આ બધી વાતોનો પૂરો વિચાર કરીને બાળકોને તેમના સુરક્ષિત ને હૂંફાળા કુટુંબોમાંથી ઉપાડે; નહિતર તો બાળકો પોતાના કુટુંબમાં જ વધારે સારાં. તા.

પત્રિકા કાર્યાલયમાં ડોકિયું

૧

આજ કાલ કાર્યાલયનો પત્રવ્યવહાર જોરમાં છે. કોઇ લખે છે: "અમે ફલાણી તારીખે રૂપીઓ મોકલ્યો છે છતાં અમારા ઉપર વી. પી. કેમ કર્યું?"

કોઇ પોતે શરમાય: "કાગળ વાંચી હું શરમાઇ ગયો. આપે મારા પર જે બાત્રી ભરેલી સદ્‌ભાવના રાખેલી તેનો મેં યોગ્ય જવાબ ન વાળ્યો, ને જે પ્રથમ કરવું ઘટતું હતું તે ટિકીટ બર્ચ ને લખાણ પાછળ ગએલ અમાપ નિરર્થક વ્યય પછી જ કર્યું!"

તો કોઇ વળી ઠપકો આપી અમને શરમાવે: "એ ભૂલ તમારી બાસ છે. આવી ભૂલ થાય એ સજ્જનને ઠીક નહિ; શરમાવા બરાબર છે."

વળી કોઇ દિલગીરી બતાવે: "પત્રિકાનું વી.પી. આવતાં દિલગિરી સાથે મારે પાછું ફેરવવું પડયું છે માટે કૃપા કરી આ બાબતમાં તપાસ કરશો. વી.પી. પાછું ફેરવવામાં મારા મનને દુઃખ થાય છે."

કોઇ 'गतं न शोचयेत्'ની ફિલસુફીનો આશ્રય લેવાની ભલામણ કરે: "વી.પી. કરવાની જરૂર ન હતી. પણ હવે જે વાત થઇ ગઇ તેમાં શોક કરવાનો નથી."

તો કોઇ અમારી મુશ્કેલી સમજી દીલસોજી બતાવે: "હું સમજી શકું છું કે આવી રીતે અનેક લવાજમ બાકી રહે તો તે ઉઘરાવવામાં સમય ને શક્તિનો કેટલો વ્યય થાય!"

અમે બધા કાગળોને વધાવી લઇએ છીએ. પોતે શરમાનાર ને દુઃખી થનાર માટે અમે દુઃખી થઇએ છીએ. ઠપકો આપનારનો ઉપકાર માનીએ છીએ. પત્રવ્યવહારમાંથી કાર્યાલયને ઘણું મળે છે. શીખામણના શું કે ઠપકાના શું, દિલગિરીના શું કે દિલસોજીના શું: બધા કાગળો લખનારનો સંઘ પ્રત્યેનો સંબંધ જ બતાવે છે. એ બધાને અમે અમારા ગણીએ છીએ માટે અવાર નવાર એમ જ લખતા રહેવાની અહી એમને અમે વિનતિ કરીએ છીએ.

ઉપરના ઠપકાની બાબતમાં સહેજ ખુલાસો કરવાનું મન થાય છે. ગયા વર્ષના છેલ્લા અંકમાં સૂચના લખેલી કે વી.પી. ન જોઇતું હોય તે લખી જણાવે. તેમજ ગ્રાહક ન રહેવું હોય તે પણ લખી જણાવે. થોડાએક કાગળો આવ્યા. અમે આઠ દિવસ વધારે રાહ જોઇને પહેલો અંક મોકલ્યો. ત્યાં સુધી જેમના કાગળો ન હતા તેઓ વી.પી. માગે છે એમ જ સિદ્ધ થયું માનીને અમે વી.પી. કર્યાં. પછી આવવા લાગ્યા રૂપીઆ ને પત્રો ને મનીઑર્ડરો! વી.પી. અમારા હાથમાં રહ્યાં ન હતાં; ટપાલમાં પહોંચી

ગએલાં! 'હવે શું થાય' કહીને એસવું પડયું; પણ એટલું તો જરૂર લાગ્યું કે રૂપિયા મોકલનારે મુદત ની અંદર મોકલ્યા હોત તો અમારી મહેનત, દરેક વી.પી. પાછળનો ખર્ચ ને ઉપરનો ઠપકો બચત.

ટપાલમાંથી બધાં વી.પી. એક દિવસે ન જઈ શકયાં. તેઓ રોજનાં બસો ચારસો કાઢતા હશે. માટે છેલ્લાં છેલ્લાં ગયાં તેવાઓના વધારે ઠપકા કે "અમારો રૂપિયો મળ્યા પછી તમે વી.પી. કરો છો એનો અર્થ જ સમજાતો નથી." તેમની બાજુની વાત સાચી ને અમારી બાજુની પણ સાચી!

સર્વ ગ્રાહકોને વિનતિ એક જ કરવાની કે હવેથી મહેરબાની કરી અમારી સૂચનાઓ વાંચી મુદત ધ્યાનમાં લઇ જો તેઓ વર્તે તો અમારી ને તેમની ઘણી મુંઝવણ દૂર થશે.

આપણે છાપાં કાઢતાં શીખ્યા, વાંચતાં શીખ્યા તો તેને લગતી હુશિઆરી (Smartness) પણ કેળવીએ.

૨

ગયા મહિનામાં કાર્યાલયમાં ટપાલનો કાંઈ ધસારો થયો છે! એક બાજુએ 'નામ કમી'ના કાગળો તો એક બાજુએ 'ચાલુ રાખો' 'નવા નોંધો' વગેરેના કાગળો; એક બાજુએ 'વી.પી. રિફયુઝડ' તો બીજી બાજુએ સ્વીકારાએલાં વી. પી.ના પૈસા બબડે; એક બાજુએ ઠપકા ને ફરીઆદો તો બીજી બાજુએ અભિનંદન ને ધન્યવાદ!

બેઉ બાજુ ચાલુ છે એટલે એકથી દુઃખ પામવાનું કે બીજાથી ફુલાઈ જવાનું થતું નથી. નિરાશા ને પ્રોત્સાહન વચ્ચે કાર્યકર્તાઓ સમતોલ રહી કામ ધપાવ્યે જાય છે.

'નામ કમી' વાળાઓનો કૃતજ્ઞતાપૂર્વક ઉપકાર માન્યા વગર રહેવાતું નથી. નામ-કમી કરવા માટે કાગળ લખવામાં તેમણે બતાવેલી સભ્યતા અને સામા પક્ષની સગવડનો વિચાર બરોબર સ્તુત્ય છે!

'ફરીઆદ' વાળાઓને કહીએ છીએ કે ફરીઆદો હોય તેટલી બધી રજુ કરતા જાઓ. શકય તેટલી ઉતાવળ ને બંતથી તે તરફ ધ્યાન આપીએ છીએ; છતાં સાથે સાથે એટલું વિનવીએ કે લખતી વખતે એમ નહિ માનતા કે અહીં તો બધો ગોટાળો જ છે, અંધારૂં જ છે, કોઇને કાંઈ વખતસર પહોંચતું જ નથી. સહૃદયતા રાખજો. ઘણી વાર અંક ટપાલમાંથી ખોવાય છે; ઘણી વાર આપને ઘેર પહોંચીને કદાચ આપના હાથમાં આવે તે પહેલાં ગોટાળે ચડે છે; ઘણી વાર આપને ત્યાં કોઇ લેનાર ન હોવાથી અહીં પાછો ફરે છે, ને આપ શરનામું બદલવાનું લખવું ભૂલી ગએલા હોવાથી અમે અંકો મોકલી શકતા નથી ને ઘણી વાર કદાચ કાર્યાલયની પણ ભૂલ હોય છે. જેમકે રજામાં કાર્યકર્તાઓ અહીં હાજર ન હોવાથી આપના કાગળો પડી રહે અથવા કવચિત નવા સવા માણસોને લીધે ગોટાળે પણ ચડી ગયા હોય. સૌ ફરીઆદો તો જરૂર કરે જ કરે, કારણ તેમાં જ અમારી વ્યવસ્થાની ખામીઓ દૂર થવાની છે. પરંતુ સહૃદયતા રાખીને, અમારા થઇને, તેમજ ભૂલ પણ ભૂલથી થાય છે ને બેદરકારી કે ગફલતથી નહિ એમ માનીને કરજો. સાથે સાથે પત્ર વ્યવહાર કરનારાઓ ગ્રાહક નંબરો જણાવે; તેમજ શરનામાફેર તરત જણાવે, અને અંક ન મળે કે તરત ફરીઆદ કરે તો બહુ જ સગવડ પડે.

નવાં વર્ષે ગ્રાહકોની સંખ્યા સારી રીતે ટકી રહી છે. રિફયુઝડ ને નામ કમીનું પ્રમાણ ધાર્યું હતું તેના કરતાં બહુ જ ઓછું છે. નવા ગ્રાહકો પણ આવતા જાય છે. એકંદરે પત્રિકાનું કામ આગળ વધી રહ્યું છે એમ જાણી સંઘીઓ સૌ ખુશી થશે.

તંત્રીઓ.

ભાઇ બાવિશીની પ્રતિજ્ઞા

આ સ્વયંસ્ફુરિત પ્રતિજ્ઞાને અમે વધાવી લઇએ છીએ ને તે માટે તેમને ધન્યવાદ આપીએ છીએ. વિનોદમાં વિચાર આવ્યો કે ભાઇ દસને બદલે બાવીશની પ્રતિજ્ઞા લે તો તેમની અટક સાર્થક થાય ને પત્રિકાનું વધારે કામ થાય. છતાં દસની પ્રતિજ્ઞાથી પત્રિકા અસમાધાન બતાવે છે એવું તો નથી જ. ભાઇએ, ગિજુભાઇના દેવામાંથી મુક્ત થવાનો આ માર્ગ કાઢ્યો. પરંતુ તેથી ગિજુભાઇને સંઘ સાથે વધારે બાંધ્યા, બંધનો દૃઢ કર્યાં, તેમની જવાબદારી વધારી. તેઓ ભલામણ કરે છે તેમ જો સાચે જ બધાં પ્રતિજ્ઞા લેવા લાગે તો પોતે દેવામાંથી મુક્ત બનવાના પ્રયત્નમાં ગિજુભાઇને તો જીંદગી સુધી સંઘ સાથે બાંધી દેશે. ને ગિજુભાઇ મુક્ત થવા ઇચ્છનારને સામેથી બાંધવા ચૂકશે નહિ. એકંદરે ભાઇ બાવિશીની મુક્ત થવાની યોજના સંઘ સાથે દૃઢ બંધનથી બંધાઇ લેવાની યોજના છે. અર્થાત્ અમને તો તે પ્રિય જ છે. જરૂર આપણે બધાં સંઘનાં સાચાં સંઘી બની નિકટ આવીએ ને સંઘનું કામ આગળ ધપાવીએ. સંઘનું કામ તે આપણાં જ બાળકોનું કામ છે. આવતી કાલના સમાજનું–દેશનું–રાષ્ટ્રનું કામ છે. આપણા ઘરનું છે. આપણા દેશનું છે. મનુષ્ય સૃષ્ટિનું છે. તે આપણા ઘર જેટલું સંકુચિત ને નાનું છતાં જગત્ જેટલું મહાન્ ને વિશાળ છે, કારણ કે તેની અસર આખા મનુષ્ય જગત્ ઉપર થવાની છે.

પત્રિકાના ગ્રાહકો એટલે મૉંટીસોરી સંઘના સંઘીઓ–એટલે મૉંટીસોરી ધર્મના અનુયાયીઓ વધારવાનું કામ આપ સૌ પ્રતિજ્ઞાથી કે વગર પ્રતિજ્ઞાએ એક ધાર્મિક કામ તરીકે જરૂર કરજો ને અમને પણ કરતાં રાખજો. તા.

મ્હારી પ્રતિજ્ઞા

મુરબ્બી શ્રી. ગિજુભાઈ અને શ્રી. તારાબ્હેનની સેવામાં

ભાવનગર

હળવું કહું કે ભારે, શિષ્ટ કહું કે બીજું ગમે તેવું કહું પણ 'પત્રિકા'નું વાચન એટલું તલસ્પર્શી હોય છે કે સ્ત્રી, બાળક, બાલિકા, તરુણ, તરુણી, વૃદ્ધા, પુરુષ, પડદેનશીન બીબીસાહેબા વગેરેને વાંચવામાં જરાય વાંધો આવે તેવો સંભવ નથી જ. તો પછી છૂટથી તેનો ઉપયોગ–ફેલાવો શા માટે ન કરવો?

હું દસ ગ્રાહક કરી દેવાની પ્રતિજ્ઞા કરું છું અને એક માસમાં દસ ગ્રાહકો ન કરું તો રૂા. ૧૦) મ્હારા પદરના આપશ્રીને મોકલીને દસ ઘરે પત્રિકાઓ મોકલવાનું લખવા તજવીજ કરીશ.

ઇચ્છું–પ્રેમપૂર્વક ઇચ્છું કે ઘણાખરા ગ્રાહક બન્ધુઓ, પાંચ પાંચ દસ દસ ગ્રાહકો કરી દેવાની પ્રતિજ્ઞા લે, અને ગિજુભાઇના દેવામાંથી મુક્તિ મેળવે.

સેવક,

ગુલાબચંદ મૂળચંદ બાવિશી

આફ્રિકાવાળા.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પોરી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(આંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૪–૫
જ્યેષ્ઠ–આષાઢ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

શું કરીશું ?

ફૂલોમાં ગંધ નથી, કળીયો પૂરી ખીલતી નથી, પાંદડાંઓ ચીમળાઇ ગએલાં છે, ડાળીઓ વાંકી ચૂંકી છે, થડની છાલ ખરી પડે છે.

શું આપણે ફૂલો પર ગંધ રેડીશું ? હાથે કરીને કળીયો ઉઘાડીશું ? પાંદડાની કોરોને સાંધીશું ને પાંદડાને રંગ લગાડીશું ? ડાળીયોને સુતારો પાસે ઘડાવીને સરખી કરાવીશું ? ને થડની છાલ ન પડે માટે વાળાથી કે દોરડાથી બાંધી લઇશું ?

પણ તેમ કરવાથી ઝાડ સારૂં થશે ? ના.

ત્યારે શું કરીશું ?

કરવું તો એ જોઇએ કે ઝાડના મૂળને તપાસીએ, સડાને શોધી કાઢી દૂર કરવા લાગી જઇએ.

મૂળનો સડો દૂર થશે તો ઝાડ નવપલ્લવિત થશે.

મનુષ્યવૃક્ષને ખીલવવા પણ મૂળ પાસે કાં ન જઇએ ?

ચાલો આપણે બાળકને સુદૃઢ ને નિરોગી કરીએ.

બાળકને ભેટ

નાની બબુ ખૂબ ખુશ થતી આવતી હતી. એના હાથમાં એક નાની ચોપડી હતી. તેની રંગે-રંગમાં હર્ષ વ્યાપી રહ્યો હતો.

નાચતી નાચતી મને કહે: "જુઓ તો, મને આ ચોપડી ભેટ મળી છે."

મેં કહ્યું: "બબુ, 'ભેટ મળી' એટલે શું?"

બબુ કહે: "ઇ તો મને ભેટ મળી છે. ઈ હું વાંચીશ ને મારા ટેબલમાં રાખીશ. જ્યારે જોઇએ ત્યારે કાઢીશ."

બબુને ચોપડી ઘણાંઓને બતાવવી હતી એટલે તે ચોપડી છાતીએ ચાંપતી, નાચંતી કુદતી ચાલી ગઇ

બે કલાક પછી બાલમંદિરમાં ગઇ. સંગીત ચાલ્યું. બબુ ને તેનું ટોળું ચોપડી જોતું હતું વાંચતું હતું.

બે કલાક ગયા. બબુના ઓરડામાં જઇને જોયું તો બબુ ચિત્ર કાઢવામાં ગરકાવ થએલી. થોડી વારમાં ચિત્રો પૂરાં થયાં. બબુની ચળકતી આંખો કહી દેતી હતી કે આજે બબુએ કાંઇ નવી કલ્પના કાઢી છે. બબુ તો ચિત્રો લઇને ઉપડી.

'આ ચિત્ર ગિજુભાઇને ભેટ' 'આ ચિત્ર તારાબેનને ભેટ' 'આ ચિત્ર કમળાબેનને ભેટ' એમ ચિત્રો પર લખેલું હતું. બબુબેનનું ભેટનો સુંદર વરસાદ વરસાવતી ઓરડે ઓરડા ફરી વળી.

આજે બબુના નાના માનસે ભેટ લેવાનો ને ભેટ દેવાનો નિર્મળ આનંદ ચાખ્યો. આજે તેની પ્રસન્નતા કાંઇ જૂદી જ હતી. આજે તેને જીવનનો એક અમૂલ્ય લ્હાવો મળ્યો.

જીવનમાં બે જાતની લેણદેણ ચાલે છે; એક હિસાબની ને બીજી પ્રેમની. આપણે પૈસા આપીને કાંઈ પણ લઇએ કે દઇએ અથવા પૈસાની જગ્યાએ બીજા કાંઈ લાભાર્થે લેણદેણ થાય છે તે બધામાં હિસાબ હોય છે લેવાથી કે દેવાથી પોતાનો સ્વાર્થ કેટલી હદ સુધી સધાય છે અથવા ભવિષ્યમાં સધાશે એનો ચોક્ખો હિસાબ એમાં હોય છે.

પ્રેમની લેણદેણમાં આવો હિસાબ હોતો નથી. મનુષ્ય સ્નેહની ખાતર બદલાની ઇચ્છા વગર બીજાને ઘણું ઘણું અર્પી દે છે. એનુ જ નામ ભેટ.

આજે આપણા જીવનમાં બન્ને જાતની લેણ-દેણને સ્થાન છે. આપણા માનસિક વિકાસનો માર્ગ થોડોએક હિસાબી લેણદેણમાંથી પ્રેમની લેણદેણ તરફ જવામાં રહેલો છે સાધુ સંન્યાસી માત્ર એક જ લેણદેણ જાણે છે ને તે પ્રેમની, બદલા વગરની, સ્વાર્થ-રહિતની

કૌટુંબિક જીવન ખાસ કરીને પ્રેમ ઉપર રચા-એલું છે. માટે જ કુટુંબીઓમાં, સ્નેહીસંબંધી-ઓમાં ને આપ્તેષ્ટોમાં ભેટ મોકલવાના ઘણા રિવાજો પ્રચલિત છે. પરંતુ આજે જેમ બધે તેમ આ રિવાજ ઉપર પણ ધૂળ ને કાટ તો ચડયો જ છે.

સ્વેચ્છાથી, સ્નેહના ઉભરાથી આપવાની ભેટ પરત્વે હિસાબ તો સારી રીતે દાખલ થયો છે. "કલ્યાણીએ બે જ રૂપીઆનું હાથઘરણું કર્યું તો હું ચાર રૂપીઆનું શું કામ કરું?" બદલા વગર અપાય નહિ ને બદલા વગર લેવાય નહિ. એ જ આજની સામાજીક ને કૌટુંબિક લેણદેણનું સ્પષ્ટ સૂત્ર થઇ બેઠું છે.

વળી સ્વેચ્છાથી અને લાગણીના આવિર્ભાવથી અપાવાને બદલે આજે ભેટ પણ ફરજીઆત-સમા-જનો કે કુટુંબનો કર-થઈ-બેઠી છે. હિસાબી લેણ-દેણ મરજીઆત રહી શકે છે પણ પ્રેમની લેણદેણ માણસો મરજી વિરુદ્ધ કરે છે. તે એક આપત્તિ રૂપ ગણાય છે કારણ દરેક જણ 'લોકોમાં ખોટું ન દેખાય' એટલા ખાતર જ એ વ્યવહારને વળગે

છે. તેની પાછળ ભાવ કે આપવાની ઇચ્છા જેવું કશું હોતું નથી.

ત્રીજું ભેટનો પ્રદેશ ભાવનાનો છતાં તેમાં દેખાદેખી ને સ્પર્ધા પેઠી છે. પેલાએ ૫૦ રૂપીઆની વીંટી આપી તો આપણાથી ઓછું તો ન જ અપાય, પણ બને તો ૧૦૦ની બંગડી આપીને જોનારને આંજી દેવાની વૃત્તિ આવી જાય છે. આસ્તે આસ્તે આપતા લેવાના રિવાજે ચડતા જાય છે. શ્રીમંતો તેને ચડાવે છે ને સમાજનાં ગરીબ કુટુંબો તેના ભોગ થઈ પડે છે. એક પહોંચતું કુટુંબ જનોઇનાં ચાર જમણ આપે છે તો ગરીબ કુટુંબને પણ થાય છે મારે દેવું કરીને પણ તેટલાં જમણો આપવાં જોઇએ. સારાંશ આજે પ્રેમથી આપવાની ભેટમાં હિસાબીપણું, સામાજીક રૂઢિની ગુલામગિરી ને દેખાદેખી પેસી જવાથી ભેટપણું શુદ્ધ સ્વરૂપમાં ભાગ્યે જ જોવામાં આવે છે. પેલી બબુનાં ધન્ય ભાગ્ય કે તેણે આજે શુદ્ધ ભેટનો શુદ્ધ આનંદ ચાખ્યો. 23113

સમાજવ્યવહારની ટુંકી દૃષ્ટિથી ટુંકાં થઇ ગયેલાં આપણી વચ્ચે રહેનાર બાળકને આવો પ્રસંગ કવચિત જ મળે છે.

આપણે હવે આપણા બાળક સાથેના વર્તનમાં તો આપણું હિસાબીપણું છોડી જ દઇએ તો ઠીક. તેની સાથે તો એકલી પ્રેમની જ લેણદેણ કરીએ.

બાળકને આપણે ખવરાવીએ, પીવરાવીએ, ઓઢવા પહેરવાનું આપીએ એ હમેંશની જરૂરીઆતનું થયું. તે સિવાય તેને વચમાં વચમાં વધારામાં કાંઇક આપીએ. આપવાના ભાવથી આપીએ તે બાળક બહુ જ હર્ષથી વધાવે છે.

હમણાં હમણાં કાંઇક પાશ્ચાત્ય અનુકરણથી બાળકોને ભેટ આપવાના પ્રસંગો જેવાકે જન્મદિવસ, દીવાળી (ક્રિસમસને બદલે) નવું વર્ષ વગેરે આપણા જીવનમાં આવતા જાય છે, ને તેમાં માત્ર અંધ અનુકરણ ન રહે તો કશું ખોટું નથી; ઉલટું આવકાર આપવા લાયક ગણાય. પરંતુ તેમાં માબાપોએ બે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી ઘટે.

પહેલી ને મહત્ત્વની બાબત તે ભેટમાં ભેટપણું એટલે કે ભાવનાભર્યા અર્પણને અવકાશ હોય. કેટલા રૂપીઆનું આવ્યું ને કોણે આપ્યું વગેરે પ્રશ્નો તેમાં ઉદ્ભવવા ન જોઇએ. ઘણી વાર એકાદ નાની વસ્તુ કોઇએ આપી હોય તો તેથી નાનાંઓ ખુશ થાય છે ત્યારે મોટાંઓ તેમાં ઝેર રેડે. "લે, ફલાણાંએ આવી બે આનાની વસ્તુ આપી? આટલું બધું તો કમાય છે? અમે તો તેના છોકરાને પાંચ રૂપીઆની મોટર લઇ આપી હતી." વગેરે હલકા ભાવવાળા શબ્દોચ્ચારો આપણે ડગલે ને પગલે સાંભળીએ છીએ, ને તેથી બાળકોનું મન દૂષિત કરીએ છીએ. આ રીતે બાળભેટોમાં પણ આપણા સંકુચિત હૃદયના હલકા વ્યવહારો જ દેખા દેતા હોય તો આપણે બાળભેટોનો પ્રચાર સમૂળગો બંધ કરીએ તે જ સારું. જનોઇ, લગ્ન ને અધરણી જેવા પ્રસંગોમાં એક બીજાનું ઓછું જોવાની બાળકોને તાલીમ મળે છે તેટલી બસ છે; તેમાં વળી ઉમેરો શા માટે કરીએ?

બીજું આપણે શું આપીએ છીએ તે વિષે આપણી પાસે ચોખ્ખો વિચાર હોવો જોઇએ. આપણા બાળકને આપણે કયે રસ્તે ચડાવીએ છીએ તે પણ જોવાનું છે. જેમકે આપણે તેને એકાદ ચોપડી આપશું તો તેને આપણે ચોપડી વાંચવાની દિશા બતાવીએ છીએ ને કપડાં ને ઘરેણાં આપીએ તો તે દિશા બતાવીએ છીએ. એમાં બાળક સામે હવે કઇ દિશા ખાસ ખોલવાની જરૂર છે તેનો વિચાર કરીને તે પ્રકારની ભેટ આપી શકીએ. પરંતુ તેમાં બાળકનો વિચાર પણ કરવાની જરૂર છે જ. બાળક ચિત્રનો શોખ ધરાવતું હોય તો તેની આગળ નવી દિશા ખોલવાની ખાતર કાંઇ બીજી જ વસ્તુ ભેટ ધરવાને બદલે ચિત્રકામનાં સાહિત્યો જ આપીએ તો બાળક તે ભેટ વખારે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે,

વિદ્યુત સ્મૃતિ સંગ્રહાલય ([illegible] 23113

સામાન્યતઃ મોજશોખની વસ્તુઓ કરતાં બાળકને માટે તેને ગમતા ઉદ્યોગમાં મદદરૂપ થાય તેવી ભેટો વધારે પસંદ કરવા જેવી ગણી શકાય. બગીચા બનાવવાનાં સાધનો, ચિત્રકામનાં સાધનો, શીવણનાં સાધનો ઇત્યાદિ અનેક એવા બાળપ્રિય ઉદ્યોગો છે કે જેનાં સાધનો જોઇ બાળકો ખુશી થાય છે. જ્યોર્જ વોશિંગ્ટનના બાપે એને નાની કુહાડી ભેટ આપી હતી તે બહુ જ વિચારવા જેવી વાત છે.

બેશક મારો કહેવાનો ભાવ એવો નથી કે બાળકોને ઉપયોગી, જ્ઞાન આપનારી ને સારાં બનાવનારી એવી ભેટો આપી તેમને સોગીયાં બનાવવાં અથવા આપણે તેમની આગળ જે મૂકવાં માગીએ તે ઉદ્યોગ ધંધાનાં દ્વેષ્ટા બનાવવાં. બાળભેટોમાં ઘરેણાં, કપડાં, ખાવાની વસ્તુઓ, રમકડાં વગેરેને પણ યોગ્ય સ્થાન હોઈ શકે. કહેવાનો ભાવ એટલો જ કે આપણી ભેટોથી તેમનામાં ઘરેણાં આદિનો જ શોખ વધારે પડતો પોષાય એમ ન બને. તેમજ બાળકને પ્રિય થઇ પડે એવી બીજી અનેક સાદી ને સુંદર વસ્તુઓ હોઇ શકે છે તે આપણે ભૂલી ન જઇએ. ટુંકમાં ભેટમાં શું આપવું એ બાબતમાં ભગૃત વિવેકની જરૂર છે.

છેલ્લે એક વધારે સૂચના કરી વિરમીએ. આપણી ભેટો અતિશયતા ન પામે તેનું ધ્યાન રાખવું. આપણી ભેટોથી બાળકો ભેટોનાં લાલચુ ન બની જાય તેનું પણ ધ્યાન રાખવું. ભેટ નજરાણામાં એવું કાંઇ તત્ત્વ આવી જાય છે કે જેને લીધે અધિકારીઓથી ભેટ ન જ લેવાય એવા કાયદા રાખવા પડે છે. તેવું કોઇ તત્ત્વ મોટાંઓ ને બાળક વચ્ચે ન આવી જાય તે જોવાનુ છે.

તા.

અમી દૃષ્ટિ

કવિ કલાપીએ એક કાવ્યમાં પેલી જૂની વાત વર્ણવી છે. રાજા હતો તે ફરવા નીકળ્યો. રસ્તે વાઢ આવ્યો. તરસ લાગી ને અંદર ગયો. ખેડૂતે મીઠો અમૃત જેવો શેરડીનો રસ પ્યાલો ભરીને રાજાને ધર્યો. બાપુ એક પ્યાલો ગટગટાવી ગયા. બાપુને ટાઢક વળી. કાળજું ઠરીને હીમ થયું. બાપુએ કીધું "એક બીજો કટોરો ભરો." ખેડૂત વાઢમાં ગયો ને શેરડી કાપી કાપીને પ્યાલો ભરવા લાગ્યો પણ શેરડીમાંથી રસ જ ન ભરાય તો! ઘણી મહેનત કરે ત્યારે માંડ માંડ બે પાંચ ટીપાં પડે. બાપુને ઉતાવળ થઇ ને બાપુ ખેડૂત હતો ત્યાં આવ્યા. બાપુને જોઈ ખેડૂતનું મ્હોં વીલું પડી ગયું. શેરડી કાપે પણ પ્યાલું ભરાય જ નહિ

"બાપુ આ નથી સમજાતું આમ કેમ થાય છે તે?"

બાપુએ જ કહ્યું: "એનું કારણ તો હું જ છું. તેં મને શેરડીનો રસ પાયો ત્યારે મને થયું: 'અહો! આ ખેડૂતને ત્યાં આવું અમૃત છે તો એ કેટલો દ્રવ્યવાન હશે? કેટલો સુખી હશે? બસ આની પાસેથી તો કર બમણો ચોગણો લેવો જોઈએ.' આ વિચાર થયો એટલે મારી નીતિ બગડી. મારી રાજની જે અમૃત દૃષ્ટિ જોઇએ તેમાં ઝેર ભળ્યું ને એ જ આ રસ નથી નીકળતો એનું કારણ છે!"

આ અમી દૃષ્ટિ એ એક ભારે મહત્ત્વની વસ્તુ છે.

ખેતરનો પાક ખાતરપાનથી તો થાય છે, પણ ખેતરને શેઢે કે માળે બેઠેલો ખેડૂત પોતાના લીલા હરિયાળા ખેતરને જોઇને મલકાયા કરે છે, અંતરમાં રાજી રાજી થાય છે ને હોંશે હોંશે પક્ષીઓ ઉડાડે છે ને પાણી પાય છે, ત્યારે તે ખાતરપાનનુંયે ખાતરપાન—પોતાનું અમીભર્યું અન્તઃકરણ રેડે છે. અને એનાથી તો આખો પાક પોષાય છે.

જેણે પોતાનાં ઉછેરેલાં ફૂલઝાડો ને ફુલવેલી-ઓની સામે જોઇને ઉભેલા માળીને જોયો હશે તે કહેશે કે માળી માળો એકલા પાણી ખાતરથી બાગ નહિ કરતો હોય. એની મીઠી નજર એનાં ફૂલોને હસાવતી હશે, એનો કોમળ સ્પર્શ વેલની પાંદડીએ પાંદડીએ રસ ભરતો હશે. માળી ફુલ જોઇને હરખી ઉઠે છે. કોઇ ફૂલને તોડે તો એનો કળીએ કળીએ જીવ કપાય. પોતે ફુલને તોડશે તો પણ એટલી સાચવણથી; વેલને ઝાડ પર ચડાવશે તોપણ રખેને કંઇક થઇ ન જાય એવી કાળજીથી. આનું નામ માળીની અમી દૃષ્ટિ. આ અમી દૃષ્ટિમાં ફૂલો ખીલે છે ને વેલ પાંગરે છે.

દૂધ દોતી વખત ગોવાળને ગાયને ગળે હાથ ફેરવતો આપણે જોયો છે. ગાય ચરીને આવી છે, ખાણ ખાય છે, તેથી તે દૂધ આપે છે. પણ જ્યાં ગોવાળ 'બાપો બાપો' કરીને હાથ ફેરવે છે ને શીંગડીએ ચળ કરે છે ત્યાં ગાય કેટલોયે વધારે પારસો મૂકે છે. ઘણા લોકોને તો ખાસ ગોવાળો પાસે જ ગાય દોવરાવવી પડે છે. કહે છે કે ગાય એને હળેલી છે. એનો અર્થ એ કે ગોવાળમાં એવી અમી દૃષ્ટિ રહેલી છે કે ગાય તેને લીધે અમૃત જેવા દૂધને આંચળમાંથી ઉભરાવા દે છે.

અને મા જ્યારે બાળકને ધવરાવવા બેસે છે ત્યારે એને જોણે જોઇ હશે તે જ કહેશે કે બાળક દૂધથી મોટું થતું હશે કે અમી દૃષ્ટિથી. મા મનમાં પોતાને પણ ખબર ન પડે તેમ વિચારે છે: "આ મારો પ્રાણ, આ મારું ચેતન, આ મારું સર્વસ્વ. આને હું પ્રાણથી પ્રાણ આપું છું. ચેતનથી ચેતન આપું છુ. મારો પ્રાણ આ દૂધ વાટે એનામાં ભરું છું. આ દૂધ દૂધ નથી પણ અમૃત છે." આ કાવ્ય નથી. માના હૃદયમાં જે અકથ્ય ભાવો છે તે આ છે. માની આંખમાં જે અકથ્ય વાણી છે તે આ છે. મા દૂધ નથી પાતી પણ અમામૃત થાય છે. એમાંથી મનુષ્ય બાળક જીવન્ત રહી મોટું થાય છે.

આ બધી અમી દૃષ્ટિઓ છે. પ્રજ્ઞ રાજાની અમી દૃષ્ટિમાં, બાગ માળીની અમી દૃષ્ટિમાં, ખેડૂતની અમી દૃષ્ટિમાં ને બાળક માની અમી દૃષ્ટિમાં ઉછરે છે ને મોટું થાય છે.

આ અમી દૃષ્ટિ એટલે વધવાનો, ખીલવાનો ને વિકસવાનો એક અનિવાર્ય નિયમ આ નિયમ જ્યાં ન પ્રવર્તે ત્યાં ખીલવણી બંધ પડે, સંકોચ થઇ જાય, શુષ્કતા ને મંદતા આવે, સડવું શરૂ થાય.

આ નિયમ આપણે આપણાં બાળકો અને આપણી બાબતમાં વિચારીએ.

બાળકો આપણાં ઘરોના રોપાઓ અગર ફુલઝાડો છે. તેઓ આપણે તૈયાર કરેલા વાતાવરણમાં ને ખાનપાનમાં મોટાં થઇ રહ્યાં છે. તેઓ આપણી દૃષ્ટિ તળે જીવી રહ્યાં છે. આ દૃષ્ટિ જેવી કડવી મીઠી હશે તેવાં બાળકો થશે. માળી પોતાના જ બાગનાં ફુલઝાડોના ક્યારાઓમાં ધબધબ દઇને ચાલે, ગમે તેમ મરજી પ્રમાણે ચાલે, ફુલ જોઇને હરખાય નહિ પણ ઠીક છે—થયાં છે એમ સમજે તો એનો બાગ પાંગરે નહિ. આપણે બાળકોની વચ્ચે કેવળ તેમની હાજતો પરત્વે બેદરકાર રહીએ, તેમને જડસા જેમ ગમે તેમ હડદોલાવીએ કે ધકેલીએ, તેમની કુણી કુણી લાગણીઓનો વિચાર જ ન કરીએ, તેમને અભિમુખ ન રહેતાં આપણામાં જ પડ્યાં હોઇએ તો બાળક ચીમળાશે. તેમને આપણી અમી દૃષ્ટિનું પોષણ નહિ મળે.

બાળકો ખૂબ નાજુક છે નાનાં છે છતાં તેઓ સૂક્ષ્મ સંસ્કારક્ષમ અને લાગણીગ્રાહી છે. તેઓ આપણી રાજી ખુશી કે કડક મરજી તુરત ઓળખે છે. તેઓ આપણને કડક જોઇને બીડાય છે, તેઓ આપણને પ્રસન્ન જોઇને ઉઘડે છે.

જેના ઘરમાં માતા અને પિતા અધિકારના બળથી બધા સાથે કામ લે છે અને બાળકો પણ

તેનાં ભોગ થઇ પડે છે, ત્યાં બાળકો અમી દૃષ્ટિ વિહોણાં હોય છે.

જેના ઘરમાં બાળકો એટલે નાનાં છોકરાં, કશાય માનપાન આપવાની લાયકાત વિનાનાં, પડતાં આખડતાં મોટાં થવાવાળાં તે ઘરનાં બાળકો પણ અમિદૃષ્ટિ વિહોણાં છે. જે ઘરમાં બાળકની સામે જોઇ તેમનાં નાનાં કામો, તેમની નાની વાતો ને તેમના નાના ભાવોને પ્રત્યુતર મળતો નથી પણ ઉલટું તેમનાં કામો તરફ ઉપેક્ષા અગર અણગમો હોય છે ત્યાં અમી દૃષ્ટિ નથી પણ વિષ દૃષ્ટિ છે.

જેના ઘરમાં બાળકોને આયાના સ્વાર્થો અને ઘણી વાર ગંદા વાતાવરણમાં રહેવું પડે છે ત્યાં અમી દૃષ્ટિના બાતરથી ઉલટું જ બાતર મળે છે. જેના ઘરમાં માબાપોમાંથી સ્વાર્થવૃત્તિ, દ્વેષવૃત્તિ, વૈરવૃત્તિ, લોભવૃત્તિ વગેરે હલકી વૃત્તિઓનું પ્રત્યક્ષ અપ્રત્યક્ષ વાતાવરણ બાળકોને મળે છે ત્યાં બાળક અમૃતમાં નહિ પણ હળાહળમાં ઉછરે છે.

જે બાળકો માબાપના કલેશકંકાસમાં, સગાં-સંબંધીઓની કુથલીઓમાં ને નાતજાતની બટપટના પ્રપંચોમાં હોય છે ત્યાં પણ અમૃતપાન તો નથી જ; માત્ર ઝેરનું પાન છે.

બાળકો ઘરમાં ઉછરતા છોડો છે. તેમના ઉપર જેમ હવા-સૂર્ય-પ્રકાશની સારી માઠી અસર થાય છે તેમજ માબાપો અને અન્ય જનોની સારી માઠી અસર થાય છે. તે અમૃત જેવી પણ થાય છે ને ઝેર જેવી પણ થાય છે.

આપણે જ્યારે ચિંતા કરીએ કે બાળક શરીરે, મને કે નીતિરીતિએ કેમ વિકસતું નથી; કેમ તે ઉલટું મંદ અને નિસ્તેજ થાય છે; કેમ તે ભૂલકણું ને પ્રમાદી થાય છે ત્યારે આપણે તપાસવું જોઇએ કે આનું કારણ આપણું ટોકવું તો નથી ? આનું કારણ આપણો અવિશ્વાસ તો નથી ? આનું કારણ આપણે એની પ્રવૃત્તિ જોઇને રાજી નથી થયાં એ તો નથી ? આનું કારણ આપણી સહાનુભૂતિનો અભાવ તો નથી ? અમી દૃષ્ટિના અભાવનાં આ બધાં લક્ષણો છે.

અમૃતની દૃષ્ટિ અને વિષની દૃષ્ટિ જુદી અને ઝીણી બન્ને છે. બાળકને પ્રસન્નતાથી બોલાવીએ ને જવાબ આપીએ એ જુદી દૃષ્ટિ; બાળક કંઇ કરે અને તે પ્રેમથી નીહાળીને મનમાં ખુશી થઇએ, ભલે બાળકને તેની ખબર પણ ન પડે, તે ઝીણી દૃષ્ટિ. બાળક આપણી પાસે વખાણ નથી માગતું પણ કદર માગે છે. બાળક આપણી પાસે ઇનામ નથી માગતું પણ આપણે રાજી થયા છીએ તેટલું તો માગે જ છે. બાળક આપણને કહેતું નથી કે બધું પડતું મૂકી જોયા કરો ને પાસે બેસી રહો. તે એટલું જ માગે છે કે આપણે તેની સામે નથી જોતા એમ નથી. તેની સન્મુખ જ છીએ; ને જ્યારે તે આવશે ત્યારે હેતથી વધાવીશું ને શાન્તિથી સરલ ને સ્નેહભર્યો ઉત્તર આપીશું. હશે તો મુશ્કેલી દૂર કરીશું અગર દૂર કરવામાં મદદ કરીશું.

વિષની જુદી દૃષ્ટિ એટલે કે આપણે બાળકના પ્રયત્નને હડધૂત કરીએ, મૂરખ ગણી હસી કાઢીએ વગેરે. વળી ભલે આપણે બાળકને કશું કડવું વેણ કહીએ નહિ, પણ જો આપણી આંખ તેને નિસ્તેજ ભળાય, આપણો ચહેરો તેને આદર ન આપતો હોય, આપણી વાણી તેને ઠંડી ને સૂકી લાગતી હોય, આપણું વર્તન તેને સમજતું ન હોય, આપણી રીતભાત ખડબચડી ને અવગણના ભરી હોય ત્યારે તે બધું બાળકને દુઃખરૂપ થાય છે. એ બધું આપણે ત્યારે જ કરીએ છીએ અગર થાય છે કે જ્યારે આપણી દૃષ્ટિ બદલાય છે, અમૃતની મટી વિષની થાય છે.

બાળકો દૃષ્ટિનો ભેદ તુરત સમજે છે. પાડોશીની બાઇએ બાળક પર કેવી દૃષ્ટિ ફેંકી અગર નાના કાકાએ જુવી કઇના દીકરા પર કેવી નજર

દેખાડી તે બાળક તુરત પકડી શકે છે ને માબાપને કહી પણ શકે છે. આ આપણો સામાન્ય અનુભવ છે.

માટે આપણે બાળકોને અમી દૃષ્ટિથી ઉછેરીએ અને આપણી પાસેથી આપણાં ઘરોમાંથી ને આસપાસમાંથી આપણાં બાળકોની વાણી મીઠી કરવા કડવી દૃષ્ટિને હાંકી જ કાઢીએ. ગિ.

બાળકોની કુટેવો*

જ્યાં સુધી માબાપ અને બાળકો ઉભય વચ્ચે વિશ્વાસ છે ને બાળક માબાપથી નિર્ભય છે ત્યાં સુધી બાળક પોતાની વાત છૂપાવશે નહિ. છૂપાવવાનું એક મજબૂત કારણ ભય છે. જ્યારે એક વાર બાળકને ભય લાગી જાય છે ત્યાર પછીથી તેને નિખાલસ કરવું ભારે મુશ્કેલ છે. ત્યારથી નિખાલસ કરવાના પ્રયેક પ્રયત્ને તેને ઢોંગી થવું પડે છે. એક વાર બાળક ભયવશાત જૂઠાબોલું થયું એટલે તો તેને જ કયાં બોટું છે ને કયાં સાચું છે તે પારખવાની ભાંજગડ કરવી જ પડશે.

જૂઠાં બાળકો હંમેશ કાં તો નીચું જોઇને, કાં તો ખુશામતભર્યું હસીને કાં તો ડરતાં ડરતાં, કાં તો અચકાતાં અચકાતાં, કાં તો અગાઉથી જ 'હું કહું છું તે સાચું કહું છું,' અથવા તો 'અમારે તો સારી રમત રમવી છે, ફલાણાભાઈ અમને આમ આમ રમાડે છે પણ અમે એમ નહિ રમીએ' એમ બોલશે. જૂઠાની ઓળખાણ માટે આ બધું ધ્યાનમાં રાખવું. ગિ.

બાળકોનો પહેરવેશ*

આપણે આપણાં બાળકો વચ્ચે કપડાં વિષે વગર વિચાર્યે બોલ્યે જ જઇએ છીએ તેનો જરા પણ અભ્યાસ કરીએ તો આપણા બોલવા ચાલવામાંથી કયાં તત્ત્વો આવ્યાં એ આપણે પકડી શકીશું. "છીટ આ શું ભિખારી જેવું પહેરે છે!" "વળી આ શું? આ તો વાણીયા જેવું દેખાય છે." "આ તો મારવાડી રંગો છે." "આ ખરાબ દેખાય છે." "આ સરસ ફેશનેબલ છે." "આ તારી મડમ શિક્ષિકાને બહુ ગમશે; આ પહેર." "આ તો ઢેઢીયા પહેરે." "આ પહેરીશ તો તું સુન્દર લાગીશ." વગેરે અનેક નાનાં નાનાં વાકયોમાંથી આપણે બાળક આગળ શ્રીમંત, ભિખારી, બ્રાહ્મણ, વાણીયા, સાહેબ મડમ ને જંગલી, ઉંચી જ્ઞાતિઓ, નીચી જ્ઞાતિઓ, બીજાને સુંદર લાગવાપણું વગેરે મૂકી બાળકને ચોકખી ફલાની દૃષ્ટિએ કરવાની પસંદગીમાંથી બરોબર ઉતરવાનાં અનેક દૃષ્ટિબિન્દુઓ રોજ આપીએ છીએ. એમાં જેટલી સાવચેતી રાખીએ તેટલું ઓછું છે. તા.

પાંચાની બકરી

ભલો બિચારો પાંચો. કોઇ કોઇ વાર દિલગીર થઇ જતો. મનમાં વિચારતો કે "શા માટે ઇ નાસી જતાં હશે? મારે ત્યાં શું ઉણપ હશે?"

છ બકરાં આ રીતે નાસી ગયેલાં. હજી પાંચો નિરાશ થયો નહોતો. સાતમું બકરું ખરીદું. આ વખતે તેણે નાનું એવું બકરું ખરીદ્યું. એમ ધારીને

*વસંત બાલશિક્ષણ પ્રચાર માળાના નવ પુસ્તકો પૈકીઃ સેટના દસ આના પોસ્ટેજ સાથે.

કે તે પહેલેથી હળી જાય અને તેને નાસવાનું મન ન થાય.

બકરું પાચાને ત્યાં રહ્યું અને મોટું થવા લાગ્યું. બકરું રૂપાળું હતું. એની નાની દાઢી અને કોમળ આંખો બધાને ગમતાં. એના પગ કાળા હતા ચાલ હળવી હતી ખરીઓ ઉપર પટ્ટા હતા અને આખે ડીલે લાંબા ને ધોળા વાળ હતા. બકરું બહુ ભલું, હેતાળ ને ગમ્મતી હતું. જે દોહે તેને દોવા દેતું; પાટું મારી પ્યાલો ઢોળાવી નાખતું નહિ. બકરું ઘણું સુન્દર હતું.

ઘર પછવાડે નાની એવી વાડી હતી ફરતી વાડ હતી. ત્યાં પાંચો બકરાને લાંબે દોરડે બાંધતો. તે વારંવાર બકરાની ભાળ લેવા જતો. બકરૂ ઘણું સુખી હતું અને મન્નથી ઘાસ ચરતું. પાંચો પણ રાજી રહેતો. તેને થયું: "આખરે આ બકરું હળ્યું ખરું! હાશ, હવે એ રહેશે. અને ઘરનો કંટાળો નહિ આવે."

પણ પાંચાની ધારણા ખોટી ઠરી.

એક દિવસ બકરું વાડીમાં ચરતું હતું. તેની આંખો દૂરના ભુરા ડુંગરા ઉપર પડી. મનમાં વિચાર આવ્યો: "આહા! ત્યાં હોઇએ તો કેવી મજા! મને છૂટું રહેવું અને આમતેમ કૂદવું બહુ ગમે છે. હા, ગધેડાંઓ અને ગાયો ભલે ડબ્બામાં પૂરાઇ રહેતાં, પણ બકરાં તો છૂટાં જ ંગલમાં જ હોય.

વાડીનું મીઠું ઘાસ બકરીને મીઠું લાગ્યું નહિ; તે કંટાળવા લાગ્યું. ધીમે ધીમે તે પાતળું પડ્યું. આખો દિવસ તે લાંબી દોરી ખેંચ્યા કરતું અને ટેકરીઓ સામે જોઇને નિસાસા નાખતું થાકીને દિલગીર થઇ બેં બેં કરીને વિરમતું.

પાંચાને લાગ્યું: "જરૂર, બકરીને કંઈક થયું છે." શું તે તેને સમજાયું નહિ. પાચો પણ મૂંઝાતો હતો. બકરીને નિસ્તેજ જોઇ તેનું મન કુભાતું. બકરૂ હવે ગેલ કરતું નહિ. હવે તેને જોઇ કૂદતું કૂદતું સામે આવતું નહિ.

એક દિવસ પાંચો દૂધ દોહતો હતો. બકરીએ આસ્તેથી કહ્યું: "પાંચા, મને હવે અહી રહેવું નથી ગમતું મને પેલી ટેકરીઓમાં જવા દેને?"

આ સાંભળી પાંચાની છાતી ભોંકાઇ ગઇ. તેના હાથમાંથી તાંબડી પડી ગઈ. તે બોલ્યો: "અરે પ્રભુ! આ બકરું પણ..."

બકરાની પાસે ઘાસ ઉપર તે બેસી ગયો. અને ગળગળો થઇ બોલ્યો: "રૂખડી! એમ? તું પણ વહી જઇશ? મને છોડીને જઇશ?"

"હા પાંચા, જઇશ."

"અહી લીલું ઘાસ નથી મળતું?"

"મળે છે; પણ..."

"કદાચ આ દોરડું ટૂંકું પડતું હશે તને લાંબે દોરડે બાંધું?"

"એનું મને કંઇ નથી. પણ..."

"ત્યારે તને શેની ખોટ છે?"

"મને કશાની ખોટ નથી. મારે પેલી ટેકરીઓમાં જવું છે."

"પણ ટેકરીઓમાં તો વરૂ રહે છે. વરૂ તને મારી નાખશે. પછી તું શું કરીશ?

"હું એને મારાં શીંગડાંથી મારીશ."

"તારાં શીંગડાનો વરૂને શો હિસાબ છે? તારી પહેલાં છ બકરીઓ નાસી ગઇ હતી. આખી રાત તેઓએ વરૂ સામે લડ્યા કર્યું પણ આખરે વરૂએ તેમને ફાડી ખાધી."

"કંઇ ફિકર નહિ. મારે એક વાર ટેકરીઓમાં જવું તો છે જ."

પાંચાએ કહ્યું: "ના, એમ હું થવા નહિ દઉ. મારાથી નહિ બને. તને ગમે કે ન ગમે; હું તને બચાવીશ જ. આજથી હું તને તબેલામાં જ પૂરી રાખીશ. હવેથી દિવસ રાત તું ત્યાં જ રહીશ"

એક અંધારીઆ તબેલામાં પાંચાએ બકરીને

બાંધી બહારથી તાળું ઠોકયું ને નિરાંતે ગયો.

બકરી એકલી રહી. આમ તેમ જોવા લાગી. "કયાંયથી નાસી છૂટવાનું બારું? ઓ પેલી બારી! ઉઘાડી જ છે ને! ચાલ ત્યાંથી કૂદું અને નાસી જઉં."

થોડી વારમાં બકરી ટેકરીઓમાં આવી પહોંચી. જાણે કે સુખી સુખી થઇ ગઇ! અ જે આખું જંગલ બહુ સુન્દર દેખાતું હતું. મોટાં મોટાં ઝાડો જાણે તેને કહેતાં હતાં: "આવો, આવો, બકરી બ્હેન આવો આવો." છોડોની ડાળીઓ જાણે બકરીને કહેતી હતી: "અહીં બેસો, અહીં બેસો." ફૂલો બકરીને જોઇને હસતાં હતાં અને લીલું મખમલ ઘાસ કેટલું બધું ખુશનુમા હતું! આખું જંગલ જાણે કે ખુશી ખુશી હતું.

ટેકરીઓ ઉપર બકરી તો કૂદી જ રહી. ઘડીક આ ટેકરેથી પેલે ટેકરે ને પેલે ટેકરેથી આ ટેકરે. વરૂ અને તેની બીકની વાત બકરી ભૂલી જ ગઇ હતી. આજે તે છૂટ્ટી છૂટ્ટી થઇ હતી; ખુલ્લા ખુલ્લા મેદાનમાં આવી હતી!

રમતાં રમતાં તેની નજર પાંચાના છાપરા ભણી ગઇ. તે બોલી: "કેટલું નાનું ઘર! હું ત્યાં કેવી રીતે રહી શકી હઇશ? ત્યાં રહેવું કેમ ફાવે?"

બપોરે તેને એક હરણનું ટોળું મળ્યું. હરણ બોળી બકરીને જોઇને બહુ ખુશ થઇ ગયાં. તેમણે તેને કુણી કુણી ઘરો આપી. ઘડીકમાં તો એક હરણનું બચ્ચું ને બકરી ભાઇબંધ થઇ ગયાં. વાતો કરતાં કરતાં તેઓ લીલી હરિયાળી જમીન ઉપર ઉંચા ઝાડોને છાંયે કયાંય સુધી ફર્યાં.

પણ ધીમે ધીમે ઠંડો કડક પવન વાવા લાગ્યો; ટેકરીઓ ઝાંખી પડવા લાગી; રાત્રિ નજીક આવવા લાગી.

નીચે ખેતર ઉપર ધુમ્મસ છવાઇ ગયું હતું. પાંચાનું છાપરું છેક ઝાંખું ઝાંખું દેખાતું હતું.

ઘેર જતાં ઘેટાંઓને ગળે બાંધેલી ઘંટડીઓનો અવાજ બકરીએ સાંભળ્યો. બકરીને કંઈક થવા લાગ્યું. એકાએક ભયથી તે ધ્રૂજવા લાગી. દૂરની ટેકરી ઉપરથી તેણે વરૂની રાડ સાંભળી: "હુક્, હુઉ."

બકરીને થયું. "હું, હવે વરૂ આવશે; હવે? હવે શું થશે?"

એ જ વખતે પોતાના વહાલા પાંચાનો સાદ નીચેથી તેણે સાંભળ્યો. એ બિચારો પોતાની રૂખડીને આખો દિ' ખોળી ખોળીને નિરાશ થઇ પાછો ફરતો હતો.

"હુક્, હુક્." વરૂનો અવાજ આવ્યો..

"રૂખડી! એ રૂખડી!" પાંચાનો સાદ સંભળાયો.

રૂખડીને પાછા જવાનું મન થયું. પણ વળી તેને દોરી ને તબેલો ને બંધન યાદ આવ્યાં. મનમાં થયું: "એ તો મારાથી નહિ સહન થાય. ના, નહિ સહન થાય!"

રૂખડી આધી જઇ પાછી આવી.

ફરી વાર પાંચાનો અવાજ ન આવ્યો.

અંધારું થયું. બકરીએ પાંદડાંનો ખખડાટ સાંભળ્યો. પાછું ફરીને જોયું તો છાંયડામાં ઉંચા, ટૂંકા બે કાન દેખાતા હતા; બે આંખો તગતગતી હતી.

એ વરૂ હતું.

વરૂ મોટું હતું. નિરાંતે બેઠું હતું ખાત્રી રાખીને બેઠું હતું કે આ બકરી કયાં જવાની છે! તેને જરાય ઉતાવળ નહોતી. શિકારની સામે તે ધારી ધારીને જોતું હતું. જ્યારે બકરી ભાગવા જતી ત્યારે વરૂ તેની સામે હસતું.

વરૂએ જીભ ચાટતાં ચાટતાં કહ્યું: "હું, પાંચાની બકરી! આવી છો, કેમ?"

રૂખડી ભયભીત થઇ ગઇ; પણ હવે નાસી છૂટાય તેમ નહોતું. હવે તો બહાદુરીથી બચાવ કરવો ને બહાદુરીથી મરવું એ જ રહ્યું હતું. છ બકરીઓએ એમ જ કર્યું હતું; એમ જ તેઓ

સવાર સુધી લડી હતી અને આખરે મરણને શરણ થઇ હતી.

એટલામાં વરૂ તેના ઉપર ધસી આવ્યું. રૂખડી શીંગડાંથી સામે થઇ. બહાદુર બકરી? શીંગડાં એવા જોરથી લગાવ્યાં કે વરૂ પાંછું હડ્યું. લડાઇ ચાલી. વરૂ ધસારો કરતું ને બકરી તેને પાછું હઠાવતી. જોર ને જડબાં તાજાં કરી વરૂ ફરી ધસતું અને હિમ્મત અને આશાને હૈયે ધરી બકરી સામે થતી. યુદ્ધ રાત આખી ચાલ્યું. વારે વારે બકરી આકાશના તારા સામે જોતી હતી: "અરે! ક્યારે રાત્રિ પસાર થાય અને સવાર પડે?"

તારાઓ એક પછી એક અદૃશ્ય થતા હતા. વધારે ને વધારે હિમ્મતથી બકરી લડતી હતી. વરૂ દાંત કચકચાવી રહ્યું હતું. આખરે ઝાંખો પ્રકાશ પૂર્વમાં દેખાયો. દૂર પાંચાની વાડીનો કુકડો બોલ્યો. આશાથી બકરી બોલી: "આખરે...."

પણ તે થાકી ગઇ હતી; તે ઉભી ન રહી શકી. ભસ દઇને તે પડી, અને સૂર્યનું પહેલું કિરણ ઉગે તે પહેલા તો વરૂ તેનો કોળીયો કરી ગયું!

અરે બિચારી રૂખડી!

કમનસીબ બિચારો પાંચો!

રૂખડી છેક ઘર છોડીને ભાગી ન હોત તો? રૂખડી પાંચાનો પ્રેમ સમજી હોત તો? રૂખડીએ દિવસે હુંગરમાં રહેવાનું ને રાતે ઘેર આવવાનું પસંદ કર્યું હોત તો?

પાંચાએ એને કેવળ બંધનમાં રાખી ન હોત તો? પાંચો રૂખડીની મુશ્કેલી સમજ્યો હોત તો? પાંચાએ એને દિવસે દિવસે હુંગરમાં યથેચ્છ ભટકવા દીધી હોત તો? ગિ.

સરલાનાં બાળ મહેમાન

ગિજુભાઇ: "કેમ કાશીબેન, આજે ઘણા દિવસે પાછાં આવ્યાં? તે દિવસે વાતચીત કરી ગયાં પછી કેમ ચાલે છે, તે કહેવા તો આવવું હતું?"

કાશીબેન: "આવવું તો ઘણું હતું પણ હમણાં વખત જ ન મળ્યો. મારે ત્યાં હાલ મહેમાનો હતાં. મારો ભાઇ ને તેનાં છોકરાં ને બધાં આવ્યાં હતાં, તેથી ધમાલમાં પડી હતી. ગઇ કાલે તે બધાં ગયાં. આજે કીધું જઇ આવું."

ગિ: "ઠીક ઠીક, ઠીક કર્યું આવ્યાં તે. કેમ ચાલે છે સરલાનું?"

કા: "એ એનું જ પૂછવા આવી છું."

ગિ: "સારે જ; મને લાગ્યું તો ખરું કે કંઈક સરલાનું હોવું જોઇએ, કાશીબેન એટલા તડકામાં આવ્યાં છે તે."

કા: "ભાઇ, તમે ભલા થઇને વાત કરો છો એટલે મને મુંઝવણ આવે કે અહીં દોડી આવું છું. શું કરું? આ હમણાં મારો ભાઇ ને તેનાં છોકરાં આવ્યાં હતાં તે પહેલે દિવસે તો સરલા ખૂબ ખુશી થઇ. તેમની સાથે રમી જમી ને આનંદ કર્યો. પણ જ્યાં બીજે દિ' ઉગ્યો ત્યાં રોજ કજીઓ ને ટંટો! હું તો ભાઇ, એટલા દિવસ કાયર કાયર થઇ ગઇ હતી. રોજ વિચાર કરું કે અહીં આવું ને પૂછી જોઉ પણ ફુરસદ મળે ત્યારે ને?"

ગિ: "લ્યો, અહીં આવો ને પૂછો એટલે કાંઈ અધી મુશ્કેલી દૂર થાય? અમનેય એવી તો કેટલી મુશ્કેલી રોજ આવ્યા જ કરે છે. છોકરાંનું કામ છે; હજી આપણે એને બરાબર સમજતાં નથી ને તે આપણને સમજતાં નથી એમાં.

ગોટાળો ચાલ્યા કરે છે. મહેનત કરીને મારગ કાઢવાનો. લ્યો, શું કામ રોજ કજીયો ચાલે છે?"

કા: "સરલા ઘરમાં એકલી એટલે ન્હાવું ધોવું કે ઘરનાં બીજાં કામકાજમાં જરા સ્વચ્છંદી થએલી. તેની સગવડ પ્રમાણે કોઇ વખતે વે'લી નાઇ લે તો કોઇ વખતે મોડી નાય. અને હવે સામટાં માણસો થયાં એટલે વખતસર બધું થવું જોઇએ ને? ઈ સરલા કોઈ દિ' માને નહિ. ચાલ ના'વા કહીએ તો 'ના' પાડે. પછી મારા ભત્રીજા પણ 'ના' પાડે. ડગલે ને પગલે ઈ એનો વાદ લે ને ઇ એનો વાદ લે. નાવું ને ખાવું ને રમવું. ને બધામાં જ વાદ. એકે કામ સીધુંસટ ચાલે જ નહિ તો!"

ગિ: "બરાબર. પછી તમે શું કર્યું?"

કા: "હું તો મુંઝાણી. કોઇવાર વઢું, કોઈવાર ધમકાવું, કોઇવાર તમને કહી દેવાની બીક લગાડું; એમ તેમ કરી કામ ચલવ્યું પણ લાગતું તો હતું કે આ કાંઇ બરાબર નથી. પણ તે વખતે બધું અટકી પડે ત્યારે શું કરવું? કાંઇ બધું એમ ને એમ મૂકી અહીં દોડી અવાય?"

ગિ: "ના, ના. એમ તો ગાડું ચાલતું કરવું જ જોઇએ. પણ જુઓ હવે કોઈ દિ' મારી બીક લગાડતાં નહિ. કેમકે તેથી તો મારું અહીંનું કામ બગડે છે. તમારે તમારા તરફથી કોઇવાર વઢવું હોય તો વઢી લેવું. વઢવાનો રસ્તો સાચો એમ નથી કહેતો, પણ એમ કે બીજું કાંઇ ન સૂઝે તો તમને જે સૂઝે તે કરી લેવું. મારી બીક બતાવશો તો બાલમંદિરમાં જે એનું સીધું ચાલે છે, તે પણ બગડશે. ઠીક ચાલો, આજે હું તમને બાલમંદિર બતાવું."

કા: "આ છોકરાં અહીં કેમ તમે 'હાથ ધોવાનો વખત' એમ કહો એટલે હાથ ધોવા ઉઠે છે? ને ઘરમાં તો 'ન્હાવા ચાલો, જમવા ચાલો,' એમ રાડો પાડીને ગળું પુલી જાય પણ ઇ સાંભળતાં જ નથી. એક આવે એક નહિ. પછી આવેલું હોય તે 'હજી કલ્લાણું ક્યાં આવ્યું છે?' કરીને ઉઠી જાય ને એવાં કાયર કરે!"

ગિ: "એનું કારણ અહીં પહેલેથી અમે નિયમ રાખ્યો. જમતા પહેલાં હાથ ધોવાનો ને સાફસુફ થવાનો વખત. પહેલાં પહેલાં ઘરમાં થાય છે તેમ અહીં પણ થતું ને હજી પણ કેટલાંક નવાં સવાં કરે છે. હાથ ધોવાની ને જમવાની ને બધી બાબતની સુવ્યવસ્થાના નિયમો હું પહેલાં બધાંને સંભળાવી દઉં છું. હાથ ધોયા વગર જમવા આવે તેમને કહું છું: "હાથ ગંદા છે, પાછા જાવ." ન જાય તો ઉપાડીને ઓરડી બહાર મૂકું છું. પણ આવો પ્રસંગ કવચિત આવે છે. તમે મૂળે સરલાની બાબતમાં ઘરના નિયમો તરીકે કંઇ રાખેલું નહિ, એટલે વધારે છોકરાં થયાં ત્યારે ગોટાળો થયો. તમારા ન્હાવા ધોવા કે જમવા રહેવા સંબંધેની વ્યવસ્થા ને સગવડના નિયમો પહેલેથી હોત તો તેમાં ગોકવાઇ જતાં નવાં છોકરાંને વાર ન લાગત. ભલેને એક હોય કે એકવીશ હોય! સરલા ગમે તે વખતે આવે ને ન્હાવાનું પાણી માગે તો તમે એને અનુકૂળ થઇ જાવ છો. કામમાંથી ઉઠીને પણ એને આપો છો. એમાં એને અવ્યવસ્થિત થવાની ટેવ પડી. તમે રોજનો નિયમ રાખો કે જમવાનો વખત થાય કે તમે ટોકરી મારો ને પાંચ મિનિટમાં તેણે આવીને જમવા બેસવું જોઇએ; નહિ તો તમે જમીને તમારે કામે લાગી જાવ છો, તે એકલી

રહી જાય છે. આમ થશે તો તે વખતસર આવવાની સંભાળ રાખશે. અહીં તો સીધા રેલ ગાડી ઉપર જઈએ એમ જ થાય છે. આપણે વખતસર આવવા માટે કાંઈ ખાવાનું આપવાની લાંચ આપવાની નથી, પણ બાળકને જ મોડા થઈને એકલાં ખાવાનું ગમતું નથી. તેમજ બધાનું સાથે કામ હોય ત્યારે બધાંએ એક નિયમને વશ થવું જ જોઈએ, એ સમૂહવ્યવસ્થાનો નિયમ તેને આપવો જ જોઈએ. ને ખરી રીતે આવા નિયમોને વશ થવાથી પોતાનાં જ બધાં કામો સરળ થાય છે એનો અનુભવ બાળકો કરે છે. પછી તો નિયમ વગર જ તેઓ મુંઝાય છે, ને કયાંક ગમે તેમ ચાલતું હોય તો બાળકને ગમતું નથી.

કા: "ઠીક; વ્યવસ્થિત નિયમો રાખવાનું એક કરી જોઈશ. પણ 'હું પહેલાં ને હું પછી,' 'તે આવે તો હું આવું' ને આવું આવું છોકરાંઓ કર્યા કરે છે તેનું ?"

ગિ: "એમાં પણ પરિસ્થિતિ પ્રમાણે નિયમો આપતા જવું. મારે ત્યાં ચાર છોકરાંઓ છે; તો તેમણે જ નક્કી કર્યું છે કે એક દિવસ નહાવાનો વારો નાનાથી શરૂ થાય, એક દિવસ મોટાથી ને એક દિવસ વચલાથી; અને વારાવાળું હાજર ન હોય તો તેની પછીનાએ નહાઇ લેવું વગેરે. થોડોક આપણે રસ્તો બતાવીએ એટલે પછી તો તેમની મેળે તેમને રસ્તો સૂઝવા લાગે છે."

કા: "પણ આપણે કહીએ ને તેઓ માને જ નહિ તો ?"

ગિ: "તે વખતે તો વાત છોડી દેવી. હું હોઉં તો એમ કહું કે 'ગોટાળો ને ગોંધાટ વધ્યો છે માટે અત્યારે નહાવાનું બંધ. તમારે નહાવું હોય તો થોડી વાર પછી મારી પાસે આવો. પહેલાં કોણ નહાવાનું છે વગેરે બધું નક્કી કરતાં આવડે. તમારી મેળે ગોઠવી શકતાં નથી એમ લાગે તો હું નામ બોલું તેમ આજે નહાવાના વારા કબુલ હોય તો પાણી કાઢી આપું." ઝાઝે ભાગે બધાં કબુલ થઇ જાય છે. આપણે નહિ રોફથી કે અધિકારથી ને નહિ આજીજી કે ખુશામતથી પણ એક વ્યવસ્થા ગોઠવનાર તરીકે નિયમ સંભળાવી દઇએ તો બાળક તરત તે નિયમે ચાલવા લાગે છે. ગઇ કાલે મારે ત્યાં જમવાની તૈયારીમાં ગડબડ ચાલતી હતી. મેં કહ્યું: "એક જણ તૈયારી કરે; બીજાં બધાં બહાર. જમવાનો વખત થાય એટલે તમને બોલાવશું." નાનો ચાર વર્ષનો બચુ જે બહાર ગયો તે ખાસ એને બોલાવવા બે જણાં ગયાં ત્યારે આવ્યો. બહાર તેની કઇએ તેને પૂછ્યું કે બધાં જમવાં ગયાં ને તું કેમ નથી જતો ? તો કહે વખત થાય એટલે મને બોલાવશે. એટલે નાનપણથી આપણે એવા નિયમો આપવા લાગીએ તો બાળકો એટલી ઝડપથી ઉપાડી લે છે કે કદિ ભૂલતાં નથી. પણ મૂળ આપણા ઘરમાં આપણા જ જીવનમાં નિયમો હોતા નથી, માટે તો બાળકોનુંયે એવું ચાલે છે."

કા: "તમારી આ નિયમોની વાત સાચી છે. પણ આ છોકરાંઓ શું કરતાં ? એકને કાંઇ લાવવાનું કે કાંઈક કરવાનું કહીએ તો બધાં ઉઠે. પછી એક કહે કે 'હું લઇ જઇશ' ને બીજું કહે 'હું લઇ જઇશ.' બસ ટંટો થઈ પડતાં કેટલી વાર ? પછી મેં કહ્યું: 'જેનું હું નામ લઉં કે જેને બીજુ તે જ ઉઠતાં જાઓ. બધાંએ ઉઠવાની

જરૂર નથી.' ને હું દરેક વખતે જૂદા જૂદા છોકરાનું નામ લઈને જ કામ ચીંધવા લાગી. તો સાચે જ બધું સીધું ચાલવા લાગ્યું. આપણે સીધો રસ્તો બતાવીએ તો સીધું ચાલે છે એ વાત સાચી છે. ઠીક આજે તો મોડું થયું છે એટલે જઉં છું. પણ હજી થોડું એક પૂછવાનું બાકી છે તે આવીશ ફરી'વી.

ગિ: " આવજોને. પણ આ અહીંનું જમવા આવાનું બધું જોતાં તો જા ને, ને ઘરે કરી જુઓ."

કા: " ઠીક એમ કરીશ. " તા.

એક બાલકાવ્ય

એક અગિયાર બાર વર્ષની બાલિકાએ આ કવિતા બનાવેલી તે સુધારા વધારા વગર અહીં આપી છે.

લીલુબેન બાલપણથી બાલમંદિરમાં આવે છે. ઇન્દ્રિયવિકાસનાં સાધનોમાં થી પસાર થયા પછી ચિત્રકામ, વાચન, કાંતણ વગેરે કામમાં આવ્યાં. ચિત્રમાં તેમણે કાલ્પનિક ઉડ્યનો જ બતાવ્યાં હતાં. કાલ્પનિક વાર્તાઓ જોડવી ને તેમને સચિત્ર કરવી એ તેમનો આઠ વર્ષની ઉંમરે જ પ્રિય ઉદ્યોગ હતો. નાનપણથી જ બેન રસિક ને વિનોદપ્રિય, તેમજ કોમળ લાગણીવાળાં દેખાયાં છે. તેના કરતાંયે નાનાં બાળકોનું કામ માતાના પ્રેમથી અને નર્સની હુશિયારીથી કરનારો તેમને શોખ છે. આ વર્ષે જ લીલુબેન બાલમંદિર છોડી આગળ ગયાં છે, ને જતાં જતાં બાલમંદિરને અનેક સુંદર ભેટો દેતાં ગયાં છે. તેમાંથી એક પત્રિકાના વાચકો માટે ઉપર આપી છે.

પોતાની આસપાસની દુનિયાનું કુદરતી સૌંદર્ય તેમણે બાલમનના સરલ ભાવે નીહાળ્યું છે ને તેટલા જ સરલ શબ્દોમાં વ્યક્ત કર્યું છે.

વાચકોને ઘેર ઘેર આ કવિતા બાળકોને મોઢે ગવાતી સંભળાશે એવી બાળપ્રિય થવાની તેમાં શક્તિ છે.

તા.

::કાવ્ય::

તારા, તારા ! તારા જેવું
સરસ મજાનું તેજ દે.
મોર, મોર! તારા જેવાં
સરસ મજાનાં પીંછાં દે.
કોયલ બેની, તારા જેવો
ઝીણો ઝીણો કંઠ દે.
બુલબુલ, બુલબુલ ! તારા જેવું
સરસ મજાનું ગાન દે.
હંસ, હંસ ! તારા જેવી
ઉજળી મજાની પાંખ દે.
ચંડોલ, ચંડોલ ! તારા જેવાં
રંગબેરંગી પીંછાં દે.
ફૂલ, ફૂલ ! તારા જેવી
મીઠી મીઠી સુગંધ દે.
તારા, તારા ! તારા જેવું
સરસ મજાનું તેજ દે.

::લીલુ કાણે::

આપણા હૂકમો

"એ રમુ, ત્યાં ક્યાં જાય છે?"

રમુ કહેઃ "નાના કાકા કહે છે કે પેલી બારી નીચે છાંયો છે ત્યાં રમો."

"ત્યાં નથી જવું; પેલી ફોટડીના ખુણા પાસે બેસો."

* * *

"અલ્યા રમુ, અહીં કેમ બેઠા છો? આ ખુણા પાસે? ચાલો ઘરમાં; પાઠ વાંચો."

"આમે અહીં રમવાની રજા આપી છે."

"ચાલો, પાઠ વાંચવા બેસો."

* * *

"એ રમુ, પાઠ વાંચવાનું અત્યારે ક્યાં સૂઝયું? ચાલ ઝટ નાહી લે; ઉનું પાણી તૈયાર છે."

રમુ કહેઃ "બાપુએ પાઠ વાંચવાનું કીધું છે."

"પાઠ પછી વંચાશે; ચાલો નહાવા બેસો."

* * *

"એ રમુ, હમણાં નહાવાનું બંધ રાખ. પેલા ભાઇને સારા કાકાનું ઘર બતાવી આવ."

"પણ બેન કહે છે કે નાહીને જા."

"ના હમણાં જા, ને પછી નહાજે."

* * *

આ તો ઓલી કહેવત વાળું થયું. એક રમુ ને સો દમું એટલે કે એક જણને સો જણાં કહેનારાં!

રમુ નાનો છોકરો; સૌ એનાથી મોટાં. સાને જાણે કે મોટાં છીએ એટલે જ અધિકાર કે રમુને જે આવે તે કહે! સૌને એ અધિકાર પણ એવી જ રીતે મળેલો એટલે કે તેઓ નાનાં હતાં ત્યારે તેમના પણ આ જ હાલ થએલા.

આમાં રમુનું શું થાય છે તે જોયું? રમુ એક કામ કરવા બેસે છે ત્યાં બીજું લેવું પડે છે; ને જ્યાં બીજું કરવા બેસે છે ત્યાં ત્રીજું કરવાની વાત આવે છે. રમુનું એકે કામ પૂરૂં થતું નથી. પછી તેને તેનાથી લાભ અને આનંદ તો શેનાં જ થાય?

અને રમુનું કામ બગડે એ તો ઠીક, પણ તેનું મન પણ બગડે. એના મનમાં એમ જ થવાનું કે "આ તે કોઇનામાં ઢંગધડો છે કે નહિ! એક આમ કહે છે, એક આમ કહે છે, એક આમ કહે છે; માગાં બધાં ડાહ્યાં!"

રમુ નાનો છે એટલે તે રોકકું પરખાવી શકતો નથી તેમ સૌની ભૂલ કહી સંભળાવી શકતો નથી. પણ તેમાંથી તે પાકું એવું શિક્ષણ તો લે જ છે.

રમુનાં હૂકમ કરનારાંઓ તરફ જોઇએ તો આપણને શું લાગશે? આપણને થશે કે આ ઘરમાં કશું તેજ નથી. નથી એક તંત્ર, નથી સંયુક્ત તંત્ર, નથી સ્વાતંત્ર્ય. અહીં તો સૌ તંત્ર એટલે કોઇનું તંત્ર નહિ એવું ભાસે છે. આ વિચિત્ર તંત્રમાં પહેલાનું બીજું ઉથાપે છે ને બીજાનું ત્રીજું ઉથાપે છે. આમાં એક બીજા પ્રત્યે માન ક્યાં? આમાં કશું નિયમન ક્યાં? અને આમાં રમુને શું શિક્ષણ મળવાનું? અંધાધુંધીનું કે વ્યવસ્થાનું? માનનું કે માનભંગ કરવાનું?

આવી સ્થિતિ ઘણાં ઘરોમાં છે અને તે તુરત જ સુધરવી જોઇએ. એક રાજાને બદલે બધા રાજા થાય ને સૌને ફાવે તેમ હૂકમ કાઢે તો રાજ્ય કેટલા દિ' ચાલે. શેઠ એક જોઇએ; તંત્રવાહક એક જોઇએ; સત્તા એક જોઇએ.

બેશક જ્યાં મોટાં કામો હોય ત્યાં સંયુક્ત સત્તા હોય, સંયુક્ત તંત્ર હોય, અગર કાર્યના વિભાગ કરી વિભાગતંત્ર હોય; પરંતુ નાના પરત્વે બાકીનાં મોટાંઓ સૌ સત્તાધારી એ સ્થિતિ તો પરવડે જ નહિ.

રમુના બાપા કાં તો એકલા જ બધા હૂકમો કાઢે ને એ હૂકમો પ્રમાણે રમુની બા પણ મર્યાદામાં રહી પોતાને લગતા હૂકમ કાઢી શકે. બેનની સત્તા હોય ખરી પણ તે મર્યાદિત અને માન્ય થએલી. અને દરેક સત્તા એટલું તો અવશ્ય જુએ જ કે હૂકમનું અપમાન કે ઉથાપન કોઇ ન જ કરે. દરેક સત્તા પોતાની મર્યાદાની બહાર કદિ હૂકમ ન જ કાઢે. આટલું સ્વીકારે એટલે એકતંત્ર, સંયુક્ત તંત્ર કે પ્રજાતંત્ર કે કોઇ પણ તંત્ર ચાલે જ, અને રમુ જેવાને કચરાવું ને રખડવું ન પડે. ગિ.

ચિંતાઓ

ઘરમાં ચદુ એકો હતો ને એની બાએ કહ્યું: "સાંભળ્યું કે, આ ચદુ શરીરે સારો થતો નથી. કાંઇક કરવું જોઇએ. એમ ને એમ માથે મારી ન મૂકાય."

એના બાપે કહ્યું: "હું એની જ ચિંતા કરું છું. કાલે હવે ડોકટરને બતાવવો છે."

* * *

ચદુ વાંચતો હતો ને એના બાપાએ કહ્યું: "કાલથી હવે એને માટે માસ્તર રાખવો છે. માસ્તર મદદ કરે તો ચંદુને બહુ મહેનત ન પડે. જુઓને, શરીર તો હજી એવું ને એવું જ છે."

બાએ ટાપશી પૂરી: "પેલા રમુને માટે પણ એના કાકાએ માસ્તર રાખ્યો છે."

* * *

ચંદુ બાટલામાં સૂતો હતો. બા અને બાપા હળુ હળુ વાતો કરતાં હતાં. ચંદુ જોકે સાંભળતો હતો.

"આ ચંદુનું શરીર લેવાતું જાય છે. ડાકટરની કારી નથી ફાવતી. એને હવે રમવા ન જવા દેવો. થોડાએક દિવસ નિશાળે ન મોકલીએ તો?

* * *

ચંદુ ઘરમાં રમતો હતો.

ઘણી ગંભીર ચિંતાથી એના બાપુ તેની સામે જોઇ રહ્યા હતા. મનમાં મનમાં વિચારતા હતા: "આ ચંદુનું શરીર સુધરતું નથી."

એટલામાં એની બા ત્યાં આવ્યાં. તે બોલ્યાં: "હવે એની એ જ ચિંતા કર્યે શું થાય? ઉપાય તો કર્યા કરીએ છીએને?"

ચંદુએ શબ્દો સાંભળ્યા; તેની કંઇક અમર થઇ હોય એવું બન્યું.

* * *

ચદુને શિક્ષક ભણાવવા આવ્યા.

બાપાએ કહ્યું: "જુઓ મહેતાજી, ચંદુ નબળો છે. એને ધીમે ધીમે ભણાવજો. બહુ તાણ ન કરવું."

બાએ કહ્યું: "એ તો શરીરે સાજો હશે તો બધું હશે."

ચંદુ બેઠો બેઠો ભણવાને બદલે આ બધું સાંભળતો હતો.

* * *

ડાકટરને ચંદુના શરીરની તપાસ કરવા બોલાવ્યા.

બાપુ કહેઃ "ચંદુની છાતી-બતાવો. પુરું ખાતોયે નથી ને પીતોયે નથી."

ચંદુએ પોતાની તપાસ કરાવી.

* * *

ચંદુના બાપા નિશાળે ગયા ને શિક્ષકને કહ્યુંઃ "આ ચંદુ એકનો એક છે. એને તમારે ભણે એટલું ભણાવજો. આપણે કાંઇ મોટો પંડિત નથી કરવો."

બાપા ઘેર આવ્યા ત્યારે બાએ પૂછ્યુંઃ "કાં બરાબર ભલામણ કરી ના! માસ્તરને એક વાર ઘેર બોલાવજો. હું પણ કહીશ."

* * *

ઘેર મહેમાન આવ્યા.

ચંદુના બાપા કહેઃ "આ ચંદુ માળો બોલે છે. આને ધડ દઈને ધક્કો મારીએ ને કહે છે કે હું તો ઉભો હતો!"

"ના બા, મારો છોકરો બોટું ન બોલે. એ તો જેવું હોય એવું કહી દે એવો છે."

* * *

"રાયચંદભાઇ, જરા છોકરાને નજરવેગો રાખજો. કાલે બોલ્યા પાડોશીના કાળીના છોકરા સાથે ભૂંડું બોલતો હતો ને ચુંથતો હતો."

"રઘુભાઇ, આ તમે શું બોલ્યા? છોકરો કાળીના કાના સાથે રમતો જ નથી. ને એવી ટેવ તો એને છે જ નહિ. છોકરો ભૂંડું બોલે જ નહિને!"

* * *

આ મા અને બાપ છોકરા તરફ એટલાં બધાં પક્ષપાતી છે કે છોકરામાં દોષ હોવાનું વિચારી જ શકતાં નથી. છોકરામાં તેઓ આંધળાં છે. પણ બરી વાત એ છે કે મેં મારી સગી આંખે એને ઉપરનું બધું કરતાં ભાળ્યો છે.

ઓછો પડતો જાય છે. દવા દારૂ તો કરીએ છીએ પણ..."

ચંદુની બા કહેઃ "હવે તો કયાંક હવાફેરે લઇ જવો છેઃ અહીં તો કાંઈ વળતું નથી."

મહેમાન કહેઃ "એ તો એમ કરવું જ જોઇએ ના? છે તો ચંદુ સાવ દુબળો."

* * *

બરી રીતે ચંદુને કાંઇ ન હતું. શરીરે જરા પાતળો હતો. પોષ્ટિક બોરાક અને છૂટી રમતોની જરૂર હતી. પણ આ માબાપની ચિંતાબોનો (anxieties)જ ચંદુ બિચારો ભોગ થઇ પડતો હતો! તે બિચારાના મનમાં ઠસી ગયું હતું કે હું નબળો છું. તેના મગજમાંથી આ જાય નહિ ત્યાં સુધી દવા કે હવા શું કરે? **ગિ.**

એવા હોવા જ નહિ

"જુઓ તો ચંપાબેન તમારો છોકરુ, નટુનો ગરીબો રમતો રમતો અહીં લાબ્યો છે."

"ના રે રેવાબેન, મારા છોકરુને બેવા હોવા જ નહિ. કોઇનું કોઇ દિ' કંઇ લાવે નહિ તો!"

* * *

"રાયચંદભાઇ, છોકરુને જરા કહેજો હોકે! આજે બે અમારી ચંપી ઉપર થૂંકતો હતો."

"નારે લબમીચંદભાઇ, મારા છોકરુને બેવા હોવા જ નહિ. કોઇ દિ' કોઇના ઉપર થૂંકે જ નહિ તો!"

* * *

"અલી ચંપા, લે જને તારો છોકરુ ધરાર બોટું બોલે છે. આને ધડ દઇને ધક્કો મારીએ ને કહે છે કે હું તો ઉભો હતો!"

"ના બા, મારો છોકરુ બોટું ન બોલે.

એનાં માબાપ નથી ઓળખતાં પણ હું એને ઓળખું છું. મારો વિચાર છે કે એનાં માબાપને છોકરું વિષે સમજાવીને કહું. જો માને તો ઠીક છે નહિતર છોકરું જાણે ને એનાં માબાપ જાણે! એટલું ખરું કે એમાં છોકરાનું તો બગડશે જ.

ગિ.

નાહકની લડવાડ

શેરીમાં છોકરાઓ રમતા હતા. રમતા રમતા કાના મહેતાના જયાએ એક ધા ફેંકયો ને ભગવાન દાદાના નાનકાને લાગ્યો. નાનકો રડતો રડતો ઘેર ગયો.

નાનકાની બાએ કહ્યું: "હશે બાપુ, આપણે એવા છોકરાઓ સાથે ન રમીએ. આ લખુ, જદુ ને રેવો છે, એની સાથે રમો."

નાનકાના બાપાને ખબર પડી. તે કહે: "ઈ મે'તાના છોકરા સાથે આપણાથી ન રમાય. આજ તો એણે ધા માર્યો ને કાલે તો લાકડી મારશે તે માથું તોડી નાખશે. આપણે એનો સંગ જ ન જોઈએ."

નાનકાના કાકાના દીકરા મગનભાઈને ખબર પડી. તે જુવાન હતા. તેનું લોહી તપી ગયુ. તે કહે: "ચાલ નાનકા, કયાં છે જયલો? શુ એના બાપે આગ બાળી છે તે શેરીમાં રમતા છોકરા ઉપર ધા કરે?"

મગનભાઈએ કાંડે ઝાલી નાનકાને ઉપાડ્યો; નાનકો રડતો રડતો સાથે ચાલ્યો.

સામેથી કાનો મે'તો ચાલ્યો આવતો હતો. મગનભાઈએ કહ્યું: "મે'તા, આ છોકરાને શીદ ધીટાડો છો. આ જયલે ધા માર્યો ને નાનકાને કપાળે લાગ્યું."

કાનો મે'તો કહે: "હોય નહિ હોય, મારો જયલો મારે નહિ. ઈ તમારો નાનકો જ એવો છે. કાંઈ આળવીતરાઈ કરી હશે તે થયુ હશે."

મગન કહે: "મારે નહિ એમ? આ જો તો ખરો ઢીમણું થયું છે ઢીમણું! ને તાગે જયલો સોજે ખરોને? ને નાનકે આળવીતરાઈ કરી બરૂ? માથામાં રાઈ ભરી લાગે છે રાઈ!"

મે'તો કહે: "ઈ તારા ઘરના બધા છોકરા એવા જ છે. તારી શેરીના છોકરા પણ એવા જ છે. બતાવ જોઈએ જયલે કોને કોને માર્યો છે? જયલો મિયારો એકલો નીકર શું કામ એ બધાની ભેગો રમવા આવે? મરખને વાર્યો છે તોય પાછો ઈ નો ઈ, ને ત્યાં નો ત્યાં!"

મગનનુ મગજ ગરમ થયું હતું. તે કહે: "પણ આ નાનકાને માર્યો એનું શું કહેવું છે?"

મે'તો: "મારે શેનો! નાહકનો કજીયો લઈને આવ્યો છો પણ અહી કોને કજીયો કરવો છે?"

મગન: "નાહકનો કજીયો? તારા દાદાને લાગ્યું એનું કંઈ નહિ?"

મે'તો: "ત્યારે કહે તો ખરો કે તારા કયા દાદાએ એને માર્યો? એલા જયલા, આમ આવ જોઈએ; આ નાનકાને તેં માર્યો?"

જયલો: "ના બાપા, મેં તો ધા કર્યો જ નો'તો. ઈ તો બીજા બધા ધા ફેંકતા હતા ને હું તો પડખે ઉભો હતો."

મગન: "ઓય તારીની! આ છોકરો પણ પાકો લાગે છે! બરૂ કહે જોઈએ જયલા, ધા તે નો'તો માર્યો?"

નાનકો: "કાકા ધા એણે જ માર્યો હતો."

ત્યાં જયલાની મા આવીને કહેઃ "માર્યો માર્યો, રોયા નહવાદા? ઘર છે કે નહિ? અહીં શું આવ્યા છો? મારો જયલો ગરીબ ગાય જેવો છે. ઈ નાનકાને મારે ખરું? ને નાનકો બહુ સું પાળો ને સોજ્યે!"

મે'તોઃ "ઈ બધા છે જ એવા."

મગન "મે'તા, મોં સંભાળીને બોલો."

મે'તોઃ "હવે સંભાળ્યાં! તું મોટો જનટલી-બંદ હો તો થાય ઈ કરી લેજે, જા. આ નાનકાને જયલે માર્યો છે ને તું થાય ઇ કરી લે."

મગનનું માથું ફાટ્યું. ધડ દઈને મે'તાને ઠોંસો માર્યો. મે'તાએ સામે અડબોથ લગાવી. ત્યાં તો નાનકાની મા આવી ને મગનની પીઠ પર ધબ્બો માર્યો. મગને પાછું ફરીને ધક્કો માર્યો એટલે તે ગોથું ખાઈ ગઇ. નાનકો રડવા લાગ્યો એટલે મગનનો ભાઈ ચમન આવ્યો. એણે મે'તાને બે લાકડી ફટકારી દીધી!

ઘડીકમાં તો મોટું રમખાણ મચ્યું. શેરીમાં ધૂમરાણ ને ફીફીયારો થયો.

આસપાસનાં માણસો ભેગાં થયાં ને સૌને માંડ માંડ છૂટાં પાડ્યાં.

વાતો કરતાં સૌ વીખરાણાં.

"ભાઇ, કાનો મે'તો એવો કજાત છે કે એનું નામ ન લેવાય!"

"બાપુ, ઈ મગને કાંઇ ઉતરે એવો નથી! આગ!"

ઇયે એનું માથું ભાંગે એવો છે!"

"હોય, છોકરાં બાધે એમાં મોટાંએ આવડી લડવાડ શી કરવી? છોકરાંને જરા ઠપકો આપીએ એટલે પત્યું."

નાનકાની બાએ કહ્યું: "બાપુ, આપણે ઘરમાં રમીએ. બહાર જઇએ તો કે?"

એના બાપાએ કહ્યું: "બેટા આપણે ઘેર બેઠા પાઠ કરીએ કે લખુ સાથે ફરવા જઇએ. એવા છોકરા સાથે ન રમીએ."

ઘરમાં એક ડોશી હતાં તે કહેઃ "નાહકનો મગનો બાધવા ગયો'તો. કોઠી ધોયે કાદવ નીકળે. ને છોકરાંનીયે કાંઇ જાત છે? ઈ નાનકોયે ઇ જ લાગનો છે. જે જે આજે લાગ્યું છે તોય કાલે પાછો જયલા ભેગો ન રમે તો?"

બે ચાર દિવસ ગયા. નાનકો અને જયલો શેરીને ખુણે રમતા હતા ને કૂદતા હતા.

મગન અને કાનો મે'તો એટલામાં જ નીકળ્યા; કહેઃ "માળું, આ તો આપણે નાહકના લડી મૂઆ!"

ત્યાંથી એક અનુભવી ડોસો નીકળ્યો. તે કહેઃ "છોકરાંની જાત જ એવી છે. આજ બાધે ને કાલે ભેગાં! આપણે વચ્ચે પડીએ તો આપણી વચ્ચે નકામો વીખવાદ થાય. એ તો મૂંગા રહીએ તો એની મેળે બોલાઇ જાય. એ તો ખડની

ગિ.

ટહે

ભાઇ મારી પાસે અંગ્રેજી શીખવા બેઠા. કીધું: "વાંચો; શું છે?" ભાઇએ વાંચ્યું: "ટહે." મને થયું: "આવો શબ્દ અને ઉચ્ચાર અંગ્રેજીમાં તો નથી." મેં ચોપડી જોઇ: એમાં The (ટી-એચ-ઇ, ધી) લખેલું હતું.

મને થયું: "આ ગણેશ મોટા બેઠા; ભાઇને અંગ્રેજી બેસે તો બેસે."

પછી મેં એને અંગ્રેજી ભણાવવા માંડ્યું.

કેમે કરી બેસે નહિ. અંગ્રેજી કરતી વખતે આંખમાં પાણી આવે. એવો રમતીયાળ અને વિનોદી છોકરો, પણ બદલાઇ જ જાય! ગરીબ ગાય જેવો ને મરી ગએલો લાગે.

પણ પડતો આખડતો એ અંગ્રેજી ચોથા ધોરણમાં આવ્યો.

સાહેબ પધારવાના હતા. છોકરાઓએ રેસીટેશન્સ (Recitations) કરવાનાં હતાં. ભાઇને પણ ગોખીને બોલવાનું હતું. ભાઇએ તો માંડયું ગોખવા; ગોખ્યું, ગોખ્યું, ગોખ્યું!

સાહેબ પધાર્યા. રેસીટેશનો થયાં. ભાઇનું કામ ખૂબ વખણાયું. ઉચ્ચારો (Pronunciations) અને હલક (Intonations) માટે સ્તુતિ પામ્યા. ભાઇને પહેલું ઇનામ મળ્યું. ભાઇ મલકાયા; બાપા પણ મલકાયા; માસ્તર પણ મલકાયા. ને સાહેબે વિઝીટીંગ બુકમાં છોકરાના અને શાળાના કામને વખાણ્યું.

આ બધા રાજી થઇને ગયા. આ ભાઇએ ઇનામ મેળવ્યું. માસ્તરનો પગાર વધ્યો. પણ મારું મન તો ખેદ પામ્યું. મારે માટે તો પરાણે ને માથાઝીક કરીને ભણાવવાનું રહ્યું. ને મારી તો ચિંતા વધી. એમ જ ભાઇની અણ-આવડત અને અણગમો પણ એ જ રહ્યાં.

રેસીટેશનમાં ભાઇ પહેલો આવ્યો પરંતુ અંગ્રેજીમાં તો ભાઇ ઢેલ્લો જ રહ્યો! **ગિ.**

પ્રાથમિક શાળામાં સમયપત્રક

સમયપત્રકનો હેતુ આપેલ અભ્યાસક્રમને વર્ષ આખરે પહોંચી વળવાનો છે. આ અભ્યાસક્રમ શિક્ષક નથી રચતો. આ અભ્યાસક્રમનો તે પરીક્ષક પણ નથી. તે તો માત્ર તે પ્રમાણે મુદ્દતસર પહોંચી વળનાર અને વાળનાર છે. તેના હાથ બંધાએલા છે. વર્ષ આખરે આટલું કામ થવું જોઇશે. એટલે છ માસમાં આટલું અને ત્રણ માસે આટલું ને માસ આખરે આટલું ને દિને દિને આટલું એ પરિણામ અનિવાર્ય થઇ પડયું. અને ત્યાં સમય-પત્રકનો જન્મ થયો. અમુક સમયથી અમુક સમય ઇતિહાસ, અમુકથી અમુક ભૂગોળ એમ ગોઠવાયું ને એ ગોઠવણને પૂંઠા પર ચોડી વર્ગમાં લટકાવી. ઘંટ વાગ્યો ને શિક્ષકે તે પ્રમાણે પોતાનો વર્ગ લેવાનું ચાલુ કર્યું. વારે વારે ઘંટ વાગતો જાય ને સમય બદલાતો જાય. છેલ્લો ઘંટ વાગે ને આજનું કામ સમયપત્રક પ્રમાણે પૂરું થયું ગણાય

વ્યવહાર કુશળ માણસોના અર્થશાસ્ત્રે સમય-પત્રકને જન્મ આપ્યો. કેળવણીના ફિલસુફોએ અને મોનસશાસ્ત્રીઓએ એમાં ઝીણવટ આણી. ગણિત વિષય અઘરો છે માટે તે પહેલો જોઇએ; તાજા મગજે સારું કામ થાય. ત્યાર પછી થોડોએક આરામ આપો; કામ પછી આરામ જોઇએ. ભારે વિષય પછી વાચનનો હળવો વિષય ઠીક પડશે. ગણિતનો વિષય બેસીને કરવાનો હતો તો વાચનમાં ઉભા થવાનું મળશે ને અંગને વ્યાયામ થશે ને સ્ફુર્તિ સચ-વાશે. વળી પાછી કસરત ને જરા અઘરો ને પાછો સહેલો વિષય રાખવાનું. છેલ્લા છેલ્લા સમયો તો વાર્તા કે રમતના જોઇએ, કેમકે સવારથી કામ કરીને થાક લાગવાથી પાછળથી વધારે સખ્ત કામ ન થઇ શકે.

આ ફિલસુફીએ સમયપત્રક ઘડયું:

આજે આપણી શાળાઓમાં સમયપત્રકથી કામ ચાલે છે. હજી આ સ્થિતિનો વિરોધ જોવામાં આવવાને બદલે તેમાં પડતી મુશ્કેલીને દૂર કરવાના પ્રયત્નો ચાલે છે. જેમકે નાનાં બાળકોના કામ-કરવાના સમયો દિન પ્રતિદિન ટુંકાવતા જવાય છે. કિન્ડરગાર્ટન શાળામાં પંદરથી વીશ મિનિટ

સુધીનું એકી સાથે એક કામ શક્ય છે એમ જ મનાય છે ને ચાલે છે સુધરેલા દેશોમાં પણ સમયને અંતે ને વચ્ચે ને આખા સમયને અંતે કસરત શાંતિને અવકાશ આપવાની યોજના હજી સુધી સારી રીતે વિચારાય છે હજી તો વિષયની વિવિધતા વારે વારે આવતી જાય તેથી નવું નવું થતું હોવાથી રસ વધારે જાગે ને કંટાળો ન આવે એ માનસશાસ્ત્ર ચાલે છે. કયા વિષયો કયાંથી અધરા અને કયાંથી સહેલા તેના પ્રયોગો પણ ચાલે છે. મતલબે સમય પત્રકના જ દિવસો હજી તો ચાલે છે. દિવસો ચાલે છે પરંતુ સાથે વિચારો પણ ચાલે છે. વિચારો સાથે કોઇ કોઇ સ્થળે આચાર પણ ચાલે છે. અને એ વિચારો અને આચાર સમયપત્રકની બાબતમાં જૂદું કહે છે; શાળામાં સમયપત્રક ન જોઇએ એમ કહે છે.

સમયપત્રક શા માટે કાઢી નાખવું તેની ચર્ચામાં ન ઉતરીએ; પરંતુ શું એમ નહિ બને કે સમયપત્રક વિના અભ્યાસ પૂરો કરાવી શકાશે નહિ ?

એક રીતે અભ્યાસક્રમ અને સમયપત્રક સાથે જ જાય છે. આગળ કહ્યું તેમ એકનું બીજું પરિણામ છે. છતાં સમયપત્રક કાઢીને પણ અભ્યાસ કરાવી શકાય ખરો. જો અભ્યાસક્રમ રચવાનું ભણનારાઓના હાથમાં હોય, જો તેઓ જ પોતાની અંતરની ઈચ્છાથી અમુક અમુક ભણવા તીવ્ર ઇચ્છા રાખતા હોય તો તો વગર સમયપત્રકે તેઓ પોતાનું ભણતર વખત પહેલાં પૂરું કરશે. કારણ કે તેમને ભણવાનો રસ છે, તેમની પોતાની ઇચ્છાથી અભ્યાસ આદર્યો છે ને તેઓ પોતે જ મનગમતું કામ મન ગમતી વેળાએ કરી લેશે. ને કદાચ ગમતી વેળા નહિ સાંપડે તો પણ કરવાનો પોતાનો નિશ્ચય હોવાથી તેઓ તે ગમે તેમ કરીને કરશે જ; કારણ કે તેમ કરવામાં તેમનો આનંદ રહેલો છે. પણ આજે ભણનારાઓના હાથમાં અભ્યાસક્રમ નથી. બેશક કાલે તે છે પણ આપણી વાત આજની છે.

આપણે જોઇએ કે સમયપત્રક દૂર કરી અભ્યાસક્રમ કેવી રીતે પૂરો કરાવી શકાય. સમયપત્રકની યોજના ખરી રીતે શિક્ષકની છે, વિદ્યાર્થીની નથી. તેને તો તેમાં ગોઠવાવું પડે છે, પલોટાવું પડે છે. એટલે તે કાઢી નાખીએ કે સુધારા કરીએ તો વિદ્યાર્થી તે સામે વાંધો લેવાનો નથી, ઉલટું તે રાજી થવાનો છે. શાળામાં વિદ્યાર્થી ભણવા આવે ત્યાં સુધીમાં તે સમયપત્રક પ્રમાણે વર્ત્યો હોતો નથી. તેની ટેવ પોતાને જે કરવું હોય તે કલાકોના કલાકો સુધી કર્યા કરવાની હોય છે. આપણે નાનાં બાળકોને ઘરમાં ને આજુબાજુ કેટલાંયે કામોમાં કેટલાયે વખત સુધી ગુંથાએલાં જોઇએ છીએ. આ તેમનો સ્વભાવ છે. એનું મૂળ તેમના સ્વાતંત્ર્યમાં અને સ્વયંસ્ફુર્તિમાં છે. અમુક જોઈતું કામ કરવા તે સ્વતંત્ર છે, અને તે કરવાને કોઇએ તેમને વખત લાંબો આપ્યો નથી કે ટુંકો આપ્યો નથી. જેટલો જોઇએ તેટલો સમય તેમની પાસે છે. આથી તે પોતાનું કામ હોંશથી કરે છે, જોસથી કરે છે, ચીવટથી કરે છે.

પણ શાળામાં આવ્યા પછી સ્થિતિ બદલાય છે. અભ્યાસક્રમ કૃત્રિમ છે ને તેની સામે કૃત્રિમ સમયપત્રક પડેલું છે. તેને ઘડીક વાર્તામાં બેઠા પછી તે છોડવી ગમતી નથી છતાં ઘંટ તેને છોડાવે છે. એકડા લખતાં લખતાં જ્યાં બરાબર મન અભિમુખ થાય છે ને પરોવાય છે ત્યાં ઘંટ વાગે છે ને બીજું કામ કરવું પડે છે. જ્યાં ઇતિહાસની વાત સાંભળવાનું ગમતું હોય છે ત્યાં ડ્રિલ માટે બહાર કાઢવામાં આવે છે. વારે વારે સમય બદલવાના આપણા તૂતને તેને અધીન થવું પડે છે ને બધી મજા ખોવી પડે છે. ખરી રીતે સાધારણ બાળકને જોઇતે વેત અંશે શિક્ષણના ઘણા વિષયો–જો તે

બરાબર મૂકવામાં આવે તો, ને જો તેની લાયકના હોય તો–ગમે છે. પણ આ સમયપત્રક ગમવાપણું કેળવવા દેતું નથી. રસ તોડે છે; રસભંગ કરી કંટાળો આપે છે. એકમાંથી બીજામાં જવાની મરજી વિરુદ્ધ ફરજ પડતાં નવા વિષય તરફ અરાજીયો થાય છે ને તેમાં પ્રવેશ મંદપણે થાય છે.

જો બાળકની વૃત્તિ આવી છે તો આપણે સમયપત્રક કોરે મૂકી જોઇએ ને બાળકને ભણાવીએ.

આપણા અભ્યાસક્રમમાં અમુક વિષયો છે. આપણા હાથમાં પૂરું એક વર્ષ છે. આપણી પાસે હમેશ ચાર પાંચ કલાક શાળાના છે. આપણાં બાળકો પહેલેથી સમયપત્રકના ગુલામ નથી. તેવી ગુલામી તેમના સ્વભાવની વિરુદ્ધ છે. તો આપણે બાળકોને છૂટ આપીએ.

આપણે તેમને પૂછીએ: "ચાલો આજે શું ભણવું છે? ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વાચન, લેખન શું?" મોટો ભાગ જે માગે તે વિષય લઇએ. નાના ભાગને જરા પ્રેમપૂર્વક ભેળવી દઇએ. ધારો કે ઇતિહાસ ભણાવવા બેઠા. પછી તો ઇતિહાસની વાતો ચલાવવી. વાત ધ્યાનમાં રાખવી કે આપણે અભ્યાસક્રમની બેડીના વર્તુળમાં રહીને ભણાવીએ છીએ. આપણે પોતે તેની તાબેદારી ન ભૂલવી, પણ બાળક પાસે તો છૂટ રહેવા દેવી. તેને તેની વાતો કહો. સાંભળે તેટલી કહો. જેટલી વાર સાંભળે તેટલી વાર કહો. બે ચાર દિવસનું કામ ભેગું થઈ જાય તોયે ફિકર નહિ. તેઓ મનથી સાંભળતાં હશે તો ભૂલશે નહિ. જ્યારે તેઓ ધરાઈ રહે ત્યારે: ત્યારે કહો: "ચાલો હવે શું કરશું? આ, આ, આ, કરવાનાં બાકી છે." આપણી સામે અભ્યાસક્રમ છે તેથી તો આપણે આ, આ, આ, બતાવવાનું છે. અને તે બંધન માનો કે હાલ તુરત સ્વીકારીને જ બેઠા છીએ. બાળકો કહેશે ભૂગોળ એટલે ભૂગોળ ઉપાડવી. આખરે બાળકો બધા વિષયો માગશે જ. તેની ખાત્રી કુશળ પ્રયોગ કરનારને થશે જ. આમ એક એક વિષય પર દિવસો ચલ્યા જાય તો ડરવું નહિ. સાંજ પડયે શિક્ષક એટલું જુએ કે કયા વિષયમાં કેટલો અભ્યાસ થયો ને કેટલો બાકી રહ્યો. બધા વિષયમાં તેવો હિસાબ તે માંડતો જ રહે. તે ઉજાગરે ન સૂવે પણ વિદ્યાર્થીઓને સૂવા દે.

બાળકોને આટલી છૂટ આપશું તો પણ તે ખુશી ખુશી થશે. આપણે કહીશું: "જે દિ' આખો વખત રમવું હોય તે દિ' રમવું ને ભણવું હોય તે દિ' ભણવું." તો તેઓ રમી રમીને તે જ દિવસે અગર બીજે દિવસે તમારી પાસે કામ માગશે. અને છતાં ન માગે તો કહેજો કે "ચાલો ભાઇ, આજે હવે બહુ રમ્યા. ગણિત ઉપર ઉપડીએ."

છૂટ, આવડત, કુનેહ, શિક્ષકનો જુસ્સો અને પ્રેમ વિદ્યાર્થીને પોતાનો બનાવે છે.

આ રીતે વારે વારે ઘંટ વાગવાથી ને સમય બદલવાથી થતો ભંગ અટકશે. એક દિ'માં ગમવા પ્રમાણે એક કે બે વિષય પર મંડતાં જોસ ખૂબ વપરાશે ને કામ વધારે થશે. જેઓ હુશિયાર હશે તેમને તો કૂદકે ને ભુસકે દાખલા ગણ્યા જ કરવાનું કે ઇતિહાસ આગળ ને આગળ વાંચ્યે જ જવાનો વખત મળશે. ઠોઠને પણ પૂરતો પુષ્કળ વખત મળવાથી તે પહોંચી વળવા હિંમત રાખી શકશે. સમયપત્રકમાં ઠોઠનો અખત મરો છે. એક દાખલો શીખવા માટે તેને એક કલાક જોઇએ ત્યારે વર્ગમાં એક કલાકમાં તો પાંચ દાખલા થવા જોઇએ. એ જ રીતે હુશિયારને બધું આવડતું હોય પણ સમયપત્રકમાં તો નિશ્ચિત કામ થાય. તેથી વધારે કેવી રીતે થાય? માટે તેણે રોકાઇ રહેવું પડે.

આપણે અંદર અંદર સમજી સમયપત્રક કાઢી નાખી વરસ આખરે બરાબર ભણાવી દઇએ તો કોઇ વાંધો નહિ લે. ગિ.

શાળામાં વાંચન

સારી રીતે વાંચતાં આવડવું એ એક આવડત છે. આ આવડત પણ કેળવવાની જરૂર છે.

પ્રાથમિક શિક્ષણમાં વાચન ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે, અને તે યોગ્ય જ છે. એક વાર જેવું વાચન કરવાની જેવી ટેવ પડી તે પડી. પાછળથી તે બહુ જ મહેનતે સુધરે છે. માધ્યમિક શાળામાં પણ વાચન સુધારવા માટે શિક્ષકોને મહેનત લેવી પડે છે ને એમ છતાં આપણે ઘણા થોડાઓને સુંદર વાંચતા સાંભળીએ છીએ. આનું કારણ એ છે કે પહેલેથી સુવાચન કરવાની રુચિ ઉપજી નથી; તે માટેની ટેવ પડી નથી.

સુવાચન કરવા માટેની ઘણી રીતો પ્રાથમિક શિક્ષકો અખત્યાર કરે છે. વિદ્યાર્થીઓ પરીક્ષા વખતે પાઠ્યપુસ્તકોનું સુવાચન કરી બતાવી પરીક્ષકોને સંતોષ આપે છે. પણ એવું પણ જોવામાં આવે છે કે મોટે ભાગે વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના પાઠો કે જે તેઓએ વારંવાર વાંચેલા છે ને જેને પરિણામે તે લગભગ મોઢે હોય છે, તે સિવાયનાં પુસ્તકો વાંચતાં તેઓ થોથરાય છે ને વાંચ્યાનો આનંદ લઈ શકતા નથી, તેમ બીજાને સમજાય તેમ વાંચી શકતા નથી.

સુવાચન માટેની કેટલીએક રીતો મેં અહીંનાં બાળકો પરત્વે અખત્યાર કરી છે. એને પરિણામે તેઓ વાચનરસિક થયાં છે; સુંદર વાંચતાં થયાં છે એમ હું કહી શકું છું. તે રીતો હું અહીં આપી વાચક ભાઇઓને તેનો જાતઅનુભવ કરવા વિનતિ કરીશ.

મેં બાળક પાસે પાઠ વંચાવવાનું પહેલેથી જ બંધ કર્યું છે. એવું કદિ પણ બન્યું નથી કે બાળકને મેં મારી પાસે પાઠ વાંચી સંભળાવવાને કહ્યું હોય. પાઠો ઘેરથી કરી લાવવા અને વળતે દિવસ મને આપી જવા એવી રીતથી બાળકોને કેવળ અંજાણ રાખવાથી તેઓ પાઠ આપવાનું જાણતાં નથી. મેં તેમના પાઠો કદિ લીધા નથી.

તેઓને કક્કા બારાખડી આવડ્યા પછી હું તેમને શબ્દપોથીઓ, વાક્યપોથીઓ, ચિઠ્ઠીપોથીઓ, હાથે લખેલી વાર્તાઓ ને એવી એવી ચોપડીઓ વાંચવા માટે ધરું છું ને કહું છું: "આ તમે વાંચજો."

બરાબર આ જ વખતે અને આ વખત પહેલાં સારા વાચન માટે જે ખાસ કરીને પ્રથમ જ થવું જોઇએ તે હું કરું છું. આ કાર્ય તે આદર્શ વાચનનું.

હું તેમને મારી આસપાસ બેસારીને તેમની પાસે સારું સારું તેઓ સમજી શકે તેવું વાંચું છું; ને જ્યારે હું વાંચું છું ત્યારે મારું વાચન બને તેટલું રસમય, હલકવાળું, છટાવાળું ને ભૂલ વિનાનું થાય તે માટે પૂરી કાળજી લઉં છું. વાચનનો વિષય રસિક રાખું છું તેથી બાળકો પ્રેમથી સાંભળે છે. બાળકો વાચનનું વસ્તુ સાંભળે છે ને આનંદ લે છે તેની સાથે જ તેમના મન પર સારા વાચનની છાપ પડે છે. દિન પ્રતિદિન તે ઉંડી ને ઉંડી પડે છે. અને બરાબર આ જ છાપ તેઓ પોતાના વાચનમાં બતાવે છે.

તેઓ પોતાને આપેલાં પુસ્તકો લઇને જ્યારે વાંચતા હોય છે ત્યારે હું તેમની આજુબાજુ ફરતો હોઉં છું. મારો પ્રયત્ન સાચો છે કે ખોટો છે તે તેમને વાંચતાં સાંભળી નક્કી કરું છું; ને મને ખાત્રી થઇ છે કે સુવાચન માટે આદર્શ વાચન અકસીર ઉપાય છે.

પ્રાથમિક શાળામાંથી વિદ્યાર્થીઓ પાસે એક પછી એકને ઉભા કરીને તેમને વંચાવવાનું કાઢી નાખી આ રીત દાખલ કરવા જેવી છે. જ્યારે વારા ફરતી વિદ્યાર્થીઓને વંચાવીએ છીએ ત્યારે દરેક બાળકના મગજ ઉપર એક જ જાતના સુંદર વાચનની નહિ પરંતુ જુદિયાર કોઠે બધી જાતના

વિદ્યાર્થીઓના વિધવિધ રંગી વાચનની ચિત્ર-વિચિત્ર છાપ પડે છે. આ છાપ એક ઉપર એક એમ કેટલાંયે ચિત્રો ચિતર્યાં હોય ને તેનું જેવું ચિત્ર બને તેના જેવી છે. આથી હુશિયાર વિદ્યાર્થીનું વાચન પણ બગડવાનો સંભવ છે. આદર્શ વાચનમાં તો એક જ છાપ અવિચ્છિન્નપણે પડે છે ને તે ઉંડી ઉતરે છે.

વળી ચાલુ પદ્ધતિ પ્રમાણે જેની ભૂલ પડે તેની ભૂલ કાઢીને ભૂલ કાઢનારે ઉપર ચડી જવાનું હોય છે ત્યારે તો વાંચનાર અકળાઇ (nervous) જાય છે અને તેનું વાચન ઉલટું બગડતું જાય છે. ભૂલ કાઢવાથી ભૂલ માલમ પડે છે પણ તેથી તે સુધરતી નથી. આદર્શવાચનમાં ભૂલ પડવાનું અને કાઢવાનું નથી.

બાળકો આદર્શવાચન સાંભળે છે. તેની રીત તેમના મનમાં ઠસે છે; તે તેમને માટે આદર્શ બને છે. પછીથી બાળક તે આદર્શ સિદ્ધ કરવા જાણે કે વાંચે છે ને તે વારંવાર વાંચે છે. ને વારંવાર વાંચી વાચનની કચાશ દૂર કરે છે. પોતે વાંચતી વખતે પોતાને જુએ છે ને સાંભળે છે તેથી તે પોતાની ભૂલ કાઢી લે છે. ભૂલ પડે છે તો બોલે છે: 'ના, એમ નહિ આમ' વગેરે. આમ થાય છે એટલે તે અકળાતું નથી પણ ઉલટું જાગૃત અને આત્મ-વિશ્વાસવાળું થાય છે.

ચાલુ ચડાઉતરીની રીતમાં સ્પર્ધા વગેરે શિક્ષણનાં અનિષ્ટ તત્ત્વો છે. એક જણ બીજાની ભૂલ કાઢે ને ચડી જઇ સરસાઇ ભોગવે ત્યારે બીજાને તે ખૂંચે છે. વળી ભૂલ કાઢનારની પાછી ત્રણ ભૂલો પડે છે. ને જેની ભૂલો પડી હતી તે પાછો બીજાની પાંચ ભૂલો કાઢે છે. આ રીતે આ એક નિરર્થક વ્યવસાય છે. આદર્શવાચન કરનાર શિક્ષક સાથે વિદ્યાર્થીને સ્પર્ધા નથી. તે આદર્શ રૂપ હોવાથી સુંદર સરખામણીનું સાધન બને છે. અને સરખામણી શિક્ષણમાં તંદુરસ્ત વસ્તુ છે.

વાચનશિક્ષણ આદર્શવાચન પદ્ધતિથી આપીએ તો વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં સમય અને શક્તિ બન્નેનો બચાવ થાય. પાઠ લેવામાં એક સમય તો બન્નેનો બચાવ થાય જ છે; અને તે દરરોજ. વળી દરેક વિદ્યાર્થીને તો થોડી જ ક્ષણો વાંચવાનું હોય છે; બાકી આખા વર્ગની સાથે તેને બેસવાનું હોવાથી વિના પ્રયોજને તે વખત ગુમાવે છે. શિક્ષકને રોજની વ્યક્તિગત માથાઝીક માથું પકવે છે. આને બદલે આદર્શ-વાચનને હમેશના પાઠ લેવાના જ સમયમાં ગોઠવી દેવાય, અને તે અઠવાડિયામાં બે ત્રણ વખત રાખવામાં આવે તો પણ ચાલે. બાકીનો સમય વિદ્યાર્થીઓ વાંચવામાં ગાળે. એક બીજાનું બોટું સાચું વાચન સાંભળવામાં વખત ખુએ તેના કરતાં નવું નવું વાંચ્યા કરે એ કેટલું લાભદાયક થાય ?

માત્ર એના એ જ પાઠો વારંવાર પરીક્ષા આવે ત્યાં સુધી વંચાવ્યાથી તે મોઢે થાય છે, ને કડકડ આવડવાથી ઉપલક રીતે વાચન સારૂં દેખાય છે તથા નવા સવા પરીક્ષકને વધારે મોહિત કરે છે. પરંતુ તેથી ખરૂં સુંદર વાચન થયું ગણાય નહિ. એ તો ગોખણ વાચન કહેવાય.

આદર્શવાચન પદ્ધતિમાં તેવા ગોખણવાચનને અવકાશ જ નથી. વાચનનો સુંદર આદર્શ અમલમાં મૂકવા એટલે કે વાંચવાનું બળ અને કળા ખીલવવા વિદ્યાર્થીને વિશાળ વાચનની અનુકૂળતા જોઇએ છીએ. પાઠ્યપુસ્તકોના પાઠો ટુંકી મર્યાદા છે. પાઠ્યપુસ્તકના પાઠો વારંવાર વાંચવાનો રસ ન આપે તેવા હોય તો તે દ્વારા વાચનશક્તિ ખીલે નહિ. પાઠો મોઢે થઇ જાય પણ વાચનશક્તિ વધે નહિ.

એટલા માટે પાઠ્યપુસ્તકોના વાચન સાથે જ અન્ય ઇતર વાચનનો પ્રબંધ સુવાચન સિદ્ધ કરવા આવશ્યક છે. દરેક વર્ગમાં બાળકોની કક્ષાનું નાનું

એવું વાચનાલય હાથે લખેલી ચોપડીઓનું કે મળે તો છાપેલી ચોપડીઓનું રાખીએ. તેમાંથી પ્રસંગોપાત કોઈ કોઇ ચોપડી લઇ વાંચી સંભળાવીએ નં પછી તેમને તે વાંચવા છૂટ આપીએ. તેઓ વાંચશે જ ને રફતે રફતે સુંદર વાંચશે.

માત્ર એકલા પાઠ્યપુસ્તકના પાઠોનું આદર્શ વાચન ન આપવું. એમ થવા સંભવ છે કારણ કે પાઠ્યપુસ્તક અને પરીક્ષા આપણી સામે હોય છે. આપણે તો તેનું પણ હરકોઇ પુસ્તકની માફક વાચન સંભળાવવું. તેને પરિણામે સારૂં વાચન થશે ને તેના બળે તે પાઠ્યપુસ્તકને પણ સારી રીતે વાંચી શકશે–સ્વાભાવિક રીતે વાંચી શકશે.

આદર્શવાચનનો પ્રયોગ કરનારાઓ એટલું ધ્યાનમાં રાખે કે આજે આદર્શવાચન વંચાય ને કાલે તેઓ તેનાં ફળ ચાખવા ન નીકળે. આદર્શવાચન બીજ રૂપે વાવ્યા પછી તે બાળકના મગજમાં ઉગીને મોટું થાય ત્યાં સુધી રાહ જોવી. એટલા માટે તેના શરૂઆતના પ્રયત્નોમાં બાળકને ધીમે પણ દૃઢતાથી, પોતાના પ્રયત્નથી વાંચતાં જોઇ ઉતાવળા થઇ ઉતાવળું કેમ વાંચે તેનો આગ્રહ મનમાં પણ લાવવો નહિ. માત્ર વારંવાર આદર્શવાચનનું ખાતરપાન આપ્યા કરવું.

જો પરીક્ષા ન હોય તો શિક્ષકો એ કદિ પણ જાણવાની દરકાર ન કરે કે બાળકોનું વાચન કેવું થયું હશે. તેઓ પોતે કરેલા આદર્શવાચનની શક્તિ ઉપર ચોક્કસ વિશ્વાસ રાખી શકે. એ વિશ્વાસે હું કેટલાંયે બાળકોને મારી સગી આંખે ને સગા કાને સરસ વાંચતાં ભાળું છું ને સાંભળું છું.

પરંતુ જેમને પરીક્ષાને સન્માનવાની છે તેઓને જરા અગાઉથી ખાત્રી કરી લેવી પડશે. તેમને વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક બરાબર વાંચી આપે તેનો સંતોષ જોશે. તો તેઓ આદર્શવાચનનું ખાતરપાન નાખ્યા પછી જ્યારે વસુલ ભરવાનો વખત થાય ને મોસમ આવે ત્યાર પહેલાં મહીને માસે જ માત્ર સામસામા વાચનની રીત દાખલ કરે. બે બે સરખી શક્તિના વિદ્યાર્થીઓની જોડી ગોઠવી આપે અને તેઓને સામસામે વાંચવાનું કહી દે. બધા પાઠો તેઓ સામસામે વાંચે. શિક્ષક પોતે પણ દરેક જોડીમાં જઇને ત્રીજો જોડીયો થાય ને પોતે પણ વચ્ચે વચ્ચે વાંચે. વાંચતી વખતે કોઇ કોઇની ભૂલ કાઢે નહિ પણ બીજાનું સાંભળે. આવું વાચન શરૂઆતમાં હાથે લખેલા કે છાપેલા સંવાદ રૂપે હોય તો વધારે સારૂં; નહિતર પાઠ્યપુસ્તકના પાઠોના પારાઓ એક પછી એક સામસામે વંચાય.

અને છેવટે પરીક્ષાની ખાતર મોળા વિદ્યાર્થીને ઢસરડીને ભેળા કરવા ખાતર–શક્તિ ન હોય છતાં તેમને ખેંચીને ચડાવવા ખાતર શિક્ષકે તેમને પોતાના હાથમાં લેવા. તેમની પાસે ખાસ આદર્શવાચન કરવું ને તેમની પાસે વંચાવીને, વારંવાર વંચાવીને પાઠ્યપુસ્તકના પાઠો પાકા કરાવવા.

પણ પરીક્ષાને માન આપવાની અને ઉપલી રીતે વિદ્યાર્થીઓને મારી તોડીને તૈયાર કરવાની સલાહ આપતાં મને આપણને સૌને માટે લાગી આવે છે. હું જાણે એવી સલાહ આપીને દુઃખ પામું છું. ખરી રીતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું અહિત કરતો લાગું છું. અને તેથી જ પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર કરવા આપણે સૌ મહેનત કરીએ એમ ઇચ્છું છું જ્યારે ને ત્યારે પદ્ધતિના સુધારાનો વિચાર કરતાં પરીક્ષા અને હાલની પદ્ધતિ આડે આવે છે. એ નડતરને આપણે પહેલાં જ ઉઠાડીએ. પણ તે વિષે આગળ ઉપર.

પરીક્ષાને સામે રાખ્યા વિના જ આપણે આપણું કામ કર્યે જઇએ. અને જો આપણી પદ્ધતિ સાચી હશે તો પરીક્ષાની આપણને ચિંતા જ નહિ રહે એવી મારી ખાત્રી છે. આદર્શવાચન પદ્ધતિ જો બરાબર ચલાવીશું તો જરૂર આપણે તે સ્થિતિએ પહોંચીશું. ગિ.

રોજ ઉઠીને આ શું ?

રોજ ઉઠીને રસુબેન અપોરે બાલમંદિરમાં દિશાએ જાય. અને જાય તે પણ શું ? એક નાની એવી ટોળી ભેગી કરીને ટોળીનાં સરદાર બનીને જાય !

સંગીત પૂરું થાય કે રસુબેનને કલાકેક ચાલે એવો આ એક ઉદ્યોગ જ મળેલો. પહેલાં ટોળીમાં ભળનારાંઓને ભેગાં કરે. તે જાણે જ કે વહાલીબેનને વાત કરશું એટલે એ તો ઝડપ દઈને ઉભાં જ થવાનાં. અમુક તો આવશે જ ને અમુકને જરા તાણ કરવી પડશે. એ બધું થાય ને ચાર પાંચની ટોળી થાય એટલે પછી ડોલચાં લેવાનાં, પાણી લેવાનું એ બધી ક્રિયા ધીમે ધીમે ને વ્યવસ્થિત રીતે થાય. પછી નીચે જાય, ત્યાં અલકમલકની વાતો થાય ને ઘણુંયે થાય. અર્ધોએક કલાક તો સહેજે જ જાય. પછી ઉપર આવીને બધી પાછળની ક્રિયામાં ૧૦-૧૫ મિનિટ જાય. એમ એકંદરે રસુબેન રોજનો કલાક પોણો કલાક જેટલો વખત આ રીતે કાઢે. સાથે બીજાંનેય લઈ જાય.

મને વિચાર થઈ પડ્યો કે કુદરતી હાજતને કેમ ના પડાય ? ના ન પાડીએ તો બાલમંદિરની શાળા ઉપલા ઓરડાને બદલે વાડામાં ભરાવા લાગી તેનું શું ? ગામમાંથી બાળકો શાળામાં આવે ને વાડામાં કામનો અર્ધો વખત કાઢે એ કેમ ચાલે ?

પહેલાં મેં રસુબેનને સલાહ આપી કે ગાડીમાં બેસતા પહેલાં ઘરે એક વાર દિશાએ જઈ આવવું. એ તો ચાર વર્ષની ઉંમરનાં પણ અક્કલમાં ઘણાં આગળ વધેલાં. હા પાડે ને કહે: " ઘરે ગઈ'તી તોયે ફરી વાર જાવું છે."

પછી મેં કહ્યું: " એક એક જણ વારા ફરતી જજો; એક સાથે જતાં નહિ. "

આથી પરાણે જવાવાળાં કેટલાંક અટક્યાં. કેટલાંક કામમાંથી નવરાં થાય પછી રસુબેન ભેગાં ભળવા લાગ્યાં. પણ રસુબેનનો ક્રમ તો ચાલુ જ રહ્યો. નીચે વખત કાઢવા માટે પોતાના ઓરડાનું ટોળું ન મળ્યું તો બીજાં બાળકો હોય તેમની સાથે વાતોમાં વખત કાઢવા લાગ્યાં.

મને લાગ્યું, રસુબેનને જ તપાસવાં જોઈએ.

એક દિવસ સંગીત પછી મેં કહ્યું: " રસુબેન, જાવ દિશાએ જઈ આવો ને પછી મારી પાસે આવો. "

રસુબેન ઉપડ્યાં. આજે થોડા જ વખતમાં ઉપર આવ્યાં.

મેં થોડી વાત કરી; કેટલી વાર જમે છે, શું જમે છે, ઘેર કેટલી વાર દિશાએ જાય છે વગેરે સંબંધે સવાલ જવાબ થયા.

પછી ઓરડામાં ફેરવ્યાં. તેને બધાં સાધનોનાં નામ પૂછ્યાં. પછી એકેક તેની આગળ મૂકીને જોયું. દરેક ઉપર એકાદ વાર રમીને તેણે મૂકી દીધાં. એક બે દિવસ એ પ્રમાણે તે કેટલાં સાધનોમાંથી કેટલાં પસાર થયાં છે તે જોયું; કયા સાધન પર રસ છે તે જોયું. તેમાં બુતાનની ફ્રેમો ઉપર વધારે બેઠેલાં દેખાયાં; બે દિવસ પોતાની મેળે બુતાનની ફ્રેમો લીધી.

બે દિવસ ગયા ને રસુબેનને ફરીથી ટોળી સાથે વાડામાં !

પછી તો રોજ હું એને કહું કે જઈને મારી પાસે આવો.

તપાસને પરિણામે જાણ્યું કે અંદરનાં

ઘણાં ખરાં સાધનોમાંથી એક પસાર છે.

મને ચોક્કસ લાગ્યું કે રસુએનનું દિશાએ જવું કુદરતી હાજતનું નથી પણ ઓરડામાં તેમને માટે કંઈ નથી તેથી અનુદ્યોગની જગ્યાએ ઉભો થએલો એક ઉદ્યોગનો પ્રકાર છે, જે કોઈ પણ રીતે ઇચ્છવા લાયક ન જ ગણાય.

આ નિર્ણય ઉપર આવતાં મેં બીજે દિવસે સંગીત પછી તરત જ એને કહ્યું: "રસુએન, તમારે માટે હું પેન્સિલ લાવ્યો છું. ચિત્ર કાઢવાં હોય તો બતાવું.

રસુએન ચિત્ર ઉપર બેઠાં. પછી બીજું થોડુંએક કામ કરીને પછી વાડામાં ગયાં. ત્રીજે દિવસે ગાડીમાંથી ઉતરીને ઉપર આવતાંવેંત મને કહેઃ "મારે ચિત્ર કાઢવાં છે. પેન્સિલ આપો."

"સંગીત પછી મળશે" એમ મેં કહ્યું કારણ કે મારે તેમની ઉત્કંઠાનું જોર તપાસવું હતું. સંગીત પછી ફરી વાર રસુએન પેન્સિલની માગણી કરવા આવ્યા.

રસુએન હવે ચિત્ર કરે છે; ચિત્ર જુએ છે; પછી વળી અંગસેા પણ બાંધે છે.

હવે "રોજ ઉઠીને આ શું" ની મારી મુંઝવણ ટળી છે.

રસુનું પ્રસન્ન મુખ જોઇને હું પણ પ્રસન્ન થાઉં છું. **તા.**

વ્યક્તિપત્રો

૧

ભાવનગર તા. ૭–૨–૨૮

પ્રિય ભાઈ

તમારા પત્રનો ઘણે દિવસે પણ ઉત્તર આપું છું. ઢીલ થવાનું કારણ અહીંનો વ્યવસાય છે. ક્ષમા કરશો.

તમારો પ્રથમ પ્રશ્ન આ પ્રમાણે નીકળે છેઃ—

૧. 'બાળક બહુ હઠીલું છે. તેડતા નથી તો રડે છે અને ન તેડીએ ત્યાં સુધી છાનું જ રહેતું નથી. રસ્તામાં તેડવું પડે છે; લીધેલી હઠ છોડતું નથી અને ધાર્યું ન થાય ત્યાં સુધી રડે છે.'

મારી સમજણ એવી છે કે બાળકોને આપણે જ તેવાં કરીએ છીએ. બાલ્યાવસ્થામાં એક કાળે બાળક જાતે ચાલતાં શીખે છે ને ત્યારે જાતે જ ચાલવા કરે છે. પરંતુ તે જ વખતે આપણે ઘણી વાર આપણા પ્રેમને લીધે, ઘણી-વાર ઘરની મોટાઇને લીધે, ઘણી વાર બીજાં બાળકોને તેમ કરવામાં આવે છે તેની દેખા-દેખીને લીધે, ઘણીવાર ઘરનાં મોટાંઓ (સાસુ સસરા) નું મન ન દુખાય એટલે બાળકને તેડીએ છીએ. બાળક તે પસંદ નથી કરતું. અણગમો બતાવે છે. રડીને છૂટું થવા માગે છે. પણ જ્યારે ધીમે ધીમે બાળક રોજ તેડાવાથી તેવી ટેવવાળું થઇ જાય છે ત્યારે તે અપંગ થાય છે; એટલે કે તેને ચાલવાનું ગમતું નથી. તેનામાં પણ દેખાદેખીનો રોગ આવે છે. તે બીજાં બાળકોને તેડેલાં જોઇ રડી ઉઠે છે ને તેડાવાનો આગ્રહ કરે છે. આમ એક વાર બાળક બગડ્યું એટલે તો તે રડીને જ આપણને વશ કરે છે. આપણેય પણ જૂદે જૂદે વખતે વશ કરશે. તેને આધીન થવું પડે છે. કોઇ વાર આપણને તેનું રડવું ગમતું નથી; કોઇ વાર તે રડે છે તે લોક-નજરે આપણને ખૂંચે છે. કોઈ વાર આપણને

ઠપ્પેકા મળવાનો હોય છે એમ જાણી આપણે બાળક રડે કે તુરત તેડી લઇએ છીએ. આમ આપણે બાળકોને ઘણી વાર જૂદી જૂદી બાબતમાં વશ વર્તીએ છીએ અને હેરાન થઇએ છીએ. સાથે બાળક પણ હેરાન જ થાય છે.

વાત એમ છે કે મૂળથી જ આપણે એને કુટેવમાં જવા દેવું નહિ. બાળક સ્વાભાવિકપણે ચાલવા માંડે ત્યારે તેને તેડવું નહિ. તે થાકે ત્યારે ઉપાડી લઇએ કે ખૂબ ઉતાવળ હોય ત્યારે હાથ દઇએ એ જૂદી વાત છે. બીજું બીજાં બાળકોની માતાઓ લાડ લડાવી તેડે ને હેરવે ફેરવે તો તેથી લલચાઇએ નહિ. તેવી મમતા આપણામાં ન દેખાય તો પણ હરકત નથી. બાળકને ચલવીએ એ બરાબર કે ઓછી દયાવાળું દેખાતું હોય તો મણ ભલે દેખાય. વળી આપણે રાખી શકે તેવા શેઠ શ્રીમન્તોનાં બાળકોને તેડાયેલાં જોઇ આપણાં બાળકો તેમ કરવા મન કરે તો તેમને કોઠું ન આપવું. આપણે તેમને માટે જેમ મોટર વસાવી દેવાનાં નથી તેમજ આપણે તેમની આયા પણ નજ બનવું. બાળકો ચાલી શકે નહિ તેથી તેમને વારેવારે ઉપાડીને ચાલવું જોઇએ એવું તો કદિ માનવું જ નહિ. તેમનામાં ચાલવાની પણ ઘણી શક્તિ હોય છે. અમે નાનાં બાળકોને પ્રવાસે લઈ જઇએ છીએ ત્યારે તેમની શક્તિ જોઇ અમે તાજુબ થઇએ છીએ. તેઓની સાથે તેમને લાડ લડાવનારાં, માબાપો કે નોકરો નથી હોતા, તો તેઓ તુરત સ્વાધીનપણે પોતાનું કામ કરવા મંડે છે. તેઓ પોતાની બરી શક્તિ બતાવે છે. પણ જેમનાં માબાપો સાથે હોય છે તેઓ બરેબરાં પ્રાણવાન હોવા છતાં નબળાઇ બતા-વે છે ને થાકવા લાગે છે. તેમાંયે જે માબાપો જરા વધારે પડતી કાળજી કે પક્ષપાત બતાવે છે તેમનાં બાળકો તો અશક્ત જેવાં જ બની રહે છે.

તમારા બાળકને જે હેવા પડયા છે તેમાંથી તેને છોડાવવું હોય તો જ્યારે જ્યારે બહાર નીકળો ત્યારે તે રસ્તે તેડાવવાની માગણી કરે તો પણ જો તે બરેબર અશક્ત કે માંદું ન હોય અગર થાકયું ન હોય તો જરૂર તેડો જ નહિ. તેને એક વાર બરાબર રડવા દેવું. એક વાર કુટેવ પાડી છે તો તે ઉલટાવ્યે જ છૂટકો. આ પ્રયોગ કરતા પહેલાં જ વિચાર કરી લેવો કે તે વખતે તમે દૃઢતાથી તેને આખર સુધી રડવા દેવાની સ્થિતિમાં છો કે નહિ. પરંતુ રડવા દેવા જેવો સમય ન હોય (જેમ કે રેલ્વે પર જવું હોય, અગર લોકો વચ્ચે એ પ્રસંગ તમને મૂંઝવે ને પાછળથી શરમાઇ તમારે બાળકને તેડવું પડે તેમ હોય) તો તેવા સંજોગોમાં પ્રયોગ કરવો નહિ. કુટેવવાળું બાળક પ્રયોગમાં જ્યારે ફાવી જાય છે ત્યારે તે વધારે મક્કમ બને છે ને ટેવને ન છોડવા તરફ જાય છે. વળી આવા પ્રયોગ વખતે મન મજબૂત રાખવું પડે છે. રડી રડીને થાકે, હાથ પગ પછાડે તો પણ એક વાર તો દૃઢ રહેવું જ. બીજું વચ્ચેથી નબળા થઇને છોડવા જેવી તમારી છાતી નબળી હોય તો પ્રયોગ બીજા પાસે કરાવજો. માબાપો બાળકો રડે તે સહી શકતાં નથી. તેઓ કુણાં હોય છે ને તે કુણાશ દયાળુ કોકણને બાય તેમ મા-બાપને બાળકો સહેલાઇ આધીન બનાવે છે. વળી જ્યારે તમે પ્રયોગ આદરો ત્યારે તમે શાન્તિ અને ધીરજ રાખજો. બાળક ઝટ રસ્તે નહિ આવે. તે ખૂબ ધમપછાડા કરશે. તેને અત્યાર

સુધીનો અનુભવ છે કે આખરે માબાપ નમે છે. વળી તમે તમારો પ્રયોગ ચાલતો હોય દરમ્યાન સમજાવવાનો પ્રયત્ન ન કરતાં. બાળક રડવા ઉપર ચડે છે ત્યારે તેને જેમ જેમ સમજાવતા જઈએ છીએ તેમ તેમ તે બમણું થતું જાય છે. દરેક સમજાવટના કે દલીલના સમયથી તેનું રડવું નવેસરથી શરૂ થાય છે ને આખર અંતનો સમય ત્યારથી મંડાય છે. માટે બાળકને સકારણ રડવા દીધા પછી રડવા દેવું વળી બીજાંઓ તેમાં વચ્ચે પડી આપણી યોજનાને વીંખી ન પાડે તે પણ ધ્યાનમાં રાખવું. આપણે ક્રૂર નથી. માંદા બાળકને દવા રૂપ આપણો પ્રયોગ છે. આપણે દવા વિચારીને કરીએ છીએ એ બધું આપણા ધ્યાનમાં હોય પછી આપણે બંહારની શરમ, ખોટી લાગણી કે બીજાના માનથી ન અટકીએ. આટલી બધી સંભાળ પડેલ કુટેવ દૂર કરતી વખતે વાપરવી જ પડે છે. તે વખતે આપણે અંતરમાં રડવાનું હોય છે પણ પડવા દીધેલ કુટેવનું આ એક પ્રાયશ્ચિત્ત માત્ર છે. આ બધું જડતાથી કરવું નહિ, પણ સાથે સાથે જ પોતાની વિવેકબુદ્ધિને વાપરતા જવું. બાળક તરફ પ્રેમ અને મનુષ્યની દયા આપણામાંથી એક પળ પણ ખસી ન જાય તે ખાસ યાદ રાખવું.

હવે તમારો બીજો પ્રશ્ન લઈએ.

૨. બાળક બધાંને તુંકારાથી બોલાવે છે. અમે તેને માનપૂર્વક બોલાવીએ છીએ પણ બીજાં સગાંસ્નેહીઓ તેમ નથી બોલાવતાં તેથી બાળક બીજાને બોલાવવામાં તુંકારો છોડતું નથી. આનું શું કરવું?

ઘણી વાર લાડપ્યારેલું બાળક તુંકારે બોલાવે છે. શરૂઆતમાં માતાપિતાને તે ગમે છે પણ પાછળથી તેજ વસ્તુ માબાપને અણગમતી લાગે છે; ને માબાપને તેમાંથી નીકળવું ભારે પડે છે. માટે માબાપે શરૂઆતથી એવા લાડ લડાવવાનું છોડી દેવું. ઘણી વાર પાડોશીઓ, સગાં અને મહેમાનો બાળકને તુંકારો કરવામાં મજા લે છે. એથી પણ સાવધાન રહેવું. સામાન્યતઃ ઘરનું સંસ્કારી વાતાવરણ હોય ત્યાં આ પ્રશ્ન થોડો ઊભો થાય; પરંતુ આજુબાજુનાં અસંસ્કારી લોકોનાં બાળકોમાંથી આવો ચેપ આવ્યો હોય તો તેવાં બાળકોની સોબતમાંથી આપણા બાળકને છોડાવી લેવું. તે માટે બાળકોને સ્પષ્ટ જ કહી જ દેવું કે તમે તમારે ત્યાં અને અમે અમારે ત્યાં. આપણા બાળકને પણ આપણે વિવેકથી કહીએઃ "આમ કહેવાય જ નહિ. આપણે ત્યાં આ ન શોભે. આવું કોઈને ન શોભે. આમ બોલવું એ જ ઠીક છે." વગેરે. તુંકારો વગેરે ઉપલકીયા રોગો છે. વાતાવરણનો ફેરફાર કરવો એ જ એનો ઉપાય છે. બાળકને ખાસ માનપૂર્વક જ બોલાવવું જોઈએ અગર અન્ય જનોને તેવી ફરજ જોઈએ, એ ઉપાય નથી. તેમ ઘરમાં નાનાં મોટાં બધાં જ બહુ વિવેકથી બોલતાં સ્વાભાવિક તુંકારો છોડી દે એમ કહેવું પણ નહિ. કોને તુંકારો કરવો અને કોને નહિ તે જેમ આપણે સૌ જાણીએ છીએ તેમજ સ્વાભાવિક વાતાવરણમાં રહેતું બાળક પણ જાણી શકશે.

મને લાગે છે કે આ ઉત્તરો તમને સમાધાન આપશે.

ગિજુભાઈ.

૨

શ્રી. કાળીદાસ હિંમતલાલ મહેતા શંકા પુછે છેઃ

(૧) 'આપણાં બાળકો અંગ્રેજના બાળકોનાં

જેવાં બહાદૂર તે નીડર કેમ ન થાય? કદાચ આપણે તેમને બહુ દબાણમાં ઉછેરીએ તેથી તો એવું નહિ હોય?

(૨) 'બાળકો સાદાઈમાં ઉછરે તો એમનામાં સાદાઈ આગળ ઉપર દૃઢ થાય.' એમ ધારીને આપણે એમની સારાં સારાં કપડાંની, ઘરેણાંની કે મોટાં રમકડાં કે સાયકલ જેવી માગણીઓ પૂરી પાડવી જોઇએ નહિ.

આમ બે વિરુદ્ધ દૃષ્ટિબિંદુઓમાં કયું બરું અને કઇ રીતે મારે ચાલવું તે સમજાતું નથી. પહેલા કારણસર તો બાળકોને એમની મનગમતી માગણીઓ પૂરી પાડી નોકરો પર રોફ બજાવતાં કે હુકમ કરતાં હિંમતવાન (ઉદ્ધત) બનાવવાં જોઇએ.

એ તો બીજા ઉદ્દેશથી તદ્દન જ વિરુદ્ધ!

ઉત્તર:—

આપણાં બાળકો બહાદૂર બને, બરાં શુરાં બને એમ દરેક માબાપે ઇચ્છવું જ જોઇએ ને તે માટે જોઇતા વર્તનના હકારો ને નકારો પાળવા જ જોઇએ. પરંતુ આપણાં બાળકો અંગ્રેજનાં બાળકો જેમ બહાદૂર બને એવી ભૂલ બવરાવે તેવી મહત્ત્વાકાંક્ષા રાખીશું તો મૂર્ખા બનશું.

સત્તા કે સંપત્તિ કે હથિયારોની મદદ લેતાં માણસો દેખાવમાં બહાદૂર દેખાય છે પરંતુ હૈયાનું બળ આમ માત્ર દેખાવથી ન મપાય.

અંગ્રેજોનાં બાળકો જેમ આપણાં બાળકોને કરવા જતાં એક બહાદુરીની બાબતમાં જ નહિ પણ અનેક જાતની ભૂલો બાવાનો સંભવ રહે છે. માટે ફલાણાની જેમ નહિ પણ આપણાં બાળકો સ્વતઃ બળવાન, બહાદૂર, સત્યપ્રિય, ઉદાર વગેરે વગેરે બને તે માટે જરૂર પ્રયત્ન કરીએ.

બહાદૂરી એ હૃદયનો ગુણ છે; તેનો આધાર સાધનસંપાત્ત ઉપર નથી યા તો ચાકર નોકર, ઘરેણાં કપડાં, કે રમકડાંની પુષ્કળતામાંથી તે જન્મતો નથી. ઉલટું તે બધું ઘણી વાર સાચી બહાદુરીને ગુંગળાવવાનું જ કામ કરે છે.

બહાદુરી કે નીડરતાને સાદાઈ સાથે કોઇ કાળે વેર ન જ હોઇ શકે. ઉલટું સામાન્યતઃ ગરીબાઇ ને બહાદૂરી સાથે જ હોય છે.

બહાદૂરીનો બરો રસ્તો જૂદો છે. એને માટે તો આપણે એટલે માબાપ આદિ વડીલ માણસો ડરતાં મટીએ, બાળકોને ડરાવતાં મટીએ અને બાળકોને સાહસ કરતાં અટકાવતાં મટીએ તો જ બાળકો બહાદુર બને.

આપણે કેટલી અસંખ્ય રીતે ડરીએ છીએ?

કેટલી અસંખ્ય રીતે ડરાવીએ છીએ?

કેટલી અસંખ્ય રીતે સાહસ કરતાં સુરક્ષિતપણું ઇચ્છીએ છીએ?

આપણે દરેક શબ્દ તોળીએ, દરેક વર્તન તપાસીએ, દરેક બીકના પ્રસંગની મુખમુદ્રા પણ સંભારીએ તો બાળક સાચું બહાદૂર કેમ બને તેનો રસ્તો હાથ લાગશે.

ઘરેણાં કપડાં આપવાં કે નહિ, રમકડાં કેવાં આપવાં, બાળકની માગણીને કયારે ને કેવી રીતે માન આપવું વગેરે પ્રશ્નો જૂદા છે. તેનો વિચાર સ્વતંત્ર રીતે કરવો જોઇએ. તેનો બહાદૂરી સાથે કશો સંબંધ નથી સિવાય કે આપણી બોટી માન્યતાને લઇને આપણે ગરીબોને શ્રીમંતોથી ડરતાં શીખવીએ ને શ્રીમંતોને ગરીબોને ડરાવતાં શીખવીએ. આપણે પોતે ગોરી ચામડી, કે મોટરવાળો શેઠ કે બિતાબવાળા અધિકારીથી

કારણ વગર બ્હીએ, ને કુદરતી કાર્યકારણનો સંબંધ ન હોવા છતાં કૃત્રિમ રીતે બીક ઉત્પન્ન કરીએ તેવી જાતના ગુલામી માનસમાંથી મુક્તિ મેળવવીએ એટલે બહાદુરીને પંથે પડીશું ને આપણાં બાળકોને પણ તે રસ્તે લઈ જવા સમર્થ બનીશું. **તા.**

૩

નીપાણીથી ભાઇ રેવચંદભાઇ સદ્‌ભાવપૂર્વક નીચે પ્રમાણે લખે છે:—

" હાલની શિક્ષણપદ્ધતિ દૂષિત છે. મોન્ટીસોરી પદ્ધતિ એ સુધરેલી શિક્ષણપદ્ધતિ ગણાય. આ પદ્ધતિથી શિક્ષણ લેનાં બાળકોની બુદ્ધિનો વિકાસ થાય છે. હાલની શિક્ષણ પદ્ધતિથી બાળકોની બુદ્ધિ બુંદી થાય છે. માટે આ પદ્ધતિને આપણા દેશમાં અવિલંબે ચાલુ કરવા પ્રયત્ન થવા જોઇએ.

" પત્રિકાનું વાચન વધુ આપવા પાનાં વધારવાં જોઇએ. તે સાથે લવાજમ વધારવાની જરૂર છે.

" બાળકોના દિલ ઉપર અસર થાય માટે ચિત્રોનો ઉપયોગ કરવો.

" શિક્ષણ પત્રિકાનો જેમ બને તેમ વધુ ફેલાવો થવાની આવશ્યકતા છે. તે માટે જાહેર બબર દ્વારા કે અન્ય કોઇ પણ પ્રકારે ગ્રાહકો વધારવા પ્રયત્ન થાય એમ ઇચ્છું છું."

રેવચંદભાઇએ અમારા લખાણને ઉત્તર આપી અમારો ને તેમની વચ્ચેનો સંબંધ વધાર્યો છે. અમે અમારા વાચકવર્ગની નિકટ આવવા માગીએ છીએ. અમે અમારી દૃષ્ટિએ, અમારી મુશ્કેલી પ્રમાણે લખ્યે જઇએ છીએ પણ વાચકોની મુશ્કેલીઓ, તેમનો અનુભવ અને તેમના વિચારો જાણવાની અમને હમેશાં જરૂર ભાસે છે. રેવચંદભાઇને જવાબ આપતાં સ્થળ સંકોચને લીધે વાર લાગી માટે એ ભાઈ માફી આપે એમ ઇચ્છીએ છીએ.

બાલમંદિરો સર્વત્ર સ્થપાય અથવા ચાલુ શાળાઓ મોન્ટીસોરી પદ્ધતિએ શિક્ષણ આપતી થાય તો સારૂં એમ તો લાગે જ છે. પરંતુ ભીંડાના છોડ પેઠે બાલમંદિરો એકદમ વધે ને ચોમાસું પૂરૂં થાય તે પહેલાં જ ભાંગીયે પડે તે કરતાં ચાળીશ વર્ષ પછી ફળ ચાખવા મળે તોયે ઠીક; એટલે ધીમો પણ સંતત પ્રચાર ચાલે ને સાચી દિશામાં ધીમે ધીમે આગળ વધીએ તે સારૂં. માટે જ્યાં ત્યાં જેવાં તેવાં બાલમંદિરો સ્થાપવાં ને પદ્ધતિના પૂરતા અભ્યાસ વગર તે ચલાવવાં એ અમે જરાએ પસંદ કરતાં નથી. પત્રિકાના ઘણા વાચકોને પોતાના ગામમાં મંદિર સ્થાપવાની ઇચ્છા થાય છે તે એક શુભ વિચાર છે. પરંતુ ઉતાવળા થવામાં ફાયદો નથી. વિચારને વળગી રહીશું તો તેનો યોગ્ય કાળે પરિપાક થશે જ.

પાનાં વધારવાનું હાલ તો શક્ય લાગતું નથી છતાં જરૂરનું તો લાગે જ છે.

પત્રિકા અમે તો માબાપ અને શિક્ષકો માટે જ કાઢીએ છીએ. એકાદ ટુચકો કોઈ બાળકો વાંચી લે એ વાત જૂદી. એટલે ચિત્રની જરૂર લાગતી નથી.

પત્રિકાનો જેમ બને તેમ વધુ ફેલાવો કરવો એ જ આજે અમારો પણ પ્રયત્ન છે. ને અમારા બધા વાચકો અમને આ કાર્યમાં મદદ કરે એમ તેમની પાસે માગીએ. તે માટે ઘણી વાર જૂદી જૂદી રીતે માગણી કરી પણ છે ને આ એક વધારે વાર વિનતિ કરીએ. **તા.**

ખોટ જાય તો ?

કોઇએ કદ્દું પત્રિકાને ખોટ નહિ જાય ?

ગયા વર્ષનું ઘણું લવાજમ બાકી છે. જેઓને ઉઘરાણી કરીએ છીએ તેઓ પૂરું ધ્યાન આપતા નથી. લવાજમ વસુલ લેવા વી.પી. મોકલીએ છીએ તો વી. પી. પાછું ઠેલે છે. આ વર્ષે પણ ઘણાં વી.પી.ઓ પાછાં ફર્યાં છે. કેટલાએક લોકો અમને કમી કરો લખે છે; કેટલાએક કાગળ લખી પત્ર મગાવે છે ને પાછું ઠેલે છે. જેઓ લખે છે કે અમને ફલાણો અંક મળ્યો નથી તો મોકલશો તેમને તે તુરત મોકલી આપવામાં આવે છે. નમુનાનો અંક વિના મૂલ્યે મોકલવામાં આવે છે. ઉપરાંત પ્રચાર માટે સારી રીતે ટપાલ ખર્ચ અને જાહેરખબરનો ખર્ચ કરવામાં આવે છે.

તો પત્રિકામાં ખોટ નહિ જાય.

જવાબ એ છે કે પત્રિકાને કદિ ખોટ જવાની જ નથી.

પ્રથમ તો પત્રિકા કમાણી કરવા કે પોતાના પગ પર ટકીને ચાલે તેવા હેતુથી કાઢી નથી. પત્રિકા શિક્ષણનો પ્રચાર કરવા કાઢી છે. સંઘ પાસે હજારો રૂપીઆ હોય તો પત્રિકા ઘેર ઘેર વિના મૂલ્યે ફેંકત. લોકોને વાંચતા કરવા અને સારું વસ્તુ વંચાવી અજ્ઞાન દૂર કરવાનો સંઘનો મુખ્ય ઉદ્દેશ હોઇ પત્રિકા પ્રત્યેક ગૂજરાતી વાંચે તેવી કોઇ યોજના તે કરે જ કરે. પણ સંઘ પાસે એટલા બધા પૈસા ન હોવાથી પત્રિકા બધાઓને વિના મૂલ્યે તો ન જ અપાય. ત્યારે પહોંચાય ત્યાં સુધી થોડાને વિના મૂલ્યે આપવી ને બીજા થોડાઓને ન જ આપવી એ પણ ઠીક નહિ. ઠીક રસ્તો એ લાગ્યો કે સૌને પોસાય તેટલું એટલે વરસે દહાડે એક રૂપીઓ, પોસ્ટ ફ્રીયાં, ૧૯૨ પાઇ લવાજમ રાખવું. આ લવાજમ એટલું મામુલી છે કે તે લવાજમ જે નં કહેવાય. એક સાધારણ હીણકમાઉ મજુર પણ વરસ દહાડે એક રૂપીઓ કેવળ નાખી દે છે તે શ્રીમંત લોકો તો એક એક રૂપીઓ કલાકે કલાકે નાખી દે છે. આટલું લવાજમ રાખી શિક્ષણ પત્રિકાનું કામ પત્રિકાએ આરંભ્યુ છે, અને તે કામ થઇ પણ રહ્યું છે-સારી રીતે થઇ રહ્યું છે, એમ કહીએ તોયે વધારે પડતું નથી. કારણ કે તે ત્રણ હજાર માણસોને સીધી રીતે શિક્ષણનો સંદેશો આપે છે. ત્રણ હજાર માણસો બીજાં ત્રણું હજારને તો તેનો લાભ આપતાં જ હશે. એટલું તો હાલતાં ચાલતાં બની જવાનું. લોકો પૈસા આપીને કે ન આપીને, લવાજમ ભર્યા વિના કે ન ભરીને, ઉઘરાણી પતાવ્યા વિના કે પતાવીને, એક વાર જે પત્રિકાને વાંચશે તો અમારો વેપાર તો સુધર્યો જ છે. અમારે ત્યાં તો પ્રથમ વાચન જમા થાય છે. એટલે તો અમારો હિસાબ કેટલા ગ્રાહકો વાંચે છે તે છે. કોણ પૈસા આપવાની ના પાડે છે કે બારે અંક લઇ આસ્તેથી બેસી જાય છે ને જવાબ પણ આપતા નથી તે હિસાબ પડી છે. એટલે તો અમને કદિ ખોટ જતી જ નથી. ' વાચન ' રળીએ છીએ. ઉપરાંત પત્રિકા ચલવીને અમે કેટલુંયે કામ કરતાં શીખીએ છીએ. એક પત્ર ચલવવામાં જે નાના મોટા અનુભવો અને ઠોકરઠેશ તે આખા વર્ષનું જ્ઞાન-અનુભવ એ પણ

કારણ વગર બ્હીએ, ને કુદરતી કાર્યકારણનો સંબંધ ન હોવા છતાં કૃત્રિમ રીતે બીક ઉત્પન્ન કરીએ તેવી જાતના ગુલામી માનસમાંથી મુક્તિ મેળવવીએ એટલે બહાદુરીને પંથે પડીશું ને આપણાં બાળકોને પણ તે રસ્તે લઈ જવા સમર્થ બનીશું. **તા.**

૩

નીપાણીથી ભાઇ રેવચંદભાઇ સદ્‌ભાવપૂર્વક નીચે પ્રમાણે લખે છેઃ—

" હાલની શિક્ષણપદ્ધતિ દૂષિત છે. મોન્ટીસોરી પદ્ધતિ એ સુધરેલી શિક્ષણપદ્ધતિ ગણાય. આ પદ્ધતિથી શિક્ષણ લેનાં બાળકોની બુદ્ધિનો વિકાસ થાય છે. હાલની શિક્ષણ પદ્ધતિથી બાળકોની બુદ્ધિ બુંઠી થાય છે. માટે આ પદ્ધતિને આપણા દેશમાં અવિલંબે ચાલુ કરવા પ્રયત્ન થવા જોઇએ.

" પત્રિકાનું વાચન વધુ આપવા પાનાં વધારવાં જોઇએ. તે સાથે લવાજમ વધારવાની જરૂર છે.

" બાળકોના દિલ ઉપર અસર થાય માટે ચિત્રોનો ઉપયોગ કરવો.

" શિક્ષણ પત્રિકાનો જેમ બને તેમ વધુ ફેલાવો થવાની આવશ્યકતા છે. તે માટે જનહેર બબર દ્વારા કે અન્ય કોઇ પણ પ્રકારે ગ્રાહકો વધારવા પ્રયત્ન થાય એમ ઇચ્છું છું."

રેવચંદભાઇએ અમારા લખાણને ઉત્તર આપી અમારો ને તેમની વચ્ચેનો સંબંધ વધાર્યો છે. અમે અમારા વાચકવર્ગની નિકટ આવવા માગીએ છીએ. અમે અમારી દૃષ્ટિએ, અમારી મુશ્કેલી પ્રમાણે લખ્યે જઇએ છીએ પણ વાચકોની મુશ્કેલીઓ, તેમનો અનુભવ અને તેમના વિચારો જાણવાની અમને હમેશાં જરૂર ભાસે છે. રેવચંદભાઇને જવાબ આપતાં સ્થળ સંકોચને લીધે વાર લાગી માટે એ ભાઈ માફી આપે એમ ઇચ્છીએ છીએ.

બાલમંદિરો સર્વત્ર સ્થપાય અથવા ચાલુ શાળાઓ મોન્ટીસોરી પદ્ધતિએ શિક્ષણ આપતી થાય તો સારૂં એમ તો લાગે જ છે. પરંતુ ભીંડાના છોડ પેઠે બાલમંદિરો એકદમ વધે ને ચોમાસું પૂરૂં થાય તે પહેલાં જ ભાંગીયે પડે તે કરતાં ચાળીશ વર્ષ પછી ફળ ચાખવા મળે તોયે ઠીક; એટલે ધીમો પણ સંતત પ્રચાર ચાલે ને સાચી દિશામાં ધીમે ધીમે આગળ વધીએ તે સારૂં. માટે જ્યાં ત્યાં જેવાં તેવાં બાલમંદિરો સ્થાપવાં ને પદ્ધતિના પૂરતા અભ્યાસ વગર તે ચલાવવાં એ અમે જરાએ પસંદ કરતાં નથી. પત્રિકાના ઘણા વાચકોને પોતાના ગામમાં મંદિર સ્થાપવાની ઇચ્છા થાય છે તે એક શુભ વિચાર છે. પરંતુ ઉતાવળા થવામાં ફાયદો નથી. વિચારને વળગી રહીશું તો તેનો યોગ્ય કાળે પરિપાક થશે જ.

પાનાં વધારવાનું હાલ તો શક્ય લાગતું નથી છતાં જરૂરનું તો લાગે જ છે.

પત્રિકા અમે તો માબાપ અને શિક્ષકો માટે જ કાઢીએ છીએ. એકાદ દુકડો કોઈ બાળકો વાંચી લે એ વાત જૂદી. એટલે ચિત્રની જરૂર લાગતી નથી.

પત્રિકાનો જેમ બને તેમ વધુ ફેલાવો કરવો એ જ આજે અમારો પણ પ્રયત્ન છે. ને અમારા બધા વાચકો અમને આ કાર્યમાં મદદ કરે એમ તેમની પાસે માગીએ. તે માટે ઘણી વાર જૂદી જૂદી રીતે માગણી કરી પણ છે ને આ એક વધારે વાર વિનતિ કરીએ. **તા.**

ખોટ જાય તો ?

કોઇએ કહ્યું પત્રિકાને ખોટ નહિ જાય ?

ગયા વર્ષનું ઘણું લવાજમ બાકી છે. જેઓને ઉઘરાણી કરીએ છીએ તેઓ પૂરું ધ્યાન આપતા નથી. લવાજમ વસુલ લેવા વી.પી. મોકલીએ છીએ તો વી. પી. પાછું ઠેલે છે. આ વર્ષે પણ ઘણાં વી.પી.ઓ પાછાં ફર્યાં છે. કેટલાએક લોકો અમને કમી કરો લખે છે; કેટલાએક કાગળ લખી પત્ર મગાવે છે ને પાછું ઠેલે છે. જેઓ લખે છે કે અમને ફલાણો અંક મળ્યો નથી તો મોકલશો તેમને તે તુરત મોકલી આપવામાં આવે છે. નમુનાનો અંક વિના મૂલ્યે મોકલવામાં આવે છે. ઉપરાંત પ્રચાર માટે સારી રીતે ટપાલ ખર્ચ અને જાહેરખબરનો ખર્ચ કરવામાં આવે છે.

તો પત્રિકામાં ખોટ નહિ જાય.

જવાબ એ છે કે પત્રિકાને કદિ ખોટ જવાની જ નથી.

પ્રથમ તો પત્રિકા કમાણી કરવા કે પોતાના પગ પર ટકીને ચાલે તેવા હેતુથી કાઢી નથી. પત્રિકા શિક્ષણનો પ્રચાર કરવા કાઢી છે. સંઘ પાસે હજારો રૂપીઆ હોય તો પત્રિકા ઘેર ઘેર વિના મૂલ્યે ફેંકત. લોકોને વાંચતા કરવા અને સારું વસ્તુ વંચાવી અજ્ઞાન દૂર કરવાનો સંઘનો મુખ્ય ઉદ્દેશ હોઇ પત્રિકા પ્રત્યેક ગૂજરાતી વાંચે તેવી કોઇ યોજના તે કરે જ કરે. પણ સંઘ પાસે એટલા બધા પૈસા ન હોવાથી પત્રિકા બધાઓને વિના મૂલ્યે તો ન જ અપાય. ત્યારે પહોંચાય ત્યાં સુધી થોડાને વિના મૂલ્યે આપવી ને બીજા થોડાઓને નજીવી આપવી એ પણ ઠીક નહિ. ઠીક રસ્તો એ લાગ્યો કે સૌને પોસાય તેટલું એટલે વરસે દહાડે એક રૂપીઓ, પોસ્ટેજ ફ્રી, ૧૯૨ પાઇ લવાજમ રાખવું. આ લવાજમ એટલું મામુલી છે કે તે લવાજમ જે નં કહેવાય એક સાધારણ હીણકમાઉ મજુર પણ વરસે દહાડે એક રૂપીઓ કેવળ નાખી દે છે તે શ્રીમંત લોકો તો એક એક રૂપીઓ કલાકે કલાકે નાખી દે છે. આટલું લવાજમ રાખી શિક્ષણ પત્રિકાનું કામ પત્રિકાએ આરંભ્યુ છે, અને તે કામ થઇ પણ રહ્યું છે-સારી રીતે થઇ રહ્યું છે, એમ કહીએ તોયે વધારે પડતું નથી. કારણ કે તે ત્રણ હજાર માણસોને સીધી રીતે શિક્ષણનો સંદેશો આપે છે. ત્રણ હજાર માણસો બીજા ત્રણું હજારને તો તેનો લાભ આપતા જ હશે. એટલું તો હાલતાં ચાલતાં થની જવાનું. લોકો પૈસા આપીને કે ન આપીને, લવાજમ ભર્યા વિના કે ન ભરીને, ઉઘરાણી પતાવ્યા વિના કે પતાવીને, એક વાર જે પત્રિકાને વાંચશે તો અમારો વેપાર તો સુધર્યો જ છે. અમારે ત્યાં તો પ્રથમ વાચન જમા થાય છે. એટલે તો અમારો હિસાબ કેટલા ગ્રાહકો વાંચે છે તે છે. કોણ પૈસા આપવાની ના પાડે છે કે બારે અંક લઇ આસ્તેથી બેસી જાય છે ને જવાબ પણ આપતા નથી તે હિસાબ પડી છે. એટલે તો અમને કદિ ખોટ જતી જ નથી. ' વાચન ' રળીએ છીએ. ઉપરાંત પત્રિકા ચલવીને અમે કેટલુંયે કામ કરતાં શીખીએ છીએ. એક પત્ર ચલવવામાં જે નાના મોટા અનુભવો અને ઠોકરઠેશ તે આખાં વર્ષનું જ્ઞાન—અનુભવ એ પણ

અમારી કમાણી છે. લોકો પૈસા ન આપે તે છતાં જાતજાતની ફરીયાદો કરે ને લખે કે 'એ તો તમારી ભૂલ કે આમ કર્યું ને તેમ કર્યું' એ સહન કરવું ને નિભાવવું ને છેવટે અડવા ન દેવું એ પણ મોટી કમાણી છે: અમે સૌ ભેગાં મળીને એક કામ ઉઠાવી રહ્યાં છીએ ને તેને ધપાવવામાં અમારૂં સૌનું ઐક્ય સાધીએ છીએ. ભાઈચારો વધારીએ છીએ તે પણ અમારે ખાતે જમા પાસું જ છે. એમ અમે તો કાંઈ ખોતાં જ નથી ને જે કદાચ થોડાએક પૈસા નુકસાનીના જાય છે તો ગલીયારા જેવાના મનમાં એકાદ ઈનામ જાગે છે ને પત્રિકાનો તેને લાભ મળી જાય છે. તેથી પાંચગણા ગ્રાહકો થશે ને આજીવન સભ્યોની સંખ્યા દશકોથી છે તેને બદલે સેંકડોથી ગણાશે એટલે બધું આર્થિક વળતર પણ વળી રહેશે.

પણ બરી ખોટ તો જેઓ પત્ર મંગાવી રાખી વાંચીને પછી પૈસા મોકલતા નથી તેમજ જેઓ વી.પી. પાછાં ધકેલે છે તેમને છે. જેઓ પત્રના ગ્રાહકમાંથી નીકળી જવા માગે છે તેમને છે. જેઓ હજી ગ્રાહક નથી થયાં તેમને છે. પત્ર મંગાવી પૈસા ન ભરે તે પોતાનું આત્મસન્માન ખુએ છે, લોકદૃષ્ટિએ પ્રતિષ્ઠા ખુએ છે, શિક્ષણની દૃષ્ટિએ શિક્ષણનું વાચન ખુએ છે ને ઇશ્વરની દૃષ્ટિએ નીતિ ખુએ છે. જેઓ પત્ર મગાવવાની ના પાડે છે તેઓ પણ ખુએ છે. તેઓ એક રૂપીઆમાં આ વાચન ગુમાવે છે. ઘરમાં પડ્યું હશે ને રમેને કોઇ વાંચશે તો પણ એક રૂપીઆથી વધારે ફાયદો તો થશે જ. રૂપીઆમાંથી બે આના પસ્તીના પણ મળવાના જ. જેઓ પૈસા ન ગુમાવે પણ શિક્ષણ ગુમાવે તેમાં વધારે ખોટ કોણ ખાય છે, તેનો વિચાર આપ જ સૌ કરી લ્યો.

જેઓ એક રૂપીઓ બીજે નાખી દે ને ઘરનાં બાલબચ્ચાં ને ઘરની સ્ત્રીઓના હાથમાં રૂપીઆનું એક પત્ર મૂકવાની ના પાડે તેઓ ખુએ જ છે તો? તેઓ ત્યાં સુધી ખોટનો જ ધંધો કરે છે. છોકરાંને રાજી કરવા પૈસા ખરચીએ ત્યાર પહેલાં બાળકો કેમ બરે-બર રાજી થાય તે જાણવું જોઇએ. તે જાણવાની ના પાડવી તે ધંધો ખોટનો કે હાંસલનો? આ રીતે રૂપીઓ ઘરમાં રાખી રાખનારાં ખુએ છે; કમાતાં નથી. ને પત્રિકાવાળાઓ તો ઉપર કહ્યું તેમ કમાય જ છે. **તંત્રીઓ**

ખોટ જાય તો!

પત્રિકાને કદિ ખોટ જવાની નથી. પત્રિકા કમાણી કરવા કાઢી નથી; શિક્ષણનો પ્રચાર કરવા માટે જ એ કાઢી છે.

પત્રિકા

ત્રણ હજાર માણસોને સીધી રીતે શિક્ષણનો સંદેશ આપે છે. ત્રણ હજાર માણસો બીજા ત્રણ હજારને તો તેનો લાભ આપતા જ હશે. લોકો પૈસા આપીને કે ન આપીને, લવાજમ ભર્યા વિના કે ભરીને, ઉઘરાણી પતાવ્યા વિના કે પતાવીને, એક વાર જો પત્રિકા વાંચશે તો અમારો વેપાર તો સુધર્યો જ છે. અમારે ત્યાં તો વાચન જમા થાય છે એટલે અમને કદિ ખોટ જતી જ નથી

જોઇએ તો એક મોન્ટીસોરી શિક્ષક મળી શકશે. ગિજુભાઇને પૂછો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજાજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૬ ઠ્ઠો
પ્રથમ શ્રાવણ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

" હું મનુષ્ય છું. શરીર, મન અને આત્માની મારામાં અનેક શક્તિઓ છે. આ શક્તિઓનો હું સ્વામી છું. આ શક્તિઓનો બીજો કોઇ સ્વામી થવા આવે તે મને ન ગમે. આ શક્તિઓનો વિકાસ કરવાના મારા પ્રયત્નમાં જે મને સહાય કરે તે મને ગમે, મને વહાલો લાગે. તેને હું આધીન રહું, તેને હું પૂજ્ય સમજું. પણ જે તેનો વિરોધ કરે, જે તેને દાબી દે, જે તેની નિંદા કરી મારું અપમાન કરે તે મને ખૂંચે, તે મને વરવો લાગે. તેની હું સામે થાઉં, તેને હું પૂજી ન શકું. "

આપણા મહેમાનો

હું પાંચ બાળકોનો બાપ છું અને સૌથી મોટો છોકરો સોળ વર્ષનો છે. મારે ત્યાં જાત-જાતના મહેમાનો આવે છે ને મને તેમનો મારા બાળકો પરત્વેનો જાતજાતનો અનુભવ છે.

મહેમાનોમાં કેટલાએક સગા સંબંધીઓ હોય છે, કેટલાએક અંગત મિત્રો હોય છે, કેટલાએક ઓળખીતા પાળખીતા હોય છે ને કેટલાએક કામ ધંધા પરત્વે આવેલા હોય છે; કેટલાએક યાત્રાળુ રૂપ પણ હોય છે. આ જૂદી જૂદી જાતના મહેમાનોનો મારા ઘરમાં જૂદી જૂદી જાતનો અધિકાર રહે છે. આ બધાઓ થોડે યા ઘણે અંશે મારા બાળકોના પરિચયમાં આવે છે ને તેટલે અંશે તેઓ તેમને સ્પર્શે છે, લાભહાનિ કરે છે.

સગાં સંબંધીઓ ઘરના મહેમાન–ચૂલાના મહેમાન કહેવાય. તેઓ બાળકોના કાકા, મામા, માશી, ફઈ થતાં હોય; તેઓ બાળકોની નજીક વધારેમાં વધારે આવે છે તે તેમના લાભ.લાભ તેમને બહુ પહોંચે છે. આપણા અત્યાર સુધીના રિવાજ પ્રમાણે તેઓ બાળકોને માટે ખાવાનું લેતા આવે છે, તેઓ તેમના મુરબ્બીઓ હોઇ તેમને ખોળે બેસાડે છે, રમાડે છે, ખવડાવે છે, નચાવે છે, ખીજવે છે, ગમ્મત મશ્કરી કરે છે; જાણે કે તેમની સાથે અમુક રીતે વર્તવાનું કશું ધોરણ ન હોય તેમ મનસ્વીપણે તેમની સાથે વર્તે છે. તેઓ આપણાં બાળકોને પોતાનાં જ ગણીને તેમની સાથે વર્તે છે. તેઓ તેમને વઢે છે; તેમને ભા બાપુ કરીને ફોસલાવે પણ છે. તેમને વખતે ટપલું પણ મારે છે; તેમની પાસે નાનું સરખું કામકાજ પણ કરાવે છે. આપણે પણ સામાન્ય રીતે બાળકો પરત્વે તેમનું કેવું વર્તન છે તે વિષે બેદરકાર રહીએ છીએ. તેઓ તો આપણાં સગાં છે ને તેથી સારાં છે, ને બાળકોને રમાડે જમાડે, ને તેમને વિષે બીજું કશું કરવા કહેવા જેવું હોય નહિ એમ સામાન્ય રીતે માનીએ જ છીએ. અગર જો આપણને કેટલાએક સમજીને તેમની એકંદર વર્તણુક પસંદ નથી પડતી તો પણ આપણે તેઓ મહેમાન હોઈ, મુરબ્બી હોઇ આપણે તેમને કહી શકતા નથી. કહેવામાં તેમનું અપમાન સમજીએ છીએ અથવા તેમને ખોટું લાગશે તેની આપણને બીક લાગે છે. આ જાતના મહેમાનો સ્વજન છે એમ બાળકોને પણ લાગે છે તેથી તેઓ તેમનાથી દૂર રહી શકતાં નથી. તેમની અસર તેમને વહેલી થાય છે. તેમના ગુણદોષ તેમને સારા જ લાગવાનો સંભવ છે કારણ કે તેઓ જે કરે તે આપણે ચાલવા દઇએ છીએ. આપણાં કેટલાંએક લાગણીવાળાં બાળકો બેશક મહેમાનોની વિચિત્ર વર્તણુક પસંદ કરતાં નથી; તેઓ તેમનાથી નાસે છે. પણ જ્યારે તેમનો વિરોધ આપણે વધાવી લેતા નથી અગર પરિસ્થિતિને આધીન થવું પડે તેવું આપણું પણ ઉપેક્षાવાળું વર્તન જુએ છે ત્યારે તેઓ લાચારીએ મહેમાનોની વિચિત્રતામાં રહે છે; અને ઘણી વાર તેમનાં સારાં વિરોધી થઈ જાય છે તો કેટલીએક વાર તેમની વર્તણુક સહેતાં થઇ જાય છે.

આ એક પ્રકારના મહેમાનો અને તેમની મુશ્કેલી.

મિત્ર મહેમાનો ઘરની સાથે સારો સંબંધ ધરાવે છે, પણ તેઓ સગાંસંબંધીઓ જેટલો રૂઢિગત અધિકાર ધરાવતા નથી. તેઓ મનસ્વીપણે બાળકો પ્રત્યે વર્તતા નથી. તેઓ લાગણી ધરાવે છે ને તેથી બાળકોની સાથે હળવા મળવા ચાહે છે. તેમને બાળકોના પણ મિત્ર થવું ગમે છે. તેઓ બાળકોની છેક દેખીતી મરજી વિરુદ્ધ કાંઈ કરવા હિંમત નથી કરતા. તેઓ બનતાં સુધી બાળકોને ગમ્મતથી પોતાની પાસે લે છે. તેઓ તેમની સાથે વાતો કરે

છે; પૂછપરછ કરે છે; તેમની સાથે ભણતરની વાતો અને ચર્ચા કરે છે; તેમને ચિત્રો કે પુસ્તકો બતાવવા બેસે છે; તેમને કસરત કરાવે છે; તેમને હીંચકાવે છે, ઉલાળે છે, હલાવે છે, તેમની સાથે રમતો રમે છે. તેઓનામાં બનતાં સુધી પ્રિય થવાની વૃત્તિ રહે છે એટલે બાળકો તેમને ચાહતાં થઇ જાય છે. તેઓ એવી રીતે નજીક આવી તેમની વ્યક્તિનો સ્પર્શ આપે છે. એ વખતે બાળકો ઘણી વાર ગમ્મતી મિત્રો પાસે જ બેસી રહેવું પસંદ કરે છે. મિત્રો પાસેથી તેમને વધારે છૂટ મળે છે કારણ કે મિત્રો તેમને કશી બાબતમાં નારાજ કરતા નથી; તેથી તેઓને મિત્રો વધારે પડતા ગમે છે. તેઓ પોતાની ચાલુ પ્રવૃત્તિને ઘણી વાર ભૂલે છે. ઘણી વાર તેમને એવી ઉપલક ગમ્મત ગમે છે તેથી હમેશની સ્થિર પ્રવૃત્તિ સામે કંટાળો બતાવે છે. ઘણી વાર તેઓ મિત્રોની ઉપલક (superficial), ઉદાર, મમતા ભરી, ગરમાગરમ (warm) મૈત્રીથી ઘરનાંઓની પ્રીતિની કિંમત અજાણપણે ઓછી આંકે છે. વળી મિત્રો તેમને નચાવી કૂદાવી સારી પેઠે ઉત્તેજીત કરે છે. આથી મિત્રો રહે છે ત્યાં સુધી એક પ્રકારનું ચળકતું ચેતનભર્યું જાણે કે વાતાવરણ લાગે છે ને પાછળથી ઠંડું ઠંડું થઇ જાય છે ને બાળકોને ગમતું નથી. જ્યારે તેઓ આપણા સારા મિત્રોને બદલે ખરાબ મિત્રોના પરિચયમાં–જો કે તેવાને કોઇ આવકાર ન આપે છતાં –આવી ભરાય છે ત્યારે તેઓને વધારે નુકશાન થાય છે. ગામડિયા કે અબૂજ મિત્રો ગમે તેવા ઢંગા અથવા અસભ્ય સવાલો છોકરાંઓને પૂછે છે. તેમની અસભ્ય ગમ્મત ઉડાવે છે. તેઓ મિત્રો તરીકે હક્ક ધરાવતા હોવાથી મિત્રોનાં છોકરાંને ઉડાડે છે ને તેમાં મૈત્રી જળવતા હોય તેમ માને છે. તેઓની વાણી સંસ્કારી બાળકો ધિક્કારે છે. તેમના આચાર સારાં બાળકો પાછળથી નિંદે છે.

ત્રીજી જાતના મહેમાનો તે આપણા ધંધા સંબંધીઓ, આવતા જતાઓ, યાત્રાળુઓ વગેરે છે. ધંધાસંબંધીઓ આપણાં બાળકોને ગમે તે રીતે ખુશી જ રાખવા ઇચ્છે છે. તેઓ ખાસ કરીને તેમને માટે ખાવાનું લાવે છે, રહે છે ત્યાં સુધી કંઇ ને કંઇ લાવવા કરે છે, છોકરાંઓને સાચવે છે, ખુશામત કરે છે ને તેમની સેવા ઉઠાવે છે. તેઓ નાની નાની બાબતમાં કંઇ કહે તો કરી આપે છે વગેરે કરે છે. તેમની સ્તુતિ માબાપ પાસે કરે છે. મતલબે બાળકોને તેઓ રાજી રાખે છે. જ્યારે કેટલાકેક એવા પણ હોય છે કે જેઓ બાળકો તરફ લક્ષ આપતા જ નથી. તેઓ બાળકોમાં કશો રસ લેતા જ નથી.

આ પરિસ્થિતિ ટૂંકમાં જોઇ લઇને હવે આપણે વિચાર કરીએ કે મહેમાનો સાથે આપણાં બાળકોનો સંબંધ અને પરિચય કેવો જોઇએ.

આપણે બધાને એક બીજાના મહેમાનો થવા કહીએ છીએ, માટે આપણે જ પ્રથમ વિચારી લઇએ કે મહેમાન તરીકે આપણી મર્યાદા કેટલી રાખવી ને આપણા વિધિનિષેધો શા હોઇ શકે.

પ્રથમ તો આપણે આપણાં સગાંનાં સગાં હોઇએ કે તેના મિત્ર હોઇએ કે ગમે તે હોઇએ પણ તેનાં બાળકોના મિત્ર તો નથી જ. એટલે ઝટ દઇને તેમના પરિચયનો આપણને અધિકાર નથી. ઝટ દઇને તેમનો સંબંધ કેળવવાની કે મેળવવાની છૂટ આપણને ન હોઇ શકે. ઝટ દઇને આપણે તેમની વચ્ચે જઇ પડી ન શકીએ. ઝટ દઇને આપણે તેમને ખાવાનું આપવાનું કે બોલાવવાનું કે કામ સોંપવાનું કે રમાડવા લડાવવાનું આપણે ન કરી શકાએ. ઘરના આપણે મહેમાન છીએ તેથી બાળકો આપણી આગતા સ્વાગતા કરી જાય, કે આપણી કાળજી લે તે ભલે બેતાં. તેમના ઘરની સંસ્કારિતા અને તાલીમને અંગે તેઓ આપણી સેવા ભલે કરે. પણ આપણે તો ખૂબ મર્યાદા સાચવી સાચવીને તેમની (બાળકોની) અને તેમનાં માબાપની રીતો અને તેમની મરજી વિરૂદ્ધ ન જવાય;

અને આપણી વચ્ચે પ્રથમ તો નવા નવા મળનાર વચ્ચેનો જે માનભર્યો ને લગભગ તટસ્થ સંબંધ હોય તે જ સાચવવો. આ સંબંધ ધીરે ધીરે લાંબા પરિચયે વધતો જાય તો ભલે વધે. બાળકોને માબાપની છૂટ હોય ને તેઓ આપણા પાસેથી કંઈ મેળવીને આનંદ લેતાં હોય તો પરિચય વધવા દેતાં દેતાં મૈત્રીનું રૂપ ભલે પકડે. આપણાં મિત્રોનાં બાળકો આપણાં દોસ્તદારો થઇ શકે. આપણે મહેમાન હોઇએ ત્યાં તેમનાં બાળકોને માટે આપણે કશું ખાસ કરી બોલવું જ જોઇએ એમ ન જ માનવું. તેઓને વખત મળે ત્યારે રમાડવાનું કે હલાવવાનું આપણે માથે ફરજીઆત નથી. નવરાં બાળકોને અગર બીજા મહેમાનોએ ટેવ પાડેલી હોય તેવાં બાળકોને પરિચય શોધવો ગમતો હોય ને ગમ્મત ઉડાવવી હોય તો પણ આપણે આપણા પોતાના તરફથી ઘટતી મર્યાદા રાખીને જ મજા કરાવીએ કે કરીએ. આપણે જેને ત્યાં ઉતર્યા હોઇએ તેનાં બાળકો આપણા પરિચયમાં ન આવતાં હોય તો આપણે શરમાવા જેવું નથી. ઉપર પડીને આપણે પરિચય ખોળી કાઢવાનું ડહાપણ નથી કરવાનું. તેમ કરીને આપણે મિત્રો કે સગાંઓ પ્રત્યેનો પ્રેમ બતાવવાનો નથી.

આપણે બાળકોને નવી નવી ગમ્મતો કાઢી ઉત્તેજવાનાં પણ નથી. આપણે તો જોવું કે તેમનું વાતાવરણ જે તેમનાં માબાપે તેમના હિત માટે રચેલું છે તે ચૂંથાય નહિ, તેમાં વિક્ષેપ પડે નહિ. આપણે જોઇએ કે વાતાવરણ જેવું કશું છે નહિ અને આપણે બાળકોને કાંઇક સારી સારી ગમ્મતો આપી જઇએ છીએ, તો માબાપને સાથે રાખી તેમને નવી નવી પ્રવૃત્તિઓ બતાવી શકીએ અને આપણી સારી આવડતનો લાભ તેમને આપીએ. મતલબ આપણે બાળકોના પરિચયમાં આવીએ તો અને ત્યારે આપણે તેમને કંઇક લાભ થાય તેવું આપી શકીએ તો ધીમેથી, ઠાવકાઇથી આપીએ, પણ મહેમાન તરીકે ઘણી વાર આપણે નવી નવી બાબતો કેંકીને ઘરમાં એક જાતનું Excitement (ઉશ્કેરણી) કરીએ છીએ, ને છોકરાંને ગાંડાં કરીએ છીએ તેમ ન કરીએ. એમાં નુકશાન જ થાય છે.

ઉપરનું તો કરી શકીએ છીએ. પરંતુ જ્યાં ઉતર્યા હોઇએ ત્યાંનાં બાળકોને બથમાં ઘાલવાં, તેમને ગલીપચી કરવા બેસી જવું, તેમને બચી લેવી, બાળકોને રમાડવાં ને એવાં નખરાં કરવાં એમાં માનદાની નથી; અસભ્યતા છે, જંગલીપણું છે, વિકારીપણું પણ છે. તેમજ બાળકોને ખૂબ ખૂબ મદદ આપવા મંડી પડવું, તેમના તરફ ખૂબ વિવેક બતાવ્યા કરવો, તેમની ખૂબ કાળજી લેવાય તે જોવું તે પણ કામનું નથી. આપણે તો મહેમાન છીએ; આપણે માથે એમ કરવાની ફરજ નથી. એમ ન કરીએ તો અવિવેક નહિ ગણાય. માટે જ આપણે મહેમાન જેમ જ રહીએ. વચ્ચે ન પડીએ અને ધીરે ધીરે પરિચય વધે ને તેમ તેમ પાસે અવાય તેમ ઇચ્છીએ.

વળી આપણે બાળકોને માટે ખાવાનું લઇને જ જવું જોઇએ, નીકળતી વખતે તેમના હાથમાં રૂપીઓ કે એવું કંઇ આપવું જ જોઇએ વગેરે કરવાની રીત છે તેમાંથી છૂટી જવું. તેમાં બાળકો પ્રત્યેનો આપણો ભાવ નથી આપણી એ રૂઢિ છે તે મોટાઓના માનપાનની છે. બાળકને તો તેથી નુકશાન છે, કારણ કે બાળક દરેક વખતે મહેમાન પાસેથી કશાની અપેક્ષા રાખતું થાય છે. તેને તેમ ન મળે તો નિરાશ થાય છે. મહેમાનની કિંમત તે પૈસાથી કે ભેટથી આંકે છે. બેશક કયાંઇ જઇએ ત્યારે ઘરની સાથેના સંબંધ પ્રમાણે ભલે કંઇક લઇ જઇએ, પણ તે સૌને માટે; ને જ્યાં બાળકો ખાસ અંગત મિત્રો થઇ ગયાં હોય ત્યાં જરૂર તેમને માટે ખાસ પણ લઇ જઇએ. આપણે જ્યાં જઇએ ત્યાં આપણે વિચારીએ કે આપણે પોતે બાળકોના પરિચયમાં આવવાને લાયક છીએ? તેમનાં માબા-

પોતાને પસંદ પડે છે? અને બાળકોને તે ગમે છે ને નુકશાનકારક નથી?

હવે આપણે માબાપ તરીકે વિચારીએ. મહેમાનો અનિવાર્ય છે. તેમને માટે જેમ જેમ સગવડ અને સમજણ વધતી જાય છે તેમ તેમ આપણે એલાયદું સ્થાન રાખવા લાગ્યા છીએ, તેમજ તેમને માટે બાળકો સાથે હળવા ભળવાના વિધિનિષેધો કરતા જઇએ. પ્રથમ તો આપણે બાળકો મહેમાન પાછળ ભમનારાં ન થાય તે માટે કાળજી લઇએ. બાળકોને ઘણી વાર આપણા જ તરફથી ઉત્તેજન મળે છે. "જુઓ ડાકટર કાકા આવ્યા છે, જાઓ રમો ગમ્મત કરો. જુઓ વકીલ કાકા આવ્યા; આજે તેમની સાથે ઉપડો. જુઓ નાથી ફોઇ કે રમા માશી આવ્યાં; કરો મજા." આમ આપણે તેમને કૃત્રિમ પરિચયમાં ન મૂકવાં. તેમને એમ પણ કહીએ કે મહેમાનોને કંઇ જોતું કારવતું હોય તે લાવી આપવું, તેઓ પૂછે તો પૂછે તેનો જવાબ આપવો, તેમની સાથે નમ્રતાથી વાત કરવી વગેરે. તેમને સમજાવીએ કે મહેમાનોનું કામ હોય તે કરી પોતાને કામે જવું. મહેમાનો સાથે જ બેસી ન રહેવું. તેઓ પાસેથી કંઇ જાણવા જેવું સારું હોય તો જાણવું પણ તેમની પાછળ ન પડવું. તેમને ખોળે ન ચડવું. તેમની ચીજો વીખવી નહિ. તેમની પાસે આ કરી આપો ને તે કરી આપો તેમ કહેવું નહિ. પછી તેમને એ સમજણ પર પણ મૂકીએ કે મહેમાન તમારું અડપલું કરે, ન ગમે એવું કરે, હાથ ખેંચે, બાથમાં લે, બચી લે, ને એવું એવું કરે તો તે તેનાથી ન થાય માટે તેને તેમ કરવા ના પાડવી અને બા કે બાપાને તેની વાત કરવી. મહેમાન પાસેથી જે તે માગવું નહિ અને બા કે બાપાની રજા વિના લેવું નહિ.

આપણે પોતાનાં બાળકોને મહેમાનો પાસે બકબકેલવાં નહિ. તેનાં વખાણ કરવા કે નિંદા કરવા બેસવું નહિ. બાળકને આ આવડે છે ને તેણે આ કર્યું છે ને પેલું કર્યું છે તે બતાવીને બાળકનું પ્રદર્શન કરવું નહિ. બાળક મહેમાન પાસે જઇને કંઇ લેવાની લાલચ રાખતું ન થાય માટે આપણે જાતે જ જોવું કે મહેમાનની ભેટ આપણે ખાસ કારણ અને સંબંધ વિના નથી સ્વીકારતાં. આપણે પોતે પણ મહેમાનો પરત્વે હોય તેટલો સાચો અને ચોકખો ભાવ અને સત્કાર બતાવવાં. અતિશયોક્તિ ન કરવી અને જે કર્યું હોય તેની પાછળથી નિંદા ન કરવી. બાળકોની દૃષ્ટિએ અને આપણા મનથી મહેમાનો સાથે આપણે પરસ્પરના સંબંધ અને યોગ્યતા અને દરજ્જાને શોભે તેમ જ રહીએ. આપણે અધિકારી કે વકીલ કે ડૉકટર હોઇએ તો આપણા અસીલો વગેરે મહેમાન થઇ બાળકોને રાજી કરે છે તેથી ચેતીએ અને તે પ્રથા ન સ્વીકારીએ. ટૂંકમાં આપણે પોતે મહેમાન અને બાળકો પર નજર રાખીએ ને વખતો વખત યોગ્યાયોગ્યતાનો વિવેક કરી બતાવીએ.

છેવટે મહેમાનો માટે પણ કંઇક ચોકસ ધોરણ રાખવું જ પડે. મહેમાનોને નારાજ કરવાતું નથી પાલવતું, પણ છતાં આપણી દ્વિધાસફાઇ અને દૃઢતાથી સારું જ પરિણામ આવે છે. વેદીયા થઇને મહેમાનો માટેના બાળકો પરત્વે કેમ વર્તવું તેવા નિયમો છાપીને ચોડી ન શકાય. પણ આપણે આપણાં બાળકોને સાચવી લઇએ ને તેની સાથે જ મહેમાનોની રીતોને જ્યાં જ્યાં નાપસંદ કરીએ ત્યાં ત્યાં તેનો સ્વીકાર ન કરીએ, અભિનંદીએ નહિ, ગળી જાઇએ નહિ; કડક બની સખ્ત વિરોધ ન કરીએ પણ એ બાબતમાં આપણા વિચારો ધીરજથી ને શાન્તિથી વખતે વખતે સામાને બતાવીએ. અલબત્ત વિચારો તો સખ્તમાં સખ્ત રીતે મૂકીએ. બાળકો મહેમાનોનાં રમકડાં રૂપે ભોગ થઈ પડે તે માટે જરા દુરંદેશી પણ વાપર્યા કરીએ અને એમ બની જાય ત્યારે હળવેથી તેમને તેમાંથી છોડાવીને કહીએ: "આવું બાળકોને નથી ગમતું; એવું જવા જ દેવું જોઇએ."

મિત્રો સમજી શકે પણ સગાંવ્હાલાંને તો જરાક કહીએ તો માઠું જ લાગે. અને તેમને માઠું લગાડવાનો ને ખાસ અધિકાર છે તો આપણે તેમની સામે થવાનો પણ ખાસ અધિકાર છે જ. ને તેથી જ તેમને કહીએ કે તમારાથી તો આમ થાય જ નહિ. તમારે એમ કરવું હોય, તો હું તમારી સાથે ન બોલું તમારી સાથે લહું. આમ જ અંગત મિત્રોને ચોકખું પરખાવી શકીએ ને તેમની સાથે લડી શકીએ. દરજ્જાથી નીચેનાં માણસોને ચોખ્ખે-ચોકખી ધરીને ના પાડીને પણ કહી શકીએ કે આમ કરવું ને આમ ન કરવું.

ખરી રીતે આપણી સામે બાળકના લાભાલાભનું દૃષ્ટિબિંદુ ચોકખું નેહાવું જોઈએ. ત્યાર પછી બાળકોને મહેમાનોથી નુકશાન ન પહોંચે એવો આપણને આગ્રહ જોઈએ, કે આપણે જતે જ્યાં જ્યાં મહેમાન થઈએ ત્યાં ત્યાં આપણા સાચા દૃષ્ટિબિંદુ પ્રમાણે વર્તીએ. આપણે ત્યાં વખતો વખત બાળકોને મહેમાન સાથેના સંબંધો બતાવતા રહીએ અને છેવટે મહેમાનોને પણ પોતાનો ધર્મ વખત જોઈને જણાવીએ. ગિ.

વિચિત્ર બાળક

વર્ષો વહી ગયાં હતાં. મારી શાળાસખીને હું મળી જ ન હતી. આજે એના ગામમાં આવી એટલે થયું કે મળી આવું.

તેનાં લગ્ન તો હું કૉલેજમાં ભણતી ત્યારે જ થએલાં ને તેને દીકરી આવેલી તે સાંભળ્યું હતું. આજે તો તે પાંચેક વર્ષની હતી. હું તેમને મળવા ઉત્સુક હતી.

અમે મળ્યાં. વરસોની વાતો સંભારી. વાત વાતમાં તેની દીકરીની વાત નીકળી.

મેં કહ્યું: "તારી દીકરીને મારે મળવું છે. નાનાં બાળકોની ભાઇબંધી કરવાનું મારું કામ મેં રાખ્યું છે."

બેનપણી કહે: "એમ ? તો તો તારે તેને મળવું જ જોઇએ. હમણાં અંદર આવશે. બહાર રમે છે; રેતીમાં. મારે ઘરમાં કામ હોય ત્યારે વચ્ચે આવે તે મને નથી ગમતું એટલે મોકલું છું બહાર રમવા; આડે આવતી મટે."

મેં બારીમાંથી બહાર જોયું. રેતીના ઢગલા ઉપર વાંકી વળીને કાંઇક કરવામાં મશગુલ થઇ ગએલી એક વ્યક્તિને મેં જોઇ.

બેનપણી કહે: "આ છોકરી બારે વિચિત્ર છે. બીજાં છોકરાં જેમ સીધી ચાલે તેવી નથી. ભાણે બેસીને બરાબર જમતીયે નથી. કદિ આનંદી કે હસતી દેખાતી નથી. કાંઇ ને કાંઇ એનું ચાલ્યા જ કરે છે. એની સાથે કામ પાડવું બહુ અઘરું. મારું લોહી પી જાય છે."

મેં પુછ્યું: "તેની સાથે રમનાર તેને કોઇ ભાઇબંધો છે કે નહિ ?

તે કહે: "ભાઇબંધો કયાંથી હોય ? આ પાડોશીનાં બે ચાર છોકરાં છે તેની ઉંમરનાં. પણ તે તો જાય છે નિશાળે. પેલી બાળશાળામાં.

"ને તારી દીકરી ?"

"ના. તેને હું નથી મોકલતી. ને હમણાં મોકલવાનીયે નથી. મારે એકની એક દીકરી. એના વગર કાંઇ મને ગમે ? હું તો એને આંખ આગળ જ રાખું છું"

જવાબ સાંભળી હું તો હબકી જ ગઇ.! "શું આ સ્વાર્થ ને મૂર્ખાઇ ! એને ન ગમે

માટે દીકરીને નિશાળે ન મોકલવી ! એ તે કાંઇ રમકડું છે તે પાસે ને પાસે રખાય ? ”

મેં કહ્યું: “ પણ તારી દીકરીનું ભણતર ને ઘડતર અટકી પડશે તેનું કાંઇ ? આ ઉંમરે તો તેણે બીજાં છોકરાં સાથે રમવું જોઇએ, દોસ્તી કરવી જોઇએ. તારી સાથે ઘરે બેસી રહેવું તેને કેમ ગમે ? ”

તેણે મારી વાત સાંભળી પણ તેને ગળે ઉતરી હોય એમ ન લાગ્યું.

એટલામાં જમવાનો વખત થયો. મારી બેનપણી તેની છોકરીને બોલાવવા ગઇ.

“ડૉલી, જમવાનો વખત થયો. ઝટ ચાલ.”

ડૉલીએ કાંઈ ધ્યાન ન આપ્યું. બીજી વાર બોલાવી, ત્રીજી વાર બોલાવી ત્યારે ડૉલીએ માથું ઉંચું કર્યું.

તેના ચેહેરા ઉપર કંટાળો દેખાતો હતો.

તે જરા ત્રાસીને બોલી: “ પણ મારી અરધી હમણાં જ પૂરી થાતી'તી. જરા પિસ્તા છાંટવાના જ બાકી હતા. ”

“ બસ રાખ તારી અરધી. વખત થાય કેટલી ગંદી થઇ ગઇ છો ? કેટલીવાર તને કપડાં સંભાળવાનું કીધું ? ”

ડૉલી બોલવા જતી હતી પણ તેની બાએ તેને ચુપ કરી.

જમવાનું સાદું અને સ્વાદિષ્ટ હતું. ડૉલીની થાળી ને કળશો ને બધું સુંદર હતું. છોકરાંને ગમે તેવી જ બધી ગોઠવણ હતી.

પણ ડૉલી ! ડૉલી તો જમવાને બદલે થાળીમાં રમત ચાળા કરતી હતી.

તેની બા કહે: “ ડૉલી, બાપુ જમ. જો તને ભાવે છે માટે રોટલી ઉપર ઘી ગોળ પાથર્યો છે. બા. આમ ન કરાય. ”

ડૉલીના ચહેરા ઉપર હઠ ને ખિન્નતાનું મિશ્રણ દેખાતું હતું.

બા કહે: “ કેમ, વળી આવ્યું કે ? હવે બાવું છે કે નહિ ? સારી રીતે કહું છું ત્યારે માની જા; લાગ જમવા. ”

ડૉલીમાં હઠની દૃઢતા દેખાઇ.

મારી બેનપણીએ ઉઠીને લાકડી લીધી.

“ હવે છાની માની બાવા લાગે છે કે નહિ ? રોજ ઉઠીને આ શું ? ગમે તેમ કરીએ તોયે તે ને તે જ ? ”

ડૉલીની આંખમાં ઝળઝળિયાં દેખાયાં.

નીચે જોઇને બાવા લાગી. જેમ તેમ પાંચ સાત કોળીયા બાંધ્યા ને ઉઠી ગઇ.

અમારું જમણ પણ વાતચીત વગર ને જરા ખિન્નતામાં થયું.

જમ્યા પછી હું ડૉલીની ઓરડીમાં ગઈ. ઓરડીમાં તેનાં રમકડાં બહુ જ સ્વચ્છ ને વ્યવસ્થિત રીતે ગોઠવેલાં હતાં. ત્યાં એક ઢીંગલીનું ઘર હતું. ઘરનાં જે જે બધાં આધુનિક સાધનો તે ત્યાં હતાં; વિજળીની બત્તી ને ગ્યાસ સ્ટવ્હસ ને બધું સાચેસાચું. ડૉલીએ મને તે બધું બતાવ્યું ને પછી બેસી ગઈ.

મેં કહ્યું: “ ચાલને આપણે ઘર લઇને રમીએ ? ”

“ ઉં હું, તે તો જોવા માટે છે. રમવા લઇએ તો તો બગડી જાય ! ”

“ તો પેલું બાલી બાઇસ લાવ ને એક કાતર લાવ. આપણે બીજું ઘર બનાવીએ. ”

ડૉલીની આંખ ચળકી. તે દોડતી દોડતી તેની

બા આગળ ફાતર લેવા ગઇ.

નિરાશ થઇ ધીમે પગલે પાછી આવી કહેઃ "મારી બા કહે છે કે ફાતર હાથને વાગી જાય માટે આવી રમત ન રમાય."

"ઠીક ત્યારે, ચાલ આપણે આ ઢીંગલીને બીજાં કપડાં પહેરાવીએ."

ડૉલીએ ડોકું ધુણાવ્યું: "ના બાપુ, તેને અડશો નહિ. ગઈ કાલે જ મારી બાએ તેને નવાં કપડાં પહેરાવ્યાં છે. આ ને બાપુ સાથે હું ગાડીમાં ફરવા જાઉં છું ત્યારે સાથે ઢીંગલી લેવી જોઇએ ને? તે કાંઇ મેલી થઇ ગએલી લેવાય? એને પણ ધોબીનાં ધોએલાં કપડાં પહેરવાં પડે છે. આપણે રમવા લઇએ તો ઇસ્ત્રી બગડી જાય."

એમ એક પછી એક કેટલીયે રમતો મેં સુઝાડી, પણ તેની બા ના "હા, ના" ના કાયદા સખ્ત હતા. ને ડૉલી તે બરાબર જાણતી હતી.

ડૉલી પોતે સાચેસાચું કાંઈક કરી શકે એવું કાંઇક રમવાનો મારો વિચાર નિષ્ફળ ગયો. ક્યારેક ઓરડી બગડ્યાની ચિંતા, ક્યારેક પોતાનાં કપડાં બગડવાની બીક, તો ક્યારેક બાને નહિ ગમે તેનો વિચાર!

ડૉલી કદિ આનંદી કે પ્રસન્ન નહોતી દેખાતી તેમાં શી નવાઇ? તે ચિત્ર જોવામાં કે બીજું કાંઇ કરવામાં જરા એકાગ્ર થાય ત્યાં તો હાથ ધોવાનો કે કપડાં પહેરવાનો કે જમવાનો વખત થાય; ને તેની બા તેને બોલાવે.

તેને નિયમન ક્યાંથી આવે?

ને તે સ્વાદથી જમે પણ ક્યાંથી?

તેને પહેલાં તો બાળકોની દોસ્તી ને સંગતની જરૂર હતી.

બીજું તેને બાળકોને સ્વાભાવિક એવી પ્રવૃત્તિ કરવાની ને તેના ઉપર મંડી પડવાની છૂટ જોઇતી હતી.

આ બે વાતો ને મોટાંઓની ઓછી દખલ હોત તો ડૉલી એક આનંદ કલ્લોલ કરતી સુખી ને આજ્ઞાંકીત છોકરી હોત! **તા.**

ઘરના નિયમો

ગિજુભાઇ: "કેમ કાશીમેન, ઠીક ચાલે છે ને?"

કાશીબેનઃ "તે દિવસે અહીં વાત થઈ તેમ કરી જોઉં છું. સરલાને પહેલેથી સ્વચ્છંદી રીતે ગમે ત્યારે ગમે તે કરવાની ટેવ પડેલી એટલે તેને પહેલાં ગમ્યું નહિ ને અઘરું પણ પડે છે. પણ હવે આસ્તે આસ્તે નિયમો સંભારવા લાગી છે. રોજ પૂછે છેઃ 'બા, આને માટે કાંઇ નિયમો છે?' આ નિયમો આપવાનું કામ બહુ અઘરું લાગે છે."

ગિઃ "કેમ, તેમાં અઘરું શું?"

કાઃ "અઘરું એમ કે પહેલાં કઇ બાબતમાં નિયમ કરવો જોઇએ તેની જ બબર પડતી નથી. આપણે નિયમ કરીએ તે આપણને જ મુશ્કેલીવાળો લાગે છે.

ગિઃ "એ તો આપણને પોતાને જ ટેવ નથી, તેથી લાગે થોડા દિવસ."

કાઃ "હા એમ જ. મુશ્કેલી એ આવે છે કે એક બે વાર નિયમ પળાવીએ ને તે તેના ધ્યાનમાં રહી જાય કે પછી તેમાં તે ફેરફાર કરવા દેતી નથી. નાહું પકડીને જ બેસે છે. તે દિ' મેં તેને કહ્યું: 'જા આજે પહેલાં નહાઈ લે; પછી

માથું ઓળી દઇશ. હું હતી જરા કામમાં તેથી એમ કહ્યું પણ સરલા તો બેઠી: 'બસ પહેલા માથું ઓળીને પછી ન્હવાય.' મને કહેવા લાગી: 'તું જ નિયમ નથી પાળતી!"

ગિ: "સાચી વાત. નાનાં બાળકો ઘણી વાર એમ કરે છે. તેમને જે કહીએ તે પહેલાં તો આપણે જ પાળવું પડે છે. આપણે બેદરકારીથી ગમે તેમ જીવન જીવીએ છીએ તેનું ભાન તો આપણાં બાળકો આપણને જ કરાવે છે. બનતાં સુધી આપણે નિયમમાં ફેરફાર ન કરવાનું જ રાખવું."

કા: "પણ ઘણી વાર તેમ નથી થતું. અમારા જેવાને ત્યાં તો નથી જ ચાલતું. હા, જ્યારે સરલા ને હું અમે બે જ જણાં હોઇએ ત્યારે વખતે ધારીએ તેમ કરી શકીએ. પણ જ્યારે ઘરમાં ચાર માણસ ભેગું થાય ત્યારે કાંઇક તો ફેરફાર કરવા જ પડે ને? અને અમે બે જ હોઇએ ત્યારે પણ કોઇ વાર તો એવો વખત આવી પડે કે મારો નિયમ ન ચાલે."

ગિ: "કયારેક એમ આવી પડે; ન આવી પડે એમ હું નથી કહેવા માગતો. પણ ઘણી વાર તો ફેરફારનો વખત આવી પડ્યો છે એમ આપણે માનીએ ત્યારે તેની જરૂર ન પણ હોય."

કા: "જુઓ હવે કાલની જ વાત. મારા ભાઇને નવ વાગેની ગાડીમાં જવું હતું. આઠ વાગે તેને જમાડવો હતો. હવે તે વખતે હું એનું માથું ઓળવા બેસું તો ગાડી જ ચૂકે ને નહિ તો તેને ભૂખ્યા જવું પડે ને?"

ગિ: "બરાબર; દાખલો સારો છે. ફેરફારની જરૂર ખરી. પણ આવો ફેરફાર કરવો પડશે એમ તમે આગલે દિવસે વિચારી શકત. આગલી રાત્રિએ તેને કહી દીધું હોત કે જો આવતી કાલે આમ આમ છે માટે કાં તો તું પાંચ વાગે મારી સાથે ઉઠ તો હું વહેલું માથું ઓળી આપું; કાં તો એમ ને એમ ન્હાઇ લે ને પછી દસ વાગે માથું ઓળું, ને નહિ તો દસ વાગતા સુધી ન્હાવાનું થોભ તો મામા ગયા પછી માથું ઓળીને ન્હવાશે. ત્રણ રસ્તા બતાવ્યા પછી તેને ઠીક પડે તે રસ્તો તે પસંદ કરત ને મુસ્કેલી વગર કામ ચાલત. તેને ફેરફારનું સકારણપણું સમજી લેવાનો વખત મળત તેમજ ફેરફારને સ્વીકારી લેવાનોયે વખત મળત. ઘણી વાર બાળકો એકદમ આવી પડેલો ફેરફાર સહન નથી કરી શકતાં. પરંતુ પહેલેથી ખબર હોય કે કાલે આમ થવાનું છે તો તેઓ તે માન્ય રાખે છે. એનું કારણ તેમને હજી નાનાં હોવાને કારણે નવી પરિસ્થિતિમાં પોતાને ગોઠવી લેતાં જરા વાર લાગે છે એ છે. નાનાનું જ શું, પણ ટેવ ન હોય તો મોટાંઓને પણ અઘરું પડે છે ને? પુરુષો કરતાં સ્ત્રીઓમાં એ વધારે હોય છે. તેથી જ મુસાફરીમાં, બીજાને ત્યાં મહેમાન ગયાં હોય ત્યાં, જાનમાં ગયાં હોય ત્યાં, ઘરમાં મહેમાન આવે ત્યારે એકંદરે જરા નવી પરિસ્થિતિ ઉભી થાય કે સ્ત્રીઓ હેરાન થાય છે; કારણ કે પોતાની ટેવો ફેરવીને બીજી રીતે ગોઠવાઇ જવાની તેમને ટેવ હોતી નથી."

કા: "એટલે તો નિયમિત ટેવોની જરૂર તેમ આની પણ જરૂર દેખાય છે."

ગિ: "હા જ તો. પહેલાં નિયમિત ને પછી સકારણ. અનિયમિત થવાની શક્તિ પણ આવવી તો જોઇએ. તેના વગર તો જીવન નિર્જીવ જ બને ને? જીવન એટલે કાંઈ લોઢાનું કે લાકડાનું

ચોકકહું છે કે એક વાર બેસાડયું તેમ કાયમને માટે બેસી રહે? જીવન એટલે તો પાણીના પ્રવાહ જેવો પ્રવાહ છે. માત્ર નવી પરિસ્થિતિ સમજીને તેમાં બુદ્ધિ પૂર્વક ગોઠવાઇ જવું એ વાત જૂદી છે અને પરિસ્થિતિના ધક્કા ખાતાં ખાતાં નદીના પથરા જેમ આમ તેમ અથડાયા કરવું એ જૂદું છે. જે ઘરમાં એકે જનતનો નિયમ જ નથી, રોજ તે વખતની પરિસ્થિતિ પ્રમાણે ઘરનાં મોટાં માણસો કહે છે તે બાળકો કરે છે, ત્યાં બાળકોની સ્થિતિ પ્રવાહમાં પડેલા ગોળીયાના જેવી હોય છે. તેમને આજે માથું પહેલાં કેમ ઓળ્યું, કાલે દસ વાગે કેમ, પરમ દિવસે ઓળ્યા વગર જ કેમ જવું પડયું, આજે બે ડોલે કેમ ન્હાયાં, કાલે અર્ધી ડોલે કેમ ન્હાયાં વગેરે કાંઈ બબર જ હોતી નથી. ઘરમાં ચાલતા બધા વ્યવહારો વિષે તેમના મગજમાં કશું ચોકકસ ધોરણ બંધાતું નથી, કારણ ઘરના વ્યવહારમાં જ ધોરણ હોતું નથી. એમાંથી તો બુદ્ધિનું અને જીવનનું અવ્યવસ્થિતપણું જન્મે."

કાઃ "આ વાત તો બરાબર સમજાય એમ છે. હું નાની હતી ત્યારે ઘણી વાર મુંઝવણમાં દિવસો ચાલ્યા જતા તે મને યાદ છે. ને તે વખતે તો વળી કાંઇ આજના જેવું હતું? હું તો વળી તમારા પ્રેતાપે સરલાની મુંઝવણનો વિચાર કરું છું ને તમારા જેવા આગળ પૂછવા આવું છું. હું નાની હતી ત્યારે તો મારી મોટી બા વઢવા જ માંડેઃ 'આટલું નથી સમજતી? ઝટ ન્હાઇ લેવું' તું ને? આમ ને આમ ફરે છે તે!' બીજે દિવસે વહેલી વહેલી ન્હાવા જઉં તો વળી કહેશેઃ 'તારે શી ઉતાવળ છે? વયમાં વયમાં આવે છે તે! તારે કાંઇ દસ વાગે ઓફિસમાં પહોંચવું છે? અજાજ કાંઇ સમજતી જ નથી." જ્યાં ત્યાં આવું જ થાય ને હું તો સાચે જ મૂરખ જેમ જડ બની જતી. મને કાંઇ બબર જ પડતી નહિ કે શું કરવું! એ તો હમણાં જરા બુદ્ધિ ઉઘડે છે."

ગિઃ "તમારાં સદ્‌ભાગ્ય કે સાચે જ તમે જડ ન બની ગયાં. ઘરની રીત તો હું બરાબર જાણું છું. કેટલાંયે બાળકોની તેમાંયે પણ છોકરીઓની બુદ્ધિ બહેર મારી જાય છે તે હું ડગલે ને પગલે જોઉં છું એટલે જ તો બળું છું, ને આ આપણી રીત ઉપર કડક લખું છું. લોકોને લાગે છે કે ગિજુભાઇ બસ એક બરોબર જ જુએ છે ને ટીકા જ કર્યા કરે છે. પણ કરું શું? આ બધાં બાળકો અહીં આવીને ડાહ્યાં થઈ કામે લાગે છે; ને ઘરે જઇને જુઓ! મા બાપો કયારે સમજશે કોણ જાણે?"

કાઃ "હું તો તમારી દાઝ બરાબર સમજી શકું છું. હું તો તેમની વચ્ચે જ રહું છું ને! તમે તો અહીં આવ્યા રહો છો. ગામમાં રહીએ તો બબર પડે."

ગિઃ "અહીં બેડોબ જાણું છું તો બરોબર ને? ઠીક પણ તમારી શંકાનું સમાધાન તો થયું ને?"

કાઃ "હા, પણ બધું કરવામાં અઘરું છે. બહુ ઝીણો ઝીણો વિચાર કરવો પડે. મૂળે એમ કેટલાં નિયમ ને કિયમ જાણતાં હતાં? આજે એમ ઠીક લાગ્યું માટે એમ કરી નાખીએ ને કાલે વળી બીજું કરીએ. આ તે દિ' તમારી પાસે વાત કરીને ગઇ ને નિયમ કરવા લાગી ત્યારે બબર પડી કે હું પોતે જ કયાં જાણું છું કે કોને નિયમ કહેવાય ને કયારે નિયમ કરાય ને કેવો

કરાય! ખરેખર, આ તો તમે મૅને જ ધડો છો. આ હું સરલાને શીખવતી નથી પણ મને પોતાને જ શીખવું છું. એની ભૂલ થાય કે મને તેની પાછળ રહેલી મારી પોતાની જ ભૂલો દેખાય છે ને જાતને ઠપકો આપવો પડે છે."

ગિ: "ઓ હો! આટલું થયું હોય તો તો તમે થોડા જ દિવસમાં મોટાં કેળવણીકાર થઇ જવાનાં! વાત બધાં જાણે. વ્યાખ્યાન તો સૌ આપી શકે. પણ તમારી જેમ અંતથી કરવા બેસનાર જ સાચાં; બીજાં બધાં બોટાં. તમે અનુભવથી વાતો જાણશો તે તમને કાચ જેમ સ્પષ્ટ ને પૂર્ણ દેખાશે; ને ચોપડીમાંથી જાણીએ તે તો કોકનું જાણેલું ને અસ્પષ્ટ ને ઝાંખું. ઠીક લ્યો, પ્રયત્ન ચાલુ રાખજો ને આવતાં રહેજો."

કા: "તમારો વખત લેતાં જરા મન કોચવાય છે."

ગિ: "ના. ના, એવું કાંઈ રાખશો નહિ."

તા.

જે પૂણે

આ વારે વારે પૂછાપૂછ અને આ આવી લાંબી લાંબી સૂચનાઓ શા માટે અને વળી પાછા ઠેકાણા વિનાના ફેરફારો શા માટે? આ 'શા માટે'ની બીજી કડાકૂટમાં પડીએ તેને બદલે આનો ટૂંકો રસ્તો જ શોધીએ. કાં તો બાએ જાતે જ વ્યવસ્થા અને નિશ્ચિતતાનો શોખ હોય તો દૂધનું સ્થળ, દૂધનું પાત્ર, ઢાંકવાનું વગેરે ચોક્કસ જ કરી નાખવાં અને સૌને તે જાહેર કરવાં; અને જે દૂધ લે તેણે તે પ્રમાણે કરવું એમ ઠરાવવું. આની સાથે જ તેનો પોતાનો હુકમ અગર ઇચ્છા અમલમાં આવે તે માટે તેણે મૂળ હુકમને અડચણ ન આવે તેમ વર્તવું. એટલે કે નિશ્ચિત કરેલ દૂધનો કળશો બીજા કામ માટે સ્વેચ્છાએ ન વાપરવો. નિશ્ચિત કરેલ સ્થળ સ્વેચ્છાએ રોકી ન દેવું. આમ કરે એટલે પૂછવાનું મટી જાય. બીજી રીત એ કે જો નિશ્ચિતતા આપવાની ઇચ્છા ન હોય કે તેનો અમલ પોતે જ કરવા તૈયાર ન હોય તો દૂધ લેનારને એટલું જ કહેવું કે દૂધ લ્યો અને મૂકો. દૂધ લેનાર લેશે, મૂકશે ને ઢાંકશે. કોઇ કોઇવાર તેને

મેં સાંભળ્યું: "જો પણે પાણીયારાની પાસે પેલી નાની પિત્તળની લોટી છે તે લે અને તેમાં દૂધ લે અને રસોડાના ટાંકામાં ઢાંકીને મૂક."

જવાબ આવ્યો: "પાણીયારા પાસે લોટી નથી."

"વારૂ ત્યારે, નાની અભરાઇએથી લાંબી ડોકાળો લોટો છે ને..."

"પણ એને શાથી ઢાંકું?"

"પણે પેલી બીજી અભરાઇએ વાટકી પડી છે તે લઇને ઢાંકજે."

"ટાંકામાં મારગ નથી; કયાં મૂકું?"

"જો પેલા ચોપડીના કબાટમાં નીચલા બાનામાં મૂક."

"પણ ત્યાં કબાટને તાળું છે."

"વારૂ, ત્યારે પેલી મોટી તપેલી લઇ તેના પર ઉંધી વાળ અને પથરો મૂક. જો પથરો પેલી મોટી બારીમાં પડ્યો."

આ બધી ખટપટ પછી રમાએ દૂધ લીધું ને બાના કહેવા પ્રમાણે ઢાંકયું. મને થયું આ આટલી બધી કડાકૂટમાંથી બચવું જ જોઇએ.

જરૂરી એકાદ સૂચના આપી દીધે પતશે. આ રસ્તો પણ સારો છે. કામ કરનાર માણસ પોતે મુશ્કેલીઓ જાણશે ને અનુભવથી હટાવશે અને આપણને તે બાબતમાં નિશ્ચિંત કરશે. આપણે લાંબી લાંબી સૂચના આપતાં અટકશું એટલે તે પોતાનો જ શેઠ થશે. તેને તેના કામ અને પરિણામની ચિંતા પડશે ને તે કામને કાળજીથી ઉઠાવશે.

પરંતુ જો બા ઉપર પ્રમાણે પોતે જ બધી સૂચના અક્ષરશઃ આપવા માગશે ને તે પ્રમાણે અમલ કરવા માગશે તો, અને વળી જો તેની સૂચનાઓ ઘડીએ ઘડીએ ફરતી અને સ્વતઃ જ ઠેકાણા વિનાની હશે તો, દીકરી કે દીકરો કામ તો કરશે પણ શ્રદ્ધા ખોશે. કામ હોંશથી નહિ કરે પણ કંટાળીને કરશે. કામ કરશે પણ ભૂલો પાડતાં કરશે, પૂછી પૂછીને જીવ બાતાં કરશે ને સૂચના વિના કામ કરશે નહિ; ને કરશે તો બગાડી બેસશે કે વગર જવાબદારીએ કરશે ને કામની કાળજી વિના કરશે.

બાને ગમે તે રીત રાખે. **ગિ.**

આનું તે કરવું શું ?

સુમતિબાઇએ લક્ષ્મીબેનને કહ્યું: "બેન, મારે આનું તે કરવું શું ? જ્યારે પાટલો નાખશે ત્યારે પછાડીને નાખશે. દસ વારમાં નવ વાર તો એમ કરશે જ કરશે. આ સવિતાથી તો કાંઈ ગઇ!"

લક્ષ્મીબેને પૂછ્યું: "હેં બેન, તેં કોઈ વાર એને ધીમેથી, પછાડ્યા વિના પાટલો નાખવાનું કહ્યું છે ?"

સુમતિબાઇએ જવાબ આપ્યો: "એક વાર નહિ પણ અનેક વાર કહ્યું છે. જ્યારે જ્યારે પાટલો પછડાય છે ત્યારે ત્યારે કહેલું જ છે."

"પણ બેન, કોઇ એકાદ વાર જ્યારે પાટલો ધીમેથી નાખે છે ત્યારે તેં કહેલું છે કે હાં, આજ તો ઠીક થયું. પાટલો ધીમેથી નાખ્યો?"

"ના, બા એમ તો નથી કહ્યું. ને એમ તે શેનું કહે? કોકવાર ભૂલ્યે ચૂક્યે ધીમેથી પાટલો નાખે એમાં શું વળ્યું ?"

"નહિ બેન, તું ભૂલે છે. તું જ ભૂલે છે એમ નહિ પણ આપણે સૌ ભૂલીએ છીએ. બાળકોથી જે ભૂલ થઈ જાય છે તેના જ તરફ આપણે તેનું ધ્યાન ખેંચ્યા કરીએ છીએ; ને તે એટલી બધી વાર ખેંચ્યા કરીએ છીએ કે બાળકને એવી માન્યતા થઇ જાય છે કે પોતે જ ભૂલ કરે છે ને બીજું તેનાથી કશું બનવાનું જ નથી. આવી માનસિક સ્થિતિ થતાં બાળક વધારે ને વધારે ભૂલો કરે છે ને વધારે ને વધારે ઠપકો બાય છે. બરી રીતે બાળકો જેમ ભૂલો કરે છે તેમ ઘણી વાર તે ભૂલો નથી પણ કરતાં. ઘણી વાર તેઓ સારું સારું કરી બેસે છે. પણ આપણે જે સારું બને છે તેનો હિસાબ લેતાં જ નથી; તે તરફ જોતાં જ નથી. તેમના દોષ કાઢવા જ તત્પર હોઇએ છીએ પરંતુ તેમના ગુણોથી રાજી થતાં નથી તેમ તે તરફ તેમનું ધ્યાન ખેંચી ગુણપ્રિય તેમને કરતાં નથી. સવિતા દસ વારમાં એક વાર તો સારી રીતે પાટલો ઢાળે છે, બરૂ ? તો પછી તે જ વખતે તેને કહેવું: 'હં, જો બેન, આજે પાટલો કેવો સરસ ઢાળ્યો ! આમ જ રોજ ઢાળતી હો તો કેવું સારું !' અને બરે-બર સવિતા તેથી પ્રસન્ન થશે. તેના ગુણ તરફ

તેનું લક્ષ જશે, તે ગુણને તે કેળવવા પ્રયત્ન કરશે, અને એને લીધે અણઆવડતની જગાએ આવડત આવીને ઊભી રહેશે. બાળકોમાં જે સારું હોય તેની આપણે યોગ્ય કદર–નહિ કે તેનાં વખાણ–કરીએ તો સારું વધતું જ જશે. પણ જો તેમાં જે અયોગ્ય એવું હોય તે ઉપર જ ભાર દીધા કરશું, તે માટે ઠપકો દીધા કરશું, તેને સીધી રીતે કાઢવા લડશું તો તે ઘર કરી બેસશે."

સુમતિબાઈએ કહ્યું: "લક્ષ્મીબેન, તમારી વાત ગળે તો ઉતરે છે. જોઉં, હવે એ પ્રમાણે કરી જોઉં; જોઈએ શું થાય છે?"

ઘરમાં મોન્ટીસોરી

સુપડી સાવરણી

મોન્ટીસોરી બાળશાળામાં વપરાતાં સાધનોમાંથી સુપડી સાવરણી દરેક ઘરમાં સહેલાઈથી રાખી શકાય એમ છે.

બાળકના ગણાતા ખૂણામાં બે ખીલીઓ પર એક નાની ટીનની સુપડી અને એક નાની સાવરણી ટીંગાડી દઈએ તો બાળકના જીવનમાં એક સાચા હર્ષની ક્ષણ જોઈ શકશું.

સુપડી સાવરણીનું કામ અત્યંત બાલપ્રિય નીવડ્યું છે. આપણે ઘરમાં પણ બાળકને મોટી સાવરણી લઈને વાળવાનો પ્રયત્ન કરતાં ઘણી વાર જોઈએ છીએ. પણ સાવરણી મોટી હોવાથી તે તેને ફાવતી નથી. બીજું વાળવાના કામનો તેને પરવાનો હોતો નથી. ઝાઝે ભાગે બાળકને તેમાંથી અટકાવવામાં આવે છે અથવા તે તરફ દુર્લક્ષ કરી તેને તે કરવા દેવામાં આવે છે.

ખરી રીતે એ કામ ઉત્તેજન આપવા જેવું છે. એક તો સાવરણીથી કચરો બરાબર સુપડીમાં વાળીને લેવાની ક્રિયામાં બાળક પોતાના હાથપગના ઘણા સ્નાયુઓ ઉપર કાબુ મેળવે છે. એટલે શરીરતોલનમાં અને હાથની કુશલતા સાધવામાં તે ઉપયોગી છે. ને બીજો લાભ તેનામાં સ્વચ્છતાની અભિરુચિની સાથે સાફ કરવાની આવડત પણ આવે છે તે છે. આપણાં ઘરોમાં કાગળની કટકીઓ કે બોર જાંબુના ઠળીયા કે શેરડીના કુચા કે બીજો કચરો આસપાસ પડયો હોય ને તેમાં જ બાળકો રમતાં હોય ને મોટાંઓ વાવરતાં હોય છે; તેથી તેવા કચરાની સૂગ તો નહિ જ પણ તેનું ભાન પણ ઘણી વાર બાળકને હોતું નથી. બીજું ધારો કે કોઇને ભાન હોય તો તે કચરો કેમ કરી તરત દૂર કરવો તેની તેને માહિતી કે આવડત હોતી નથી. સુપડી સાવરણીના પ્રવેશથી આ બધી વાતો એકી સાથે સધાય છે.

સુપડાના ઘાટની નાની ટીનની સુપડી કરાવી તેના ઉપર ધોળો અથવા આછો ભૂરો એનેમલ રંગ દેવો, એટલે સુપડીને સાફ કરીને રાખવાનું સહેલું થાય છે. બાળકની આંખને એવી સુપડી વધારે ગમે છે.

સાવરણી જૈન લોકો વાપરે છે તેવી મળે તો વધારે સારી. ન મળે તો નાની ધંટી વાળવાની પણ ચાલે.

સુપડી સાવરણી સાથે એક ત્રીજું સાધન ખાસ જરૂરનું છે; તે કચરો નાખવાનો ડબો. બાળક ઘરનો કચરો વાળીને ફળીયામાં કે શેરીમાં નાખે તેનો કશો અર્થ નથી. ઓશરીમાં કે પગથિયા પાસે કે બીજી સગવડવાળી જગ્યાએ એકાદ ટોપલી કે જૂનો ગ્યાસલેટનો ડબો મૂકવો. ને વાળેલો કચરો હમેશ તેમાં જ પડે તેનું ઘરનાં મોટાંઓએ પણ ધ્યાન રાખવું.

સાધનો ભેગાં થયા પછી તેનો વપરાશ એક

બે વાર બાળકને બતાવવો જોઇએ. બતાવવામાં વધારે બોલવાની જરૂર હોતી નથી. 'જો હું કચરો વાળું છું.' એમ કહી ધીમે ધીમે ચીપીને વાળવાની, કચરો સુપડીમાં લેવાની ને પછી સુપડીનો કચરો ટોપલી કે ડબામાં નાખી આવવાની ક્રિયા કરવી, ને પછી બાળકને છૂટું મૂકવું. બાળક વાળવા લાગે ત્યારે આમ નહિ ને તેમ નહિ એવું જરાએ કહેવું નહિ. સાધનનો દુરુપયોગ એટલે સુપડી માથે મૂકવી, કે સાવરણી મોઢામાં નાખવી વગેરે થતું હોય તો અટકાવવું. પણ બાળક વાળવાની ક્રિયામાં છે ત્યાં સુધી વચ્ચે પડવાની જરાએ જરૂર નથી. બીજે દિવસે જરૂર લાગે તો ફરી વાર આપણે સરસ વાળી ઓછા શબ્દે ને વધારે કાર્યે કરી બતાવવું.

એ કામ અઢી ત્રણ વરસના બાળકને બતાવી શકાય. બાળક તેના ઉપર કેટલી એકાગ્રતાથી ને કેટલો વખત મંડી પડે છે તે જોઇને આપણે આશ્ચર્ય પામશું. તેની એકાગ્રતાનો ભંગ બનતા સુધી ન કરવો. આગળ પાછળ વધારે વખત છે, નહાવાના કે ખાવાના વખતને વાર છે એમ જોઇને જ એ કામ બતાવવું.

એ કામ બતાવતી વખતે બાળકથી બધું સાફ થશે ને ઘરનો કચરો વળાઇ જશે એવી આશા કે ઇચ્છા ન રાખવી. બાળકના પ્રયત્નની તેમાં કિંમત આંકવાની છે. ઘણી વાર આરંભમાં કચરો વળાવાને બદલે વધારે ચારે કોર ફેલાએલો દેખાશે. તેથી અસંતુષ્ટ થવાની જરૂર નથી. પછી આપણે તેને ઠપકો આપ્યા વગર સાફ કરી નાખવું.

આરંભમાં બાળકને ઝીણી ધૂળ કે એવો કચરો વાળવાનું ફાવતું નથી. માટે જ્યાં મોટો કચરો હોય, જેમ કે બોરના ઠળીયા કે શાક સુધારાએલો કચરો કે કાગળના ડુચા હોય તે લેવો ફાવે છે. એવો સ્વાભાવિક રીતે ન થયો હોય તો ઓશરીને એકાદ ખૂણે થોડી જાડી રેતી કે કાગળનો કચરો પાથરી રાખીને તે વાળવા બાળકને છૂટું છોડવું.

વાળવાના કામ પછી હમેશ હાથ પગ મોઢું ધોઇને બાળક બીજે કામે જાય તે તરફ ખાસ ધ્યાન રાખવાનું છે. સુપડી પણ સાફ થાય, તેમજ સુપડી સાવરણી તેની બીલીએ જાય તે પણ જોવાનું છે. કામ પછી સાધનો જ્યાં ત્યાં રખડે છે, કે રમત પછી રમકડાં રખડતાં હોય છે એ અણઘડતા તરફ પ્રથમથી જ ધ્યાન આપીએ તો તે બાબતની સુઘડતાની ટેવો પ્રારંભથી જ પડે છે. વારંવાર ટોકવાથી એ ટેવ પડવાની નથી. પણ પહેલે દિવસે જ આપણે કામ તેની આખર સુધી બતાવવું જોઇએ. બીજે દિવસે કામ શરૂ થાય તે પહેલાં જ કહી દેવું જોઇએ કે "વાળ્યા પછી હાથ પગ ધોઇને સાફ, અને સુપડી સાવરણી બીલી ઉપર." વખતે બાળક ભૂલી જાય તો ફરી એક વાર કહેવું: "સુપડી સાવરણી બીલી ઉપર."

શિક્ષણનાં સાધનોમાં પાટીને પૂજનીય અને વિદ્યાનું ચિન્હ ગણવામાં આવેલ છે પણ સુપડી સાવરણીનું સાધન બાલશિક્ષણમાં સૌથી પહેલાં આવતું હોવાથી અને બીજી પણ અનેક રીતે તે આપણા સંસારજીવન કે સમાજજીવનનું શુભ ચિન્હ હોવાથી તેને પૂજનીય ગણવું જોઇએ. તેને ચાંદલો થાય કે આદરભાવ સાથે ગંધ પુષ્પ ચડે તો જરાયે ખોટું નથી. બાળજીવનને તો તે એક આશીર્વાદ રૂપ જ છે. ૧૧.

જાતકની કથાઓ — લેખક: શ્રી. હરભાઇ ત્રિવેદી. કિંમત ૦-૮-૦

આખ્યાયિકાઓ — લેખક: શ્રી. નૃસિંહપ્રસાદ દા. ભટ્ટ ૦-૮-૦

બન્ને પુસ્તકો હમણાં જ પ્રગટ થયાં છે. પોસ્ટેજના દરેકના બે આના વધારે પડશે.

: વ્યવસ્થાપક: શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર :

પરીક્ષા

પરીક્ષા માટે મારી શાળા તૈયાર ટપ્પે હતી: બધા વિદ્યાર્થીઓને ઇતિહાસ, ગણિત, ભૂગોળ પદાર્થપાઠ વગેરે વિષયોમાં તનતોડ મહેનત કરી તૈયાર કર્યા હતા. એમાંથી કોઇ નાપાસ નહિ જ થાય એવી ખાત્રી હતી. મનમાં પરીક્ષક સાહેબની લેશ માત્ર ચિંતા ન હતી. છોકરાઓ પણ જોરમાં હતા. વર્ષ આખું સારું કામ કર્યું હતું ને આખરમાં તો ખૂબ જ મહેનત લીધી હતી.

પરીક્ષક સાહેબ પધાર્યા. તેઓ સાહેબ નવા હતા. તેમને મેં ચાલુ રીતિથી વાકેફ કર્યા. કાર્યપદ્ધતિ અને પરીક્ષણ રીતિ જણાવી. તેઓએ ગંભીરતાથી બધું જાણી લીધું.

મને થયું કે હવે હમણાં જ ચોથા ધોરણના વિદ્યાર્થીઓને દાખલા લખાવી પાંચમાનું વાચન લેશે. બીજા ધોરણનાઓની કૉપી બૂકો એકઠી કરી લઈ તેમને અને બાલધોરણને ઘેર જવાનું કહેશે. હમણાં જ આ પ્રમાણે પરીક્ષાનું કામ ચાલશે.

પણ બન્યું કંઇક જૂદું. સાહેબે સૌ છોકરાઓને બહાર જવા કહ્યું અને મને હૂકમ કર્યો: "આખી શાળા ઘસીને વળાવી કાઢો."

હું આશ્ચર્યથી જોઇ રહ્યો, પણ હૂકમ માથે ચડાવ્યો. કામવાળી પાસે શાળા વળાવી.

સાહેબે કહ્યું: "કચરો રજુ કરો."

ઓસરીમાં કચરો આવ્યો. ગણિતનો દાખલો જોતા હોય તેમ સાહેબે તે જોયો ને પરીક્ષાપત્રકમાં કચરો: સામે ૦ (શૂન્ય) દોકડા મૂકયા.

સાહેબે મને કહ્યું: "ચાલો ઓરડામાં ફરીએ." સાહેબે ધારી ધારીને બધી દીવાલો જોઇ. ખૂણા ખાંચરા અને બારી બારણાં જોયાં. પરીક્ષાપત્રકમાં મૂકયું: "સ્વચ્છતા: ૦ (શૂન્ય) દોકડા."

પછી સાહેબે મને કહ્યું: "આ ઓરડામાં બેસો." ને હું અને તે બેઠા.

બહાર છોકરાઓએ દોડાદોડ કરી મૂકી હતી. મોટો ધોંધાટ હતો. શિક્ષકો તેમને શાન્ત કરવા પ્રયત્ન કરતા હતા.

સાહેબે બીજા બાનામાં મૂકયું: "શાન્તિ, ૨ (બોછા બે) દોકડા."

હું તો આભો જ બની ગયો હતો. પરીક્ષક સાહેબ નવા હતા. તાજા શિક્ષણની પરીક્ષામાં પાસ થયા હતા. મુંબઇ વિદ્યાપીઠના સ્નાતક (B.A.) હતા. નવાસવા એટલે બોલવાની કરી છૂટ ન હતી. અને જે દોષો બતાવી રહ્યા હતા તે સોએ સો ટકા સાચા હતા.

હું અકળાતો હતો પણ શું કરું? મને થતું હતું કે હવે ઇતિહાસ ભૂગોળ ઝટ લે તો ઠીક. ગણિત લખાવે તો સૌના સાચા પડે.

પણ ત્યાં તો સાહેબે પાણી પીવાના પ્યાલા ટબુડીઓ મંગાવી અને ગોળા ઢાંકણાં જોયાં અને દોકડા આપ્યા – ૫ (બોછા પાંચ).

પરીક્ષકની મુખમુદ્રા શાંત ગંભીર હતી. ગુસ્સો નહોતો. હું તેથી વધારે મૂંઝાતો હતો.

આખરે સાહેબે કહ્યું: "છોકરાઓને અંદર બોલાવો." મને થયું હાશ. હવે ઠીક થશે. હવે ફાવશું.

મેં કહ્યું: "ધોરણવાર બેસી જાઓ. પાટી કાંકરો તૈયાર રાખો. બોલાવીએ તે ટેબલ પાસે આવતા જાય."

પણ હું નિરાશ થયો. સાહેબ ઉભા થયા ને વર્ગમાં ફર્યા.

ટોપીઓ જોઈ, કોટ જોયા, પેરણ જોયાં,

ણુતાન જોયાં, વાળ જોયા, નખ જોયા, હાથ પગ મ્હોં ને નાક જોયાં, દાંત અને આંખ જોયાં. મારી આંખ પણ એ બધું જોતી જ હતી. મને થયું કે ખરેખર આ છોકરાઓ ખૂબ ગંદા છે. મને પણ થયું કે આ વિષયમાં –૨૫ (ઓછા પચીશ) દોકડા મળવા જોઇએ.

પરીક્ષકે નિરીક્ષણ પૂરું કર્યું ને પત્રકમાં ૨૦ (ઓછા વીશ) દોકડા મૂક્યા.

સવારનો વખત પૂરો થઇ રહ્યો હતો. હસીને સાહેબે કહ્યું: " છોકરાઓને આજે રજા આપો. કાલે પાછા બોલાવો. "

બીજે દિવસ થયો ને છોકરાઓ આવ્યા. સૌ પરીક્ષા દેવા માટે ઉતાવળા થઇ ગયા હતા.

પરીક્ષક સાહેબે પરીક્ષા લેવી શરૂ કરી. ઇતિહાસ, ગણિત, ભૂગોળ બધા વિષયોની રીત-સરની પરીક્ષા લીધી. એકેએક છોકરાઓ પાસ થયા. બધાને ઘણા ઘણા દોકડા મળ્યા હતા. છોકરાઓ હરખાતા હરખાતા ઘેર ગયા. પરીક્ષક સાહેબે કહ્યું: "ભણાવવાનું કામ સારૂં થયું છે. છોકરાઓએ સારી મહેનત કરી છે."

મારૂં મ્હોં મલકયું નહિ. મને ગઇ કાલની પરીક્ષાનું પરિણામ મારી આંખ આગળ હતું.

સાહેબે બે જાતનાં પરીક્ષાપત્રકો ભર્યાં:—
(૧) જીવનની પરીક્ષા–મુખ્ય પરીક્ષા: શૂન્ય પરિણામ.
(૨) ભણતરની પરીક્ષા–ગૌણ પરીક્ષા: સો ટકા

પરિણામપત્રકોની નીચે સહી કરી તેઓ સાહેબે પત્રકો ઉપરી અધિકારી તરફ મોકલી આપ્યાં.

ગિ.

એક ભાઇ લખે છે

એક ભાઈ લખે છે કે પત્રિકા ઘેર ઘેર અને રસોડે રસોડે પહોંચવી જોઇએ. વાત ખરી છે. પરન્તુ એને પહોંચાડવી શી રીતે? અમે પત્રિકાનું લવાજમ સામાન્ય સ્થિતિના માણસો પણ ઉપાડી શકે તેટલું રાખ્યું છે. વળી અમે 'પત્રિકા' ના અસ્તિત્વની જાહેર ખબર બધા મિત્રપત્રો દ્વારા વહેંચાવ્યા કરીએ છીએ. આથી પત્રો વાંચનારને ખબર પડે કે માબાપને ઉપયોગી એવું એકાદ પત્ર ચાલે છે. અમે આ બે રીતો અખત્યાર કરી શકીએ છીએ. રૂપીઓ પણ લવાજમ ન આપી શકે અને છતાં 'પત્રિકા' વાંચવાની ઇચ્છા જેને થઇ હોય એવા ઘણા ગરીબ માણસો, શિક્ષકો, અનાથાશ્રમો અને અન્ત્યજ શાળાઓ છે. તેઓ પાસે બર્બાદ કરવા એક રૂપીઓ નથી હોતો તેમ નથી પણ તેમને બીજી જરૂરી બર્બાદી પણ હોય છે. આવાઓને માટે તો શ્રીમન્તો બહાર પડે તો જ તેઓ પત્રિકા વાંચી શકે. ગયે વર્ષે એક ગૃહસ્થે રૂા. પાંચ આપી પાંચ અંત્યજ શાળાઓને પત્રિકાઓ પહોંચાડી હતી. આ વખતે એક ભાઇ રૂ. ૨૫) મોકલી એમાંથી અંત્યજ શાળાઓ તથા ગરીબ શિક્ષકોને ૨૫ પત્રિકાઓ મોકલવાનું જણાવે છે. આ ભાઇ તે આપણા સભાસદ ભાઇશ્રી મગનલાલ હુંગરશી બ્રહ્મભટ્ટ છે. તેઓને અમે આ પગલા માટે ધન્યવાદ આપીએ છીએ અને અમે તેમને પગલે ચાલવા અન્ય શ્રીમન્તોને કહીએ છીએ. અનાથ પ્રેમીઓ, ગરીબ પ્રેમીઓ, સભાવત પ્રિય જનો આગળ પડશે એવી આશા છે. તં.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, બજાર સિક્કીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(માઁટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૭ મો
દ્વિતીય શ્રાવણ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

પ્રગતિમાં અવગતિ

મનુષ્ય થોડો પણ પ્રગતિને માર્ગે પડે છે ત્યાં તો તેના મનમાંથી જ જન્મેલાં અનેક ભૂતો તેની આડે આવી તેને અવગતિને પંથે પાડે છે. તેમાં મુખ્ય તો શ્રેષ્ઠતાનું ભાન–પ્રગતિનું ભાન જ છે.

મનુષ્ય જરા સ્વચ્છ રહેતાં શીખે છે ત્યાં તો તેને પોતાની સ્વચ્છતાનું ભાન મલીન કરે છે. તે બીજાં બધાંને અસ્વચ્છ ગણી તેમની પ્રત્યે તિરસ્કારથી જુએ છે.

મનુષ્ય જરા સંયમી બને છે ત્યાં તો તેને જગત્ બધું અસંયમી લાગે છે ને તેના તરફ ત્રાસ છૂટે છે. પોતાની જાતને મોટા સંયમી ગણીને જ મનુષ્ય સંયમનું ફળ ગુમાવે છે.

પોતે ભણે તો અભણથી પોતાને ચડેલો માને; પોતે જાણે તો અજાણથી જાતને શ્રેષ્ઠ માને; પોતે કાંઈ શીખે તો અણશીખેલથી જાતને ઉંચા ગણે; પોતે કાંઇ કરે તો ન કરી શકે તેમની સામે જોઇ મોટું મરડે.

આનું નામ અવગતિ.

પોતાની શ્રેષ્ઠતાનું ભાન ને તેથી બીજાંને કનિષ્ઠ–હલકાં ધારવાની વૃત્તિ એ પ્રગતિના માર્ગનાં રોધક છે.

સાચી પ્રગતિનાં લક્ષણ આ છે.

જાત પ્રત્યે અસંતોષ કે આપણે કયાં પૂરતું ચઢી શકીએ છીએ; જેઓ ચઢ્યા છે તેમના પ્રત્યે અધોક માન કે તેઓ કેટલું ચઢ્યા છે; ને ચઢ્યા નથી તેમના પ્રત્યે ઉત્કટ લાગણી કે એ બધા કયારે ચઢશે.

પ્રગતિશીલ મનુષ્યે હરહમેશ જાતને તપાસતા રહેવું જોઇએ.

આપણું ને પારકું

લક્ષ્મીબેન પોતાની વસ્તુઓ સાચવવામાં બહુ જ કુશળ. ઉંમરે તો માત્ર ચાર વરસનાં. દેખાવમાં તો તેથીયે નાનાં. બીજી રીતે કામકાજમાં બહુ બુદ્ધિવાન તો ન કહેવાય, પણ પોતાની વસ્તુ સાચવવામાં તેમની બુદ્ધિ સારું કામ આપતી. પોતાની ચકી, રૂમાલ, પ્યાલો, દાંતીયો સાથે લઇને જ ફરે. કયાંયે ભૂલે નહિ. કોઇને એને અડવા પણ ન દે. પોતાની વસ્તુની સાચવણની બાબતમાં હું રોજ એમની કદર કરતી. પરંતુ આસ્તે આસ્તે મેં જોયું કે લક્ષ્મીબેન પોતાની વસ્તુઓને જેટલાં સંભાળનારાં છે તેટલાં જ બીજાની વસ્તુઓ પ્રત્યે બેફિકર રહે છે. ને માત્ર બેફિકર છે, એટલું જ નહિ પણ લાગ મળે તો વાપરી લે, જ્યાં ત્યાં નાખી દે, એવું પણ બને છે. પોતાની કાંચકીને તો કોઇને હાથે ન અડાડવા દે, પણ બીજા કોઇનો સરસ દાંતીયો હાથ આવે તો પોતે માથું ઓળી લે એટલું જ નહિ, પણ ઓળીને દાંતીયો ફેંકી દે. આ જોઇને મને ઘણું દુઃખ થયું, કારણ કે આ બીનાથી તેમની સાચવણની કિંમત ઓછી થઇ. પોતાની વસ્તુ સાચવવાનો તેમનામાં ખાસ ગુણ ન હતો પણ આટલી નાની ઉંમરે ચાલુ સમાજની આપણા ને પારકા પરત્વેની ચાલુ વૃત્તિનો ભોગ થઇ પડેલાં હતાં, એ જોઇને મન દુભાયું. મોટાં બાળકોમાં તો એવા કેટલાયે દાખલા જોએલા પણ આ તો સાવ બાલપણમાં રોગ લાગુ પડ્યો કહેવાય.

આ રોગ ખરી રીતે આપણી પાસેથી આવે છે ને તે માટે આપણે જ જવાબદાર છીએ; ને તે માટે આપણે જ તેનો સાચો વિવેક કેળવવો જોઇએ. ગૃહસ્થાશ્રમ માંડીને બેઠેલા સંસારીઓને આપણું ને પારકું એની વચ્ચે ખૂબ ઝીણો વિવેક વાપરવો પડે છે. સંસારનો ત્યાગ કરીને ફરનાર બાવા જોગીઓને ઠીક હોય છે. તેમને આવો વિચાર જ કરવો પડતો નથી. સંસારમાં હોય, અથવા સંસારની બહાર હોય પણ 'વસુધૈવ કુટુંબકમ્' ની જ જેમની ભાવના થઇ ગઇ છે, એવા મુક્ત પુરુષોનું પણ ઠીક છે. એમને પણ આપણા પારકાની પંચાત કરવી પડતી નથી. પંચાત છે એક સંસારીઓને માથે. કારણ કે કુટુંબો સમાજનું જ અંગભૂત હોવાથી અમુક હદ સુધી તે સમાજનાં છે, છતાં અમુક રીતે તે અંદર અંદર જૂદાં જૂદાં પણ છે. એટલા પૂરતું તેમને આપણા ને પારકાનો વિચાર કરવો પડે છે.

સામાન્યતઃ જોઇએ તો સંસારીઓ આ બાબતમાં મુંઝાતા કે ગુંચવણમાં પડતા દેખાતા નથી. આજે પ્રચલિત માન્યતા એમ દેખાય છે કે બધાંએ પોતાનો સ્વાર્થ સાધવો. બધાંએ પોતપોતાનું સાચવું એટલે બધાનું જ સચવાય. રસ્તો સારો છે; સાચો છે. દરેક પોતાનું હિત સાધે તો કોઇને સમાજસેવાર્થે નીકળવું ન પડે ને કોઇને સેવાર્થે ભેખ લેવો ન પડે. દરેક પોતાનું હિત સાધીને આગળ વધે. પણ આજે પોતપોતાનું સંભાળો એનો અર્થ ઘણો જ સંકુચિત થઇ ગયો છે.

આમાં બે પ્રશ્ન છે. પોતપોતાનું સંભાળો એટલે પોતપોતાનું શું સંભાળવું આ એક, અને બીજો પોતાનું સાચવવા જતાં બીજાના હિત પ્રત્યે કેવી બુદ્ધિ રાખવી તે.

પોતાનું હિત સાચવવાના પ્રયત્નમાં મનુષ્ય બહુ જ સ્થૂળ વસ્તુ માત્ર સાચવવાની ધમાલમાં પડ્યો દેખાય છે. પોતાનું સાચું હિત, પોતાનું આખર હિત, પોતાનું સર્વ હિત શેમાં છે તેનો વિવેક જતો રહેવાથી, સંસારમાં સ્વાર્થ સાધવો એનો બહુ જ સ્થૂળ ને ટૂંકો અર્થ થતો જોઇને જ ઘણાંઓને સંસાર ઉપર વિરક્તિ આવે છે; કંટાળો

આવે છે. સંસાર એટલે જ ટૂંકો સ્વાર્થ, સંસાર એટલે જ સ્થૂળ ધમાલ, એવો અર્થ થઇ બેઠો છે.

સાથે સાથે પોતાનો સ્વાર્થ સાધવો એટલે એ પણ ખરૂં કે બીજાના અર્થમાંથી પોતે ખાંટી ખાઇ શકતો હોય તો વધારે ડાહ્યો સંસારી ગણાય, વ્યવહાર-કુશળ ગણાય. એમ કરતાં ન આવડે તો વહેવાર સંસારી પાસેથી ઓછામાં ઓછું આંટલું તો માગે જ કે બીજાના અર્થ પ્રત્યે બેદરકારી અને પોતાના અર્થમાંથી બીજા કાંઇક ખેંચી ન જાય તેની સાવચેતી. અર્થાત્ બીજા પ્રત્યે અવિશ્વાસ અને અસહાનુભૂતિ.

આજનો બધો વ્યવહાર આ તત્ત્વ ઉપર ચાલે છે. અર્થાત્ બાળપણથી બાળકોને પણ આ જ તત્ત્વો શીખવાય છે. બાળકો ખરૂં વ્યવહારશિક્ષણ કે ખરૂં જીવનનું શિક્ષણ નિશાળમાં લેતાં નથી પણ ઘરમાં અને ઘરની આસપાસ લે છે. નિશાળમાં તો એકલાં ભણે છે. સાચું ગણતરનું શિક્ષણ નિશાળમાં ન મળે. જેને સદ્‌ભાગ્યે એ સંસારના ગણતરનું શિક્ષણ મળતું નથી તેને વ્યવહાર "ભણ્યો પણ ગણ્યો નહિ" એવી પદવી આપે છે.

આ કારણે જ બીજા પાસેથી વધારેમાં વધારે લાભ મેળવી લેવાની ને પોતામાંથી ઓછામાં ઓછો લાભ બીજાને લેવા દેવાની કળા એવો સંસારનો પણ અર્થ થઇ બેઠો છે.

આપણે સંસારમાં રહીએ છતાં આપણા તેમજ બાળકોના હિત અર્થે સંસાર શબ્દના આવા પતિત અર્થથી દૂર રહીએ. સ્વાર્થ ને પરાર્થનો સાચો અર્થ, સાચી મર્યાદાઓ જાણી 'સંસાર' શબ્દને ઉંચે ચડાવીએ. આપણી પાસે તેનો અર્થ, તેની ભાવના ચોખ્ખી હશે તો જ આપણે બાળકોને પણ ખરી દૃષ્ટિ આપી શકીશું.

આપણા ને પારકાની બાબતમાં આપણી પાસે નીચેના નિયમો હોવા જોઇએ. આપણા વર્તનથી, આપણી ભાષાથી, આપણી લાગણીઓથી, આપણા ચેહેરાના ભાવોથી આપણે તે જ નિયમો મુજબ જીવતાં હઇએ તો બાળકોને જૂદું શિક્ષણ આપવાનું રહેતું નથી.

૧. જેટલું આપણું ગણાતું હોય તેની યોગ્ય સંભાળ લેવી, સાચવણ રાખવી એ દરેકનું કર્તવ્ય છે. તે પ્રત્યેની બેદરકારી એ સાચો વૈરાગ્ય નથી પરંતુ સમાજનો ને કુટુંબનો દ્રોહ છે, આળસ છે. આવી બેદરકારીથી આપણે સમાજને ભાર રૂપ થઇએ છીએ. આપણા પારકાથી પર થએલાની જેમ ઉપકારક થતા નથી.

૨. આપણાની સાચવણ કરવા જતાં પારકાની બેદરકારી કરવાની જરૂર હોતી નથી. ઉલટું જે પોતાનો સ્વાર્થ યોગ્ય રીતે સાધે છે તેનામાં બીજાના સ્વાર્થ પ્રત્યે માન ઉપજે છે; તે પોતાના સ્વાર્થની કિંમત જાણતો હોવાથી બીજાના સ્વાર્થ પ્રત્યે તેને સહાનુભૂતિ હોય છે. આપણે સ્વાર્થ સાધવામાં સાચા માર્ગે છીએ કે નહિ તે તપાસવાની આ ઉત્તમ ચાવી છે. આપણામાં બીજાના અર્થ પ્રત્યે કેવી ભાવના જાગી છે, કેટલું સન્માન ઉદ્‌ભવ્યું છે તે તપાસવાથી આપણે પોતે ક્યાં છીએ તેનું માપ આવી શકે.

૩. આપણે કારણ વગર બીજાનું હિત કરવા દોડવાની જરૂર નથી. એમાં આપણે આપણુંયે હિત સાધતા નથી ને બીજાનુંયે સાધતાં નથી.

૪. જરૂર હોય ત્યાં બીજાને માટે આપણે આપણાથી બનતું કરી છૂટવું જ જોઇએ. તે વખતે આપણા હિતનો વિચાર આડે આવે તો સ્વાર્થ-સાધનના સાચા માર્ગ પર આપણે હજી નથી ચડ્યા એમ જ સમજવું.

૫. કારણ વગર બીજાની મદદ કે સેવા લેવી નહિ અને જરૂર પડે ત્યારે લેતાં અચકાવું નહિ કે શરમાવું નહિ.

આપણા કુટુંબમાં ને આપણી શાળામાં આ

આપણું ને પારકું

લક્ષ્મીબેન પોતાની વસ્તુઓ સાચવવામાં બહુ જ કુશળ. ઉંમરે તો માત્ર ચાર વરસનાં. દેખાવમાં તો તેથીયે નાનાં. બીજી રીતે કામકાજમાં બહુ બુદ્ધિવાન તો ન કહેવાય, પણ પોતાની વસ્તુ સાચવવામાં તેમની બુદ્ધિ સારૂં કામ આપતી. પોતાની ચકી, રૂમાલ, પ્યાલો, દાંતીયો સાથે લઇને જ ફરે. કયાંયે ભૂલે નહિ. કોઇને એને અડવા પણ ન દે. પોતાની વસ્તુની સાચવણની બાબતમાં હું રોજ એમની કદર કરતી. પરંતુ આસ્તે આસ્તે મેં જોયું કે લક્ષ્મીબેન પોતાની વસ્તુઓને જેટલાં સંભાળનારાં છે તેટલાં જ બીજાની વસ્તુઓ પ્રત્યે બેફિકર રહે છે. ને માત્ર બેફિકર છે, એટલું જ નહિ પણ લાગ મળે તો વાપરી લે, જ્યાં ત્યાં નાખી દે, એવું પણ બને છે. પોતાની કાંચકીને તો કોઇને હાથે ન અડાડવા દે, પણ બીજા કોઇનો સરસ દાંતીયો હાથ આવે તો પોતે માથું ઓળી લે એટલું જ નહિ, પણ ઓળીને દાંતીયો ફેંકી દે. આ જોઇને મને ઘણું દુઃખ થયું, કારણ કે આ બીનાથી તેમની સાચવણની કિંમત ઓછી થઇ. પોતાની વસ્તુ સાચવવાનો તેમનામાં ખાસ ગુણ ન હતો પણ આટલી નાની ઉંમરે ચાલુ સમાજની આપણા ને પારકા પરત્વેની ચાલુ વૃત્તિનો ભોગ થઇ પડેલાં હતાં, એ જોઇને મન દુભાયું. મોટાં બાળકોમાં તો એવા કેટલાયે દાખલા જોએલા પણ આ તો સાવ બાલપણમાં રોગ લાગુ પડ્યો કહેવાય.

આ રોગ ખરી રીતે આપણી પાસેથી આવે છે ને તે માટે આપણે જ જવાબદાર છીએ; ને તે માટે આપણે જ તેનો સાચો વિવેક કેળવવો જોઇએ. ગૃહસ્થાશ્રમ માંડીને બેઠેલા સંસારીઓને આપણું ને પારકું એની વચ્ચે ખૂબ ઝીણો વિવેક વાપરવો પડે છે. સંસારનો ત્યાગ કરીને ફરનાર બાવા જોગીઓને ઠીક હોય છે. તેમને આવો વિચાર જ કરવો પડતો નથી. સંસારમાં હોય, અથવા સંસારની બહાર હોય પણ 'વસુધૈવ કુટુંબકમ્' ની જ જેમની ભાવના થઇ ગઇ છે, એવા મુક્ત પુરુષોનું પણ ઠીક છે. એમને પણ આપણા પારકાની પંચાત કરવી પડતી નથી. પંચાત છે એક સંસારીઓને માથે. કારણ કે કુટુંબો સમાજનું જ અંગભૂત હોવાથી અમુક હદ સુધી તે સમાજનાં છે, છતાં અમુક રીતે તે અંદર અંદર જૂદાં જૂદાં પણ છે. એટલા પૂરતું તેમને આપણા ને પારકાનો વિચાર કરવો પડે છે.

સામાન્યતઃ જોઇએ તો સંસારીઓ આ બાબતમાં મુંઝાતા કે ગુંચવણમાં પડતા દેખાતા નથી. આજે પ્રચલિત માન્યતા એમ દેખાય છે કે બધાંએ પોતાનો સ્વાર્થ સાધવો. બધાંએ પોતપોતાનું સાચવવું એટલે બધાંનું જ સચવાય. રસ્તો સારો છે; સાચો છે. દરેક પોતાનું હિત સાધે તો કોઇને સમાજસેવાર્થે નીકળવું ન પડે ને કોઇને સેવાર્થે ભેખ લેવો ન પડે. દરેક પોતાનું હિત સાધીને આગળ વધે. પણ આજે પોતપોતાનું સંભાળો એનો અર્થ ઘણો જ સંકુચિત થઇ ગયો છે.

આમાં જે પ્રશ્ન છે. પોતપોતાનું સંભાળો એટલે પોતપોતાનું શું સંભાળવું આ એક, અને બીજો પોતાનું સાચવવા જતાં બીજાના હિત પ્રત્યે કેવી બુદ્ધિ રાખવી તે.

પોતાનું હિત સાચવવાના પ્રયત્નમાં મનુષ્ય બહુ જ સ્થૂળ વસ્તુ માત્ર સાચવવાની ધમાલમાં પડ્યો દેખાય છે. પોતાનું સાચું હિત, પોતાનું આખર હિત, પોતાનું સર્વ હિત શેમાં છે તેનો વિવેક જતો રહેવાથી, સંસારમાં સ્વાર્થ સાધવો એનો બહુ જ સ્થૂળ ને ટૂંકો અર્થ થતો જોઇને જ ઘણાંઓને સંસાર ઉપર વિરક્તિ આવે છે; કંટાળો

આવે છે. સંસાર એટલે જ ટૂંકો સ્વાર્થ, સંસાર એટલે જ સ્થૂળ ધમાલ, એવો અર્થ થઇ બેઠો છે.

સાથે સાથે પોતાનો સ્વાર્થ સાધવો એટલે એ પણ ખરૂં કે બીજાના અર્થમાંથી પોતે ખાટી ખાઇ શકતો હોય તો વધારે ડાહ્યો સંસારી ગણાય, વ્યવહાર-કુશળ ગણાય. એમ કરતાં ન આવડે તો વહેવાર સંસારી પાસેથી ઓછામાં ઓછું આટલું તો માગે જ કે બીજાના અર્થ પ્રત્યે બેદરકારી અને પોતાના અર્થમાંથી બીજા કાંઇક ખેંચી ન જાય તેની સાવચેતી. અર્થાત્ બીજા પ્રત્યે અવિશ્વાસ અને અસહાનુભૂતિ.

આજનો બધો વ્યવહાર આ તત્ત્વ ઉપર ચાલે છે. અર્થાત્ બાળપણથી બાળકોને પણ આ જ તત્ત્વો શીખવાય છે. બાળકો ખરૂં વ્યવહારશિક્ષણ કે ખરૂં જીવનનું શિક્ષણ નિશાળમાં લેતાં નથી પણ ઘરમાં અને ઘરની આસપાસ લે છે. નિશાળમાં તો એકલાં ભણે છે. સાચું ગણતરનું શિક્ષણ નિશાળમાં ન મળે. જેને સદ્‌ભાગ્યે એ સંસારના ગણતરનું શિક્ષણ મળતું નથી તેને વ્યવહાર "ભણ્યો પણ ગણ્યો નહિ" એવી પદવી આપે છે.

આ કારણે જ બીજા પાસેથી વધારેમાં વધારે લાભ મેળવી લેવાની ને પોતામાંથી ઓછામાં ઓછો લાભ બીજાને લેવા દેવાની કળા એવો સંસારનો પણ અર્થ થઇ બેઠો છે.

આપણે સંસારમાં રહીએ છતાં આપણા તેમજ બાળકોના હિત અર્થે સંસાર શબ્દના આવા પતિત અર્થથી દૂર રહીએ. સ્વાર્થ ને પરાર્થનો સાચો અર્થ, સાચી મર્યાદાઓ જાણી 'સંસાર' શબ્દને ઉંચે ચડાવીએ. આપણી પાસે તેનો અર્થ, તેની ભાવના ચોખ્ખી હશે તો જ આપણે બાળકોને પણ ખરી દૃષ્ટિ આપી શકીશું

આપણા ને પારકાની બાબતમાં આપણી પાસે નીચેના નિયમો હોવા જોઇએ. આપણા વર્તનથી, આપણી ભાષાથી, આપણી લાગણીઓથી, આપણા ચહેરાના ભાવોથી આપણે તે જ નિયમો મુજબ જીવતાં હઇએ તો બાળકોને જૂદું શિક્ષણ આપવાનું રહેતું નથી.

૧. જેટલું આપણું ગણાતું હોય તેની યોગ્ય સંભાળ લેવી, સાચવણ રાખની એ દરેકનું કર્તવ્ય છે. તે પ્રત્યેની બેદરકારી એ સાચો વૈરાગ્ય નથી પરંતુ સમાજનો ને કુટુંબનો દ્રોહ છે, આળસ છે. આવી બેદરકારીથી આપણે સમાજને ભાર રૂપ થઇએ છીએ. આપણા પારકાથી પર થએલાની જેમ ઉપકારક થતા નથી.

૨. આપણાની સાચવણ કરવા જતાં પારકાની બેદરકારી કરવાની જરૂર હોતી નથી. ઉલટું જે પોતાનો સ્વાર્થ યોગ્ય રીતે સાધે છે તેનામાં બીજાના સ્વાર્થ પ્રત્યે માન ઉપજે છે; તે પોતાના સ્વાર્થની કિંમત જાણતો હોવાથી બીજાના સ્વાર્થ પ્રત્યે તેને સહાનુભૂતિ હોય છે. આપણે સ્વાર્થ સાધવામાં સાચા માર્ગે છીએ કે નહિ તે તપાસવાની આ ઉત્તમ ચાવી છે. આપણામાં બીજાના અર્થ પ્રત્યે કેવી ભાવના જાગી છે, કેટલું સન્માન ઉદ્‌ભવ્યું છે તે તપાસવાથી આપણે પોતે ક્યાં છીએ તેનું માપ આવી શકે.

૩. આપણે કારણ વગર બીજાનું હિત કરવા દોડવાની જરૂર નથી. એમાં આપણે આપણું યે હિત સાધતા નથી ને બીજાનું યે સાધતાં નથી.

૪. જરૂર હોય ત્યાં બીજાને માટે આપણે આપણાથી બનતું કરી છૂટવું જ જોઇએ. તે વખતે આપણા હિતનો વિચાર આડે આવે તો સ્વાર્થ-સાધનના સાચા માર્ગ પર આપણે હજી નથી ચઢ્યા એમ જ સમજવું.

૫. કારણ વગર બીજાની મદદ કે સેવા લેવી નહિ અને જરૂર પડે ત્યારે લેતાં અચકાવું નહિ કે શરમાવું નહિ.

આપણા કુટુંબમાં ને આપણી શાળામાં આ

તત્ત્વ ઉપર વાતાવરણ રચ્યાવવું જોઇએ. અનેક પરોપકારી સંસ્થાઓ ને અનેક જનહિતાર્થે નીકળી પડેલા સમાજસેવકો સમાજનું કે વ્યક્તિનું હિત ન કરી શકે. તેટલું સમાજ ને કુટુંબનો સંબંધ કંઇ રીતે છે તે જાણવાથી ને વર્તનમાં ઉતારવાથી લાભ થાય. પરોપકારી સંસ્થાઓ તો માંદાને માટે દવા કે હોસ્પિટલ હોય તેવી છે. દવા લેવા કરતાં આરોગ્યશાસ્ત્ર પાળવું વધારે હિતાવહ છે. **તા.**

મને ખબર નથી

હું અને મારી નાની સવા ચાર વર્ષની છોકરી ફળીયામાં બેઠાં પડ્યાં હતાં.

હું કશાક વિચારમાં હતો. તે આમ તેમ જોતી હતી ને રમતી હતી.

એકાએક તેણે મને પૂછ્યું: "ગિજુભાઇ, સૂરજ અસ્ત થાય છે પછી કયાં જતો હશે?"

નાની છોડી સમજી શકે તેમ આનો ઉત્તર આપવા મેં મનમાં પ્રયત્ન કર્યો. મને લાગ્યું કે હું સમજાવી નહિ શકું. મને એમ પણ લાગ્યું કે આનો ઉત્તર આપવા માટે જે સ્પષ્ટ અને ચોક્કસ જ્ઞાન આ વિષય પરત્વે જોઇએ તે મારામાં નથી. મેં આખરે જવાબ આપ્યો: "મને ખબર નથી."

છોકરીએ બીજો સવાલ પૂછ્યો: "આ ભીંતે રંગ લગાડ્યો છે તે કેમ થયો હશે?"

મેં કહ્યું: "મને ખબર નથી."

છોકરીએ કહ્યું: "કોઈ કહેતું હતું કે જમીનમાંથી નીકળે છે."

મેં કહ્યું: "મને બરાબર ખબર નથી."

આવા સવાલો આ છોકરી વારંવાર પૂછે છે, ને ત્યારે મારે એવો જવાબ આપવો પડે છે કે "મને ખબર નથી."

સાચે જ મને ખબર નથી. મારું જ્ઞાન એટલું બધું અલ્પ છે કે હું ઉત્તરો આપી શકતો નથી.

બાળકમાં જીજ્ઞાસા કેમ પેદા કરવી તે હું થોડું ઘણું જાણું છું. તેને સમજે તેમ જવાબ આપતાં પણ કદાચ આવડે છે. પરંતુ શો જવાબ આપવો તે જ જ્યાં હું જાણતો નથી ત્યાં શું કરવું?

હું બાળકને ગમે તેવો ખોટો જવાબ આપી દઇ મારી આબરૂ સાચવતો નથી. કાલે જવાબ આપીશ, આજે નહિ, અત્યારે નહિ, એમ કહી તેને થકવી નાખી મારાથી દૂર કરતો નથી; ને એમ કરી મારું અજ્ઞાન ઢંકાઇ રહે તેવું ઇચ્છતો નથી. હું તો ચોકખે ચોકખું કહી દઉં છું કે "મને ખબર નથી." અને ઉમેરું છું કે "કોઈ ઠેકાણેથી જાણીને કાલે કહીશ." આથી મને એક જાતનો સંતોષ થાય છે. પણ મને એક પ્રકારનું દુઃખ પણ થાય છે. તે દુઃખ એનું કે મારું જ્ઞાન અલ્પ છે. તેનો પણ દુઃખ ન લેખું. ઓછા જ્ઞાને મારું તો ચાલી શકે, પરંતુ પિતા તરીકે હું પોતે જ બાળકની જીજ્ઞાસા તૃપ્ત ન કરી શકું તે દુઃખ વધારે છે. તે દુઃખ પણ સહી શકું—જો હું બાળકને અમુક જ્ઞાન કયાંથી મેળવવું તે તેને બતાવી શકતો હોઉં, અથવા હું પોતે જોઇતું જ્ઞાન મેળવવાની સામગ્રી મેળવી તેમાંથી જાણી તેને કહી શકતો હોઉં તો.

નાની છોકરીએ હમણાં અક્ષરજ્ઞાન હોંશે હોંશે લેવા માંડ્યું છે. થોડા વખતમાં તેના હાથમાં જ્ઞાનોપાર્જન કરવાનું એક ભારે સબળ શસ્ત્ર આવશે. બરાબર આ જ વખતે જો હું તેની પાસે જ્ઞાનનાં સાધનો, જીજ્ઞાસાને તૃપ્ત કરે

તેવાં સાધનો યથાક્રમે મૂકી શકતો હોત તો મારા મનમાં જરા પણ વસવસો ન રહેત. તેને હું કહેત "મને ખબર નથી, પણ તું તે તારી મેળાએ જ જાણી શકીશ. તને વાંચતાં આવડશે એટલે એવી એવી ચોપડીઓ છે કે જેમાં આ બધું લખેલું છે. તારે મને પૂછવું જ નહિ પડે."

હું મારું અલ્પજ્ઞાન દૂર કરવા ન માગું એમ નથી. અલ્પજ્ઞાન એ શોભા કે દોલત નથી. હું પોતે જેટલું વધારે જાણું તેટલો બળવાન થઈ શકું. આજે તો હું આંધળો છું. અને એનું કારણ એ છે કે મને પણ મેં બાળકને આપ્યા તેવા જ જવાબો મોટાઓ તરફથી મળ્યા હશે, અને મને જાતે જાણી લેવાની સામગ્રી તો મળી જ નથી.

હું મારો વિચાર કરી રહ્યો છું. હું બાળકને જેટલો ઉપયોગી થાઉં તેટલું સારું ગણું છું; તેટલું મારું સુખ વધે છે. પરંતુ મારા પર બાળક અવલંબે ને હું ન જાણું તો અગર જણાવવા માટે નવરો ન હોઉં તો કે મને શોખ ન હોય તો બાળકની જીજ્ઞાસા અતૃપ્ત રહે તેમાંથી બચવાનો અને બચાવવાનો વિચાર કરું છું.

મને એ વિચાર ઠીક લાગે છે. આપણે આવા બધા વિષયો પર 'બાળ જ્ઞાનપોથીઓ' એવી જાતની પોથીઓ તૈયાર કરવી ઘટે. આ એક જબર જીજ્ઞાસા તૃપ્ત કરનારી અને જ્ઞાન દેનારી સામગ્રી થશે. અક્ષરજ્ઞાનના બળ વડે બાળકો આ સામગ્રીને પોતાની કરશે અને જે અનેક પ્રશ્નો ઉઠી ઉઠી સમાઇ જાય છે ને પરિણામે જીજ્ઞાસાવૃત્તિ જ મંદ પડે છે તેમ નહિ બને. બાળકોને આપણી સામે જોઇને બેસવું નહિ પડે. આપણાં ગપ્પાંના કે દંભના ભોગ થવું નહિ પડે. અને મારા જેવાને 'મને ખબર નથી' એમ કહેવું નહિ પડે.

બાળકને માટે આવી પોથીઓ થશે તે માબાપો પણ વાપરી લેશે. મારા જેવાં ઘણાં માબાપો બાળકો થઇને જ આ પોથીઓ વાપરશે. અને ધારો કે હવે પાકે ઘડે કાંઠા નહિ ચડે અગર મોટાંઓને બાળકોને જ્ઞાન દેવા અવકાશ નહિ હોય—અને આ જમાનામાં એમ જ બનતું જાય છે ને બનશે—તો પણ બાળકો પોતાની મેળે ઘણું જ્ઞાન મેળવી શકશે.

આપણે આજના દરેક માબાપ પાસે જ્ઞાન માગીએ તેના કરતાં આજના દરેક વિદ્વાન્ પાસે સહકાર માગીએ. તેઓ બધા ભેગા થઇ 'બાળ જ્ઞાનપોથીઓ' જથ્થાબંધ લખી આપે તો બાળકો ઉપર અને ભાવિ પેઢીઓ ઉપર ભારે ઉપકાર થાય. અને 'મને ખબર નથી' એમ મારા જેવાને કહેવાનો ઓછો વખત આવે. **ગિ.**

ટીકા

"એ છોકરા, આ વાળ તો સરખા રાખ? વાઘરા જેવો લાગે છે."

"સુશીલા, અત્યારમાં આ કયાં આવ્યું? મૂક કોરે. બીજે બંધો છે કે?"

"જો ને, ઘરમાં સૌનાં કપડાં રખડે છે. આ તે ઘર છે કે ધોબીની દુકાન છે?"

"એ છોકરા, અત્યારે આરડવા કયાં લાગ્યો? આ તો બપોર છે. તેં તો માથું પકવ્યું!"

"જો ને, માથું ઓળતાં આવડયું છે?"

"જો ને, કોટ કાંઇ મેલો પહેર્યો છે!"

"જો ને, હાથ કાંઇ ધોયા છે! ધૂળ તો ચોંટી છે."

"જો તો, ચાંદલો કરતાં આવડ્યો છે! કયાં જતો ઉંચો કર્યો છે!"

"વાળ્યું બરૂ પણ પગે તો ધૂળ ચોંટે છે!"

"ચોખ્ખા બધા દઝાડી દીધા. ધ્યાને રાખે છે?"

ગિ.

કદર

"બચુ, આ વાળ તો કોઇએ સરસ કાપ્યા છે! હવે એ ઓળવાથી વધારે સરસ લાગશે."

"બેન, જો પણે શાક છે તે સુધારી નાખને? આ કામ જરા પછી લેજે."

"સાલ તો, આ કપડાં ઉપાડી લઇએ. બધાં ધૂળે ભરાય છે. જરા મૂઠી દઇએ."

"અરે ભાઇ, આમ આવ. જો સંગીત સાંજે કે સવારે શોભે. અત્યારે જરા વાંચીએ લખીએ."

"માથામાં તેલ સરસ નાખ્યું છે."

"કોટનાં બુતાન ટંકાવ્યાં? સારું કર્યું."

"હાથ ઠીક ધોવાયા છે. ઘણી બધી ધૂળ તો વહી ગઇ છે."

"કાલે તો આના કરતાં વધારે પડ્યું હતું. હવે બાતાં આવડતું જાય છે."

"વાહ, આ ગોઠવણ તો સારી થઇ છે. આ ચોપડી જરા આમ મૂકું?"

"હવે ચાંદલો હાથે કરતાં શીખી, હવે ઠીક થશે."

"ઠીક વાળ્યું છે. બીજી વાર વાળશો એટલે બધી ધૂળ વહી જશે."

"ઠીક થયું વહેલા ઉતાર્યા, નહિતર સાવ દાઝી જાત. કાલથી ધ્યાન રાખજે."

ગિ.

મારમાં ઉછરેલ

નાનો બાબુ ઓરડામાં આવ્યો. તેની નજર મોટા ભાઇનાં રમકડાં ઉપર પડી. મોટો ભાઇ પાસે નથી એ સંધિ તેને ઠીક લાગી. દોડીને પાસે ગયો ને રમવા લાગ્યો. બીજાની દૃષ્ટિએ વીંખવા લાગ્યો. મોટો ભાઇ છ વરસનો હતો. એટલામાં તે આવી પહોંચ્યો. બાબુને પોતાની વસ્તુઓ વીંખતો જોઇને તેને ચીડ ચડી. દાંત ભીંસીને મારવા મંડ્યો. મોટા ભાઇનું રૂદ્ર સ્વરૂપ જોઈ બાબુ અત્યંત ગભરાઈ ગયો. બીકથી રડીયે ન શકયો. એક ચીસ નાખી ભાગવા લાગ્યો પણ બરાબર ચાલતાં આવડતું ન હતું તેથી ને કદાચ બીકની ધ્રુજારીથી અંગવ્યંગ પડી ગયો. મોટા ભાઇની રાડ હજી બોલી થઇ ન હતી. બાબુને મારવા તે તેની પાછળ દોડ્યો. એટલામાં તેની માશી આવી પહોંચ્યા ને બાબુને છોડાવ્યો.

મોટા ભાઇનો ચહેરો ક્રોધથી તપી ગયો હતો. માશીને થયું આટલાક છોકરાને આટલો બધો ક્રોધ!

એટલામાં છોકરાના પિતા ત્યાં આવી પહોંચ્યા. તેમણે અહીંનો બનાવ દૂરથી જોયેલો તેથી તે તપીને જ આવ્યા હતા.

આવતાંવેંત મોટા ભાઇના ગાલ ઉપર એક જોરથી લગાવી દીધી. "કેમ બાબુને મારે છે?"

માશીનો ક્રોધ ઉકલ્યો. તેણે વિચાર્યું: "બાપ દીકરાને મારે તો દીકરો નાના ભાઇને મારે જ ને!"

ત.

મારમાં ન ઉછરેલ

ત્રણ પાડોશીની ત્રણ છોકરીઓ ફળીયામાં બાગ કરતી હતી. એમાંથી એક નવી જ આવેલી ને ઉંમરમાંયે નાની હતી.

બચીબેન બોલી: "જો જો, રસુ, શારદાએ તારો ગલ ખેંચી નાખ્યો."

આવેથી ગલ ખેંચ્યાની વાત સાંભળી રસુ દોડતી આવી. તેનો તે પ્રિય છોડ હતો. બહુ જ સંભાળથી તેણે તે ઉછેર્યો હતો.

પાસે જઈને જોઈ રહી. ઘડીક તો શું કરવું તે તેને ન સૂઝયું. "એ શારદા આ શું કર્યું?" ફરીને બૂમ પાડી. જોરથી રડતી બા આગળ ગઈ.

બાએ છોડ ફરીથી વાવવાનો રસ્તો બતાવ્યો.

બધું થયા પછી બાએ પૂછ્યું: "રસુ, તને શારદાને મારવાનું મન થયું હતું?"

"ના, એને કેમ મરાય? મને તે વખતે શારદા જરાયે ન ગમી. મારા ગલને એ કેમ અડે? બાગમાં હું એને નહિ આવવા દઉં, જોજે."

"પણ બચીને રાખે છે તેમ એનેય તું બગીચા કરવાનું બતાવ તો?"

"એ માને તો એને બતાવું. હું એને પૂછી આવું."

તા.

બાળાગોળી

એક ભાઈ પૂછે છે કે બાળકને બાળાગોળી કરાવવી કે નહિ?

બાળાગોળી કરાવવાનો રિવાજ આપણે ત્યાં ખૂબ પ્રચલિત છે અને જૂનો છે. એટલો સર્વવ્યાપી છે કે એને વિષે વિચાર કરવાનું પણ થોડાને સૂઝે છે. છતાં આ રિવાજ ઘણો જ ભયંકર છે. બાળાગોળીમાં અફીણ અને એવી ઘેનની ચીજો આવે છે. સાંજે બાળક કજીયે ચડતું દેખાય છે ત્યારે બાળાગોળી કરાવાય છે. માબાપની માન્યતા એવી છે કે આથી બાળક સારી રીતે ઊંઘી રહેશે, બાળપ લેશે, અને મોટું થશે. કેટલાંએક હલકાં માબાપો ઉપલા કારણ ઉપરાંત બાળક રાતે ઊંઘી રહે ને માબાપને અડચણ ન કરે તે માટે પણ બાળાગોળી કરાવે છે એમ જાણવામાં છે. બાળક બેશક ઊંઘમાં પડયું રહે છે એ ખરી વાત છે પરંતુ તે કંઈ સ્વસ્થ ઊંઘ નથી લેતું. કેફને લીધે બેભાન પડ્યા રહેવું એ ઊંઘ ન જ કહેવાય. અફીણ કે કેફી પદાર્થોથી કોઈ પણ બાળક બાળપ લે જ નહિ. તે પદાર્થો કાંઈ દૂધ જેવા પોષક નથી કે તેથી શરીર સારું થાય. ઉલટું એથી બાળક ધીરે ધીરે કંતાતું જાય છે, વધારે કજીયાળું થાય છે અને તેથી તેને વધારે ને વધારે બાળાગોળી કરાવવી પડે છે. બાળકને જ્યારે બાળાગોળી કરાવે છે ત્યારે તે બે ઘડી હસે છે ને હાથ પગ હલાવે છે. મા તે જોઈ રાજી થાય છે ને તેની સાથે રમે છે; પછી બાળક ઊંઘી જાય છે. પણ અજ્ઞાની માતાને ખબર નથી કે એ તો અફીણનો નિશો હતો કે જેને લીધે તે રમતું હતું. દારૂ કે એવા દરેક પ્રકારના નિશામાં આ પ્રમાણે જ બને છે. પાછળથી માને લાગે કે બાળક ઊંઘે છે પણ તેમ નથી, બાળક માત્ર બંધાણી જેમ પડયું રહે છે.

ખરી રીતે બાળાગોળી કરાવવી જ ન

જોઇએ. કેટલાએક લોકો સુશિક્ષિત લોકોને સમજાવે છે ને તેઓ માને છે કે અરીણ વિનાની ગોળી હોય તો તેમાં વાંધો નહિ. પરંતુ એક તો એવી ગોળીઓ હોવાનો દાવો કેટલે અંશે સાચો હોય તે જોવાનું રહે છે; અને સાચો હોય તો પણ બાળકોને ગોળી–દવા બવરાવી ઊંઘાડવાં અને આનંદિત કરવાં એ જ અયોગ્ય છે. બાળકો પોતે તંદુરસ્ત હોય તો રમે જ. તેઓ રમીને જ મોટાં થાય છે. ઘોડીયામાં ટાંટુડીયો પછાડવી એ એમની કસરત છે. તેઓ લાંબો વખત એમ કરી કરીને પોતાની મેળે સૂઇ જાય છે ને પછી ધસઘસાટ ઊંઘે છે.

જે બાળકને ઊંઘ ન જ આવતી હોય અગર રડતું હોય તો તેની શારીરિક કે માનસિક નબળાઇ શોધી તેની રીતસરની દવા કરવાની જરૂર છે. હવેનો યુગ આવા જૂના નુકશાનકારક રિવાજોને એક લાતે કોરે બસેડવાનો છે. એ જૂના અજ્ઞાનને હવે હટાડવાનું છે. બાળકોના પોતાના જ હિત અર્થે કોઇ કાળે ગોળી તેમને ન જ કરાવાય. ગિ.

હજી તો ધાવણો છે

મારી બાજુમાં એક કોળી રહે છે. કોળી પોતે ભણેલો છે, એટલે કે સહી કરતાં આવડે છે; કંત્રાટ રાખે છે; મોટા નાના સદ્‌ગૃહસ્થોના પરિચયમાં આવે છે. કોળણ ઘરનું કામકાજ કરે છે; ભેંસો સંભાળે છે; દૂધ વેચે છે ને છોકરાં ઉછેરે છે.

મેં તેને કહ્યું: "અલ્યા ભગવાન, તારા છોકરાને બાલમંદિર કેમ નથી મોકલતો? કેવડો થયો છે?'

"ભાઇ, હજી એ નાનો છે. માત્ર સાડા ચાર વરસનો થયો છે."

"પણ અમે તો અઢી વરસનાં બાળકોને દાખલ કરીએ છીએ. તારો છોકરો આવી શકે; જરૂર મોકલ."

મારી પાસે મારાં ઘરવાળાં બેઠાં હતાં; તેણે કહ્યું: "પણ હજી તો એ ધાવે છે."

ભગવાને કહ્યું: "હા, હજી તો ધાવણો છે."

હું આશ્ચર્ય પામ્યો. "હેં, હજી ધાવણો!"

ભગવાન કહે: "હા ભાઇ, હજી તો ધાવે છે."

ભગવાન ગયો. મેં ઘરમાં પૂછ્યું: "આ શું? સાડા ચાર વર્ષનું બાળક હજી પણ ધાવે છે?"

"હા, વાત ખરી છે. છોકરો ખોટનો છે."

મેં કહ્યું: "પણ ખોટનો હોય તેથી શું?"

"વળી છોકરો એની બાને બહુ મોટી ઉંમરે થયો છે."

મેં કહ્યું: "પણ તેથી શું?"

"એથી એ લોકો છોકરાને બહુ લાડ લડાવે છે."

"અરે! પણ આવાં લાડ તે કયાંઇ હોય? આ લાડ તો હાડ ભાંગે."

"પણ ત્યારે લોક કોને કહે. અજ્ઞાની કોને કહે. હજી તો છોકરાને એની વહુ કેડે ને કેડે જ રાખે છે. છોકરો માંડ પડતો આખડતો ચાલે છે."

"પણ આપણે એને કહીએ ને સમજાવીએ તો?"

"રામરામ કરોને. એ અબૂજ લોકો શે સમજે?"

અહીં અમારી વાત અટકી. વાત અટકી પણ આપણાથી કેમ અટકાય? ઘરમાંથી તો નિરાશાનો ઉત્તર મળ્યો, પણ આપણાથી નિરાશ

કેમ થવાય ? એક વાર તો એ લોકોથીએ વધારે અજ્ઞાની આપણે હતા. ભલા માણસોએ આપણું અજ્ઞાન દૂર કર્યું ને આપણને સુખના માર્ગે મૂક્યા. આપણે પણ આ ભાઇઓના અજ્ઞાનને ફેડવા બનતા પ્રયત્નો કરીએ.

ગિ.

વળગણી

એક ઘરમાં ગયો. બાળકોને કપડાં પહેરવાં હતાં. કપડાં પહેરવાની ઉતાવળ હતી પણ કપડાં વળગણી ઉપર હતાં. બા કે મોટી બેન આવે ને ઉતારી દે ત્યારે તે મળે તેમ હતાં. બાળકો રાહ જોઇને વળગણી સામે જોઇને ઉભાં હતાં. કોઇ મોટું આવ્યું ત્યાં સુધી તેમણે રાહ જોઇ. ધીરેથી મોટું આવ્યું, કપડાં ઉતારી દીધાં ને પછી બાળકોએ તે પહેર્યાં. હું કપડાં ઉતારી આપી શકત, પરંતુ હું જોતો હતો કે આ શું ચાલે છે.

મને થયું આમ શા માટે ? એક વળગણી નીચી ને બીજી ઉંચી ન રાખી શકાય ? અને તેમ જો બની શકે તો બાળકો પોતાનાં કપડાં પોતાની મેળે લઇ શકે ને પહેરી લે. કાઢીને પાછાં પોતાની મેળે ત્યાં જ મૂકી દે.

મને થયું કે આ બાળકોનાં માબાપને વાત કહું. મેં તેમને કહ્યું ને મારું કહેવું તેમને ગળે ઉતર્યું. એક નીચી વળગણી બંધાઇ ને છોકરાંને ત્યાં કપડાં મૂકવાનું મળ્યું.

બીજી વાર હું આવી ચઢ્યો ને મેં છોકરાંને પોતાની મેળે કપડાં ઉતારતાં અને પહેરી લેતાં જોયાં. તેઓને કોઇની રાહ જોવાની ન હતી. તેઓની પરાધીનતા દૂર થઇ હતી, તેઓ એટલા પૂરતાં સ્વતંત્ર થયાં હતાં. તેઓને એટલું પોતાનું રાજ મળ્યું હતું.

મેં એમના માબાપનું બાળકોની સ્વાધીનતા તરફ ધ્યાન ખેંચ્યું. માબાપોએ મારા વિચારને ઘરમાં ચારે કોર અમલમાં ઉતાર્યો ને બાળકોને ઝીણી ઝીણી સગવડ કરી આપી.

થોડા દિવસ પછી મેં બાળકોને માટે નીચે મૂકેલો નાનો એવો ગોળો જોયો. તેઓ પોતાની મેળે પાણી પીતાં હતાં. કોઇની પાસે માગવું પડતું ન હતું. જમતી વખતે નાના એવા ઘોડા ઉપરથી પોતાનાં વાસણો પોતે જ લઇ આવતાં હતાં. કબાટના નીચલા ખાનામાં તેઓ પોતાની ચીજો ગોઠવતાં હતાં. અગાઉ જે કામોને માટે તેઓને મોટાંની મદદ લેવી પડતી હતી તે તેઓ જાતે કરી લેતાં હતાં.

મને થયું કે મારે મારો અનુભવ સર્વ માબાપોને જણાવવો જોઇએ.

ગિ.

ઘરમાં મોન્ટીસોરી

હાથ ધોવા

સુપડી સાવરણી ને કચરાના ડબ્બાની પાછળ જ હાથ ધોવાનાં સાધનો આવે છે. કચરો સાફ કરવાની સાથે જ જાતની સાફસુથરી આવવી જોઇએ. આપણા ઘરની ગંદકી આપણે જાતે જ સાફ કરી શકીએ એ વસ્તુની સાથે જ સાફ સૂફ કર્યા પછી જાતે સ્વચ્છ થઇ જવાની વાત

બાળકોને બતાવવી જોઇએ. આથી ધોળાં કપડાં પહેરનારાઓ ગંદકી સાફ ન કરી શકે એવો આજે સમાજમાં પ્રચલિત જે ખોટો ભ્રમ છે તે નીકળે તેની સાથે જ ગંદકી સાફ કરનાર તો મેલા જ હોય, એ ભ્રમ પણ દૂર થાય. જુઓ આપણો ઉજળીયાત વર્ગ તેમજ આપણા ભંગી, આપણા કામવાળા વગેરે. પહેલેથી એ જ ટેવ પાડવી જોઇએ કે ઘરમાં ગંદકી દેખાય કે તે જાતે સાફ કરી નખાય ને આવી સાફસુરી પછી હાથ, પગ, મોઢું કે આખું શરીર જરૂર હોય તે પ્રમાણે ધોઇને જાતે સાફ થવાય.

હાથ મોઢું ધોવાનાં સાધનોની સ્વતંત્ર રીતે પણ જરૂર છે જ. સામાન્યતઃ ઠીક ગણાતાં આપણાં ઘરોમાં પણ બાળકોની સ્થિતિ જોઇએ તો હાથ પગ ગંદા, નાક આંખ ગંદાં ને કપડાંનું તો ઠેકાણું જ નહિ એવી હોય છે. એનો બીજો છેડો નોકર મારફત બાળકો અત્યંત સાફસુફ રહે છે તે, અગર સફાઈ બગડે, હાથ પગ મેલા થાય, કપડાં મેલાં થાય માટે રમત ગમત વગેરે કોઇ પણ પ્રવૃત્તિ કે હીલચાલ કરવાની જ બાળકોને. અટકાયત હોય તે.

બન્નેમાં વચલો રસ્તો યોગ્ય છે. ગારાનાં રમકડાંયે બનાવાય, બાગકામ પણ થાય, વાસણ ઉટકવાનું કે ઘર વાળવાનુંયે થાય ને રેતીમાં કુવા કરવાનું કે કૂદકા મારવાનુંયે થાય. ને હાથ પગ મેલા થાય તો ધોઇને સાફ પણ કરાય. આ રસ્તો ખરો છે. એક બાજુથી એટલું બણબંડપણું ને અસંસ્કારિતા કે ગંદાપણું સાલે જ નહિ કે દેખાય જ નહિ, ને બીજી બાજુએ સ્વચ્છતાની એટલી બધી ગુલામી હોય કે પ્રવૃત્તિ માત્રમાંથી નિવૃત્ત જ થઇને પથરા જેમ બેસવું પડે એ બંન્ને વસ્તુ બાળવિકાસમાં હાનિ પહોંચાડનાર જ છે. બાળકમાં ગંદકીની સૂગ આવવી જ જોઇએ. પણ તેની સાથે જ ગંદકી સાફ કરવાની સૂગ જવી જોઇએ. ધૂળ માટીમાં કામ કે રમત કરવાનીયે તાકાત આવવી જોઇએ, ને તેથી હાથ પગ મેલા થાય તો ધોઇને સાફ થવાનીયે તાકાત આવવી જોઇએ.

હાથ ધોવાનાં સાધનોમાં એક નાની ડોલ, કળશો અથવા વાટકો, સાબુ અથવા અરીઠાં કે શિકાકાઇનું પાણી ને હાથ પગ લૂવા માટે લુગડાના કટકાઓ એટલી વસ્તુની જરૂર છે. ડોલ કળશો હોય તો બીજાંએ હાથ ધોવરાવાની જરૂર પડે છે પણ એકાદ નાનું ટીપ ને તેને નળ હોય તો બાળક જાતે જ હાથ પગ મોઢું ધોઇને સાફ કરી શકે છે.

પ્રારંભમાં હાથ કેમ ધોવાય તેની સમગ્ર ક્રિયાઓ ધીમે ધીમે બાળક આગળ આપણે કરી બતાવવી. ક્રિયામાં હાથ કેમ પલાળવા, સાબુ કેમ ઘસવો, પછી બધી આંગળીઓ ને હાથની પાછળની બાજુ વગેરે બધું કેમ ધોવું વગેરે ક્રિયાઓ સ્પષ્ટ ને બાળકનું ધ્યાન ખેંચીને કરવી. હાથ ધોયા પછી ટુવાલથી આંગળીયે આંટાળી અને નખ વગેરે બધું ધીમે ધીમે લુછને બાળકને બતાવવું. પોતાના સ્વચ્છ હાથ પણ તેને બતાવવા.

પછી બાળકને હાથ ધોવા દૃઢું મૂકવું. આપણી બધી ક્રિયાઓ તેના ધ્યાનમાં આવે ત્યાં સુધી રોજ તે ક્રિયાઓ આપણે કરી બતાવવી, પરંતુ તે ધોતું હોય ત્યારે ટોકવું નહિ. બાળક બહુ નાનું હોય ને તેના હાથ જાતે ધોયા પછી સ્વચ્છ ન થયા હોય તો પાછળથી આપણે

ધોઈ દેવા પણ રોજ પ્રથમ તેને ધોવાની પૂરતી તક આપવી. ૨૫–૩ વરસનું બાળક એ ક્રિયાઓ શીખી લેવા ખાતર દિવસમાં ઘણી વાર હાથ ધોવા લાગે છે; તો તેને તેમ કરવાની છૂટ આપવી. ભેશક કપડાં ન પલળે, શરદી ન થાય, ઘરમાં પાણી પાણી ન થાય વગેરે બાબતોનો બંદોબસ્ત જરાક વિચાર કરી પરિસ્થિતિ પ્રમાણે કરી લેવો. અવલોકનથી નક્કી કરવું કે બાળક હાથ ધોતાં શીખે છે કે કોઈ બીજે જ રસ્તે ચડયું છે. હાથ ધોતાં શીખવવાની ગરજ સર્યા પછી હાથ ધોવાનાં સાધનો કાઢી નાખી જરૂરને વખતે જ નીચે મૂકવાની વ્યવસ્થા કરવી. સાધન મૂકીએ ત્યારે તે સાધનનો ધારેલો જ ઉપયોગ થાય એ જરૂરનું હોય છે. માટે પાણીની બીજી રમતો કે સાબુની રમતો વગેરે હાથ ધોવાનાં સાધનો સાથે ન ચલવી લેવાય. હાથ ધોવાનાં સાધનો સાથે તો હાથ મ્હોં ધોઈને જાતે સાફ થવાની ક્રિયાઓ જ જોડાએલી હોય. બીજે વખતે સાબુની રમતો શક્ય હોય તો બાળક ભલે કરે, પણ આ સાધનોથી તો નહિ જ.

હાથ ધોવાનું કહ્યું તેમ જ પગ, નાક, આંખ, મોઢું, દાંત, વગેરે બધું સાફ કરવાની બાબતમાં સમજવું.

હાથ પગ ધોવાના પ્રસંગો પણ નક્કી કરી દેવા જોઇએ. જેમકે સાવરણીથી સાફસુફી કરી લીધા પછી હાથ ધોવાનું હોય જ.

ધૂળની રમતો પછી, જમવા જતા પહેલાં, જમ્યા પછી ને કાંઇ પણ બાવું હોય તે પહેલાં હાથ ધોવાની ટેવ જરૂરની છે. તેમજ બહાર જઇ આવ્યા પછી હાથ પગ ધોઇને ઘરમાં આવવું, સૂતા પહેલાં હાથ પગ ધોઇને પથારીમાં જવું વગેરે બાબતો પણ દાખલ કરી શકાય.

વાત નાની છે પણ તેની પાછળ સારી પેઠે મહેનત લેવી પડે છે. ને પડે તે મહેનત લઈ વાત સાધ્ય કરવા જેટલી મહત્ત્વની તો છે જ.

તા.

ઘરેડની ગુલામી

એક મિત્રને ત્યાં મળવા ગઇ.

છોકરાંછૈયાંના ખબર અંતર પૂછ્યા.

મિત્ર કહે: "જુઓને, આ બચુભાઇ માંદો જ રહે છે. હમણાં જ હવા ખાવા ગયાં હતાં, ત્યાંથી પાછાં ફરીએ છીએ. આને તો કશાથી ફાયદો જ થતો નથી."

મિત્ર જરા અંદર ગયા એટલે મારી સાથે મારા ભાઇ હતાં તેમને મેં પૂછ્યું: "આ બચુભાઇની ઉંમર કેટલી લાગે છે?"

ભાઈ કહે: "આમ તો નવ દસ વરસનો લાગે છે."

બચુભાઇ પૂરા સોળ વરસના હતા.

તપાસ કરતાં ખબર મળ્યા કે ભાઈ અંગ્રેજી પહેલીમાં બે વરસથી ભણે છે. ઘણા ખરા વિષયોમાં નબળા જ છે, અને હવે તો મારા મિત્ર તેને સરકારી નિશાળમાં મોકલવાના છે. પાસેની ધારીને જે શાળામાં અત્યાર સુધી મોકલતાં હતા, તેને બદલે સરકારી શાળામાં તેઓને મોકલવાના હતા. ત્યાં તેનો અભ્યાસ સુધરશે કારણ તે સારી છે એમ તેઓ માનતા હતા. સાથે સાથે એકાદ માસ્તર ઘેર ભણાવવા પણ રાખવાના હતા.

આનું નામ ઘરેડની ગુલામી.

ગુલામીની પાછળ રહેલું અજ્ઞાન અને અજ્ઞાન દૂર કરવાની બેદરકારી.

બચુભાઇ દેખીતી રીતે જ શારીરિક અને માનસિક શક્તિથી પછાત બાળકોના વર્ગના છે. તે સમધારણ(normal)બાળક છે જ નહિ. સોળ વરસના છતાં શરીરે દસ વરસના દેખાય છે. વળી 'નર્વસનેસ' નાં અનેક ચિન્હો તેનામાં છે. શરીરે વધતા નથી ને બુદ્ધિમાં તો મેટ્રિકના કલાસના અભ્યાસને બદલે પહેલા ધોરણનો અભ્યાસ સમજવા જેટલી પણ શક્તિ તેમનામાં નથી.

પણ છતાં બચુભાઇને સૌ સમધારણ બાળક જ માને છે ને તે હિસાબે જ તેમને સૌ ભણાવવા વગેરેમાં પાછળ પડે છે.

મારા મિત્રને આ બધી વાત સમજાવી દઇને "આ બાળકને પછાત બાળકની (backward) માવજત જોઇએ, આ સરકારી શાળા ને પરીક્ષા વગેરે કામનાં નથી." એમ કહીએ છીએ તો પણ તેમને તે સાચું લાગતું નથી. તેમના મનમાં આ વાત ઉતરતી જ નથી.

તેઓ કહે છેઃ "હા, છોકરો જરા નબળો છે, ને બુદ્ધિ બહુ તેજ નથી. પણ સૌની પેઠે તેણે મેટ્રિકમાં તો પાસ થવું જોઇએ. પછી તેને કોઇ બીજી લાઇનમાં મૂકી શકાય. આપણાં છોકરાંએ ભણવું તો જોઇએ જ ના? અને જરા મંદ છે તો બાનગી શિક્ષકથી મહેનત લેવડાવીશું."

આપણા ભણેલા લોકોની આ એક ગુલામી છે. આપણાં છોકરાં મેટ્રિક બી.એ. ન થાય, શાળાની પરીક્ષાઓ પસાર ન કરે તો ચાલી જ નં શકે એવો આપણો સમજાડ મત થઇ બેઠો છે. આ ગુલામીને લીધે આપણી બુદ્ધિ એટલી તો બહેર મારી ગઇ છે કે બીજી રીતે આપણે અનેક શાસ્ત્રોની વાતો કરી શકીએ છીએ, રાજકારણમાં કુશાગ્ર બુદ્ધિ બતાવી શકીએ છીએ છતાં બાળઉછેરની અને બાલશિક્ષણની સાદી શાસ્ત્રીય વાતો આપણે ગળે ઉતરી જ શકતી નથી! આપણે શાસ્ત્રોની હકીકત જાણીએ છીએ પણ આપણી બુદ્ધિ શાસ્ત્રીય બની નથી. એટલે જ આપણે માનીએ છીએ કે આપણે જેમ શાળામાં ભણ્યાં તેમ આપણાં છોકરાં ભણે, આપણે જેમ વકીલ ડૉકટર બન્યાં તેમ તેઓ બનીને ગુજરાનનું સાધન શોધે. આ એક જ માર્ગ આપણાં જેવાં સુશિક્ષિતનાં બાળકોને માટે હોઇ શકે. જીવનની આ એક જ દવા. પણ બાળક ખરેખર અભ્યાસને લાયક છે કે નહિ, તેની બુદ્ધિ અને શક્તિથી તે ભણવાને યોગ્ય છે કે નહિ, તે ઝટ ઝટ ભણી શકે તેવું છે કે નહિ, તે બીજા જેવું સમધારણ છે કે નહિ તેનો વિચાર કરી જ શકતાં નથી.

આ ખોટી વિચારસરણી, ખોટી મોટાઇ, ખોટી ઘરેડની ગુલામીનાં ને અજ્ઞાન ને બેદરકારીનાં ભોગ તો આપણાં અત્યંત પ્રિય બાળકો જ થઇ પડે છે! જેમને માટે આપણે માથેરાન મહાબળેશ્વર જવાનો, ઉત્તમ ડૉકટરની દવાનો, ઉત્તમ સરકારી શાળાનો, ઘરે ઉત્તમ માસ્તર રાખવાનો વગેરે મોટો ખર્ચ કરીએ છીએ ને માનીએ છીએ કે આપણાં બાળકોને આપણે બની શકે તેટલી જીવનની ઉત્તમ તક આપીએ છીએ, તે આપણાં વ્હાલાં બાળકોને ખરી રીતે તેઓ કુદરતથી કેવાં તેજ કે મંદ છે, સશક્ત કે અશક્ત છે તેનો વિચાર કર્યા વિના, ને તેમને યોગ્ય તેવા જીવનની તક આપવાને

બદલે, આપણે તેમને તેનાથી વંચિત રાખીને સુશિક્ષિત ને સુઘરેલી મનાતી ઘરેડમાં હોમીએ છીએ ને સૌને એક જ લાકડીએ હાંકીએ છીએ. એમાં ભૂલ છે ને નુકશાન છે એ વાત આપણે ક્યારે સમજતાં થઇશું ?

અને સમજતાં થઇશું ત્યારે શું જોશું ? જોશું કે આવાં બાળકોનો અભ્યાસ કરીને તેમને રસ્તે ચડાવનાર અભ્યાસીઓ પણ હજી આપણે ત્યાં નથી, એવી શાળાઓ પણ નથી, એવા શારીરિક ને માનસિક ડૉક્ટરોનો સહકાર નથી. પણ આજે નથી તેથી શું ? આપણે બધાં જાગશું તો આવી શાળાની માગણી ઉભી કરશું ને તેવી શાળા ઉત્પન્ન કરશું.

તા.

અભ્યાસક્રમ

બાળકનાં શરીર બુદ્ધિ, અને લાગણી ત્રણેની કેળવણીનો પ્રબંધ આપણે કરવો જોઇએ અને કરીએ છીએ એમ આપણું કહેવું માનવું છે. પરંતુ આજે માત્ર બુદ્ધિના શિક્ષણ તરફ આપણું લક્ષ છે. લેખન, વાચન, ગણિત વગેરે બુદ્ધિશિક્ષણના વિષયો છે. બુદ્ધિના શિક્ષણ ઉપર આપણે બાળકોને રોકીએ છીએ, તેના ઉપર આપણે ખૂબ શ્રમ ઉઠાવીએ છીએ, તેની અંદરની સફળતા ઉપર આપણા શિક્ષણની અને બાળકની સફળતા આંકીએ છીએ. અને આમ કરવા જતાં આપણે એક તરફથી બાળકના શરીરવિકાસ તરફ દુર્લક્ષ કરીએ છીએ ને બીજી તરફથી લાગણીના શિક્ષણને જરા પણ અવકાશ રહેવા દેતા નથી; પરિણામ એ આવે છે કે આપણી સામે માત્ર ભણેલું બાળક બહું થાય છે. તે શરીર અને લાગણીથી કેવળ દુર્બળ છે. તેની શારીરિક અને લાગણી વિષયક–નૈતિક તાકાત ઘણી કમ રહે છે. આથી જ વિદ્યાર્થીનું શરીર ઘડો, તેની નીતિ સુધારો, એવા પોકારો દિવસે દિવસે વધતા જાય છે. આથી જ ભણેલ વિદ્યાર્થીનું ભણતર વાંઝીયું છે. ભણેલ વિદ્યાર્થી આગ લાગે ત્યારે દોડીને ઓલવવાની શક્તિ ધરાવી શકતો નથી. દુઃખથી પીડાતા ભાઇના દુઃખને સમજવાની તેનામાં કલ્પના, લાગણી ને હૃદય નથી. તે માત્ર બુદ્ધિપ્રધાન હોય છે, તે દલીલ કરે છે. દલીલથી આત્મવંચના કરે છે. તેમ કરી મિથ્યા સંતોષ રોળવે છે.

આ સ્થિતિએ આપણે આજનો અભ્યાસક્રમ બદલવાની જરૂર ભાસે છે. અભ્યાસક્રમને સમતોલ કરવાની જરૂર છે. અભ્યાસક્રમ જૂનો પુરાણો થઇ ગયો છે. જૂના પૂરાણા તેના રક્ષકોને તે ઘણો પરિચિત હોવાથી તે છોડવો નથી ગમતો, જેમ બાપદાદાનું ઘર છોડવું નથી ગમતું તેમ, જૂના પૂરાણા અભ્યાસક્રમમાં ઘરને મરામત કરીએ તેમ કંઇક વધારો, કંઇક ઘટાડો, કંઇક છૂટછાટ ચાલ્યા કરે છે. અને આ રીતે જૂનું ઘર પહું પહું થઇ રહ્યા છતાં ટકી રહ્યું છે.

હવે આપણે આ ઘરને ભેગા થઇને તોડી પાડીએ. જૂનું ઘર પાડતી વખતે પાડવાની સામે ઘણા વાંધાઓ રજુ થાય છે, પણ પડી ગયા પછી તે ધીરે ધીરે શમી જાય છે. નવું ઘર કરતી વખતે પણ આડોશી પાડોશી ને કામગારો વગેરેની ઘણી મુશીબત ભોગવવી પડે છે; પણ નવું ઘર થઇ જતાં 'હાશ' ઠીક થયું કે જૂનું પાડયું એમ કહેવાઈ જવાય છે. આપણી સાથે સૌ એમ જ કહે છે.

બેશક જૂનું ઘર તોડવું એટલે એ આખું ભાંગીને ભૂકો કરવું એમ નથી. તેમાંથી સારો કાટવળો લઇ લઇએ છીએ, તેમજ જૂનામાં જે સારું

છે તે લઇ લઇએ અને નવા મકાનમાં કામે લગાડીએ. પણ મકાન તો નવેસરથી જ ચણવું જોઇએ.

મકાનની સરખામણી ચાલુ રાખીએ તો જ્યારે આપણે નવું મકાન બાંધીએ છીએ ત્યારે રહેવું છે તેને પૂરેપૂરી સગવડ કેમ મળે, રહેનાર સુખી કેમ રહે ને સાથે સાથે તેનું ઘર સુંદર કેમ ગણાય તે દૃષ્ટિ આપણી સામે રાખીએ છીએ. એમ જ નવા યુગના મકાન બાંધવાના, આરોગ્યનાં તેમજ સૌન્દર્યના વિચારોને તેમાં સ્થાન આપીએ છીએ. અર્થાત્ નવું મકાન આજના નવા જીવને માફક આવે તેવું બાંધીએ છીએ. ને તેમ કરતાં જૂના અને નવા મકાન વચ્ચે ઘણો તફાવત પડી જાય છે તે પડવા દઇએ છીએ. એમ જ નવા અભ્યાસક્રમ પરત્વે થવું જોઇએ.

જ્યારે આપણે નવો અભ્યાસક્રમ કરીએ ત્યારે શું શું ધ્યાન રાખીએ? આપણે ભણનારનો પ્રથમ વિચાર કરીએ એટલે કે સાચેસાચ તેનો વિકાસ કરે એવું શું છે કે જે આપણે તેને આપવું જોઇએ, અર્થાત્ ભણનાર આજે પોતાની જાતને એક ડગલું બધી રીતે શરીરથી, મનથી અને લાગણીથી જે વડે આગળ મૂકી શકે તેને જ આપણે ભણતરની વસ્તુ ગણીને સ્વીકારીએ.

આપણે આપણા પોતાના આદર્શને અવલંબીને ભણતરની વસ્તુ નક્કી ન કરી શકીએ. આપણી મહત્ત્વાકાંક્ષાઓને સામે રાખીને પણ અભ્યાસક્રમ ન ગોઠવી શકીએ. મોટા માણસના હિતાહિતનો વિચાર કરીને નાનાંઓને તે દૃષ્ટિએ ન ભણાવી શકીએ. આપણી દૃષ્ટિએ બીજાને માટે કરેલા આપણા નિર્ણયો શા કામના?

જેઓ ભણનારા છે તેમને ભણવાનું કામ કરવા દેવું હોય તો આપણું ભણતર તેને માથે ન નાખીએ. તેઓ શું ભણવા માગે છે તે શોધી કાઢીએ. ભૂખ લાગી છે તે શું ખાવા માગે છે તે જોઇએ. સારી સારી વસ્તુઓ તો ઘણી છે. કેટલીએ વસ્તુઓ જૂદા જૂદા માણસને ઉપકારક થાય છે પણ જેને જે ભાવું છે તેને તે મળે તો જ તેની ભૂખ શમે. તો તે પ્રસન્ન થઇને ખાય એટલે ખાવાનું અમૃત થાય. તે ભૂખ હોવાથી ખાય એટલે પચીને લોહી માંસ થાય ને પરિણામે તે વધે.

પ્રાથમિક શાળાના બાળકોને શું ભણવું હશે? એના શરીરને કઈ કઈ બાબતોનાં હાડકાં, સ્નાયુ વગેરેના વિકાસની આવશ્યકતા હશે? એની વ્યવસ્થિત અવ્યવસ્થિત લાગણીને સંયમિત કરે એવું શું હશે? ટૂંકમાં પ્રાથમિક સ્થિતિમાંથી આગળ આવવા માટે તેના પ્રાથમિક મગજને અને શરીરને રુચે તેવું શું હોય તેનો વિચાર અને ખોળ આપણે કરવી જોઇએ.

આપણે જોઇએ, તેને આકાશના તારાઓનાં નામો જાણવાની, જનાવરોની ખાસીયતો જાણવાની, પૃથ્વીના તળમાં શું છે તે જાણવાની, ગાડી શા માટે બળદ વિના ચાલે છે, શા માટે સૂરજ આણી કોર ઉગે છે ને પેલી કોર આથમે છે, સાબુના ફીણ શા માટે થાય છે, વાદળાં ક્યાંથી આવે છે, ઝાડ કેમ થાય છે વગેરે જાણવાની જીજ્ઞાસા છે? જો હોય તો તે જીજ્ઞાસા તૃપ્ત થાય તેવા વિષયો મૂકાય. આપણે જોઇએ કે ઝાડવે ચડી કૂદવાથી, દડો ઉડાડવાથી વગેરે જાતની રમતોથી શરીરને ચપળતા, કાબુ, સ્ફુર્તિ મળે છે એમ દેખાય તો આપણે તેવી વસ્તુને અભ્યાસક્રમમાં દાખલ કરીએ. આપણે જોઇએ કે તેઓને પરસ્પરની દોસ્તી ગમે છે. સહકારમાં કેટલાંક કામો ગમે છે, અને એ રીતે સહકારથી કામ કરતાં એક બીજાને સમજતાં થાય છે, એક બીજાને ચાહતાં શીખે છે, ધીરજ વગેરે ગુણો કેળવે છે, ટૂંકમાં લાગણી અને નીતિનાં તત્ત્વોને જીવનમાં બીલવે છે તો તેવી વસ્તુને અભ્યાસક્રમમાં મૂકીએ.

એવી જ રીતે આપણે જોઇએ કે બાળકો કુમા કરીને, ઘર બાંધીને, ગારાનાં રમકડાં બનાવીને, ચાકથી લીંટા કાઢીને કે ધૂળમાં કે રેતીમાં ચિત્રામણ કરીને કે નાનાં નાનાં ગીતો ગાઇને, રંગેલી માટીથી સાથીયા પાડીને કે વાસણ વસ્ત્રો કોડીયાં શંખલાં વગેરે ગોઠવીને પોતાની સૌંદર્ય વિષયક શક્તિને ખીલવે છે તો જરૂર આપણે તેવાં વિષયોનેં અભ્યાસક્રમમાં દાખલ કરીએ.

એવી જ રીતે વળી બાળક કાંતીને કે કરવતીથી કાપીને કે એવી રીતે હાથ પંગ ખૂબ વાપરીને પોતાની સર્જનાત્મક વૃત્તિને અવકાશ આપતાં માલુમ પડે તો તેવી વસ્તુને પણ સ્થાન આપીએ.

એને જૂના અભ્યાસક્રમ સામે નજર કરીએ. તેમાંથી પણ શું શું બાળક પોતાના વિકાસ માટે ખૂબ વાપરે છે તે લઈ લઇએ ને બાકીનું છોડી દઇએ.

દાખલા તરીકે વાચન લેખન એ એક એવું સાધન છે કે જે સિદ્ધ થતાં બાળકને જાણે કે એક શસ્ત્ર મળે છે. તેના વડે તે પોતાની મેળે પોતાનું અજ્ઞાન કાપી કાઢી શકે છે. તે સ્વાધીન થાય છે. જ્ઞાનનો આનંદ જાતે લેતું થાય છે ને તેથી સશક્ત થાય છે. જ્ઞાન એ શક્તિ છે એમ સૌ જાણીએ છીએ. માટે નવા અભ્યાસક્રમમાં વાચન લેખન જોઇએ પણ આપણે જૂનામાંથી ઇતિહાસ કે એવું શું લેવા જેવું ન લેવા જેવું છે તે જોઇએ. દાખલા તરીકે જો ઇતિહાસમાં બાળકને સ્વતઃ રસ નથી પડતો એટલે કે રસિક વાર્તા કહીએ વગેરે ધમાલ કરીએ તો જ તે યાદ રહે છે ને નહિતર તે ભૂલી જવાય છે; તે તો સારો વિષય છે; કામનો વિષય છે, પણ મોટાઓ માટે, એમ સમજી બાળકના અભ્યાસ-ક્રમમાંથી તેને કાઢી નાખીએ. બાળકને ગમે તેમ કરીને આપણે ગમે તે વિષય ભણાવી શકીએ છીએ. રસ ઉત્પન્ન કરી શકીએ છીએ. યાદ રખાવી શકીએ છીએ. તેની તેને લગની પણ લગાડી શકીએ છીએ. તે તેને ગમતો છે એમ પણ બતાવી શકીએ છીએ. પણ આ બધું આપણે કરીએ છીએ —શકીએ છીએ. આપણે ખસી જઇએ ને પછી બાળકો શું કરી શકે છે તે જોઇએ. તેઓને પોતાનો રસ શેમાં છે તે જોઇએ, તેઓ પોતે શેમાં એકાગ્ર થાય છે તે જોઇએ, તેઓને જ વગર લગાડયે શેની લગની લાગે છે, તેઓને બગર શ્રમે શું યાદ રહે છે તે જોઇએ. આ ઉપરથી જણાશે કે આપણે અને તે કયાં છીએ. આપણા રસો અને તેના રસોમાં કેટલો ભેદ છે. આપણી દૃષ્ટિ અને તેની દૃષ્ટિમાં કેટલું અન્તર છે. ને આમ જણાય તો આપણે તેને માન આપીશું કે આપણને ? આપણે તેના વ્યક્તિત્વને સંભાળીશું કે આપણા વિચારોને ? આપણે તેની પરવા કરીશું કે આપણી પોતાની ?

આ જોઇને આપણે હાલના અભ્યાસક્રમમાં ફેરફાર કરવા જોઇએ. ને આપણને એમ લાગે કે આજનો અભ્યાસક્રમ ઉપલાં કારણોથી ફેરવવા જેવો છે તો તે કરવા બેસીએ, અને નવો ક્રમ કેવો જોઇએ તેનો આલેખ કરીએ. ગિ.

કેટલાએક આપણા સંધીઓ

: રાજ્યો :	જૂનાગઢ	ઇડર	મહીકાંઠા એજન્સી	જંબુસર
વઢવાણ	ભાવનગર	કચ્છ	**યુનિસીપાલીટીઓ**	કરાંચી
રાજકોટ	પાલીતાણા	: **એજન્સીઓ** :	ડિસા	: **લોકલ બૉર્ડ** :
વાંકાનેર	મોરબી	વેસ્ટર્ન ઇન્ડિયા	અંકલેશ્વર	ભરૂચ
જસદણ	ગોંડળ	સ્ટેટસ (કાઠિયાવાડ)	ભરૂચ	અમદાવાદ

આ શી ભૂખ ?

કોઇ કહેશે, પત્રિકાવાળાઓને આ શી ભૂખ આવી છે કે વારંવાર ગ્રાહકો વધારવા માટે લખે છે? ઘણા મિત્રોને વારંવાર તસ્દી આપે છે. અજાણ્યાને પણ સંઘ સંબન્ધે લખવાનું ચૂકતા નથી. જે મળે છે તેને એક બે એક બે ગ્રાહક વધારી દેવાની વાત તો ખરી જ.

વાત સાચી તો છે. અને તેનું કારણ છે. જે ભાઇઓ અને બહેનો પત્રિકા વાંચે છે તેઓને તે ગમે છે. તેઓને તે પોતાના માર્ગમાં ઉપયોગી લાગે છે. તેઓના હાથમાં પત્રિકા પહોંચી તે સારૂં થયું એમ તેઓ કહી શકે છે. પણ ઘણાંઓ હજી બાકી છે કે જેઓએ પત્રિકા જોઇ નથી કે વાંચી નથી. તેઓ પણ જો જોઇને વાંચે તો અત્યારના ગ્રાહકો જેમ જ તેને તેઓ છોડે નહિ.

ત્યારે પત્રિકા કાઢનારાઓનું કર્તવ્ય થાય છે કે તેમણે વધારેમાં વધારે જોરથી ઢોલ વગાડવો ને ક્યાંઇ સુધી તે સંભળાવશે. અને સૌને કાને તેનો સંદેશો પહોંચાડવો.

આ માટે જ વારંવાર સૌને તસ્દી આપવી પડે છે. આ કારણે ભૂખ આવી છે એમ કહેવાય.

ચાળીશ હજારથી વધારે

અમેરિકામાં 'ગેમીહુડ' નામનું માસિક નીકળે છે. એના ગ્રાહકો (માત્ર માતાઓ) ચાળીશ હજારથી વધારે છે. આ જાણી હું તો ચમકી જ ગયો. "ચાલીશ હજારથી વધારે માતાઓ 'ગેમીહુડ' વાંચે છે ?"

પણ એમ હોય ત્યારે જ અમેરિકાનાં બાળકોની તંદુરસ્તી ઘણા દેશોને શરમાવે તેવી છે. ત્યાંનું બાલમરણ દિન પ્રતિદિન ઘટતું જ જાય છે. ત્યાંનું બાલજીવન સુખી અને બળવાન થતું જાય છે.

આપણે ત્યાંની માતાઓ બાળઉછેર અને બાલશિક્ષણ સંબંધે ક્યારે વાંચતી થશે ? ને ચાળીશ હજારથી વધારે માતાઓ જ્યારે કોઇ એકાદ પત્ર વાંચતી થશે ત્યારે માતૃપદ કેટલું વંદનીય થયું હશે ? સારે બાલ્યાવસ્થા કેવી સુખી અને બળવાળી થઇ હશે ? ત્યારે દેશની મૂળ દોલત કેટલા ગણી વધી ગણાશે ? ત્યારે દેશ કેટલો બધો સ્વાધીન અને સંયમિત હશે ?

ઘણી વાર રહી જવાય છે.

"બાલસાહિત્ય માળા" વિષે તો તમે જાણો છો જ. છતાં હજુ તો ઘણાં ગ્રાહકો થવાં બાકી છે. હજુ તક છે. જલદી લખોઃ

વ્યવસ્થાપકઃ પ્રકાશનમંદિરઃ ભાવનગર

: મગાવો :

'શિક્ષણ પત્રિકા' ની બીજા વર્ષની બાંધેલી ફાઇલો રૂા ૧–૪–૦ માં મળશે

વસંત બાલશિક્ષણ માળા ૦–૮–૦

નવ પુસ્તકો

ઘરમાં બાળકે શું કરવું ? ૦–૨–૦

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજાજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૮ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

બાળક એટલે ક્ષણે ક્ષણે વિકસતો, નવું નવું જાણતો અને જોતો જીવ. બાળકની દૃષ્ટિ પ્રશ્નાત્મક છે. તેનું હૃદય ઉદ્‌ગારાત્મક છે. તેના વ્યાકરણમાં પ્રશ્નચિન્હ છે, ઉદ્‌ગાર ચિન્હ છે પણ પૂર્ણ-વિરામ ક્યાંય નથી. બાળક એટલે તો મૂર્તિમંત ગતિ. બાળક પાસે સ્વલ્પ વિરામ પણ નથી.

પણ એક વાર મનુષ્ય બાળક મટી પ્રૌઢ થાય છે અને ત્યારથી તેના મૃત્યુની શરૂઆત થાય છે. ધીમે ધીમે તે ચેતન મટી જડ થતો જાય છે. પ્રથમ તેનું સદા વિકસતું બાળમન ઠરવા માંડે છે. પછી શરીર ઠંડુ પડે છે. મનનું ઠંડાપણું એટલે વૃદ્ધાવસ્થા. શરીરનું ઠંડાપણું એટલે મૃત્યુ. ને શિક્ષણ, ઉપદેશ, ધર્મદીક્ષા, રીતરિવાજો, શાસ્ત્રો, શિષ્ટતાની મર્યાદા આ બધાં બાળકને વૃદ્ધ બનાવવા, તેના મનનું અયતનાયતન—મૃત્યુ કરવા મથી રહ્યાં છે. આજે જીવનમાં આ અયતનાયતનનું રાજ્ય ચાલી રહ્યું છે.

વાણી વિચાર

નિરોગી સ્થિતિ ઉત્તમ છે. તે સ્થિતિનું વાતાવરણ સ્વતઃ આરોગ્યરક્ષક અને આરોગ્યપ્રેરક છે. પણ તેવી સ્થિતિ ન હોય તો માંદાઓને જુદા રાખવા એ (segregation) રોગ અટકાવવાનો અનિવાર્ય ઉપાય છે. એમ જ જીવનની અનેક બાબતોમાં છે. સ્વચ્છ, વિવેકી, સંયમિત, પ્રસન્ન વાણી બાળકછેરમાં–બાળવિકાસમાં આવશ્યક વાતાવરણનું એક અતિ મહત્ત્વનું અંગ છે. એવી વાણી સ્વતઃ શિક્ષણ છે. પણ જો આપણી વાણી તેવી ન હોય તો જ્યાં સુધી આપણે તેવી કેળવી ન શકીએ ત્યાં સુધી મૌન રાખીએ. 'ન બોલ્યામાં નવ ગુણ' એ કહેવત સાચે જ બાળકછેરમાં ખૂબ લાગુ પાડવા જેવી છે.

અવિચારી વાણીથી આપણે કેટલું કેટલું નુકસાન કરીએ છીએ તેના કેટલાએ દાખલાઓ આપી શકાય.

ઘરમાં બે ચાર સ્ત્રીઓ ભેળી થઇને નાનપણની વાતો કરે છે. "અરે એક વાર અમારા દાદા કહેતા હતા કે રસ્તે જતાં એક સિપાઇએ ભૂત ભાળ્યું ને ત્યાં ને ત્યાં ફાટી પડ્યો!" બીજી કહે છે: "મારી બાએ સુવાવડમાં નજરો નજર કોઇ બાઇને બાટલા ફરતી આંટા મારતી ભાળેલી." ત્રીજી કહે છે: "મારી બેનને એની સાસુ નડે છે. સરમાં આવીને કહે છે કે તેં મને પૂરું ખાવા નથી દીધું તે નડીશ."

આવી વાતો ચાલે છે. બાળકો કુતુહલથી, નવીનતાથી, અદ્‌ભુતતાથી, વિચિત્રતાથી, દેખીતી અશક્યતા હોવાથી આશ્ચર્યથી કાન દઇને સાંભળે છે. તે પરથી બીકના, વ્હેમના, ભૂતપ્રેતના ને એવા ભયંકર સંસ્કારો આખી જીંદગી માટે તેના પર પડે છે. માબાપો અને કાકી માશી મોટાં છે, વડીલ છે; તે બોલતાં હશે તે બરાબર હશે એમ બાળકો સમજી લે છે. તેનો અણુવિકસેલ તર્ક આ વાતોમાં રહેલ પોકળને શોધી શકતો નથી. અને મોટું થઇ બાળક તર્કશુદ્ધ બને છે ત્યાં સુધીમાં તો તે આવી વાતોને એટલી સાચી માની બેસે છે કે તર્કનું હથિયાર ત્યાં જવાની ના જ પાડે છે. અગર આવું આવું સાંભળીને તેની તર્કબુદ્ધિ ઘણે ભાગે બુંઠી પણ થઇ જતી હશે.

ઘરમાં કુટુમ્બીઓ ભેગાં થયાં હોય છે. તેઓ આડોશીપાડોશી સાથેના અને સગાં સંબંધી સાથે ના સંબન્ધો વિષે વાતો કરે છે. એક જણ કહે છે: "એ તો એવો જ છે. એકલા સ્વાર્થમાં જ સમજે છે. પોતાને ત્યાં કંઇક હોય છે ત્યારે તો મુઠી ભીડી જાય છે. એક પાઇ સોરૂ મરે છે ને પારકાને ત્યાં પહોળો પહોળો થાય છે." બીજું બોલે છે: "એ તો એવાથી તો છાનું જ ખાવું પીવું જોઇએ. ઘરમાં બધું છાને ખૂણે કરીએ તો બીજાને એની ખબર જ શી પડે?" ત્રીજું કહે છે: "સઇ સગાં સાગવાં તો ગુડવા જેવાં હોય છે. આપણે તો ઘસાઇ ઘસાઇને મરી જઇએ પણ એને મન તો કાંઇ જ નહિ." ચોથું જણ બોલે છે: "આપણે તો એવું રાખ્યું છે કે સગપણ બગપણ બધું મોઢાનું. બાકી આપણે આપણું સંભાળવું ને મ્રજ કરવી. એવાં કાલાં કયાં થઇએ કે કોઇને માટે હેરાન થઇએ?"

બાળકોને કાન છે ને સાન પણ છે. બાળકો માબાપનો આ સગાંસંબંધી અને પાડોશી સાથેનો વહેવાર સાંભળે છે ને તેવો વ્યવહાર સ્વાભાવિકપણે જ શીખે છે, કારણ કે તે માબાપનો છે. જૂના સંસ્કારો એવા દૃઢ હોય છે કે બાળકો પોતે માબાપ થાય ત્યારે બીજી ઘણી રીતે ઉદ્ધાર અને બાનદાન થાય તો પણ વળી પાછાં પોતાનાં સગાંસાગવાં તરફ તો એવાં જ અનુદાર અને સ્વાર્થી રહે છે.

ઘરમાં બાપ માને કહે છે: "આજે ઓફિસમાં નથી જવું. આજે જરા કંટાળો છે." મા કહે છે: "ત્યારે માથું દુઃખે છે એમ જણાવો." બાપ નોકર સાથે કહેવરાવે છે: "આજે ભાઇ નહિ આવે. તેમની તબીયત જરા નરમ છે, અસ્વસ્થ છે." સાંજે મિત્ર મળવા આવે છે. પૂછે છે: "કેમ આજે જરા અઠીક છે ? ઓફિસે નહિ ગયા હતા ?" જવાબ મળે છે: "અઠીક તો કંઇ નથી. જરા કંટાળો આવ્યો ને કહેવરાવ્યું કે ઠીક નથી. અમસ્થાં તો રજા કયાં લેવાય તેમ છે ? ગપ ન મારીએ તો તો પાંચ કલાક ઢસરવું પડે ના ?" પાસે જ નાનો છોકરો ઉભેલો છે. મોટા થઇ શું કરવું તે બાપની વાણીમાંથી શીખી લે છે. બાપે તેને સારી નિશાળે મોકલ્યો છે. ચારિત્ર્ય ઉપર ખૂબ ભાર આપે છે. ઘરમાં નોકર ખોટું બોલે તો ધમકાવે છે. છોકરાને ઉપદેશ આપે છે કે સાચું બોલવું મહત્વનું છે: 'સાચને નહિ આંચ.' અને પોતે પોતાની વાણીથી અસત્યનું શિક્ષણ દસ જીંદગી માટે આપી દે છે.

બે ચાર મિજબાનો બાપાને ત્યાં આવ્યા છે. બધા જુવાન છે. લહેરી છે. અમસ્થા તો ગંભીર જવાબદારીભર્યા કામનો બોજો વેંઢારે છે પણ અત્યારે તો ઘરમાં છે ને મોજમાં છે. એક બીજા બોલે છે: "લે રાખ્ય હવે ડાહ્યો શું તે ! તે દિવસે ટીકીટ વિના જ ચલવ્યું કે ?" જવાબ મળે છે: "તે એવી ચાલાકી પણ હોવી જોઇએ." કોઇ કહે છે: "અલ્યા તેં તો ભારે કરી ! ગળામાંથી એવો અવાજ કાઢયો કે કોઇ તને ઓળખે જ નહિ. અને તું તો તે દિ' પકડાયો જ નહિ. જો હાથ આવ્યો હોત તો આખો દિવસ કામ કરવું પડત !" જવાબ મળ્યો: "તે બંદા કાંઇ કાચા નથી. નાનપણના એવા હુશિયાર છે."

છોકરાંઓ હરતાં ફરતાં આ વાતો સાંભળે છે. કાન છે એટલે શું કરે ? કાન વાટે વાણી મગજમાં જઇ બાપાને તે સમજી લે છે. આસ્તે આસ્તે બાળકો બાપા જેવાં બાપા થવાનો સંસ્કાર પકડી લે છે

મા અને માની બેનપણી આવ્યાં છે. મા વાતોએ વળગી છે ને ઘરનાં બધાંની નિંદા કરે છે. કહે છે: "બેન શું કરું, આ લલિતાના બાપાને તો કશાનું ભાન જ નહિ. લૂગડાં તો જ્યાં ત્યાં રખડ્યા કરે. પોતાની પેટી જુઓ તો કશું ઠેકાણું જ ન મળે. ખીસામાં પૈસા રાખો તે કોણે લીધા ને કયાં ગયા તેની ખબર જ ન પડે ! સાવ ભાન વિનાના." બેનપણી કહે છે: "શું કરીએ બા? ભાયડાઓ તો એવા જ છે. કહેવાં જઇએ તો ડાચીયાં કરે છે, ને એક પણ વાતની ખબર નથી. કાલે લલ્લુના બાપા ગામ જઇ આવ્યા તે છત્રી ભૂલતા આવ્યા. રૂવાલ એવો તો મેલો કરતા આવ્યા કે બે સાબુ વાપરીશ ત્યારે માંડ ઉજળો થશે. ને વાતો મોટી મોટી આકાશ જેવડી કરે. આપણને તો બા એવું નથી ગમતું !" લીલી અને ચંપા બે બેનપણીની બે દીકરીઓ પાસે જ બેઠી બેઠી સાંભળે છે. પોતાના ભવિષ્યના પતિની અણઆવડત કે ઉણપ માટે કેવા હલકા ને કેવી અપમાન ભરી રીતે ઉદ્‌ગારો કાઢવા તેનું શિક્ષણ લઈ રહી છે.

દોસ્તગર મળવા આવે છે ને બાપા બાને ચા કરવાનું કહે છે. બા કહે છે: "થોડી વાર પછી મૂકું તો ?"

ગ્રાહકોને

શિક્ષણપત્રિકાના ગ્રાહકોને બીજા વર્ષના અંકો (બધા) માત્ર ૦-૮-૦ મળશે. જરા પણ વિલંબ વિના ૦-૮-૦ મોકલી આપો. ગ્રાહક નંબર લખો.

લવાજમ

જેમનું ત્રીજા વર્ષનું લવાજમ બાકી હોય તે કૃપા કરી સત્વર મોકલી આપો.

બાપ કહે છે: "તે હંમણાં મૂકતાં શું થાય છે? બીજું કામ પડયું રહ્યું!" બા રસોડામાં જઇ ચા મૂકે છે ને દીકરી પાસે બબડે છે: "ભાળ્યા તમારા ભાઇબંધ!" ચ્હા તૈયાર થાય છે ને બાપા આવે છે ને તાકે છે: "આ તો ધૂમાડીયા ચા છે. આ પ્યાલો બુન્દરા જેવો કયાંથી મળ્યો?" બા રસોડામાં જઇ બોલે છે: "ને બાપગોતર મોટી ચા પીધી છે. નહિ ભાળ્યા હોય ચા પીવાવાળા! ને પ્યાલા તો સારા વસાવવા હતા ને?"

ગંગા અને ચીમન મા અને બાપની વાણી સાંભળી રહ્યાં છે. આગળ જતાં માબાપ એક બીજાં સાથે કેમ બોલે ને બબડે તેનો તેઓ પાઠ લઇ રહ્યાં છે. ભવિષ્યનાં સાચાં-માબાપ થઇ રહ્યાં છે!

માતા અને આડોશણો પાડોશણો વાતો કરે છે: "અરે એ તો એવી છે! એના કામાંથી કોણ અન્નણ્યું છે? એણે તો આમ આમ...કર્યું હશે. અમે નણીએ ના?" બીજી ટાપશી પૂરે છે:- "અરે એની માયે એવી હતી તો! એણે તો આવા આવા ધંધા કરેલા!" ત્રીજી કહે છે: "અરે એની માશીએ તો ...!" ચોથી કહે: "બાપુ એ તો વેલો જ એવો છે."

ઘરની છોકરીઓ આજુબાજુમાં રમે છે પણ એમને કાન છે ને તે સાંભળે છે. વાણીનો લાભ તેમને પણ મળે છે. આ છોકરીઓ મોટી થશે ત્યારે તેઓ પણ કેવું કેવું બોલશે? ને બીજા વિષે કેવા વિચારો બતાવશે ને પ્રગટ કરશે?

બાપા વકીલ છે ને અસીલ આવે છે. બાપા કહે છે: "પણ સાક્ષી વિના કેમ ચાલશે? આવો સાક્ષી હોય તો કંઇ વળે. આવો સાક્ષી નહિ હોય તો હારી જઇશ." અસીલ કહે છે: "એવો સાક્ષી તો નથી." વકીલ કહે છે:"ત્યારે તો મુશ્કેલી! કેસ જીતવામાં સાક્ષી તો જોઇએ ના!" અસીલ કહેશે:"હા, હા, એક બે એવા લાવી આપીશ." વકીલ કહેશે: "જોજો કોર્ટમાં તૂટી પડે નહિ. બરાબર ટકી રહે તેવા જોશે. જરા અહીં લાવજો. પૂછપાછ કરીને એને પાકા કરી લઇશું."

નાનો નટવર બાપાની પાસેનું વકીલાતનું ખરું જ્ઞાન શીખે છે. દસ વરસ પછી ભણતરથી LL B. તો થવાનો છે, વકીલનું ગણતર એણે કરી લીધું. શેરીમાં બે ચાર જણા લડવા માંડે છે. ગાળાગાળી ને મારામારી થાય છે. બૈરાંઓ લાંબા હાથ કરીને ભાંડે છે. મરદો ભૂંડી વાણીના પ્રહાર કરે છે. નાનાં અબુધ બાળકો જોઇ રહે છે, પણ જોતાં જોતાં ગલીચ વાણીનો પ્રસાદ લેતાં જાય છે. તેમના મનમાં ગલીચપણું દાખલ થાય છે ને આગળ ઉપર લડતી વખતે તે કાઢી બતાવે છે.

આવા અનેક દાખલાઓ આપી શકાય. વાત ઉઘાડી છે કે આમાં આપણી ભૂલ છે ને બાળકોને ભારે નુકશાન છે; આપણું વાતાવરણ એક મોટામાં મોટી નિશાળ છે. આપણી વાણી એક મોટામાં મોટી શિક્ષિકા છે. એનું ભણતર ખરેખર ઉંદું જાય છે. આપણે ચેતવું જોઇએ. જે આપણે છીએ તેવાં બાળકો ન થાય એમ આપણે માનતા જ હોઇએ, જે આપણાથી વધારે સારાં બાળકો આપણને જોતાં જ હોય તો આપણે આપણું જીવન તપાસીએ, તેનાં અનેક અંગોને સ્વચ્છ અને સંયમિત રાખીએ ને આપણે જેવાં આપણે બાળકોને કરવા માગીએ તેવા સારા થવા પ્રયત્ન કરીએ. પણ આપણાથી કદિ આવું ન બને, આપણે નિરોગી ન થઇ શકીએ, આપણે સંપૂર્ણ સ્વસ્થ ન રહી શકીએ તો પણ આપણે આપણાં બાળકોને તો આપણાથી બચાવીએ જ. કાં તો આપણે તેનાથી દૂર વસીએ; કાં તો આપણાથી તેને દૂર કરીએ અથવા આપણી કુટેવો ઉપર તેમના પૂરતો કાબુ મૂકીએ જ; અને તેથી જ આપણે આપણી વાણી ઉપર કાબુ મૂકીએ. આપણી ક્રિયા ઉપર સમતોલતા મેળવતાં આપણને વાર લાગે પણ વાણી ઉપર તો આપણે તાળું જ મારીએ. બાળકોની હાજરીમાં કે ગેરહાજરીમાં

આપણી વાણીની સ્વચ્છતા, નિર્મળતા, વિવેક, સંયમિતતા સરખાં જ રહે એ ઉત્તમ છે. પણ તેને અભાવે આપણે એટલું તો કરીએ કે બોલતા પહેલાં વિચાર કરીએ કે બાળકો આગળ આમ આપણે બોલીં શકીએ ? આપણે ખરાબ વાણી પૂરતા તો અલગ જ થઇએ. એટલું કરીશું તો પણ બાળકોના માનસની તંદુરસ્તી અવશ્ય વધશે ને આવતી પેઢી આપણાથી તો જરૂર સારી થશે. ગિ.

પરાવલંબન

બાપા, બૂતાન બીડી ઘોને ?

બા, આ નથી ઉપડતું.

બેન, બૂટ પહેરાવોને ?

બા, નવરાવી ઘોને ?

નાના કાકા, સાંકળ વાસી ઘોને ?

બાપુ, ચોપડી નથી જડતી; ગોતી આપોને ?

બા, ઉભી રહીને રાથે ચાલને ?

મોટાભાઇ, રૂમાલનો દડો કરી ઘોને ?

ખોટી મદદ

શું છે ? બારણું નથી ઉઘડતું ? લે જરા ઉઘાડી દઉં.

શું છે ? નાડી નથી બંધાતી બરૂં ? આવ બાંધી દઉં.

શું છે ? ટોપી નથી ઉતારી શકતો ? ઉભો રહે ઉતારી આપું.

શું છે ? બીલ્લી નથી મરાતી ? હથોડી લાવ હું મારી આપું.

શું છે ? ચોરણી નથી પહેરાતી ? આવ પહેરાવી દઉં.

સ્વાવલંબન

બીડ જોઉં તારી મેળાએ.
ઉપાડ તો જોઉં ? ઉપડશે ઉપડશે.
જો તને તો પહેરતાં આવડે છે. તારી મેળે પહેર જોઇએ.

હવે તો તું તારી મેળે નાહી શકે. લે પાણી કાઢી આપું; મેળાએ ન્હા.

જો જોઇએ મેળાએ વસાશે; કેમ કરીને વાસીશ ?

જો બધી બારીઓમાં જો જોઇએ ? તારી મેળે શોધી કાઢીશ.

ધીમે ધીમે ચાલ્યો આવ. એકલાં એકલાં ચાલ્યા અવાય.

તે મેળાએ કરી લે ને ? મેં તને શીખવ્યું છે.

સાચ્ચી મદદ

શું છે ? બારણું નથી ઉઘડતું ? જો જરા આમ ખેંચી જો એટલે ઉઘડશે.

શું છે ? નાડી નથી બંધાતી એમ કે ? જો આમ કરીને બાંધ જોઇએ ?

શું છે ? ટોપી નથી ઉતારી શકતો ? પેલી લાકડીથી કે સળીયાથી ઉતાર તો ?

શું છે ? બીલ્લી નથી મરાની ? જો આમ હથોડી પકડ ને આવી રીતે ઘા કર.

શું છે ? ચોરણી નથી પહેરાતી ? જો આમ બેસીને આમ પગ નાખ જોઇએ ?

બાટનું છોકરું

રેલ્વેમાં ત્રીજા વર્ગની મુસાફરી કરતાં હતાં. એક પાટલી ઉપર બારી પાસે માત્ર એક સોળ વરસનો છોકરો બેઠો હતો. પાટલી ખાલી જોઈને હું બેસવા ગઈ. પાછળથી એક ઘરડો અવાજ આવ્યો: "બાઈ જરા ખસીને બેસો, છોકરું બેઠું છે."

મેં ચોંકીને પાછળ જોયું. એક ઘરડી બાઈ પાછી વળીને પેલા સોળ વરસના છોકરાના મોઢા ઉપર ને શરીર ઉપર હાથ ફેરવતી હતી.

મને લાગ્યું કે છોકરો માંદો હશે. મેં પૂછ્યું: "કેમ, છોકરાને કાંઈ ઠીક નથી?"

ડોશી ગુસ્સે થઈ. "ઠીક છે. ઠીક છે." એમ જોરથી બોલવા લાગી.

"તો શું હું પાસે બેસું તો ચગદાઈ જશે?"

"હા, હા. તમે આવડાં મોટાં એને બિચારાને કચરી નાખો છો. જરા આઘાં તો ખસો!" ને એવું તો ઘણું બોલવા લાગી.

મને થયું: "આ ડોશી કેવી? આટલી જગ્યા છતાં છોકરાની કેમ આટલી ચિંતા કરે છે?"

થોડી વાર પછી વાતો ચાલી ડોશી પોતાની કરુણ કથા કહીને રડતી હતી. ઘરનાં બધાં ગુજરી ગએલાં. દેરીયાં જેઠીયાં ઘેરો એક હતાં પણ એકે છોકરું નહિ. આ એક એની દીકરીનો દીકરો જીવતો હતો. યમરાજે જેમના સમાચાર લીધા હતા એવી બીજી થોડીક બાઈ મુસાફરો પોતાની કથની કહીને ડોશીનું સાંત્વન કરતી હતી.

ડોશી આ બોટના છોકરાની બોટલી સંભાળ લેતી હતી તે ડોશીની દૃષ્ટિએ યોગ્ય નહિ તો પણ સમજી શકાય તેવું તો હતું જ. પરંતુ છોકરાની દૃષ્ટિએ? સોળ વરસના છોકરાને બાઈ ચાર વરસના બાળક જેમ માયવતી હતી. ડોશીના વધારે પડતા પ્રેમથી છોકરાની જીંદગીની હાનિ થતી હતી. આ વાત બિચારી ડોશીના ધ્યાનમાંયે ન હતી. તેની તો એક જ વાત હતી કે આ એકના એક રહેલા અંકુરને સારી રીતે સાચવું. પણ છતાં બન્નેની દયા તો ખાવા જેવું હતું જ. **તા.**

નોકરો શું કરે છે

બાનો નોકર બાપાનું વાંકું બોલે છે.
બાપાનો નોકર બાનું વાંકું બોલે છે.
આળસુ નોકર બાળક પાસે કામ કરાવે છે.
ગંદો નોકર બાળકને ગંદકીનો પરિચય આપે છે.
ક્રોધી નોકર બાળક પર ક્રોધ કરે છે.
લુચ્ચો નોકર બાળકની ખુશામત કરે છે.
હરામી નોકર બાળકને બદી શીખવે છે.
બાઉકડ નોકર બાળક પાસે ચોરી કરાવે છે.
વહેમી નોકર બાળકને વહેમભરી વાતો કહે છે.
બ્હીકણ નોકર બાળકને પણ બ્હીવરાવે છે.
ખુશામતખોર નોકર બાળકને પાઈ પૈસાનું બચરાવે છે.
પક્ષપાતી નોકર બોટું બોટું ઉપરાણું લે છે.
હેતાળ નોકર બાળક પ્રત્યે પક્ષપાત રાખે છે.
કડક નોકર બાળકને આંખ કાઢે છે.
નરમ નોકર બાળકનો ગુલામ બને છે.

સૌન્દર્યનું શિક્ષણ

કઇ રીત પસંદ કરશો?

(૧)

"લાવી કે ફુલો અને પાંદડાં?"

"હા, એ પણે મૂકયાં."

"હા; તે જો પેલી નકસીદાર ફુલદાનીમાં એ ગોઠવ; પેલી સાદી ફુલદાનીમાં નહિ. નકસીદાર ફુલદાનીમાં એ વધારે શોભશે. જો હું કહું છું તે સમજી કે? પેલી સાદી તો નકામી છે. ને જો પેલાં ધોળાં ફૂલ રાતાંની બાજુમાં ન ગોઠવતી. વચ્ચે વચ્ચે એક કરેણનું પાંદડું મૂકજે. એમ મૂકીશ તો સુંદર દેખાશે. જો મેં કીધું તેમ બરાબર કરી લાવ. પછી જોઉં કે ફુલદાની કેવી સુંદર દેખાય છે!"

રાધા ફુલદાની ભરે છે.

"જો, સાવ બે ચાર ફૂલો ન શોભે. ઘણાં ઘણાં ફૂલ મૂકવાં જોઇએ. ને ફૂલે ફૂલે પાંદડું મૂકવું જોઇએ. જેટલાં ફૂલો તેટલી પાંદડી."

રાધા ફુલદાની ભરી લાવી. મ્હોં ઉપર કંટાળો હતો.

"જો હવે કેવી શોભે છે? એમ ત્યારે! ફુલદાની એમ ભરાય! ઠીક; હવે પણે પેલી બારીમાં મૂક."

રાધા બૂણાની બારી પાસે ફુલદાની મૂકે છે.

"નહિરે રાધા, તે બારીએ નહિ. તેનો પડદો ફુલદાનીની પાછળ નહિ શોભે. પેલી જમણી બાજુની બારીએ મૂક."

રાધા ફુલદાની મૂકી પાઠ કરવા બેઠી.

(૨)

"લાવી કે ફુલો ને પાંદડાં?"

"હા, આ ટોપલી લાવી."

"વારૂ ત્યારે, તને ગમે તે એક ફુલદાનીમાં ગોઠવ જોઇએ."

ચંપા ફુલદાની ગોઠવવા બેઠી. ચાર પાંચ ફુલદાનીઓમાંથી એકને પસંદ કરી. ચંપા મનમાં બોલી: "આજનાં ફુલો બધાં ઘેરા રંગનાં છે. આ ઘેરા રંગની ફુલદાની કરતાં આ જરા ચળકતી ઠીક લાગશે."

ચંપાએ ફૂલો અને પાંદડાંને નોખાં નોખાં પાડ્યાં. રંગેરંગને જોઇ લીધા અને પછી ભળતા રંગોનાં પાંદડાં અને ફૂલો મૂકવા લાગી. થોડી વાર મૂકયું ને પાછું બધું ફેરવ્યું. જરા સામે જોયું. ઠીક લાગ્યું; આંખને ગમ્યું ને વધારે મૂકયું. દૂર જઇને જોઇને પાસે આવી ફુલદાની સારી લાગે તેવો જરાતરા ફેરફાર કરી લીધો. ફુલદાની ભરાઈ રહી. ચંપાનું મ્હોં મલકયું. મનમાં થયું: "કેવી સરસ ભરાઇ છે! કેવું સરસ બન્યું!"

બા પાસે ગઈ ને કહે: "કયાં મૂકું?"

બા કહે: "તને ગમે ત્યાં મૂક. જ્યાં સારી શોભે ત્યાં મૂક."

ચંપાએ બધી બારીઓ જોઇ. ગીત ગણગણતાં પડદાના રંગ જોયા; બારીએ બારીએ ફુલદાની મૂકી જોઇ ને દૂર નજીક ઉભા રહી કેવું શોભે છે તે તપાસી જોયું; આખરે એક બારીમાં ફુલદાની મૂકી નાચતી કૂદતી બહાર ગઇ. ગિ.

બાળકો વાતો કરે છે

ચંદન કહેઃ "મારા બાપુ કહે તો તો કરે જ થઇ શકયું. પણ નહિતર તો વચન આપે તે કરે. પરમ દહાડે કહેઃ 'આજે નહિ, કાલે વારતા પાળે જ છે."
વાંચીશ.' કાલ પડી ને બાપુએ જ કહ્યુંઃ 'આલો આજે વારતા વાંચવાની છે ના?"

રમણઃ કહેઃ "મારા બાપુ તો એમ જ કહેઃ 'કાલે ઢીંગલી લાવી દેશું; કાલે ઢીંગલી લાવી દેશું.' પછી કોઇ દિ' લાવી જ ન દે. ગપ્પા માર્યા કરે."

વિમળ કહેઃ "એવી જ ટેવ મારી બાની છે. કહેશે કાલે ટીકડી મંગાવીશ ને મંગાવે જ નહિ. કાં તો કહેશે આજે પૈસા નથી. કાં તો કહેશે ભૂલી જ ગઈ. કાં તો કહેશે આજે નથી મંગાવવી: આજે બીજું બાવાનું છે."

વિશુ કહેઃ "એમ તો મારી બા ઠીક છે. હા, ક્યારેક દિ' તો કીધા પ્રમાણે નથી કરતી, પણ ત્યારે તો કહે છે કે ધ તો આમ હતું તે ન

ચંદનઃ કહેઃ "મારા બાપુએ તો કીધું છે કે હું કહીશ એમ કરવાનો ખરો, પણ કોઇક વાર વખને નયે થાય. કામકાજ કે એવું હોય તો ન પણ બને."

રમણ કહેઃ "તે તો બરાબર. પણ રોજ ખોટાં ખોટાં બ્હાનાં કોઇ કાઢે તે તો ન ગમે. કાં તો હા પાડે ને કાં તો ના પાડે તો એક જ વાત કે પછી વારેવારે યાદ ન આવે."

વિમળ કહેઃ "એમ કરતા હોય તો તો સારું જ ના! રોજ ને રોજ વાટ તો ન જોઇએ? આખો દિ' થાય કે 'હેઈ, આજે આમ થશે!' ને પછી છેવટે ના પડે એટલે ઢીલાઢેંશ થઇ જવાય. આવું તો મને ન ગમે!" ગિ.

બાતાનો બહેરવેશ

ગિન્નુભાઇઃ "કેમ કાશીબેન, ભાપણ ઠીક લાગ્યું કે?"

કાશીબેનઃ "હા ભાઈ, મને તો થાય છે કે તમે દરેક અઠવાડિયે આવું રાખો તો બહુ સારું."

ગિઃ "મહિને બે મહિને રાખીએ તોયે કેટલાં થોડાં માબાપો આવે છે? અઠવાડિયે તો કોણ આવતું હતું? ઠીક. કેમ આજે કાંઇ સવાલ બવાલ લાવ્યાં નહિ? કાંઇ નહિ હોય."

કાઃ "ના, સવાલ તો રોજ આવ્યા જ કરે છે પણ હમેશ હું જ પૂછું છું તે મને જરા શરમ લાગી."

ગિઃ "એમાં શરમ શેની? કોઇકે તો પૂછવું જ નોઇએ ને? કોઈ પૂછે એટલે ચર્ચા થાય ને બધાને જ લાભ મળે. ઠીક લ્યો હવે તો કહો."

કાઃ "સવાલ કાંઇ મોટો નથી, પણ બન્યું તે કહી દઉં."

ગિઃ "હા કહોને."

કાઃ "આજે અહીં આવવું'તું તે હમેશનાં લુગડાં પહેરીને હું આવતી'તી એટલામાં સરલા આવી. ધ કહે 'બા તારી પેટીની ચાવી દેને?' મનેં લાગ્યું એને આવવું હશે તે કપડાં લેવા ચાવી માગતી હશે. મેં આપી. એણે તો પેટી ઉઘાડીને મારો એક સારો સાડલો કાઢ્યો ને કહેઃ 'બા, તું આ પહેરીને ચાલ.' મેં કહ્યું: 'ના બા,

મને શરમ થાય. મારાં કપડાં છે તે ઠીક છે.' ઇ તો માને જ નહિ. મને થયું હવે મારે શું કરવું ? ઇ તો કહે: 'તું કોઇ દિવસ મારૂં માનતી નથી. મને તારા આવા સાડલા નથી ગમતા. અમને ગમે તે કોઇ દિ' પહેરતી નથી.' ને એવું એવું બોલવા લાગી ને રડવા લાગી. હવે મારે એને કઇ રીતે સમજાવવી ? તમે જ કહો."

ગિ: (હસીને) "તો પહેરવો હતો એને ગમતો સાડલો. કોઇ વાર એને પણ રાજી રાખવી."

કા: "ના ભાઈ, તમે તે આવું કેમ બોલો છો ? આપણી રીતો નથી જાણતા શું ? મારાથી તે એવું પહેરાય ?"

ગિ: "શું કામ નહિ ? સરલાને તમારા આવા સાડલા ન ગમે તે સ્વાભાવિક છે."

કા: "પણ એનેં ગમે એવું એ પહેરે. કાંઇ એના જેવું મારે પહેરાય ? મારે તો સમાજની રીતે જ ચાલવું જોઇએ ને ?"

ગિ: "જરા છૂટથી બોલું તો માફ કરજો. તમે પ્રશ્ન છેડ્યો છે એટલે બોલવું પડે છે. તમે આ વિધવાનો પોશાક તમારી ખુશીથી સ્વીકાર્યો છે કે સમાજની બીકથી ?"

કા: "ખુશીથી જ તો."

ગિ: "ખુશી તો ખરી. પણ પોતાની ખુશી બે જાતની હોય છે. સમાજમાં ચાલતી રૂઢિ હોય તે પ્રમાણે આપણે કરવું જ જોઇએ એમ આપણે નાનપણથી શીખીએ છીએ અને તેથી સામાજિક રૂઢિ પ્રમાણે કરીએ છીએ તે. કરવું જ જોઇએ એમ માનતા હોવાથી કરીએ તે કેવળ આપખુશીથી કર્યું ન કહેવાય."

કા: "હું બરાબર સમજી નંહિ."

ગિ: "નથી સમજ્યાં ? સહેલું છે. જુઓ તમને એક પ્રશ્ન પૂછું. સમાજની રીત એમ ન હોત તો પણ તમે પોતાના શોખથી આ પહેરવેશ લેત ?"

કા: "ના; સાદો પોશાક રાખત, પણ બાસ આવાં જ લુગડાં ન રાખત. આવું તો મનેય ગમતું નથી. પણ પહેરૂં છું કેમકે એમ રાખીએ તો સારૂં ગણાય. પણ આ સરલા તો ભાઇ તોબા ! ઇ તો કશું સમજતી જ નથી. ઇ તો સરસ પિરોજી રંગનો કિનારીવાળો સાડલો લઈ આવી. હવે ઇ તે મારાથી કેમ પહેરાય ? હું એને સારૂ આવું કરવા જાઉં તો તો લોકો તરત વાતો કરવા લાગેને ?"

ગિ: "હા, જુઓ હું પૂછતો હતો ને કે આપ-ખૂશીથી કે સામાજિક બંધનથી ? જુઓ તમે બોલ્યાં કે લોકો વાતો કરે. એટલે તમે સામાજિક બંધનથી આવું બધું કરો છો. સમાજને ખુશી રાખવા માટે કરો છો; આપખુશીથી નહિ."

કા: "એ તો એ પણ ધ્યાન રાખવું જ જોઇએ ને ? ઇ જ સમાજમાં રહેવું હોય એટલે એનું બંધન રાખવું જ પડે."

ગિ: "હું નથી એમ માનતો. તમે પોતાના મનને પૂછીને બરાબર ચાલો તો સમાજ તો કહેવાનું હશે તે કહેશે. એની પરવા રાખે કામ ન આવે. સમાજ તો આમે બોલે ને આમે બોલે. અને સમાજ સમાજ તે કોણ ? આ તમારી શેરીની બાયડીઓ જ ને ? એ તો બોલ્યા કરે."

કા: "તો શું સરલાની મરજી ખાતર મારે પોશાક પણ એને ગમે તેવો કરવો ? એ તો બહુ કહેવાય. એટલે તો અમારી મરજી નામરજી કાંઈ હોય કે નહિ ?"

ગિ: "હવે બરાબર બોલ્યાં. તમારી પોતાની મરજી નામરજી, ગમવું ન ગમવું જરૂર રાખવું. પણ તે શેરીની બાયડીઓ વાત કરે માટે નહિ. માબાપના પોશાકમાં બે વાતો છે. એક તો તમે કહો છો તેમ મોટાંઓ મોટાંઓને ગમે તે મુજબ

બાળકો વાતો કરે છે

ચંદન કહેઃ "મારા બાપુ કહે તો તો કરે જ કરે. પરમ દહાડે કહેઃ 'આજે નહિ, કાલે વારતા વાંચીશ.' કાલ પડી ને બાપુએ જ કહ્યુંઃ 'આલો આજે વારતા વાંચવાની છે ના?"

રમણઃ કહેઃ "મારા બાપુ તો એમ જ કહેઃ 'કાલે ઢીંગલી લાવી દેશું; કાલે ઢીંગલી લાવી દેશું.' પછી કોઇ દિ' લાવી જ ન દે. ગપ્પા માર્યા કરે."

વિમળ કહેઃ "એવી જ ટેવ મારી બાની છે. કહેશે કાલે ટીકડી મંગાવીશ ને મંગાવે જ નહિ. કાં તો કહેશે આજે પૈસા નથી. કાં તો કહેશે ભૂલી જ ગઈ. કાં તો કહેશે આજે નથી મંગાવવી: આજે બીજું બાવાનું છે."

વિશુ કહેઃ "એમ તો મારી બા ઠીક છે. હા, કો'ક દિ' તો કીધા પ્રમાણે નથી કરતી, પણ ત્યારે તો કહે છે કે ઇ તો આમ હતું તે ન થઇ શક્યું. પણ નહિતર તો વચન આપે તે પાળે જ છે."

ચંદનઃ કહેઃ "મારા બાપુએ તો કીધું છે કે હું કહીશ એમ કરવાનો બરો, પણ કોઇક વાર વખતે નથે થાય. કામકાજ કે એવું હોય તો ન પણ બને."

રમણ કહેઃ "તે તો બરાબર. પણ રોજ ખોટાં ખોટાં બ્હાનાં કોઇ કાઢે તે તો ન ગમે. કાં તો હા પાડે ને કાં તો ના પાડે તો એક જ વાત કે પછી વારેવારે યાદ ન આવે."

વિમળ કહેઃ "એમ કરતા હોય તો તો સારું જ ના! રોજ ને રોજ વાટ તો ન જોઇએ? આખો દિ' થાય કે 'હેઈ, આજે આમ થશે!' ને પછી છેવટે ના પડે એટલે ઢીલાઢેંશ થઇ જવાય. આવું તો મને ન ગમે!" ગિ.

આતાનો પહેરવેશ

ગિજુભાઇઃ "કેમ કાશીબેન, ભાપણ ઠીક લાગ્યું કે?"

કાશીબેનઃ "હા ભાઈ, મને તો થાય છે કે તમે દરેક અઠવાડિયે આવું રાખો તો બહુ સારું."

ગિઃ "મહિને બે મહિને રાખીએ તોયે કેટલાં થોડાં માબાપો આવે છે? અઠવાડિયે તો કોણ આવતું હતું? ઠીક. કેમ આજે કાંઇ સવાલ બવાલ લાવ્યાં નહિ? કાંઇ નહિ હોય."

કાઃ "ના, સવાલ તો રોજ આવ્યા જ કરે છે પણ હમેશ હું જ પૂછું છું તે મને જરા શરમ લાગી."

ગિઃ "એમાં શરમ શેની? કોઇકે તો પૂછવું જ જોઇએ ને? કોઈ પૂછે એટલે ચર્ચા થાય ને બધાને જ લાભ મળે. ઠીક લ્યો હવે તો કહો."

કાઃ "સવાલ કાંઇ મોટો નથી, પણ બન્યું તે કહી દઉં."

ગિઃ "હા કહોને."

કાઃ "આજે અહીં આવવું'તું તે હમેશનાં લુગડાં પહેરીને હું આવતી'તી એટલામાં સરલા આવી. ઇ કહે 'બા તારી પેટીની ચાવી દેને?' મને લાગ્યું એને આવવું હશે તે કપડાં લેવા ચાવી માગતી હશે. મેં આપી. એણે તો પેટી ઉઘાડીને મારો એક સારો સાડલો કાઢ્યો ને કહેઃ 'બા, તું આ પહેરીને ચાલ.' મેં કહ્યું: 'ના બા,

મને શરમ થાય. મારાં કપડાં છે તે ઠીક છે.' ઇ તો માને જ નહિ. મને થયું હવે મારે શું કરવું ? ઇ તો કહેઃ 'તું કોઇ દિવસ મારૂં માનતી નથી. મને તારા આવા સાડલા નથી ગમતા. અમને ગમે તે કોઇ દિ' પહેરતી નથી.' ને એવું એવું બોલવા લાગી ને રડવા લાગી. હવે મારે એને કઇ રીતે સમજાવવી ? તમે જ કહો."

ગિઃ (હસીને) "તો પહેરવો હતો એને ગમતો સાડલો. કોઇ વાર એને પણ રાજી રાખવી."

કાઃ "ના ભાઈ, તમે તે આવું કેમ બોલો છો ? આપણી રીતો નથી જાણતા શું ? મારાથી તે એવું પહેરાય ?"

ગિઃ "શું કામ નહિ ? સરલાને તમારા આવા સાડલા ન ગમે તે સ્વાભાવિક છે."

કાઃ "પણ એનેં ગમે એવું એ પહેરે. કાંઇ એના જેવું મારે પહેરાય ? મારે તો સમાજની રીતે જ ચાલવું જોઇએ ને ?"

ગિઃ "જરા છૂટથી બોલું તો માફ કરજો. તમે પ્રશ્ન છેડ્યો છે એટલે બોલવું પડે છે. તમે આ વિધવાનો પોશાક તમારી ખુશીથી સ્વીકાર્યો છે કે સમાજની બીકથી ?"

કાઃ "ખુશીથી જ તો."

ગિઃ "ખુશી તો ખરી. પણ પોતાની ખુશી બે જાતની હોય છે. સમાજમાં ચાલતી રૂઢિ હોય તે પ્રમાણે આપણે કરવું જ જોઇએ એમ આપણે નાનપણથી શીખીએ છીએ અને તેથી સામાજિક રૂઢિ પ્રમાણે કરીએ છીએ તે. કરવું જ જોઇએ એમ માનતા હોવાથી કરીએ તે કેવળ આપખુશીથી કર્યું ન કહેવાય."

કાઃ "હું બરાબર સમજી નંહિ."

ગિઃ "નથી સમજ્યાં ? સહેલું છે. જુઓ તમને એક પ્રશ્ન પૂછું. સમાજની રીત એમ ન હોત તો પણ તમે પોતાના શોખથી આ પહેરવેશ લેત ?"

કાઃ "ના; સાદો પોશાક રાખત, પણ બોસ આવાં જ લુગડાં ન રાખત. આવું તો મનેય ગમતું નથી. પણ પહેરૂં છું કેમકે એમ રાખીએ તો સારૂં ગણાય. પણ આ સરલા તો ભાઇ તોબા ! ઇ તો કશું સમજતી જ નથી. ઇ તો સરસ પિરોજી રંગનો કિનારીવાળો સાડલો લઈ આવી. હવે ઇ તે મારાથી કેમ પહેરાય ? હું એને સારૂ આવું કરવા જાઉં તો તો લોકો તરત વાતો કરવા લાગેને ?"

ગિઃ "હા, જુઓ હું પૂછતો હતો ને કે આપ-ખૂશીથી કે સામાજિક બંધનથી ? જુઓ તમે બોલ્યાં કે લોકો વાતો કરે. એટલે તમે સામાજિક બંધનથી આવું બધું કરો છો. સમાજને ખુશી રાખવા માટે કરો છો; આપખુશીથી નહિ."

કાઃ "એ તો એ પણ ધ્યાન રાખવું જ જોઇએ ને ? ઇ જ સમાજમાં રહેવું હોય એટલે એનું બંધન રાખવું જ પડે."

ગિઃ "હું નથી એમ માનતો. તમે પોતાના મનને પૂછીને બરાબર ચાલો તો સમાજ તો કહેવાનું હશે તે કહેશે. એની પરવા રાખે કામ ન આવે. સમાજ તો આમે બોલે ને આમે બોલે. અને સમાજ સમાજ તે કોણ ? આ તમારી શેરીની બાયડીઓ જ ને ? એ તો બોલ્યા કરે."

કાઃ "તો શું સરલાની મરજી ખાતર મારે પોશાક પણ એને ગમે તેવો કરવો ? એ તો બહુ કહેવાય. એટલે તો અમારી મરજી નામરજી કાંઈ હોય કે નહિ ?"

ગિઃ "હવે બરાબર બોલ્યાં. તમારી પોતાની મરજી નામરજી, ગમવું ન ગમવું જરૂર રાખવું. પણ તે શેરીની બાયડીઓ વાત કરે માટે નહિ. માબાપના પોશાકમાં બે વાતો છે. એક તો તમે કહો છો તેમ મોટાંઓ મોટાંઓને ગમે તે મુજબ

પોશાક પહેરે. મારી દીકરી મને કહે કે 'આવું ખાદીનું શું પહેરો છો? આ ઝીણું વિલાયતી પહેરો.' તો કાંઈ હું એને માટે તેમ ન કરું. હું તો મારું કારણ કહું કે મેં નિયમ લીધો છે, ને મને ખાદી જ ગમે છે વગેરે. પછી ખાદી માટે એ જેટલું પૂછે તેટલું કહું. તેમ જ બીજી રીતે પણ બાળકને કહી શકાય કે જેમ તેને ગમતું નગમતું છે તેમ મોટાંઓને પણ છે. પણ મોટાંઓએ એક વાત વિચારવા જેવી છે. બાળકો માટે જો આપણે જીવતાં હોઈએ તો આપણે સોગીયાં જેવાં દેખાઈએ એ બાળકને ન ગમે એ સ્વાભાવિક છે. જેમ બાળકને પોતાનો શોખ હોય તેમ મોટાંઓને પણ હોય. પરંતુ મોટાંઓને જેમ મારું બાળક આમ પહેરે, આમ રહે એ જોવાનો શોખ હોય છે તેમ બાળકને પણ પોતાની બા આમ પહેરે આમ ઓઢે એ જોવું ગમે છે. માટે સારું બાળકની ઇચ્છાના ગુલામ થઈને ન ફરીએ તો પણ તેની આવી ઈચ્છાને વખતે વખતે સાચવી લઈએ તો ખોટું નહિ. ઘણી મોટી સ્ત્રીઓ ને વિધવાઓ આંખને ન ગમે એવું ગમે તેવું ઓઢીને હરેફરે તે બાળકના મનને ન રુચે. ખરી રીતે તો બાળક વાતાવરણની સુઘડતા માગે છે ને તે યોગ્ય જ છે. મારા અવલોકનમાં તો એમ છે કે બાળક ઉત્સાહ ને પ્રસન્નતાપૂર્ણ વાતાવરણ માગે છે. મારાં છોકરાંઓએ મારાં ખાદીનાં કપડાં સામે કોઇ દિવસ વાંધો લીધો નથી. ફરવા નીકળું ત્યારે દાઢી કરું, સરસ ધોએલું પહેરણ પહેરું, ટોપી ચડાવું તો બાળકો હર્ષથી મારી સાથે નીકળે છે. એ બરાબર વ્યક્ત કરી શકતાં નથી પણ ખરી રીતે પોશાક ન બદલવા કારવવામાં જે આપણે જીવન પ્રત્યેનો કંટાળો બતાવીએ છીએ તેની સામે તેમને વાંધો હોય છે. સાથે સાથે સુઘડતાના અભાવ પ્રત્યે પણ તેમનો અણગમો હોય છે. બાળકોનાં પોતાનાં કપડાંમાં પણ મેં એમ જ જોયું છે. એક સાદું ખાદીનું ઝભલું પણ સરસ ધોઇને સંકેલીને રાખીએ ને નાની બચીને નહાયા પછી પહેરાવીએ તો તે બહુ ખુશ થઇ જાય છે. એનો દેખાવ, એનો સ્પર્શ એને ગમતો હશે માટે ને? માટે તમારે વિધવાના પોશાક તરીકે જે એની અંદર સોગીયાપણું છે–જીવન પ્રત્યે કંટાળો છે તે કાઢી નાખવો. પછી તમે પિરોજી ને ગુલાબી ને એવું તમને ન ગમે તો ન પહેરો તો સરલા તેની સામે વાંધો નહિ લે, એમ મને પોઝીટીવ લાગે છે. કરી જુઓ. તેમજ આવું છોડીને તમારા મનથી તમે જે જે પહેરી શકો એમ તમે માનો છો તે ખુશીથી પહેરવા માંડો. તે માટે લોકો ભલે બોલે. સરલા માટે આટલું કરો છો તો આટલું વધારે. તમારા પોશાકમાં એને કાંઇક દુઃખીપણું લાગે છે તે તેને સાલે છે. ને ખરું પૂછો તો મને એ નથી સમજાતું કે ઘરમાં બાળક છે ત્યાં સુધી સ્ત્રી વિધવા શાની થાય? બાળક છે ત્યાં સુધી ઘરનું વાતાવરણ અમંગલ કરાય જ નહિ; મંગલ, પ્રસન્ન, ઉત્સાહપૂર્ણ એવું જ હોય. ને સ્ત્રી પોતે ત્યાં સુધી સૌભાગ્યવતી જ છે. ખરી રીતે તો સ્ત્રીનો જીવ તેના પતિ કરતાં પણ બાળકમાં જ વધારે હોય છે, એ તો ખરું ને?"

સાંભળતાં સાંભળતાં કાશીબેનની આંખમાં આંસુ આવ્યાં. જરા વાર રહીને તે બોલ્યાં: "આ આખો વિચાર નવીન જ છે તમારું કહેવું સાચું લાગે છે. મેં કોઇ દિવસ આ રીતે વિચાર્યું જ ન હતું. હવે વિચારી જોઇશ. સવાલ નાનો લાગ્યો પણ તમે તો એને ખૂબ ઉંડે લઇ ગયા. ઠીક, હવે જઉં છું."

ગિ: "આવજો. કાંઇ બોલાઇ ગયું હોય તો બોટું નહિ લગાડતાં."

કા: "ના ના, એવું કશું નથી."

ત્રા.

ઇંગ્લાંડમાં મોન્ટીસોરી પદ્ધતિ

ઇંગ્લાંડે મોન્ટીસોરી પદ્ધતિને આદર આપ્યો છે. અહીં મોન્ટીસોરી અધ્યાપકો તૈયાર થવાનો ઉત્સાહ અને માગણી સતત ચાલુ જ છે. ઇટલી સિવાયના બીજા દેશો કરતાં માત્ર ઇંગ્લાંડમાં ડૉ. મોન્ટીસોરીએ વધારે વખત શિક્ષણ આપવાનું કામ કર્યું છે. એવું છેલ્લું શિક્ષણકાર્ય હમણાં જ લંડનની ટ્રેનિંગ કોલેજમાં થયું. સરકારી મકાનમાં આ વખતે આ કાર્ય પહેલ વહેલું જ હતું. લગભગ ૧૫૦ શિક્ષકોની હાજરી હતી. તેઓ ઇંગ્લાંડના બધા ભાગો, સ્કોટલાંડ, વેલ્સ અને આયર્લાંડમાંથી આવેલા હતા. કેટલાએક અનુભવવૃદ્ધ બુઝરગો હતા, કેટલાએકને સ્થાનિક સત્તાએ મોકલેલા હતા, જ્યારે કેટલાએક પોતાથકી આવેલા હતા. અધ્યાપન-મંદિરના આ શિક્ષણનો લાભ લેવા તેઓએ ખાસ રજા મેળવી હતી. થોડાએક દૂર દેશના—ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, હોલાંડ, નોર્વે, ઇટલી, જરમની અને ઓસ્ટ્રીયાના હતા. વ્યાખ્યાનમંડપના મધ્ય ભાગમાં રોમન કેથોલીક સાધ્વીઓ બેઠી હતી અને આજુબાજુમાં શિક્ષકો બેઠા હતા. દેખાવ ઘણો જ ભવ્ય હતો.

કોઇએક મહાન્ આચાર્ય પોતાના શિષ્યગણને વિદા આપે તેવી રીતે ડૉ. મોન્ટીસોરીએ ત્યાં એકઠા થએલ શિક્ષકોને પોતાની શિક્ષણપદ્ધતિ સમજાવી હતી. એ ભાષણો અદ્‌ભુત હતાં. એમાં અજબ જેવું પ્રાણતત્ત્વ ભર્યું હતું. તાજગી અને છટા (Charm) ડૉ. મોન્ટીસોરીના વ્યક્તિત્વનાં તરી આવે તેવાં લક્ષણો છે. ડૉ. મોન્ટીસોરી સૌના પર કંઇક અજબ જેવી છાપ પાડી શકે છે.

એ ભાષણોએ એક પછી એક જૂના શિક્ષણના કિલ્લાને ઉડાવી દીધા હતા ને તેની જગાએ નવી ઇમારતો ચણી હતી. આ સાંભળનારને આશ્ચર્ય થયું હતું કે આવું અદ્વિતીય સત્ય—પરમ સત્ય હજી સુધી જાણે કે કેમ સમજાયું જ ન હતું. સાંભળનારને ખેદ થતો હતો કે ત્યાં ઘણાઓ હાજર ન હતા. જેમની ગેરહાજરીનો કશો વિચાર ન થઈ શકે તેવાઓ હાજર ન હતા; અને ખાસ કરીને તો તેઓને માટે લાગી આવતું હતું કે જેઓ હજી જુવાન છે, જેઓ હજી ઘણા છે ને જેઓ હજી ઠરી નથી ગયા.

અહીં મોન્ટીસોરી પ્રવૃત્તિ શિક્ષકોની છે. અધિકારી સત્તા સાવ મંદ છે. ઘણા વિદ્વાન લોકોએ મોન્ટીસોરી પદ્ધતિ ઉપર પુસ્તકો લખ્યાં છે પણ છતાં એમાંના એકેએ મોન્ટીસોરી શિક્ષણ અધ્યાપન-મંદિરમાં હાજરી આપી નથી. એટલું જ નહિ પણ મોન્ટીસોરી શાળામાં એક અઠવાડિયા જેટલી પણ હાજરી આપી નથી. જે કાંઇ થઇ રહ્યું છે તે શિક્ષકવર્ગ અને આમવર્ગ તરફથી છે અધિકારીઓને તો જરા ધક્કેલાવું પડે છે. આથી ઉલટું હોલાંડમાં બન્યું છે, અને તેથી અહીંની વાત ખાસ ધ્યાન ખેંચે છે. હોલાંડમાં વિદ્યાપીઠ જ કર્તા હર્તા છે. એની અસર ઠેઠ નીચલી શાળાઓ સુધી પહોંચે છે. ઇટલીમાં મુસોલોનીએ રાજહિતાર્થે શાળાના શિક્ષકો પાસે મોન્ટીસોરી પદ્ધતિનું અધ્યયન કરાવ્યું છે અને તેમને તે પદ્ધતિનો વર્ષો સુધી પ્રયોગ કરવાનું ફરમાવ્યું છે. ફરમાનમાં એવા શબ્દો છે કે " પદ્ધતિ સમજ્યા ન હતા એવો કોઇ પણ જનતનો બચાવ ચાલશે નહિ. "

ઇંગ્લાંડમાં રાજ નહિ પણ શિક્ષકોએ મોન્ટીસોરી પદ્ધતિને ચડાવી છે. શિક્ષકોએ પુસ્તક વાંચ્યું, શિક્ષકોએ પદ્ધતિનો અભ્યાસ કરવા માટે હિલચાલ કરી, અને એમની માગણીને પરિણામે જ ડૉ. મોન્ટીસોરી ઇંગ્લાંડમાં આવ્યાં. શરૂઆતના દિવસોમાં શિક્ષકોએ

પોતાના પૈસાથી સાધનો ખરીદ્યાં હતાં. શિક્ષકોને જ ઈન્સ્પેક્ટરોની સાથે લડવું પડ્યું હતું અને વર્ગો ચલાવી આપી સફળ પરિણામો બતાવીને પદ્ધતિનું સત્ય જાહેર કરવું પડ્યું હતું હવે તો લંડનમાં બાનગી, ચર્ચની ને સ્ટેટની એટલી બધી મોન્ટીસોરી શાળાઓ છે કે એની નોંધ લેવી મુશ્કેલ છે. ઇંગ્લાંડનાં બીજાં શહેરોમાં પણ એ જ પ્રમાણે છે. લંડન, એડીનબરો, ગ્લાસગો, બરમીંગહામ, અને નોટીંગહામમાં મોન્ટીસોરી સોસાઇટીઓ અને શાળાઓ છે. આ ઉપરાંત મોન્ટીસોરી પદ્ધતિની અસર સર્વત્ર થઇ ચૂકી છે. દરેક ઠેકાણે બૂની ઘરેડ પૂરાતી જાય છે, તૂટતી જાય છે.

નવી શાળાઓ માટે તૈયાર થતા ઘણા શિક્ષકો મોન્ટીસોરી પદ્ધતિ શીખતા નથી. તેઓને કોઇએ શીખામણ આપેલી હોય છે કે મોન્ટીસોરી પદ્ધતિ સંકુચિત છે. [જો કે ખરી રીતે જ્યાં આખી મોન્ટીસોરી પદ્ધતિ દાખલ કરવામાં આવી હોય એવી થોડી જ શાળાઓ છે; અને તે સ્વાભાવિક છે કારણ કે એમ કરવું અઘરું છે, અને આજે જે થોડા વખત પૂરતી શાળાઓ ચાલે છે તે માટે શક્ય નથી.] આથી તેઓ મોન્ટીસોરી પદ્ધતિ લગભગ શીખતા જ નથી અને ઇતર બાબતોને ઉપાડે છે. ખરી રીતે આ ઇતર બાબતોની કિંમત મોન્ટીસોરી શિક્ષક હોય છે તે તુરત સમજી શકે છે; અરધા કલાકમાં તેને ગોઠવી દેવી, તેમાં ફેરફારો કેવી રીતે કરવા તે તેને આવડે છે. પણ જેણે મોન્ટીસોરીનો અભ્યાસ બાજુમાં રાખી ઇતર પદ્ધતિઓ તરફ ખેંચાઇ તેને જોઇ લીધી છે તેનામાં તે શક્તિ આવતી નથી. અલબત્ત મોન્ટીસોરી પદ્ધતિ શીખતાં ઘણી જ વાર લાગે છે. પણ એક વાર શીખ્યા પછી તેની દૃષ્ટિ ઘણી જ વિશાળ થાય છે માટે જ વિશાળતા માટે પહેલાં સંકુચિત થવું પડે એ સારું છે, જ્યારે વિશાળતાને નામે માત્ર ઉપલકીયા થઇ જવું એ હાનિકારક છે. આ વિચાર અભ્યાસના દરકોઇ વિષયને લાગુ પડે છે.

ડૉ. મોન્ટીસોરીનો આગ્રહ છે કે "મોન્ટીસોરી શિક્ષકની તૈયારી નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ થવી જોઇશે." હમણાં જ પોતે લખેલ છે કે "આપણામાં કેટલીએક એવી બાબતો છે કે જે સારી નથી. મોન્ટીસોરી શિક્ષક થનાર પોતાના ઉંડા અન્તરમાં ઉતરે અને પોતાનામાં રહેલા જે નૈતિક અવગુણો છે તે દૂર કરે. આ અવગુણ તે જુલ્મ છે—અન્ય ઉપર અધિકાર ચલાવવાનો છે. બીજો અવગુણ અભિમાન અને ક્રોધ છે. આ અવગુણો શિક્ષકના આત્માને હણનારા છે. પ્રથમ અભિમાન અને ક્રોધને ફેંકી દઇ, નમ્ર થાઓ. અને પછી દયાલુતા ને ઔદાર્યનાં વસ્ત્રો

બાળકો જરૂર વાંચે

ઘરમાં બાળકે શું કરવું ?
બાળક્રીડાંગણો
બાળકોનાં રમકડાં
બાળકોનો પહેરવેશ
બાળકોની કુટેવો
બાળકોનો ખોરાક
સ્વતંત્ર બાલશિક્ષણ
શિક્ષણના વહેમો
બાળકોનું બહીવું
બાલજીવનમાં ડોકિયું
બાલમંદિરમાં
વાર્તા કહેનારને
જાતીય વિકૃતિનાં મૂળ

: :પોસ્ટેજ સાથે એક રૂપીઓ: :

વ્યવસ્થાપક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

પહેરો. આપણે આવા પ્રકારની મનઃસ્થિતિ કેળવવાની છે.”

એક તરફ બાળકનું સ્વાતંત્ર્ય છે. બીજી તરફ શિક્ષકનું સ્વાતંત્ર્ય છે. ખરી રીતે આ બન્ને એક બીજાંનાં વિરોધી નથી. બન્નેને જૂદી જૂદી જાતનાં સ્વાતંત્ર્ય આપવાનો આપણો પ્રયત્ન છે. પણ ડૉ. મોન્ટીસોરી જૂદા જ સત્યનું ભાન કરાવે છે. જ્યારે કોઇ દર્દી માંદો પડે ત્યારે તેનું સાજા થવાનું સ્વાતંત્ર્ય વૈદકશાસ્ત્રે જ (અને બીજા કોઇએ નહિ જ) નિર્માણ કરેલ નિશ્ચિત ચિકિત્સા (treatment) ઉપર અવલંબે છે. પરંતુ આ નિશ્ચિત ચિકિત્સા નર્સ પરત્વે નિયમન રૂપ છે. આ જ રીતે જ્યારે બાળકને આપણે સ્વાતંત્ર્ય આપીએ, છૂટું મૂકીએ ત્યારે આપણે શીર સ્વયંનિયમન આવી પડે છે. અને ખરી રીતે તો આ સ્વયંનિયમન એ જ એક પ્રકારનું સ્વાતંત્ર્ય છે. શિક્ષકનું સ્વાતંત્ર્ય બાળકને સહાય આપવામાં છે. અને અમુક તમુક રીતે બાળકને સહાય આપીને, તેની સેવા કરીને શિક્ષક ઉંચામાં ઉંચે શિખરે ચડે છે.

પ્રત્યેક વિષયને બાહ્ય સ્વરૂપ છે. સંગીતકાર ગમે તેમ પિઆના ઉપર આહાદોઢા સ્વર પાડી નહિ શકે. ચિત્રકાર ગમે તેમ ફાવે તેમ કેનવાસ પર રંગ છાંટી નહિ શકે. અને અનુભવી શિક્ષકો જાણે છે કે બાળકો પોતે જ તેમને જ્યારે તેઓ ખોટા માર્ગે જાય છે ત્યારે સાચે રસ્તે આણે છે, તેમની ભૂલ સુધારે છે. કારણ કે જ્યારે શિક્ષક શિક્ષણશાસ્ત્રની ભૂલ કરે છે ત્યારે બાળક સમૂળગું કામ કરતું જ બંધ થઇ જાય છે, અને દબાણની જરૂર માગે છે. જે શિક્ષકને એક વાર પણ એ વસ્તુનું ભાન થયું છે કે બાળક પોતે જ પોતાનો પ્રેરક છે અને શિક્ષક નથી, તેનાથી આ વધારે સહી શકાતું નથી. મોન્ટીસોરી પદ્ધતિ એક મૃત વસ્તુ નથી. એ હલ્યા ચલ્યા વિના પડી રહે એવી નથી જ. એ પદ્ધતિ ઉલટું જીવતી પદ્ધતિ છે. તે વધવાની અને વિકસવાની છે; પરન્તુ એના વિકાસનો આધાર આ પદ્ધતિએ અત્યાર સુધી જે કરેલું છે એમાં સુધારા વધારા અને સુંદરતા પૂર્ણતા લાવવામાં છે. પરન્તુ આજે જેમ અનેક શિક્ષણપદ્ધતિઓ કુદરતી કાનુનોને ઓળંગીને તેને કાપીને ચાલે છે ને જોહુકમી વરતાવે છે તેમ કરવામાં તેનો વિકાસ અને વર્ધન નથી.

(ન્યુ ઇરા ઉપરથી)

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર*

પત્રિકા ૧ લી

ઑગસ્ટ ૧૯૨૮

આપનું બાળક બાલમંદિરમાં દાખલ થયું છે. હવેથી નીચેની બાબતો પર આપ ખાસ લક્ષ આપશો; અને તો જ આપના બાળકને દાખલ કર્યાનો પૂરો લાભ મળશે.

૧ આપ તેને બનતાં સુધી નાના અને નજીવા કારણસર ગેરહાજર ન રાખતાં: જેમકે જમવા જવું વગેરે.

પરંતુ બાળકને આપ કદિ પણ પરાણે કે પેંડા રેવડીની લાલચ આપીને બાલમંદિરમાં ન જ મોકલતાં.

બાળક ગેરહાજર રહે તો તેને નુકશાન થાય છે. બાળકને પરાણે મોકલવાથી તે બાલમંદિરમાં રાજી થઇ કામ કરતું નથી પણ ઘેર જવું છે, ઘેર જવું છે, કર્યા કરે છે.

* બાલમંદિરની આ પત્રિકા દરેક માબાપને ઉપયોગી હોઈ અહીં લેવામાં આવી છે.

૨ આપના બાળકને હમેશને હમેશ નહવરાવીને, વાળ ઓળીને, કપડાં ચોકખાં પહેરાવીને મોકલશો. એને રોજની એક ખટપટ ન ગણતાં. બાળકની પહેલી કેળવણી સ્વચ્છતા છે. તે ન થાય ત્યાં સુધી તેને એકડા કે એવું શીખવાડાય નહિ. બાળકને થોડા વખત પછી સ્વચ્છ રહેવાનો શોખ થશે એટલે તે જાતે સ્વચ્છ રહેવા લાગશે. વળી અમે પણ તેને સ્વચ્છ કેમ રહેવું તે શીખવીએ છીએ તેથી તે સ્વચ્છતા રાખવાનું શીખે છે.

૩ બાળકને એક પ્યાલો અને દાંતીયો આપશો જ. તે બધું અહીં બાલમંદિરમાં રાખવાનું છે. બાળક ત્યાં લાવે તો પાછું મોકલશો. બાળકો એકબીજાને પ્યાલે પાણી પીએ તે ઠીક નહિ; એમાં ગંદકી છે, ચેપ વળગે છે. પોતાનો દાંતીયો રાખવાથી પોતાનું માથું ગમે સારે સગવડથી ઓળી લેવાય છે ને માથામાં બીજાની જુઓ આવતી નથી.

૪ બાળકને એક રૂમાલ ચોકખો ધોએલો રોજ આપશો. કામકાજ વખતે હાથ લુવા, નાક લુવા રૂમાલ જોઇએ.

૫ આપના બાળકની બધી ચીજો પર અને લુગડાં પર પણ નામ લખશો. બાળકનું આખું નામ લખવું. જો કોઇ ચીજ ખોવાય તો બીજે દિવસે જણાવશો એટલે તપાસ કરી શકાય.

હાજરીપત્રક

શાળામાં હાજરીપત્રક રાખવાનો રિવાજ જૂનો છે. હાજરીપત્રક બતાવે છે કે કેટલા વિદ્યાર્થીઓ હાજર છે ને કેટલા ગેરહાજર છે. કેટલા રજાથી, કેટલા માંદગીથી અને કેટલા વગર રજાએ નથી આવ્યા. હાજરીપત્રક ઉપરથી સરેરાશ હાજરી કેટલી તે નીકળે છે. હાજરીપત્રકથી એમ પણ જોવાય છે કે એકંદરે આ શાળામાં વિદ્યાર્થીઓ વધારે આવે છે કે ઓછા. હાજરીપત્રક પરથી એવું અનુમાન કાઢવામાં આવે છે કે કેટલા પ્રમાણમાં શાળા સફળ કે નિષ્ફળ ગઇ છે. હાજરીપત્રકમાં ઓછી હાજરી રહેતી હોય છે તો તે હાજરી વધારવા શિક્ષકે પ્રયત્ન કરવાનો હોય છે. અમુક ટકા ઉપર હાજરી કાયમ રહેતી આવે તો શિક્ષકને અમુક પ્રમોશન મળવાનો સંભવ છે. હાજરી ઓછી જ રહે તો શાળા કાઢી નાખવાનું પ્રયોજન ઉભું થાય છે, અથવા શિક્ષક ભણાવવામાં નિષ્ફળ નીવડ્યો છે એમ ઠરાવી શકાય છે. હાજરીપત્રકના આ ઉપયોગો છે. હાજરીપત્રક આટલું કામ કરીને અટકે છે.

પણ હાજરીપત્રકનો કાર્યપ્રદેશ હજી વધારી શકાય તેમ છે અને વધારવો આવશ્યક છે. વિદ્યાર્થી માંદગીને લીધે નથી આવતો ત્યાં હાજરીપત્રકમાં માં એમ લખી દેવાય છે. એમ જ રજા માટે ર લખાય છે ને ગેરહાજર માટે × મૂકાય છે. પણ આ માં, ર અને × પાછળ કોઇ જતું નથી. એક વિદ્યાર્થીના નામ સામે માં, માં, કેટલીયે વખત આવે તો પણ શિક્ષકને જરા પણ ચોંકવાનું બનતું નથી; આ તે શી માંદગી છે તેની શિક્ષકને તપાસ કરવાની ફરજ નથી ને એમ કરવું આવશ્યક છે એમ તેનું માનવું નથી. એની ખબર કાઢવાનું તો ભાગ્યે જ હોય. તેના માબાપને મળી તેની ચિંતા કરવાનું તેના

કાર્યપ્રદેશની બહાર છે. પણ બરી રીતે હાજરી-પત્રકમાં માં પૂરાવતું બાળક શિક્ષકને માટે ચિંતાનો વિષય છે. તે સાજું માદું રહે તેના ઉપર તેના ભણવાનો આધાર છે એટલું જ નહિ પણ શિક્ષકની મહેનતના ફળનો પણ આધાર છે. વળી માં બાળક આજે નથી આવ્યું ને કાલે આવે છે; વળી ત્રીજે દિવસે તે માં છે. શિક્ષકે તેને ભણાવવું કે નહિ? તે કેવી જાતના રોગમાં છે-કે જેથી તેને સૌની સાથે બેસારવું કે જૂદું બેસારવું અગર બરાબર સાજું થાય ત્યાં સુધી આવવાની ના પાડવી? આ બધું હાજરીપત્રક સાથે સંબંધ ધરાવવું જોઈએ. બાળક માંદું હોય છે તેથી જ માંદગીના કારણે નથી આવતું એમ પણ નથી હોતું. વિદ્યાર્થીને ઘણી વાર માંદગીનો ઢોંગ કરવો પડે છે: શાળાનું ભણતર ન આવડતું હોય ને નિશાળમાં ન આવડવા માટે મારનો ભાવો પડતો હોય તો બાળક માંદગીનું શરણ લે છે. આવે વખતે વૈદ, ડૉક્ટરો કે માબાપથી કળી ન શકાય એવી માંદગી તેને ધારણ કરવી પડે છે. પેટમાં દુખવું, માથું દુખવું, એવા રોગનું શરણ લઈ વિદ્યાર્થી શાળાથી બચે છે. આવા વિદ્યાર્થીઓને અનુભવી લોકો જાણી શકે છે. આપણને સૌને કંઈ કંઈ તો આવા વિદ્યાર્થીઓનો અનુભવ હશે જ. શિક્ષકના ભયથી કે મારથી માંદા પડેલ વિદ્યાર્થીઓની માંદગી જૂદા પ્રકારની છે. ઘણી વાર માબાપ કે વિદ્યાર્થીને આનું કારણ જણાતું નથી. શિક્ષક કે માબાપ જ્યારે બાળક માંદું પડે ને શાળામાં તેનો-માં પૂરાય ત્યારે બીજાં કારણો તપાસવા સાથે આ કારણ પણ તપાસી શકે.

શિક્ષક × પૂરીને બેસી રહી શકે નહિ. સરેરાશ હાજરી પૂરાતી હોય તો તેનાથી સંતોષ પામી શકે નહિ. તેણે દરેક × વિદ્યાર્થીની ગેર-હાજરીનાં કારણો શોધવા જવું જોઈએ. ગેર-હાજર વિદ્યાર્થીનાં માબાપો પાસેથી તેનું કારણ પહેલી તકે માગવાનું ધોરણ દાખલ કરવું. જો માબાપોને ગેરહાજરીનું કારણ પૂછવા જઈશું તો કેટલાંકો ચમકીને એમ પણ કહેશે: "અમને તો ખબર જ નથી કે તે ગેરહાજર રહે છે. તે તો રોજ અગિયાર વાગે ઘેરથી શાળાએ આવે છે ને પાંચ વાગે ઘેર આવે છે." આનાં કારણોમાં જડશે કે કાં તો વિદ્યાર્થીને શાળાના શિક્ષકનો કે ભણતરનો અણગમો છે, અને તેને જ કારણે તે મોટે ભાગે રખડવા ચડી જાય છે. તે બોર બાવા ઉપડે છે, બાગમાં જઈને બેસે છે, માશી કે મામાને ત્યાં જાય છે. જ્યાં ત્યાં છૂપાતો ફરે છે, ને એ માર્ગે જતાં કુટેવોમાં પણ સપડાતો જાય છે. હાજર રહેલા વિદ્યાર્થી-ઓને બરાબર ભણાવવાનો પ્રશ્ન જેટલો અગ-ત્યનો છે તેટલો જ અગત્યનો—બલકે તેથી વધારે અગત્યનો પ્રશ્ન ગેરહાજર રહી ન ભણતા વિદ્યાર્થીઓનો છે. તેઓની ગેરહાજરીનાં બરાં કારણો જાણી તે દૂર કરવાં ને ભણતરનો માર્ગ સીધો કરવો એ વધારે મોટું ભણાવવું છે. હાજર રહે છે તેઓ ભણશે જ પણ જેઓ ભણતરથી ભાગ્યા છે તેઓની જ બરી ચિંતા છે.

વિદ્યાર્થીઓની રજા પાળવી પણ જાત જાત-નાં કારણો હોય છે. માબાપો ઘણી વાર નજીવા કારણે વિદ્યાર્થીઓને ઘેર રોકે છે. ઘણી વાર જજમાનને ત્યાં જમવા જવાનું કામ હોય છે; ઘણી વાર માને બાળક અવતર્યું હોય છે તેથી ઘરમાં મોટા છોકરાની મદદ જોઈએ છે; ઘણી

વાર કોઇને ત્યાં અઘરણીનું કે દાડાનું બાવા જવાનું હોય છે. માબાપો આવી રજાઓ અપાવે છે ને હજી નિશાળો એવી બાલપ્રિય નથી થઈ કે રમવા જમવાનું મળે તો પણ નિશાળ છોડવાનું ન ગમે. પણ તેવી નિશાળો થતાં વખત જશે. નિશાળોમાં જવા માટે વિદ્યાર્થીઓ કજીયો કરે, નિશાળે ન જવાયું હોય તો પણ ગમે નહિ, માબાપ નજીવા કારણે રોકે તો પણ રોકાવું રુચે નહિ, માંદગી હોય તો પણ નિશાળે જઇને બેસવું સારું લાગે એવી નિશાળો હજી હવે થવાની તો છે જ, પણ હજી વાર છે. થવાની તો છે જ કારણ કે આજની નિશાળને વિદ્યાર્થીઓની સાચી હાજરી હજી મળી નથી.

જ્યાં માબાપો ઉપર જણાવેલા પ્રકારની રજાઓ અપાવે છે ત્યાં પણ શિક્ષક તેનાથી અજાણ્યો ન રહે. અને નકામી રજાઓ કયાં કયાં છે તે તેમને બતાવી આપી વિદ્યાર્થીઓની હાજરીમાં થતા ઘટાડામાં અટકાયત કરે.

જેમ શિક્ષક અને ભણતરના અભાવને લીધે ગેરહાજરીનાં જાતજાતનાં કારણો થાય છે તેમ ભણવું રાજ્ય તરફથી ફરજીઆત હોય છે ત્યાં ગેરહાજરી હાજરીના જાતજાતના પ્રકારો બને છે. ગામડાના લોકોને ભણતરની કિંમત ન સમજાઇ અગર ઘરધંધામાં છોકરાઓની જરૂર હોય ત્યારે ફરજીઆત ભણતર અને હાજરીના નિયમને છેતરવાની જરૂર પડે જ છે. કાં તો કાયદામાં આવી શકે તેવી હાજરીના પ્રકારો માબાપે શોધી કાઢી વિદ્યાર્થીને ઘેર રાખવાનું કરવું પડે છે અથવા શિક્ષક ખોટી હાજરી પૂરે તેવો રસ્તો ઉઘાડવો પડે છે. હાજરીપત્રકનાં નિશાનો આવા સંજોગોમાં ઘણી વાર ખોટાં હોય છે. હાજરીપત્રકનો વિચાર કરતાં આ વિચાર ધ્યાનમાં રાખવા જેવો થઈ પડે છે.

શાળાના સમયો અને લાંબી રજાનાં ઘોરણો લોકપ્રવૃત્તિને અનુકૂળ ન હોવાથી હાજરી ગેરહાજરીના ટકામાં ફેર પડે છે તે તરફ નજર જવી જોઇએ. ગામડાની શાળામાં બેતીની ઋતુ ઉપર લોકના છોકરાઓ ગેરહાજર રહે એવું બને છે, ત્યાં તેને ગેરહાજરી ગણાવી પત્રકમાં × મૂકી ને શાળાનું કામ મંદ ચલાવવું તેના કરતાં ઋતુની જરૂરીઆત પ્રમાણે ઋતુ પરત્વે શાળાઓમાં રજા જ પાડવી ને તેનો બદલો શક્ય હોય તો બીજેથી મેળવવો. એમ જ જ્યારે માંદગીની સામાન્ય ઋતુ આવે (જેમકે ભાદરવામાં તાવ, અગર કોઇ ચેપી રોગ ફાટી નીકળે જેમકે ઉધરસ, આંબો આવવી વગેરે) ત્યારે પણ શાળા અને હાજરીપત્રક બન્ને બંધ કરવાં કે જેથી ગેરહાજરીનો પ્રશ્ન ઉભો ન થાય ને ભણતર પડે નહિ;તેમજ ચેપી રોગો નિશાળ મારફતે વધે નહિ. હાજરીપત્રક સાથે આવા પ્રશ્નો સંકળાએલા છે તે જોવા જેવા છે. ગિ.

રૂા. ૭)માં હજુ બાલ સાહિત્યમાળાના ગ્રાહક દીવાળી સુધી થઈ શકાશે. ઉતાવળ કરશો?

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૪

અંક ૯ મો
આશ્વિન

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

જીવન એટલે સુખ અને દુઃખનો તાણો વાણો. તાણા વાણા વિના જેમ લુગડું નહિ તેમ સુખ દુઃખ વિના જીવન નહિ. કેવળ સુખ-કેવળ દુઃખ કલ્પના માત્ર છે. એની ઇચ્છા એ અજ્ઞાન અને નાસ્તિકતા છે.

એટલે જ આપણે સુખ દુઃખથી ના ડરીએ. સુખને સેવીએ, દુઃખને સહન કરીએ પણ એકેથી ડોલીને અસી ન જઇએ.

જીવન જીવવું આકરું છે. દુઃખ સહન કરવું ખૂબ કઠિન છે. ને તેથીયે વધારે કઠિન સુખ પચાવવું એ છે. પણ જીવનનો કીમીઓ જ સુખ દુઃખ વિષે સમતોલતા કેળવવામાં છે.

સુખ દુઃખ સાથે છે એટલે તો બન્નેને સ્વીકારી બન્ને પર મેખ મારવામાં જ માનવતા: એમાં જ સાચું જીવન.

સ્પર્ધા અને પ્રેમ

કેટલાએક કહે છે કે સ્પર્ધા એ તો જીવનનું લુણ છે. કેવળ પ્રેમમય દુનિયા સ્વાદ વગરની મોળી લાગે.

પ્રેમમય દુનિયા સ્વાદ વગરની મોળી નથી પણ સાત્ત્વિક મધુરતાવાળી છે. તીખા તમતમતા સ્વાદસેવનથી બગડી ગએલી જીભ એ મધુરતા અનુભવી શકતી નથી. હા, સ્પર્ધા જીવનને ખારું કરી શકે છે એ વાત સાચી છે.

કેટલાએક કહે છે કે સ્પર્ધા મનુષ્યને કામે લગાડનાર તત્ત્વ છે. તે મનુષ્યને ઉદ્યોગી બનાવે છે. આજના કેટલાયે મહાન્ ઉદ્યોગોના મૂળમાં સ્પર્ધા છે.

હા, વિનાશક ઉદ્યોગોને જન્મ આપનાર સ્પર્ધા છે. જીવન પોષક ઉદ્યોગોને પણ વિનાશક સ્વરૂપમાં પલટાવનાર સ્પર્ધા છે.

વળી કેટલાએક કહે છે કે સ્પર્ધા એ જ સ્વાભાવિક માનવીપણું છે. પ્રેમ એ તો ખ્રિસ્ત કે બુદ્ધ જેવાઓના તરંગી મગજના તરંગો માત્ર છે. એ બધા તો અસામાન્ય મનુષ્ય લેખાય; આપણે તો સામાન્ય છીએ. ભલે ખ્રિસ્ત ને બુદ્ધ જેવા માનવીઓને છોડી દો. પણ જઇને પૂછો ખોળામાં બાળકને ધવરાવતી માતાને; જઇને પૂછો એક બીજાને પોતાનું આપી દેતાં ભાઈ બહેનોને; જઇને પૂછો પરસ્પર માટે સર્વસ્વ અર્પનાર મિત્ર મિત્રોને; જઇને પૂછો સ્વદેશ માટે જીવન જતું કરનાર દેશપ્રેમીને; ને સાથી છેલ્લે પૂછો આપણી પોતાની જાતને કે પ્રેમ સહજ છે કે અસહજ? પ્રેમ તત્ત્વ સત્ય વસ્તુ છે કે તરંગ માત્ર? પ્રેમ સાચો પ્રેરક છે કે સ્પર્ધા? પ્રેમમાં સમાધાન છે કે સ્પર્ધામાં? અનુભવ શું કહે છે? પ્રેમ કે સ્પર્ધા?

ત્યારે આપણે બાળકોને શું આપીશું, પ્રેમ કે સ્પર્ધા? પ્રેમપોષક વાતાવરણ કે સ્પર્ધાપોષક વાતાવરણ? જીવનપોષક તત્ત્વ કે જીવનહારક તત્ત્વ?

બાળક સંજોગોમાં જીવે છે ને વધે છે. સ્નેહોત્પાદક સંજોગોમાં સ્નેહ જન્મે ને સ્પર્ધાપોષક સંજોગોમાં સ્પર્ધા જન્મે. કેવા સંજોગોમાં આપણું બાળક જીવશે? તા.

બાલમંદિરમાં રજા

કાશીબેનઃ "આજે એક નાની શંકા આવી છે તે પૂછી લઉં?"

ગિજુભાઇઃ 'પૂછોને.'

કાઃ "હમણાં શ્રાવણ માસ ગયો ને, તે ઘણી રજાઓ આવી ગઇ. અમારી સરલા ને આસપાસનાં બીજાં અહીં આવનારાં બાળકો રજાનું નામ પડે એટલે મ્હોં બગાડે છે. કહે છે કે અમે ગિજુભાઇને કહીશું કે રજા ન પાડે તે દિ' સાંજે સરલા તો આવીને કહેઃ 'ગિજુભાઇ બરાબ છે. મને જરાયે નથી ગમતા.

"મેં પૂછ્યુંઃ 'કેમ નથી ગમતા? શું કર્યું તેમણે?' મને લાગ્યું તેને વઢ્યા હશે કે કાંઇક એવું હશે. પણ એ તો કહેઃ 'જોને ફરીથી એ દિવસની રજા પાડી. અમે બધાંએ કીધું રજા

નથી જોતી તોયે પાડી. ઇ તે કાંઇ રીત?' હું તો સાંભળીને છક્ક જ થઇ ગઇ. મને થયું આ કઇ જાતની ફરિઆદ કહેવાય! બીજી નિશાળનાં છોકરાં રજાનું નામ પડે ત્યાં રાજીરાજી થઈ જાય ને આ વળી આમ શું?"

ગિ: "તો તેમાં તમને ખોટું શું લાગ્યું? બાળકને આ નિશાળ એટલી ગમે છે માટે આમ કહે તેમાં શી હરકત?"

કા: "હરકત તો એ કે હમેશ અહીં રહે છે તો ઘરે આવે તોયે અહીંની જ વાતો ને અહીંની જ રમતો યાદ છે. તે કો'ક દિ' ઘેર રહેવાનું મળે તોયે ન ગમે? શાળા માટે તો સારું કહેવાય પણ ઘર માટે ને ઘરનાં માણસો માટે તે કાંઇ સારું કહેવાય? અમે સગાં તોયે ન ગમીએ ને તમે ને તારાબેન ને મોંઘીબેન તેમને વધારે વહાલાં થઇ બેઠાં છો. મને વિચાર થયો કે એમાં ઘરની બ્હામી ગણાય કે નહિ? કે આ ઉંમરે બાળકને શાળા વધારે ગમે એ જ બરાબર કહેવાય?"

ગિ: "કાશીબેન, તમે તો હવે ઠીક સૂક્ષ્મ પ્રશ્નો લાવવા લાગ્યાં!"

કા: "તમારા પ્રતાપે થોડું ઘણું સૂઝે ને તમે જે પૂછીએ તેનો જવાબ આપો છો એટલે વળી જે મનમાં આવે તે પૂછવાની હિંમત આવી."

ગિ: "ના ના, પ્રશ્ન સારો છે. મને પણ તે આ રીતે નહોતો સૂઝ્યો. ઠીક હું તમને પૂછું. આ રજાઓ ગઈ ત્યારે ઘરે સરલાએ શું કર્યું?"

કા: "એક દિ' આડોશીપાડોશીની છોકરીઓ મળી મેંદી વાટી ને હાથે મૂકી ને ઘર ને ઓશરી એવી બગાડી મૂકી! પણ કહ્યું ત્યારે સાફ કર્યું બરાબર. ૩-૪ કલાક એમાં કાઢ્યા. એક વાર જુવારા વાગ્યા. ત્યારે પણ કેટલાયે ઘડું બગાડ્યા ને ઓશરી તો માટી માટી કરી મૂકી. એક દિ' વળી ગોરમાની રમત કાઢી. માટીની ગોરમા કરી ને તેને પધરાવી ને તેની આસપાસ શણગાર કર્યો ને કોડીયામાં તેલ પૂરીને દીવા કર્યા, ને બધે તેલનાં ટીપાં ને એવું. હવે વાત એમ છે કે મારે ત્યાં અમે બે જ જણાં એટલે હું એને કરવા દઉં તે પોસાય, પણ જ્યાં ઝાઝાં માણસો હોય ત્યાં આવી ધમાલ ને આવો બગાડ કેમ પોસાય?"

ગિ: "સરલા ઉદ્યોગ તો ઠીક કાઢતી લાગે છે. તમે કીધા એ બધાંને ઉદ્યોગ તો ગણી શકાય. પણ તમે તેનું વર્ણન એવી રીતે કર્યું કે જાણે તમને એની સામે વાંધો હોય."

કા: "વાંધો તો એ કે ઘરમાં હોહા કરી મૂકે. શેરીનાં છોકરાંને ભેગાં કરે ને બધી ગડબડ કરી મૂકે તે એક; ને બીજું કેટલુ બધું બગાડે? એક છોકરીએ મેંદીવાળો હાથ મારી તેલની બરણીમાં બોળ્યો. બે ત્રણ જણાંએ પાણીની ડોલ ભરી મૂકી હતી તેમાં હાથ બોળીને બધું પાણી બગાડી મૂક્યું. હું તો એક સહન કરું પણ કાંઈ ઘેર ઘેર આમ સહન થાય?"

ગિ: "ત્યારે અમારે ત્યાં રોજ આખા ગામનાં છોકરાં ભેગાં થાય તે અમને પાલવે ને તમારે ત્યાં એકાદ દિવસ શેરીનાં પાંચ છોકરાં ભેગાં થાય એટલામાં કંટાળી જાઓ છો?"

કા: "એ ખરું પણ શું કરીએ? ઉપાય સૂઝતો નથી એટલે ત્રાસીએ ને એટલે જ અહીં પૂછવા આવીએ. બીજાં કેટલાંકે તો આમ જ કહે છે કે એ બાલમંદિરનું શિક્ષણ જ એવું કે

છોકરાંને તોફાની કરી મૂકે ને ઉપર અમારાથી તેમને વઢાય નહિ કે ના પડાય નહિ. પણ હું તો માનું છું કે અમારી એટલી આવડતની ખામી હશે તેથી અમે કંટાળીએ છીએ ને તમે રાખી શકો છો."

ગિ: "જુઓ, વાત એમ છે. છોકરાંઓને અમે અહીં કંઇ જાદુથી નથી રાખતાં. તેમને ઉદ્યોગ આપીએ છીએ. બીજું તેઓ ઉદ્યોગ કરે છે તેમાં આડે આવતાં નથી પણ ગમે તેમ કરવા દઈને હો હા કરી મૂકે કે બધું બગાડે તે પહેલાં જ સૂચના આપીએ છીએ. જેમકે આ છોકરો પણે ખોદે છે, બરો ? તેને પહેલાં જ મેં કહી દીધું છે કે ભાઇ, બગીચો કરાય પણ કામ પૂરું થાય એટલે ડોલો ને પાવડા તેની જગ્યાએ જવાં જોઇએ. પાણી નીચેની કુંડીમાંથી લાવવું પડશે; અહીંનાં પીપોમાંથી નહિ મળે, કેમકે તે છોકરાંઓને હાથ ધોવા માટે છે. એ પણ સમજી ગયો ને કામે લાગ્યો. તેમ તમારે કરવું જોઇએ. સરલા કામ ઉપાડે તે પહેલાં તેની સાથે વાત કરી લેવી. કૃણીયાનાં છોકરાંઓને ભેગાં કરવાનાં હોય તો રમત અમુક જગ્યાએ થાય. જોઇતી વસ્તુ અમુક જ જગ્યાએથી લે અથવા તમારી પાસે માગે વગેરે. પહેલાં તેણે કાઢેલી રમતમાં શું શું અવ્યવસ્થા થવાનો સંભવ છે તે વિચારી લઇ તે બાબતની સૂચના આપી દો તો પાછળથી હેરાન ન થવું પડે; એ એક વાત. બીજું ઘરમાં પોતાની મેળે શાંતિથી કરે એવા-યે ઘણા ઉદ્યોગો તમે દાખલ કરી શકો. બાળકને રજા કોઇ દિ' ન જ ગમે એ ઘર ઉપર તેમના તરફથી એક સખ્ત ટીકા તો છે જ."

કા: "વાત તો બરી છે."

ગિ: "રજાને માટે એકાદ કાર્યક્રમ હોવો જોઇએ. રજાની આગલી રાત્રે જ વાત કરીએ કે ભાઇ કાલે રજા છે તો શું કરશો ? ને બે ચાર વાતો બતાવી દઇએ તો બાળકને બીજે દિવસે કાંઈક સૂઝે. ઘરમાં ઉદ્યોગો તો ઘણા હોય. મેં એને વિષે એક લેખ લખ્યો છે. 'ઘરમાં બાળકે શું કરવું ?' તમે વાંચ્યો હશે ?"

કા: "ના નથી વાંચ્યો. શેમાં છપાયો છે?"

ગિ: "મોંઘીબેન, એમને 'ઘરમાં બાળકે શું કરવું ?' એ ચોપડી આપો. આ એક નાની ચોપડી જ કરી છે."

કા: "આ મને બબર જ ન હતી."

ગિ: "ને ચોપડીમાં ન હોય એવું યે જે સૂઝે તે તમે ઉમેરી શકો. એ તો વ્યક્તિગત બાળક, તેની ગમતી પ્રવૃત્તિ ને તેની વિશિષ્ટ પરિસ્થિતિમાં શું થઈ શકે તેના ઉપર આધાર છે. આમાં તો એક દિશાસૂચન છે."

કા: "હા. એ તો બરાબર છે. વારુ, રજા લઉં છું."

ગિ: "હો.: આવજો વળી અવકાશે." તા.

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળાની હવે થોડી જ નકલો બાકી છે. રૂ. ૪) મોકલી તૈયાર ગુચ્છો મંગાવી લ્યો. ઠીક પડે તો પૂરા રૂ. ૭) મોકલો.

ભણતરના ખ્યાલો

(૧)

વાળુ પછીનો વખત હતો. બાપુએ ચૂમ પાડી કહ્યું: "ચાલો લેસન કરવા બેસી જઓ." રૂખી, ચંપા, નટુ, નવલ, લેસન કરવા એકઠાં થયાં.

રાધાને આવતાં વાર લાગી તે બાપુએ ધમકાવી: "રાધા, જે રોજની જેમ ધીમે ધીમે આવે છે. પછી કેમે કરી પૂરું જ નહિ થાય."

બધાએ ચોપડીઓ કાઢી ને પાઠો ગોખવા માંડ્યા.

ઓરડામાં ગડબડ ગોટાળો થઈ રહ્યો. બાપુ કહે: "જે નટુ, આડુંઅવળું જોઈ રમત કરે છે? આમ ભીંત સામે જોઈને બેસ. જે પછી બીજે ધ્યાન ન જાય."

ચંપાએ ચીમનીની વાટ ધીમી કરી. નટુ કહે: "જુઓ તો બાપા, ચંપા તોફાન કરે છે." બાપુએ ચંપાને બબડાવી: "એ ચંપલી, દૂર બેસ. જે પેલી પેટી પાસે. આ બીજી બત્તી લઈને બેસ. તારા હાથ સબના નહિ રહે."

નટુને ઊંઘ આવવા લાગી. આંખો લાલ થઈ. બાપુ કહે: "કેમ નટુ, ઊંઘ આવે છે કે? એટલું બધું શા માટે બાય છે? ચાલ, પાણી આંખે છાંટ જોઈએ; હમણાં ઊંઘ ઉડી જશે."

નવલ બાપુને લેસન દેવા ગયો ને બાપુએ તે લઈ લીધું. બાપુ કહે: "જુઓ નવલ કેવો હુશિયાર છે! સૌથી પહેલો છૂટી ગયો. ચાલ રાધા ઝટ કર તો તારો નંબર બીજો."

રાધા દોડતી દોડતી પાઠ દેવા આવી એટલે ભૂલ પડી ને બાપુએ એને ધમકાવી: "જે કાચું પાકું કરીને આવી છે! બરાબર ગોખી લાવ."

[આગળ અનુસંધાન ૧૩૪ મા પાના ઉપર]

(૨)

વાળુ કરી પરવાર્યા. બાપુએ સાદ પાડ્યો: "એ રાધા, કુસુમ, જગુ, રેવુ, ચાલજો મારી સાથે અંતકડી રમવા." રાધા કુસુમ એક તરફ ને જગુ રેવુ બીજી તરફ. બાપુ અદ્રુકદ્રુકીયા. ઘૂમઘૂમા અંતકડી ચાલી. પછી કુસુમ કહે: "બાપુ કાલની વાત હજી અધુરી છે હોં! નહિ કહો તે નહિ ચાલે."

બાપુએ પછી વાર્તા માંડી. રેવુની આંખમાં ઊંઘ આવે પણ માળો ટટ્ટાર થઈને બેઠેલો. જગુ તો જાણે ધ્યાન ધરવા બેઠો; હલે કે ચલે. કાન દઈને વાર્તા સાંભળ્યા જ કરે! રાધા ને કુસુમને વાતો કરવું બહુ ગમે પણ વાર્તા વખતે તો ચૂપચાપ.

અધુરી વાર્તા પૂરી થઈ એટલે રાધાએ કહ્યું: "બાપુ, જુઓ તમે ઘણા દિવસથી વરતો નથી નાખતા." બાપુ કહે: "હવે સૂઈ જાઓ. કાલે પાંચા પાઠો કયારે કરશો?" બધાં કહે: "પાઠો? પાઠો તો અમે અરધા પરધા કરી લીધા છે ને બીજા પાઠો વહેલાં ઉઠીને કરશું. એક વાર વરતો નાખો; પછી બીજી વાત. પાઠ તો સટસટ કરી નાખશું." બાપુ કહે: "પણ આ રેવુને તો ઊંઘ આવે છે!" રેવુ કહે: "ના બાપુ, વરતો નાખો તો તો બાર વાગ્યા સુધી જાગું."

બાપુએ વરતો નાખવા માંડ્યાં ને છોકરાંઓ જવાબ દેવા માંડ્યાં. અગિયાર થયા ને બાએ ઘૂમ પાડી: "એ હવે તો સૌ સૂઈ જાઓ. લેસન બેસન તો કરતા નથી ને આ બધું શું કરો છો? કાલે પાછું નિશાળમાં શું થશે?" બાપુ કહે: "તે બઈ લેસન તો આ છે. પાઠ તો રોજ ભણવાના જ છે ને? ને છોકરાંને એની કયાં આળસ છે?"

રૂખી કહેઃ "બાપુ થોડું હવે કાલે કરીશું."

બાપુ કહેઃ "કાલે પછી ક્યાંથી થાય ? તેં ન આવડે તો નંબર જાય ને ? તારું નામ તો ઉતરવું જ ન જોઇએ."

બધાં બાળકો લેસન કરતાં હતાં ત્યાં બા આવ્યાં. કહેઃ "એ હવે એને છોડો છોડો. બિચારાં થાકી જશે." બાપુ કહેઃ "તે ભણવું કાંઈ સહેલું નથી. અમે પણ એમ જ ભણેલા."ગિ.

બાળગોળી નહિ પણ 'ઘસારો'

તા. ૨–૯–૨૮.

મુરબ્બીશ્રી ગીજુભાઇ,

આપે 'બાળગોળી'ના મથાળા હેઠળ લખ્યું છે. પરંતુ મેં જે પૂછ્યું હતું તેનો ઉત્તર નથી. મેં પૂછ્યું હતું કે નાનાં બાળકોને 'ઘસારો' પાવાનો અમારા તરફ રિવાજ છે ને તે પ્રમાણે જન્મથી જ બચ્ચાને તે પાવામાં આવે છેઃ ઘસારામાં જાયફળ, જવંત્રી, કેસર. અફલગરો, બોરવગેરે સાથે માનું દૂધ પણ હોય છે. એ પાવાની જરૂર ખરી ? મારી બા અને મોટીબેન જ્યારે મારી કેડ કપાસ વીણતાં દુઃખતી ત્યારે કહેતી કે "તેં બોર નહોતો પીધો તેથી દુઃએ છે. હજી પીશ તો ઠીક." આમાં સત્ય કેટલું ? આનો જવાબ વળતી ટપાલે જ ને આપશો તો અનહદ આભારી થઇશ. પત્રિકા છપાય ત્યાં સુધી વાટ જોવી નહિ પડે એવી આશા રાખું છું, કારણ હું તેનો અમલ કરવા માંગું છું અને તે જેમ બને તેમ જલદીઃ એ જ.

સુ. ધામણ) લી. આપનો
તા. નવસારી) **માધવભાઇ કાળીદાસ પટેલ**

ડૉ. કાણે સાહેબ,

આ સાથેના પોસ્ટકાર્ડમાં મને જે પ્રશ્ન પૂછવામાં આવેલ છે તેનો ઉત્તર કાર્ડની મર્યાદામાં હોઇ આપના તરફ મોકલું છું. આપ આનો ઉત્તર આ નીચે લખી મોકલશોજી. સેવક

ગિજુભાઇના નમસ્કાર.

પ્રિય ગિજુભાઇ,

આપનું ઉપલું લખાણ તથા કાર્ડ વાંચ્યાં. ફાયદો એવો છે કે કોઇ પણ માણસને દરદ થયા વિના દવા પાવી જોઇએ નહિ. પછી ભલે તે નવું જન્મેલું બાળક હોય કે વૃદ્ધ હોય.

નાના જન્મેલા બાળકને દરદ થયા વિના દવાની જરૂર હોત તો સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પ્રભુએ માના ધાવણમાં જ કાર્ડમાં લખેલી દવાઓનું મિશ્રણ કુદરતી રીતે જ ઉત્પન્ન કર્યું હોત.

કુદરતની વિરુદ્ધ વર્તીએ છીએ ત્યારે દરદ પેદા થાય છે. તે વખતે પણ આપણી ભૂલ સુધારીએ તો સાધારણ ઉત્પન્ન થએલું દરદ દવા વિના પણ મટી જાય છેઃ

દરદ થયા પહેલાં આપણને દરદ થશે તેમ માનીને પહેલેથી જ અટકાયત તરીકે દવા લેવી કે આપવી તે મતથી હું તદ્દન વિરુદ્ધ છું–તેમાં પણ કાર્ડમાં જણાવેલી દવા જેમાં જાયફળ, જવંત્રી જેવી દવા કે જે અરીણનો નાનો ભાઈ કહેવાય તે મિશ્ર હોવાથી આપવી તે ઘણું જ નુકશાનકારક છે.

નાના બાળકની સંભાળમાં આપણે જોઇએ તેવી કાળજી રાખી શકતા નથી તેટલા માટે કોઇ કોઇ માણસ બાળકને પહેલેથી જ સોગઠી વગેરે આપ્યા કરે છે. તે મતમાં જે માબાપ મળતાં હોય તે સૌએ બાળકને સોગઠી આપતી વખતે, ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે તેમાં કોઇ પણ કેરી ચીજનું મિશ્રણ આવે નહિ. જરા કડવાટ–વાતહર દવાનું મિશ્રણ આવે તો ચલવી લેવાય. નાનપણમાં બોર ન ખવડાવવાથી કપાસ વીણતાં કેડ દુખે તે તદ્દન ખોટી વાત છે. આપનો

પુ. વિ. કાણે.

સાચો બનાવ

ધારો કે એ દવા તો આખરે નિર્દોષ નીવડી ને રંભાને કંઈ ન થયું પણ એ શીશીમાં ઝેર જ હોત અને અનેક ઉપચારો કર્યા છતાં રંભા મરણશરણ થઈ હોત તો? અગર ભયંકર માંદગીની ભોગ થઈ પડી હોત તો?

તો તે દિવસની બેદરકારી એ ગુન્હાહિત કૃત્ય ન ગણાત. અને ન ગણાત કે ગણાત એનો પ્રશ્ન જ ક્યાં છે? એ કૃત્ય ગુન્હાહિત જ ગણાય. કારણ કે એમાં કેટલું બધું જોખમ ભર્યું હતું તે તો અરધો કલાક થઈ રહેલી મુંઝવણ જ કહી બતાવે છે.

એ શરમાવનારી અને ગુન્હાહિત હકીકત આ પ્રમાણે બનેલી.

રંભાને તાવ આવતો હતો. મલેરીયા હતો. રંભાની બા પુષ્પાબેને રમાનાથને કહ્યું: "આજે પણ રંભા બેચેન છે. એક ક્વિનાઇનનો ડોઝ આપો જોઇએ." પુષ્પાબેને તાજું આવેલું માસિક પત્ર ઉઘાડ્યું હતું ને તે ઉપર નજર નાખતાં હતાં. રમાનાથ ઉતાવળમાં હતા. નોકરી પર જવાનો વખત થઈ જવા આવ્યો હતો. તેઓ ક્વિનાઇનના સોલ્યુશનની શીશી જ્યાં ત્યાં શોધવા લાગ્યા. આ ઓરડીમાં, પેલી ઓરડીમાં, સુવાના બંડમાં, વાચનાલયમાં બધે ઝટ ઝટ આંટા મારી આવ્યા. બાટલી ન જડી. રમાનાથ કહે: "જુઓ તો જરા બાટલી ક્યાં હશે? મને તો નથી જડતી."

પુષ્પાબેને રસોડામાં જતાં કહ્યું: "જરા ફરી વાર જુઓને; હું જરા કામમાં છું."

રમાનાથ અધીરો થઇ ગયો હતો. ઉતાવળમાં બીજી વાર ચક્કર માર્યું. બાટલી હાથ લાગી. રંભાને બોલાવીને પરાણે મ્હોં ફડાવી દવા રેડી.

રંભા કહે: "હાશ આજ તો જરાએ કડવું ન લાગ્યું. આજ તો સોપારીએ નહિ ખાવું પડે ને પાણીએ નહિ પીવું પડે."

રમાનાથ ચમક્યો: "અરે આ શું, ક્વિનાઇન નહિ? ત્યારે મેં શું પાયું?" રમાનાથ વિચારમાં પડ્યો ને ગભરાયો.

પુષ્પાબેન કહે: "દોડો હવે દવાખાને. એટલી બધી શી ઉતાવળ હતી કે ઝટઝટ જે શીશી આવી તે ઉપાડી?"

રમાનાથને સામે ચીડાવાને નવરાશ ન હતી. તે તો દવાખાને દોડ્યો.

પુષ્પાબેન ઉતાવળની નિંદા કરતાં બેઠાં. "હાય, હાય, રંભાને શું થશે?" એમ રડતાં બેઠાં.

"કેમ રમાનાથ, દોડતા કેમ?"

"અરે આ શીશી તો જુઓ? એમાં શી દવા છે? ભૂલથી બીજાને બદલે આ અપાણી છે."

ડૉક્ટર કહે: "કોણે આપી?"

રમાનાથ કહે: "મેં મારે હાથે આપી."

ડૉક્ટર: "ઠીક, એ તો પછી. પણ ઝટ દરદીને તો લાવો. દવાને જોઇને શું કરવું છે? દરદીની સ્થિતિ જોવી જોશે."

રમાનાથ ઊભે પગે દોડ્યો. વરસાદ વરસતો હતો, પણ દોડ્યો. દરદીને તેડીને દોડતો દોડતો પાછો આવ્યો. મનમાં થતું હતું કે કોણ જાણે શું યે થયું ને શું યે થાશે.

ડૉક્ટરે રંભાને તપાસી. આંખ જોઈ, પેટ જોયું, હાથ, નખ બધું જોયું.

ડૉક્ટરે તેજાબ નાખી દવા તપાસી જોઈ, રંગ જોયો, સ્વાદ જોયો બંધું જોયું.

ડૉક્ટર કહેઃ "બરાબર ખબર નથી પડતી કે શી દવા છે. પણ ઝેર તો નથી લાગતું. દરદીને પણ કશી ખરાબ અસર નથી."

રમાનાથને હારા થયું. તેના મ્હોં પર હોંશ આવી.

ડૉક્ટર કહેઃ "જુઓ રમાનાથ, આ તો જાણે થઇ ગયું. પણ તમારા જેવા ભણેલાને પણ કપટ્ટા આપવો કેમ ગમે? તમે એટલું પણ ન કરો કે દવાની શીશી પર દરદીનું નામ રાખો? તમે સમજુ છો, વાંચનાર છો, ભાષણ કરો છો, લેખ લખો છો ને આટલી સાદી વાત ન કરો? પુષ્પાબેન પણ ભણેલાં ગણેલાં છે. એ પણ એટલું ન કરે? આ તો જાણે ઠીક થયું, પણ આમાં તો મરણ પણ નીપજે ને બાળક હાથમાંથી જાય!"

રમાનાથ શરમાઇ ગયા.

ડૉક્ટરનું કહેવું સાચું હતું. ગિ.

ઘરમાં મોન્ટીસોરી

પીરસવું

ડૉ. મોન્ટીસોરીએ પોતાની બાળશાળામાં જે કેટલાએક અજબ જેવા ફેરફારો કર્યા છે, તેમાંથી એક એ છે કે તેણે શાળાને બાલગૃહ બનાવી દીધું. જેમ ઘરમાં બાળકો રમે, કૂદે, ફરેહરે, ખાયપીયે, સૂવે તેમ બધી પ્રવૃત્તિ તેટલી જ સ્વાભાવિકતાથી બાળશાળામાં થાય એવી યોજના તેણે રાખી. તેથી જ મોન્ટીસોરી શાળાની કેટલીએક પ્રવૃત્તિઓ તો કેવળ ઘરની પ્રવૃત્તિ ગણી શકાય એવી છે.

શાળામાં બાળકોને એક વખતનું જમણ આપવામાં આવે ત્યારે ભોજનના ઓરડાની સાફસુથરી, શણગાર, પીરસવાનું કામ તેમ જ જમી રહ્યા પછીની બધી સાફસુફ અને વાસણો ઉટકવાં સુધીનું કામ બાળકો કરે છે.

આ બધાં કામો બાળકો કેમ કરે છે ને તેમને કેમ કરવા દેવાય છે તે માબાપોએ ખાસ જાણી લેવાની જરૂર છે.

સાડા ત્રણ ચાર વરસનાં બાળકો આ કામમાં જોડાઈ શકે છે. એટલે બાળશાળામાં આવ્યા પછી એકાદ વરસ પછી બાળકો આ કામોની જવાબદારી ઉઠાવવા તૈયાર થઇ જાય છે. પીરસવાનું કામ બાળક ઉપાડે તે પહેલાં લીંટા ઉપર સમતોલપણે ચાલવું, પાણીના પ્યાલા લઇને ચાલવું, સુપડી સાવરણીથી વાળવું ને સાફ કરવું, હાથ ધોવા ને ધોવરાવવા વગેરે પ્રવૃત્તિમાંથી બાળક પસાર થઇ તે બાબતનો કાબુ આવી જાય પછી પીરસવાનું કામ તે લઇ શકે.

પીરસવામાં બે ત્રણ કામોનો સમાવેશ કરી શકાય. ૧ જમવાની જગ્યાની સાફસુફ. ૨ પાટલા કે પાથરણાં પાથરવાં. ૩ વાટકા કે થાળીઓ તૈયાર કરવી. ૪ જમવા બેઠાં હોય ત્યાં જઇને પીરસવું.

આપણે ઘરમાં એ કામના બે ભાગ પાડી શકીએ; એક જમવાની તૈયારી ને બીજું પીરસવું. જમવાની તૈયારીમાં સાવરણીથી જગ્યા વાળી નાખી પાટલા ઢાળવાનું, પાણીના કળશા ભરી લેવાનું, તેમજ થાળીઓ વાટકા પાટલા આગળ અથવા પીરસાતું હોય ત્યાં મૂકવાનું કામ સમાઇ જાય.

પછી બાળકની શક્તિ પ્રમાણે તેને પીરસવામાં

પણ ભાગ લેવા દેવાય. જેમકે નાનું બાળક પણ મીઠું, ચટણી, લીંબુ રોટલી, પુરી, ભજીયાં વગેરે આસ્તે આસ્તે પીરસી શકે. ને આગળ જતાં સૂકું શાક ભાત વગેરે પીરસે ને છેવટે દાળ, રસાદાર શાક વગેરે પ્રવાહી પદાર્થો પીરસે.

ડૉ. મોન્ટીસોરીની ચોપડીમાં દૂધ કે સુપ (ઓસામણ) કાચના વાસણમાં પીરસવા લઇ જતાં ચાર વર્ષનાં બાળકોનો ફોટો છે.

આ કામો કરાવી લેવામાં કેટલીએક બાબતો ધ્યાનમાં રાખવાની છે.

પહેલી વાત કે બાળકોને આપણે એવું કર્મકાંડ જેટલી ચોકસાઈથી, જેટલી સફાઇથી અને જે ક્રમમાં બતાવશું તે બધું તે સજ્જડપણે પકડી લેવાનાં છે. આપણે કોઇ વાર વાળ્યું કોઇ વાર ન વાળ્યું, કોઇ વાર વાસણો લુગડાથી લુઇને લીધાં કોઇ વાર ન લુયાં, કોઇ વાર વાસણો ખખડાટ વગર મૂક્યાં કોઇ વાર એમને એમ પછાડ્યાં, એવું જે જે કરશું તે તે બાંળકો કરવાનાં.

માટે પ્રથમ જમવાની તૈયારીમાં કે પીરસવામાં કેટલી બાબતો આવે છે તે હમેશા તે ક્રમમાં થાય એની સંભાળ રાખવી જોઇએ. બેદરકારીને લીધે અપવાદ ન બને પણ બહાર ગામ જવાને વગેરે ખાસ કારણસર એમાંથી કાર્યક્રમ ઘટે તે કારણો બાળકને સમજાવી દેવાય.

બીજું બધું કામ પહેલેથી બાળક આગળ આપણે સુઘડતાથી કરી બતાવવું ને તે તરફ બાળકનું ખાસ ધ્યાન ખેંચવું. જેમકે વાટકો નીચે મૂકવો હોય અથવા પ્યાલામાં પ્યાલા મૂકવા હોય તો તે વિશેષ ખખડાટ કે ધમપછાડ વગર જ થાય એમ આપણે તેને પોતે ચીપીને કરી બતાવવું. આપણે વાટકો કેમ મૂક્યો તે તરફ જો બાળકનું ધ્યાન ન ગયું હોય તો તેને કહેવું કે "જો હું વાટકો મૂકું છું; અવાજ થાય છે? જો સાંભળ." પછી તેને કહેવું: "લે તું મૂક જોઇએ? ને સાંભળજે હો કે અવાજ થાય છે કે નહિ."

બાળકને બતાવ્યા પછી ફરીવાર તે ખણખોટથી મૂકે તો કદાપિ ટોકવું તો નહિ જ. "અવાજ કેમ કર્યો? શું કીધું હતું તને? બરાબર કેમ નથી કરતો?" વગેરે તદ્દન નિષિદ્ધ વાક્યો છે. બાળકને ફરી ફરીથી તે વાત બતાવવી, ને છતાં બાળક તે ન કરતું હોય તો તેનું કારણ શોધી કાઢવું જોઇએ. કદાચ બાળકના સ્નાયુ તેને માટે હજી લાયક થયા ન હોય તો તે કામો તેની આગળ ધરવાનું બંધ કરી તે પહેલાંની ને વધારે સાદી બાબતો તેની પાસે ફરીથી ધરવી. કદાચ માંદગી વગેરેને લીધે તેનામાં તાત્કાલિક અશક્તિ આવી હોય તો અમુક મુદત સુધી કામ બંધ રાખવું. કદાચ ઘરમાં બીજાં બધાં ને આપણે પોતે બીજે વખતે ધમપછાડ જ કરતાં હશું તેથી બાળકને આપણે બતાવીએ તેમાં મહત્ત્વ ન લાગતું હોય; અથવા આવડતું હોવા છતાં બાળક બેદરકારીથી અથવા બનણી જોઇને આપણી સામે થવા ખાતર પણ ખખડાટ કરતું હોય. તેની ઇચ્છા વિરુદ્ધ આપણે તેની પાસેથી કામ કરાવતાં હોઇએ અથવા બરાબર અભિમુખ થયા પહેલાં કરાવતાં હોઇએ તો બાળક ઘણી વાર સામે થઇ જાય. અથવા બીજી કોઇ બાબતમાં તેને વાંધો પડ્યો હોય તો પણ બાળક સામે થાય. આવે વખતે એ કામ છોડી જ દેવું જોઇએ ને વાંધો ક્યાં પડ્યો છે તેનો ઉપાય લેવો જોઇએ. બેદરકારી હોય તો તેનું કારણ પણ શોધવું જોઈએ.

ઉપર કહ્યું તેમ ઘરનાં બીજાંની બેદરકારીને લીધે બાળક પણ બેદરકાર બને છે. એમ નહિ તો કેટલાંએક બાળકને એવી ટેવ પડી ગએલી હોય છે; ખાસ કરી શ્રીમંતનાં બાળકોને વસ્તુ જ્યાં ત્યાં નાખી દેવી, જેમ તેમ મૂકવી વગેરે એટલું સ્વાભાવિક બની જાય છે કે તેમને એવી વાત સાવ મામુલી લાગે. "હવે હીરલો આવીને લઇ લેશે બધું."

"કાંઈ કરી દેશે" એવી મનઃસ્થિતિને લઇને પણ બાળક આ બધાં કામોની પાછળ રહેલી ગમ્મત પકડી શકતાં નથી ને તેનાથી વંચિત રહે છે. મા કે બાપ કે માશી કે કોઇની પોતાના ઉપર ખાસ મહેરબાની છે ને પોતે જે કરશે તે ચાલવાનું જ છે એવી મનઃસ્થિતિથી પણ બેદરકારી આવે છે.

ઘરમાં એવાં કામો લેતી વખતે આવાં ઘણાં સૂક્ષ્મ કારણો આડે આવવાનાં છે. શાળામાં આવી બાબતમાં મુશ્કેલીઓ કાંઇક ઓછી આવે છે, કારણ ત્યાં બાળકો વધારે હોવાથી એકાદું બાળક બધાંથી છૂટા પડવાનું મોટે ભાગે પસંદ કરતું નથી. તેમજ શાળા જૂની હોય તો અમુક વાતાવરણ ને રીતભાત બંધાઇ જ જાય છે કે જેને લીધે ત્યાં તો બાળક તેની અંદર ગોઠવાઇ જાય છે. તેમજ શિક્ષક સાથે કાંઈક દૂરનો સંબંધ હોવાથી ઘરમાં પોતાની બા કે મોટી મા આગળ કરવાની હઠો તે ઘર માટે જ રાખે છે. અથવા બા કે બાપા આગળ થતી હઠો માટે જે અનુકૂળ વાતાવરણ મળે છે તેનો શિક્ષક અભાવ જ રાખે છે.

ઘરમાં વધારે બાળકો હોય તો તેમને કામના વિભાગ પાડી વારા ફરતી તે બદલાય એમ ગોઠવી આપી શકાય. જેમકે એક જણ વાળીને પાટલા મૂકે, બીજું થાળી વાટકા લે ને પાણી ભરે, ત્રીજું પીરસે. ઘરમાં તો નાનાં મોટાં બાળકો હોય છે તેથી સહેલું કામ નાનાંને ને અઘરું મોટાંને એમ પણ આપી શકાય. માત્ર નાનું અઘરાને માટે કોઇ દિવસ લાયક થાય જ નહિ, હમેશ નાનું જ ગણાય, એમ ન બને તેની સંભાળ રાખવી ઘટે. **તા.**

શિક્ષાના ચાલુ પ્રકારો

આપણી શાળામાં હજી શારીરિક શિક્ષાના કેટલા પ્રકાર ચાલુ છે?

ઠોંસો મારવો.
કાન એંચવો.
આંકણી મારવા.
અંગુઠા પકડાવવા.
કાનમાં નખ બેસાડવા.
કાનની બુટી પર કાંકરી દબાવવી.
ભીંત સાથે માથું ભટકાવવું.
તમાચો મારવો.
ચોંટીયો ભરવો.
સોટી મારવી.
ઉઠબેશ કરાવવી.
ઉભા રાખવું.
બે વિદ્યાર્થીઓનાં માથાં ભટકાવવાં.
ટેબલ પર હથેળી મૂકાવી આંકણી મારવી.
મૂઠી પર આંકણી મારવી.
બે આંગળી વચ્ચે પેન્સીલ રાખી આંગળીઓ દબાવવી.
અંગુઠા પકડાવી પીઠ પર પાટી કે વજન મૂકવું.

શાળાનો શણગાર

આજની આપણી શાળાને આપણે ઘણી ઘણી સાદી અને બીનખર્ચાળ અથવા ઓછા ખર્ચવાળી રીતિઓથી શણગારી શકીએ.

શણગારની આવશ્યક ભૂમિકા (back ground) સ્વચ્છતા હોવી જોઇએ. બારીઓ બારણાં હોય, જ્યાં ત્યાં પોડાં પડેલાં હોય, ઉપર છતમાં પક્ષીઓના માળાનાં ચીંથરાં લટકતાં હોય, ભીંતો ઉપર શાહીના અને લીંટના ડાઘા હોય, ભોંય ઉપર ગાર ઉખડી ગઈ હોય એવી જગાને પ્રથમ સ્વચ્છતાથી શણગારીએ. શાળામાં શણગાર રૂપ બીજું કશું ઉપસ્કર—ફર્નીચર ન હોય (ફુલદાનીઓ ન હોય, કુંડાં ન હોય, છબીઓ

ન હોય, મુદ્રાલેખો ન હોય) તો પણ જો તેની ભોંય અને ભીંતો ચોકખાં ચણક જેવાં હોય તો તે સુંદર લાગશે. બાળકોને ત્યાં બેસવું ગમશે. ત્યાં મનની પ્રસન્નતા વધશે. હરેક ચોકખી ચણક જગા પરત્વે આવો આપણો અનુભવ છે.

શણગારને શાળામાં જગા આપીએ તે પહેલાં સ્વચ્છતા સાથે વ્યવસ્થા જોઇએ. જ્યાં ત્યાં જોડા પડ્યા હોય, ટેબલ ખુરશીને બરાબર ગોઠવેલાં ન હોય, બાળકો પણ ગમે તેમ ઢંગધડા વિનાનાં હોય, કાગળીયા ઉડતા હોય ત્યાં તેમની વચ્ચે ફૂલદાનીનો, કુંડાંનો, ચિત્રોનો ને તોરણોનો શણગાર કેવો કદંગો શોભે! એટલે તો કોઇ પણ શાળા શણગારનો સત્કાર કરવા જોડા મૂકવાનું નિશ્ચિત સ્થાન સાથે રાખે, કાગળો ઉડવા ન દે, તે લેવા માટે કાળજી રાખે ને ટોપલીમાં નાખે, ટેબલ ખુરશી બારડાની પહોળાઇ લંબાઇનો ખ્યાલ રાખી સારાં દેખાય તેમ ગોઠવે ને ચોકથી ગોળ કે સીધી હારો કાઢીને છોકરાંને ગોઠવે.

આટલી તૈયારી શણગાર માટે પ્રાથમિક આવશ્યકતા. હવે શણગારની સામગ્રી શોધીએ. સામગ્રી બે પ્રકારની મળે. કાયમી પ્રકારની અને ચાલુ પ્રકારની. પ્રથમ આપણે કાયમી સામગ્રી ગોઠવીએ. આપણાં જૂનાં દેશી ભરતોના ચાકળા ને બંકાદ બે ચંદરવા શાળાની દીવાલે સારી રીતે ટાંગ્યા હોય તો શાળા સારી લાગે. શાળાની ભીંતે ખડી કરાવી તે પર કાયાના લીંટા પાડી શકાય. સહેલથી બની શકે તો કાયાથી વેલો ને મોર પોપટ પણ કઢાવી શકાય. મોરનાં પીંછાંથી શાળાની દીવાલો પર કળા તો રચી શકાય. હૈયાંની ઉકલતથી આવી શોભા કોઇ પણ શાળામાં ઉપજાવી શકાય. શહેરની શાળામાં કે પૈસાદાર શાળામાં છબીઓ ટાંગી શકાય.

વળી શાળાના બારડાના ખૂણાઓને જૂદી જૂદી રીતે શણગારાય. દરિયાનાં છીપલાં શંખો એક ખૂણામાં; બીજા ખૂણામાં પિત્તળનું બેડું અગર માટીનાં ચીતરામણવાળાં માટલાંની ઉતરડ; ત્રીજામાં સૂકાએલ બાજરી કે જુવારનો દાંડો ને ચોથામાં કોરેલા ગરબા મૂકીને ખૂણાઓ શણગારી શકાય. આવી આવી સાદી બાબતો શણગાર માટે કંઈ કંઇ આવી શકે તે આ દૃષ્ટિએ વિચારનારને જડી આવશે. તેનો તે ફરતો ફરતો ઉપયોગ કરી શકે. આ બધી બાબતો હરેક શાળામાં શક્ય છે, છતાં ગામડામાં તો સરલતાથી મળે છે. શહેરમાં બનતી બાસ જૂની કે નવી વસ્તુઓ શણગાર રૂપ થઇ શકે.

શાળા ફૂલદાનીઓથી શણગારી શકાય. ગામડામાં અને દ્રવ્ય ન હોય ત્યાં બધે લોટકા (માટીના) માં પાણી ભરી તેમાં વનસ્પતિનાં ડાળ પાન ને ફૂલ મૂકીએ એટલે ચાલે છે. પિત્તળ વગેરેનાં કિંમતી વાસણો મળે તે શાળા મૂકે ને ખૂણાના શણગારને ઓર શોભા આપે.

ગામડામાં તેમજ જે શાળાઓની આજુબાજુ વનસ્પતિ હોય તે શાળા વનસ્પતિનાં ડાળખાંથી રોજ શણગારી શકાય. પીંપરનાં, લીમડાનાં, આકડાનાં, બાબરાનાં ને એવાં પાંદડાંનાં તોરણો થઇ શકે. ભીંતે બાબરા આકડાનાં નવી નવી આકૃતિઓનાં પાન ચોડી શકાયઃ કરેણ, આવળ, બાવળ કેરડાં એવાનાં ફુલોથી પણ પુષ્પદાનીઓ ભરાય ને ભીંતો શણગારાય. આથી વધારે કિંમતી પાંદડાં જેમકે આંબાનાં કે આશોપાલવનાં મળે તો તે પણ વપરાય. એમ જ ફુલો પરત્વે.

એક સ્વચ્છ વ્યવસ્થિત અને કંઈ ને કંઈ શણગારથી શોભતી શાળામાં જઈને એમાં કેવું ગમે!

આપણે શાળાને ધીમે ધીમે શણગારતા જઈએ. એથી બાળકોની પણ દૃષ્ટિ વધશે. જ્ઞાનસમૃદ્ધિ પણ ચડશે. શાળા માત્ર ભણતરનું ઠેકાણું મટી જીવનવિકાસનું સ્થાન બનવા માંડશે.

આ કામ આપણા હાથમાં છે. આપણે પ્રથમ તેની ઉપયોગિતામાં માનતા થઈએ. એ કષ્ટ જોઈ તેનો આનંદ અનુભવીએ. એની પાછળ શ્રમ લઈએ. આપણી શાળા આપણને અને આપણાં બાળકોને પ્રિય લાગશે.

બાળકો પોતે પાંદડાં લાવવાં, તેનાં તોરણ કરવાં, બીલીઓમાં ભરાવવાં, સાફસુફ કરવું, ગોઠવવું વગેરેમાં રસ લેશે. તેમને એ કામ ગમે છે. તેઓ જાતે તે કરશે એટલે કરતાં કરતાં તે સીધા અનુભવથી ઘણું જાણશે ને જ્યારે બરાબર શણગારેલી શાળામાં આપણે અને આપણાં બાળકો ભણાવતા ભણવા બેસીશું ત્યારે આપણને મજા આવશે. આપણે પ્રસન્નતાથી ભણાવશું; બાળકો એકાગ્રતાથી ભણશે.

આપણે જરા શાળામાં વહેલાં જઈએ. બાળકો તો વહેલાં આવી પહોંચશે. પછી બધાં ભેગાં થઇ સાફસુફ ને શણગાર કરીએ. પછી સરસ્વતીની ઉપાસના કરીએ. સરસ્વતી આપણા આવા ઉજળા મંદિરમાં તરત આવશે. ગિ.

તાળું દીધું!

આચાર્યશ્રી આગળ વિદ્યાર્થીએ શંકા પૂછી: "નાની મંડળીના ઓરડામાં આજે બાળકોનું સ્વાતંત્ર્ય બહુ જ ઉદ્દામ રીતે છીનવી લેવામાં આવ્યું એમ મને લાગે છે. બાળકો જોસથી ને ઉત્સાહથી રમતાં હતાં. કબાટમાંથી કોઈ રંગની તખ્તીઓ તો કોઈ અવાજની ડાબલી તો કોઈ લુગડાના કટકા વગેરે અનેક સાધનો બાળકો આતુરતાથી લઈ રહ્યાં હતાં. ત્યાં વર્ગશિક્ષિકા આવ્યાં. બાળકોના હાથમાંથી સાધનો લઇ લીધાં ને કબાટને ઝટપટ તાળું દઇને આઘાં જઈને ઉભાં રહ્યાં. મને તો એમાં બાળકોનો અનાદર લાગ્યો. બાલપ્રવૃત્તિનું પણ તેમાં સન્માન ન હતું. ત્યારે અહીં બાળકોનાં સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિ અનુસાર શિક્ષણ આપવાનો દાવો થાય છે તેનું શું?"

આચાર્ય: "..તમે શંકા પૂછો છો કે ફરીઆદ કરો છો?"

શિષ્ય: "ના સાહેબ, ફરીઆદ નહિ. પણ તાળું દેવાય તે આપણી શાળામાં કેમ સહેવાય? મને તે સમજાતું નથી માટે આપને પૂછું છું."

આચાર્ય: "આપણે એમ કરીએ કે વર્ગશિક્ષિકા અહીં બેઠાં છે તેમને જ પૂછીએ. (હસતાં હસતાં) કેમ બેન, ભાઇ કહે છે તેમ તાળું કેમ દીધું? ને બાળકનું સ્વાતંત્ર્ય કેમ છીનવ્યું તે અમને સમજાવશો?"

શિક્ષિકા: "મને પણ તાળું દેવું પડ્યું તે આ ભાઇની જેમ ગમ્યું તો નહિ જ. પણ તે વખતે તાળું દીધા સિવાય બીજો ઉપાય ન હતો. એક રીતે તાળું દેવું પડ્યું તે ઓરડાની રચનાની ખામી કહેવાય. આજે મારા ઓરડામાં જે કક્ષાનાં બાળકો છે તેથી ઘણી આગળની કક્ષાનાં સાધનો પેલા કબાટમાં પડ્યાં છે. બાળ-

કોનાં જરૂરી સાધનો તો મેં બહાર ને બીજા નીચા કબાટમાં મૂક્યાં છે; ને બાળકો આ કબાટના ઉંચામાં ઉંચા ખાનામાં મૂકેલાં સાધનો લેશે એમ મને પ્રથમ કલ્પના ન આવી, કેમકે બાળકો નાનાં છે ને કબાટ ઉપર ચડી શકતાં નથી. પણ આજે એક મોટો છોકરો આવી ચઢ્યો ને તેણે ઉપર ચડીને સાધનો નીચે કાઢ્યાં. હવે જેમને હાથમાં સુપડી સાવરણી પકડતાં નથી આવડતી, દટ્ટાની પહેલી પેટીયે ગોઠવતાં નથી આવડતી, તેઓ ભૌમિતિક આકૃતિનાં પુઠાં લે કે વજનની તખ્તી ને અવાજની ડાબલી લે તે કશું કામનું ન હતું. સાધનને સમજ્યા વગર માત્ર તેનો દુરુપયોગ જ થાત એટલે મેં તે લઇ લીધાં; ને લઇ લીધાં એટલા જ માટે તે ને તે જ ફરીથી લેવાનું મન તેમને ન થાય માટે તાળું દીધું. આ માર્ગ અશક્ય જોયા પછી બાળકો તેમનાં નાનાં કબાટો તરફ ને ઘોડા તરફ વળ્યાં ને તેમની કક્ષાનાં સાધનો ઉપર કેટલી સરસ રીતે રમ્યાં તે એ ભાઇએ અવલોક્યું હતું કે નહિ તે હું જાણતી નથી. પણ મેં તો જોયું જ હતું.

"આજે મેં ઓરડાની વ્યવસ્થા બદલી નાખી છે. પેલાં સાધનો પાસેની નાની ઓરડીમાં જૂદાં જ મૂક્યાં છે. મારા ઓરડાનાં જૂનાં બાળકોને તે લેવાં હોય ત્યારે તેમને તે ઓરડામાં મોકલું છું. એટલે હવે મારે મારા ઓરડાના કબાટને તાળું દેવું પડતું નથી.

મેં સાધનો લઇ લીધાં અથવા તાળું દીધું તેમાં પદ્ધતિને અથવા બાળકના સ્વાતંત્ર્ય કે સ્વયંસ્ફુર્તિને જરાયે બાધ આવે છે એમ હું માનતી નથી."

આચાર્યશ્રી: "બરાબર છે. હું તમને બધાંને હમેશ કહેતો આવ્યો છું કે તમે બે ચાર પારિભાષિક શબ્દો લઇને ભાગતાં નહિ પણ જે બને છે તેનું ઝીણું અવલોકન કરો ને પારિભાષિક શબ્દોનો સાચો મર્મ સમજવાનો પ્રયત્ન કરો. આજે જે તમને શંકા થઇ તે તમે 'સ્વાતંત્ર્ય હણાયું' એમ માની જ લીધું તેથી. પણ તમે આ શું બન્યું, શા માટે બન્યું, તેનું પરિણામ શું આવ્યું, વગેરે બધું તટસ્થ રહીને નીહાળ્યું હોત તેમ જ બેનને પૂછ્યું હોત ને છતાં શંકા રહે તો મારી પાસે આવત તો બહુ સારૂં થાત.

"આપણી પદ્ધતિમાં સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિ બે એવા અટપટા શબ્દો છે કે જેને કૃતિમાં ઉતારતાં બહુ જ ઝીણો વિવેક વાપરવો પડે છે. વિવેક વાપરવા જતાં સ્વાતંત્ર્ય હણાઇ જવાનોયે ખૂબ સંભવ રહે છે, કેમકે વિવેકને નામે આપણે અહીં ઘૂડી નિશાળની સોટી ને સામાન્ય શાળાની શાસનપદ્ધતિ પણ એક વાર દાખલ કરી દઇએ એવો સંભવ છે. ને છતાં 'સ્વાતંત્ર્ય' શબ્દને વેદીયા જેમ વળગી રહેવાથી તો એક ડગલુંયે ભરી શકવાનાં નથી.

"એમ જ જો સ્વાતંત્ર્યની મર્યાદા નહિ જાણીએ તો સ્વાતંત્ર્યને બદલે અનવસ્થા અથવા ઉચ્છૃંખલતા જ પરિણમશે.

"પણ હવે આ વિષય ઉપર તો ઘણાં લાંબાં લાંબાં વ્યાખ્યાનો મેં આપ્યાં છે ને હજીયે આપીશ. આજના પ્રશ્નને માટે તો બેને કહ્યું તેટલું બસ છે એમ હું માનું છું.

શિષ્ય: "ઠીક થયું કે આજે આ વાત આટલી સ્પષ્ટ થઇ."

તા.

ચર્ચાપત્રો

એક બહેન લખે છે:—

" મારૂં બાળક પોણા ત્રણ વરસનું છે. તેનામાં વિનાશક વૃત્તિ બહુ દેખાય છે. કોઈ પણ વસ્તુ ફોડવી, તોડવી, એ તેને બહુ ગમે છે. જેમકે કાગળો ફાડી નાખવા, વસ્તુનો ભાંગીને ભૂકો કરવો વગેરે. તેમજ કાતર, સોય, છરી વગેરે માગે છે. પણ આટલી નાની ઉંમરે કેમ અપાય ?

" અમે લખીએ ત્યારે શાહી માગે છે, ને પછી કાગળો ને કપડાં બગાડે છે. ત્યારે આ બાબતોમાં મારે શું કરવું તે જણાવશો ? "

એટલું નાનું બાળક ભાંગે તોડે ફોડે એમાં તેની વિનાશક વૃત્તિ જ છે કે કેમ તે નક્કી કહી શકાય નહિ. ક્રિયા વિનાશક હોય, પણ તેથી પાછળની વૃત્તિ વિનાશક છે એમ કહેવું અઘરૂં છે. સામાન્યતઃ આ ઉંમરનાં બાળકો ઘણે ભાગે આવું કરે છે. ને જેટલી ક્રિયાશક્તિ વધારે તેટલી આવી ક્રિયાઓ જુસ્સાથી ને ખંતથી તેની પાછળ પડીને બાળકો કરે છે. એમાં વિનાશકપણા કરતાં પ્રાયોગિકપણું વધારે હોય છે, એમ કહીએ તો ચાલે. વસ્તુ ભાંગી નાખીએ તો શું થાય, એ જોવું બાળકને ગમે છે. બીજું વસ્તુનું રૂપાંતર કરી નાખવામાં સર્જનવૃત્તિ પણ હોવાનો સંભવ છે. ત્રીજું આટલી નાની ઉંમરે તો એ જ વધારે સંભવનીય છે કે બાળક વસ્તુ હાથમાં આવે એટલે કાંઇક કરવા માગે છે, ને કાંઇક કરવામાં ભાંગવું તોડવું સહેલું હોય છે. નળીયાના કટકાથી કાંઇ બનાવવું, રચવું વગેરે કરવા કરતાં ભાંગવું કે ફેંકવું એ સહેલી પ્રવૃત્તિ હોઈ બાળક પ્રથમ કરે છે. ચોથું ઘણી વાર બાળકનો શરીર ઉપરનો કાબુ ઓછો હોવાથી ખાસ ઇચ્છા ન હોય તો પણ તેના હાથે ઘણો વિનાશ થાય છે. ને પ્રથમ અકસ્માતથી થએલી વાત પાછળથી વખતે મોટેરાંઓ સામેના વિરોધ તરીકે પણ બાળક વાપરે એ સંભવનીય છે.

ઉપાય તો એ કે તેને આવી ક્રિયાઓ સુખેથી કરવા દેવી. ફ્રોબેલે પણ બાળ રમતોનાં સાધનો ઉપજાવતી વખતે બાળકની આ વૃત્તિને માન આપ્યું છે. માત્ર બાળકને એ પ્રવૃત્તિ માટે નક્કી સ્થાન ને નક્કી વસ્તુઓ આપવી. જેમકે બાળકનાં રમકડાંમાં એક કાતર ને રદ્દી કાગળોનો (ખાસ કરી જાહેરાતોનાં કેટલોગ હોય તો વધારે સારૂં) સમાવેશ કરવો. ને કાગળનો કચરો નાખવા માટે એક ટોપલી કે ડબો પણ આપવો. બીજું નળીયાં કે ઇંટોને પથરાથી ભાંગીને ભૂકો કરવાનું યે કામ આપી શકાય. તે માટે ફળીયામાં કે ઓશરીમાં નક્કી સ્થાન આપવું. આસ્તે આસ્તે બાળકને સહેતુક કામ તરફ વાળવું જોઇએ; જેમકે આને માટે આ કરવું છે. નળીયાના ભૂકા કરતા મીઠું વાટે કે એમ કામમાં આવે એવી વસ્તુનો ભૂકો કરે. પણ પ્રથમ ભૂકો કરવાની ક્રિયા શીખવા માટે ગમે તે ચાલે.

કાતર, છરી ને સોય આવડા બાળકને સુખેથી આપી શકાય. કારણ એ સાધનો પોતે જ એવાં છે કે બાળકને તે સાવચેતી શીખવે છે. મારૂં બાળક બે અઢી વર્ષે જ સોયથી દોરામાં મોતી પરોવવાં, તેમજ કાગળના કટકા કરી હાર બનાવવા એ કામ બહુ જ રસથી અને સુઘડતાથી કરતું હતું. અહીં ગિજુભાઇની નાની દીકરી બે વરસની હતી ત્યારથી છરીથી બટેટાં, ભીંડા વગેરે સુધારવાનું કામ કરતી મેં જોઇ છે, ને આજે ચાર વરસની છે ત્યારે છરી બહુ જ સુઘડતાથી વાપરે છે. અમે તેને સર્જન કહીએ છીએ. કારણ છરી વગેરે હથિયારો બાળકને બહુ જ પ્રિય છે.

તમારૂં બાળક શાહી માગે છે તો રંગીન

પેન્સિલો આપી જુઓ, અથવા નાની પ્યાલીમાં રાતી કાળી કે વાદળી શાહી કે વૉટરકલરનાં રંગો, એક પીંછી ને કાગળો આપો. ને કે આ ઉંમરે બાળક ચિત્રકામ કરતું નથી, પણ કાગળને રંગે છે. આ પ્રવૃત્તિ ખાસ ઉપયોગી તો નથી જ, પણ કપડાં ને હાથ બગાડવા કરતાં આ પ્રવૃતિ સારી ને સુઘડતા આપનારી છે. હાથ બગડે તો ધુવા માટે તેને એક ચીંથરું આપવું ને આપણે તેને સારું સુઘડ કામ કેમ થાય તે બતાવવું. ફરાક ઉપર એપ્રન પહેરાવવું એટલે બાળક કામે લાગશે. **તા.**

૨

ઇંદોરથી એક ભાઇ પૂછે છે:—

" મારા નાનાભાઇની ઉંમર છ વરસની છે પણ સારી રીતે વાંચી શકે છે. તો તેને ' બાલમિત્ર ' અથવા ' બાલજીવન ' વાંચવા આપું તો તેના ઉપર બોજો વધ્યો કહેવાય કે નહિ ? "

ઇચ્છા વિરુદ્ધ અથવા શક્તિ બહારનું કામ જ્યારે આપણે બાળક પાસે કરાવીએ છીએ ત્યારે બાળક ઉપર બોજો વધે છે. બાળક પેલાં માસિકો સ્વેચ્છાથી વાંચતો હોય તો આપને. તેને ગમે તેટલો જ ભાગ વાંચે, તેમજ જે વાંચ્યું હોય તેમાંથી તે કેટલું સમજ્યો, કેટલું યાદ રહ્યું, શું રહસ્ય સમજ્યો વગેરે કઢાવવાની પંચાતમાં તમે ન પડો તો તેને માસિકો આપવામાં વાંધો નથી. પણ વાચનસાહિત્ય પૂરું પાડતાં એટલું તો ધ્યાન જરૂર રાખશો જ કે બાળક એકલો પુસ્તકીયો ન બની જાય. નાચવું, કૂદવું, બોલવું, રમવું કે કાંતવું વગેરે હીલચાલની તેમજ ક્રિયાશક્તિ કેળવવાની પ્રવૃત્તિ પૂરતા પ્રમાણમાં કરતો હોય તો આરામને વખતે બેઠો બેઠો વાંચે તે માટે સુંદર વાચનસાહિત્ય ભેગું કરો તો હિતકારક છે. વખતે બીજા કામમાં પડ્યો હોવાથી દિવસો સુધી વાચનને ભૂલે તો ચિંતા કરશો નહિ.

તા.

૩

એક ભાઇ લખે છે:—

" પત્રિકામાં ' ઘરેડની ગુલામી ' વાળા લેખમાં લખ્યું છે કે આપણાં છોકરાં મેટ્રિક કે બી.એ. ન થાય તો ચાલી જ ન શકે એવો આપણો સામાજ મત બંધાઇ ગયો છે. વાત સાચી છે. પરંતુ ધારો કે કોઈએક અભ્યાસમાં નબળા (બીજી બાબતમાં હોશીઆર) એવા માણસને એક લાગવગવાળાની ઓળખાણ છે. હવે જો તે બી.એ. કે વધુ આગળ ભણી શકે તો જ મનગમતી નોકરી મળી શકે તેમ છે. તો શું કરવું ? "

" સ્પષ્ટ લખું તો લખનાર ભાઇ માફ કરે. પણ એમણે ઉપસ્થિત કરેલો પ્રશ્ન ઘરેડની ગુલામીથી યે વધારે કરુણાજનક છે. ટૂંકી દૃષ્ટિએ દેખાતા સ્વાર્થનો છે.

લાયકાત વગર નોકરી મળવાથી યે શું ફાયદો ? નથી માણસ નોકરીનો ફાયદો કરી શકતો ને નથી પોતાનો. એવા તો ઘણા બી.એ. એમ.એ. ય પડ્યા છે ને લાગવગથી મોટી નોકરીયેય ચડ્યા છે. પણ મૂળ તે કામનો જીવ ન હોવાથી મન બીલકુલ નથી, કામની સૂઝ પડતી નથી, ને માટે જ અયશસ્વી પ્રોફેસરો ને વિદ્યાધિકારીઓ થઇ બેસે છે. કામ તો બગડે જ છે; બીજા લાયક માણસોનો માર્ગ રોકાય છે ને માણસ પોતે જીવનમાં શું મેળવે છે ? જીવન પ્રત્યે અણગમો, કંટાળો, નિરાશા. ને જો આવા માણસને આટલું યે ન થતું હોય—જીવન પ્રત્યે કંટાળોયે ન આવતો હોય ને તે સમાધાન માની શકતો હોય કે આપણને તો ૫૦૦નો પગાર મળે છે, ખાઓ પીઓ ને મજા કરો; કામ બગડે છે કે સુધરે છે એનું આપણે શું ? તો તો તે અત્યંત અધમ દશા ભોગવે છે. અર્થાત જીવનવિકાસમાં તો તે પાછળ જ રહી જાય છે ને એકંદરે ઘણું જ ગંભીર નુકશાન ભોગવે છે.

મને તો લાગે છે કે માબાપોની એ ધાર્મિક ફરજ છે કે બાળક ને એહુત કે મીકેનીક થવા લાયક હોય તો તેને લાગવગથી પ્રોફેસર કે એકાઉન્ટન્ટ ન જ બનાવવો. ઉપરોક્ત માણસ અભ્યાસ સિવાય જે બીજી બાબતમાં હુશિયાર છે તે બાબતમાં જ પડે ને લાગવગથી મળી શકે એવી નોકરી મેળવવાની પંચાતમાં આત્માને ભૂખ્યો ન જ મારે. નોકરી સર્વથા અકલ્યાણકારી છે.

ખાતર કાંઇ આત્માને વેચી દેવાય છે?

આવી ટુંકી દૃષ્ટિ ને લાગવગને લીધે સમાજ ને દેશનું યે ઘણું અનહિત થાય છે. લાયક માણસો લાયક જગ્યાએ આવી શકતા નથી ને નાલાયક માણસો અયોગ્ય જગ્યાએ જઇ બેસે છે માટે એ લાગવગની હલકી પ્રથાનો તો ભોગ થાશો જ નહિ. તા.

સંઘના આજીવનસભ્યોની યાદી.

મોન્ટીસોરી સંઘ

૧ શ્રીમતી સરલાદેવી અંબાલાલ અમદાવાદ
૨ શ્રીમાન શેઠ અંબાલાલ સારાભાઈ ,,
૩ શ્રીમતી મૃદુલાબેન અંબાલાલ ,,
૪ ,, ભારતીબેન અંબાલાલ ,,
૫ ,, ગીતાબેન અંબાલાલ ,,
૬ ,, ગીરાબેન અંબાલાલ ,,
૭ શ્રી. સુહૃદભાઈ અંબાલાલ ,,
૮ ,, નૌતમભાઈ અંબાલાલ ,,
૯ શ્રીમતી લીનાબેન અંબાલાલ ,,
૧૦ શ્રી. વિક્રમભાઇ અંબાલાલ ,,
૧૧ શ્રી. કે. વી. મોડકઃ વકીલ ઉમરાવતી
૧૨ શ્રીમતી તારાબેન માણેકલાલ પ્રેમચંદ ભાયખળા–મુંબઇ
૧૩ શ્રી. વલ્લભભાઇ ઉ. પારેખ વરતેજ
૧૪ નામદાર મહારાજા સાહેબ વાંસદા
૧૫ શ્રી. પ્રાણજીવન હ. પંડ્યા ઝરીયા
૧૬ શ્રી. કેશવલાલ મુળચંદ જીવરાજ લીંબડી
૧૭ ,, વી. પી. શાહ મુંબઇ–૧૯
૧૮ ,, રસિકલાલ મોહનલાલ, ચોપાટી–મુંબઇ
૧૯ શ્રી. મોતીચંદ ન્યાલચંદ વીલેપારલે
૨૦ ,, ચિમનલાલ જેચંદ શાહ વાલકેશ્વર રોડ–મુંબઈ
૨૧ ,, મગનભાઇ ધરમશી કરાંચી
૨૨ ,, વલ્લભભાઇ હરિદાસ કરાંચી
૨૩ ,, શીવજી જદવજી કરાંચી
૨૪ ,, પોપટલાલ લવજી ચુડગર રાજકોટ
૨૫ ,, શેઠ મોરારજી કાનજી, ભુલેશ્વર–મુંબઇ
૨૬ શ્રીમતી બેન માનબાઇ, દાણામંદર–મુંબઇ
૨૭ નામદાર ઠાકોર સાહેબ વઢવાણ શહેર
૨૮ શ્રી. ભીમજીભાઇ વૈજનાથ વઢવાણ શહેર
૨૯ બ. સૌ. રમાલક્ષ્મી શુકલ રાજકોટ
૩૦ શ્રી. જેરામભાઇ ભોગીલાલ ચીનાઇ મુંબઈ
૩૧ ,, માણેકલાલ હ. પંડ્યા ભાવનગર
૩૨ ,, અચ્યુતભાઇ ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ ભાવનગર
૩૩ ,, માર્કન્ડરાય હરિભાઇ ઓઝા ભાવનગર
૩૪ લેડી લક્ષ્મીબાઇ જગમોહનદાસ મુંબઇ
૩૫ શ્રીમતી જયશ્રીબેન રાયજી મુંબઇ

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૦ મો
કાર્તિક

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

ગઈ કાલ ચાલી ગઇ તો આવતી કાલ તો ઉભી જ છે.
ગઈ કાલે સૂઇ રહ્યા તો આવતી કાલે જાગીએ.
ગઈ કાલે આળસ કરી તો આવતી કાલે કામે લાગીએ.
ગઈ કાલને ન ઓળખી તો આવતી કાલને પિછાનીએ.
ગઈ કાલને વેડફી નાખી તો આવતી કાલને વાપરીએ.
ગઈ કાલને ના રડો; ગઇ કાલ પાસે ના બેસો; ગઈ કાલને પાછળ મૂકો; ગઈ કાલનો સૂર્ય આથમી ગયો. આવતી કાલે નવો સૂર્ય ઉગે છે; એને જોઇ હસો; એનાં કિરણે પ્રાણ ભરો; એની સાથે આગળ ધપો.
ગઇ કાલ ચાલી ગઈ તો આવતી કાલ તો ઉભી જ છે.

આને બદલે આ કરું

૧

"ઘેલીયાને માટે નાતજાતમાં જવા માટે વીશ રૂપીઆનું પીતામ્બર લઉં તેના કરતાં તો ફળીયામાં એક અખાડો કરાવું ને મહીં રેતી પથરાવું એ નહિ સારૂં ? પીતામ્બર પહેરીને ઘેલીઓ નાતજાતમાં રૂડો દેખાશે પણ અખાડામાં ખેલીને તો તે શરીરે રૂડો થશે."

ઘેલીયાની બા કહે છેઃ "એને એક કંદોરો કરાવી આપો ને એક કહું આપો. આડોશીપાડોશીનાં છોકરાં સૌને એ ઘરેણાં તો છે." હું કહું છુંઃ "ઘરેણાં પહેર્યા વિના ઘેલીયો ભૂંડો નહિ લાગે. પણ જે આપણે એમ પૈસા ખરચીએ એના કરતાં એને રોજ સવારે ગા શેર ગાયનું દૂધ પીવરાવીએ તો ?"

ઘેલીયાની બાને એમ થાય છેઃ "આપણે પણ દેરીયાજેઠીયા જેમ રહેવું જોઇએ. ઇ છોકરાં પાંચ દસ રૂપીઆના ફડાકા ફોડે ત્યારે ઘેલીયાને માટે એ રૂપીયા તો ખર્ચવા જોઇએ ના ?" મને લાગે છે કે "એ તો આપણી દેખા દેખી થઇ. ફડાકા ફોડીને તો પૈસાનું પાણી કરવાનું. એને બદલે ઘેલીયાને બે રૂપીયાનાં કાતર ને રંગ બેરંગી કાગળ ન અપાવું કે ઘેલીયાને કાતરણી કામ ગમે છે તે ઘરાઇ ઘરાણને કરે ?"

ઘેલીયાની દાદી એટલે મારી બા કહે છેઃ "બાપુ, સાત રૂપીઆ ઇ લોઢાનાં ચકરડાં ને ચાપડામાં શું કામ નાખ્યા ? સાત રૂપીઆમાં તો એક હેલ આવે. ઘરમાં એક રાચ થાય તે ત્રણ પેઢી સુધી ચાલે." હું વિચારૂં છું કે "ઘેલીયાને મીકેનો ગમે છે. તે વડે તે પોતાની યાંત્રિક શક્તિને બીલવે છે. ઘરમાં બેડું ન હોય ને માટીનાં માટલાં હોય તો શું બોડું ? ઘેલીયો યંત્રવિદ્યામાં આગળ વધશે તો એવા રાચની તો દુકાન કાઢશે."

ઘેલીયાની બા કહે છેઃ "ઘેલીયા માટે એ બાજલાં આણ્યા. જમનાના જીવાએ પણ લીધાં છે. ઘેલીયાને તે બહુ ગમે છે ને કજીયો કરે છે." હું કહું છું કે "ફળીયામાં ખડ થયું છે ને તેથી મચ્છર થયાં છે ને તેથી સૌને વારે વારે તવા આવે છે. બાવલાંને લાવું તેના કરતાં બે દાડીયા બોલાવીને બડ ન કઢાવું કે રોગમાંથી બચીએ." એની બાને એ બોટો બર્ચ લાગે છે. તે કહે છેઃ "એ તો બડ સૂકાઇ જશે. આપણે એવા પૈસાદાર કયાંના કે બડ કઢાવવા દાડીયા રાખીએ?"

૨

હું કહું છું કે "ઘેલીયાને એના આ જન્મદિવસે કંઇક એવું અપાવીએ કે એને ખૂબ મજા પડે ને લાભ થાય; ને નાહકનાં ઘણાં બધાંને ભેગાં કરીને બબરાવવા પીવરાવવાની હિ' બધો બટપટ કરીએ છીએ તે છોડી દઇએ."

એની બા કહે છેઃ "ઇ વાત મને ગમી. એમાં તો બરધાં થઇ જઇએ છીએ ને ઘેલીયાને મન કંઇ નહિ."

ઘેલીયાની બા કહેઃ "ત્યારે આપણે બોટો બર્ચ બંધ કરીએ. આ નહામી વરસે વરસે ત્રાંબા પીત્તળનાં વાસણો ભેગાં કરૂં છું, આ નવા વરસે આપણે રમવા માટે ઘેલીયાને કુંટેલા અપાવીએ." મેં કહ્યું. "એક લાખ રૂપીઆની વાત."

મને થયું: "ઘેલીબાની બા સાચું કહે છે કે આ બન્નરમાં જઈને રોજ રોજ હું પેપરમીન્ટ ને એવું એવું પેટ બગાડે એવું બવરાવું છું ને પૈસા ફેંકી દઉં છું તેના કરતાં તો છોકરાંને માટે એક હીંચકો બંધાવું તો ઠીક."

મારો અને ઘેલીબાની બાનો મત બરાબર મળતો છે કે "છોકરાંને લુગડાં કરાબ્યે જ જવાં ને પછી મેલાં કપડાં પહેરવાને કહેવું અથવા 'ધોબીને પૈસા કયાંથી દઈએ? ઇ તો પૈસાનારનું કામ. રોજ રોજ સાબુ કયાંથી કાઢીએ?' એમ કહેવું સાવ ખોટું છે. બે કપડાં ઓછાં કરાવીએ ને સાંધી સુઈને ચલાવીએ તો સાબુના પૈસા તો તેમાંથી નીકળે!"

માત્ર ગમ્મત બાતર બે પાંચ મિત્રોને તો મહિનામાં બવરાવવું જ જોઈએ. ઘરમાં રોકા લાગે એટલે મોતીનાં તોરણનો બર્થ તો જોઈએ ના? જરા ફેશનેબલ ગણાવા માટે ફલાણો સાબુ તો વાપરવો જ જોઈએ. પણ બાળકો માટે માસિક મંગાવવું છે તો પૈસા નથી. એમને ગાડી કરી દૂર દૂરનાં સુંદર સ્થળો દેખાડવાં છે તો કે' પૈસા નથી; આ વિચાર ખોટો જ છે તો?

મહેમાન આવ્યો કે' લાપશી વિના કેમ જમાડાય? શ્રાવણ માસ આવ્યો તો કે' ઘરમાદામાં તો પાંચ રૂપીઆ આપવા જોશે. શ્રાદ્ધ આવ્યાં તો કે' પાંચ પચીશ જણને બવરાવ્યા વિના વહેવાર કેમ ચાલે? પણ છોકરો માંદો પડ્યો ને દાક્તરને બોલાવવો છે તો કે' દાક્તરની ફી કયાંથી કાઢવી? ગાડીના પૈસા કયાં છે? છોકરાનું શરીર બાયકાંગલું છે તો જરા પૌષ્ટિક દવા કે ખોરાક બવરાવો તો કે' બાપુ ગરીબ માણસને બધું કયાંથી પાલવે? આનું નામ બોટી ગરીબાઇ.

મારો મિત્ર કહે છે તે બરાબર જ છે કે "નાહકનો હું વરઘોડા ને બંધરણીમાં બેટલા બધા પૈસા શા માટે બરચું, ને બરચ કરીને બાલી થાઉં ત્યારે શેનો કહું કે હું મારા બચ્ચુને હવે આગળ નહિ ભણાવી શકું? બે'ટા બરચ કર્યા ને બે દિવસ વાહ વાહ બોલાણી તેમાં બચ્ચુનું શું વળ્યું? બે બિચારાને તો ઉલટું દેવાનો બોજો વહેવો પડશે."

ગિ.

શામજીભાઇને ઘેર

થાળીઓ નખાઇ, પાટલા મૂકાયા, પાણીના લોટા ભરાઈને કહેવામાં આવ્યું: "ચાલો જમવાનો વખત થયો."

શામજીભાઇને ત્યાં આજે ચંપા અને તેની બા મહેમાન હતાં.

શામજીભાઇ અને શાન્તાબેનને ત્રણ બાળકો હતાં; એક છોકરો ને બે છોકરીઓ.

શામજીભાઇએ ઇસારેથી પોતાનાં ત્રણ બાળકોને પાટલા પર બેસવા કહ્યું. તેઓની પાસે ચોથો પાટલો ચંપાનો હતો.

ચંપા કહે: "બા હું તો તારી પાસે જ બેસું; ત્યાં નહિ બેસું."

ચંપાની બા, શાન્તાબેન, ગૌરી, વગેરે મોટાંના પાટલા એક બાજુ હતા. નાનાં બાળકોની મંડળી જૂદી હતી.

ચંપાની બાએ કહ્યું: "ચંપા, ત્યાં સૌની સાથે બેસીએ. જો આ ભાઇ બેનો કેવાં બેઠાં છે? તારો પાટલો ત્યાં જ છે."

"ના. એં...હું તારી પાસે જ બેસીશ. તારી પાસે; એં...તારી પાસે."

"તો મારી પાસે જગા નથી. ત્યાં જ બેસવું પડે."

"ના. ઓલ્યો પાટલો છે ત્યાં હું બેસું."

ચંપાએ હઠ લીધી.

એ પાટલો તો ગૌરીબેનનો હતો. શામજી-ભાઇએ તોડ કાઢ્યોઃ "ચંપાબેન, ત્યારે તમે તમારી બા પાસે બેસો. ગૌરીબેન, તમે ચંપાની જગાએ આવોને."

જગા બદલાઇ. ચંપાની બાના મનમાં સારું ન લાગ્યું. ચંપા સામે તેણે જરા નારાજીથી જોયું પણ નારાજી દબાવી. તેના મનમાં થયુંઃ "આ ટેવ સારી નહિ."

પીરસાવા માંડ્યું. ચંપા કહેઃ "બા, તું પડીયો થોભી રાખ." "બા, આ શાક સરખું કરી દે." "બા, પૂરીને સરખી ગોઠવી દે." "બા, જોને રાઇતાનો રેલો ચાલ્યો; બધું લૂછ દે."

બા કહેઃ "ચંપા, જો પેલાં બાળકો કેવાં પોતાની મેળે કરે છે? તું પણ કરી શકે. તું તો પેલી દેવીથી અને રમુથી જરાક મોટી છે!"

ચંપા કહેઃ "તે તું કરી દે ને; તને કરતાં ક્યાં નથી આવડતું. રોજ તો કરી જ દે છે."

ચંપાની બા શું બોલે? પણ મનમાં થયુંઃ "ચંપામાં આવી ટેવો ન જોઇએ. મારે તેનો ઉપાય લેવો જોઇએ. મારા વિના ચાલે નહિ; હું કરી દઉં તો જ ચંપા રાજી ને મારા પર જ આધાર!

કેળાં આવ્યાં. ચંપા કહેઃ "બા, મારે બે જોશે. મારે બે; મારે બે."

સૌને એક એક મૂકવું હતું.

બા કહેઃ "એ તો સાને સરખું જ હોય."

ચંપા કહેઃ "ત્યારે તારું કેળુ હું બાદંશ."

બાએ જરા કડકાઇથી કહ્યુંઃ "એમ ન થાય; તારું તારે બાવું ને મારું મારે બાવું."

"એંહ, એમ કાંઇ હોય? મારે તો બે કેળાં બાવાં છે. નહિ આપ તો તારું ઉપાડી લઇશ ને બાઇશ."

ચંપાએ કેળું ઉપાડ્યું પણ શામજીભાઇએ ત્યાં તો બીજું મંગાવ્યું ને ચંપાને બે કેળાં મળી ગયાં.

એની બા તો ખૂબ શરમાયાં. મનમાં લાજી મર્યાં.

પેલાં છોકરાં તો શાંતિથી બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. ઝીણું ઝીણું હસતાં હતાં અને જે આવતું હતું તે ગોઠવીને મૂકતાં હતાં.

જમવા બેઠાં એટલે ચંપા કહેઃ "આ તો મને તીખું લાગે છે. તું લઇ લે."

બા કહેઃ "તે તું તારા ભાણામાં રહેવા દે."

"તે મને બે ન ગમે. તું લઇ લે નિકર પછી હેઠે નાખીશ."

ચંપાની બા કંઇ બોલ્યાં નહિ ને ચંપાએ શાક બાની થાળીમાં નાખ્યું.

ચંપાની બા મુંઝાતાં હતાં. શામજીભાઇનાં છોકરાં સુંદર રીતે બાતાં હતાં. ન ભાવે તેને અડતાં ન હતાં, અને અંદર અંદર વાતો કરતાં હતાં.

શામજીભાઈ અને શાંતાબેન ને ગૌરી વાતો કરતાં હતાં. ચંપાની બા પણ તેમાં ભાગ લેતાં હતાં.

ચંપા કહેઃ "પણ બા, તું મારી વાત તો સાંભળ. આ મારી વાત સાંભળતી જ નથી."

ચંપાની બાએ ધ્યાન ન આપ્યું એટલે તો

ચંપાએ એંઠો હાથ બાને લેગાડી કીધું: "મારી વાત સાંભળવી છે કે નહિ?"

ચંપાની બા ખસીયાણી પડી. તેને થયું: "આ છોકરી તે કેવી થઇ છે."

શામજીભાઇ ચતુર હતા. તેમણે છોકરાંઓ સાથે વાતો માંડી ને ચંપાનું તે તરફ ધ્યાન ગયું એટલે બાની મુશ્કેલી ટળી.

ચંપાની બાને થયું: "આપણે કાં તો કોઇને ત્યાં જમવા ન જવું ને કાં તો ચંપાને સુધારવી." વળી મનમાં ગણગણી: "પણ એમાં ચંપાનો શો વાંક છે? જેમ ઘરમાં મારી પાસે અને એના બાપા પાસે રોજ જમતી વખતે કરે છે તેમ અહીં પણ કરે છે. જેવી ટેવ પડી છે તેવી દેખાય છે. હવે હું કંટાળું કે આંખ કાઢું તેમાં શું વળે?"

ચંપાએ જમતાં જમતાં બે હાથ એંઠા કરી નાખ્યા હતા. દાળના છાંટા જ્યાં ત્યાં પાડ્યા હતા. હાથનું ઠેબું આવ્યું હતું તે એક વાર તો પડીયો જ આંખો ઢળી ગયો હતો, ને થાળી આખી ગંદી ગંદી થઇ ગઇ હતી. મોઢું પણ ઠીક ઠીક બગડ્યું હતું.

ચંપાની બા તો પેલાં છોકરાં સામે જુએ ને ચંપા સામે જુએ.

જમીને ઉઠ્યાં. બીજાં છોકરાં નળે ગયાં. હાથ ધોયા, મ્હોં ધોયું, કોગળા કર્યા ને હાથ લૂછ્યા.

ચંપા તો કહે: "એ બા, હાથ ધોવરાવને." ને પછી રૂમાલ પડ્યો હતો પણ પોતાના પોલકે ઝટ દઇને હાથ લૂછી નાખ્યા.

શામજીભાઈ આ બધું જોતા હતા. બોલવે ડાવકા હતા. ચંપાની મુંઝવણ સમજતા હતા. ચંપા એના મામાની દીકરી થતી હતી.

જમ્યા પછી સૌને માટે પાનસોપારી આવ્યાં. ચંપાએ મૂઠો ભરી ધાણા ઉપાડ્યા ને બે પાનનો ડૂચો માર્યો. પછી ડચુરો વળ્યો ને ચંપાની આંખો ને ગાલ લાલ લાલ થઇ ગયાં.

ચંપાની બાને આજે વધારે બેસવું ગોઠતું ન હતું. તેણે ઝટપટ શામજીભાઇની રજા માગી, ને ઘેર જવા તૈયારી કરી.

શામજી કહે: "બેશ બેશ, આ ચંપલી બહુ કવરાવતી લાગે છે."

ચંપાની બાની આંખમાં આંસુ આવ્યાં.

શામજીએ કહ્યું: "જો બેન, એ તો બાળકોને નાનપણથી વ્યવસ્થિત થવાનો રસ્તો બતાવીએ અને પહેલેથી આ આમ થાય, આ આમ થાય, આમ બેસાય, આમ ખવાય, આમ હાથ ધોવાય એમ કરી બતાવીને કરવા દઇએ અને શરૂઆતમાં તો જેવું થાય કે કરે તેવું ચલવી લઇએ તો બાળકો ધીરે ધીરે આવું બધું તેં નજરે જોયું તેમ કરતાં શીખી જાય છે. આને હું ભોજનનો આચાર કહું છું. બાળકો જમતી વખતે ધોંધાટ કરે, વારે વારે રડી ઉઠે, અહીં ન ગોઠે ને ત્યાં ન ગોઠે, કાં તો બાની ને કાં તો બાપાની પડખે ગરે, એ બધું નથી ગમતું ને આપણે એમ કરવા દઇએ છીએ એટલે તો થકવી નાખે છે. મેં તો પહેલેથી જ રિવાજ કાઢ્યો છે કે આ પાટલાઓ નાનાના, આ થાળીઓ નાનાની, આ એમની જગા, આ એમના ચમચા, આ એમની ટબુડીયો, અહીં હાથ ધોવાનું, આ એમનો ટુવાલ વગેરે. અને એમને માટે જે બધું મેં રાખ્યું છે તે તેમને માફકનું, ઉપાડી શકે તેવું ને તેમને ગમે તેવું રાખ્યું છે.

"જમતી વખતના નિયમો પણ આપ્યા છે. કંઇ ચીજ આવે તો લેવી હોય તો આંગળી ઉંચી કરે; ન ભાવતું આવી જાય તો પાસે જ એક રકાબી રાખું છું તેમાં મૂકે; વગેરે અનુભવથી જે નિયમો–વ્યવસ્થા–ઠીક લાગ્યા છે તે મૂકયા છે. તે બધું જોહુકમીથી નહિ; ન કરે તેને દંડ નહિ. પણ તેમને રોજ રોજ તેમ કરવા દઇને ને રોજ ને રોજ કરવાની ટેવ પાડીને. તેમને હું ખોટાં લાડ લડાવતો જ નથી: ખોટી રીતે તેમની માગણી કે એવું હોય છે ત્યારે તે વખતે ધ્યાન આપતો નથી, પણ તેમની મુશ્કેલી સમજી બીજે દિવસ તેનો નિકાલ આણું છું.

"હું બાળકો સાથે વાતો કરવાની ને તેમને સમજવાની તક લઉં છું. તેમનાં નાનાં સુખ દુઃખો ઉપર ધ્યાન આપું છું, તેમને માટે ચિંતા રાખું છું. પણ તેમને મારા જેવાં સ્વાધીન અને સ્વતંત્ર અને આનંદી બનાવવા મહેનત કરું છું."

ચંપાની બા કહે: "ત્યારે ભાઇ હું તારે ત્યાં થોડા દિવસ રહેવા આવું ને તું કેમ ચલાવે છે તે નજરે જોઉં."

શામજી કહે: "ભલે, આવતે અઠવાડીએ આવ ને રહે. ઘર તો તારું જ છે ને!"

ચંપાની બાનું હૈયું કંઇક હેઠું બેઠું.

ગિ.

કજીયા

એં એં એં કરતો રતન ઘેર આવ્યો. વાઘણ ફાળે થઇ. ચાલે તેમ જમના ઉભી થઇને બોલી: "કોણે તને માર્યો? કોણ છે ઇ રોયોરાંકનો?"

"ઓલ્યા નારણીયાએ અમને ધક્કો માર્યો."

"હું ચં. ઇ નારણીયાને હું ઓળખું છું. એની બાનેય હું જાણું છું. નારણીયાએ તો આખી શેરી માથે લીધી છે. ચાલ જઇને ઘઘલાવું."

જમના ધુંવા ફુંવા થતી ઝમકુના ઘેર આવી.

"ઝમકુ, એ ઝમકુ? કયાં મૂઇ. આ તારા નારણીયાને સંભાળજે, નિકર પછી..."

"ભાગ; ભાગ, ભુંદરી! નારણીયો–મારો ગભરૂ નારણીયો–કોઇને બશ ન કહે ઇ તારા રતનાને મારે છે બરૂં? નહવાદી થા મા, નહવાદી. છાનીમૂની ઘેર જા."

જમનાનો ક્રોધ તો કયાંય માય નહિ. લાંબા હાથ કરી કરીને કાંઈ બાઝી! ને ઝમકુ પણ એવી જ રીતે લડી.

આખી શેરી લડવાડ જોવા ભેગી થઇ. ભવાડો જોઇ સૌ હાંસી કરતાં કરતાં ઘેર ગયાં. થાકી થાકીને ઝમકુ જમના છૂટાં પડ્યાં ને પાછાં વળ્યાં.

સવારના બે કલાક નકામા ગયા. નાહકનો લોહી ઉકાળો થયો ને કયાં ગયાં'તાં તો કે' કયાંય નહિ.

વાત એમ છે કે ઝમકુ ને જમના જાણે એવાં કે એક બીજાનાં માથાં ભાંગે એવાં. એક તો બન્ને મૂળે વઢકણી હતી ને એમાં બન્ને ને દીકરા થયા. ને એના દીકરાઓમાં તે શો શકરવાર હોય? કેવળ માથે જ ચડાવેલા. ને બન્ને માને મન એમ કે મારો દીકરો તો ડાહ્યો

ને ડમરો, ગભરૂ ને બિચારો. પણ દીકરા એવા કે મલક આખાને પહોંચીને પાછા વળે. શેરીના છોકરા તો એનાથી આઘા રહે. શેરીની બાઇઓ તો ઝમકુ જમનાને નવ ગજના નમસ્કાર કરે. બીજાં એને કોણ પહોંચે ? એ તો જમકુ જમનાને ને જમના ઝમકુને પહોંચી વળે.

આવી 'વઢકણી વહુ ને દીકરો જણ્યો' એવી માતાઓ દરેક શેરીમાં કે પોળમાં તો હોય જ છે. એનાથી આપણે દૂર રહીએ. એનાં છોકરાંઓથી આપણાં છોકરાંઓને દૂર રાખીએ. ગિ.

ઘરમાં મોન્ટીસોરી

જમ્યા પછીની સાફસુફ

બાળકોને જેમ આપણે અમુક હદ સુધી પીરસવાનું કામ સોંપી શકીએ તેમ જમ્યા પછીની સાફસુફમાં પણ તેઓ સારી રીતે ભાગ લઇ શકે છે. નાસ્તા કે દૂધ જેવું ખાણું હોય ત્યારે તો પોતાનાં વાસણો ધોઇ ઘસીને સાફ કરવાનું કામ પણ તેમને સોંપી શકાય. રીતસરના જમણ પછીનાં વાસણો ઉટકવાં જરા અઘરાં છે. છતાં તેમાંયે થાળી વાટકા ઉપાડીને બાળમાં મૂકવાં, જમીન ઉપર ભાત શાક વગેરે જે વેરાયું હોય તે ઉપાડી લેવું, પાટલા ઉપાડવા, વગેરે કામો બાળકોને જરૂર સોંપી શકાય. આગળ પાછળનો જરાયે વિચાર કર્યા વગર જમીને ઉભા થઇ જવાની ટેવ બહુ જ બેદરકારીભરી ગણાય. છતાં આપણે બાળકને "થઇ ન ઉભો" એમ જ કહીએ છીએ. તેના કરતાં પોતપોતાનું એંઠું ઉપાડીને થાળી વાટકા ઉપાડવાની રીત સહેલાઇથી દાખલ કરી શકાય. બાળક પોતાની શક્તિ ને આવડત ઉપરાંતનું કરવા માગે ને આપણા કામમાં આડે આવે એ આપણે ન ચલાવી લઇએ. અ.વે વખતે 'ના' પણ પાડીએ. પણ બનતાં સુધી 'ના' પાડીએ તે પહેલાં વિચારી તો લેવું જ કે કોઇ રીતે બાળકને 'હા' પડાય એમ છે ? બાળક પરત્વે હા ના નો અનુભવ એવો છે કે "બેન આ બધાં વાસણો ઉટકવા લઇ જતી નહિ." એમ કહેવા કરતાં "બેન, લો તારે આ પાણી પીવાના પ્યાલા ઉટકવાના છે. તેટલા બહાર લઇ જા. આ રહી રાખ ને આ ડોલમાં પાણી છે." એમ શું લઇ જવું તે ચોક્કસ બતાવવાથી શું ન લઇ જવું તે એની મેળે જડું પડે છે. છતાં બાળક હકારાત્મક કહેવું ખુશીથી માને છે ને નકારાત્મક માનવા નાખુશ હોય છે.

કામ સોંપતી વખતે એક બીજી વાત ધ્યાનમાં રાખવાની તે એ કે બાળક ઘણું બધું કરવા જાય ને જેવું તેવું કરે તે પસંદ ન કરવું. થોડું કરે પણ તેને આખર સુધી પહોંચાડે તે ઇચ્છવા જોગ છે. જેમકે વાસણનો એક બડકલો લઇને બેસે ને જેવું તેવું ઉટકે, ચારેકોર રાખ રાખ કરીને ઉભું થઇ જાય એ સંભવિત છે. કેમકે આટલાં બધાં વાસણો ઉટકવાં તેની શક્તિ બહારની જ વાત છે. તેના કરતાં બે પાણીના પ્યાલા લે, ઉટકે, ધુએ, જગ્યા ઉપર મૂકી દે, ઉટકેલી જગ્યા સાફ કરે, પોતાના હાથ બરાબર ધૂવે, કપડાથી લુવે-ને કામ પૂરૂં થયાનો આનંદ ને વ્યવસ્થિતતા અનુભવે એ બાળકની દૃષ્ટિએ વધારે લાભકારક છે ને આપણી દૃષ્ટિએ પણ તે આપણને ઓછું નડનારૂં છે.

આપણી સામાન્ય રીત એમ છે કે બાળકો ૫-૭ વરસનાં કે તેથીયે મોટાં થાય ત્યાં સુધી તેમને કામ સોંપવાં નહિ; કરવા આવે તો "તને નહિ આવડે" વગેરે કહીને વારવાં ને પછી મોટી ઉંમરે

તેઓ કામ કરે તેમ ઈચ્છવું; ને નથી કરતાં માટે પછી નારાજ થવું.

બાળક કરવા માગે ત્યારે તેને લાયકનું કામ આપતાં રહેશું તો જણાશે કે ઘણી નાની ઉંમરે બાળક ઘણું કામ કરી શકે છે; ને કામની આવડત મેળવવાની ને શોખ કેળવવાની ઉંમર તો આ જ છે. તે ઉંમર આપણે નકામી ગુમાવવી ન જોઇએ.

તા.

બાળવાર્તાઓની શ્રેણીઓ

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરે બહાર પાડેલા બાળવાર્તાના પાંચ ભાગમાં બાળવાર્તાઓનો સંગ્રહ છે. પરંતુ બાળકો આગળ કહેતી વખતે તે વાર્તાઓ બાળવાર્તામાં જે ક્રમમાં તે આવે છે તે પ્રમાણે કહેવા જઇએ તો મોટી ભૂલ ખાઈ બેસીએ. સંપાદક શ્રી. ગિજુભાઇને પૂછીએ તો તેઓ પણ કહે છે કે વાર્તાઓ જેમ જેમ મળતી ગઇ તેમ તેમ તે સંગ્રહી છે. તેમને શ્રેણી, ક્રમ કે ધોરણવાર ગોઠવવામાં આવી નથી. માટે શિક્ષક અને માબાપોનું આ વસ્તુ તરફ ધ્યાન ખેંચવાની જરૂર જણાય છે કે બાળવાર્તાના પહેલા ભાગની પહેલી જ વાર્તા બાળકો આગળ પ્રથમ કહેવાની કોઇ ભૂલ ન કરે.

આ વાર્તાઓની અંદર લગભગ પાંચ શ્રેણીઓ પડે છે. કયી ઉંમરનાં બાળકો કેટલું સમજી શકે છે, વાર્તાના કયા ભાગનો આનંદ લે છે, કેવી વાર્તા પુનઃ પુનઃ માગે છે, કેવી વાર્તા વખતે વારંવાર બેધ્યાન થઇને આમ તેમ જોવા લાગે છે અથવા વચમાં વચમાં બીજું ત્રીજું જ બોલે છે, વગેરે ઝીણું અવલોકન જો આપણે કરીએ તો વાર્તાની અંદર રહેલી શ્રેણીઓ આપણા ધ્યાનમાં તરત આવે છે. વાર્તા સાંભળતાં બાળકોના આપણા અવલોકનમાં ઘણી જ વાર આપણે ભૂલ કરીએ છીએ. માત્ર બાળકો સાંભળે છે, અથવા એકાદ વાર્તા રોજ રોજ તેઓ માગે છે તે ઉપરથી તે બાળકની સમજણ શક્તિને માફક છે એવી જ વાર્તા આપણે કહીએ છીએ એમ માની ન લેવું. બાળક તો એને લાયક એવી વાર્તાને અભાવે ઘણીવાર જે વાર્તા સામે આવી તે જેવી સમજાય એવી સમજીને સાંભળે છે. ઘણી વાર વાર્તાનો એકાદ ભાગ તેને ગમે છે તેટલા ખાતર આખી વાર્તા સાંભળી લે છે. પણ આપણે જો જાણી શકીએ કે બાળક આ વાર્તા શા માટે સાંભળે છે, ને તે પ્રમાણે બાકીનો ભાગ ટૂંકો કરીને તેટલો જ ભાગ કહીએ તો બાળકને તે ગમે છે. જેમકે મારી દીકરી અઢી ત્રણ વરસની હતી ત્યારે એક વાર અમે સાવિત્રીની સિનેમા ફિલ્મ જોવા ગએલાં. ત્યાર પછી રોજ એ મારી પાસે સાવિત્રીની વાર્તા માગે ને હું એને ટૂંકમાં ને તે સમજી શકે તેમ કહેવાનો પ્રયત્ન કરતી. મને હમેશા થતું કે આ છોકરી સાવિત્રીની વાર્તા કેમ સમજી શકશે? આસ્તે આસ્તે મને ખબર પડી કે તે તો સિનેમામાં જોએલું એક ચિત્ર જ ફરી ફરીથી આંખ આગળ બહું કરવાનો આનંદ લે છે.

સત્યવાન્ ઝાડ ઉપર ચડીને લાકડાં કાપતો હતો ને સાવિત્રી નીચે ઉભી ઉભી આમ તેમ જોતી હતી, ત્યાં તો એક મોટો કાળો નાગ બીલમેથી આવ્યો ને ઝાડ ઉપર ચઢ્યો ને સત્યવાનને કરડ્યો. "ઓય વોય, મને સાપ કરડ્યો?" કરીને સત્યવાન્ નીચે પડ્યો. સાવિત્રી તેનું માથું ખોળામાં લઇને બેઠી. ઘણી વાર હું તેને એટલું જ કહું તોયે તેને બસ થતું. કોઇ વાર વળી પૂછતી કે "પછી સત્યવાન્ મરી ગયો?"

હું કહેતીઃ "ના, ના, એ તો જીવતો થયો."

તેણે સાપ ચડતાં જોએલો ને એ બધું ફિલ્મમાં જોએલું; ને કોણ જાણે કેમ, બીજાં બધાં ચિત્રો

કરતાં આ જ ચિત્ર તેના મન ઉપર રહી ગએલું એટલે તે ફરી ફરીથી તે વાત માગતી.

તે વખતે તે સાવિત્રીની વાર્તા સમજી શકતી એમ માનવું અથવા સાવિત્રીની વાર્તા અઢી ત્રણ વરસના બાળકની કક્ષાની છે એમ સમજવું ભૂલભર્યું જ થાય.

એક બીજો દાખલો લઇએ. એક શિક્ષિકા વાર્તાની શ્રેણી પાડતી હતી તેણે સુપડકન્ના રાજાની વાર્તા પ્રથમ શ્રેણીમાં મૂકી. કારણ પૂછતાં તેણે જણાવ્યું કે 'રાજા સુપડકન્નો, રાજા સુપડકન્નો, રાજા સુપડકન્નો, એમ આપણે બોલીએ છીએ ત્યારે સાવ નાનાં બાળકો પણ આપણી સાથે બોલવા લાગે છે ને આખો વખત તે બબડ્યા જ કરે છે." વાત સાચી. પણ બે શબ્દ નાનાં બાળકોને ગમ્યા તેથી આખી વાર્તા તે સમજી શકે છે એમ માનવામાં તો મોટી ભૂલ જ થાય. પક્ષી મારવાના પાપને લીધે રાજાના કાન સુપડા જેવડા થાય છે, છાની વાત પેટમાં રહી શકતી નથી તેથી હન્મમ અકળાય છે ને આખરે લાકડાને કહે છે વગેરે, વાતો નાનાં બાળકોની ગ્રહણશક્તિની બહારની જ ગણાય ને એની પરીક્ષા તો આખી વાર્તામાં બાળક કેટલું એકધ્યાન થઇને બેસે છે, તેના મોઢા ઉપર આનંદની લહેરીઓ કેટલી ઉભરાય છે, વગેરે ઉપર છે; માત્ર એક જોડકણું પકડી લે તે ઉપર નથી.

વાર્તાઓની શ્રેણીઓ પાડીએ તો કાંઇક નીચે પ્રમાણે પડે.

પહેલી શ્રેણીમાં જોડકણાંની વાર્તાઓ આવે જેમકે:

કહાણી કહું કૈયા
એક વાતની વાત
નકા નકો રાજા
કુકડી પડી રંગમાં
કાગડો ને ઘઉંનો દાણો વગેરે.

આ જોડકણાં પૈકી પહેલું તો માત્ર પ્રાસાનુપ્રાસનું છે. આવાં જોડકણાં બોલ્યા જ કરવાનું બાળકોની અમુક ઉંમરે તેમને બહુ ગમે છે. દરેક બાળકના જીવનમાં આવો કાળ આવી જાય છે; પણ બે વરસે કે અઢી વરસે કે ત્રણ ચાર વરસે તે નક્કી ન કહેવાય. વ્યક્તિગત ફેર ઘણો દેખાય છે. સાહિત્ય ઉપભોગનું આ પ્રથમ પગલું છે. ને બાળક તેમાંથી બહુ જ આનંદથી પસાર થાય છે. તેમાં અર્થ કે કાર્યકારણ કે બનાવોનો અનુક્રમ કે એવું કશું જાણવાનું હોતું નથી. છતાં શબ્દો કાંઇક કાંઇક અર્થ આપે છે ને તે બધાંનો સંકલિત એવો અર્થ નથી હોતો તે સામે બાળકની તે વખતની તર્કશક્તિ જરાયે વાંધો લેતી નથી. તેનો તાલ, તેનો પ્રાસ, તેમાંનો શબ્દનાદ વગેરે તેમની તે ઉંમરની રસવૃત્તિને પોષક એવી અનેક વાતો તેમાં રહેલી હોવાથી તે સાચેસાચ બાલભોગ્ય બને છે.

એક વાતની વાત ને નકો નકો રાજા જેવાં જોડકણાંમાં અશક્યતા ને ગપ્પાનો જે રસ છે તે આ કક્ષાનાં બાળકો લઈ શકતાં નથી. પરંતુ ઉપર વર્ણવેલાં કારણોને લીધે જોડકણાં તો બોલે જ છે; ને વધારે બુદ્ધિશાળી બાળકો અસ્પષ્ટ રીતે કયાંક કયાંક થોડું એક સમજે પણ છે. બે બોંટા ને એક

બાળકવાળા ઘરમાં જોઇએ

રમવા માટે જુદી જગા.
વપરાશ માટે નાની ચીજો.
ઉપયોગ માટે હળવી ચીજો.
સગવડ માટે નીચે ચીજો.
બેસવા માટે છૂટી જગા.
સર્જન માટે રેતી માટી
કાતર, કાગળ, રંગ, પીંછી.
વાચન માટે બાલપુસ્તકો
ખુલ્લાદષ્ટિ માટે સુંદર વાતાવરણ.
આનંદ માટે રમતગમત.
જ્ઞાન માટે વાર્તાલાપ.
ચારિત્ર્ય માટે શુદ્ધાચરણ.

સાચો જ નહિ વગેરે ન્યારે તેઓ સમજી શકે છે ત્યારે તો તેમને બહુ જ આનંદ આવે છે; અર્થાત્ તેનો ફિલૉસફિક મર્મ તો બહુ જ મોટી ઉંમરે ધ્યાનમાં આવે તેવો છે.

કુકડી પડી રંગમાં,
કુકડો શોક ઢંગમાં,
પીંપળ પાન ખર્યાં,

અથવા

સુતાર સુતાર ઝાડ કાપ;
ઝાડે મારો કાણો લીધો
માણું છું પણ આપે નહિ.

વગેરે વાર્તાઓમાં કાંઇક વાર્તાપણું, કાંઇક બનાવો, કાંઇક સંકલના છે ને તે બાળબુદ્ધિને માફક આવે તેવાં છે. બનાવો નાના ને સાદા છે. કુકડીની વાર્તામાં ઘરડી કુકડી ને નવી કુકડી વગેરેની વાત છે તે આ વાર્તા માટે સાવ નાલાયક ભાગ છે. એ વાર્તા કહેતી વખતે આમ શરૂ કરાય:—

"એક હતી કુકડી. એક હતો કુકડો. એક વાર કુકડીને થયું કે લાવને મારાં પીંછાં રંગાવું. કુકડી ગઇ રંગારા પાસે.

"રંગારા રંગારા મારાં પીંછાં રંગી આપ.

"રંગારો કહે: 'આ પડી રંગની કુંડી. રંગી લેને તારી મેળે."

"કુકડી તો રંગની કુંડીમાં પડી ને હુંગીને મરી ગઇ.

"બિચારો કુકડો પડ્યો શોકમાં, એટલે નિમાણો થઈ એક પીંપળા ઉપર બેઠો.

"પીંપળો કહે: 'કુકડાભાઇ, કુકડાભાઇ, આજે નિમાણા કેમ બેઠા છો?"

વગેરે આગળ ચાલે.

તેમજ કાગડા ને દાણાની વાર્તામાં "રાણી રાનથી રીસા" ને બદલે "રાણી રાજાને કહે" એવો ફેરફાર કરી લેવો.

આ પ્રકારની વાર્તામાં કાગડા ને કોઠીંબડાની વાર્તા બહુ જ સુંદર છે. બહુક બહુક વાગે એવું કોઠીંબું ખાવાનું વસ્તુ કેવળ બાળદુનિયાનું છે. કોઠીંબડાનું કહેવું "ભાઇ, મને ખાવામાં હરકત નથી પણ આવી ગુવાળી ચાંચે મને ન ખવાય. ક્યાંકથી પાણી લઇને ધોઇ આવ." યોગ્ય ને સ્વમાનભર્યું છે.

કાગડાનો પોતાનો મેલ ધોઈ નાખવાનો પ્રયત્ન વખાણવા લાયક છે. જોડકણાંની ભાષા કાવ્યમય છે; બીજા પ્રત્યે ને પોતા પ્રત્યે સભ્યતા ને માનભરી રીતે બોલવાની કાગડાની રીત છે.

કૂવા કૂવા કૂવા દેવા,
આંગણ આવ્યા કાગ દેવા,
આલો પાણીડાં
ધોઉં ચાંચુડી
ખાઉં કોઠીંબું
બહુક બહુક વાગે.

સામેથી દરેક જણનું પોતાની પાસેની વસ્તુ ખુશીથી આપી દેવાનું ઔદાર્ય પણ સંસ્કારિતા-ભર્યું છે. વાર્તા કહેતી વખતે આ બધી વાતો બરાબર બહાર ઉડી આવે એવી રીતે યોગ્ય અભિનય અને અવાજમાં કહેતી જોઇએ. મૂળ વાર્તામાં આનો અંત કારણ વગર દુઃખ પર્યવસાયી છે, તે આટલી સુંદર રીતે મંડાએલી વાર્તાને શોભે તેવો નથી ને જે ઉંમરનાં બાળકો માટે એ વાર્તા છે તેમની કુમળી લાગણીને અસહ્ય છે. માટે આ સંગ્રહની બીજી આવૃત્તિમાં તેમાં થોડો ફેરફાર કરેલો દેખાય છે. પણ ફેરફારવાળું વાક્ય ઉતાવળમાં બરાબર મૂકાએલું લાગતું નથી.

"કાગડો દાતરડું લઇને વાડે ગયો ને કોઠીબું કાપીને ખાધું." ને બદલે વાર્તા ટૂંકાવવી હોય તો એમ કહેવું: "કાગડો દાતરડું લઇને ગયો ને આખરે ચાંચ ધોઇ ને બહુક બહુક કરતાં કોઠીબું ખાધું." ચાંચ ધોવાની અગત્યની વાત રહી જાય

તો વાર્તાનો મુખ્ય મુદ્દો જ રહી જાય. કહેતી વખતે વાર્તા લંબાવી શકાય એમ હોય તો દરેક ક્રિયામાથી કાગડાને પસાર કરી શકાય. બાળકોનો રસ કેટલો ટકે છે તે ઉપર આનો આધાર રાખવો.

આ શ્રેણીમાં બીજી વાર્તાઓનાં જોડકણાંનો પણ આપણે સમાવેશ કરી શકીએ. એટલે કે કોઇ વ.ર બીજી વાર્તાઓનાં માત્ર જોડકણાં વાંચી બતાવીએ કે બોલી બતાવીએ તો બાળકોને તેમાં રસ પડે છે. ઘણી વાર જોડકણાં ખાતર બાળકો આગળની શ્રેણીની વાર્તાઓ પણ સાંભળે છે. તપાસીને જોઇએ તો દેખાય છે કે બાળક વાર્તાનો બનાવ કે મુદ્દો સમજ્યું નથી પણ તેનું જોડકણું બોલે છે. બાળક સ્વખુશીથી સાંભળે તો ઉપલી વાર્તા ભલે સાંભળે. પણ તે માત્ર જોડકણા પૂરતું જ સાંભળે છે એ વાત ભૂલવી નહિ.

તા.

ગામડાની શાળામાં

ગામડાની શાળાઓમાં ઘણી વાર એક જ શિક્ષક હોય છે. વખતે આસિસ્ટન્ટ હોય છે ને વખતે નથી હોતો.

શિક્ષક એક હોય છે પણ વર્ગ એક નથી હોતો. એક શિક્ષકને આખી શાળા ભણાવવાની હોય છે. અને આખી શાળા એટલે એકડીઆથી તે સાત અગર પાંચ ધોરણો સુધીનું ભણતર.

આવી સ્થિતિ હોવાથી ગામડામાં જઇને શિક્ષક થવું બહુ આકરૂં છે. જે શિક્ષકને દમ મારીને કે વખતે ઠોંઠ ટાપલી કરીને વ્યવસ્થા રાખવાનો અધિકાર ન હોત, જે ગામના માણસોને ભણાવવામાં બીલકુલ શ્રદ્ધા ન હોત, જે ઉલટાં માબાપો કહી જતાં ન હોત કે માસ્તર સાહેબ આને જરા પુષ્પાંજલિ કરજો પણ ભણાવજો, તેમજ જે શિક્ષક પાસે ગોખાવીને ભણાવવાની પરંપરાની રીત ન હોત ને એ રીતે ભણાવ્યા પ્રમાણે પરીક્ષા ન થતી હોત તો શિક્ષકને ગામડાની શાળામાંથી જીવ લઇને નાસવું પડત.

પણ આ રીતે ચલાવવી પડતી શાળા અને તેમાં થતું શિક્ષણ એને આપણે શિક્ષણ ન કહીએ. ત્યાં વિદ્યાર્થીઓ લખતાં વાંચતાં શીખે, દાખલા શીખે, ઇતિહાસની સાલવારી મોઢે જાણે ને બહુ તો નકશામાં નદીઓના લીંટા અને પર્વતોનાં ચિત્રો બતાવે. દેશની મોટી વસ્તી ગામડામાં રહે અને ગામડાનું શિક્ષણ એટલે આવું એનો અર્થ શિક્ષણનું મૃત્યુ–જીવનનું મૃત્યુ–દેશનું મૃત્યુ.

આ બધા મૃત્યુમાં એક રીતે જોઇએ તો શિક્ષકનું મૃત્યુ અને બીજી રીતે જોઇએ તો શિક્ષકને મજા. જૂની ઘરેડ પ્રમાણે છોકરાઓને મારી કુટીને તૈયાર કરવા ને પરીક્ષાના ધોરણે સફળ નીવડ્યા એટલે જીત્યા એ વાત વિચારી શિક્ષકને તો મર્મના ઘા જેવી લાગે. જે શિક્ષક શિક્ષણમાં, જીવનમાં, વિકાસમાં, દેશમાં સમજતો હોય તેને તો થાય કે આજની સ્થિતિ કરતાં બીજી કોઇ સ્થિતિ છે ખરી કે જે આપણે અખત્યાર કરીએ ?

શિક્ષક પોતાની મેળે પગાર વધારી શકતો નથી. તેજસ્વી શિક્ષકને હવે તો આડકતરી રીતે છાણાં, દૂધ, શાક, વગેરેની કમાણી કરવી ગમતી નથી; આદર્શવાળા શિક્ષકને શિક્ષણપદ્ધતિ સુધારવી ગમે છે; પ્રાણવાન્ શિક્ષકને થાય છે

કે આ ધંધો છોડી દઇને કંઇ બીજું લઇએ તો ઠીક.

સારો શિક્ષક જીવવાને માટે શરૂઆતમાં ઉધામા કરે છે. ધીરે ધીરે તે જીવન ગુમાવતો જાય છે. આખરે તે પણ જૂની કુંપરોનો રહેવાસી થાય છે.

ત્યારે હવે શું કરવું? મુશ્કેલીઓ ઘણી અને ઉપાય એકેય નહિ. છતાં શિક્ષક—સારો શિક્ષક પોતાને માટે અને વિદ્યાર્થીઓને માટે કંઇક કરી શકે.

પ્રાણપોષણ માટે પ્રાણભર્યું વાતાવરણ જોઇએ. ગામડામાં શિક્ષક હીજરાય છે. સ્થિતિ વધારે તપાસે તો ગુંગળાય છે. પણ તેણે જાણવું જોઇએ કે જીવન એ પોતાનો પ્રશ્ન છે. જીવનનો ૯૯ ટકા ભાગ આપણો પોતાનો છે. ૧ ટકો બહારના જગતના હાથમાં છે. આપણે જ્યારે બહિર્જીવી થઇએ છીએ ત્યારે આપણને આ ૧ ટકો ૧૦૧ ટકા જેટલો લાગે છે. આપણે આપણા ૯૯ ટકાને સંભાળીએ.

ગામડાનો શિક્ષક પોતાની આસપાસના કુદરતી બળોનો લાભ લે. તે પોતાના શરીરને સુંદર અને જાતને દીર્ઘાયુ કરવા માટે ગામડાની આબોહવાને સદા ધ્યાનમાં રાખે. આસપાસ પડેલ વિના મુલ્યના પદાર્થો—હવા, પ્રકાશ, જંગલની છૂટ, નિસર્ગ વગેરેને પોતાના મિત્રો-જીવનદાતા કરી મૂકે.

પૈસા તો તેની પાસે થોડા છે; તેની ગરીબી સખ્ત છે. આ સ્થિતિ લાંબો વખત ચાલી નહિ શકે અથવા શિક્ષણનું કાર્ય જતે દહાડે ઉથલી પડશે. પણ શિક્ષક શહેરી જીવનની પોકળ સમૃદ્ધિનો મોહ ન કરે. જીવવું જોઇએ, તંદુરસ્ત જીવવું જોઇએ, વિકાસ કરતાં કરતાં જીવવું જોઇએ: અને તેની સાચી શરત તો સાદાઇ છે. સાદાઇ એટલે બોજારૂપ, ક્ષણિક, દેખાદેખીનાં, માત્ર ઉત્તેજનારૂપ એવાં સુખોનો ત્યાગ, અને મન અને શરીરને સ્વસ્થ અને શાંત રાખે તેનો સ્વીકાર.

શિક્ષક માટે બીજી વાત પોતાની શાળાને બને તેટલી સુંદર કરવી. દેહ આપણો પોતાનો છે; તેની અવગણના નથી કરાતી. શાળા આપણા માનસિક જીવનનો દેહ છે. શાળા ગરીબ હોય કે પૈસાદાર, નાની હોય કે મોટી, પણ તે આપણી છે. આ મમતા આપણામાં જોશે જ. અને એને લીધે આપણે શાળામાં રચ્યાપચ્યા રહેતાં શીખીશું. કોઇ વસ્તુમાં મન લાગશે એટલે તે પત્થર મટી પ્રભુ થશે જ થશે. તે શાળા શ્રમસ્થાન મટી તપોભુવન થશે; તે શાળા નિશાળ મટી શિક્ષણ પ્રયોગભૂમિ થશે. ત્યાં શિક્ષણનાં સાહિત્યો માટે સચિંત બેસવું નહિ પડે પણ ત્યાંથી જ શિક્ષણસાહિત્ય ઉભાં થશે.

શિક્ષકે આટલા બધા છોકરાને ચાર પાંચ વર્ગમાં કેમ ભણાવવા એની બોજ કરવી પડશે. હવે તે જૂની રીતને છોડી દે તો જ તેનો અસંતોષ ટળશે. શિક્ષક પોતાને જૂનો પંતુજી ન ઇચ્છે. નવી શિક્ષણપદ્ધતિને હાથ કરવા માંડે. નવું જ્ઞાન મેળવવું અને તેનો ઉપયોગ કરવો એ એક કમાણી છે. એ કમાણીથી બીજી કમાણી થઇ રહે છે; ને કદાચ નથી થતી તો માણસને મનમાં દુઃખ નથી થવાનું. તેનું સુખ જ્ઞાનધનમાં છે, જ્ઞાનદાનમાં છે.

શિક્ષક સારી શિક્ષણપદ્ધતિઓ કેળવી શિક્ષણપદ્ધતિમાં સુધારા વધારા બતાવે; તેની શોધોને

લીધે શિક્ષણખાતાના અર્થવિભાગને લાભ થઇ શકે. પણ સારા સુધારા કરનારને ભૂખે તરસે મરવું પડે એમ બનવા લાગે ત્યારે સુધારા કરવાનું બધ કરવાને બદલે શાળાઓ કેમ બધ પડે તેની શોધ કરવી.

શાળાઓ ચલવવી અને બધ કરવી બન્ને શિક્ષકના હાથમાં છે. ગામડાને સાક્ષર કરવુ કે નિરક્ષર તે તેના હાથમાં છે. બરાબ શાળાના ચાલક રહી સૌનુ તે બગાડી શકે છે ને તેવી શાળાનો લાગ કરી શાળાની સ્થિતિની ફેરબદલી પણ કરી શકે છે.

આજે તો ગામડાના શિક્ષકની અનેક મુશ્કેલીઓ છે, પણ જેણે પોતે પોતાનો વિચાર નથી કર્યો, જેણે પોતાને કેળવ્યો નથી, જેણે પોતાની શક્તિનો પ્રકાશ ચોમેર ફેલાવ્યો નથી, તેનો ભાવ કોઇ પૂછવાનું નથી. ગામડાના શિક્ષકો ધારે તો ઘણું કરી શકે. એ કેમ કરી શકે તે વિષે વધારે વિગતથી વળી કોઈ વાર. ગિ.

'ના' કેમ પાડી ?

વિદ્યાર્થી કહેઃ "સાહેબ, તુલસીદાસ માટીકામ માટે માટી માગવા આવ્યા ત્યારે આપે 'ના' કેમ પાડી ? મોન્ટીસોરી પદ્ધતિમાં તો બાળકને સ્વયંસ્ફુરિત કામ કરવા દેવાનું છે ને ?"

"મેં એને શું કહ્યું તે તમે સાંભળ્યું ?"

"હાજી, સાંભળ્યું. આપે એમ કહ્યું કે માટીનું આજે કાંઇ નહિ; તુળશીદાસ બીજું રમોને. જો આ બુતાનની ફેમો પડી, પણે પેટીઓ પડી છે તેનાથી તમારે રમવું છે ? જુઓને, મજા પડશે."

"ત્યારે મેં એમ શું કામ કહ્યું હશે એમ કાંઇ તમને લાગે છે ?"

"એમ લાગે છે કે તુળશીદાસ બીજાં કામો લે તો ઠીક, એટલા માટે આપે કહ્યું હશે. પણ બાળક જ્યારે હોંશથી એક કામ માગતુ હોય ત્યારે તેની 'ના' પાડીને બીજા કામોની ફરજ પડાય ? અથવા ફરજ નહિ તો બીજાં કામો હ્યો, તેમાં મજા પડશે વગેરે કહી શકાય ?"

"આચાર્ય જે કરે છે તે બરાબર જ છે એમ માનીને અંધ અનુકરણ કરનાર વિદ્યાર્થી તમે નથી એ જોઇને હુ ખુશી થયો છુ. બીજું આવા નાના સંવાદો ને બનાવો તરફ તમારું ધ્યાન ગયું તે માટે પણ તમને ધન્યવાદ આપવા જોઇએ. નહિ તો ઘણા વિદ્યાર્થીઓ ઝીણી દૃષ્ટિ ને ઝીણા કાન ધરાવતા જ નથી. અહી ગાડાં ચાલી જાય તોયે તેમને આજે કાંઈક બન્યું છે એવો ખ્યાલ જ આવતો નથી.

"હ્યો હવે તુલસીદાસની વાત સમજવું.

"તમે રોજ જોતા તો હશો જ કે તુલસીદાસ આ ગયા ૮–૧૦ દિવસ શું કરે છે. આવતાં વેંત ઈટો લઇને બાંધકામ કરે ને પછી માટીકામમાં જાય. હવે મારે તપાસવું હતું કે માટીકામના શોખની ખાતર ભાઇ ત્યાં જાય છે કે બીજું કાંઇ ન સુઝવાથી જાય છે. બાળક માગે છે અથવા કરે છે માટે તે સાચા શોખથી જ કરે છે એમ ન માની શકાય. ઘણી વાર સાચું કામ હાથ ન આવે તો વખત કાઢવા ખાતર બાળક ચાલુ કામમાં જોડાય છે પણ તેમાં કશું વિકાસ સાધતું નથી. આપણે મોટાં પણ આમ કરીએ છીએ. ઘણી વાર વખત જતો નથી

માટે નવલકથા વાંચ. મિત્રને ત્યાં જઈને ગપ્પા માર, ક્લબમાં જઈને રમત રમ એવું કરીએ છીએ. એમાંથી આપણે કશું સાધતા નથી. એ તો ઠીક, હવે તુલસીદાસની વાત.

"મારે જોવું હતું કે ભાઈ માટીકામનો કેટલોક શોખ ધરાવે છે. બબર પડી કે ઈંટોથી બાંધવાનું કામ સાચું કરે છે ને માટીકામ બોદું. કેમકે ગઈ કાલે મેં ઈંટો ગુમ કરી હતી તો ચારેકોર શોધી વળ્યા. ઉભા રહ્યા ને પછી પૂછવા આવ્યા કે ઈંટો કયાં ગઈ. મેં કહ્યું: 'શોધોને; હશે. ને ન મળે તો બીજું રમો.' ત્યારે કહે: 'ના, અહીં નથી, આપો.' 'આપોને આપોને' કરીને મારું મગજ પકવ્યું. પણ આજે માટીને બદલે બીજું કામ બતાવ્યું ત્યારે લીધું. ને અવાજની ડાબલીથી તો બહુ જ રસપૂર્વક રમ્યા. હવે કાલે શું કરે છે તે જોવાનું. ઘણે ભાગે ઈંટો પછી અવાજની ડાબલી લઈને મારી પાસે આવશે. આથી વિરુદ્ધનો દાખલો વાસંતિકાનો છે; જાણો છો ને?"

"ના સાહેબ, તે તરફ મારું ધ્યાન નથી ગયું. એટલે વાસંતિકા રોજ માટીકામ કરે છે એ જાણું છું, પણ તેમાં ખાસ કાંઇ બન્યું હોય અથવા આપે કાંઇ કર્યું હોય તો હું જાણતો નથી."

"વાસંતિકાનું ગઈ કાલે જોવા જેવું હતું. જો કે હું જાણતો જ હતો કે માટીનો એને સાચો શોખ છે, છતાં મને એમ થયું કે જોઈએ. મેં કહ્યું: 'માટી હમણાં નહિ. બે વાગ્યા પછી. ત્યાં સુધી બીજી રમત રમો.' તેણે આમ તેમ જરા આંટા માર્યા ને જઈને બારીમાં બેઠી.

"થોડી વાર બહાર જોયું. છોકરાં રમતાં હતાં તે જોયું ને બહાર ઓશરીમાં ગઈ. જરા લીંટા ઉપર ચાલવા લાગી. ને પછી કયાંક ગૂમ જ થઇ ગઈ. જરા વાર પછી જોયું તો વાસંતિકા બહાર નહિ, અંદર પણ નહિ. એટલે હું નીકળ્યો શોધવા. મને લાગ્યું આગમાં હશે પણ ત્યાંયે નહિ. આગળ ગયો ને જોયું તો સાવ પેલી બાજુની ઓશરીમાં વાસંતિકા એકલી એકલી માટીનાં રમકડાં બનાવતી હતી. મેં પુછ્યું: 'માટી કયાંથી લાંધી?' 'આ ઓરડામાંથી.' પછી મેં તેને આપણા ઓરડામાં માટી આપીને કામે બેસવાનું કીધું. સાર એ કે એને માટીકામ કરવું જ હતું તો બીજા એકે કામમાં તેનું ધ્યાન જતું ન હતું ને ગમે ત્યાંથી માટી શોધી કાઢી ત્યારે જ તેને શાંતિ વળી. તુલસીદાસને તો 'ના' પાડી ત્યાં તો તે અવાજની ડાબલી લઈને રમવા લાગ્યા. સાચું સાધન શોધતાં તેને જરા વાર લાગી. તમે જોતાં હતાં કે પહેલાં મેં કહ્યું માટે તેણે મુતાનની ફ્રેમ લીધી પછી મૂકી દીધી ને આમ તેમ ફર્યો. પછી ડાબલીઓ લાવ્યો ને કેટલીયે વાર તેની રમત ફરી ફરીથી કરી.

"હવે કહો જોઇએ મેં 'ના' પાડી તે મોન્ટીસોરી પદ્ધતિની સ્વયંસ્ફૂર્તિની વિરુદ્ધ થયું કે અનુસરીને થયું?"

"વિરુદ્ધ તો ન થયું; પણ આ પદ્ધતિ સીધી સાદી નથી લાગતી. એમાં અંદર અંદર તો ઘણું ઉંડુ લાગે છે. એ બધાંને ન પણ સૂઝે."

"એ કાંઇ પદ્ધતિને લીધે નહિ. માનવ માનસનું કામ જ એવું છે. ઓરડામાં આંખ કાન બુલ્લા રાખીને બાળકોનું અવલોકન કરતા રહેજો; એની મેળે સુઝવા લાગશે."

ચૂર્ણિપત્ર

એક બેન પોતાના બાળક વિષે નીચેના પ્રશ્નો પૂછે છે:—

"મારા બાળકને મીઠાઇ, પેપરમીંટ વગેરે અતિશય ભાવે છે ને હદપાર ખાય છે.

"બીજું તેનો જમતી વખતે રમતમાં જીવ હોય છે. રમકડાં સાથે રાખીને જ જમવા આવે તો પછી જમવામાં બરાબર ધ્યાન ક્યાંથી હોય? કાં તો ઉપરાઉપરી કોળીયા ભરે, નહિ તો ચારેકોર વેરી નાખે; ચૂંથીને રમત કરે; ભૂકો કરીને ફેંકી દે; ને ગંદવાડ કરી મૂકે. ત્યારે શું આવું બધું કરવા દેવું?"

ઘણાં બાળકોને મીઠાઇ, પેપરમીંટ વગેરે અતિશય ભાવે છે ને જ્યારે ભાવે છે ત્યારે તો તે હદપાર ખાવા તરફ જ ઝાઝે ભાગે બનય છે. દૂધ ભાવતાં બાળકો હદપાર દૂધ નથી પીતાં; પણ ગળપણમાં કોણ જાણે શું રહેલું છે કે તે હદપાર ખાવા તરફ બાંળકો બનય છે.

મારા બાળક વિષે પણ મને કાંઈક એવો જ અનુભવ છે. જો કે મીઠાઈ તેને એટલી નથી ભાવતી પણ પેપરમીંટ ને ચૉકલેટ અતિશય ભાવે છે. મને ઘણી વાર થાય છે કે આ વસ્તુનો એને પરિચય જ ન થવા દીધો હોત તો આ મુશ્કેલીથી હું દૂર રહી શકત, કેમકે બાળકોને જરૂર જેટલી સાકર તો ફળો, મુરબ્બાઓ, ચોકખાં ગોળ, ખાંડ ને ભાત બટેટાં વગેરે દ્વારા આપી શકાય તેમ છે, ને આ તો નકામી ઉપાધિ આવી પડી છે. પણ મારા અનુભવ ઉપરથી હું તમારી મુશ્કેલી પણ કહી શકું છું. અંગ્રેજોનું અનુકરણ કરતાં ને ભણેલાંગણેલાં ગણાતાં કુટુંબોને આ વસ્તુથી બાળકને સાવ અપરિચિત રાખવું સહેલું નથી. છતાં તે બાબતમાં એટલું કરી શકીએ. બનતાં સુધી ઘરમાં તેવી વસ્તુઓ આણવી જ નહિ; મિત્ર સગાંસંબંધીઓ વગેરેને પણ કહી રાખવું કે મહેરબાની કરી અમારે ત્યાં આ વસ્તુઓ લાવશો નહિ. તેને બદલે બાળકને જમતી વખતે ખાવામાં મુરબ્બાઓ, જાતજાતની ખીર (પૉરિજેસ્) વગેરેમાં બાળકને જે ભાવતું હોય તેવું કરીને તે તેને તૃપ્તિ થાય ત્યાં સુધી ખાવા દેવું ને બીજે વખતે કાંઇક ચવેણા તરીકે તાજાં ફળો ને સૂકાં ફળો રાખવાં. તે પણ દિવસમાં ગમે તે વખતે ખાધા જ કરે એમ નહિ પણ ખાવાના નિયમિત વખતે જ ખાય. મારા બાળક પરત્વે તો આ રીતે હું કરી શકી છું. ખાવાને વખતે કેટલું ખાવું એના ઉપર હું બંધન મોટે ભાગે રાખતી નથી; પણ ખાવાના વખત સિવાય ન ખવાય એ ઉપર વિશેષ ભાર મૂકું છું. જો કે પ્રથમ ખાવાને વખતે પણ તે હદપાર ખાવા જતી ત્યારે મારું મન ગભરાતું. પણ થાય તે ખરું કરીને ખાવા દેતી. આરતે આસ્તે તેની અતિશયતા પ્રમાણમાં આવી છે. મીઠાઇ વગેરે પણ ઘરમાં બનેલી જ વસ્તુ આપવાનો આગ્રહ રાખું છું. મીઠાઇ વગેરેમાં અતિશયતા કરતી નથી. છતાં હજી પણ કેળાં, કેરી, જમરૂખ બોર વગેરે ફળો નવાં આવે ત્યારે હદ બહાર ખાવા પ્રેરાય છે ખરી. નાની હતી ને પેપરમીંટ ચૉકલેટમાંથી બચાવતી હતી ત્યારે તો હું તેને 'ના' પાડતી ન હતી. ઘરમાં વસ્તુ જ થોડી મંગાવું. જેમકે ડઝનેક કેળાં આવે તો તે બધાં ખાઇ જવાનું તેને મન થતું. ત્યારે હમેશાં માત્ર બે કે ત્રણ જ મગાવતી પણ તેને જોઇએ તેટલા દિવસ રોજ મંગાવતી. આ ઉપાય મને તો ઠીક લાગ્યો છે. સંત્રાં, દ્રાક્ષ કે કેરીની બાબતમાં થોડાં વધારે ખાવામાં વાંધો આવતો નથી એમ જણાય છે; ને બાળક ઉપર આપણે છોડીએ. છીએ ત્યારે તે એક વસ્તુ વધારે ખાય તો બીજી ઓછી ખાઇને ભરપાઇ કરી લે છે એમ લાગે છે. મુરબ્બા વગે-

બાળવાર્તાઓનો વિનોદ લખનાર તારાબેન મોડક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
પોસ્ટેજ સાથે બે આના

રેમાં પણ કાઢતી વખતે પ્રમાણસર જ કાઢીએ તો પીરસવાના વાસણમાં છે તેટલું બધું ખાઇ જવાથી તેમને તૃપ્તિ થાય છે.

બીજી રીતે બાળકમાં હઠ કે આપણી સામે જ થઇ જવાપણું ન હોય તો આ રીતે બાળક ખાવાની અતિશયતામાંથી બચે છે. આપણે હા ના પાડયા કરીએ તેમાં ખાવામાંથી અટકે છે પણ બાળકમાં અતૃપ્તિ રહ્યા કરે છે ને ઘણી વાર માણસો ઘરડાં થાય તો પણ તે ખાવાની વૃત્તિમાંથી ખસી શકતાં નથી એમ બને છે. માટે આગળ ઉપર ખાવા તરફ તેમનો અનહદ પક્ષપાત ન બંધાય માટે આ વખતે સાચવવાનું છે.

પ્રયોગ કરતાં હો એવી સાવચેતીથી આ દિશામાં કરી જુઓ.

બીજો પ્રશ્ન આ પહેલા કરતાં સહેલો છે.

બાળક જમતી વખતે જે રમત કરે છે તે માટે દઢ અને ચોક્કસ નિયમો રાખીને બાળકને જમવાની સારી રીત શીખવી શકાય છે. બાળક ખાવાની અણઆવડતને લીધે જે ગંદવાડ કરે છે તે સંબંધે બાળકને વઢવું નહિ કે વખોડવું નહિ કે શરમાવવું નહિ. પણ જમતા પહેલાં કોળીયો કેમ લેવો, કેમ મોઢામાં મૂકવો, વગેરે ક્રિયા ધીમે ધીમે કરીને બતાવવી અને તે ક્રિયા હસ્તગત કરવા બાળકને પ્રયત્ન કરવા દેવું. પ્રયત્ન કરતાં કરતાં દિવસો જતાં તે તેને આવડી જશે; તે બાબતમાં જરાયે ઉતાવળાં ન થઇએ. તેમજ કપડાં કે અંગ ન બગડે માટે આપણે કોળીયા ભરાવીને જમાડવાની પ્રથા ન રાખીએ. જમ્યા પછી પોતાની થાળીની આસપાસ પડેલું ઉપાડી લઇ થાળી વગેરે પણ બાળમાં મૂકી દેવાનું બાળકને બતાવીએ તો ગંદવાડ તરફ તેનું સહેજે ધ્યાન જાય છે ને નીચે ઓછું ઢોળાય તે સંબંધી તે કાળજી રાખે છે.

આવડત હોવા છતાં, અથવા આસ હઠથી બાળક બેદરકારી રાખતું હોય તો વધારે બોલવા કરતાં તેને ઉપાડી બહાર મૂકી દેવું, ને જમવાના ઓરડાના નિયમોનું તેને ચોક્કસ ભાન કરાવવું. રમકડાંને લીધે આમ બનતું લાગતું હોય તો રમવાની જગ્યાએ રમકડાં રાખીને જ આવવાનો નિયમ દાખલ કરી શકાય ને દાખલ કર્યા પછી તો દઢતાથી પળાવે જ છૂટકો. ભલે એકાદ વખત ન જમે. ક્ષુધા વસ્તુ એવી છે કે ભલભલાને હેરાવી દે છે. પણ આમાંની એકે ક્રિયામાં બાળકને એવો ભાસ તો ન જ થવો જોઇએ કે આ મને શિક્ષા થાય છે. અથવા 'તું આમ કરે છે માટે હું આમ કરું છું' એવી વેરની જરાયે વાસ ન આવવી જોઇએ. તેમજ આ ખીજાઓલી છે માટે આમ કરે છે એમ પણ ભાસ ન હોય. નિયમો દઢતાથી પળાવવામાં આપણે રેલ્વેટ્રેન જેવી હુશિયારી, શાંતિ ને દૃઢતા રાખવી કે જેથી ટ્રેન ચૂકી જઇએ છીએ ત્યારે ટ્રેન પ્રત્યે જરાયે ઓછું લાવ્યા વગર આપણે આપણી જ મોડાં જવાની ભૂલ સ્વીકારીને બીજે વખતે તે સુધારી લઇએ છીએ. તેમ બાળક નિયમ જાણી લે, ને પોતાની ટેવો આપણા તરફ જરા પણ અણગમો ધર્યા વિના સુધારી લે. તા.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૧ મો
માર્ગશીર્ષ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

ગમે તેટલું લાંબું જીવન પણ આખરે અન્તવાળું છે ને તેથી ટૂંકું છે. અને માટે જ તે મહામુલ્ય છે અને માટે જ તેનો પૂરેપૂરો અને ખરો ઉપયોગ કરવો જોઇએ.

આપણે નાનું કામ કરીએ છીએ કે મોટું કામ એ પ્રશ્ન મહત્ત્વનો નથી આપણે જીવન અર્થે કામ કરીએ છીએ કે નહિ એ જોવાનું છે. નાનું કામ પણ જે જીવનની સાધના માટે કર્યું છે તો તેના જેવું બીજું એક પણ કામ મહત્ત્વનું નથી.

આપણે ઘણું કામ કરીએ છીએ કે થોડું એ પણ મોટો પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે આપણે આપણી ગતિએ સતત કામ કર્યે જઇએ છીએ કે નહિ. આપણે આપણા કર્તવ્યને ધપાવ્યે જ ન જઇએ તો બસ છે.

આપણે ઉચ્ચી જાતનું કામ કરીએ છીએ કે મધ્યમ જાતનું કે સાધારણ જાતનું તે પણ પ્રશ્ન નથી. પ્રશ્ન તો એ છે કે આપણી શક્તિ અને આવડત પ્રમાણે આપણે આપણું કામ ઉપાડ્યે જઇએ છીએ કે કેમ.

આ ઉપરના હિસાબે જેઓ જીવનકાર્ય કર્યા કરે છે તેઓ જીવનને લાંબું કરે છે. તેઓ ગમે ત્યારે મરે તો પણ ચિરંજીવ છે આપણે સૌ આપણા કામથી ચિરંજીવ થઇ જ શકીએ.

રેંકડી

નિશાળોમાં જ્યારે બપોરની છૂટીનો વખત થાય છે ત્યારે લાલાજીની રેંકડી ફરતા સંખ્યાબંધ છોકરાઓ એકઠા થાય છે. લાલાનો વેપાર ઝપાટાબંધ ચાલે છે. લાલાએ પાઇનાં, પૈસાનાં ને એ પૈસાનાં ચેવડાનાં પડીકાં તૈયાર જ રાખેલાં હોય છે. પાઇ પૈસો પેટીમાં મૂકતો જાય છે ને એક એક પડીકું આપતો જાય છે. લાલો ઘણાં કામમાં હોય છે. ભેગા મળીને આવનારા એ પાંચ વિદ્યાર્થીઓને માટે તે શેવ મમરા, અગર દાંડમ ચેવડો, અગર રેવડી કાજુ, અગર પેંડા બરફી તોળતો હોય છે. શાળાવાળી શેરી છોકરાઓની નાની મેદનીથી ઉભરાઇ રહે છે. લાલાજીની રેંકડી મોટી દુકાન થઇ પડે છે. જ્યાં લાલાજીની રેંકડી નથી ત્યાં આજુબાજુમાં એકાદ મિઠાઈ કે શેવ મમરાની દુકાન હોય છે ને રજાના વખતમાં ત્યાં ગિરદી જામે છે.

રોજ રોજ એક એક વિદ્યાર્થી એક એક પાઇ પૈસો ખર્ચે તો પણ લાલજી સાંજ પડે એ ત્રણ રૂપીઆ ચોકખા કમાય છે દરેક વિદ્યાર્થીને બપોરે કંઇક ખાવાનું મળે છે ને પાણીઆધાર થાય છે. તુરત જ પાછું ભણવાનું હોય છે એટલે દૂર કે નજીકના એ વિદ્યાર્થીઓ જઇને આઇ આવે તેટલો સમય હોતો નથી.

ભણતાં ભણતાં વચ્ચે છૂટી મળે, પાઈ પૈસાનું આવાનું બવાય ને પાછું ભણતર શરૂ થાય ને વેપારીને પણ કમાવાનું મળે એ બધું ઠીક છે; સારૂં દેખાય છે; સંતોષકારક છે. પણ લાલાજીની રેંકડી કે લાલાજીની દુકાન તરફ નજર કરીએ.

લાલાજી શાક માર્કેટથી હલકામાં હલકાં અને વાશી ફળો લાવેલો છે. ડબલામાં મૂકેલા પેંડા અને રેવડી ઉપર માખીઓ બણબણે છે. આ માખીઓ શેરીમાંની ગંદકી ઉપરથી મિઠાઇ પર આવે છે ને ત્યાંથી પાછી ગંદકી પર જાય છે. ચેવડો લાલો તાજો બનાવે છે પણ વાશી ચેવડો પહેલો વેચે છે. ચેવડામાં મશાલાનો ઠાઠ છે પણ એનું તેલ સસ્તું અને હલકી જાતનું છે. રેંકડી અને તેનાં ડબલાં અને તાજવાં તો મેલથી કાળાં કાળાં છે. એમાં લાલજીની મૂર્તિ જુઓ તો તેવી જ ગંદી. તેના હાથ મશાલાથી ભરેલા છે. નખ વધેલા છે અને તેમાં મંશાલો અને મેલ બન્ને ભરેલા છે. લાલાજીનાં કપડાં અને આખો વેશ પણ ગંદકીભર્યો છે.

આવી રેંકડીમાંથી—આને ટક્કરે મારે તેવી દુકાનોમાંથી આપણાં બાળકો બાવું બાય છે. આ યોગ્ય લાગે છે ?

અયોગ્ય લાગતું હોય તો શું કરવું ?

બાળકને કંઇક બાવાનું તો મળવું જ જોઇએ. શાળામાં જ બધાં બાળકોને છૂટીના વખતમાં નાસ્તો મળે તે તો સૌથી સુંદર. એમ થાય તો તો શાળામાં સામાજીક જીવનની ને સારા ભોજન (નાસ્તા) ની વ્યવસ્થાની સુંદર તાલીમ બાળકોને મળે. ત્યારે તો નાસ્તો બવરાવવો એ એક દાક્તરી તેમજ કેળવણીનો વિષય થશે અને ત્યારે નાસ્તો શરીર અને મન બન્નેને ઉપકારક થશે.

પણ ત્યાં સુધી રેંકડી નભવી ન જોઇએ—ન નભાવી શકાય. રેંકડીમાંથી પાંચ પૈસો આપી

ગંદકી અને ચેપી રોગ ખરીદી ન રાકાય. લાલાજીનો અપ્રામાણિક અને ઘાતક વેપાર સહી લઇ ન શકાય.

ત્યારે ? ત્યારે દરેક બાળકને ઘેરથી ઘરમાં જ બનાવેલું, ઘરને શીજે તેવું ખાવું મળવુ જોઇએ. બદામની પૂરી મળતી હોય ને તે લાવે ને તળેલા મમરા લાવવા હોય તે તે લાવે. ચાલે તેઓ રોટલાનું બટકું પણ લાવે. કંઇક ઘરનું ખાવાનું પડીકામાં બાંધી લાવે અને છૂટીના વખતમાં ખાય. સૌ પોતપોતાનું ખાય અથવા બે પાંચ જણા ભાતું ભેળું કરી ભેળા ખાવાનો આનંદ લેતા લેતા બાય.

ગરીબમાં ગરીબ માબાપ કંઇક તો આપી શકશે જ. અને તેમણે આપવું જોઇએ. ગરીબને તો ઉલટું ભાતું આપવુ સહેલું છે. કટકા રોટલો ને ચુંગણીનો ગાંઠીયો ઉત્તમ ભાતું થઇ શકે.

પણ આ કયારે બને ? માબાપ જરા ધ્યાન પર લે તો. એમાં અર્થ નથી. જરાક હોંશીલી મા માટે વધારેનો બોજો નથી. જરા સમજુ મા માટે એ મીઠુ કામ છે.

સ્વચ્છ ધોળા કપડામાં ખાવાનું બાંધી આપવાનો અને હસીને બાળકને શાળાએ મોકલવાનો લહાવો માતાઓ લઇને બરેબર માતા થવાનો આનંદ હાંસલ કરશે. ગિ.

બાને નવરાશ છે

"બા, આવીશ ને ? અમે કુવા કર્યા છે તે જોવા."

"હા. પણ જરા આ ઉટકેલ કળશા અભરાઇએ મૂકી દે એટલે ઝટ અવાય."

"બા, ચાલ ચાલ; તને રતુની ગમ્મત બતાવું. એ પણે જાણીએ લટકીને હસે છે."

"ચાલ ત્યારે. સંજવારી આવીને કાઢીશ."

"બા, આજે સાંજે અમારી સાથે ફરવા આવીશ ?"

"હા, પણ તમે જરા સભુંનમું કરી નાખો ને ! એટલે હું ઝટ વાળી લઇને નવરી થાઉ."

"બા, આજે અમે રાસડા લેવાનાં છીએ. તું આવજે હોં."

"પણ એ હવાડ કઢાવવા બેસી જને એટલે વહેલું પતશે. એટલે આવીશ." ગિ.

બાપુને નવરાશ છે

"બાપુ ચાલો તો, તમને અમે ગાળેલો બાડો બતાવું."

"હું તમે ચાલતા થાઓ. આ ચોપડીમાંથી આટલું વાંચીને આવું છું."

બાપુ વાંચીને જોવા ગયા.

"બાપુજી, અમે-આજે નવી રાંગોળી પૂરી છે, ચાલો જોવા."

"થોડી વાર બેસો. આ બે પત્રો બાકી છે તે લખીને આ આવ્યો."

બાપુ પત્રો લખી રાંગોળી જોઇ આવ્યા.

"બાપુ, ચાલો ચાલો, આજે મોટીબેને કંઇક જોવા જેવું આપ્યું છે; કંઇક છે."

"આ આવ્યો. આ જરા હિસાબ ટપકારી લઉ કે આવ્યો. જરાક વાર છે."

બાપુએ હિસાબ ટપકાવી લીધો ને જોવા ગયા. બેને નાનો એવો શેળો આણ્યો હતો.

"બાપુ આવશો કે? મોટાભાઈએ આજે અમારાં ભાષણો ગોઠવ્યાં છે. તમારે પ્રમુખ થવાનું છે."

"એમ? ત્યારે આ આવ્યો. બે મિનિટની વાર છે. પ્રમુખ બે મિનિટ મોડો થઈ શકે, નહિ વાર? આ એક તાર લખી આ આવ્યો." ગિ.

બાને નવરાશ નથી

"બા, બા, આ જો તો, મેં મોતીની માળા કેવી સરસ કરી છે!"

"બાપુ મને નવરાશ નથી. આઘી બસને. મારે હાથ ઉટકવાં છે."

"બા બા, આમ તો આવ. આ પોપૈયા પર કેટલા બધા પોપૈયા બેઠા છે! જો તો, એક તો મોટું બધું છે."

"બાપુ મને નવરાશ નથી. તું તારે જોને. મારે અબોટ કરવો છે."

"બા, તું આવીશ અમારી રમત જોવા? અમે આજે નવી રમત રમીએ છીએ."

"બાપુ મને નવરાશ નથી. મારે કપડાં ધોવાં છે."

"બા, એ બા, ચાલ તો પણે ભાઈએ સુંદર બંગલો બનાવ્યો છે. જોવા જેવો છે."

"બાપુ મને નવરાશ નથી. મારે હજી કપડાં સૂકવવાં છે."

"એ બા બા, ચાલ તને કીકી હસે છે તે બતાવું. એવી બડબડ હસે છે!"

"બાપુ મને નવરાશ નથી. મારે હજી સંજવારી કાઢવી છે." ગિ.

બાપુને નવરાશ નથી

"બાપુ જુઓ તો આ ચોપડીનું પૂંઠું કેવું સુંદર છે?"

"હમણાં જા; મને ફુરસદ નથી." બાપુ પક્યા પક્યા ચોપડી વાંચે છે.

"બાપુ, જુઓ તો આ સિક્કાને મેં રાખથી ઘસીને કેવો સરસ ઉજાળ્યો છે?"

"હમણાં જા; હું કામમાં છું." બાપુ પત્રો લખતા હતા.

"બાપુ, જુઓ તો અમારા ગલગોટાને આજે પહેલવહેલું ફૂલ બેઠું."

"હમણાં નહિ; મારે કામ છે." બાપુ કાયદાની ચોપડીમાંથી ટાંચણ કરતા હતા.

"બાપુ, આવો તો તમને બિલાડીને સાંકળે બાંધી છે તે બતાવું."

"જો હમણાં નવરાશ નથી. તું બિલાડી સાથે રમ." બાપુ અસીલો સાથે બેઠા બેઠા વાતો કરતા હતા.

"બાપુ અહીં તો આવો, આજે અમે નવી અભરાઈ પર અમારો સામાન ગોઠવ્યો છે."

"હમણાં નહિ. નિરાંતે જોશું." બાપુ મિત્રો સાથે નિરાંતે ચ્હા પીતા હતા.

"બાપુ ઉભા રહો, હું મારી નવી ચોપડી જોવા લાવું. પૂંઠું લીલું સુંદર છે."

"જો મારે ઝટ જવું છે. હમણાં નવરાશ નથી.' બાપુ પોતાના ભાઈબંધો સાથે લટાકડી લઈ ફરવા જતા હતા. ગિ.

લેસન

ઘરમાં કે બહાર કોઈને ત્યાં જઈને એમું ત્યાં બાળકોને લેસન કરતાં જોઉ છું ત્યારે તો મને ત્રાસ છૂટે છે. કોઈ ઇતિહાસ વાંચતુ હોય છે, કોઈ કવિતા ગોખતું હોય છે તો કોઈ વળી કંઈક ઉતારતું હોય છે.

વખત સુંદર સવારનો હોય છે. મોનેરી તડકો બહાર પડતો હોય છે. બે ઘડી ઠંડી હવામાં ફરવાનું મન થાય એવું હોય છે. પણ છોકરાંને તો તે વખતે લેસન કરવાનું હોય છે.

વખત કાં તો સુઈ જવાનો હોય છે ને આંખે નિંદર ભરાતી હોય છે; કાં તો વાળુ કરીને નવી નવી વાતો કરવાનો હોય છે; કાં તો બા બાપુની મીઠી વાતો સાંભળવાનો હોય છે; કાં તો બહાર ખીલતી ચાંદનીમાં રમવા કૂદવાનો હોય છે. પણ છોકરાંઓને તે વખતે લેસન કરવાનું હોય છે.

આ લેસન એક ત્રાસ છે. કેટલા બધા કલાકો નિશાળમાં ભણવું, ને એ ઉપરાંત ઘેર પાછું તૈયાર થવું.

શિક્ષકોને તો ભણાવવાનો થાક લાગે પણ વિદ્યાર્થીઓને તો ભણવાનો ને પાઠ કરવાનો બેઘનો થાક સહેવો. શિક્ષકો શાળામાંથી છૂટ્યા એટલે જાણે કે પત્યું; પણ છોકરાઓની પાછળ પાછળ તો લેસનનું ભૂત વળગ્યું આવે છે તે તેમને રાતે સુખે સુવા દેતુ નથી ને સવારે સુખે રમવા દેતું નથી.

અને લેસન પૂરું થતું નથી એટલે છોકરા મુંઝાય છે. ઘાંફલાફાંફલા થઈ વધારે ને વધારે વાંચે છે ને વધારે અકળાય છે એમ એમ તો મગજની નબળાઈ વધે છે, ને ભણેલું પણ ભૂલતા જણાય છે. પછી તો વગર સમજણનું ગોખણ પણ ચાલ્યા કરે છે.

લેસન પરૂં થયું નહિ ને જમવાનો વખત થયો. જમ્યા વિના છૂટકો નહિ. શાળાએ ગયા વિના છૂટકો નહિ પણ લેસન ? લેસન પૂરૂં નથી થયું. થોડાક દાખલા રહી ગયા. હજી કવિતા નથી આવડી. માસ્તર વઢશે. નંબર હેઠો જશે.

ખાવું ભાવ્યું નાહ ને નિશાળે ગયા. લેસન તો નથી થયાં ને પાઠ આપવા પડયા. માસ્તર તો વઢવાના જ. પણ બિચારો રખડ્યો નથી, રઝળ્યો નથી, લેસન જ કર્યા કર્યું છે તોયે એને નથી આવડયુ–તો પણ તે પહોંચી શકયો નથી એની માસ્તરને શી ખબર ? અને ખબર હોય તો શી પરવા ? માસ્તરને વઢતાં, કોંઢ ટાપલી કરતાં કે ઇમ્પોઝીશન આપતાં કોણ રોકે ? ને પાઠ તો પાછા આગળ ચાલે. અને બીજે દિવસ બમણુ લેસન, ત્રીજે દિવસ ત્રમણું ને પરીક્ષાને દિવસે તો લેસનનો હુંગરો; ને એની તળે વિદ્યાર્થીને કચરાઈ મરવાનું.

આ લેસનમાંથી બાળકોને નહિ છોડાવીએ ? ઉપાયો તો છે, જો મરજી હોય તો.

પહેલું પગલું એ છે કે ઘેરથી લેસન કરી લાવવાનુ માફ સાફ બંધ જ કરવામાં આવે. નિશાળમાં બાળકને શીખવાનું છે (લખન, વાચન ને ગણિત) તેના કરતાં ઘણું વધારે અને કિમતી તેને બહાર શીખવાનું પડયું છે–અને તે એક પણ પાઠયપુસ્તક વિના, એક પણ લેસન ગોખ્યા વિના. નિશાળમાંથી છૂટી બાળક તે જ ભણતર

ભણે. ઘેર લેસન હોય જ નહિ. આગળ વધીને મૂકીએ તો બાળકો હાથ પગ લઈને શાળાએ જવા-નોકળ્યા હતા તેવા ઘેર આવે. પાઠ્યપુસ્તકો વગેરે શાળામાં જ ૨

બીજું પગલું શાળામાં સારું શીખવાય. લેસન એટલે તૈયાર થવું ને તૈયાર થવું એટલે મોટે ભાગે ગોખવું. સારું ભણતર ન ભણાવાય ત્યાં ગોખીને તૈયાર થવું જ પડે. આ વાત સૌ શિક્ષકો જાણે છે. સમજીને ભણાવ્યું હોય ને સમજીને ભણ્યો હોય તો લેસન કરવાનું નથી રહેતું એ પણ અનુભવની વાત છે. માટે આપણે સારી રીતે શીખવીએ. મનમાં ઠસે તેમ શીખવીએ. દાખલા દૃષ્ટાન્તથી શીખવીએ.

ત્રીજું પગલું મોઢે આવડે તે જ જાણે છે એ વહેમને દૂર કરીએ. લેસનમાં મોઢે કરવાનું બહુ આવે છે ને એ માટે આ ભાગ અરસિક છે; સમજણ જરૂરની છે. પોપટની વાણીપંડિતાઈ નકામી છે. પરીક્ષામાં પણ પરીક્ષકો મોઢેથી બધું માગે તેના કરતાં બુદ્ધિબળથી માગે એ થવું જોઈએ.

ચોથું પગલું શાળામાં જ જે કાંઈ તૈયારી કરાવવી હોય તે કરાવવી. છોકરાઓને શાળાના સમયમાંથી એક સમય—છેલ્લો સમય થએલ પાઠોનું મનન કરવા આપવો. આ સમયમાં વર્ગશિક્ષક તેમની વચ્ચે ફરે અને છોકરાઓ દિવસ આખામાં જે સમજાવવામાં આવ્યું હોય તે તાજું કરી જાય. જ્યાં કોઈ સમજ્યું ન સમજ્યું હોય ત્યાં પૂછી જુએ ને દિવસના પાઠો પાકા કરી લે. આવતી કાલે તો નવું ભણતર શરૂ થવાનું; તેનો વિચાર કાલ ઉપર. સાંજે જે ભણતર થયું તે પાકું કરી જવું—પચાવી જવું એ કાર્ય આજે; અને એ જ આજનું લેસન.

છોકરાઓને આમ લેસન કરાવીએ. આમ થવા માટે અધિકારીઓ વ્યવસ્થા કરે; અને શિક્ષા-ગુરુઓ એ અમલમાં મૂકે તો છોકરાઓનો કેવો હૃદયનો આશીર્વાદ મળે! ગિ.

ઘરમાં મોન્ટીસોરી

મોટા પાયા ઉપર સાફસુફ

આપણે આગળ ઉપર સુપડી સાવરણીની વાત કરી ગયાં છીએ. સાફસુફના કામમાં બાળકો થોડા દિવસ પલોટાયા પછી એમને મોટા પાયા ઉપરની સાફસુફ બતાવી શકાય. ઘરનાં બારીબારણાં, ભીંતો વગેરેની સાફસુફ એની અંદર આવે. ટેબલ ખુરશીઓ વગેરે લાકડાનો સામાન હોય તો તે ભીના લુગડાથી લુછ નાખવો અથવા બહાર ઉપાડી જઈ ધોઇને સાફ કરવો, વગેરે કામો પણ બતાવી શકાય. મોટી સાવરણી લઇ આખો ઓરડો વાળવો, ઓશરી કે આંગણું સાફ કરવું વગેરે પણ થઇ શકે.

એક રીતે સામાન લુવાની સાફસુફ નાના પાયા ઉપર સુપડી સાવરણીની સાથે જ શરૂ થઈ શકે. અઢી ત્રણ વરસના બાળકના હાથમાં એક લુગડાનો કટકો આપી નાની નાની નીચેની વસ્તુઓ લુવાનું બતાવીએ તો બાળક પોતાની શક્તિ પ્રમાણે તે કરે છે; ને બહુ જ નાની ઉંમરે કદાચ તેનાથી બરાબર સાફ ન થાય તો પણ ટેબલ ખુરશી ઉપર કે ટીંગાડેલા ફોટા ઉપર કેટલી ધૂળ બેસે છે, ને બેઠી હોય તો તે સાફ કરવી જોઇએ, એ વાત તો તેના ધ્યાનમાં આવે જ છે. આપણે પાશ્ચાત્યના વાંદરા અનુકરણમાં ઘરમાં આડું અવળું ફર્નિચર ભરી દેવાનું તો શીખ્યાં છીએ પણ તેની સાથે જ તેને

ગોઠવવાની કળા શીખ્યાં નથી, કે તેને સાચવવાની ને સાફ રાખવાની જરૂરીઆત આપણે જોઇ નથી. ટેબલ ખુરશી ઉપર કેટલીયે ધૂળ હોય તો બેસનારનાં કપડાંથી જ તે વળાય એવી આપણી યોજના છે. જૂના જમાના પ્રમાણે બેઠક તો કોઇક જ રાખતું હશે ને રાખતું હોય ત્યાં પણ ધૂળની બાબતમા બેદરકારી તો દેખાશે જ. બાળકનું ધ્યાન આવી બાબત તરફ અત્યારથી જ ખેંચશું ને તે કેમ સાફ થાય તે બતાવશું તો આજે આપણે જે જોતા જ નથી, જોતાં હોઈએ તો શું કરવું તે જાણતાં નથી, ને જાણતાં હોઇએ તો ઉઠીને ઝટ કરી નાખવાની શક્તિ ધરાવતાં નથી,એવી સ્થિતિ આવતી પેઢીની રહેશે નહિ.

મોટા પાયા ઉપરની સાફસુફ આઠ આઠ દિવસે કરવાનો રિવાજ રાખીએ ને તેમાં બાળકાને પૂરતો ભાગ લેવા દઇએ તો તેઓ ઘર સાફ રાખવાનો શોખ કેળવતાં થશે ને પોતાનો શોખ પૂરો પાડવાની આવડતવાળાં પણ થશે આમાં ખૂણા ખાંચરામાંથી બાવાં પાડવાં, બારીબારણાં પાણીથી અથવા તેલ પાણીથી સાફ કરવાં, ફોટાની પાછળની ધૂળ ઝાટકવી તેમજ બધું ફર્નિચર અને જમીનની સાફસુફ બતાવવાની હોય. બતાવવાની ઉત્તમ રીત તે કામ આપણે જાતે ધીમે ધીમે કરી બત વવાની છે. એક સાથે અનેક કામો પહેલેથી જ દાખલ કરવાં નહિ, પણ એક એક નવું વધારતા જવું. જેમકે પહેલે રવિવારે કે બે વાર રાખીએ ત્યારે એકલાં બાવા પાડવાનું કરવું. બીજે અઠવાડિયે બાવાં પાડીને બારીઓની સાફસુફ ઉમેરી શકાય. એમ ધીમે ધીમે અનેક જાતની સાફસુફ બાળકોના ધ્યાન ઉપર મૂકી શકાય

એમાં જોવાની વાત એટલી જ કે તેમની શક્તિ બહાર કે તેમની ધીરજ ખૂટે ને કંટાળો ઉત્પન્ન થાય ત્યાં સુધી કોઇ વાર તાણવું નહિ. સાફસુફનું વાતાવરણ ઉભું કરીને જ આપણે બાળકોને તેમાં શોખથી ભાગ લેતાં કરી શકીશું.

કોઇ પણ સાફસુફ પછી હાથ પગ ધોઇને જાતે સાફ ને વ્યવસ્થિત થઇ જવાનું બતાવવાનું કદિ ભૂલવું ન જ જોઇએ. જાડાં ને ગંદાં કામો કરવા છતાં પોતે તો સ્વચ્છ, સંસ્કારી ને સુઘડ જ રહેવું જોઇએ એ વાત ઉપર આપણે જેટલો ભાર મૂકીશું તેટલો આજે ઓછો જ છે **તા.**

બાળવાર્તાની શ્રેણીઓ*

શ્રેણી બીજી ને ત્રીજી

બાળવાર્તાની બીજી શ્રેણીમાં સહેલા ને સાદા બનાવોવાળી નાની વાર્તાઓ આવે છે. જેમકે પોપટની વાર્તા, આનંદી કાગડો, સાત પૂંછડીયો ઉંદર, ઉંદર ને રાજાની વાર્તા, સસોભાઇ સાંકળીયો, ઘાસકા પૂળા ખા જા, ટશુકભાઇની વાર્તા, ડોશીની વાર્તા વગેરે આ શ્રેણીમાં આવે.

આમાં જે વાર્તાઓ જોડકણાંપ્રધાન છે તે પહેલી લેવાય ને માત્ર બનાવોવાળી અથવા એકાદ જ જોડકણું હોય એવી આગળ ઉપર રાખી શકાય.

દાખલા તરીકે આનંદી કાગડામાં બનાવ તો માત્ર કાગડો પાણી બોટે છે ને રાજા તેને જૂદી જૂદી શિક્ષા કરે છે એટલો જ છે. પછી તો એક જ રીતના એક પછી એક કાગડાના બોલ આવે છે જે બાળકો જોડકણાંની રીતે બોલી શકે છે:

'લપસણું કરતાં શીખીએ છીએ ભાઇ,
લપસણું કરતાં શીખીએ છીએ.'

વગેરે.

સાત પૂંછડીયામાં પણ એ જ જાતનુ પુનરાવર્તન

* શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર તરફથી પ્રગટ થએલ "બાળવાર્તાઓ" ભાગ ૧ થી ૫ ને અનુલક્ષીને.

છે. બનાવ સાદો ને બાળકો સમજી શકે તેવો છે. સાત પૂંછડીયો નિશાળે જાય છે ને નિશાળીઆ તેને બીજવે છે. પેલો ઘેર આવીને એક એક પૂંછડી કાપતો જાય છે. ને દરેક વખતે 'સાત પૂંછડીયો ઉંદર, બાઇ સાત પૂંછડીયો ઉંદર' ને પછી છ ને પાંચ વગેરે બોલવાની બાળકોને ગમ્મત આવે છે. તેમની સમજણશક્તિને વાર્તા સરસ રીતે માફક આવે છે. બધા ભાગોમાંની વાર્તાઓ પણ આ જ ઘોરણે પસંદ કરીને બીજી શ્રેણીનાં બાળકો આગળ મૂકતા જવી.

શ્રેણી નક્કી કરવામાં બનાવોનું સ દાપણું બારીક ધ્યાનમાં રાખવું, તેમજ ઝાઝા બનાવો નહિ પણ એક જ બનાવની વાર્તા પસંદ કરવી. જેમકે ડોશી દીકરીને ઘેર ગઇ ને પાછી આવી તેમાં બનાવ સાદો અને એક જ છે. એ જ શ્રેણીમાં આપણે ભટ્ટડીની વાર્તા મૂકીએ તો ન ચાલે કારણ કે તેમાં બનાવો પુષ્કળ છે: ઘર બાંધવા માટે સામાન એકઠો કરવો, પછી વાંધનું આવવું ને પછી વાંધને મારવું. એ વાર્તા લાંબી છે. તેમજ 'ચકલી લાવી ચોખાનો દાણો' એ વાર્તા પણ પ્રચલિત હોવાથી આ શ્રેણીમાં મૂકવાનું મન થાય તેમ છે, છતાં તે લાંબી છે ને તેમાં બીચડી રંધાય ને ચકલો બાઈ જાય, તે પછી કોણે બાંધી તેનો ન્યાય થાય ને પછી ચકારાણાને કૂવામાંથી કઢાય, એમ ત્રણ કટકા પડે છે. માટે એવી સહેલી છતાં લાંબી, જરા અટપટી વાર્તાઓ ત્રીજી શ્રેણીને માટે રાખવી જોઇએ. જો કે બીજી ને ત્રીજી શ્રેણી વચ્ચેની મર્યાદા બહુ ચોક્કસ આંકી શકાય નહિ; છતાં સામાન્ય ભેદ આપણી આગળ હોઇ શકે છે.

કેટલીએક વાર્તાઓ નાની એટલે ટૂંકી હોય છે ને એક જ બનાવવાળી હોય છે છતાં તે બીજી શ્રેણીમાં આવી શકતી નથી. કારણ કે તેનું વસ્તુ અથવા ભાવ બાળકની સમજણ માટે કાંઇક અઘરાં હોય છે. જેમકે ડોશી ને તેના દીકરા અથવા દેડકી ને કાકીડાની વાર્તા. દેડકીની વાર્તા ટૂંકી છે, જોડકણાંપ્રધાન છે, ગમ્મતભરી છે ને છતાં તે બીજી શ્રેણીમાં ન આવે. તેના વસ્તુને કારણે તેને ચોથી શ્રેણીમાં મૂકવી પડે છે.

સામાન્ય રીતે ચકલા, કાગડા, બિલાડી, કૂતરાં, શિયાળ વગેરે પશુપક્ષીની વાર્તા બીજી ને ત્રીજી શ્રેણી માટે સારી રીતે લાયક ગણાય. બાળકની નજીકની દુનિયામાં ચકલી, કાગડા, મોર, કૂતરાં વગેરે પ્રાણીઓ તેમનું બહુ જ નાનપણથી ધ્યાન ખેંચે છે. બાળકનાં તે છેક બાળપણનાં દોસ્તો હોય છે ને તેમની વાતો કે વાર્તાઓ તેમનામાં તરત રસ ઉત્પન્ન કરી શકે છે.

'એક હતી ચકલી' કે 'એક હતો ઉંદર' એમ કહીએ કે તરત બાળકો કાન દઇને સાંભળવા લાગે છે. તેમને 'એક હતો વાણિયો' એ વાત આ ઉંમરે જીજ્ઞાસાપ્રેરક હોતી નથી. પણ 'એક હતી ચકલી કે ઉંદર' એ તેમના જીવનની એક અનુભવની વાત હોવાથી એ વાક્ય તેમને તરત વાર્તા તરફ અભિમુખ બનાવે છે. રાજાના મહેલમાં બેઠેલી ચકલીનું પછી શું થશે એની તેઓ સહૃદય બની ચિંતા કરી શકે છે, પણ ચોરના હાથમાં સપડાએલા વાણિયાનું શું થશે કે સાસુ વહુના કલેશનું શું થશે એની તેમને મન ચિંતા ઉભી થતી નથી, કારણ કે ચકલી વગેરે તેઓ નજરે નજર રોજ જુએ છે જ્યારે વાણિયો કે સાસુ વહુ તેમની દુનિયાથી જરા આઘાં છે.

પશુપક્ષીના નામે કહેલી વાર્તા બાળકને પ્રિય હોવાનું બીજું પણ એક કારણ છે. આપણને જેમ (romantic) અદ્‌ભુત રમ્ય સાહિત્ય અમુક ઉંમરે બહુ જ આનંદ આપે છે, તેમ આ ન બોલી શકનારાં પ્રાણીઓ ભલે કાલ્પનિક રીતે પણ બોલતાં ચાલતાં ને તેમની જેમ જ સુખદુઃખના ભાવો અનુભવતાં જોવામાં એક પ્રકારનું romance

છે. આ વાતની અદ્‌ભુત રમ્યતા અમુક ઉંમર સુધી જ રહે છે. દશ બાર વરસનાં બાળકો એ જ વાર્તાની બીજી બુઓને લીધે તેની મજા લઈ શકે છે, પણ ત્રણ ચાર વર્ષનું બાળક 'પછી ચકલી બોલી' એમ કહેવામાં કે સાંભળવામાં જે એક પ્રકારનો આનંદ અનુભવે છે તે જૂદો જ છે. ચકલી કાંઇ આપણી જેમ બોલતી નથી એ જાણતા છતાં 'ચકલી બોલી' એમ કહેવામા જ એનુ અદ્‌ભુતપણું છે; તેથી બીજી ને ત્રીજી શ્રેણીમાં મોટે ભાગે પશુ-પક્ષીઓની સાદી અને અધરી વાર્તાઓનો સમાવેશ થાય.

છતાં એ નિયમમાં બેઉ બાજુથી અપવાદ હોઇ શકે છે, ને તે ઉપર કહ્યું તેમા વસ્તુ પરત્વે. પશુપક્ષીની છતાં દેડકીની વાર્તા, અથવા હંસ અને કાગડાની વાર્તા બીજી કે ત્રીજી શ્રેણીમાં ન આવી શકે. તેમ ઉલટ પક્ષે પેમલા પેમલીની વાર્તા તેનું સાદું વસ્તુ અને સીધા ઉઠાવને લીધે બીજી શ્રેણીમાં આવી શકે છે. પેમલો 'પછી પછી' કર્યા કરે ને પેમલી બધું એની પાસે જમા માગે એ વાત એવી સીધી સરલ ચાલી જાય છે કે નાનાં બાળકોને જરા અભિનય સાથે કહી સંભળાવીએ તો જરાયે અધરી પડતી નથી.

'કાને ટોટી માથે ચોટી' વાળી વાર્તા પણ આ જ જાતની છે. મૂળમાં બેઉ સામાજીક વાર્તા છે; બન્નેમાં સામાજીક કટાક્ષ છે. છતાં બનાવ અને ઉઠાવ સાદા છે. એક ડોશી બાળકની જેમ કાનમાં ટોટી પહેરે, માથે ચોટલી રાખે, છોકરાંની સાથે શેરીમાં રમવા જાય ને બોલાવે ત્યારે તેમની સાથે જમવા આવે, એ બધા બનાવો નાનાં બાળકો મજા લઇ શકે તેવા છે. તેથી આવી વાર્તાઓ સામાજીક છતાં બીજી શ્રેણીમાં આવી શકે છે.

બીજી ને ત્રીજી શ્રેણીમાં થોડો જ ફેર છે. બીજી શ્રેણીનાં લક્ષણોવાળી જ લાંબી અને વધારે બનાવવાળી વાર્તાઓ બધી ત્રીજી શ્રેણીમાં આવે. એટલે કે એ જાતની ટુંકી ને સાદી વાર્તાઓમાંથી બાળકો પસાર થઇ ગયા પછી તે જ જાતની લાંબી વાર્તાઓ કહી બાળકોની 'મોટી વાર્તા કહો' ની માગણી પૂરી પાડી શકાય. **તા.**

શાળા! સમય

આપણે ત્યાં ઓફિસોનો સમય સાધારણ રીતે ૧૧ થી ૫ સુધીનો છે. અંગ્રેજી શાળાઓનો અને કોલેજોનો સમય પણ એ જ છે.

શાળાઓનો સમય નક્કી કરવામાં ઓફિસોના સમયનું અનુકરણ કદાચ હોય. મને પોતાને બન્ને સમયનો અનુભવ છે. જમીને તુરત ઓફિસે જવું આકરું પડે છે. જાગને કામ કરતાં આળસ અને ઝોકાં આવે છે. કામ ધીમે અને થોડું થાય છે. એવી જ રીતે જમીને તરત શાળામાં મોડા ન થવાય માટે દોડાદોડ ભાગતા તે અને શિક્ષક ભાષણ આપતા હોય કે ભણાવતા હોય ત્યારે ઝોકાં આળી રાખવાના પ્રયત્નો કરતા, તે હજી પણ ભૂલાયાં નથી. શિક્ષકના વાંકમાં આવી ન જવાય માટે આંખો ચોળીને ઊંઘ ઉડાડવી પડતી: એ ત્રણ સમયો આળસમાં અને વધતા ઓછા બેધ્યાનમાં પસાર થતા. કદાચ સૌને આવા અનુભવો થયા હશે.

અગાઉ પ્રાથમિક શાળામાં અને મિડલ સ્કૂલોમાં સવાર બપોરના સમયો હતા: પણ મિડલ સ્કૂલોએ હાઇસ્કૂલોનું અનુકરણ કર્યું હશે એટલે અત્યારે તો તેનો સમય ૧૧ થી ૫ નો થઇ ગયો છે. હજી મોટે ભાગે પ્રાથ-

મિક શાળાઓમાં બે સમયો ચાલે છે પણ ઘણાઓને થાય છે કે બે સમયોને બદલે એક સમય જોઈએ. બે સમયોમાં સમય અને શક્તિ વધારે ખર્ચાય છે અને બપોરનો વખત છોકરાઓનો નકામો જાય છે એમ દલીલ થાય છે. નારાઓની દૃષ્ટિએ છોકરાઓને સવારે ન્હાવા ધોવાનો પૂરો સમય મળતો નથી અને શાળામાંથી છૂટયા પછી તો ભૂખ લાગેલી હોવાથી ન્હાવું ધોવું પડયું રહે છે અગર એવું સરખું ન્હવાય ધોવાય છે. વળી જે ઘરોમાં પુરુષો ઓફિસમાં જવાવાળા છે તે ઘરમાં પણ થોડીએક અવ્યવસ્થા થાય છે, કેમકે તેઓ દસ વાગે જમી લે છે અને છોકરાઓ તો અગિયાર વાગે શાળામાંથીછૂટીને સાડા અગિયાર બાર વાગે જમવા બેસે એટલે રાંધનારને રોકાઇ રહેવું પડે છે, અને રસોઇ કાં તો ઉની રાખવી પડે છે અગર ઠરી જાય છે. ઘરનાં નાનાં અને મોટાંઓ સૌ એક વખતે જમી લે અને સરખો વખત બહાર જઇ આવે એટલે પાછળ સ્ત્રીઓને નિરાંતે કામ કરવાનું કે આરામ લેવાનું મળે એમ પણ કેટલાએક માનતા હશે. કેટલાએક શિક્ષકોને પણ એક વખતની શાળા ગમે છે. તેમાં તેમને સવારે ટયૂશન આપવાનો, શાક પાંદડું લાવવાનો વખત સારી પેઠે મળે છે. તેમને પણ લાગે છે કે તેમનું કામ ઓફિસ જેવું છે.

ગમે તેટલી દલીલો સામે હોય તો પણ આપણે શાળાનો સમય વિચારતી વખતે ભણનાર અને ભણતર માટે છે માટે તેનો વિચાર અગ્રસ્થાને છે. હવે આપણે જોઇએ કે પ્રાથમિક શાળા એક વખતની કરી નાખીએ તો બાળકોને કેવી હાનિ થાય.

એક તો બાળકોને જમીને તુરત શાળામાં ધકેલાવું પડે. જે વખતે ગરમી વધવા માંડે તે વખતે બાળકોને ભણવા બેસવું પડે. શાળામાં ધોંધાર, પેટમાં ખોરાક, અંદર ઓછી હવા અને બહાર ગરમી: એમાં ગોખવાનું ભણતર. અગિયારથી પાંચ સુધી બાળકોને ખરી રીતે પંચ ધૂણી તાપવાનું રહે. સામાન્યતઃ જે શાળાઓમાં સ્વતંત્ર સમયપત્રક નથી પણ નિશ્ચિત છે, અને સમય પછી સમય ઉંધું ઘાલી ભણ્યા જ કરવું પડે છે, તે શાળામાં બપોરનો સમય તો એક ત્રાસ જ સમજવો. એમાં વળી જ્યારે ઉનાળો હોય અને સવારનો સમય ન થયો હોય ત્યારે માથેથી નળીયાં તપે

આગળ આમ હતું

વર્ગમાં તમાકુ ખાવી.
વર્ગમાં પાન ખાવાં.
વર્ગમાં બેસી ચહા પીવી.
વર્ગમાં બેસી બીડી પીવી.
ટેબલ પર પગ રાખી બેસવું.
વર્ગમાં છીંકણી સુંઘવી.
છોકરાઓને ગાળો દેવી.
પરીક્ષા વખતે કૉપી કરાવવી.
શાન્તિ રખાવવા માટે વારે વારે ટેબલ પર સોટી કે આંકણી પછાડવી.
ભણાવવાને બદલે પત્રકો પૂરવાં.
ભણાવવાનું કામ મોનીટરને સોંપી ઝોકાં ખાવાં.
ભણાવવાને બદલે દાખલા ગણ્યા કરવાનું કહેવું.
ભણાવવાને બદલે નકશો જોવાનું કહેવું.

અને ધામ થાય ત્યારે તો પૂરી હાડમારી.

વળી અગિયારથી પાંચના સમયમાં બાળકોને પાણી પેશાબની અને આરામની રજા પડે તો પણ એકન્દરે તેઓ આરામ નથી લઇ શકતા. તેઓ એટલા વખતમાં ઘેર જઇ ન શકે તેમ શાળાઓ સાથે આરામસ્થળો નથી કે ત્યાં જઇ વિરામ કરે. ઉલટું એ વખતે તો છોકરાઓ દોડધામ કરે, ધીંગામસ્તી કરે અને વધારે થાકે. રજાનો વખત તેમને આરામદાયક નીવડવાને બદલે શ્રમદાયક નીવડે. શરીર અને જ્ઞાનતંતુઓનુ ખેંચાણ બંધ ને તેથી બપોર પછીનું ભણતર કંટાળારૂપ લાગે. બપોર પહેલાંનું ભણતર ભારે હોજરીને લીધે ભારે લાગે, બપોર પછીનું ભણતર ખાલી હોજરીને લીધે ખાલી લાગે. કેમકે બપોરે બધા બાળકો નાસ્તો મેળવી શકે નહિ. જો કે ઘણા છોકરાઓ પૈસા પૈસાનો ચેવડો વગેરે લે છે ને પાણીઆધાર કરી લે છે પણ તેમાં પોષણ નથી. ભૂખ પણ મટતી નથી. તેમાંથી સ્ફુર્તિ પણ આવતી નથી. આવી રીતે અગિયારથી પાંચ સુધી એકધારું ગોંધાઇ રહેવાથી અને ભણવાથી બાળક થાકીને નીકળે છે.

આપણા દેશનાં આબોહવા એવાં છે કે આપણો વ્યવહાર બપોરના બે ચાર ઘડી અટકી પડે છે. વેપાર રોજગાર પણ બપોરના ઠંડા પડે છે. મજુર વગેરેનું ઘોરણ પણ બપોરે બે ત્રણ કલાક છૂટવાનું છે. શાળામાં પણ આપણે બપોરને વખતે છૂટી જ જોઇએ.

આપણે ભણનારની દૃષ્ટિએ જોઇએ કે બે વખતની શાળા રાખવાથી કેટલો ફાયદો થાય તેમ છે. બે વખતની શાળા એટલે સવારે ૭॥ થી ૧૦॥ અને બપોરે ૩ થી ૫. ઋતુ પ્રમાણે આમાં ફેરફાર થાય. જેમકે શિયાળામાં ૮ થી ૧૧ અને ૩ થી ૫ તો ઉનાળામાં ૭ થી ૧૦ અને ૪ થી ૬. પાંચ કલાકને બદલે અડધો કે એક કલાક વધારે વખત શાળા ચલાવવી હોય તો તે પ્રમાણે સમય વધારવાનો રહે.

સવારની શાળામાં જવાનો સમય બહુ વહેલો ન જોઇએ. તેમ હોય તો બાળક નિરાંતે ઉઠી દાતણપાણી કરી નાહી ધોઇ, જરા શીરાની નિશાળે જઇ શકે. શીરાવવું એ જૂનો રિવાજ છે અને તે ચાલુ રાખવો જોઇએ. નાની ઉમરમાં બે વખત નહિ પણ ચાર વખત ખાવું જોઇએ. થોડું પણ વધારે કટકે ખાવાથી લાભ થાય છે. થોડું શીરા ી સ્વસ્થ થઈ ટાઢે પહોરે બાળક શાળાએ જશે એટલે ખુશનુમા સવારમાં, શીતળ છાંયામાં, ઠંડી હવામાં, તાજે મગજે તે ઠીક ભણશે. સવારનો બધો કિમતી વખત આડાઅવળા આંટા મારી થાકીને તે નહિ આવ્યો હોય. તેનું મગજ તાજું હોવાથી સારૂં યાદ રહેશે.

અગિયાર વાગે છૂટશે એટલે ભૂખ સારી લાગશે. મગજનું ભોજન પૂરૂં કરી શરીરનું ભોજન તે લેશે. અને પછી આંખ ઘેરાશે એટલે જરા ઊંઘશે કે વિરામ લેશે. પણ ભર્યે પેટે ભણવું તો નહિ જ પડે.

વળી એ વખતમાં લેસન કરવાના બે ટાઇમ મળશે. બપોરનું લેસન જમ્યા પછી જરા આરામ લીધા પછી અને સવારનુ લેસન રાત્રે. રાત્રે લેસન કરવું એ બરાબ તો છે જ. પણ એમ તો પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને લેસન કરવું પડે એ જ બરાબ છે. બરી રીતે પ્રાથમિક શાળામાં એક કલાક લેસન કરવા માટે જ રાખવો જોઇએ.

બપોરના થોડા આરામ અને છૂટ પછી કંઈ અભ્યાસ કરવામાં તાણ નહિ પડે. થાક ઓછો લાગશે કંમટે કામની વહેંચણી થઇ જશે. બપોરે ત્રણ પછી શાળા ચાલશે એટલે જે કોઇને થોડીએક ભૂખ લાગી હશે તે નાસ્તો કરીને આવી શકશે. આ રીતે ભણનારાઓને વધારે લાભ થશે.

હા, એટલું બરૂં કે શિક્ષકોને આમાં જરા અગવડ છે. સારૂં શાકપાંદડું સવારે મળે. ટયૂશન હોય તો બપોરના નીકળવું પડે. હાથે રાંધવું હોય તો શિક્ષક બારે ઉપર બે વાગે રોટલા ભેગો થાય. પણ એનું શું કરીએ? બરીદ કામ તો સાંજે થઈ શકે અને ટયૂશન તો એક બદી છે એટલે બે સમયે રાબવાથી તેને ધક્કો પહોંચતો હોય તો ભલે પહોંચે. બાકી છોકરાઓ એ તો ભાવિ પેઢી. એના ઉપર આપણો અને ભવિષ્યનો આધાર. જરાતરા સહીને પણ તેમને સગવડ તો આપવી જ જોઇએ. ગિ.

વાત મનમાં ન રહી

ઘણા દિવસ વિચાર ઘોળાયા કર્યો. ધનીયા હજમ પેઠે વાત મનમાં રાખવા ઘણુ પ્રયત્ન કર્યો પણ આખરે તે નીકળી જાય છે. ધૂળી નિશાળો પર ટીકા કરવાથી શો ફાયદો એમ ધારી વાત દબાવતો હતો.

થોડા વખત પહેલાં હું એક ધૂળી શાળામાં જઇ ચઢ્યો. એ જો ધૂળી નિશાળ ન હોત તો હું એમાં પગ પણ ન દેત. મેં અંદર શું જોયું? અંદી વાંભ અને વધારેમાં વધારે ત્રણ વાંભ લાંબી અને બે વાંભથી ઓછી પહોળી ઓરડી હતી. એ ભોંય તળીએ હતી. શહેરની એક પ્રસિદ્ધ ગંદી ગલ્લીમાં હતી. ગલ્લીની સપાટીથી નીચાણમાં હતી. હવા અજવાળા માટે અંદર જવાનું એક બારણું અને છાપરાને માથે મૂકેલું એક જળીયું હતું. ચારે કોર બાવાં હતાં. જૂના કાટવળાવાળું છાપરૂં હતું, એટલે ધૂળ બર્યા કરે તેવું હતું. ઓરડીનો પા ભાગમાં મેડો હતો. એ મેડા પર જૂનાં પુરાણાં હાંડલાં અને લાંકડસામાન હતો. ત્યાં બાવાં ઘણાં હતાં અને ફરોળીયાઓએ ઘર બાંધ્યાં હતાં.

આવી ઓરડીમાં ચાર હારમાં લગભગ ૩૦ થી ૩૫ બાળકો બેઠા હતા. તેઓ પાસે પાસે જ બેસી શકે તેમ હતું સાથે મહેતાજીની ખુરશી અને એક બાંકડો હતો. છૂટથી હાલવા ચાલવા માટે વધારાની જગા માત્ર દોઢ ફુટ જેટલી હતી.

આ ઓરડી ધૂળી નિશાળ હતી; ઇતિહાસમાં કહેવાય છે તેવી અંધારી ઓરડી ન હતી છતાં તેનો ખ્યાલ કરાવતી હતી. આ ઓરડી ધૂડી નિશાળ હતી; કૂતરાને પકડવા માટે ગાડીઓ ફરે છે તેવી કૂતરાંગાડી ન હતી, છતાં તેની યાદ દેવડાવતી હતી. આ ઓરડી ધૂડી નિશાળ હતી; ઉંદરને પકડવાનું ઉંદરરીયું ન હતું છતાં તેની યાદ આપતી હતી.

બાળકો પાંચથી દશ વર્ષની; ઉંમરના હતા. તેમના ચહેરા પર પૂરૂં અજવાળું ન હતું તેથી અસ્પષ્ટ દેખાતા હતા છતાં થોડી વાર ઉભા રહ્યા પછી બરાબર દેખાતા હતા. તેઓ જમીન પર કોથળાના આસનો પર બેઠા હતા ને કોથળો ખંખેરીએ તો આપણે ભરાઇ રહીએ તેટલી ધૂળ તેમાંથી ઉડે તેવું હતું.

બાળકો બેઠા હતા. તેઓ બધા મેલા વેશે હતા કોઇ સારા ઘરના હતા, કોઇ ગરીબ ઘરના; પણ બધા મેલા હતા. સ્વચ્છ કપડાં પહેરી અહીં આવવાનો કશો અર્થ ન હતો. અંગ બધું મેલું જ હતું. તેમની સામે દફ્તર પડ્યું હતું. હાથમાં પાટીઓ હતી. તેઓ પેનથી કટ ટક લખતા હતા.

મેં તેમને જોયા અને મને દુઃખ થયું. આ આપણાં બાળકો ! આ આપણી નિશાળ ! આ એમનું ભણતર અને આ આપણી ભાવિ પેઢી ! આ આપણી ભાવિ ઉન્નતિ !

શાળાની ગંદકીમાં મેં જીવન આખાની અસ્વચ્છતા જોઇ. અંધારામાં અને ભેજમાં મેં ક્ષયરોગ જોયો. પાસે પાસે બકરાં જેમ પૂરાઇને બેઠેલાં બચ્ચાંઓમાં મેં બંધન જોયું.

હું એ બાળકોને જોઈ રહ્યો. એના ભણતર વિષે મારે પૂછવાનું રહ્યું જ ન હતું. વિનાશનું ભણતર તેઓ ભણી રહ્યા હતા. જીવનના પાયામાં—બાલ્યાવસ્થામાં તેઓ રોગને ભરી રહ્યા હતા.

હું મનમાં કકળી ઉઠ્યો. આવી શું માત્ર એક શાળા છે ? ના. આવી તો શહેરે શહેરે હજી પણ ઘણી શાળાઓ છે. હજી તો આવી શાળાનો મહિમા છે. હજી માબાપને છે કે છોકરાઓને ત્યાં ઝટ ને ઠીક ભણાવાય છે. તેવી શાળાઓ હજી ચુંદરે છે એમ નથી પણ મન્ન કરે છે.

પણ મારી જેમ દરેક બાળકના માતપિતા ત્યાં જઇને જુએ. જુએ ને પોતાની આંખે ખાત્રી કરે કે સવારમાં ઉઠીને પોતાની મોંઘી મૂડીને કયાં મોકલાય છે. ગંદકી, અસ્વચ્છતા, અંધારું, ભેજ, દુર્ગંધ ભર્યો શ્વાસોચ્છવાસ અને ચેપના ક્ષણેક્ષણના ભયમાં ધૂળી નિશાળમાં બાળકોને મોકલનારાં માતપિતાઓ એક વાર એ શાળાઓ જોઈ આવો ને પછી શું કરવું તે નક્કી કરો.

તમે કાંઇ રાજા નથી કે શાળા બંધ કરાવી શકો. તમે કાંઇ આરોગ્યખાતાના અધિકારી નથી કે આવી શાળાનો અંત આણો. તમે કાંઈ પત્રકાર નથી કે આવી શાળાને જનહિતાર્થે પ્રસિદ્ધ કરો. તમે કાંઇ સમાજસેવા સંઘ નથી કે તેના પર સામાજીક દબાણ લાવો, તેમ તમે કાંઈ કોઇ ઉદ્દામ વૃત્તિના બંડખોર નથી કે રાતે ઉઠી એ ક્ષયરોગનું ઘર સળગાવી મૂકો. તમે તો અદના માબાપ રહ્યા. પણ તમે કંઇ કરી શકો તો એટલું જરૂર કરી શકો કે બાળકને ત્યાંથી ઉઠાડી મૂકો.

ગંદકીમાં જઇને ભણવું તેના કરતાં નિરક્ષર રહેવું ભલું છે. ગંદકીમાં જઇ ભણવા માટે ક્ષયના રોગને શોધવો તેના કરતાં જીવતા રહેવું ને અભણ રખડવું પણ સારું છે. ગિ.

ચુચ્યાપુત્ર

(૧)

એક બેન લખે છે:

"મારી દીકરીની ઊંઘ ખરાબ છે. બપોરે ઊંઘતી નથી માટે બારણું રાખ્યું, તે હવે બારણાની ટેવ પડી. ઊંઘમાં બોલે છે; સ્વપ્નો બહુ આવે છે. મારા ધારવા પ્રમાણે આટલા નાના બાળકને સ્વપ્નો ન આવવાં જોઇએ."

બાળકને પૂરતી ઊંઘ મળે છે કે નહિ તે બરા-

બર તપાસતા રહેવાની જરૂર છે. કારણ કે એ તપાસનેં અભાવે ઘણાં બાળકોના જ્ઞાનતંતુઓને થાક લાગે છે. આ તપાસ ત્રણ વરસથી નહિ પણ બાળક જન્મે ત્યારથી જ રાખવાની જરૂર છે. બાળકને ગમે ત્યારે ને ગમે તે રીતે રમાડવું, ગદ્દગદીયાં કરીને હસાવવું વગેરેથી બાળકની માનસિક સમતોલતા (નર્વ્હસ બૅલન્સ) ખસી. જાય છે, અને ઊંઘને અવ્યવસ્થિત કરે છે.

ઊંઘાડવાની બાબતમાં બીજી ત્રીજી ટેવો પાડવા કરતાં બાળકને એકાંતમાં શાંતિથી પડી રહેવા દેવું ને ઊંઘ આવે ત્યારે ઊંઘવા દેવુ તે વધારે પસંદ કરવા જેવું છે. બાળકને હીંચકાવવું, તેડીને ફરવું, થાબડવું, ડોલાવવું વગેરે અનેક ટેવો માતાઓ જાણેઅજાણે બાળકને સુવાડી દેવા બહુ જ આરંભના દિવસોમાં પાડે છે, ને પછી તે તેમને ભારે થઇ પડે છે. કંઇક ઓછી નુકશાનકારક રીત બાળકના શરીર ઉપર આસ્તે આસ્તે હાથ ફેરવીને તેને શાંતિ આપવાની છે. પણ ઉત્તમ પક્ષ તો જાગૃત અવસ્થામાં લીધેલ આનંદ અને પૂરતા શ્રમને લીધે બાળક પોતાની મેળે સૂઇ જાય એ જ છે.

તમારા બાળકને પડી ગએલી ટેવમાંથી આસ્તે આસ્તે મુક્ત કરવું જોઇશે. ઘણા સખ્ત પ્રયત્ન કરશો તો કદાચ બાળક વધારે આગ્રહથી તેને વળગવા માગશે. એટલે જો હવે ટેવ પડી ગઇ છે તો ઓછામાં ઓછું નુકશાન થાય એવા રૂપમાં ફેરવી દેવી. જેમકે તે પારણામાં જ ભલે સુવે પણ જોર જોરથી તેને હીંચકાવવું નહિ, તેમ ઊંઘી ગયા પછી આખો વખત હીંચકાવવું નહિ વગેરે.

પરંતુ આ ટેવ કાઢવાની ભાંજગડમાં તમારા બાળકની ઊંઘને બહુ તકલીફ આપવી નહિ. તે બાબતમાં વિશેષ જરૂર તો શાંતિની લાગે છે. એની સાથે વાતો કરીને તે ઉશ્કેરાય એવું ન રાખવું. રમતોમાં પણ ઉશ્કેરણીની રમતો નં રમે તે જોવું. વળી ખુલ્લી હવામાં શારીરિક કસરત પૂરતી મળે છે કે નહિ તે પણ જોવું. તેમજ તેને વચ્ચે વચ્ચે શાંતિથી હાથ પગ ઢીલા કરીને, આંખ બંધ કરીને પડી રહેવાની રમત બતાવવી. એકાદ બે કલાક દોડધામવાળી રમત ગમત ચાલે ને શેતરંજી ઉપર ચતી પડી રહે તો તેના મગજને ઘણી શાંતિ મળી રહેશે. આમ પડ્યાં પડ્યાં તે ઊંઘી જાય તો ભલે ઊંઘતી. તેનું માથું ને ગરમ રહેતું હોય તો શાંતિની રમત સાથે આંખ ને કપાળ ઉપર ઠંડા પાણીની પટ્ટી રાખીને પડી રહેવાનું બતાવી શકાય.

બાળકના દેખતાં તેની ઊંઘ સંબંધે તમને ચિંતા થાય છે તે બતાવશો નહિ. તેની ઓછી ઊંઘનું તેને જેટલું ઓછું ભાન થાય તેટલું સારૂં.

ત્રણ વરસ પછી બાળક બપોરે ન ઊંઘે ને રાત્રે વહેલું સુઇ એક સાથે ૧૧–૧૨ કલાકની ઊંઘ લે તો તેમાં કશું ખોટું નથી. સાંજે સાત વાગે સુઇ જાય ને સવારે સાતે ઉઠે; ને આખો દિવસ નાનાં મોટાં કામો, ઉધોગો કે રમતમાં ગાળે તો વાંધો લેવા જેવું લાગતું નથી. ખરી રીતે બાળક શાંતિથી કામમાં જોસે છે તેમાં તેના જ્ઞાનતંતુને વિશ્રાંતિ જ મળે છે. જ્યારે તેને ગમતું કામ મળતું નથી ત્યારે તે અસ્વસ્થ હોય છે ને ત્યારે જ તે વધારે થાકે છે. આ ઉંમરે બાળક વ્યક્તિગત કામ જ કરતું હોય છે, તેથી એકલું એકલું કાંઇ કર્યા કરે એ વધારે જરૂરનું છે.

સામાન્યતઃ બાળકોને જોઇતી શાંતિ આપણાં ઘરોમાં નથી તેથી તેમના જ્ઞાનતંતુને થાક વધારે લાગે છે.

સ્વપ્નોનાં શાસ્ત્રનો મેં ખાસ અભ્યાસ કર્યો નથી પણ જે થોડું ઘણું વાંચ્યું છે તે ઉપરથી લાગે છે કે અમુક ઉંમરે બાળકને સ્વપ્નો ન જ આવવાં જોઇએ એમ માનવાની જરૂર નથી. સ્વપ્નો એ મગજની અસ્વસ્થ સ્થિતિનાં દ્યોતક લઇએ તો મગજની શાંતિ આપવાથી તે મટે. સ્વપ્નો ઘણી

વાર બાળકના જીવનની મુશ્કેલીઓ જણાવવામાં મદદ કરી શકે છે; તેમની અતૃપ્ત ઇચ્છાઓ તે દ્વારા પ્રગટ થાય છે. પણ તે તો તે શાસ્ત્રના ખાસ અભ્યાસીઓનું કામ છે.

આપણે તો સામાન્ય શાંતિ ને વિશ્રાંતિ આપવી. તેમજ બાળકનું એકંદર જીવન તંદુરસ્ત થાય, બાળક આનંદી ઉત્સાહી ને પ્રસન્ન રહે, તેને યોગ્ય પ્રવૃત્તિ મળી રહે અને તેને ખાસ અસંતોષ કે બીક વગેરે ન રહે એ બધું જોતાં રહીએ તો સ્વપ્નોથી બ્હીવાની જરૂર નથી. છો આવતાં.

(૨)

એક ભાઇ પૂછે છે:

"... ... જો હવે નિશાળનો સમય નક્કી કરવામાં ન આવે, સમયપત્રક ન હોય, પરીક્ષા જેવું કંઇ હોય નહિ અને અમુક મુદ્દત સુધીમાં આટલું શીખવવું એમ ઠરાવેલું હોય નહિ તો શાળા કઇ રીતે ચાલે? કેટલાએક વિદ્યાર્થીઓ જ્યારે ગણિતમાં મગ્ન રહે ત્યારે બીજા કેટલાએક વાતો વાંચતા હોય તો કોઇ ચિત્ર દોરતા હોય. એમાં સૌ ઉપર દેખરેખ રાખવાનું શી રીતે બને?

મોન્ટીસોરી શાળામાં આવી અગવડને શી રીતે પહોંચી વળવામાં આવે છે?"

સ્વયંસ્ફુર્તિથી જાતે પસંદ કરેલાં કામોમાં મગ્ન રહેલાં બાળકો ઉપર દેખરેખ રાખવાનું કામ ઘણું સહેલું છે, કારણ બાળકો કામમાં મચેલાં હોય ત્યારે દેખરેખ રાખવાપણું કે તેમનું ધ્યાન ખેંચવાપણું કે આપણે શીખવવા માગતાં હોઇએ તે વિષયમાં રસ લેતાં કરવાપણું વગેરે હોતું નથી. 'દેખરેખ' શબ્દ તો ભાઇનો લીધો છે. ખરી રીતે

પત્રિકાના બીજા વર્ષના અંકો

ચાલુ ગ્રાહકોને

આઠ આનામાં હજુ પણ મળી શકશે.

આટલું નહિ કરો?

તમારાં પોતાનાં જ બાળકો માટે

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળાવ સાવો

૮૦ પુસ્તકોના ટપાલ સાથે રૂપીઆ ૭

તો મોન્ટીસોરી શિક્ષકને બાળકોના કામમાં જરૂર હોય ત્યાં મદદરૂપ થવાપણું હોય છે. તેમાં કામોની વિવિધતા ઉલટી મદદરૂપ છે વિધ વિધ શોખના બાળકોને એક વિષય ઉપર એકાગ્ર કરાવવાનું કામ જ ઘણું અઘરું છે કારણ અકુદરતી છે. અનુભવ લઇને ખાત્રી કરી જુઓ.

મોન્ટીસોરી શાળામાં નિશાળનો સમય તો નક્કી હોય જ છે. એટલું જ કે બાર વાગે ઘંટ થાય ને બાળકો બધાં બેસી ગયાં છે, ને પાંચે ઘંટ થાય ને બાળકો ઉપડી ગયાં છે એવું બનતું નથી. તેમજ સમયપત્રક નથી એટલે પણ સમયપત્રકની જરૂરતા નથી દરેક શાળામાં સામાન્ય સમયપત્રક તે તે શાળાની પરિસ્થિતિ વગેરે અનુસાર બની જ જાય છે, ને સમૂહગત કામ પૂરતું તો નક્કી સમય જરૂરનો છે જ. તેમાં કામની સરલતા હોઈ બાળકોના સ્વાતંત્ર્યનો ભંગ નથી પણ સન્માન છે

અમુક મુદ્દતમાં અમુક અભ્યાસ થઇ જવો જોઇએ એ આપણે નક્કી કર્યે શા કામનું? દરેક બાળક પોતાની ઉત્તમ ગતિએ આગળ વધે છે કે નહિ તે જોવાનું કામ આપણું છે. વધારે બુદ્ધિશાળી બીજાની ખાતર અટકી ન પડે કે ઓછા બુદ્ધિવાળાં બીજાની સાથે ઘસડાય નહિ પણ દરેક જણ પોતાને જોઇતો વખત શાંતિથી લઈ શકે ને આગળ વધે એ જરૂરનું છે

આ સંબંધમાં વધારે જાણવું હોય તો મોન્ટીસોરી પદ્ધતિ વાંચો, ડૉલ્ટન પ્લૅનની યોજના જુઓ ને આ પદ્ધતિએ ચાલતી શાળાઓ વખત મેળવીને જાતે જોઇ લ્યો એટલે શંકાનિરસન થશે. **તા.**

નોંધ

ભાઇશ્રી ફરામરોજ ધનજીશા ધનભુરા પોતાની વિનોદયુક્ત શૈલીમાં મુબારકબાદી આપતાં લખે છે: "ખોટી ખુશામત કરવાની ઘણી સુગ છે. અને તમે મને કાજી કહો તો હું તમોને હાજી કહું એવી સીફારસથી સો કોસ દૂર દોહું છું..... .....Westward look. The sun is bright. તેમ આજનાં નહિ તો આવતી કાલનાં માબાપો જરૂર જ તમોને આશીર્વાદ દેશે."

ભાઇનું આશ્વાસન ઉમંગ આપે એવું છે. સાચે જ ઘણી વાર હિંદજનતાના મહાસાગર તરફ નજર કરીએ, કરોડો માતપિતા ને તેમનાં બાળકો વિષે વિચાર કરીએ, ત્યારે લાગી આવે છે કે આ આપણે ઉપાડેલું કામ તો અસાધ્ય જ છે. એક ખૂણામાં બેસીને મહિને સોળ પાનાં લખી કાઢીએ ને મુઠી જેટલા લોક તે વાંચે ને વખતે સારૂં લખ્યું છે એમ કહે એમાં શું વળે? આવા મુંઝવણવાળા વિચારોથી નિરાશ થઇએ ત્યારે ભાઇએ આપેલું વાક્ય ને આશીષ આશા આપે છે. તે માટે એ ભાઇનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

તંત્રીઓ.

જાગીએ

મોન્ટીસોરી સંમેલન

મોન્ટીસોરી સંમેલન એક વાર ભરાયું હતું. આ તો ભૂતકાળ થઇ ગયો. પણ ભવિષ્ય શું બોલે છે? મોન્ટીસોરી સંમેલન ભરાશે? કયારે ભરાશે?

હવે તો મોન્ટીસોરી સંઘ જેવો સંઘ છે! સંઘના કેટલાયે સભાસદો છે ને ૪૦ જેટલા તો આજીવનસભ્યો છે. એક એક આજીવન-સભ્યની ગુંજાસ સંઘને પોતાને આંગણે નોતરવા જેટલી છે; એક એક ગામના સંઘીઓ ધારે તો પોતાને પાદર સંઘને બોલાવી શકે. પણ એમાં પહેલો પડકારો કોણ પાડશે? પહેલાં નોતરાં કયા ગામનાં ઉતરશે?

અને સંઘ ભરાય એટલે આપણે સૌ ભેળા થઇએ. બાલશિક્ષણને આગળ કેમ વધારવું સુધારવું તેના વિચાર કરીએ ને તેના અમલની રેખા દોરીએ.

ગૂજરાત ઉપર બાલશિક્ષણનો સૂર્ય ચડતો જાય છે. બાલશાળાઓ વધવા માંડી છે; બાલશિક્ષણનો અભ્યાસ શરૂ થઇ ગયો છે; બાલસાહિત્ય ખીલવા માંડયું છે; માબાપો અને શિક્ષકો, રાજકર્તાઓ અને સમાજસેવકો આજ બાલજીવન અને બાલશિક્ષણ તરફ વળી રહેતા જોવામાં આવે છે.

આ વખતે જ મોન્ટીસોરી સંમેલનની યોગ્ય જરૂર છે.

ચાલો સંઘીઓ–ભાઇઓ અને બહેનો–જાગીએ અને મોન્ટીસોરી સંમેલનની તૈયારી કરીએ.

મંત્રીઓ રાહ જુએ છે કે કોનું નોતરૂં આવી પડે છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(ઑંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૨ મો
પોષ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

એક પગલું મૂકી બીજું પગલું ઉપાડવું જ જોઇએ. એક કાર્ય કરી બીજું કાર્ય હાથ ધરવું જ જોઇએ. એક સફળતા મેળવી બીજી માટે કેડ બાંધવી જ જોઇએ. એક સારું કાર્ય કર્યું એટલે બીજા કાર્યને આરંભવું જ જોઇએ.

આપણે ઉભા રહેવાનું નથી. ઉભા રહી શકીએ જ નહિ. પ્રગતિ એટલે આગળ ધપો. ઉત્સાહથી, શ્રદ્ધાથી, ઉદ્દેશથી આગળ ધપો. પરસ્પરના સહકારથી બળ કેળવી આગળ ધપો. પગલાં પગલાં માંડયે જ જાઓ. કામ પછી કામ કર્યે જ જાઓ. એ જ મનુષ્ય જાતિની ઉન્નતિનો સરિયામ રસ્તો છે. તે ઉપર જ ચાલીને આપણે અહીં સુધી આવ્યા છીએ. ચાલો પાછા આગળ ઉપડીએ.

આપણે કેટલા વર્ષ્યા

આપણે સૌ એક જ સંઘના સભ્યો બની પરસ્પરનાં મિત્રો બન્યાં છીએ. આ આપણો સંઘ દિવસે દિવસે બળવાન થતો જાય છે. અત્યારે આપણે ૩૨૦૦ જેટલાં છીએ. આપણા આજીવનસભ્યો ૪૦ જેટલા છે. ત્રણ વર્ષમાં આપણી મંડળી ઠીક જામી છે. હવે ચોથું વર્ષ બેસશે. આ ચોથું વર્ષ આપણે વધારે બળવાન કરીએ. આપણે આપણી મંડળી વધારીએ. આપણે આપણી કાર્યશક્તિ તેજસ્વી કરીએ. આપણે આપણી પ્રવૃત્તિમાં ઉમેરો કરીએ. આ બધું આપ સૌ સાથે છો તેથી થાય છે ને તેથી કરવાની હોંશ વધે છે. આવતા વર્ષમાં આપ સાથે જ રહેજો એટલું જ નહિ પણ દરેક ભાઇ બહેન એક એક નવા જણને ખેંચી લાવજો. અમે આપનો સહકાર માગીએ છીએ. જેટલા આપણે વધશું તેટલો આપણી અલ્પ સેવાનો કાર્યપ્રદેશ વધશે; તેટલો આપણી પોતાની ઉન્નતિમાં વધારો થશે.

આપણે લીધેલા કાર્યને પાર પાડવા આપણાથી બનતું અવશ્ય કરીએ જ.

મૈત્રી

મિત્ર હતો.

મને કહેતોઃ "મને તારામાં બહુ રસ છે; મને તારા માટે લાગી આવે છે; હું તારું કલ્યાણ ઇચ્છું છું; તને કેમ છે?"

મેં કહ્યું: "મજા છે; આનંદ છે. લખું છું, વાંચું છું, ચિત્રું છું, ગાઉં છું, રમું છું, કૂદું છું. તમે મારું કામ જોવા આવશો? મારી સાથે કામ કરવા ચાલશો? મારી સાથે રમતમાં જોડાશો?"

મિત્ર કહેઃ "મને તારા કામમાં રસ નથી; મને તારી રમતમાં રસ નથી; મને તારા નાચવા કૂદવામાં રસ નથી. મને તારામાં રસ છે; મને તારા માટે લાગી આવે છે; હું તારું કલ્યાણ ઇચ્છું છું. તું સુખી છે। ને?"

મિત્રનું વચન સાંભળી હું દુઃખી થયો, નિરાશ થયો; મુંઝવણમાં પડ્યો. મિત્રને મારામાં રસ છે પણ મારો એના તરફનો રસ ઉડી ગયો. મિત્રને મારા માટે લાગી આવે છે પણ મારી તેના તરફની લાગણી સૂકાઇ ગઇ. પણ મિત્ર મારું કલ્યાણ ચિંતે છે માટે મારે કૃતજ્ઞ રહેવું જોઇએ. હું તેનો ઉપકાર માનું છું.

* * *

મિત્ર હતો.

મને કહેતોઃ "ક્યાં છે તારું ચિત્ર? મને તું નહિ બતાવ?"

મારું મન હર્ષથી ઉભરાતું ને ચિત્ર લેવા હું દોડતો.

મિત્ર કહેઃ "આજે એકલો એકલો ક્યાં ગયો હતો? મને તારી સાથે બોર ખાવા કેમ ન લઇ ગયો?

મેં કહ્યું: "લ્યો તમને બોરનો ભાગ આપું.

ચરણે

જે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આ કામ ચાલી રહ્યું છે અને જેની અમીદૃષ્ટિથી એ વિકસી રહ્યું છે તેને આજે પત્રિકાના ત્રીજા વર્ષના અંતમાં અમારાં મસ્તકો નમે છે.

તે જ દયાળુની અમે દયા માગી યાચીએ છીએ કે તું અમને ચોથું વર્ષ વધારે બળવાન, વધારે પ્રગતિમાન, વધારે યશસ્વી અને વધારે સેવા-ભાવી આપજે. ૐ

ને હવેથી કોઇ દિવસ તમારા વગર નહિ જ જાઉં."

મિત્ર કહેઃ "એકલો એકલો વાંચે છે કે? આવને આપણે સામસામા વાંચીએ?"

અમે વાંચ્યું. મિત્રે મને બહુ સરસ વાંચી બતાવ્યું. મેં તેને વાંચી બતાવ્યું. મને થયું એને ભેટી પડું! મને મિત્ર બહુ જ ગમ્યો.

મિત્ર કહેઃ "શું રમો છો? માટલીદાવ કે? હું રમવા આવું? મને રમાડશો?"

અમે સાથે રમ્યા. ખૂબખૂબ રમ્યા. નાચ્યા ને કૂદ્યા, હસ્યા ને કૂદ્યા. રાત્રે મને મિત્રનાં જ સ્વપ્નાં આવ્યાં. સવારે ઉઠતાંજ મને મિત્ર સાંભર્યો. હું દોડીને એને મળવા ગયો.

મિત્ર કહેઃ "તારું માથું મારા ખોળામાં મૂક. બહુ દુખે છે? દબાવું?"

મને તાવ ભરાયો હતો. માથું ખૂબ દુખતું હતું. મિત્ર મારી પાસે બેઠો. માથું ખોળામાં લીધું. હું તો એના ખોળામાં ઊંઘી જ ગયો.

સાજો થયો. મિત્રને મળવા ગયો. હૈયું હેતથી ઉભરાઇ ગયું. હું એને ભેટી પડ્યો. એણે મને પંપાળ્યો. હું હર્ષથી રોઇ પડ્યો. મારો મિત્ર મને બહુ વહાલો લાગે છે.

એ મને કદિ કહેતો નથી કે એને મારામાં રસ છે. હું એનો કદિ ઉપકાર માનતો નથી; પણ હું એને કદિ ભૂલતો નથી.

એ મારો છે; હું એનો છું:
અમે બે મિત્રો છીએ.. તા.

* * *

નોંધઃ આ ઉપરથી જોઇ શકશું કે બાળકો શું માગે છેઃ આપણી શાબ્દિક મૈત્રી કે જીવંત પ્રાણ-પ્રેરક સક્રિય મૈત્રી? આપણે બાળકના કેવા મિત્ર થઇશું? કેવા હઇશું તો અને રહીશું તો આપણે તેમની સાચી મૈત્રી સાધી તેમનું અને આપણું ખરું કલ્યાણ કરીશું?

સૂરજનો તડકો

સુધરેલાં મનાતાં માબાપોએ ખાસ ધ્યાન ઉપર લેવા જેવી વાત છે કે આપણે આપણાં બાળકોનાં શરીરોને સૂરજના તડકાનો જરાયે સ્પર્શ થવા દેતાં નથી. પણ તેમ કરવામાં

સૂરજ આપા બાળકોના હિતાર્થે જે ચારે તરફ મફત કૉડલિવ્હર ઑઇલ પાથરે છે તેનાથી આપણે આપણાં બાળકોને દૂર રાખીએ છીએ, ને પછી બાળકો રિકેટી—નબળાં હાડકાંવાળાં થાય ત્યારે ડૉક્ટરની સલાહથી તેને ચાર ચાર રૂપીઆની બાટલી લઇને માછલીનું તેલ પાઇએ છીએ. આપણો દેશ જ્યાં ઇશ્વરની મહેર છે કે આપણે ત્યાં સૂરજનો તડકો, કોમળ કિરણો, સ્વચ્છ પ્રકાશ વગેરે લબલૂટ છે, ત્યાં આપણે અત્યંત ઠંડા મુલકમાં રહેનારનું અનુકરણ કરીને સાત સાત કલાક ધૂપ મોજાં પહેરાવી રાખીએ, છાતી ઉપર બારે માસ ફ્લેનલની બંડીઓ પહેરાવીએ, ચડ્ડી ચોરણી વગેરેને બાસ પ્રયોજન ઉપરાંત એક ક્ષણે બસવા ન દઇએ વગેરે બધું હાસ્યાસ્પદ છે. આપણે એટલો ફેરફાર તો તુરત કરી લઇએ કે સવાર સાંજના કોમળ તડકામાં આપણાં બાળકોને વસ્ત્રહીન કરી છૂટથી રમવા દઇએ, બેસવા દઇએ; બાસ કરીને તેમનાં પેટ ઉપર તો તડકો જરૂર આવવા દઇએ. ઘોડીયામાં ,હીંચકતા નાનામાં નાના બાળકને પણ સૂર્ય ભગવાનના બાસ સ્વરૂપનું દર્શન સુખેથી કરવા દઇએ. આપણી સામાજીક સભ્યતાના વિચારો તેમ કરવામાં જરાએ આડા આવવાની જરૂર નથી. અને આવે જ તો તેને માટે રસ્તો કાઢીને પણ બાળકોને સૂર્યકિરણો મળવાનો ઉપાય શોધી કાઢીએ. પણ કોઇ પણ કારણે તેમને તેનાથી વંચિત તો ન જ રાખીએ.

આપણે હજારો રૂપીઆ ખર્ચીએ છીએ છતાં આપણાં બાળકો માંદાં ને અશકત રહે છે અને ગરીબ કોળી લોકોનાં બાળકો તંદુરસ્ત હોય છે એ હકીકતમાં શોધ કરવા જેવું છે. ને જરા ઝીણી નજરથી જોશું તો એમાં ઘણાં તંદુરસ્ત તત્ત્વો દેખાઇ આવશે કે જે એ લોકો કુદરતી રીતે રહેતાં હોવાથી તેમના ઉકેરમાં હાજર છે ને આપણા બાળઉછેરમાંથી જેમણે રજા લઇ લીધી છે.

આ તત્ત્વો પૈકી તેમનાં બાબાપોને અને તેમને પોતાને સૂરજનો તડકો મળે છે એ એક અગત્યનું તત્ત્વ છે.

તેનો ઉપાય તરત જ લઇએ. તા.

પોપટનાં . . . . . એ . . . . . બચ્ચાં

જૂની પોપટનાં બચ્ચાંની વાર્તા સૌ જાણે છે. એક વાઘરી હતો. તેણે બે પોપટનાં બચ્ચાં પકડ્યાં. એકને એક બ્રાહ્મણ અમીરને ત્યાં વેચ્યું અને બીજાને એક રેઢીયાળ મવાલીને ત્યાં વેચ્યું. બન્ને બચ્ચાં એક જ માળામાંથી એક જ માબાપનાં હતાં.

જે બચ્ચું બ્રાહ્મણ અમીરને ત્યાં હતું તેને ત્યાં તો સારા સારા માણસો આવે; તેમને સારા અને મીઠા આવકારના બોલ અપાય; વિવેકથી બેસાય. આથી આવોજી, બેસોજી, જળપાન લેશોજી, તસ્દી માફ કરશોજી વગેરે વિનય વિવેકના બોલ તે બોલતાં શીખ્યું. હવે પેલા મવાલીને ત્યાં વેચાએલા બચ્ચાને તો બરાબ બોલ અને હલકી ગાળાગાળી સાંભળવાનું અને મારામારી જોવાનું મળ્યું. આથી તે બચ્ચું મારો સાલાને, આવો લુચ્ચો છે, હરામજાદો વગેરે બોલ બોલતાં શીખ્યું.

વાતનો સાર એ છે કે જેવી સોબતમાં

બચ્ચાંને મૂકયાં તેવી તેમના પર છાપ પડી.

બીજમાં ઝાડ ઉત્તમ પ્રકારનું હોય છે છતાં તેને વિરોધી અને ખરાબ આબોહવા મળે છે તો તેનો વિકાસ યોગ્ય થતો નથી પણ ઉલટું તેનામાં વિકાર થાય છે, ને તેના ફળ બગડે છે. કાં તો કાચાં જ રહે છે, કાં તો પાકે છે તો મીઠાં થતાં નથી, કાં તો મીઠાં થાય છે તો ડુવા પડી ઇયળો પડે છે. કાંઇ ને કાંઇ આબોહવાનો ને વાતાવરણનો દોષ આવે જ છે. એમ જ માણસનાં બાળકો પરત્વે છે. બીજ સારૂં હોય છતાં તેને ખરાબ વાતાવરણ મળે તો તે બગડવાનો પૂરો સંભવ છે. વાતાવરણ એટલે મૂળ બીજને ઉગવા બીલવાનું સાધન. આ સાધન જો ખરાબ હોય તો બીજ ખરાબ પાક આપે. આ સાધન સારૂં હોય તો બીજને વિકસવાને અવકાશ છે.

એક જ રૂપીઆની વિસાત

ચોથું વર્ષ ફાગણ માસથી શરૂ થશે. આપ ચોથા વર્ષના ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ.

એમાં માત્ર એક જ રૂપીઆની વિસાત છે. એક રૂપીઆમાં આપ મોન્ટીસોરી સોસાઇટીના સભ્ય છો.

એક રૂપીઆમાં આપ પત્રિકા મેળવો છો.

એક રૂપીઆમાં આપ અમારા કાર્યને મદદ આપો છો.

એક એક રૂપીઓ ભેગો થઇ જે કામ થઇ રહ્યું છે તેનો જશ અને પૂણ્ય આપને છે.

ચોથા વર્ષના ગ્રાહક તરીકે ચાલુ રહેવા આપ આજે જ લખી નાખશો.

મા અને બાપ મુખ્ય વાતાવરણ છે. ઘર એટલે ઘરનાં, આડોશી અને પાડોશી, સગાં અને વહાલાં, શાળાના શિક્ષકો અને નિશાળીઆઓ આ બધાં વાતાવરણ છે. આ બધાંનો બાળકેળવણીમાં વિચાર કરવાનો છે. પણ આપણે વારંવાર વાતાવરણનું મહત્ત્વ ભૂલી જઇએ છીએ.

ઘર બાંધીને આપણે સમાજમાં રહેવા છતાં સુરક્ષિતતા, એકાન્ત અને વાતાવરણનું સ્વામિત્વ અને ચોકખાઇ મેળવ્યાં છે. શાળા બાંધીને આપણે સમાજના વાતાવરણની બદીમાંથી નવાં બાળકોને છોડવવાનું સ્થાન ઉભું કર્યું છે. ઉત્તમ ક્રીડાંગણો બાંધીને આપણે ઘર અને શાળા સિવાયનું એક વધારે સ્થળ ઉભું કરવાનું છે અને ત્યાં ઘર અને શાળાના તંદુરસ્ત વાતાવરણનો સંગમ કરવાનો છે. માટે પ્રથમ ઘરમાંથી જેમ કચરો કુચરી કાઢયા કરીએ છીએ તેમ બાળકોના હિતને ખાતર સમગ્ર વાતાવરણને ચોકખું રાખ્યે જવાનું છે. ઘરે ઘર જ રહેવું. ઘરમાં ગૃહનું સુખી, શાન્ત, વ્યવસ્થિત અને વિકાસપ્રેરક વાતાવરણ ઉભું કરવું; ઘરને દુકાન, ઑફીસ, ધર્મશાળા, પાંજરાપોળ, મહેમાનોનો અખાડો કે નિશાળ ન બનાવી શકાય. એમ જ શાળાએ ઉત્તમ સંસ્કાર પાડે તેવું વાતાવરણ રાખવું. વિરોધી વાતાવરણ પેદા કરે તેવા શિક્ષકો અને બાળકોને દૂર કરી તેનો ઉપાય જુદો કરવો અને શાળાએ બને તેટલી ઘરના વાતાવરણની સરણીએ ચાલી શાળામાં બને તેટલું ઉંચું ઘર વસાવવું. ક્રીડાંગણ આ બે વચ્ચેનો પૂલ થાય. ગિ.

શું અમે શીખવીએ છીએ ?

ઘણાં માબાપોને એમ કહેતાં સાંભળીએ છીએ કે "છોકરાંઓ જે બધું કરે છે તે શું અમે શીખવાડીએ છીએ ? આ હરિયો ખોટું બોલે છે તે શું અમે શીખવાડયું કે ખોટું બોલજે ? આ મણકી ઘરમાંથી ચોરી કરે છે તે શું અમે શીખવાડયું કે ચોરી કરજે ?"

મને તો એમ જ કહેવાનું મન થઇ જાય છે કે, હા, તમે જ શીખવ્યું. મણીને ચોરી કરવાની ખબર જ નથી. એને તો જે વસ્તુ પોતાને મળે તે બીજાને આપવી છે. તેની આ સદ્‌વૃત્તિને તમે રોકો એટલે એ વસ્તુ એને છાંતીમાની લઇને આપવી પડે છે. તમે જ કહોને, તે દિવસે મણીએ વાડામાંથી ઉતરી શીંકેથી રોટલી છાનામાના લીધી તે શું ચોરી હતી ? ના, એણે તો તરતમાં વીઆણેલી કૂતરીને ભૂખી ટળવળતી જોઇ હતી, અને એને ખવરાવવું હતું. તેની આ સદ્‌વૃત્તિને તમે પોષણ ન આપો તો પછી એને એમ લેવું પડે એમાં નવાઇ નથી. પરંતુ તેની આવી લાગણીભરી વૃત્તિને તમે જ પોષણ આપતાં હો, ગમે તે વસ્તુ તમારી શક્તિના પ્રમાણમાં દેવા લેવાની તમે છૂટ આપતાં હો, તો પછી મણી એમ કરશે જ નહિ.

હરિભાઇનું પણ એમ જ સમજી લ્યો. હરિભાઇ નિશાળેથી આવે. બાપુને કહે, બાપુ પી આપોને. બાપુ કહેશે, તારા માસ્તરને કહેજે કે મારા બાપુ ઘેર નથી. કોઇ કાંઇ વસ્તુ લેવા આવે. હરિભાઇ કહેશેઃ "બા, આ બબલી ચા લેવા આવી છે; આપને ?" બા કહેશેઃ "કહે કે ચા થઇ રહી છે." જ્યારે ચાનો તો ડબ્બો ભર્યો હોય.

આમ સીધી રીતે નહિ તો આડકતરી રીતે તમે તેને ખોટું બોલતાં શીખવો છો. હરિભાઇ જાણે છે કે બાપુ ઘરમાં એવા કહેવરાવે છે કે "કહેજે તારા માસ્તરને કે મારા બાપુ ઘેર નથી." હરિભાઇ જાણે છે ચાનો ડબ્બો ભર્યો છે છતાં બા કહે છે કે બબલીને કહે કે "ચા થઇ રહી છે."

અને પછી એ પણ બોટું બોલે છે.

મોંઘીબેન

બાળક રીસાય ત્યારે શું કરવું

૧. ધ્યાન ન આપવું.

૨. બાળક રીસાણું છે એમ પોતે કે બીજા કોઇએ ન કહેવું.

૩. એની રીસથી રીસાવું નહિ કે બીજાવું નહિ.

૪. એની રીસથી ગમ્મત પામી હસવું નહિ.

૫. રીસાઇને એક કોર બેઠું હોય ત્યાં સુધી વાંધો લેવો નહિ.

૬. રીસાઇને આપણા કામકાજમાં વચ્ચે આવે કે બીજી ભાંગફોડ ધમપછાડ વગેરે કરવા લાગે તો આઘે ખસી આવવું ને શાંતિથી કહેવું કે "મારી સાથે સીધી રીતે વાત કરવી હોય ત્યારે આવજે; ત્યાં સુધી અહીં બેસ." અવાજમાં ક્રોધ કે બીજ નહિ પણ દૃઢતા તો જોઇએ જ. પોચું પોચું કહીએ તો બાળક માનવાનું નથી.

૭. એક વાર પ્રસંગ ઉભો થયા પછી ઠેઠ સુધી લઇ જવું જોઇએ. પણ બનતાં સુધી બાળક ને આપણે સામસામાં થઇને એનું ધાર્યું થાય કે આપણું થાય તે નક્કી કરવા જેવા પ્રસંગો જ ન આવવા દેવા. યોગ્ય વખતે જરા ધ્યાન રાખીએ તો એમાંથી બચી શકીએ.

૮. જરા તરામાં 'તો કાંઇ નહિ' કરીને રીસાઇને બેસવાની ટેવ પડી હોય એવા બાળકને એ ટેવમાંથી મુક્ત કરવા માટે દૃઢતાથી ધ્યાન ન આપવાનો ઉપચાર સારો છે. બાળક રીસાય એટલે તેની સાથે કોઈ બોલે નહિ, તેની સામે કોઇ જુએ નહિ, તેને કોઇ બોલાવે નહિ, કોઇ મનાવે નહિ, પૂછપરછ કરે નહિ, વઢે નહિ, ટીકા કરે નહિ, ખીજવે નહિ; બધા વ્યવહાર જ બંધ કરવામાં આવે તો આવા એકાદ અનુભવથી બાળક રીસાવાનું છોડી દે છે. તા.

કજીયો પત્યો

નાની શારદા બહુજ કજીયાળી ગણાતી. એક વાર એનો કજીયો શરૂ થાય કે કલાક બે કલાક સુધી ચાલ્યા જ કરે. અને ચાલે ત્યારે ઘરનાં માણસોને ત્રાસ ત્રાસ થઇ જાય. કારણ મોટો ધાંટો કાઢીને હાથ પગ પછાડીને એ ભૂમો પાડતી રડે.

આજ દિવસ સુધી તો રુદ્રરૂપ ધારણ કરી ચૌદમા રત્નના અમલથી એનો કજીયો પતાવવામાં આવતો. તાત્કાલિક પરિણામ સારૂં આવતું પણ સામાન્ય અનુભવ એ હતો કે દિવસે દિવસે શારદા વધારે કજીયાળી થતી જતી હતી ને સાથે સાથે જેને તેને મારી દેવાની ટેવ પણ એનામાં પડવા લાગી હતી. તેથી આડોશ પાડોશના કજીયાઓ ખૂબ આવવા લાગ્યા હતા.

એક દિવસે શારદા ખૂબ કજીયે ચડેલી. તે વખતે તેની ફઇ તેમને ત્યાં મહેમાન આવેલાં. ફઇમા બાળઉછેરમાં કાંઇ મૂઢતા જ વિચાર ધરાવતાં. હમેશ ભાભીને કહેતાં કે છોકરાંને મારવું નહિ, પણ સમજાવવું.

આજે બરાબર લાગ જોઇને શારદાની બાએ તેમને કીધું: "કહો છો ને મારવું નહિ? આ તમારી ભત્રીજીનો કજીયો પતાવો હવે માર્યા વગર. એનું રડવું સાંભળી સાંભળી કાન ફુટી જાય છે."

ફઇએ વિચારી જોયું. રસોડામાં જઈ આમ તેમ જોયું ત્યાં રાતની પડેલી રોટલી દેખાણી. એક છાલીયામાં મૂકી બહાર આવ્યાં. જાણે કે શારદા રડતી જ નથી, જાણે કે કાંઇ કજીયો છે જ નહિ, એવી રીતે તેમણે શારદાને બોલાવીને કહ્યું: "શારદા, જા જોઇએ. પણે કૂતરી વીયાણી છે તેને આ રોટલી ખવરાવી આવ."

શારદાને બહુ જ ગમતું કામ ફઇબાએ કહેલું. જેને માટે જ શારદાને ઘણી વાર કજીયો કરવો પડતો તે રોટલી મેળવવાનું કામ તો સહેજે થઇ ગએલું ને તેની લાડકી મોતીને ખવડાવવાનું કામ તેને માનપૂર્વક સોંપવામાં આવેલું! ઘડીક તો શારદા રડવાનું ભૂલી જ ગઇ. છાલીયું લઇ ઝટ મોતી તરફ દોડી. ખવરાવીને જ્યારે પાછી આવી ત્યારે તેને રડવાનું સાંભર્યું. એટલે ઓશરીમાં છાલીયું પછાડીને ફરીથી રડવા લાગી. તેને લાગતું હતું કે છાલીયું પછાડયું તેથી હમણાં કોઇક વઢશે ને કદાચ મારવાયે આવશે: પણ કાંઇયે બન્યું નહિ તેથી તેને રડવું નિઃસ્વાદ લાગ્યું. ફરીથી છાલીયું ફેંકવા જતી હતી ત્યાં ફઇબા બહાર આવ્યાં.

"કેમ રોટલી ખવરાવી કે મોતીને? જા હવે છાલીયું ઉટકીને બળે ધોઇ આવ. રાખ દઉં કે તારી મેળાએ લઇશ?"

શારદા આગળ એટલાં આકર્ષક કામો આવી

પડ્યાં હતાં કે ફરીથી તેનું રડવાનું તે ભૂલી ગઇ ને સામે પડેલા રાખના ઢગલા તરફ દોડી. અંદર તેની બાનું મન કચું નીચું થતું હતું. "અરે એ તો ધાધરી બગાડશે ને બધું પલાળી દેશે. એવું કામ એને નહિ સોંપતાં. એ કાંઈ સીવી છોકરી છે? કાંઇ ને કાંઇ કરી બેસશે." વગેરે તે બબડતાં જ હતા. નણંદે તેમને શાંત રાખ્યાં: "તમે કજીયો પતાવવાનું મને સોંપ્યું છે ત્યારે હવે તમારાથી વચ્ચે ન પડાય. છાનાંમાનાં જુઓ તો ખરાં."

શારદા અર્ધાએક કલાક પછી સાફ કરેલું છાલીયું ને પલાળેલી ધાધરી હાથમાં લઇ આવી. આવીને ઓશરીમાં લડત માટે તૈયાર થઇને ઉભી રહી. એ માનતી હતી કે હમણાંને કાં તો માર પડશે, કાં તો ગાળો પડશે કે ધાધરી કેમ પલાળી? પાણી કેમ ચુથ્યું વગેરે.

ફઈબા રસોડામાંથી જ બોલ્યાં: "શારદા, પેલું છાલીયું અહીં વાસણ સાથે મૂકી દે ને તારી ધાધરી દોરી ઉપર સુકવી દે. આવડશે કે તને? હાથ ન પહોંચતો હોય તો બુરશી લેજે."

શારદાને બુરશી ઉપર ચડીને દોરી ઉપર ભતે ધાધરી સુકવવાનો વિચાર ચોટલે. ગમ્યો કે તે લડતની વાત બીજી વાર ભૂલી ગઇ. સુકવવામાં એનો ઘણો વખત ગયો. સુકવતાં સુકવતાં ધાધરી બે ત્રણ વાર નીચે પડી તેની બા ગરજવાની તૈયારીમાં હતાં. પણ તેની ફઈએ વાર્યાં. શારદાની દૃષ્ટિએ ધાધરી બહુ જ સરસ ધોવાણી ને સુકવાણી હતી. એની બાની દૃષ્ટિએ ધાધરીના બાર વાગી ગયા હતા.

ફઇબા શારદા માટે પહેરવાનાં બીજાં કપડાં લઇને આવ્યાં. શારદા તેમને બહુ જ વ્હાલથી ભેટી પડી. ભેટવામાં જાણે કૃતજ્ઞતા ન હોય! ફઈબા પાસેથી કપડાં પહેરી લીધાં ને રમવા ગઇ. બે કલાક કજીયો ચાલવાને બદલે બે કલાક સુધી કજીયો મટવાનું કામ ચાલ્યું કહીએ તો ચાલે. પણ તે બે કલાકમાં શારદાને જાણે એક સાચો મિત્ર મળ્યો. તેની ફઇબાને શારદાની કાર્યશક્તિનો નમૂનો દેખાયો. તેની બા આ બનાવમાંથી કાંઇ શીખી કે નહિ કોણ જાણે! ફઇબા હતાં ત્યાં સુધી શારદાનો કજીયો પતી ગયેલો જ હતો. **તા.**

કેટલું કઢંગું

રમણ: "બાપુજી, પેલો કાછીયો તમારી સાથે લડતો હતો શું કામ?"

બાપુજી: "કયાં લડતો હતો?"

રમણ: "અરે, એ તો કેટલો જોરજોરથી રાડો પાડતો હતો. અને તમારી દાઢીયે પકડતો હતો. એ તમારી દાઢીને અડ્યો ત્યારે મને એવો ગુસ્સો આવ્યો હતો કે એક લપડાક મારી દઉં એમ થતું હતું."

બાપુજી: "અરે ગાંડા. ઠીક થયું લપડાક બપડાક ન મારી તે. એ તો આપણો જૂનો કાછીયો. હું હમેશ એને ત્યાંથી જ શાક લઉં છું."

રમણ: "ત્યારે તમે એને વઢતા હતા શું કામ? ને એ પણ સામેથી વઢતો હતો. કેટલાયે લોકો તમારી લડવાડ સાંભળવા ભેગા થયા હતા. હું જરાક મોટો હોત તો કાછીયાને ધોલો બેસાડી દેત"

બાપુજી: "તું આજે પહેલવહેલા જ મારી સાથે આવ્યો બરોને, એટલે તને બબર જ નથી શાક કેમ લેવાય તે. હવે આજે જોયું છે ને! તે ધ્યાનમાં રાખજે."

રમણ: "પણ બાપા શાક લેતાં બાઝવું જોઇએ?"

બાપુ: "અરે મૂરખ, બાઝણ બાઝણ શું કર્યા કરે છે! કોણ કહે છે બાઝતા હતા."

રમણઃ "પણ તમે કહેતા હતા કે બે પૈસા હોય તો જ રીંગણાં લેવાં છે ને પેલો કહેતો હતો કે બે આનાની નીચે હોય જ નહિ. એમાંથી શરૂ થયું. તમે બીજી દુકાને જવા લાગ્યા ને એ તમને ખેંચવા લાગ્યો. ને આખરે રીંગણાં લીધાં ત્યાં સુધી કેટલુંયે ચાલ્યું. મને જ શું પણ બધાંને બાઝાબાઝી લાગી હશે, કેમકે કેટલાય છોકરા જોવા ઉભા હતા."

બાપુઃ "અરે એ તો ભાવ કર્યો કહેવાય. એ બે આને કહે એટલે કાંઇ ભોટ જેમ બે આને લેવાય? મેં કેવી હુશિયારી કરી! એણે બે આનેથી શરૂ કર્યું તો મેં બે પૈસાથી શરૂ કર્યું. ને હું નીકળી જતો હતો એ તો બોટું બોટું; એને જરા તાણવા."

રમણઃ "પણ બાપા તમે બે પૈસાના ત્રણ કર્યા ત્યારે એણે પાંચ પૈસા કહ્યા. ને આખરે તમે કહો ચાર પૈસા ને એ કહે સાડા ચાર પૈસા. એમાં જ કેટલો વખત ગયો.

બાપુઃ "પણ વખત કાઢયા વગર કાંઇ માલ લેવાય છે? માલ સારો ને સસ્તો લાવવામાં જ હુશિયારી છે ને? નહિ તો પેલો આવ્યો હતો લક્ષ્મુભાઇ. તેં જોયું ને? એને કાંઇ આવડે છે? કૉલેજમાં ભણી આવ્યો શા કામનો?"

રમણઃ "પણ બાપા, એ તો એક મિનિટમાં શાક લઇને ચાલતા થયા હો."

બાપુઃ "પણ પૈસાની જગ્યાએ બે પૈસા આપીને ચાલતો થાય એ શા કામનું? ને મેં સાડા ચાર પૈસે રીંગણાં લીધાં ને એણે આઠ પૈસા આપ્યા; એ ને એ જ રીંગણાંના. એમ એક ભાવ બોલ કહીને કાંઇ કાછીયા માને?"

રમણઃ "પણ બાપુ મને તો લક્ષ્મુભાઇનું જ ગમ્યું. ઝટપટ આવ્યા; રીંગણાં જોખાવ્યાં; એક ભાવ કહેવાનું કીધું ને લઇને ગયા."

બાપુઃ "મૂરખ છો મૂરખ. એવું નહિ શીખતો. તને હવે રોજ લઇ જઇશ મારી સાથે. એટલે શાકભાજી લેતાં આવડે."

રમણઃ "પણ કાછીયા જ એક ભાવ ને ખરો જ ભાવ રાખતા હોય તો? બિચારા લક્ષ્મુભાઇને છેતર્યા ને?"

બાપુઃ "એમ ન બને."

[૨]

ગાડી છૂટવાનો વખત થયો હતો. ત્યાં પાસેના બારણા પાસે મોટી લડાઇ જામેલી. પાંચ સાત જણાં એક સાથે ને ઉંચે સાદે બોલતાં હતાં. શું છે તે જોવા મારા જેવા દસ પંદર તો ભેગા થઇ જ ગયા હતા. એમાં મેં પણ માથું ઉંચું કર્યું. એટલે બાઝવાવાળાઓ એકદમ મને પૂછવા લાગ્યા. હું તો નીચે બેસી ગયો. કેમકે એ આઠ જણાનો એકી સાથે બોલવાનો અવાજ આવતો હતો તેમાં મારો અવાજ એક વધારે ભેળવવાની મારી ઇચ્છા ન હતી.

આસ્તે આસ્તે ખબર પડી કે ગાડીમાં બેસવા આવનારે મજુર પાસેથી સામાન ઉપડાવ્યો હતો. મજુર બે આના માગતો હતો. ઉતારૂ તેને એક આનો આપતો હતો. મજુરે પાડોશના એક ઉતારૂને વાત કરી. તે અંદર ભળ્યો. તે જોઇને ઉતારૂએ બીજા સદ્‌ગૃહસ્થની સહાય લીધી. બીજા બે ચાર મજુરો અને બે ચાર ઉતારૂઓ અંદર આપમુશીથી ભળ્યા હતા. સ્ત્રીઓનો તીણો અવાજ-બાસ ગાળો પણ વચ્ચે વચ્ચે સંભળાતી હતી. ભાંપણો

હજી લંબાત પણ ત્યાં ગાડીએ સીટી મારી એટલે દોઢ આને કજીયો પતાવવામાં આવ્યો ને ગાડી ઉપડી.

હું દુઃખી મને વિચાર કરવા લાગ્યો. જરીની પાઘડી પહેરેલા ગૃહસ્થે પેલા મજુરને બે પૈસા વધારે આપ્યા હોત તો તેને કેટલીક ખોટ જાત? પેલા મજુરને તો બે પૈસા બે રૂપીઆની બરાબર છે અને આ માણસ તો બે પૈસા કયાંય નાખી દે એવો છે.

મેં કહ્યું: "ભાઇ, આટલો વખત ગુમાવ્યો ને માથાકુટ કરી તે પહેલેથી જ બે પૈસા વધારે આપી દીધા હોત તો?"

ગૃહસ્થ કહે: "ના ભાઇ, એવું ડહાપણ અમારે નથી જોઇતું. એ કહે એટલું કાંઇ આપી દેવાતું હશે?"

મેં કહ્યું: "પણ છ પૈસા તો તમે આપ્યા, ને એ આઠ માગતો હતો એટલું જ ને? એમાં તમે ને એ કેટલા બધા હેરાન થયા?"

ગૃહસ્થ: "ના ભાઇ; આવા તમારા જેવા અમુજ માણસો એવું ભલે કરે. પણ તમારા જેવા કરે છે તેથી જ અમને એ વધારે સતાવે છે. મૂરખ હોય એ જ એક પૈસાને બદલે બે પૈસા આપે. અમારું શું ગયું? ગાડીમાં બેઠા હતા. જીભ હલાવતાં કાંઇ પૈસા બેસે!"

મેં કહ્યું: "પણ માથું પકાવી લેવું ને વળી બધાના દેખતાં તમાસો થાય તેનું કાંઇ?"

ગાડીના બધા એ ગૃહસ્થની બાજુમાં હતા; ઉપરી મારી જ મસ્કરી ઉડાવવા લાગ્યા. એટલે હું છાનોમાનો ચોપડી કાઢીને વાંચવા લાગ્યો. પાસે કલબલાટ તો ઘણો વખત ચાલ્યા કર્યો હતો. તા.

બાળવાર્તાની શ્રેણીઓ

ચોથી તથા પાંચમી શ્રેણી

બાલવાર્તાની ચોથી શ્રેણીમાં સામાન્યતઃ જેને આપણે સામાજીક વાર્તાને નામે ઓળખીએ છીએ એવી વાર્તાઓ આવી શકે. તે સિવાય યુક્તિની મૂર્ખાઇ વગેરેની વાર્તાઓમાંથી પણ કેટલીએક વાર્તાઓનો સમાવેશ આ શ્રેણીમાં થઇ શકે છે. પણ મોટે ભાગે યુક્તિની વાર્તાઓ વધારે બુદ્ધિગમ્ય હોવાથી તેને પાંચમી શ્રેણીમાં રાખવી પડે છે. સામાજીક વાર્તાઓમાંથી પણ કેટલીએક પાંચમી શ્રેણીમાં આવે. એટલે કે સામાન્યતઃ ચોથી શ્રેણીમાં સામાજીક તેમજ યુક્તિની સહેલી વાર્તાઓ અને પાંચમીમાં તે જ પ્રકારની અઘરી અને લાંબી વાર્તાઓ આવે.

દાખલાથી ઉપરનું કથન વધારે સ્પષ્ટ થશે. "હતું ત્યાં મેલી આવ" "ખેતલીની વાર્તા" "ધી ચોર્યે ધી ચોર્ય સ્વાહા" "કયાં કોરા ભાંગ્યા" "સોનબાઇની વાર્તાઓ" વગેરે ઘણી વાર્તાઓ સામાજીક વિષયોને લગતી છે, પણ બધી એક જ કક્ષાની નથી. "હતું ત્યાં મેલી આવ"ની વાર્તા ટૂંકી છે, ને તેનું વસ્તુ બાળકો જલદી સમજી શકે એવું છે. એમાંનો સાસુ વહુના સંબંધ પરત્વેનો ઉંડો ખ્યાલ અથવા તો ખોંચ બાળકના ધ્યાનમાં ન આવે તો પણ વહુને ખીર ખાવાનું મન થયું, અને દીકરાએ યુક્તિથી સાસુની ગેરહાજરી સાધી વહુને ખીર ખાવાનું સુલભ કરી આપ્યું, એ વાર્તા બાળકો સમજી શકે છે. ખાસ કરીને "હતું ત્યાં મેલી આવ, મને ગરહું વાગ્યું છે. વઉ વઉ વઉ!" એ જોડકણું જરા અભિનય સાથે શિક્ષક બોલે તો એ વાર્તા બાળકોને પ્રિય થાય છે.

અહીં વિષયાંતર કરીને પણ એક વાતનો ઉલ્લેખ કરી લઈએ. આપણી લોકવાર્તાઓમાં ખાસ કરીને જ્યારે સામાજીક વાર્તાઓ આવે છે ત્યારે, તેમાંથી કયા ભાગોને કઇ રીતે બાળકો આગળ મૂકાય તેનો શિક્ષકે ખૂબ વિવેક જાળવવો પડે છે. જેમકે ઉપરની વાર્તાને લડાવતાં લડાવતાં બે છોકરાંઓએ ભેગાં થઇ મોટાંઓથી ચોરીને કાંઇ પણ ખાઇ જવું અથવા કરી બેસવાનું રૂપ આવે તો તે વાર્તા તંદુરસ્ત મટી જાય છે. તેમ જ ભૂત વળગવાનું નાટક વધારે પડતું થાય કે વહેમોનું વાતાવરણ વધી જાય તો પણ ન ચાલે. આવાં ન ઈચ્છવા જેવાં તત્ત્વોને કારણે આ વાર્તાઓ સાવ છોડી જ દેવી કે કેમ એ એક પ્રશ્ન છે; અને ઘણાઓ છોડી દેવાની તરફેણમાં મત આપે તો નવાઇ નથી. છતાં કુશળ શિક્ષક અનિષ્ટ તત્ત્વોને પડદા પાછળ નાખી બીજો ગમતનો ભાગ આગળ લાવી વાર્તાનો ઉપયોગ કરી શકે છે.

ઘરમાં મોન્ટીસોરી

વાળી લેખમાળા બંધ થાય છે. તે પુસ્તક રૂપે પ્રગટ થશે. અગાઉથી નામ લખી મોકલો.

એટલું ખરૂં કે પડદા પાછળ રહેલાં છતાં અનિષ્ટ તત્ત્વો પણ કદાચ બાળકોનાં મન ઉપર કાંઇક અસર તો કરી જ જાય એ સંભવિત છે. પણ બીજી રીતે જો બાળકો માટે સામાજીક તેમજ બૌદ્ધિક તંદુરસ્ત વાતાવરણ હોય તો આવાં તત્ત્વોની અનિષ્ટ અસર રહેતી નથી એવો અનુભવ છે.

આવી વાર્તાઓને હોશિયારીથી વાપરવાની કુશળતા ન હોય તો શિક્ષકે હાથ ઝાલવી નહિ.

આટલું જરા ચેતવણી રૂપે.

હવે શ્રેણીઓ તરફ વળીએ. "હતું ત્યાં મેલી આવ" "ખેતલી" કે "કાળકા માતા" વગેરે સામાજીક વાર્તાઓ તેમના સાદા બનાવો અને બાળકની ઉંમરે તે અનુભવી શકે એવા વસ્તુને લીધે ચોથી શ્રેણીમાં મૂકી શકાય, જ્યારે "સોનબાઇ" અને "ભંગીનો છોકરો" વગેરે વાર્તાઓ પાંચમી શ્રેણીમાં જાય છે. સોનબાઇની ઘણી બરી વાર્તાઓમાં લગ્નનું વસ્તુ એક અથવા બીજા રૂપમાં હોવાથી તે નાનાં બાળકોની કક્ષાની નથી. આપણે કહીએ તો તેઓ સાંભળે અથવા તેમાંનાં જોડકણાં ફરી ફરીથી બોલે એ વાત જૂદી છે. એ જાતની વાર્તાઓ પાંચમી શ્રેણીની એટલે જરા મોટી ઉંમરનાં દસ બાર વર્ષનાં બાળકો માટેની ગણવી જોઇએ.

યુક્તિની વાર્તામાં પણ એ જ જાતના બે ભાગ પડે છે. યુક્તિબાજીમાં કાગડો, શિયાળ કે વાણીયા મુખ્ય ભાગ ભજવે છે. એમાં સામાન્યતઃ કાગડા શિયાળની વાર્તાઓ જરા સહેલી તેથી ચોથી શ્રેણીની અને વાણીઆની અઘરી હોવાથી પાંચમી શ્રેણીની ગણવી. છતાં આ નિયમમાં બે બાજુથી અપવાદ કરવા જેવી વાર્તાઓ તો જડશે જ. તે પ્રમાણે ફેરફાર કરી લેવો ઘટે.

જેમ સામાજીક વાર્તાઓમાં અમુક પ્રકારના હલકાઇ ને સંકુચિત સ્વાર્થ આદિ તત્ત્વોથી ચેતવાનું છે તેમજ યુક્તિબાજીમાં પણ બીજાને પહોંચી વળવાનું ને બીજાથી ખોટી ખાવાનું તત્ત્વ વધી જવાનો સંભવ રહે છે તેનાથી ચેતવું. "કડ કંદોરો ને કાછડી" અથવા "વાણીયા બદાણીયા" વગેરે વાર્તા એ રીતે નિર્દોષ છે. કેમકે ચોર જેવું સંકટ આવી પડ્યા પછી તેમાંથી છૂટવાની યુક્તિ કરવી શ્લાઘ્ય જ છે. પણ "અગે અગે વિપ્ર" અથવા "નંદના કૃષ્ણ ગોવિંદ બોલે" માં બીજાને છેતરીને ફાવી જવાનું તત્ત્વ છે; તે કારણે એ વાર્તા છોડી ન દઇએ તો પણ તે હલકા તત્ત્વ તરીકે વર્ણવવામાં આવે તેની સંભાળ લીધાથી કામ થાય તેમ છે. વાણીયાની હોશિયારી જ વર્ણવવા બેસી જઇએ તો વાણીયાએ કાંઈ ઠીક કર્યાનો ભાસ થાય. જ્યારે લુચ્ચા વાણીયાએ

હજી લંબાત પણ ત્યાં ગાડીએ સીટી મારી એટલે દોઢ આને કજીયો પતાવવામાં આવ્યો ને ગાડી ઉપડી.

હું દુઃખી મને વિચાર કરવા લાગ્યો. જરીની પાઘડી પહેરેલા ગૃહસ્થે પેલા મજુરને બે પૈસા વધારે આપ્યા હોત તો તેને કેટલીક ખોટ જાત? પેલા મજુરને તો બે પૈસા બે રૂપીઆની બરાબર છે અને આ માણસ તો બે પૈસા કયાંય નાખી દે એવો છે.

મેં કહ્યું: "ભાઇ, આટલો વખત ગુમાવ્યો ને માથાકુટ કરી તે પહેલેથી જ બે પૈસા વધારે આપી દીધા હોત તો?"

ગૃહસ્થ કહે: "ના ભાઇ, એવું ડહાપણ અમારે નથી જોઇતું. એ કહે એટલું કાંઇ આપી દેવાતું હશે?"

મેં કહ્યું: "પણ છ પૈસા તો તમે આપ્યા, ને એ આઠ માગતો હતો એટલું જ ને? એમાં તમે ને એ કેટલા બધા હેરાન થયા?"

ગૃહસ્થ: "ના ભાઇ; આવા તમારા જેવા અબુજ માણસો એવું ભલે કરે. પણ તમારા જેવા કરે છે તેથી જ અમને એ વધારે સતાવે છે. મૂરખ હોય એ જ એક પૈસાને બદલે બે પૈસા આપે. અમારૂં શું ગયું? ગાડીમાં બેઠા હતા. જીભ હલાવતાં કાંઇ પૈસા બેસે!"

મેં કહ્યું: "પણ માથું પકાવી લેવું ને વળી બધાના દેખતાં તમાસો થાય તેનું કાંઇ?"

ગાડીના બધા એ ગૃહસ્થની બાજુમાં હતા; ઉકટી મારી જ મશ્કરી ઉડાવવા લાગ્યા. એટલે હું છાનોમાનો ચોપડી કાઢીને વાંચવા લાગ્યો. પાસે કલબલાટ તો ઘણો વખત ચાલ્યા કર્યો હતો. **તા.**

બાળવાર્તાની શ્રેણીઓ

ચોથી તથા પાંચમી શ્રેણી

બાલવાર્તાની ચોથી શ્રેણીમાં સામાન્યતઃ જેને આપણે સામાજીક વાર્તાને નામે ઓળખીએ છીએ એવી વાર્તાઓ આવી શકે. તે સિવાય યુક્તિની મૂર્ખાઇ વગેરેની વાર્તાઓમાંથી પણ કેટલીએક વાર્તાઓનો સમાવેશ આ શ્રેણીમાં થઇ શકે છે. પણ મોટે ભાગે યુક્તિની વાર્તાઓ વધારે બુદ્ધિગમ્ય હોવાથી તેને પાંચમી શ્રેણીમાં રાખવી પડે છે. સામાજીક વાર્તાઓમાંથી પણ કેટલીએક પાંચમી શ્રેણીમાં આવે. એટલે કે સામાન્યતઃ ચોથી શ્રેણીમાં સામાજીક તેમજ યુક્તિની સહેલી વાર્તાઓ અને પાંચમીમાં તે જ પ્રકારની અઘરી અને લાંબી વાર્તાઓ આવે.

દાખલાથી ઉપરનું કથન વધારે સ્પષ્ટ થશે. "હતું ત્યાં મેલી આવ" "બેતલીની વાર્તા" "ધી ચોર્યે ધી ચોર્ય સ્વાહા" "કયાં કોશ ભાંગ્યો" "સોનબાઇની વાર્તાઓ" વગેરે ઘણી વાર્તાઓ સામાજીક વિષયોને લગતી છે, પણ બધી એક જ કક્ષાની નથી. "હતું ત્યાં મેલી આવ"ની વાર્તા ટૂંકી છે, ને તેનું વસ્તુ બાળકો જલદી સમજી શકે એવું છે. એમાંનો સાસુ વહુના સંબંધ પરત્વેનો ઉંડો ખ્યાલ અથવા તો ખેંચ બાળકના ધ્યાનમાં ન આવે તો પણ વહુને ખીર ખાવાનું મન થયું, અને દીકરાએ યુક્તિથી સાસુની ગેરહાજરી સાધી વહુને ખીર ખાવાનું સુલભ કરી આપ્યું, એ વાર્તા બાળકો સમજી શકે છે. ખાસ કરીને "હતું ત્યાં મેલી આવ, મને ઝરડું વાગ્યું છે. વઉ વઉ વઉ!" એ જોડકણું જરા અભિનય સાથે શિક્ષક બોલે તો એ વાર્તા બાળકોને પ્રિય થાય છે.

અહીં વિષયાંતર કરીને પણ એક વાતનો ઉલ્લેખ કરી લઈએ. આપણી લોકવાર્તાઓમાં ખાસ કરીને જ્યારે સામાજીક વાર્તાઓ આવે છે ત્યારે, તેમાથી કયા ભાગોને કઇ રીતે બાળકો આગળ મૂકાય તેનો શિક્ષકે ખૂબ વિવેક જાળવવો પડે છે. જેમકે ઉપરની વાર્તાને લડાવતાં લડાવતાં બે છોકરાંઓએ ભેગાં થઇ મોટાંઓથી ચોરીને કાંઇ પણ ખાઇ જવું અથવા કરી બેસવાનું રૂપ આવે તો તે વાર્તા તંદુરસ્ત મટી જાય છે. તેમ જ ભૂત વળગવાનું નાટક વધારે પડતું થાય કે વહેમોનું વાતાવરણ વધી જાય તો પણ ન ચાલે. આવાં ન ઈચ્છવા જેવાં તત્ત્વોને કારણે આ વાર્તાઓ સાવ છોડી જ દેવી કે કેમ એ એક પ્રશ્ન છે; અને ઘણાઓ છોડી દેવાની તરફેણમાં મત આપે તો નવાઇ નથી. છતાં કુશળ શિક્ષક અનિષ્ટ તત્ત્વોને પડદા પાછળ નાખી બીજો ગમ્મતનો ભાગ આગળ લાવી વાર્તાનો ઉપયોગ કરી શકે છે.

ઘરમાં મોન્ટીસોરી

વાળી લેખમાળા બંધ થાય છે. તે પુસ્તક રૂપે પ્રગટ થશે. અગાઉથી નામ લખી મોકલો.

એટલું ખરું કે પડદા પાછળ રહેલાં છતાં અનિષ્ટ તત્ત્વો પણ કદાચ બાળકોનાં મન ઉપર કાંઇક અસર તો કરી જ જાય એ સંભવિત છે. પણ બીજી રીતે જો બાળકો માટે સામાજીક તેમજ બૌદ્ધિક તંદુરસ્ત વાતાવરણ હોય તો આવાં તત્ત્વોની અનિષ્ટ અસર રહેતી નથી એવો અનુભવ છે.

આવી વાર્તાઓને હોશિયારીથી વાપરવાની કુશળતા ન હોય તો શિક્ષકે હાથ ઝાલવી નહિ.

આટલું જરા ચેતવણી રૂપે.

હવે શ્રેણીઓ તરફ વળીએ. "હતું ત્યાં મેલી આવ" "ખેતલી" કે "કાળકા માતા" વગેરે સામાજીક વાર્તાઓ તેમના સાદા બનાવો અને બાળકની ઉંમરે તે અનુભવી શકે એવા વસ્તુને લીધે ચોથી શ્રેણીમાં મૂકી શકાય, જ્યારે "સોનબાઇ" અને "ભંગીનો છોકરો" વગેરે વાર્તાઓ પાંચમી શ્રેણીમાં જાય છે. સોનબાઇની ઘણી બધી વાર્તાઓમાં લગ્નનું વસ્તુ એક અથવા બીજા રૂપમાં હોવાથી તે નાનાં બાળકોની કક્ષાની નથી. આપણે કહીએ તો તેઓ સાંભળે અથવા તેમાંનાં જોડકણાં ફરી ફરીથી બોલે એ વાત જુદી છે. એ જાતની વાર્તાઓ પાંચમી શ્રેણીની એટલે જરા મોટી ઉંમરનાં દસ બાર વર્ષનાં બાળકો માટેની ગણવી જોઇએ.

યુક્તિની વાર્તામાં પણ એ જ જાતના બે ભાગ પડે છે. યુક્તિબાજીમાં કાગડો, શિયાળ કે વાણીયા મુખ્ય ભાગ ભજવે છે. એમાં સામાન્યતઃ કાગડા શિયાળની વાર્તાઓ જરા સહેલી તેથી ચોથી શ્રેણીની અને વાણીઆની અઘરી હોવાથી પાંચમી શ્રેણીની ગણવી. છતાં આ નિયમમાં બે બાજુથી અપવાદ કરવા જેવી વાર્તાઓ તો જડશે જ. તે પ્રમાણે ફેરફાર કરી લેવો ઘટે.

જેમ સામાજીક વાર્તાઓમાં અમુક પ્રકારના હલકાઇ ને સંકુચિત સ્વાર્થ આદિ તત્ત્વોથી ચેતવાનું છે તેમજ યુક્તિબાજીમાં પણ બીજાને પહોંચી વળવાનું ને બીજાથી ખોટી ખાવાનું તત્ત્વ વધી જવાનો સંભવ રહે છે તેનાથી ચેતવું. "કડ કંદોરો ને કાછડી" અથવા "વાણીયા બકાણીયા" વગેરે વાર્તા એ રીતે નિર્દોષ છે. કેમકે ચોર જેવું સંકટ આવી પડ્યા પછી તેમાંથી છૂટવાની યુક્તિ કરવી શ્લાઘ્ય જ છે. પણ "અગ્રે અગ્રે વિપ્ર" અથવા "નંદના કૃષ્ણ ગોવિંદ બોલે" માં બીજાને છેતરીને ફાવી જવાનું તત્ત્વ છે; તે કારણે એ વાર્તા છોડી ન દઇએ તો પણ તે હલકા તત્ત્વ તરીકે વર્ણવવામાં આવે તેની સંભાળ લીધાથી કામ થાય તેમ છે. વાણીયાની હોશિયારી જ વર્ણવવા બેસી જઇએ તો વાણીયાએ કાંઈ ઠીક કર્યાનો ભાસ થાય. જ્યારે લુચ્ચા વાણીયાએ

બિચારા બ્રાહ્મણને ને ભોળા ભાવાને છેતર્યા વગેરે રીતે યોગ્ય જગ્યાએ યોગ્ય વિશેષણથી આપણે યુક્તિને વખાણી અથવા વખોડી શકીએ છીએ.

આ પ્રમાણે આ બાલવાર્તાઓમાં પાંચેક શ્રેણીઓ પડે છે. બાળક લગભગ બે ત્રણ વરસથી વાર્તા સાંભળવા માગે છે. ત્યારથી શરૂ કરીને લગભગ ૧૦/૧૨ વરસની ઉંમર સુધીનાં બાળકોને માફક આવે એવી વાર્તા બાલવાર્તાઓ તરીકે છાપવામાં આવી છે.

ઘર કે શાળામાં વાર્તા કહેતી વખતે આ શ્રેણીઓનો સામાન્ય ખ્યાલ કહેનારે આગળ અવશ્ય હોવો જોઇએ. **તા.**

રાજારામ વાર્તા કહેતા હતા

રાજારામ વાર્તા કહેતા હતા. વર્ગના છોકરાઓ આસપાસ ગોઠવાઇ સાંભળતા હતા. વાર્તા કહેવાનું થોડા જ વખતથી શાળામાં દાખલ કરવામાં આવ્યું હતું. બાતાના ઉપરી નવા આવ્યા હતા અને તેમને આવું નવું નવું કરવાનો ખૂબ શોખ હતો.

શિક્ષકોને વાર્તા આવડતી નહિ પણ કહેવી પડતી, વાર્તાની બહાર પડેલી ચોપડીઓમાંથી તેઓ વાર્તા વાંચી લાવે ને પછી કહે.

વાર્તા ચાલતી હતી દરમ્યાન રતિલાલ વારે વારે વાતો કરતો હતો. તે જરાયે ધ્યાન આપતો ન હતો. વાતો કરવાની ના કહી એટલે તેણે ટોપી હાથમાં લઇ તેને હળુ હળુ ઉડાડવા માંડી. તે અટકાવ્યું એટલે તેણે કાગળની ગોળીયો કરવા માંડી. તે અટકાવ્યું એટલે તે સળવળ સળવળ કરવા માંડ્યો ને આજુબાજુનાઓનું ધ્યાન ખેંચવા માંડ્યો.

રાજારામને એક તો વાર્તા કહેતાં ન આવડે ને. એમાં આ છોકરો વચ્ચે વચ્ચે વિક્ષેપ પાડે એટલે તેને ગુસ્સો આવ્યો અને તે છોકરાને વર્ગમાંથી બહાર કાઢયો. "રતિલાલ તું વર્ગમાંથી બહાર જા."

રતિલાલ વર્ગમાંથી બહાર જાણે કે રાજીખુશીથી ગયો. બહાર જઇ તે રસ્તા પર દોડતાં વાહનો જોવા લાગ્યો. એક લીમડાની ડાળે કાગડો કા કા કરતો હતો તે સાંભળવા લાગ્યો. પણ છતાં તેનું ધ્યાન વર્ગમાં ચાલતી વાર્તા તરફ હતું. વાર્તા પૂરી થઇ એટલે તે વર્ગ તરફ વળ્યો. એ વાર્તા પછી રાજારામે બીજી વાર્તા શરૂ કરી હતી. રતિલાલે બારણા પાસે જઇને કહ્યું: "અંદર આવું?" શિક્ષકે કહ્યું: "નહિ જ; તને વર્ગ બહાર કર્યો છે."

"પણ મારે આ નવી વાર્તા સાંભળવી છે."

શિક્ષક: "એટલે?"

રતિલાલ: "મારે અંદર આવવું છે."

શિક્ષક: "પણ તું તો વર્ગ બહાર છો. તોફાન કરતો હતો એટલે મેં તને બહાર કાઢયો છે."

રતિલાલ: "ના જી, હું તોફાન કરતો જ ન હતો."

શિક્ષક: "ત્યારે?"

રતિલાલ: "એ તો તમે કહેતા હતા તે વાર્તા મેં વાંચી હતી. તમે કહેતાં કહેતાં થોડું ક ભૂલી પણ જતા હતા. મને સાંભળવી નહોતી ગમતી."

શિક્ષક: "એટલે?"

રતિલાલ: "એટલે મને નહોતું ગમતું. મને કંટાળો આવતો હતો."

શિક્ષકઃ "પણ તું સલપલ કરતો હતો ને ટોપી ઉડાડતો હતો."

રતિલાલઃ "પણ કઈ ન ગમે ત્યારે એમ થતું હશે."

શિક્ષકઃ "ત્યારે હવે વર્ગ બહાર રહેવું પડશે."

રતિલાલઃ "પણ હવે તો વાર્તા ગમશે. વાર્તા નવી છે. મારે તે સાંભળવી છે, અને અંદર આવવા દો."

શિક્ષકઃ "પણ તને વર્ગ બહાર કર્યો હતો."

રતિલાલઃ "તે સારું કર્યું હતું. બહાર મને મજા પડી. ગાડીઓ ને રેકડીઓ જોવાની લહેર પડી."

શિક્ષકઃ પણ મે તો તને શિક્ષા કરી હતીઃ વર્ગમાંથી બહાર રહે ની."

રતિલાલઃ "એમાં શિક્ષા શેની ? મને વર્ગમાંથી બહાર કાઢયો ન હોત તો હુ મારી મેળાએ જાત. મને વાર્તા ન ગમે તે શું કામ સાંભળુ ?"

શિક્ષકઃ "ત્યારે હવે તને શિક્ષા કરું છું. તને વાર્તા સાંભળવી ગમે છે તેથી અંદર આવવા નહિ દઉ."

રતિલાલઃ "પણ એવું કાંઇ હોય ? ગમતી વાર્તા તો સાંભળવા દેવી જોઇએ ના વાર્તા કહો છો તો પછી શું કામ ન સાંભળવી ? વાર્તા ગમે ત્યારે વર્ગમાં ને ન ગમે ત્યારે બહાર."

શિક્ષકઃ "ના, એવું ન ચાલેઃ ઘડીકમાં બહાર અને ઘડીકમાં અંદર. વાર્તા સાંભળવી હોય તો તો અંદર જ એમવું પડે."

રતિલાલઃ "તો અંદર બેસીશું. નવી વાર્તા સાભળશુ ને જૂની આવશે ત્યારે અથવા નહિ ગમે એવી આવશે ત્યારે કંટાળો આવશે તો..."

શિક્ષકઃ "તો સલપલ નહિ થાય. ચૂપચાપ હલ્યા ચલ્યા વિના બેસવું પડશે."

રતિલાલઃ "તો તો કેમ બેસાય ? પણ હવે અંદર તો આવવા દો. અમારે આ નવી વાર્તા સાભળવી છે. વળી ન ગમે એવી વાર્તા આવે ને કંટાળીએ ત્યારે બહાર કાઢજો, પછી છે કાંઇ! ન ગમે ત્યારે બહાર કાઢવા અને ગમે ત્યારે અંદર લેવા એવું તો હોય જ ના. હું તો અંદર આવું છુ."

રતિલાલની દલીલો, તેના મનની સાફાઇ, વાર્તાનો રસ, તેના કહેવામાં રહેલું સત્ય બધું શિક્ષક સમજી શકયા હતા. તે હસી પડ્યા બોલ્યુંઃ "રતિલાલ, આમ આવ, અંદર આવ. હવેથી આપણે એવો નિયમ કરો કે જો વાર્તા સાંભળવી ન ગમે તો ઉઠીને ઉભા થઇને ધીમેથી ચાલ્યા જવું અને ગમે તો સાંભળવી."

રતિલાલઃ "તો તો બહુ સારું. તમારે કોઇને વર્ગ બહાર કાઢવા જ ન પડે. એની મેળાએ જશે ને આવશે."

શિક્ષકે નવી વાર્તા માંડી ને સૌ સાંભળવા બેઠા. તા.

બે શાળાઓની મુલાકાતો

(૨)

એક વાર હું એક કન્યાશાળામાં ગયો. ૪૦ થી ૫૦ છોકરીઓના એક વર્ગના શિક્ષકને પૂછ્યુંઃ "આ આટલી બધીને શી રીતે સાચવો છો ?" તેણે કહ્યુંઃ 'એમાં શું ? એક તો એ છોકરીઓ છે, અને જરાક આંખ કાઢી કે એકાદને જરાક હાથ અડાડ્યો એટલે ચૂપ! પછી ભાર છે આખા વર્ગમાંથી કોઇ ગડબડ કરે કે

ચૂંચાં કરે!"

શિક્ષકે જ્યારે પોતાના વર્ગના આવા સારા બંદોબસ્ત વિષે કહ્યું ત્યારે તે મલકાતા હતા.

પણ મેં કહ્યું: "પણ એ તો બીકને લીધે એ બંદોબસ્ત જળવાય છે. હમણાં બીક ન હોય તો બબર પડે!"

શિક્ષક કહે: "પણ એમ બીક ન બતાવીએ તો ચાલે જ કેમ? આ બાર બાપની વેજ શાળાને માથે જ લે ના?"

"પણ તમે માનો છો કે આમ છોકરીઓ બરેબર વ્યવસ્થિત થાય છે? તેઓ સાચેસાચ શાન્તિથી બેસનારી, હૂકમને માનનારી અને ગડબડ ન કરનારી થાય છે?"

"તે હું નથી જાણતો. મારે તો મારા વર્ગની વ્યવસ્થાનું કામ. ઘેર જઈને ફાવે તેમ કરે. મારા વર્ગમાં હું વ્યવસ્થા ન જાળવું તો ભણાવવું જ આકરું થઈ પડે. અને ભણાવવા માટે મારી વ્યવસ્થા રાખવાની રીત સારી છે એવી મારી બાત્રી છે."

(૨)

એક વાર હું એક બાળશાળામાં ગયો. ૩૦ થી ૪૦ છોકરાંઓ શાન્તિથી, વ્યવસ્થાથી હરતાં ફરતાં અને કામકાજ કરતાં જોઈ મેં શિક્ષકને પૂછ્યું: "આ પાણીના રેલા જેવાં બાળકોને તમે શી રીતે સાચવો છો? આ એક એક બાળક એક એક શિક્ષકને રોકે એવું હોય છે. ઠોંઠપલી કેવીક કરવી પડે છે? ફોસલાવવાં ઠીક પડતાં હશે.

શિક્ષકે કહ્યું: "અમે આંખ કાઢવામાં કે મારવામાં કે ફોસલાવવામાં માનતા જ નથી. બરી રીને છોકરાંઓ તોફાની જ નથી. તેઓ પાણીના રેલાઓ જેવાં છે એમ કહીએ તો પણ તે રેલાઓ છે માટે જ તેમનામાં બળ છે, ને માટે જ તેઓને સ્વયંવ્યવસ્થિત કરી શકાય છે. અહીં બમારે ત્યાં બાળકને માટે તેને બાફકસરની પ્રવૃત્તિઓ ગોઠવી છે. જેને જે ગમે તે કરે છે, ને જ્યારે ગમે ત્યારે કરે છે. મન ગમતા કામમાં દરેક બાળક રોકાયેલું રહે છે. પછી તે રખડવા રઝળવા કે મસ્તી કરવા નવરું થતું જ નથી. અને જ્યારે કામ કરી નવરું પડે છે ત્યારે તે ઉલટું આનંદથી બીજા સાથે હળે મળે છે ને ગમ્મત ઉડાવે છે. બાળકો એક હારમાં બેસી રહે અને હરે ફરે નહિ ને ચૂપચાપ ભણતર ભણ્યા કરે તેને હું વ્યવસ્થા નથી કહેતો." ગિ.

મોન્ટીસોરી સંમેલન

અમદાવાદમાંથી શારદામંદિરે મોન્ટીસોરી બીજા સંમેલનને આમંત્રણ આપ્યું છે. બીજું સંમેલન અમદાવાદને આંગણે એપ્રીલ માસમાં ભરાશે.

આ સંમેલન એટલે આપણો સૌનો એક ઉત્સવ. મોન્ટીસોરી સંઘના સભાસદો આ સાંભળી રાજી થશે. જેઓ આ સંમેલનમાં ભાગ લેવા ખુશી હોય તેઓ અવશ્ય આવે.

વ્યવસ્થાના નિયમો માટે નીચેને ઠેકાણે પૂછાવશો:—

શ્રી. મંત્રી: દ્વિતીય મોન્ટીસોરી સંમેલન
શારદામંદિર: **સરખેજ રોડ: અમદાવાદ**

છૂટી પછી બેસાડી મૂકયો

મહેતાજી પાઠ લેના માંડ્યા અને રમણને પાઠ ન આવડ્યો.

રમણ આગલી રાતે મહેમાન સાથે સિનેમા જોવા ગયો હતો અને સવારે મોડું ઉઠાયું એટલે પાઠ ન થયા.

મહેતાજી શિક્ષણશાસ્ત્ર ભણ્યા હતા. 'પાઠ નહિ કહી લાવનારને શાળાના વખત પછી બેસાડી રાખવા જોઇએ. આથી તેમને કંટાળો આવશે ને બીજે દિવસ પાઠ કરી લાવશે.' આ સૂત્રને મહેતાજીએ અમલમાં મૂકયું.

શાળા બંધ થઇ ત્યાં મહેતાજીએ કહ્યું: "રમણે એક કલાક શાળામાંથી મોડા જવું. પટાવાળાએ ત્યાં સુધી રોકાવું. રમણ નાસી ન જાય તે જોવું."

રમણને એક કલાકની કાચી જેલ મળી.

એમ તો રમણ હુશિયાર હતો. તેને પાઠ આવડતા હતા. આજે પણ પાઠ કરવાની નવરાશ મળી હોત તો પાઠ કરી જ લાવત. પણ એકાદ દિવસ ન બન્યું માટે શાસ્ત્રાનુસાર તેને સજા મળી.

મહેતાજી ગયા. છોકરાઓ પણ ગયા. રમણ એકલો રહ્યો.

ઘેર મહેમાનના છોકરાઓ તેની રાહ જોઈ રહ્યા હશે તે યાદ આવ્યું. આજે તેઓ સૌ તળાવ જોવા જવાના હતા. તળાવ જોવાનો વખત થઇ ગયો હતો.

રમણની પાસેથી ફટલાયે નિશાળીઆઓ રમવાના મેદાન તરફ ગયા. રમણ તેમના તરફ જોઇ રહ્યો. ઉઠીને તેને સાથે જવાનું મન થયું પણ પટાવાળાને તેણે દેખ્યો.

રમણ વારેવારે ઘડીયાળ જોતો હતો. કયારે કલાક પૂરો થાય અને છૂટું. મહેમાનો ફરવા ચાલ્યા ગયા હોય તો છેવટે શેરીમાં જઇને રમુ. નહિતર માતાજીના મંદિર જઇને આજે થવાની શોભા કરવામાં ભાગ લઉ. રમણને માતાજીનાં તોરણો ને શણગાર કરતાં આવડતું ને તે વારવાર કરતો.

રમણ મનમાં મનમાં માસ્તર પર ખીજતો હતો. તે કહે: "કેવો ગંદો માસ્તર! કેવો તાણીને બોલે છે! ચાલતાં તો આવડતું જ નથી. પાઘડી તો ભૂંડી ભૂખ જેવી પહેરે છે!"

બબડી બબડીને થાકયો એટલે તેણે પાટીમાં એક ચીતર કાઢયું–એક માણસનું. એક આંખે બાડો ને એક હાથ વિનાનો. પછી તેણે તેની નીચે લખ્યું: "આ હરિયો કાણો ને બાડો." પછી તે બોલ્યો: "હરિયો કાણો; હરિયો બાડો."

હરિશંકર તેના મહેતાજીનું નામ હતું.

પછી તેણે પાટીમાં થૂ થૂ કરી થૂકયું ને માસ્તરને ભૂંસી નાખ્યો.

માંડ માંડ વીસ મિનિટ ગઇ હતી. તે વિચાર કરવા લાગ્યો. "શું કામ મને રોકયો? લેસન તે કેવી રીતે કરી લવાય? માસ્તર સિનેમા જોવા જાય ને પછી બીજે દિવસ પાઠ કરી લાવે જોઇએ? એનો છોકરો જ્યારે જાય છે ત્યારે એ તો પાઠ નથી કરી લાવતો. ત્યારે તો માસ્તર કહે છે: 'ઠીક, કાલે બધું ભેગું કરી લાવજે.' માસ્તર કહે તો આઠ દહાડાનું ભેગું લેસન કરી લાવું. મને કયાં નથી આવડતું. આ મહિનામાં તો હું બીજે નંબરે રહ્યો છું."

રમણ કંટાળવા લાગ્યો. તેણે ચોપડી કાઢીને ફેંકી દીધી. "જા, નથી ભણવું. તને ભણું તો જ લેસન કરવાં પડે ને. કાલથી નિશાળે જ ન આવું. ઉડી જ જાઉં. ભલે બાપા મારે. બધા કયાં ભણે છે? છેવટે આફ્રિકા જઇશ."

રમણને કંઇ ગમતું ન હતું. તેણે પથરા ભંગા કર્યા ને જાળી પર ફેંકવા માંડ્યા. પટાવાળાએ આવી અટકાવ્યો એટલે વળી શાન્ત થઇને બેઠો.

ઘડીયાળમાં ૫ ને ૩૫ મિનિટ થઇ હતી. હજી ઘણી મિનિટો બાકી હતી.

રમણે નાસી જવાનો વિચાર કર્યો. હળુહળુ ચાલી જાળી પાસે આવ્યો ને નીચે થઈ જવા જતો હતો ત્યાં પટાવાળાએ કાન પકડ્યો. "હં, ભાગી જવું છે?"

રમણ પાછો શાળાને ઓટલે આવી બિરાજ્યો.

પટાવાળાએ કહ્યું: "એલા શું કરે છે?"

તે કહે: "કંઇ નહિ. એ તો અમસ્થું."

મનમાં કહે: "એ તો હરિયાને દાટ્યો."

છ માં પાંચ મિનિટ હતી. હવે હમણાં છૂટાશે. રમણની આંખમાં તેજ આવ્યું. ચહેરો ઝગઝગી ઉઠ્યો. ચોપડાં હાથમાં લીધાં ને છના ટકોરા થતા હતા ત્યાં તો દોડીને શાળામાંથી રસ્તા ઉપર ને ત્યાંથી ઘર ભેગો થઇ ગયો.

મહેતાજીએ રમણને કાયદેસર શાસ્ત્રાનુસાર શાળામાં રોકયો હતો. પણ રમણે શું કર્યું તે આપણે જોયું. તેને સજા થઇ? તેને શીખામણ મળી? તેનો ભણવા ઉપર પ્રેમ વધ્યો?

શિક્ષક તરફ તેની કેવી લાગણી થઇ? બીજે દિવસ પાઠ બરાબર કરી લાવે તે માટે આ કર્યું કે પાઠ ન કરી લાવે તે માટે? પાઠ તો કરી લાવ્યો જ ન હતો. તે વાત ગઇ ગૂજરી હતી. બીજે દિવસ પાઠ ન કરી લાવવાનું કંઇ કારણ ન હતું. ત્યારે શા માટે નાહકનો એને પરહેજ કર્યો? આપણે હરિભાઇને અને શિક્ષણશાસ્ત્રને આનો જવાબ પૂછીએ.

ગિ.

આભાર અને ક્ષમા

ત્રીજું વર્ષ પૂરું થાય છે. આપ સૌએ અમને જે મદદ આપી તે માટે આપ સૌનો આભાર. આપની સેવા કરતાં જે જે ઉણપો રહી ગઈ હોય તે માટે અમે આપની ક્ષમા યાચીએ છીએ.

આપણે સૌ ચોથું વર્ષ નિર્વિઘ્ને પસાર કરવા તૈયાર થઇએ.

વાર્ષિક લવાજમ રૂા. એક. | લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

ભેટ અંક

શિક્ષણ પત્રિકા વર્ષ ત્રીજું

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

આ અંકની સામગ્રી

રામજીમંદિર | ધ્રુવડ
સુસવતો શિયાળો
નાનકો સુરદાસ
બાંગ પડે | રમત
તીળગુળ | લીમડી
ઇ દિ'તો ગ્યા! | નવાં વરતો
મોતીની કાળી
અંધેરીનગરી ને ગંદુરાજા

વસંત આવી

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
કોયલ ગાન, કંઠે તાન,
આંબે મોર, લીમડે કોર,
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
પાછળ પાછળ દેતી આવી
તાઢી તાઢ, સૂ સૂ વાત,
દુંકા દહાડા, લાંબી રાત,
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
ઝાડે પાન, ડાળે પાન,
ફુલે વાસ રમે રાસ
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
પાછળ પાછળ દેતી આવી
સુકાં પાન, ઘરડાં પાન,
તાઢી ધરતી, તાદું કરતી,
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
કેસુડાંનો કેસરી રંગ,
લાલ ગુલાબી ઉડે રંગ,
વસંત આવી! વસંત આવી!

પ્રિય દોસ્તો,

આપણે તમને દર વર્ષે એક જ વાર મળીએ છીએ. અને તે આ ભેટ અંક દ્વારા જ. તમારાં માતપિતાને જેમ દર માસે મળીએ છીએ તેમ જ તમને દર માસે મળવાનું અમારૂં ભાગ્ય હોત તો જરૂર આનંદ થાત. પણ હમણાં તો આપણે આટલાથી જ સંતોષ માનીએ.

કેમ કહો તો ખરા કે તમને આવા ભેટ અંકો કેવાક ગમે છે ? આટલા પાતળા અંકને બદલે તમને દળદાર અંક મળે તો રાજી થાઓ કે નહિ ?

બીજું તો ઠીક, પણ કોઈ કોઈ વાર કાગળ પત્ર લખી કામકાજ લખતા રહેજો. વર્ષે દહાડે એક વાર ઓળખ્યા પછી અમને ભૂલી ના જતા.

લિ. રામરામ, સાહેબજી, સલામ, જય જય.

કોના ?

ગિજુભાઈ અને તારાબેનના

શ્રીસરસ્વતી છાપખાનું, ભાવનગર

આ અંકનો વધારો.

દ્વિતીય મોન્ટીસોરી સંમેલન

પત્રિકા બીજી

લગભગ દશ વર્ષ થયાં ગૂજરાતમાં મોન્ટીસોરી પદ્ધતિનો પ્રચાર થવા માંડ્યો છે; છતાં સામાન્ય પ્રજાવર્ગમાં અને શિક્ષિતવર્ગમાં પણ તેને વિષે ખૂબ અજ્ઞાન જોવામાં આવે છે. સામાન્ય પ્રજાજને તો 'મોન્ટીસોરી' નું નામ પણ સાંભળેલું નથી હોતું. કેટલાકે માત્ર અર્થ વિનાનું નામ જ સાંભળ્યું હોય છે. મોન્ટીસોરી શાળાનાં બાળકોના વાલીઓનો કેટલોક ભાગ આ પદ્ધતિને નાનાં બચ્ચાંને રમાડવાની અને મજા કરાવવાની પદ્ધતિ માને છે અને કેટલોક ભાગ તેમને વહેલાં વહેલાં ભણાવી ગણાવી પોપટ બનાવી દેવાની પદ્ધતિ માની લે છે. શિક્ષિતજન અને શિક્ષકોનો મોટો સમુદાય વળી મોન્ટીસોરી એટલે કિન્ડરગાર્ટન અથવા એના જ જેવી નાનાં બાળકોને ગમ્મત સાથે. જ્ઞાન આપવાની એક પદ્ધતિ છે એમ માની લે છે. આથી કોઇ કોઇ શિક્ષણ. પદ્ધતિ–શાળાઓમાં કિન્ડરગાર્ટન, ફ્રોબલ અને બીજી અનેક બાલશિક્ષણ પદ્ધતિઓનાં સાધનો સાથે મોન્ટીસોરી સાધનોનો બીચડો કરી ઉત્તમ પદ્ધતિ નિર્માણ કર્યાનો સંતોષ મનાતો જોવામાં આવે છે. મોન્ટીસોરી પદ્ધતિ વિષેની આવી અજ્ઞાનમૂલક પરિસ્થિતિમાં અને જ્યારે મોન્ટીસોરી સંમેલન ભરવાનો સમય આવ્યો છે ત્યારે તો બાલ–કેળવણીની આ વિશિષ્ટ પદ્ધતિનો સ્પષ્ટ ખ્યાલ આપવાની ખાસ જરૂર જણાય છે.

શી રીતે જળવાય, સમયયંત્ર વિના કામ શી રીતે થાય, વ્યક્તિગત શ્રક્ષણ કેવી રીતે યોજાય, શિક્ષણની નોંધ કેમ રખાય, શાળાનું વાતાવરણ કેમ રચાય, બાળકો તરફ શિક્ષકોની કઇ દૃષ્ટિ હોય–આવી આવી અનેક શિક્ષકોપયોગી બાબતોનો વિચારવિનિમય થશે.

બાળકોનાં ખોરાક, પોષાક, રાચ કેવાં હોવાં જોઇએ, ઘરમાં બાળકનું શું સ્થાન હોય, તેના વિકાસ માટે ઘરમાં શું શું થઈ શકે, તેમની ટેવો કેમ બંધાય છે, બાળક પ્રતિ માબાપની દૃષ્ટિ અને વર્તન કેવાં હોવાં જોઇએ, શાળાઓ સાથે માબાપોએ શો સહકાર સાધવો જોઇએ, નોકરો સાથે બાળકોને કેટલાં ભેળવવાં, જક્કી, કજીયાળાં, બાઉધરાં, સુસ્ત અને એવી અનેક કુટેવવાળાં બાળકોને કેમ સુધારવાં વગેરે માબાપોને અતિ ઉપયોગી બાબતો પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન થશે.

મોન્ટીસોરી સંમેલન પછીના બે દિવસોમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી છાત્રાલય સંમેલન પણ મળનાર છે. જ્યાં છાત્રાલયના અનેક કૂટ પ્રશ્નોની રસભરી ચર્ચા થશે.

ગુજરાતનાં શિક્ષણરસિક નરનારીઓ આ જ્ઞાનસત્રનાં લહાણાં લેવા દેવા અમદાવાદને આંગણે જરૂર પધારશે. અમારાં ભાવભર્યાં આમંત્રણ કોણ ઠેલશે ?

વસંતપંચમી સં. ૧૯૮૫
શારદામંદિરઃ અમદાવાદ

ભોગીલાલ ત્રિ. ઠાકર
રણછોડલાલ અમૃતલાલ
મંત્રીઓઃ સંમેલન સમિતિ

શ્રીસરસ્વતી છાપખાનું, ભાવનગર

આમંત્રણ

જણાવતાં ખુશી થઇએ છીએ કે દ્વિતીય મોન્ટીસોરી સંમેલન અમદાવાદમાં શ્રીશારદામંદિરમાં આવતા ફાગણ માસમાં ભરવાનું નક્કી કર્યું છે. ચોકસ તારીખો હવે પછી જણાવવામાં આવશે.

આપ સા ભાઇબ્હેનો આ પ્રસંગે પધારી સંમેલનના કામકાજને શોભાવશો.

આ પ્રસંગે સામાન્ય રીતે નીચે જણાવેલો કાર્યક્રમ રહેશે.

(૧) **જ્ઞાનચર્ચા:—**

જૂદા જૂદા વિષયો પર વ્યાખ્યાનો, પ્રવચનો, નિબંધવાચન અને પ્રશ્નોત્તર.

(૨) **પ્રદર્શન વિભાગ:—**

ક પ્રવૃત્તિ દર્શન (બાળકોનું કામ).

ખ બાલગૃહ: બાળકો માટેના ઘરનો નમુનો.

ગ સંગ્રહસ્થાન: બાળકોને ઉપયોગી ચીજોનું—નમુના રૂપે.

(૩) **રંજન વિભાગ:—**

બાળકોના રાસ, ગરબા, સંગીત, શિક્ષકોના નાટ્યપ્રયોગો, બાળકોના કામની સીનેમા ફિલ્મ સાથે વ્યાખ્યાનો.

આપ સૌ મોન્ટીસોરી સંઘનાં સભ્યો છો. આપ આજ ત્રણ વર્ષથી બાલશિક્ષણ અને મોન્ટીસોરી શિક્ષણમાં રસ લઇ રહ્યાં છો. આ પ્રસંગે આપ આવશો અને કાર્યમાં ભાગ લઇ કાયને કૃતેહમંદ બનાવી ઉપયોગી કરવામાં આપનો ફાળો આપશો.

આવનારાંઓએ ઉતારા વગેરેને માટે "મંત્રી: દ્વિતીય મોન્ટીસોરી સંમેલન: શારદામંદિર, સરખેજ રોડ, અમદાવાદ" એ સ્થળે લખવું.

આપનાં

ગિજુભાઇ અને તારાબેન

મંત્રીઓ: મોન્ટીસોરી સંઘ.

રામજી મંદિર

સાંજ પડે ને ઝાલર થાયઃ ટનનન, ટન ટન ટન.

"એ દોડો, મંદિરમાં આરતી થાય છે."

લખુડો અને પમલો, મોંઘી અને શીવલી, અમે બધાં મંદિરભણી દોડીએ.

રણછોડદાસજી આરતી કરતા હોય.

એક હાથમાં આરતી ને બીજા હાથમાં શંખ. આણીકોર આરતી ફેરવે ને પેલીકોર શંખ ફેરવે.

શંખ ફરતો જાય ને પાણી ઉડતું જાય; આરતી ફરતી જાય ને અજવાળું ફરતું જાય.

મણકી ને ગણુડી ટોકરા વગાડે, રામલો નગારૂં વગાડે ને હું ઝાલર વગાડું. બીજાં છોકરાં તાળીઓ પાડે ને આરતી ગાય.

આરતી પૂરી થાય.

બાવાજી આરતી ફરતું પાણી ફેરવે; આરતી પહેલાં ભગવાનને ધરે; પછી આરતી અમને આપે.

હાથ ધરીને આરતી લઈએ.

ભાવ કરીને આંખે અડાડીએ.

પછી રણછોડદાસ પ્રસાદી આપે.

કો'ક વાર ટોપરૂં ને સાકર; કો'ક વાર તુલસીનાં પાન; કો'ક વાર પોંક ને ખાંડ. કો'ક વાર એકલી સાકર પણ આપે.

મણકી બહુ ઉતાવળી. ઝટઝટ હાથ ધરે ને પ્રસાદી લે.

લખુડો તો સૌની વાંસે ઉભો રહે.

બાવાજી કહેશેઃ "હળવે છોકરાં હળવે. સૌને આપું છું."

પ્રસાદ મળે એટલે જઈ ને ભણી તો ઘરભેગાં જ થઈ જાય.

અમે રવજી, કુંવરો ને વિશવો ત્યાં બેસીએ ને બાવાજીનાં ભજન સાંભળીએ.

બાવાજી ખૂણામાંથી તંબુરો લે ને તાર સરખા કરે.

તંબુરા માથે મોરપીછનો ભારો

હતો. બહુ રૂપાળો લાગતો.

બાવાજી ગાતાં ગાતાં ડોલે એટલે તંબુરો ડોલે. ને તંબુરો ડોલે એટલે પીંછાં ડોલે. દેખાવ સુંદર લાગે.

વાળુ વેળા થઇ ગઇ હોય. શેરીમાં અંધારૂં પડી ગયું હોય. વધારે તો કેમ બેસાય?

એકાદ ભજન સાંભળીએ ને ઘર ભણી જઇએ.

ઘરે જઇ વાળુ કરી સૂઇ જઇએ.

ઘુવડ

પક્ષીઓનો રાજા ગરુડ છે. પક્ષીઓમાં સૌથી મોટું ને સુંદર પક્ષી ગરુડ. સૌ એનાથી ડરે; સૌને એ ડરાવી શકે.

ભલે તેમ હોય પણ રાતનો રાજા ઘુવડ. દિવસે તો ઝાડની પોલમાં કે ઘટામાં કે ડાળીનાં પાંદડાં નીચે કયાંઇ કયાંઇ સંતાઇને બેસે. દિવસે જો કાગડાની કે ગમે તેની નજરે પડે તો પૂરેપૂરા બાર વાગે. બે કાગડા ભેળા થઇને પણ એને ચુંથી નાખે. દિવસે એ આંધળું ભીંત. એક ડગલું ઉડી ન શકે. આંખે પૂરેપૂરાં અંધારાં. કાળું ધબ!

પણ રાત પડી ને પાંખ ફફડે. અજવાળી રાત હોય કે અંધારી રાત હોય; રાત પડી કે રાજગાદી મળે. સૂરજ ગયો કે જીવ આવ્યો ને તેજ આવ્યું. અને પાંખ ફફડી કે પક્ષીઓનાં કાળજાં ફફડયાં. દિવસે જાગતાં હતાં તે અત્યારે સૂતાં છે. દિવસે દેખતાં હતાં તે અત્યારે આંધળાં છે. દિવસે ઉડી શકતાં હતાં તે અત્યારે જાણે કે બંધાઇ ગયાં છે. દિવસે નાસી શકાતું હતું પણ અત્યારે કયાં જવું?

ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ, ન ગમે તેવો, કમકમાટી ઉપજાવે તેવો ઘૂઘવાટ થયો ને પંખીઓ ચીમળાઇ ગયાં. કાનમાંથી અવાજ મનમાં ગયો ને મન ઠરી ગયાં!

વનનો એકલો રાજા. ચીબરી છે પણ તે તો વનની બહુ બહુ તો રાણી કહેવાય; એટલે વનનો એકલો રાજા ઘુવડ. પાંખ ફફડાવતો અને ઘૂઘવાટ કરતો એક ઝાડે ઉતર્યો ને બે પક્ષી-

ઓનાં ગળાં ભીંસી નાખ્યાં. 'ચીં ચીં ચીં' ને બસ અવાજ બંધ થયો. ધુવડે પંજાથી તેને પકડી લીધું. ચાંચથી તેને ચુંથી નાખ્યું ને દિવસ આખાના ઉપવાસનું પારણું કર્યું. અને પછી તો પગમાં જોર આવ્યું. ડાળે ડાળે ને માળે માળે ફરવા માંડયું. બિચારાં બચ્ચાં લઇને પડેલાં, દિવસ બધો ચણી ચણીને થાકેલાં, એક બીજાની હુંફ સેવતાં પંખીઓના માળે માળે ત્રાહી ત્રાહી થઇ રહ્યું. જોને તેને ફેંદી દીધાં; જોને તેને મારી નાખ્યાં; જોને તેને ચાંચો મારી.

એક ધુવડ નહિ પણ કેટલાંય ધુવડો. અવાજ વિનાની શાન્ત રાત્રિ ઘૂઘવાટથી ઘૂઘવી ઉઠી.

વિનાશ કરી, દુઃખ દઇ, ખાઇપીઇ ધુવડ ઉડવા લાગ્યું. મજા માણતું મુઠીમાં આવી જશે.

ફરવા લાગ્યું. કેટલાયે માળામાં કાળો કકળાટ ચાલતો હતો.

સવાર પડવા આવ્યું. પૂર્વમાં લાલાશ થઇ ને છેલ્લા પંખીને ચીરતું ચીરતું ધુવડ જીવ લઇને ભાગ્યું. ત્યાં તો સૂરજ નારાયણ બહાર આવ્યા ને ચોરટું ધુવડ સંતાઇ બેઠું.

હાશ ! રાત ગઇ ને દિવસ આવ્યો. આજની પંખીઓ ઉઠયાં ગઇ ગુજરી કોણ સંભારે ? રોજની પીડા સહેવાઇ ગઇ હતી. પક્ષીઓ પાછાં ચણવા માંડ્યાં. પાંખો ફફડાવી ઉડવા માંડ્યાં. રાતના દુઃખને વિસરી ગયાં.

પણ પાછી રાત પડશે. પાછો ઘૂઘવાટ થશે ને પાંખ ફફડશે, ને તે જ ક્ષણે સુખશાન્તિમાં બેઠેલાં પંખીઓ ફફડી ઉઠશેઃ હલી ઉઠશે. એમનો જીવ

સૂસવતો શિયાળો

સૂસવતો શિયાળો આવ્યો ને કડ-કડતી તાઢ પડવા માંડી.

તાઢ, તાઢ, તાઢ ! કપડાં પહેર્યાં, શાલ ઓઢી, દુશાલા ઓઢયા, ગોદડાં ઓઢયાં, શગડીએ તાપ્યાં; તોયે તાઢ કયાંય રહે નહિ.

મોઢેથી સૂ સૂ થઈ જાય. હાથ પગ ધ્રૂજી ઉઠે. દાઢી ડગડગે; દાંત કડકડે; આંગળીઓ કોકડે વળે. એટલી બધી તાઢ!

સવારના ચાર વાગે, પાંચ વાગે, છ વાગે, સાત અને સાડાસાત વાગે. પણ ગોદડું કહેઃ 'હજી સૂઓ. હજી સૂઓ. બહાર બધે ઠંડી છે. અંદર ગરમ ધુંફ છે.'

પણ સૂઇ રહેવું કેણ પાલવે? કોને પાલવે? આળસુ હોય તે સૂઇ રહે. સૂઇ રહીને કામ બગાડે. નાનાં છોકરાં મોડાં ઉઠે. ઘરડાં માવતર પડ્યાં રહે. પણ જુવાનોથી કાંઇ રહેવાય? કામવાળાંઓથી કાંઇ સૂવાય? ધુંફણું ફ પડી રહે ને આ ઝટ કરતાં ઉઠે ને ઝડપ કરતાં કામે લાગે.

એક વાર ઉઠયાં એટલે તો ઉઠયાં. તાઢ વાય પણ કામ કરવું ગમે. શિયાળામાં અંગમાં જોર આવે. ઉનાળો આળસુ ને શિયાળો કામઢો. લોક ધમધમ વલોણું કરે ને તાઢ ઉડાડે. બા ધમધમ ચાલે ને તાઢ ઉડાડે. બાપા ધપડ ધપડ કામ કરે ને તાઢ ઉડાડે. સૌ હુડફુડ કરે ને તાઢ ઉડાડે.

શિયાળાનો સૂરજ લાલ લાલ ઉગે. તડકો કાંઇ મીઠો લાગે! નાનાં છોકરાં તો તડકે જ રમે. મોટાંએ એક વાર બેઠાં તો બેઠાં. ઝટ દઇને ઉભા થવું ન ગમે. તડકે છોકરાં શેરડી ખાય, રોટલો ખાય, પાઠ વાંચે, વાતો કરે, પાને રમે. તડકે મોટાં દાતણ કરે, વાતો કરે, ટપાલ વાંચે, છાપું વાંચે.

શિયાળાનો તડકોઃ સવારે કુણો, સાંજે કુણો ને દિવસ બધો મીઠો. ઉનાળાના તડકા જેવો બાળું બાળું નહિ. કડક કડક નહિ. શિયાળાનો ચાંદો ટાઢો ટાઢો હીમ જેવો. ચાંદની ખીલે, રૂપાળી લાગે પણ તાઢમાં જઇને કોણ જુએ? તાઢમાં જઇને કોણ રમે?

શિયાળો આવ્યો ને શીમમાં ધઉં પાકે, ચણા પાકે. ધઉંનો પોંક થાય, ચણાના ઓળા પડે. પોંક અને ચણા શિયાળાનો પાક. લોકની તો મીઠાઇ. શિયાળામાં શેરડી થાય, કપાસ થાય, કઠોળ થાય.

શિયાળામાં લોકો પાક ખાય. અડદીયો ખાય, બદામપાક ખાય, ગુંદર-પાક ખાય. સવારે ઉઠે ને ભૂખ લાગે. કામ કરે ને પચી જાય. શિયાળામાં રોટલા ભાવે, છાશ ભાવે, ઓળો ભાવે, લાડવા ભાવે. શિયાળો ખાવાનો ને ઉનાળો પીવાનો. ઉનાળે શરબત, ઉનાળે દૂધીયાં, ઉનાળે આઇસ્ક્રીમ. ઉનાળે એવું એવું ને શિયાળે માલમલીંદા.

શિયાળે શીતળ વા વાય ને શરીરની ચામડી ફાટે. હાથ ફાટે, પગ ફાટે, હોઠ ફાટે ને ગાલ ફાટે. નાનાં છોકરાં રડી પડે. તેલ ચોળે, ઘી ચોળે, મીણ લગાડે, ધૂળ ધૂવે. ધીરે ધીરે સારૂં થાય.

મોજાં ને બૂટ, કાનટોપી ને શાલ, ઓવરકોટ ને મફલર, બંડી ને ચોળી, ધાબળો ને શાલઃ આ બધાં શિયાળે. શિયાળો એને શીવડાવે; શિયાળો એને બરીદાવે; શિયાળો એને ઓઢાડે ને શિયાળો એને પહેરાવે.

શિયાળે દિવસ મોડો ઉગે; શિયાળે સાંજ વહેલી પડે. શિયાળે દિવસ ટૂંકો ને રાત લાંબી. ઝટ દિવસ પૂરો થાય; રાત કેમે ખૂટે નહિ. રાતે વચ્ચે જગી જવાય. વચ્ચે ઊંઘ ઉડી જાય. લાંબી રાતેય નાનાં છોકરાં ઊંઘ્યા કરે. જુવાન માણસોય ઘોર્યા કરે. એક ઘરડા દાદા ને ઘરડાં માને રાત વધુ પડે.

પાણી પીવાનો ઉનાળો ને પાણી ઠંડું મળે નહિ. શિયાળામાં ઠંડું પાણી ને પાણી કોઇને ગમે નહિ. ઠંડા પાણીએ તાઢ વાય ને ઉનું પાણી પીવાય નહિ. શિયાળામાં આવું બને.

શિયાળો શીતળ ને ઉનાળો ઉનો. શિયાળો આવ્યો ને તાઢ, તાઢ ને તાઢ. શિયાળો જશે ને ઉનાળો આવશે; ઉનાળો આવશે ને ગરમ, ગરમ, ગરમ.

નાનકો સુરદાસ

બિચારો આંધળો હતો. સાત વરસ સુધી તો દેખતો હતો. આઠમે વર્ષે શીતળા આવ્યાં ને એમાં બન્ને આંખો ગઇ. સૂરજ, ચાંદો, માણસો, ઢોર, નદી, ડુંગરા બધું એક વાર તો દેખેલું; પણ પછી તો સદાયનું અંધારૂં. એક વાર

પોતાની મેળે જ્યાં જવું હોય ત્યાં જતો; પણ પક્ષી તો કોઇ દોરીને લઇ જાય ત્યારે જ જવાય. એક વાર એ બિચારો દેખતો હતો; પક્ષીથી એ આંધળો થયો.

નાનકો એનું નામ. કોઇ એને નાનકો અંધુસ કહે. કોઇ એને બાડો કહે. નાનાં છોકરાં નાનકો બાડો કહીને ખીજવે. મૂરખ માણસ એને અંધુસ કહી ચીડવે. પણ નાનાં છોકરાં એની હાલત કેમ જાણે? મૂરખને મન શી ખબર કે આંધળો એટલે શું? કોઈ ભલા એને સુરદાસજી કહે. ભક્તજન સુરદાસ અંધ હતા.

નાનકો સુરદાસ જેમ ભજન ગાતો. જે કહે તેને ગાઇ સંભળાવે. કોઈ દિવસ ના ન પાડે. એમ તો એનેય મન ગાંવાનો વિસામો હતો. બિચારો આંધળો એટલે ભણવા તો ક્યાંથી જાય? ને વાંચતાં લખતાં ન આવડે એટલે ચોપડીઓ પણ કેમ વાંચે? બીજું કામ પણ શું કરે? ત્યારે ગાવામાં એને ખૂબ મજા પડતી. કોઈ ન હોય તોયે એકલો એકલો ગાયા કરે. મનને આનંદ મળે ના? કોઇ વાર તો એવું ગાય, એવું ગાય કે સાંભળનાર ત્યાંનો ત્યાં જ થંભી રહે! નાનકાનો રાગ મીઠો હતો. ને એમાં જ્યારે

આંખ વિના અંધારૂં રે
સદાય મારે, આંખ વિના અંધારૂં.'

એ ગાયન લલકારે ને આંખો ઉપર હાથ ફેરવતો જાય ત્યારે તો આપણી આંખમાં આંસુ આવી જાય!

નાનકો આંખે આંધળો પણ એનાં આંગળાં જાણે કે દેખતાં. પાસે જઇને ઉભા રહીએ ને બોલાવે પણ બોલીએ નહિ એટલે નાનકો માંડે ચારે તરફ હાથ ફેરવવા. પેરણ જુએ, એનાં બુતાન જુએ, ગાજ જુએ; માથું, ટોપી, હાથ, મોઢાં બધું જુએ ને પટ દઇને નામ આપે "લખુ કે?" "વિશવો, ખરું ના?" "ભીમજી, સાચું કે?" નાનકાનું કહેવું આબાદ સાચું પડે.

નાનકો અમારી હેડીનો. પંદર અઢાર વરસનો આંધળો પણ જુવાન છોકરો ખરો ને? એક આંખો ગઇ પણ કાંઇ બીજું બધું થોડું ગયું છે?

નાનકો પણ અમારી જેમ છોકરાને ભેગા કરે; ટોળી બાંધે; એનો ઉપરી થાય ને સામી ટોળી સાથે લડવા નીકળે. મોઢા આગળ પોતાની ટુકડી રાખે ને વાંસે પોતે દોરાતો દોરાતો તબડાક તબડાક કરતો દોડયો આવે. ને લડાઇ લડાય ત્યારે જાણે દેખતો હોય એમ કહેશેઃ "શાબાશ, મારા ભાઇ, જોજો કોઇ પાછા હઠયા છો તો?" નાનકો જીત મેળવી પાછો જાય. પોતાની ટુકડીનો વાંસો થાબડે ને પોતે ખુશી થાય.

નાનકો એમ તો બહુ ભલો. ભલે સામી ટોળીમાં હોઇએ પણ ઘેર જઇએ એટલે એની બાને કહેશેઃ "પાણી પા બા, આ આવ્યા છે એને કંઇક હોય તો ખાવાનું પણ આપજે." ને નાનકો ગમે તેવો સામે હોય પણ કહેવરાવીએ કે નાનકાની હું ગાય છું ત્યારે તો નાનકો સામો મળવા આવે ને લડવાનું ભૂલી જઇ ઘેર જઇ બાટલે બેસારી વહાલ કરે.

નાનકો બાવીશમે વરસે ગુજરી ગયો.

બાંગ પડે

સવાર થાય ને બાંગ પડેઃ "અલ્લા હો, અકબર! અલ્લા હો અકબર!"

ઘરની જ પાછળ પીરની જગ્યા હતી. જગ્યામાં એક ફકીર રહેતો.

થોડી વાર થાય ત્યાં તો 'કડીંગ ધૂમ, કડીંગ ધૂમ' કરતું નગારૂં વાગે.

"જગત પીર, જગત પીર, જગત પીર"ના બોલ સંભળાય.

ફકીરની કાળી દાઢી, કાળો ઝબ્બો ને લીલું માથાબાંધણું.

ફકીર પીરની પૂજા કરે. દરગાહ ઉપર ફૂલ પાથરે, લોબાનનો ધૂપ કરે ને બોલેઃ "યા રહીમ, યા બૂદા, યા પરવરદિગાર!"

બપોર થાય ને નગારૂં ઘણુંઘણે.

ફકીર પાછો બાંગ પુકારેઃ "અલ્લા હો અકબર! અલ્લા હો અકબર!"

મુસલમાનો એકઠા થાય, હાથ પગ ધૂએ ને નમાજ પઢે.

ફળીમાં બાવળ હતો. એની

ડાળે ધજા હતી. ધજા ધોળી હતી. લોકો પીરને ધોળો પીર કહેતા. ધજા રાત દિવસ ફડફડ્યા જ કરે, ફડફડ ફડ ફડ.

બપોરે મુસલમાનો એકઠા થાય, ફાવો ફાવે,વાતો હાંકે ને વખતે ભજન ગાય. ફકીર એક તંબુરો રાખતો ને મીઠે રાગે ભજન ગાતો.

સાંજ પડે ને જગ્યામાં ધૂપ થાય, નગારૂં વાગે ને બાંગ પડે.

અમારા ઘરની વાંસે જ પીર હતા. વચ્ચે એક વંડી હતી.

તીળગુળ

"તીળ ધ્યા ગુળ ધ્યા, ગો....ડ બોલા."

"હેં હેં યમુ, આ શું બોલી?"

"તલ લે ગોળ લે ને મીઠું મીઠું બોલજે. આ અમારા તીળગુળ. આજે બીસર છે ને, તે અમારે ત્યાં એમ બોલાય."

"પણ તલગોળ કયાં છે? આ તો બાંડના દાણા છે. પેલા સાકરીયા ડાળીયા જેવા. પણ છે તો ઘણા સુંદર હો! યમુ કોણે તેં બનાવ્યા? કેવી રીતે બનાવ્યા?"

"નારે ના, એ તો મારી ભાભીએ બનાવ્યા. હું નિશાળે આવતી ત્યારે એ રોજ બનાવવા બેસતાં."

"ત્યારે તને તો બબર નહિ હોય કે આ કેમ થાય છે. આ કાંટા કેમ કરી ચોટાડ્યા હશે?"

બડબડ હસીને યમુ કહેઃ "ના ના, એ ચોટાડ્યા નથી. એ તો તલ ઉપર બાંડની ચાસણી ચડાવી છે. બસ બે ત્રણ ટીપાં જ ચાસણી નાબીને જરા જરા હલાવતા જઇએ એટલે આવા કાંટા નીકળે."

"ત્યારે તો સાવ સહેલું."

"નારે બા, સહેલું કેવું? આંગળાં દાઝી જાય. એ તો તવી દેવતા ઉપર રાબીને હલાવતા જવું પડે. મારાં ભાભીનાં આંગળાંને ફોલ્લા પડયા છે. પછી તો ધોળા કટકા બાંધીને એમણે કર્યા."

"ત્યારે તો સાવ સહેલા નથી મને શીબવીશ ના?"

"એ તો ઠીક, પણ આજે સાંજે મારે ત્યાં 'હળદી કુંકું' લેવા આવજે હોં. હું તને આમંત્રણ આપવા આવી છું."

"હળદી કુંકું એટલે શું? કયારે આવવાનું? ત્યાં શું હોય?"

"તું સાંજ પાંચ વાગે આવજે ને, એટલે બધી ખબર પડશે."

સાંજ રસુ યમુને ઘેર ગઇ. ત્યાં એક પછી એક દક્ષિણી સ્ત્રીઓ આવતી હતી ને જતી હતી. સ્ત્રીઓ આવે કે તેમને જાજમ ઉપર બેસાડે. પછી યમુ અને એની નાની બહેન ભીની હળદર નેં કંકુ લઇને આવે. રસુને તો ખબર જ. ન પડી કે હળદરની આંગળી આગળ ધરે એટલે શું કરવું. ત્યાં તો એની પડખેની સ્ત્રીએ આંગળી ઉપરથી હળદર લીધી ને કપાળમાં બે ભમર વચ્ચે લગાડી. રસુએ પણ તેમ જ કર્યું. પછી પાનસોપારી વહેંચ્યાં. બધી સ્ત્રીઓ જે મળતું હતું તે પોતાના રૂમાલમાં લેતી હતી. રસુએ પણ રૂમાલ કાઢયો. પછી તીળગુળ આવ્યા ને છેલ્લે ધઉં લઇને યમુની બા નીકળ્યાં. ધઉંમાં બોર, લીલા ચણા, શેરડી, ગાજરના કટકા ને એવું કેટલુંયે ભેળવ્યું હતું.

બા કહેઃ "રસુ, ઓટી ભરૂં દે. પદર વર પુઢે."

રસુ તો મુંઝાણી. યમુની બા બોલે તે કરવું શું? ત્યાં તો યમુ આવી ને તેણે કાનમાં કહ્યું: "તારો છેડો આમ ધર એટલે બા એમાં બોબો ભરીને ધઉં નાખશે." રસુએ છેડો ધર્યો. બીજી સ્ત્રીઓએ પણ ધર્યા ને ધઉં લઇ સૌ ઉઠ્યાં. બહાર ઓશરી ઉપર એક ભારો શેરડીના કટકા પડયા હતા. એક એક બાઈ એક એક શેરડીનો સાંઠો લઇને ચાલવા લાગી. રસુને નવાઇ લાગી. યમુને પૂછતાં ખબર પડી કે એ તો શેરડી લૂંટી કહેવાય. એવો રિવાજ છે.

યમુ રસુને ખાસ અંદર લઇ ગઇ ને તલના લાડવા ખાવા આપ્યા. શેરડીનો રસ પાયો.

રસુ કહેઃ "યમુ, આ તમારૂં બહુ સારૂં હોં. હું આવતી બીસરે બાને કહીશ કે હળદી કુંકું કરે. પણ

હું તો એકલી આપણી બેનપણીઓને જ બોલાવીશ."

યમુ કહેઃ "ત્યારે તો ભારે મજા પડશે. હું તને બતાવવા આવીશ, હળદર કંકુ કેમ દેવાય તે."

રસુઃ "પણ આ તીળગુળ કરતાં નહિ આવડે એનું શું ?"

યમુઃ "એનું કાંઇ નહિ. તલના લાડવા તો તને આવડે ના ? એ પણ અપાય."

રસુઃ "હા, તલસાંકળી આવડે છે મારી બાને. ને તલના લાડવા પણ."

યમુઃ "બન્ને ચાલે. જો તારી બા તો હવે ઉઠ્યાં."

રસુઃ "હા, હવે ઘેર જાય છે. વારૂ ત્યારે હું પણ જઇશ."

યમુઃ "એ આવજે હોં. આજ તો આપણે નહિ રમાય. હજી સાંજ સુધી હળદીકુંકું ચાલશે. આજનો દિવસ કાંઈ નહિ. એક વાર ફરીથી આવજે હોં કે."

રસુઃ "એ આવીશ."

ઇ દિ' તો ગ્યા !

એલા કરશન, ઇ દિ' તો ગ્યા ભાઇ ! એની શી વાત થાય ? એનું તો સોણુંય નથી આવતું તો !

બાપા સાથે સાંતીડે બેશીને ખેતરે જતા ને ખેતરની બોરડીનાં પાકાં પાકાં બોર ખાતા. ઇ બોરડીય સૂકાઇ ગઇ ને એનો સાચવવા વાળોય મરી ગ્યો. એવાં બોર કયાંઇ થાવાં નથી. એ સવાદ તો દાઢમાં રહ્યો છે ! એ....બાપા ફોસ હાંકતા હોય, કિચુડ, કિચુડ; ને અમને કહેશેઃ "એ છોકર્યો, પણે કયારામાં પાણી વાળો." બળ બળ પાણી ધોરીયામાં વહ્યું આવે ને અમે કયારા પાઇએ. માથોમાથ એક કયારો ભરાય એટલે બીજો પાઇએ ને બીજો ભરાય એટલે ત્રીજો પાઇએ.

વાડીના ધઉંને ડુંડીઓ આવી હોય ને ચકલાં ને કાગડા ને હઇણકાં વાંસે લાગતાં હોય તો બાપા કહેશેઃ "એલા છોકર્યો, આ ગોકૂણ લ્યો, ગોકૂણ. માંડવે ચડીને જનાવરાં હાંકો."

સવારમાં શીરાવીને વાડીએ જઇએ;

બપોરા થાય ત્યાં સાથી આવે ને ભાત લાવે. એ ગાડાના પૈડા જેવા બે રોટલા, પાટિયો ભરીને કઢી, મરચાનું આંથણું ને જાડી રેડ જેવી છાશ. બાપા ને હું સામસામા બેશીએ ને ટપકાવીએ.

અખાત્રીજ આવેને અખાત્રીજ, ત્યારે તો બાપા ઝાડે દોરડું બાંધી દે. પછી હું તો હિંચકયા જ કરું. સવારથી તે સાંજ સુધી હીંચકું. બાપા કહેશેઃ "હવે તો હેઠો ઉતર્ય." સાંજ પડી હોય તોય હું તો પાંચ દસ હીચકા બાદ પછી હેઠો ઉતરું.

હઇણકાં દુ બહુ પજવે, હઇણકાં. હું તો લાકડી લઇને એવો દોડું. એવો દોડું કે વાત કરો મા; પણ હઇણકાં તો જાય ફાળે. ઠેકડા કાંઇ મારે! મોટી મોટી વાડ્ય ટપી જાય. બાપા કે'શેઃ "એલા, બઉ વાંહે દોડ્ય મા. થાકી જઇશ." પ્રણ હું તો હઇણકાંને એવાં તગડું, એવાં તગડું કે શી વાત કઉં?

અમારા ખેતરને શેઢે આંબા નો'તા પણ લીંબડા હતા. ઉનાળો આવે ને લીંબોળીઓ થાય. હું તો કાચી લીંબોળીઓ ઉતારું ને કેરી જમ ભોંમાં એનો ઓર નાખું. બળદ કુંવળ ખાયને, એમાં લીંબોળીને દાટીએ તો ઝટ પાકી જાય. પાકે ત્યારે લીંબોળી બઉ ગળી લાગે.

એક વાર અમારા ખેતરમાં નવો કૂવો ગળાતો'તો. બધા કૂવામાં ઉતરતા'તા તે હુંયે કોસમાં બેશીને ઉતર્યો. કૂવો તો ખૂબ ઉંડો ગયેલો. માલીકોર ઉતર્યો. ત્યાં તો અંધારૂં અંધારૂં. પડખેની ભીંતમાંથી ઝીણી ઝીણી પાણીની આવ્ય આવતી'તી. એક લાકડું લઇને આવતી'તી ત્યાં ખોસ્યું એટલે લાકડા ઉપર થઇને પાણીની ધાર થઇ. મેં તો ખોબે ખોબે ધરાઇને પાણી પીધું.

અમારો સાથી ભારે અડિયલ હતો. ડચ ડચ કરે, બળદનાં પૂછડાં ઉમેળે, ને કોસ હાંકે. એક દિ' મને થયું કે લાવ્યને હું કોસ હાંકું. આપણે તો શીખાઉ હતા. વરત ઉપર બેશીને બળદને આર મારી ને ડચકારો કર્યો ત્યાં તો બળદ હાલી નીકળ્યા, ને કિચુડ કિચુડ ગરેડી ફરી, પણ ભાઈ વરત ઉપર બેસવું સે'લું નથી.

જરાક આઘે ગ્યા ત્યાં આપણે તો ગોથું ખાઇ ગ્યા. ઇ તો પૈયામાં આવી જાત ને વાગત ઇ નોખું પણ ત્યાં તો બાપાએ આવતા ને બળદને ઉભા રાખ્યા.

અમારે બે બળદ હતા, ગોરિયો ને મુંજડો. મને બઉ હળેલા. હળે જ ના ? નીરણ નાખું, પાણી પાવા લઇ જાઉં ને બગાયું કાઢું; ને એવું એવું કામ તો છોકરાં જ કરે ને ? ત્યાં મોટા કયાં નવરા હતા ?

એક દિ' ભારે થઇ. કડબનું ભરોટું ભરીને અમે ઘેર આવતા'તા. બાપા કહેઃ "એલા, ભરોટા ઉપર બેશ." આપણે તો બેઠા. મને થયું કે આ તો મોટા હાથી હાલે છે ! પણ ત્યાં તો ધાંશ આવી ને પૈડું આમ વાંકું થયું, ને આપણે તો ગબડી પડ્યા. બાપા કહેઃ "એલા શું થયું ?" હું તો ભોંઠો પડયો તે પગ ચચવાળતો ઉભો થઇ ગ્યો.

પણ ભાઇ ઇ દિ' તો ગ્યા. ઇ પોપટા ટાણીમાં ઓળા ખાવાના ને બોરાં વખતે બોરાં ખાવાનાં ! ઇ દિ' તો ગ્યા.

બાપા ગુજરી ગ્યા ને પછી વાડીયે જતી રહી.

રમત

"રણછોડજીભાઇ, ચાલોને હવે રમવાનો વખત થયો."

"ચાલો. હું તો તૈયાર જ છું. આ જરા સીટી વગાડો. સૌ ભેળાં થાય."

"રણછોડજીભાઈ, આજે કઇ રમત ? આજે ખોખો કે હુતુતુ ?"

"એ પેલા પાટીયા પર આજની રમત લખી છે. વાંચો."

"ખોખો, ખોખો. આજે તો ભારે મજા પડશે."

"વારૂ ત્યારે હવે પઢી આવો તો ખરાં. હું અને લલુભાઇ ઉભાવડીઆ છીએ."

"રણછોડજીભાઇ, હું કોની સાથે પઢવા જાઉં ? મારો કોઇ જોડીદાર ન રહ્યો."

"તો તમે અડુકદડુકીયા. તમારે

બેઇ બાજુ દાવ દેવો ને દાવ લેવો. તમે બંને ટોળીમાં."

"એ ચાલો હવે પઢી રહ્યા હો તો."

"લ્યો માગો; કોઇ લ્યો ગુલાબ ને કોઇ લ્યો ડોલર."

રણછોડજીભાઇ: "અમારે ડોલર જોઇએ."

લલ્લુભાઈ: "ત્યારે અમારે આવે ગુલાબ."

"કોઈ લ્યો ઘોડો ને કોઇ લ્યો ગધેડું."

લલ્લુભાઇ: "આપણે ગધેડું ઠીક છે. રણછોડજી, તમે ઘોડે બેસજો."

રણછોડજી: "ગધેડું તમને બહુ ગમે છે તે એ જ માગોને!"

"એ બધાં ચાલો, ચાલો; વખત જાય છે."

"કોઇ લ્યો ઘઉં ને કોઇ લ્યો બાજરો."

"કોઇ લ્યો મૂળો ને કોઇ લ્યો મોગરી."

"કોઇ લ્યો ગાજર ને કોઇ લ્યો મરચું."

"કોઇ લ્યો મમરા ને કોઇ લ્યો શેવ."

રણછોડજીએ ઘઉં લીધા, મૂળો લીધો, મરચું લીધું, શેવ લીધી. બાકી રહ્યું તે લલ્લુભાઇનું.

"ચાલો હવે પહેલો દાવ કોણ આપે છે?"

રણછોડજી: "અમે જ આપીએ. ચાલો ભાઇ, અમારાવાળામાંથી ત્રણ જણ અહીં બેસી જઓ. ને બાકીનાં બધાં પણે જોવા બેસો."

લલ્લુભાઇ: "ચાલો ભાઇ, જુઓ ધ્યાન રાખીને ફરજો. જોજો ઝલાઈ ન જતાં. રણછોડજીની ફાળ જબરી છે."

ચંપકલાલ: "એ ભાઇ સૌ એક વાત સાંભળી જઓ. હો હો કરે તે માર થાય ને નીકળી જાય. બધાંએ મુંગાં મુંગાં રમવું. ને બીજી વાત સીટી વાગે એટલે રમત ઉભી રહે. ને એક ત્રીજી વાત, ત્રણ સીટીએ રમત બલાસ."

રૂબી, ચંપા ને જોવો રમત જોતાં બેઠાં હતાં.

ચંપા: "એ હરિભાઇ પકડાયા. એ વજુભાઇ પણ આવી ગયા."

રૂખી: "રણછોડજી કાંઇ દોડે છે!"

ચંપા: "પણ કુલીનભાઇ હાથ આવે એવા નથી હો!"

જીવો: "એમ તો મુક્તા ને બાબી પણ જબરાં છે. રણછોડજીને થકવી નાખશે."

લલ્લુભાઇ: "મુક્તાબેન, બેસી જાઓ. તમને રણછોડજીનો હાથ અડી ગયો છે."

લલ્લુભાઇ: "જોજો હો, સૌ ધ્યાન રાખજો. બોનું ધ્યાન રાખજો."

"બો."

ચંપા: "એ રધુ દોડયો. એ દેવજી પકડાયો."

"બો."

રૂખી: "એ ચંદ્રાબેનથી કોઇ નહિ પકડાય."

"બો."

જીવો: "એ રણછોડજી ઉડ્યા. રણછોડજી કાંઇ દોડે છે! જો તો પરસેવો ચાલ્યો જાય છે! એ....એ ....એ....લલ્લુભાઈ પકડાયા."

તાળીઓ તડ તડ તડ.

સીટી સૂ સૂ સૂ.

ચંપક: "ચાલો લલ્લુભાઇ તમે દાવ આપો. જો જો રણછોડજીભાઇ, હવે લલ્લુભાઇને ખૂબ દોડાવજો."

લલ્લુભાઇ: "એ દોડજો. આવ્યો છું."

"બો."

બાબી: "મુક્તા, ઉઠ ઉઠ. તને બો કર્યો."

મુક્તા: "હ્યો હું તો ભૂલી ગઇ."

રણછોડજી: "કેમ ભાઇ બોલો છો? બોલે તે માર છે. આ એક વખતે માફ."

"એ હવે ધનજી ને રણછોડજી રહ્યા."

રણછોડજી: "જોજો ધનજી ધ્યાન રાખજો. લલ્લુભાઇ પાછા ફરીને પકડી પાડશે."

જીવો: "અહાહા! કાંઇ રણછોડજી છે?"

ચંપા: "આ આટલોક ધનજી ભારે દોડે છે."

"એ.... એ.....એ.....રણછોડજી ઝલાયા."

તાળીઓ તડ તડ તડ.

સીટી સૂ સૂ સૂ.

"અરે ચંપકલાલભાઇ, રમત કાંઇ બલાસ નથી થઇ. હજી હું તો રહ્યો છું."

ચંપકઃ "ઓહો, તારૂં તો ધ્યાન જ ન રહ્યું. અલ્યા જબરો છું હું."

સીટી સૂ સૂ સૂ. રમત શરૂ.

"લલ્લુભાઈ હવે થાકયા છે હું. હવે ધનજી પણ થાકયો છે."

"ધનજી ખરો છે. દોડવે ભારે છે. જાય છે કુદકુદ કુદકુદ."

"ઓ."

જીવોઃ "એ રામજી દોડ્યો."

"ઓ."

ચંપાઃ "એ કાન્તા દોડી."

"ઓ."

રૂખીઃ "એ બબુ ઉઠી."

"ઓ."

જીવોઃ "એ લલ્લુભાઇ ઉઠ્યા."

રૂખીઃ "એ ધનજી આવી ગયો."

સીટી સૂ સૂ સૂ.

તાળીઓ તડ તડ તડ.

રમત બલાસ.

લીમડી

લીંબોળીનો ઠળીયો ધૂળમાં પડયો ને ઉપર વરસાદ આવ્યો.

નાની સરખી લીમડી ઉગી. કુણાં એવાં પાન ને કુણી એવી ડાળ. પાણી પીધું, તડકો ખાધો ને લીમડી વધવા માંડી.

દિવસો ગયા ને એક વેંત વધી. મહિના ગયા ને બે ચાર હાથ વધી. વરસો ગયાં ને પાંચ દસ હાથ વધી.

લીમડીનું થડ જાડું થયું. થડે ઘણી ડાળો થઈ. ડાળે ડાળે તીરખીઓ આવી. તીરખીએ તીરખીએ કુંપળ આવ્યાં. કુંપળે કુંપળે કોર આવ્યો. ફૂલે ફૂલે લીંબોળીઓ આવી. લીંબોળીએ લીમડી લચી પડી.

છોકરાં આવ્યાં ને લીંબોળીઓ ખાધી; કાગડા આવ્યા ને લીંબોળીઓ ખાધી; કાબર આવી ને લીંબોળીઓ ખાધી. ચારેકોર લીંબોળીના ઠળીયા ઠળીયા!

પાછો વરસાદ વરસ્યો ને લીમડીઓ ઉગી. કેટલી બધી લીમડીઓ ઉગી! કુણાં એવાં પાન ને કુણી એવી ડાળીઓ.

નવાં વરતો

લાંબા પગ લાંબી ડોક
લાંબા હોઠ લબડે છે;
લફક લફક ચાલે,
જાય રેતી રણ ખુંદે;
ભૂખ લાગે મળ્યું ખાય,
પાણી વિના ચાલ્યું જાય.
લાંબા પગ લાંબી ડોક
લાંબા હોઠ લબડે છે.

ઊંટ.

ઊંચે ઊંચે આભે અડ્યો,
ટોચે કોઇ નથી ચડ્યો;
રાજ જોયાં પાટ જોયાં,
ચડતી ને પડતીઓ;
એકલો અઠંગ એવો
હિમભર્યો ઉભો છે.
ઊંચે ઊંચે આભે અડ્યો,
ટોચે કોઇ નથી ચડ્યો.

હિમાલય.

કાળા હાથ કાળી દાઢી
કાળું મોઢું કાળું કાળું;
પૂંછડીનો છેડો કાળો;
ઝાડે ઝાડે એને ભાળો.
કરો જોઉં અનુમાન
રામદાસ હનુમાન ?
કાળા હાથ કાળી દાઢી
કાળું મોઢું કાળું કાળું.

વાંદરો.

હળ કેરે પડ્યું મૂકી
વાટ જોતો બેઠો દેખું;
પણે આવે પટલાણી
રમક ઝમક ચાલી,
માથે ભાત-રોટલા ને
રીંગણાંનું ભડથલ.
હળ કેરે પડ્યું મૂકી
વાટ જોતો બેઠો દેખું.

ખેડુત.

પંડ નાનો પોંચ ઘણી
ઠગે પણ વનધણી.
કોઇને બચાવી કો'ને
ઉંડે ખાડે ઉથલાવે.
મળે ને મૂરખ નર
ઠગ્યા વિના ન રે' નર.
પંડ નાનો પોંચ ઘણી
ઠગે પણ વનધણી.

શિયાળ.

બાપુ કોઇ આપો બાપુ,
એકલો અભાગી છું.
બેન, બાપુ, બનળવને,
રખે ભટકાઇ જતાં,
કહી ધીમે ચાલતો'તો
લાકડીને ઠબકારી.
બાપુ કોઇ આપો બાપુ,
એકલો અભાગી છું.

ભિખારી.

બેંબેં બેંબેં બેંબેં કરે,
દિન બધો ફર્યા કરે.
આવળ ને બાવળીઆ
બોરડી ને આકડાઓ
જે જડે તે ચર્યા કરે;
મૂકે એક કાંકરાને.
બેંબેં બેંબે બેંબેં કરે,
દિન બધો ફર્યા કરે.

બકરી.

ઉગે રોજ ઉગમણે,
આથમણે આથમતો;
સવારથી સાંજ તપે
આકાશનો રાજીયો.
તારાતેજ, અંધકાર,
ભાગે ચોર ધુવડો.
ઉગે રોજ ઉગમણે,
આથમણે આથમતો.

સુરજ.

સૂર્ય ફરે, ચંદ્ર ફરે,
ફરે આખી અવની આ;
તારા ફરે, ગ્રહો ફરે,
ફરે નભોમંડળ આ;
ફરે નહિ એક કદા
કોણ સ્થિર બેઠું સદા.
સૂર્ય ફરે, ચંદ્ર ફરે,
ફરે આખી અવની આ.

ધ્રુવતારો.

રૂપવાન, વેગવાન,
અણીયાળી આંખોવાળું.
ફાળ ને ફલાંગે દોડે,
હાથ આવે નહિ કોને;,
સીમ ને જંગલ ફરે,
ડરે વાઘ સિંહનાથી.
રૂપવાન, વેગવાન,
અણીયાળી આંખોવાળું.

હરણ.



ગિરિ હિમાચલ જહીં
ગંગા વહે નદી તહીં;
સિંધ કચ્છ ગૂજરાત
બંગાળ ને પંચઆબ;
દેશ કહો કોનો તમે
પૂછીએ પ્રેમેથી અમે.
ગિરિ હિમાચલ જહીં
ગંગા વહે નદી તહીં.

હિન્દુસ્તાન.

જંગલ ને પહાડ તણો
એકલ જે સરદાર;
ઉઠે ગુફા છોડી ન્યારે
ત્રાડ નાખે, ફાળ ભરે;
પશુ ભાગે, વન ત્રાસે,
ચારેકોર ચૂપચાપ.
જંગલ ને પહાડ તણો
એકલ જે સરદાર.

સિંહ.

મોતીની કાળી

મોતી અમારા ફળીયાની કુતરી ને કાળી એની દીકરી.

મા પીળી ને દીકરી કાળી.

જેવો એના રંગમાં ફેર તેવો જ એના ગુણમાં ફેર.

મોતી ડાહી ને કાળી મૂરખ. મોતી ખાનદાન ને કાળી ચોર. મોતી પીઢ ને ગરવી, ને કાળી ખાઉકડ.

મોતીને બોલાવીએ તો આવે ધીમે ધીમે. હળવેથી માથું આગળ ધરે ને આંખ બંધ કરીને ઉભી રહે. 'મોતી, મોતી' કરીએ ત્યારે પૂંછડી હલાવે.

ને કાળી ? 'કાળી, કાળી' કહીએ ત્યાં તો દોડતી આવે. ફૂદકા મારે ને કોઇ વાર બટકુંયે ભરે.

કોની સાથે કેમ હેત કરાય એની મોતી જેમ કાળીને ખબર જ ન મળે. એને મન છોકરાંયે સરખાં ને મોટાંયે સરખાં.

અમારી મોતી ભારે સમજણી. નાનાં છોકરાં તેનો ઘોડો કરે કે છેક નાનાં બાળકો તેનાં કાન આંખ પકડે તો મોતી ખમી ખાય. વખતે ન ગમે તો પણ કોઇ દિવસ છોકરાંને કરડે નહિ. ન ગમે તો પોતે જ દૂર ખસી જાય. એમ તો ડાહી ખરીના ?

કાળીને તો કશાની અક્કલ જ ન મળે. બીજું તો ઠીક પણ પોતાનાં જ ગલુડીયાંને સાચવતી હોત તોયે બસ થાત. કાળી વીયાઇ ને ત્રણ ગલુડીયાં આવ્યાં. ત્યાં બીજી જ એક કુતરી આવી ને એને પોતાનાં કરી બેઠી. કાળીને પોતાનાં જ ગલુડીયાંને ધવરાવવાનું મન થાય કે હેત કરવાનું મન થાય તોયે ચોરી. પેલી બીજી કુતરી ન હોય ત્યારે છાનાંમાનાં બચ્ચાં પાસે જવાય ને ધવરાવી જવું પડે. પેલી બીજી કુતરીને અમે માશીબા કહેતાં. માશીબાને તરત ખબર પડે કે કાળી ગલુડીયાં પાસે આવી છે. તે દોટ કાઢીને આવે ને કાળીને નસાડી મૂકે. કાળી કયાં લડી શકે એવી હતી ? એ તો માશીબાને જોઇને જ ભાગી જાય. એને અક્કલે નહિ ને હિંમતે નહિ.

કાળીને માત્ર એક વાત આવડે. આવડે એને ચોરીને ખાઇ જતાં. એક ચોરથે હુશિયાર રસોડામાંથી જરા દૂર ખસ્યાં કે ત્યાં કાળીબાઇ પહોંચ્યાં જ છે. કોણ જાણે કયાંથીય આવે. કોણ જાણે કયાંઇ સંતાઇ બેસે. પછી તો ત્યાં જ હોય તે 'સ્વાહા.'

પણ અમારી મોતી કાંઇ એવી નહિ. એ તો ખરી ખાનદાન. રસોડું ઉઘાડું મૂકીને આધી પાછી જઉં ને એને કહેતી જઉં કે "મોતી, અંદર જઇશ મા." તો મોતી બરાબર સમજી જાય. રસોડા સામે જોતી બેસે. બહુ બહુ તો બારણા સુધી જાય. ઉં ઉં ઉં કરે. પણ ના કીધા પછી અંદર ન જાય.

હા, મોતીય ભૂખી તો થાય જ. પણ તે કાળી જેવી ખાઉકડ નહિ ને આળસુયે નહિ. તે તો બે ત્રણ વાડીઓ ફરી આવે, આડોશીપાડોશીના રસોડા સુધી જઇ આવે ને પેટપૂરતું મેળવી લે. એને વખતસર હાજર થતાં બહુ આવડે.

પણ કાળીબાઈ તો આળસુ! ખાવાનું જોઇએ પણ ફરવાની આળસ. એ તો એક વાત જાણે. રસોડાથી અમારા આઘાપાછા થવાની રાહ જોઇને બેસે. અમે જેતી ગએલાં તોયે કોઇક વાર ભૂલ થઈ જાય ને કાળીને મોજ પડે.

કોઇ વાર બશેર બશેર ગોળ કે દસપંદર રોટલી મળે કોઇ વાર બશેર બશેર દૂધ પણ મળે. એક વાર તો એણે પાડોશીને ત્યાં ચાર પાંચ શેર જેટલો મુરબ્બો ખાધેલો. પણ આવું કાંઈ રોજ થોડું જ મળે? કોઇ વાર અપવાસ પણ પડે. અમને તે પજવે એટલે તેને ખવરાવવું ન ગમે. અમે તો તેને દેખીએ કે નસાડી જ મૂકીએ. મોતી જમ ખાનદાનીથી આવતી હોત તો? એનોય રોજનો ભાગ કાઢી રાખત ના! પણ એ એની રીત છોડે નહિ, ને અમને એને ખવરાવવાનું મન થાય નહિ.

અમને થયું કે બિચારીને ચોર શું કામ રાખવી? ચાલો પેટપૂરતું ખાવાનું આપીએ એટલે શાહુકાર થાય.

ફળીયાનાં બધાં ઘરોમાંથી તેને પૂરતું ખાવાનું મળવા લાગ્યું. પણ એ તો એ ભગવાન એના એ. ચોર સ્વભાવ ને ચોર સ્વભાવ. પૂંછડી વાંકી તે વાંકી! શું કરીએ? આખરે એને

કાઢી મૂકવી પડી. કયાંક બીજ રહે છે. હોય તો. બાકી અમારી મોતી ખરી! કોણ જાણે હવે તેને ભલી મત સૂઝી એ તો અમારા ફળીયામાં જ ધરડી થશે.

અંધેરી નગરી - - - ને - - - ગંડુ રાજા

"પુરી એક અંધેરી ને ગંડુ રાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજા."

નગરીમાં કાંઈ અંધેર! રાજાનું કાંઈ ગાંડપણ! જે માગો તે એક પૈસાનું શેર. મૂળા તો એક પૈસે ને સુરણ તો એક પૈસે; મમરા તો એક પૈસે ને મેસુબ તો એક પૈસે; ગ્યાસલેટ તો એક પૈસે નેં ઘી તો એક પૈસે; એક પૈસે કથીર ને એક પૈસે સોનું. જે માગો તે એક પૈસે શેર મળે.

ગામમાં એક બાવો ને એનો ચેલો આવ્યા. બન્ને ગામ જોવા નીકળ્યા.

જુએ ત્યાં તો ટકે શેર ભાજી ને ટકે શેર બાજા.

ચેલો કહે: "ગુરુજી, આ ગામ તો બહુ સરસ! એક પૈસાનું એક શેર જે જુએ તે મળે. આજે આપણે ભીખ માંગવી મટી."

બાવો કહે: "બેટા, એ આપણું કામ નહિ. આપણે ભીખ માગીને બાવું જોઈએ. ભલેને પાઇનું શેર મળે? આપણું કામ ઘેર ઘેર ભટકીને માગી બાવાનું ને ઝાડ નીચે સૂવાનું."

ચેલાનું મન માન્યું નહિ. તોયે તે દિવસ તો ભીખ માગીને પેટ ભર્યું.

ગુરુજી કહે: "અહીં રહેવું બોટું. આ તો અંધેરી નગરી ને ગંડુ રાજાનું રાજ્ય છે. આમાં કાંઈ ધરમધ્યાન ન થાય; આમાં કાંઈ કરમકામ ન થાય."

બાવો કહે: "ચાલો બેટા, બીજે ગામ જઇએ ને ભીખ માગીને રહીએ."

ચેલો કહે: "બાપુ, અહીં જ રહોને. અહીં જે જોઇએ તે પૈસે શેર મળે છે. એક પૈસો મળ્યો કે ચાલ્યું. ભીખ માગીને હેરાન થઈ ગયા. હવે તો અહીં રહેવું છે."

ગુરુ કહે: "બેટા, આ ગંડુ રાજ્યમાં રહેવામાં માલ નથી. હરામનો માલ બાવા જતાં કયાંક હેરાન થઈ જઈશ."

ચેલાને કંઈ ગમ્યું નહિ. તે તો કહે: "ગુરુજી, આપને પધારવું હોય તો પધારો. હું તો અહીં જ રહીશ. આ મજાનાં સારાં સારાં પૈસે શેર મળે એવાં બાવાનાં મૂકીને કોણ આવે? ત્રણ દિવસના ટાઢા રોટલા મારે તો નથી

ખાવા. તમારે ભીખ માગવી હોય તો માંગજો. મારે તમારું ભિખારીપણું નથી જોઈતું."

ગુરુ કહે: "બેટા, ભિખારીપણું ઠીક છે. આ બાજી કોઁક દિ' સોંસરા નીકળશે."

ચેલો કહે: "ભલે નીકળે. નીકળશે તો મને નીકળશેને?"

ગુરુ: "આ ચેલો સમજે એમ નથી. એની મતિ ફરી છે. પણ જો ભૂંડા હાલ ન થાય તો મારું નામ બાવો નહિ!"

ગુરુ ગામ છોડીને ગયા. ચેલાજી અંધેરી નગરીમાં રહ્યા. બાય પીએ ને મજા કરે. એક પૈસાના શેર પેંડા ને એક પૈસાની શેર બરફી. એક પૈસાનું જે જુએ તે મળે.

ચેલાજી તો બાઈ પીને રાતા રાણ જેવા થયા. કોઈ ઓળખેય નહિ કે આ ચેલો હશે!

ચેલો કહે: "મારા ગુરુને અક્કલ! ભણ્યા એમાં શું થયું? એક ભીખ માગીને પેટ ભરતાં ને શંખ વગાડતાં આવડે. આ મફત બાવા પીવાની એને શી બબર પડે? ગાંડો લાગે છે!"

એક વખત ચાર ચોર મધરાતે બાતર પાડવા નીકળ્યા. બાતર પાડતાં ભીંત પડી ને ચોર દબાઈ ગયા.

ચોરની માને બબર પડી. મા રાજા પાસે ફરીઆદે ચાલી: "રાજજી, રાજજી, આ તમારા રાજમાં આવું તે કેવું અંધેર કે બાતર પાડતાં ભીંત પડી ને ચોર દબાઈ ગયા? આ તે કાંઇ ન્યાય કહેવાય? ઘરવાળાએ ભીંત તો પાકી કરવી જોઈએ ને?"

રાજા કહે: "બોલાવો એ ઘરધણીને. આવું ઘર તે કયાંઈ બંધાતું હશે?"

રાજની કચેરીમાં ઘરધણી આવ્યો. બિચારો બીકથી ધ્રૂજતો હતો.

રાજા કહે: "કેમ, આ ભીંત એવી તે કેવી બાંધી કે બાતર પાડતાં ચોર દબાયા?"

ઘરવાળો કહે: "સાહેબ, એમાં મારો વાંક નથી. એ તો ઘર ચણવા-વાળાનો વાંક છે તે એણે ભીંતો એવી કરી. મેં કાંઇ એને સારું ચણવાની ના પાડી હતી?"

રાજા કહે: "બોલાવો ચણવાવાળાને."

ચણવાવાળો આવીને કહે: "ભાઇ-શા'બ એમાં મારો વાંક જરાયે નથી. એમાં તો ગારો કરનારની ભૂલ છે. એણે એવો પાતળો ગારો કર્યો હતો કે ચણ-તર કાચું જ રહે."

રાજા કહે: "ત્યારે એમાં તમારો વાંક નથી. એ ગારો કરનાર જ લુચ્ચો હશે. બોલાવો એને."

ગારો કરનાર આવ્યો ને કહે: "સાહેબ, એમાં મારો વાંક તલભાર નથી. પેલા પખાલીએ ધૂળમાં પાણી વધારે નાખ્યું તે ગારો ઢીલો થઇ ગયો. એમાં હું શું કરું? પાણીનું તો પખાલી જાણે ને?"

રાજા કહે: "ત્યારે બોલાવો એ પખાલીને. પાણી નાખતાં ધ્યાન કેમ ન રાખે."

પખાલી આવ્યો.

રાજા કહે: "આ પાણી નાખતાં ધ્યાન કયાં રાખ્યું હતું? ગારો ઢીલો થયો ને ભીંત કાચી ચણાઈ ને બાતર પાડતાં ચોર દબાયા. આ ચોરની મા ફરિયાદે આવી છે. ન્યાય તો આપવો પડશે ના?"

પખાલી કહે: "શા'બ આ તો છીંડે ચડ્યો તે ચોર. ભાઈશા'બ એમાં મારો વાંક લગારે નથી. હું ઘણો ધ્યાન રાખીને પાણી રેડતો હતો પણ ત્યાં તો પેલો મુલ્લાં ત્યાંથી નીકળ્યો ને મેં એની સામે જોયું. એટલામાં પાણી જરાક વધારે પડી ગયું. માબાપ, ખરો વાંક તો એ મુલ્લાંનો છે."

રાજા કહે: "બરી વાત છે. એ મુલ્લાંનો જ વાંક હશે. એ ત્યાંથી નીકળ્યો જ શું કામ?"

રાજા પાસે મુલ્લાંજીને બોલાવ્યા.

રાજા કહે: "કેમ મુલ્લાંજી, આ પખાલી પાણી રેડતો હતો ત્યાંથી શું કામ નીકળ્યા?"

"શા'બ અમસ્થો નીકળ્યો હતો. મને બબર નહિ કે પખાલી મારી સામે જોશે."

રાજા કહે: "બબર નથી કે મુલ્લાંજી થયા છો? બોકડા જેવી દાઢી રાખીને ફરો તે કોઇક સામું જુવે જ ના? બસ, ચડાવો આ મુલ્લાંજીને સૂળીએ. એક વાર સખત શિક્ષા કરવા દો, એટલે ગુલ્લો થતો જ અટકી જાય. એ બધા મુલ્લાં જ એવા છે."

કચેરી કહે: "વાહ! કેવો સરસ ન્યાય! રાજાજીને કાંઇ સમજણ છે!"

મુલ્લાંજીને સૂળીએ લઇ ચાલ્યા. મુલ્લાંજી કરે પણ શું? અંધેરી નગરી ને ગંડુ રાજા. નાસી પણ કયાં જાય?

બધા સૂળી પાસે આવ્યા. મુલ્લાંજીને લઇને ઉપાડ્યા ને ચડાવ્યા સૂળીએ.

પણ લોગ લાગ્યા ને સૂળીનું ફળ જાડું નીકળ્યું. હવે?

હવે શું કરવુ?

રાજા કહે: "બસ આજે ન્યાય તો થવો જ જોઇએ. ચોર દબાઇ મૂવા એ કાંઇ જેવી તેવી વાત નથી થઇ. બસ, જાઓ

ને કોઇ જાડા માણસને શોધી લાવો.”

બધા કહે: “હા હા, એ જ ઠીક છે.”

સિપાઈ તો ઉપડ્યા. પેલા બાઈ પીને માતેલા ચેલાને ઉપાડી લાવ્યા.

ચેલો કહે: “પણ ભાઇશા'બ મારો કાંઇ વાંક ?”

રાજા કહે: “જાડો કેમ છે ? આ મુલ્લાં પાતળો છે તે જાણતો નથી ? કોઈકને સૂળીએ તો ચડાવવો જ છે. તારા જેવો જાડો બીજો કોણ છે ?”

ચેલો મુંઝાયો. મનમાં કહે: “ભૂત્રા. આજે હવે આવી બન્યું. આ બાધું પીધું બધુંય ધૂળધાણી થશે. કમત સૂઝી ને ગુરુજીનું ન માન્યું. બરેબર મારા ગુરુજીએ ઠીક કહ્યું હતું કે આ તો અંધેરી નગરી ને ગંડુ રાજાનું રાજ છે. કોઈક વાર મોતનો દિવસ આવશે. પણ હવે ? હવે શું થાય ?”

ચેલો કહે: “મારે મારા ગુરુજીને મળવું છે. એક વાર એને મળીને સૂળીએ ચડું.”

ગુરુજીને ચેલો મળવા ગયો.

ગુરુજી કહે: “મેં નહોતું કહ્યું કે ભાઇ આ ગામમાં રહેવા જેવું નથી ?”

ચેલો ગુરુને પગે પડ્યો: “મહારાજ, મેં તેરી ગૌઆ. મને કોઇ રીતે બચાવો.”

ગુરુએ ચેલાને શીખવ્યું કે તારે એમ કહેવું કે ‘હું ચડું.’ ને હું કહીશ કે ‘મારે ચડવું છે.’ એમ નક્કી કરી ગુરુ ચેલો સૂળી પાસે આવ્યા.

ગુરુજી કહે: “હું ચડું.”

ચેલો કહે: “હું ચડું.”

ગુરુ કહે: “હું.”

ચેલો કહે: “હું.”

રકઝક ચાલી. રાજા કહે: “આનું કારણ શું છે એ તો કહો ?”

ચેલો કહે: “બસ મારે જ ચડવું છે.”

ગુરુ કહે: “બસ હું જ ચડું. બીજું કોઇ નહિ.”

રાજા કહે: “પણ પહેલાં કારણ કહો; પછી બીજી વાત.”

ગુરુ કહે: “એમ છે કે આ એવો વખત છે કે જે સૂળીએ ચડે એને સ્વર્ગ મળે. માટે મને જ સ્વર્ગે જવા દો.”

ચેલો કહે: “પણ મારે સ્વર્ગે જવું છે.”

રાજા કહે: “ભાઈ, મને જ સ્વર્ગે જવા દો ને ? તમારે કોઈને સૂળીએ નથી ચડવું.”

રાજા સૂળી ઉપર ચડી ગયો.

ગુરુ ચેલો ગામમાંથી જીવ લઇને નાસી છૂટ્યા.

આ અંકનો વધારો

મોન્ટીસોરી દ્વિતીય સંમેલન

નિબંધ સમિતિ પત્રિકા

પ્રશ્નોત્તર

માબાપો તથા શિક્ષકો,

મોન્ટીસોરી સંમેલનના પ્રસંગે એક પ્રવૃત્તિ 'પ્રશ્નોત્તર'ની ગોઠવી છે.

એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે જેઓને બાળશિક્ષણના વિષયમાં મૂંઝવતા પ્રશ્નો હોય તેનો મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ ઉકેલ કરવાનો પ્રયત્ન કરવો.

અગાઉથી સૌ પોતપોતાના પ્રશ્નો નીચે સહી કરનારાઓને મોકલી આપે.

આ પ્રશ્નોમાંથી પસંદ કરેલા પ્રશ્નોનો ક્રમવાર ઉત્તર અપાવવા ગોઠવણ થશે.

પ્રશ્નો કેવી કેવી દિશામાં પૂછી શકાય તેની સમજણ માટે થોડીએક સૂચક યાદી આ સાથે આપી છે.

પ્રશ્નો માર્ચની તા. ૧૦ સુધીમાં આવી જવા જોઇએ.

શ્રીશારદામંદિર,
સરખેજ રોડ,
અમદાવાદ.

લાગીલાલ ત્રિ. ઠાકર
રણછોડલાલ અમૃતલાલ
મંત્રીઓ: દ્વિ. મો. સંમેલન

દિશાસૂચક યાદી

બાળકોના જાતજાતના સ્વભાવ પરત્વેના પ્રશ્નો.
એકના એક જ બાળક પરત્વે ઉભા થતા પ્રશ્નો.
છેક છેલ્લા અને નાના બાળક પરત્વેના પ્રશ્નો.
એકથી વધારે ભાંડુઓ ભેગાં વસતાં હોય તેના પ્રશ્નો.
સંયુક્ત કુટુંબમાં વસતાં બાળકોના પ્રશ્નો.
શહેરની કેળવણીથી દૂર રહેતા કુટુંબનાં બાળકોના પ્રશ્નો.
બાળકની સ્વતંત્રતાના પ્રશ્નો.
બાળકની ડિસિપ્લીન–શિસ્તના પ્રશ્નો.
બાળકની રીસ, હઠ, પ્રેમ વગેરે જાતની (emotions) લાગણીને લગતા પ્રશ્નો.
બાળકની બુદ્ધિશક્તિ, કલ્પના, તરંગ, ક્રિયાશક્તિને લગતા પ્રશ્નો.
બાળકની સર્જનશક્તિના પ્રશ્નો.
બાળકના ભણતરના પ્રશ્નો.
યાદદાસ્તના પ્રશ્નો.
મંદતા અને અતિ બુદ્ધિપણાના પ્રશ્નો.
બાળકની સાહિત્ય વગેરે કલાવૃત્તિને લગતા પ્રશ્નો.
બાળકને માટે કેવી શાળા તેના પ્રશ્નો.

પોશાકના, ખોરાકના, વાતાવરણના, મિત્રોના, સહજીવનના વગેરે વગેરે જે પ્રશ્નો બાળજીવનમાંથી ઉભા થાય છે તે પ્રશ્નો.

પ્રાથમિક શિક્ષણ અને બાળકને લગતા પ્રશ્નો–મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ.

પૂછું ? . . . . . કર્યો ત્યારે કહું

કેસુડાં કયા ઝાડ ઉપર થાય છે ? .... ખાખરાનાં.

ગ્યાસલેટ કયાં થતું હશે ?.... .... ગ્યાસલેટ જમીનમાંથી નીકળે છે. તેના કૂવા હોય છે.

ખેતીનાં મુખ્ય ઓજારો કયાં ? .... હળ, રપટો, બેલી, કોસ, કુંડીયું.

કયા ઝાડને કોળાં જેવડાં ફૂળો થાય છે ?.... .... કણસના ઝાડને.

પેન્સિલ શાની થતી હશે ? .... પ્લમ્બેગોની.

પીવા માટેનું પાણી લોકો માટીના વાસણમાં શા માટે ભરે છે ? .... માટીના વાસણમાં પાણી ચોકખું ને ઠંડું રહે છે; કેમકે માટી અમે છે.

રાત્રે કયાં પ્રાણીઓ દેખી શકતાં હશે ? .... ઘુવડ, ચિબરી, બિલાડી ને ચામાચીડીયું.

કેટલાંક કંદનાં નામ આપશો ? .... રતાળુ, સૂરણ, મૂળા, ગાજર.

કયા કયા ઝાડમાંથી ગુંદર નીકળતો હશે? .... બાવળ, બેર, લીમડો, એબરો, બોરડી, કડો, અગથિયો, ગોરડ.

તારા દિવસે કેમ દેખાતા નથી ? .... સૂર્યના તેજથી તેમનું તેજ ઝાંખું પડી જાય છે.

ફૂલોના કયા કયા શણગારો બને છે ? .... હાર, તોરા, કલગી, ગજરા, વેણી, બાજુબંધ, પછેડી.

દીવાસળી વગર દેવતા કેમ સળગાવાય ?.... .... અરણીનાં બે લાકડાં ઘસવાથી; ચકમક સાથે લોઢું અફાળવાથી સૂર્યકાચને સૂર્ય સામે ધરવાથી.

Reg. B 2241

તમારું નાનકડું પુસ્તકાલય

જીગતરામના પાઠો	શ્રી. જીગતરામ
અધુરીયાભાઇ	,, ચંદ્રશંકર
બાલવાર્તાવળી	શ્રીમતી હંસાબેન
ગોપીચંદ	,, લીલાવતીબેન
મંગેશનો પોપટ	,, તારાબેન
સુંદર વાર્તા	શ્રી. ગિજુભાઇ
કારણ આજે દીવાળી	,, યશવંત પંડ્યા
એક હતો કુતરો	,, વીમાવાળા
અમારી વાર્તાઓ	,, નાગરદાસ અને સુમતિબેન
ડાહ્યું કોણ ?	શ્રી. છ. હ. ચૌધરી
તારામંડળ	પુસ્તકાલય સ. સ. મંડળ
બાલહાસ્ય	શ્રી. રમણલાલ નાનાલાલ
કેમ કથાઓ	,, હિંમતલાલ ચુનીલાલ
ડોશીમાની વાતો	,, ઝવેરચંદ મેઘાણી
ટચુકડી વાતો	,, હ. દા. કાંટાવાળા
દેશદેશની માર્મિક વાતો	,, દેશાઇ અને જોશી
બાળકોનો આનંદ	સ્વ. ઇચ્છારામ દેશાઇ
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી	સરતું સા. વ. કાર્યાલય
બાળસંવાદ	શ્રી. નાગરદાસ રાવળ

ગ્રાહકોને

શિક્ષણ પત્રિકા
નો
આવતો અંક વી. પી. થશે.

જેઓનું લવાજમ તારીખ ૮ માર્ચ પહેલાં આવ્યું નહિ હોય તેમને ચોથા વર્ષનો પહેલો અંક વી. પી. થશે.

જેઓ મનીઓર્ડરથી અગર બીજી રીતે પૈસા મોકલવા માગતા હોય તેઓ તેમ લખી મોકલવા કૃપા કરે.

મહેરબાની કરી વી. પી. પાછું ઠેલશો નહિ. અમને નાહકનો ખર્ચ પડે છે.

શ્રી દ. મૂ. બાલમંદિર ભાવનગર } વ્યવસ્થાપક શિક્ષણપત્રિકા

સૂતપુત્ર કર્ણ

મહાભારતના વીર કર્ણનું ચરિત

લેખક : શ્રી. નાનાભાઈ

કિંમત ૩ આના પોસ્ટેજ ૧ આનો